ચોથી શ્રેણી

પુસ્તક ૪૬

તા. ૩૦મી માર્ચ, ૨૦૧૭
ચૈત્ર ૯, ૧૯૩૯ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## તેરમી ગુજરાત વિધાનસભા
## દસમું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

# અ નુ ક્ર મ ણિ કા




| વિષય | પાના નંબર | |
|---|---|---|
| **તા. ૩૦મી માર્ચ, ૨૦૧૭ ચૈત્ર ૯, ૧૯૩૯ શાકે (પહેલી બેઠક)** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧ | ૧૧ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૨ | ૧૨૧ |
| અતારાંકિત પ્રશ્નોત્તરી | ૧૨૨ | ૪૪૫ |
| અધ્યક્ષશ્રીની અનુમતિથી ઉપસ્થિત કરવામાં આવેલ મુદ્દો | ૪૪૬ | ૪૪૮ |
| ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૧૭ | ૪૪૯ | ૪૫૨ |
| ગુજરાત મોટર વાહન વેરા (સુધારા) વિધેયક, ૨૦૧૭ | ૪૫૩ | ૪૫૪ |
| બિન સરકારી સંકલ્પો | ૪૫૫ | ૪૬૪ |
| અધ્યક્ષશ્રીની અનુમતિથી ઉપસ્થિત કરવામાં આવેલ મુદ્દો | ૪૬૫ | ૪૬૫ |
| **તા. ૩૦મી માર્ચ, ૨૦૧૭ ચૈત્ર ૯, ૧૯૩૯ શાકે (બીજી બેઠક)** | | |
| તારાંકિત પ્રશ્નો | ૪૬૬ | ૪૭૫ |
| અતારાંકિત પ્રશ્નો | ૪૭૬ | ૫૭૮ |
| ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ (દ્વિતિય સુધારા)વિધેયક, ૨૦૧૭ | ૫૭૯ | ૫૮૩ |
| ગુજરાત પંચાયત (દ્વિતીય સુધારા) વિધેયક, ૨૦૧૭ | ૫૮૪ | ૫૮૫ |
| ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયક | ૫૮૬ | ૫૯૧ |
| ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) વિધેયક, ૨૦૧૭ | ૫૯૨ | ૬૦૦ |

ચૈત્ર ૯, ૧૯૩૯ શાકે

## તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા
પહેલી બેઠક
ગુરૂવાર, તા. ૩૦મી માર્ચ, ૨૦૧૭
ચૈત્ર ૯, ૧૯૩૯ શાકે
સભાગૃહ સવારના ૮–૩૦ વાગ્યે મળ્યું
અધ્યક્ષશ્રી રમણલાલ વોરા અધ્યક્ષ સ્થાને

## તારાંકિત પ્રશ્નો

### અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ચેકડેમ અને સિંચાઈ યોજનાનું ડીસીલ્ટીગનું કામ

* ૩૩૯૫૫ ડૉ.અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા અને કઈ જગ્યાએ ચેકડેમ અને સિંચાઈ યોજનાઓનું ડીસીલ્ટીંગનું કામ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કરવામાં આવ્યા, અને

(૨) તે પાછળ તાલુકાવાર વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧)

| વર્ષ–૨૦૧૫ | | વર્ષ–૨૦૧૬, (તા.૩૧–૦૧–૨૦૧૭ અંતિત) | |
|---|---|---|---|
| તાલુકા અને સંખ્યા | ચેકડેમ/સિંચાઈ યોજના | તાલુકા અને સંખ્યા | ચેકડેમ/સિંચાઈ યોજના |
| ઈડર (૨૧) | બરવાવ | હિંમતનગર(૭) | વામોજ |
| | લીંભોઈ | | તીતપુર |
| | બાદરપુરા | | ઈલોલ (૨) |
| | વેરાબર | | બલોચપુર (૩) |
| | મહીવાડા | તલોદ (૧૦) | અણીયોડ (૪) |
| | મેસણ | | ગોરા (૫) |
| | કુવાવા (૨) | | રણાસણ |
| | જસવંતગઢ (૨) | વડાલી (૨૪) | જામરેલા |
| | કાબસો | | જામરેલાકમ્પા (૪) |
| | આરસોડીયા | | નવા રામપુર |
| | ગોલવાડા (૩) | | વાસણા રામપુર (૩) |
| | દિયોલી (૩) | | કોઠણ |
| | પાનોલ | | ભજપુરા (૨) |
| | અરોડા (૨) | | વાડોલ (૨) |
| માલપુર(૨) | નવા | | મઠ (૨) |
| | કાટકુવા | | વડાલી (૩) |
| મેઘરજ(૨) | સરકી લીબડી | | કોઠી કમ્પા |
| | ભુંજેરી | | વાડોઠ |
| મોડાસા(૧) | કઉ | | મોરડ |
| | | | નારાયણપુરા (૨) |
| | | ઈડર (૫) | વેરાબર (૨) |
| | | | ઉમેદપુરા (૩) |
| | | પ્રાંતિજ (૧) | હડમતીયા |

(૨)

| વર્ષ–૨૦૧૫ | થયેલ ખર્ચ | વર્ષ–૨૦૧૬ | થયેલ ખર્ચ |
|---|---|---|---|

૩૦મી માર્ચ, ૨૦૧૭

તારાંકિત પ્રશ્નો

| | રૂ. લાખમાં | તા.૩૧-૦૧-૨૦૧૭ અંતિત | રૂ. લાખમાં |
|---|---|---|---|
| ઇડર | ૫૪.૯૭ | હિંમતનગર | ૩.૯૪ |
| માલપુર | ૧૦.૨૪ | તલોદ | ૫.૦૨ |
| મેઘરજ | ૧૧.૨૬ | વડાલી | ૩.૯૮ |
| મોડાસા | ૫.૫૮ | ઇડર | ૩.૧૩ |
| | | પ્રાંતિજ | ૦.૯૭ |

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષમાં સિંચાઇની સુવિધાઓ અંગેનો મેં પ્રશ્ન પૂછ્યો હતો. અમારા આદિવાસી વિસ્તારમાં અરવલ્લી જિલ્લામાં પાંચ તાલુકા આવે છે. તેમાં ૨૦૧૫ અને ૨૦૧૬માં આદિવાસી એકપણ તાલુકામાં સિંચાઇનું એકપણ કામ કરવામાં આવ્યું નથી. મારે મંત્રીશ્રીને પૂછવું છે કે આનું કારણ શું છે? કારણ કે તમે બજેટની જોગવાઇ કરી હશે. ટ્રાયબલ વિસ્તારના વિકાસ માટે, તે વિસ્તારમાં સિંચાઇની સુવિધાઓ વધે તેના માટે અલગ બજેટની જોગવાઇ હોય છે. છતાં પણ છેલ્લા ત્રણ વર્ષ એટલે કે ૨૦૧૪-૧૫, ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તમે કેટલી જોગવાઇ આ પાંચ તાલુકા માટે કરી હતી, આ કામો ન કરવાના કારણો શું છે? અમે એટલા માટે કહીએ છીએ કે, છેલ્લા ઘણા સમયથી તમારા કામો થતા નથી એટલા માટે અમે કહીએ છીએ કે કોંગ્રેસ ફરી આવે છે. એટલે મારી આપને વિનંતી છે કે તેના આપ કારણો આપો.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય જોષીયારાજી એમ કહે છે કે, કોંગ્રેસ આવે છે. પબ્લીક એમ કહે છે કે કોંગ્રેસ જાય છે. તાજેતરના જે પરિણામો છે તે જ બતાવે છે કે, દેશની જનતાનો મૂડ કોંગ્રેસ જાય છે તે છે.

અધ્યક્ષશ્રી : આપણે બધા પ્રશ્ન ઉપર આવી જઇએ. દેશની જનતા બધું બરાબર છે. પ્રશ્નોત્તરી ઉપર આવી જઇએ.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ પ્રશ્ન કર્યો એમાં જવાબમાં જ આપ્યું છે કે, ૨૦૧૫ માં ૨૬ ચેકડેમો અને સિંચાઇ યોજનાઓ, ૨૦૧૬માં ૪૭ ચેકડેમો અને સિંચાઇ યોજનાની અંદર તળાવો ઉંડા કરવાના અને કાંપ કાઢવાના કામ થયા છે. એટલે કામ નથી થતા તેવું નથી. હું જવાબ આપું છું. આ બે વર્ષની કામગીરીની વાત કરી છે. હવે રાજ્ય સરકારે અરવલ્લી જિલ્લાની અંદર અત્યાર સુધીમાં જે કામ કર્યા છે તેમાં ૩૨૦ તળાવો છે. તેમાં મોડાસાના ૮૧, માલપુરના ૨૯, મેઘરજના ૪૫, ધનસુરાના ૫૬, બાયડના ૬૦ અને ભિલોડાના ૫૧ તળાવો છે. ભિલોડા આદિવાસી વિસ્તાર જ છે. એવી જ રીતે સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગરમાં ૯૪, ઇડરમાં ૧૩૮, વડાલીમાં ૮૬, પ્રાંતીજમાં ૮૦, તલોદમાં ૮૧, ખેડબ્રહ્મામાં ૩૭, વિજયનગરમાં ૨૩ એમ કુલ ૫૩૯ તળાવો ઉંડા કરવાના કામો થયા છે. એટલે કોઇ વિસ્તારની અંદર કદાચ કોઇ એકાદ વર્ષ પૂરતું કામ થયું હોય ન થયું હોય તે જુદી વસ્તુ છે. પરંતુ આ રાજ્ય સરકાર આ રાજ્યનો સમાન ધોરણે વિકાસ કરવા માગે છે ત્યારે તેમાં ટ્રાયબલ વિસ્તાર બાકાત નથી.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, મેં બધા આંકડા લઇ લીધા છે. જિલ્લા સંકલન સમિતિના આંકડા લઇ લીધા છે. કોઇ જગ્યાએ એકપણ તળાવ નથી થયું તે માનનીય મંત્રીશ્રી આપની જાણ માટે કહું છું. એટલે મારી પાસે આંકડા છે. તમે જે બજેટરી પ્રોવીઝન કર્યુ તેના પણ આંકડા મારી પાસે છે. છતાં એકપણ કામ નથી થયું એટલે મારે કહેવું પડે છે. આ પ્રશ્ન પૂછવાનું કારણ આ જ છે. મારો વિસ્તાર છે તે સૂકો વિસ્તાર છે, ત્યાં કેનાલો નથી. એટલે અમે આશા રાખીએ છીએ કે આપ તળાવો ઉંડા કરો કાં તો ચેકડેમ કરો. એકેય કામ થતું નથી. મૂળ પરિસ્થિતિ એ છે કે, અહીં અમારા જે અધિકારીઓ છે તેમની જગ્યાઓ ખાલી છે. માહિતી બિલકુલ...

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માહિતી બિલકુલ સાચી છે. બે વર્ષની મેં લેખિતમાં માહિતી આપી છે. આગળના પાંચ વર્ષમાં જે કામ થયું તેના આંકડા મેં આપ્યા છે. એટલે તમામ વિસ્તારોની અંદર કામ સપ્રમાણ રીતે થતું જ હોય છે. ભિલોડાની અંદર આમાં નથી પણ આગળ થઇ ગયેલ છે.

અધ્યક્ષશ્રી : આ બધામાં ઇડર ના ભૂલી જવાય એટલું જો જો જરા. શ્રી મહેન્દ્રસિંહજી બારૈયા.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, આ ચેકડેમ જે ડીસિલ્ટીંગ કરવામાં આવે છે તે કાગળ ઉપર જ કામ ચાલે છે. નર્યો ભ્રષ્ટાચાર આ તમામ કામોમાં થયેલ છે. ત્યારે મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, પ્રાંતિજ અને તલોદ તાલુકામાં જે ચેકડેમો ડીસીલ્ટીંગ કરવામાં આવ્યા એમાં ખરેખર સ્થળ ઉપર આવા કોઇ કામો થયા નથી ત્યારે એની તપાસ કરવા માગો છો કે કેમ? અને બીજું સાબરમતી નદી અમારા વિસ્તારમાંથી પસાર થાય છે ત્યાં લાકરોડા ચેકડેમ છે એ ચેકડેમ આખો રેતીના કારણે ભરાઇ ગયો છે ત્યારે એનું ડીસીલ્ટીંગ કરી અને એ ચેકડેમમાં પાણીનું સ્ટોરેજ વધુ થાય એ માટે કાર્યવાહી કરવા માગો છો કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, એક સમય હતો કે કાગળ ઉપર પાણીના ટેન્કરો ચાલતા હતા, કાગળો ઉપર રોડ બનતા હતા, કાગળો ઉપર યોજનાઓ બનતી હતી આ સમય ૧૯૯૫માં ગયો, હવે જે કામ ચાલે છે એ માત્ર

વાસ્તવિક કામ ચાલે છે. માનનીય સભ્યશ્રીએ જે વાત કરી કે, ભ્રષ્ટાચારની વાત તો અમારા ધ્યાનમાં કોઇ ભ્રષ્ટાચારની વાત આવી નથી સભ્યશ્રી જો અમારું પર્ટીક્યુલર ધ્યાન દોરશે તો એમાં જરૂર તપાસ કરવામાં આવશે.

ઉકાઈ–કાકરાપાર યોજનામાં શહેર સુધારણાના મંજૂર કામો

* ૩૨૬૩૭ શ્રીમતી ઝંખનાબેન પટેલ (ચોર્યાસી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬–૧૭માં ઉકાઈ–કાકરાપાર યોજનામાં ઉકાઈ–કાકરાપાર કમાન્ડ વિસ્તારમાં નહેર સુધારણાનાં કામો મંજૂર કરવામાં આવ્યા છે કે કેમ, | (૧) –હા– |
| (૨) જો હા, તો તે અન્વયે તાલુકાવાર કેટલા ગામોને આ કામોથી લાભ થશે, અને | (૨) નીચે મુજબના ગામોને લાભ થશે. |

| અ.નં. | તાલુકો | ગામની સંખ્યા |
|---|---|---|
| ૧ | બારડોલી | ૩૦ |
| ૨ | પલસાણા | ૧૮ |
| ૩ | કામરેજ | ૧૯ |
| ૪ | ચોર્યાસી | ૭૫ |
| ૫ | મહુવા | ૨૨ |
| ૬ | ઓલપાડ | ૯૯ |
| ૭ | નવસારી | ૫૫ |
| ૮ | ગણદેવી | ૩૦ |
| ૯ | જલાલપુર | ૪૭ |
| ૧૦ | ચીખલી | ૪૬ |
| ૧૧ | વલસાડ | ૫૭ |
| ૧૨ | અંકલેશ્વર | ૩૦ |
| ૧૩ | હાંસોટ | ૫૦ |
| ૧૪ | સોનગઢ | ૧૪ |
| ૧૫ | વ્યારા | ૧૮ |
| ૧૬ | વાલોડ | ૨૫ |
| ૧૭ | ડોલવણ | ૦૯ |
| ૧૮ | વાંસદા | ૦૭ |
| | કુલઃ– | ૬૫૧ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) તે અન્વયે કુલ કેટલા સિંચાઈ વિસ્તારને લાભ થશે ? | (૩) ૨,૨૧,૬૨૨ હેક્ટર |

શ્રીમતી ઝંખનાબેન હિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે વર્ષ ૨૦૧૬–૧૭માં ઉકાઈ–કાકરાપાર યોજના અંતર્ગત આયોજીત નહેર આધુનિકીકરણના કામોમાં જિલ્લા મુજબ કેટલી લંબાઇમાં કામ હાથ ધરવામાં આવ્યું છે અને, એમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે? અને લાભિત વિસ્તાર કેટલો છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની નર્મદા પછીની સૌથી મોટી યોજના એટલે ઉકાઇ અને કાકરાપાર સિંચાઇ યોજના, આ યોજના બની ત્યારથી એના કેનાલ રીનોવેશનનાં કામો ૨૦૦૧ સુધી નહોતા થયેલા, ૨૦૦૧ પછી તબકકાવાર આ રીનોવેશનનાં કામ કરવાનું રાજય સરકારે શરૂ કરેલ છે અને એમાં ૨૦૧૬–૧૭માં જે કામ થયા એમાં સુરત જિલ્લામાં ૧૫૫૬૨ લાખનો ખર્ચ થયો અને ૧૭૯ કિલોમીટરની લંબાઇમાં નહેરનું કામ થયું, તાપી જિલ્લામાં ૪૯૩૩ લાખનો ખર્ચ થયો અને ૫૦.૨૨ કિલોમીટરનું કામ થયું, ભરૂચ જિલ્લામાં ૬૪૨૭ લાખનો ખર્ચ થયો અને ૫૯.૨૨ કિલોમીટરનું કામ થયું આમ નવસારી જિલ્લામાં અને વલસાડ જિલ્લામાં ટોટલ ૩૫૬૩૫ લાખનો ખર્ચ થયો અને ૪૧૩ કિલોમીટરની નહેરનું રીનોવેશનનું કામ થયું.

શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, ઉકાઇ–કાકરાપાર યોજનામાં કાચી નહેરનું કામ કેટલી લંબાઇનું બાકી છે? અને, જો આ કામગીરી બાકી હોય તો રાજય સરકારની આધુનિકીકરણ કરવા માટે શું યોજના છે, અને ક્યારે કરવાના છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મેં શરૂઆતના પ્રશ્નમાં જવાબ આપ્યો કે તબક્કાવાર કામગીરી આગળ ચાલી રહી છે. હજુ પણ ૨૮૫૭ કિલોમીટરનું કામ બાકી છે તે ૨૦૧૭–૧૮માં ૭૬૦ કિલોમીટરનું કામ કરવામાં આવશે,

૨૦૧૮-૧૯માં ૯૪૦ કિલોમીટરનું કામ કરવામાં આવશે અને ૨૦૧૯-૨૦માં ૧૧૫૭ કિલોમીટરનું કામ કરવામાં આવશે. આમ ટોટલ ૨૮૫૭ કિલોમીટરનું કામ ૧૧૯૦ લાખનો ખર્ચ કરીને સંપૂર્ણપણે પૂરું કરવામાં આવશે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, વર્ષ ૨૦૧૬-૧૭માં ઉકાઇ-કાકરાપાર યોજના અંતર્ગત આયોજીત નહેરના આધુનિકીકરણના કામો પૂર્ણ થયેલ છે કે કેમ? જો પૂર્ણ થયેલ હોય તો કેટલા સમયગાળામાં પૂર્ણ થયેલ છે? આ કામો હાથ ધરવાથી સિંચાઇ કરતા ખેડૂતોને મુખ્યત્વે શું ફાયદો થશે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી :માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૬-૧૭ની અંદર જે કામો કરવાના હતા એ કામો એની સમયમર્યાદામાં પૂરા થયા છે, મને આ ગૃહને જણાવતાં ખૂબ આનંદ થાય છે અને ગૌરવ પણ થાય છે કે, ઉકાઇ યોજના એ બારમાસી યોજના છે, બારમાસી યોજના હોવાના કારણે કામ કરવું ખૂબ અઘરું થાય છે. તેમ છતાં પચાસ દિવસ બંધ રાખવામાં આવેલ, તે વખતે ખેડૂતોનો પણ સહકાર મળ્યો અને પચાસ દિવસ બંધ રાખીને એ કામ પૂરું થયું. આ કામો હાથ ધરવાથી સિંચાઇકારોને મુખ્યત્વે નહેરના છેવાડાના કાંઠા વિસ્તારમાં ઉનાળુ મોસમના ડાંગર તથા શેરડીના પાકમાં સિંચાઇ માટે જરૂરિયાતના સમયે પાણી મળવામાં વિલંબ થતો હતો તેની કાયમી મુશ્કેલી દૂર થશે. જે કાંઠા વિસ્તારના તાલુકાઓ છે હાંસોટ, અંકલેશ્વર, ઓલપાડ, ચોર્યાસી, જલાલપોર, ગણદેવી, ખેરગામ, વલસાડ અને ચીખલી આ ટેઇલ વિસ્તારની અંદર પાણી મળતું જ નહોતું એને હવે પાણી મળવા માંડશે.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૬-૧૭માં ઉકાઇ અને કાકરાપારમાં કેનાલનું જે રિપેરીંગ કામ થયું છે એમાં માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા પુછવા માગું છું કે, એમાં કેટલો ખર્ચ થયો છે અને આ બે વરસમાં કેટલી જગ્યાએ ભંગાણ થયા છે અને આ કામ કરનાર એજન્સીથી સરકાર સંતુષ્ઠ છે કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી :માનનીય અધ્યક્ષશ્રી, ભંગાણની વિગત મારી પાસે નથી, સભ્યને જોઇતી હશે તો હું ટેબલ પર મૂકીશ. પરંતુ આ કામથી સરકાર તો સંતુષ્ઠ છે જ પણ ઉકાઇ કમાન્ડના ખેડૂતો પણ આ કામથી ખૂબ જ સંતુષ્ઠ છે.

## રાજ્યમાં વીજ પ્રવહન માટે સ્ટ્રકચર ટાવર ઉભા કરવા બાબત

* ૩૨૬૬૫ શ્રી નરોત્તમભાઇ પટેલ (ઉધના) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ રાજ્યમાં વીજ પ્રવહન માટે ઊભી કરવામાં આવતી અતિ ભારે દબાણની લાઇનો માટેના સ્ટ્રકચર-ટાવર ખેડૂત પોતાના ખેતરમાં ઊભા કરવા દે તો તેને કોઇ વિશેષ લાભ આપવામાં આવે છે કે કેમ, અને<br>(૨) જો હા, તો તેની વિગત શું છે? | (૧) અને (૨) હા,જી. સરકારશ્રીના પરિપત્ર ક્રમાંક. જીયુવી- ૨૦૧૬- ૩૪૪૨-ક૧,તા.૩૦-૧૨-૨૦૧૬ મુજબ રાજ્યમાં વીજ પ્રવહન માટે ઉભી કરવામાં આવતી અતિ ભારે દબાણની લાઇનો માટેના સ્ટ્રક્ચર/ટાવર ખેડૂત પોતાના ખેતરમાં ઉભા કરવા દે તો તેવા ખેડૂતોને નવું ખેતી વિષયક વીજ જોડાણ અગ્રતાના ધોરણે આપવાની મંજૂરી પરિપત્રમાં દર્શાવેલ શરતો/ધારાધોરણોને આધિન આપવાનો નિર્ણય કરવામાં આવેલ છે. |

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : આ માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી તથા માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વવાળી સંવેદનશીલ સરકારે ખેડૂતો માટે જે કામગીરી કરી છે એ આંખે ઉડીને વળગે તેવી છે. હમણાં જ દક્ષિણ ગુજરાતના પ્રશ્ન નંબર-૨માં જણાવ્યું તેમ ઉકાઇ-કાકરાપારની નહેરોનું નવીનીકરણ કર્યું અને એમાં ૪૧૩ કિલોમીટરની પાકી કેનાલ કરીને ખેડૂતોને આપી, આ પ્રશ્નમાં પણ જૂઓ તો ખેડૂતો માટે જે ખેડૂતના ખેતરમાં ટ્રાન્સમીશન લાઇનો અને ડી.પી. સ્ટ્રક્ચર ટાવર સ્થાપિત કરવામાં આવે છે એવી જમીનો ઉપર ભૂતકાળની સરકારોએ કોઇ ધ્યાન આપ્યું નહોતું અને સરકાર ગમે ત્યારે, ગમે તે જગ્યાએ ટાવરો નાંખે તો ખેડૂતને પુછવાની જ જરૂર નથી એવી સ્થિતિમાં ખેડૂતો હતા. આજે મારે અભિનંદન આપવા છે મંત્રીશ્રીને કે જે રીતે તમે ટાવર, ટ્રાન્સમીશન લાઇન અને ડી.પી. સ્ટ્રક્ચર ત્યાં નાંખો છો તો વીજ જોડાણ ખેડૂતોને પ્રાયોરિટીમાં આપવા માટેના ધારાધોરણ શું છે કે જેથી ખેડૂતોને માર્ગદર્શન મળે.

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી સન્માનનીય ગૃહને મારે જણાવવું છે કે, અત્યાર સુધી આવી જે મોટી લાઇનો ખેડૂતોના ખેતરમાંથી પસાર થતી હતી એમાં માત્ર ખેડૂતોના પાકને જે કંઇ નુકશાન થતું હોય તેનું વળતર આપવામાં આવતું હતું, પણ અમારા ઉર્જા વિભાગ દ્વારા ૩૦-૧૨-૧૬ના રોજ એક નવી ગાઇડલાઇન-નીતિ અમલમાં મૂકી કે, જે ખેડૂતના ખેતરમાંથી લાઇન પસાર થતી હોય તો તેને જેટકોનું વળતર મળે છે અને બધા લાભો આપીએ છીએ એમની પાસે વીજળીનું કનેકશન ન હોય તો આપણે પ્રાયોરિટીમાં વીજળીનું કનેકશન આપીએ છીએ તો એ ખેડૂત વાંધા વચકા ન લે અને ઝડપથી જો લાઇન ઉભી કરવા દે તો નજીકની ૬૬ કે.વી. સબ સ્ટેશન સુધી પાવર સપ્લાય આપણે ઝડપથી પહોંચાડી શકીએ અને જેના પરિણામે તે વિસ્તારના ખેડૂતોને પૂરતા વોલ્ટેજથી ગુણવત્તાવાળો પાવર સપ્લાય મળી રહે એના માટેની આ નીતિ અમલમાં મૂકી છે. માનનીય સભ્યશ્રીએ જણાવ્યું છે કે, ૩૦-૧૨-૨૦૧૬ના રોજ જે પરિપત્ર કર્યો છે એની

જોગવાઇઓ કઇ છે. જે ખેડૂતના ખેતરમાંથી ટ્રાન્સમીશન લાઇન, ડી.પી. સ્ટ્રક્ચર કે ટાવર સ્થાપિત કરવામાં આવે તેવા ખેડૂતોને નવું ખેતીવિષયક વીજજોડાણ અગ્રતાના ધોરણે આપવાની મંજૂરી અમુક શરતો અને ધારાધોરણોને આધિન આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. પરિપત્રની તારીખ બાદ એટલે કે તારીખ ૩૦–૧૨–૨૦૧૬ બાદ જે નવી ટ્રાન્સમીશન લાઇન એટલે કે ૬૬ કે.વી. લાઇન કે તેથી વધુ દબાણવાળી વીજ લાઇનના ટાવર કે થાંભલા જ્યાં સ્થાપવાના થાય ત્યાં જમીનના માલિક કે ખેડૂત તે સરવે નંબરમાં નવું કૃષિ વીજ જોડાણ અગ્રતાના ધોરણે મેળવી શકશે. જે જમીનમાં આ પરિપત્ર અગાઉથી ૬૬ કે.વી. કે તેથી વધુ વીજપ્રવાહ લાઇન માટે ટાવર કે થાંભલા ઉભાં થયેલા છે ત્યાં અગ્રતાના ધોરણે કનેકશન આપવામાં આવશે નહિ, ખેડૂતોને ૬૬ કે.વી. કે તેથી વધુની વીજ પ્રવહન લાઇન માટે ટાવર કે થાંભલા ઉભા થયાના છ મહિનામાં જ કૃષિ વિષયક જોડાણ મેળવવા માટેની અરજી કરવાની રહેશે. વીજ પ્રવહન લાઇનો માટેનું એચ ફ્રેમ સ્ટ્રકચર બે ટકાવાળુ હોય છે અને ટાવર સ્ટ્રકચર ચાર ટકાવાળુ હોય છે. જો ટેકા એક કરતાં વધારે સર્વે નંબર વાઇઝ જમીનમાં ઉભા થતાં હોય તેવા સંજોગોમાં દરેક સર્વે નંબરને અગ્રતાના ધોરણે આપવામાં આવશે. નોન ડાર્કઝોન વિસ્તારમાં સામાન્ય યોજના પ્રમાણે અગ્રતાના ધોરણે નવું કૃષિ વીજ જોડાણ આપવામાં આવશે. ડાર્ક ઝોન વિસ્તારમાં ડાર્ક ઝોન યોજનાના નોર્મ્સ પ્રમાણે નવું કૃષિ વીજ જોડાણ અગ્રતાના ધોરણે મેળવી શકશે. અરજદારે ગુજરાત ગ્રીન રિવેલ્યુએશન કંપનીના ધારા–ધોરણ મુજબ ડ્રીપ ઈરીગેશન, સ્પ્રીંકલર સીસ્ટમ સ્વીકારવાનું ફરજીયાત રહેશે. ખેડૂતોને ટાવર કે સ્ટ્રકચર ઉભું થયા બાદ કૃષિ વીજ જોડાણ માટેની અરજી કરવાની રહેશે. આવા કૃષિ વીજ જોડાણની અરજીઓની અલગ અલગ અગ્રતાયાદી તૈયાર કરવામાં આવશે અને વહેલા તે પહેલાના ધોરણે અરજીઓને યાદીમાં ક્રમાનુસાર ગોઠવી અને તે મુજબ કૃષિ વીજ જોડાણ આપવામાં આવશે. નિયમો અનુસાર દસ્તાવેજો પૂરાં પાડી અરજીની નોંધણી સ્થાનિક વીજ કંપનીની પેટા વિભાગીય કચેરીને કરવાની રહેશે. અરજદારની અરજી પરત્વે જેટકોએ અરજદારની ખેતી વિષયક જમીનમાં ટ્રાન્સમીશન લાઇનના ટાવર સ્થપાયેલ છે તે તારીખ સહિતની વિગતો સંલગ્ન પેટા વિભાગીય કચેરીને પૂરી પડાશે. સ્થળ મોજણી વખતે માંગણીવાળા સર્વે નંબરમાં કૂવો કે બોર હયાત ના હોય તો કૂવો કે બોર બનાવવા માટે વધુમાં વધુ ત્રણ મહિનાની નોટિસ આર.પી.એ.ડી.દ્વારા આપવામાં આવશે અને પેટા વિભાગીય કચેરી દ્વારા નોટિસ પાઠવેથી મહત્તમ ત્રણ માસના સમયગાળા સુધી અરજી પડતર રખાશે. અંદાજપત્ર કૃષિ વીજ જોડાણની સામાન્ય યોજના પ્રવર્તમાન નિયમો મુજબ અપાશે. આ યોજના જેટકો કંપની ઉપરાંત કેન્દ્ર સરકારની એનટીપીસી કે પાવર ગ્રીડ કંપની દ્વારા જાહેર હિતાર્થે ઉભી કરવામાં આવતી વીજ પ્રવહન લાઇનો માટે પણ લાગુ પડશે. માનનીય અધ્યક્ષશ્રી, અરજદાર કે ગ્રાહક આઠ એકરથી વધારે ક્ષેત્રફળ ધરાવતો હોય તેવા સળંગ એક જ સર્વે નંબરમાં, બીજું ખેતી વિષયક વીજ જોડાણ મેળવી શકશે. પરંતુ..

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી લાંબી વાત હોય અને એવુ હોય તો ટેબલ ઉપર મૂકશો. તમે જેટલુ સમજ્યા છો એટલુ સમજાવી દો એટલે પૂરું.

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : હવે પૂરું થઇ ગયુ છે સાહેબ. કોઇ પણ યોજના હેઠળ અગાઉ એક જ સર્વે નંબરમાં એક કરતાં વધુ ખેતી વિષયક વીજ જોડાણનો લાભ મેળવેલ હોય તેવા કિસ્સાઓમાં નવા વીજ જોડાણનો લાભ આપવામાં આવશે નહીં.

અધ્યક્ષશ્રી : જેનો વિસ્તાર, જેની ભૌગોલિક પરિસ્થિતિ તે પ્રમાણે જરા વર્તો.(અંતરાય ) નહીં, એ પદ્ધતિ સારી નથી. તમારે શું કહેવાનું છે ગોવાભાઇ ? અને ભાઇ, ઉધના અને તમારે શી લેવા દેવા ? શાંતિથી બેસો, બેસો કે બહાર કાઢું ? (અંતરાય ) હા, તો બહાર જ કાઢી મૂકાય ને ચાલે છે ઉધના અને તમે ડાંડીયા લઇને ફરો છો. નહીં, જરાય નહીં (અંતરાય) નહીં કરવાનું. ભાઇ, જેને જે કરવુ હોય તે કરવાની છૂટ્ટી. ગૃહ મારે ચલાવવાનું છે તમારે ચલાવવાનું નથી. ઉધનાનો વિષય છે અને તમે બનાસકાંઠા લઇને ફરો છો. (અંતરાય) જરાય ચાલે નહીં. ઠીક લાગે તો બેસવાનું નહીંતર બહાર જવાની છૂટ્ટી છે. (અંતરાય) ઉપડો ચાલો.

શ્રીમતી સંગીતાબહેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, ભારે લાઇનની દબાણમાં બે સ્ટ્રકચર વચ્ચે સામાન્યપણે કેટલું અંતર હોય છે ? ઘણાં કિસ્સાઓમાં વીજ પ્રવાહની લાઇનો માટેનું સ્ટ્રકચર એક કરતાં વધારે સર્વેવાળી જમીનમાં ઉભાં થતાં હોય તો તેવા સંજોગોમાં પરિપત્ર મુજબ ખેતી વિષયક વીજ જોડાણ માટે શું જોગવાઇ કરવામાં આવી છે ?

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, ભારે દબાણની લાઇનમાં બે સ્ટ્રચર વચ્ચે સામાન્યપણે અંતર આ પ્રમાણે રાખવામાં આવે છે. ૬૬ કેવી–એચ ફ્રેમ સ્ટ્રકચર ૧૬૦ થી ૧૭૦ મીટર, ૬૬ કેવી ટાવર ૨૫૦ થી ૩૦૦ મીટર, ૧૩૨ કેવી ટાવર સ્ટ્રકચર ૩૦૦ થી ૩૫૦ મીટર, ૨૨૦ કેવી સ્ટ્રકચર ૩૦૦ થી ૩૫૦ મીટર, ૪૦૦ કેવી ટાવર સ્ટ્રકચર ૩૫૦ થી ૪૦૦ મીટર એચ ફ્રેમ સ્ટ્રક્ચર બે ટેકાવાળા હોય અને અને ટાવર સ્ટ્રક્ચર ચાર ટેકાવાળા હોય છે. જો ટેકા એક કરતાં વધુ સર્વે નંબરવાળી જમીનમાં ઊભા થતા હોય તેવા સંજોગોમાં દરેક સર્વે નંબર અગ્રતાના ધોરણે.... વિરોધપક્ષ દ્વારા •(×××) સૂત્રોચ્ચાર

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી, જવાબ ટેબલ ઉપર મૂકો અથવા વાંચી જાવ. (વિરોધપક્ષ દ્વારા સૂત્રોચ્ચાર)

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## ૩૦મી માર્ચ, ૨૦૧૭
## તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : બલવંતસિંહજી તમે મને કહેશો કે તમને કોની દાદાગીરી સામે વાંધો છે. તમે, શું કહેવા માગો છો? તમે અને તમારા સભ્યો કહે એમ મારે ગૃહ ચલાવવાનું છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું એમ કહું છું કે અમારા સભ્યએ ખાલી આંગળી ઊંચી કરી છે.

અધ્યક્ષશ્રી : ખાલી આંગળી ઊંચી નથી કરી જ્યારે હું સભ્યનું નામ બોલ્યો ત્યારે ગોવાભાઇ ઊભા થયા છે. ઊભા થવાનું ન હોય ખાલી આંગળી ઊંચી કરવાની હોય અને એ ગેરશિસ્ત હું ચલાવી લેવા માગતો નથી. જેને ન ફાવે એને બહાર જવાની મેં હા પાડી છે. (સતત અંતરાય) શેની દાદાગીરીની વાત કરો છો? તમે કહેવા શું માગો છો?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારું કહેવાનું એવું નથી. મારે તો માત્ર એટલું કહેવું છે કે સભ્યશ્રીએ ખાલી આંગળી ઊંચી કરી છે. આપને પરવાનગી ન આપવી હોય તો ન આપો. આપને અધિકાર છે.

અધ્યક્ષશ્રી : હું અનેક વખત કહી ચૂક્યો છું કે જે તે વિસ્તારને લાગુ પડતું હોય છતાંય કોઇ ધારાસભ્યને વાત કરવી હોય તો એને અત્યાર સુધી આપણે Allow કર્યા છે. હું ના પાડતો નથી. પણ એનો મતલબ એવો ન હોય કે દક્ષિણનો પ્રશ્ન હોય અને ઉત્તરના વિસ્તારના સભ્ય Disturb કરે એવું ન હોય.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપને સત્તા છે. આપની સત્તાની રૂએ આપે પરવાનગી આપવી હોય તો આપો. અમારા સભ્યએ ખાલી આંગળી ઊંચી કરી છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમારા સભ્ય ઊભા થયા છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ઊભા નથી થયા. (વિરોધપક્ષ દ્વારા સૂત્રોચ્ચાર)

અધ્યક્ષશ્રી : તમે કોની સામે દાદાગીરીની વાત કરો છો એ સ્પષ્ટતા કરો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, અમારા સભ્યશ્રીનું કહેવું છે કે આપ કહો છો કે જવું હોય તો જાવ અને બેસવું હોય તો બેસો. અમે દાદાગીરી નથી કરતાં અમે તો સીધી વાત કરીએ છીએ.

(વિરોધપક્ષ દ્વારા સૂત્રોચ્ચાર)

અધ્યક્ષશ્રી : તમે શાના માટે સૂત્રોચ્ચાર બોલાવો છો. Please બેસી જાવ. પોતાનું સ્થાન ગ્રહણ કરો. હું બધાને વિનંતી કરું છું. (અંતરાય) (વિરોધપક્ષ દ્વારા સૂત્રોચ્ચાર)

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આવું ન હોય.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તો પછી અમને પણ આપે સાંભળવા પડશે. આ ગૃહની શિસ્તનો વિષય છે. એકતરફી વલણ ન ચાલે. અમને પણ સાંભળો. આપનું અપમાન થાય એ અમે સહન કરવા તૈયાર નથી. એ અમે ચલાવી લેવા માગતા નથી. અમે સરકાર પક્ષ છીએ એટલે મર્યાદા રાખીએ છીએ અને તમે એનો દૂરઉપયોગ કરો છો. સાહેબ કીધું કે વિનંતી કરું છું કે, હાઉસ ચાલવા દો પછી શેની વાત કરો છો. હર્ષદભાઇ રીબડીયા સાહેબ સૂત્રોચ્ચાર કરે એ કેવી રીતે ચાલે. (વિરોધપક્ષ દ્વારા સૂત્રોચ્ચાર) અમે પણ બોલી શકીએ છીએ પણ અમે સરકાર પક્ષે મર્યાદામાં રહીએ છીએ. અમે અમારી મર્યાદા સમજીએ છીએ. તમે તમારી શિસ્ત અને મર્યાદામાં રહો. આવી રીતે ગૃહ ન ચાલે. (અંતરાય) પ્રશ્નોત્તરીમાં અમારા સભ્યોને રસ છે અને આપ કહ્યું કે જેને ના સાંભળવું હોય, જે ન ઇચ્છતા હોય એ સ્વયંભૂ બહાર જઇ શકે છે. બાકીના સભ્યોનો એક કલાક શું કરવા બગાડો છો. પ્રશ્નોત્તરીનો અધિકાર આખા ગૃહનો છે. માત્ર વિપક્ષના સભ્યોનો નથી. અમારા સભ્યોને પ્રશ્નો પૂછવા છે, અમારા સભ્યોને માહિતી લેવી છે. માનનીય અધ્યક્ષશ્રી, અમારા સભ્યોને રક્ષણ આપો. અમારા ૧૨૧ સભ્યો છે. રક્ષણ કરો સાહેબ. માત્ર વિપક્ષની જવાબદારી નથી અમે પણ સભ્યો તરીકે છીએ. (અંતરાય) અને માનનીય શક્તિસિંહજી તો હતા જ નહીં, શું બનાવ બન્યો એ જ એમને ખબર નથી. દર વખતે મોડા આવે અને તરત જ ઉભા થઇ જાય. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, સાંભળો, બહાર હતા. બહાર હતા, બહાર હતા. (અંતરાય) જી, ગૃહ ઓર્ડરમાં હોય તો અપાય ભાઇ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મને બે મિનિટ આપો સાહેબ.

અધ્યક્ષશ્રી : ગૃહ ઓર્ડરમાં જ નથી, ભાઇ. ગૃહ ઓર્ડરમાં હોય તો બે મિનિટ નહીં, ચાર મિનિટ આપું પણ ગૃહ ઓર્ડરમાં તો જોઇએને. ગૃહ ઓર્ડરમાં જોઇએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શક્તિસંહજી તો હાજર જ નહોતા. એમણે બનાવ જોયો નથી એમને વિગતની ખબર નથી તો આમાં એ કેવી રીતે આવી શકે? માનનીય શક્તિસંહજી નહીં, બોલવું હોય તો માનનીય બલવંતસિંહજી બોલે, બીજા સભ્યશ્રીઓ બોલે, પણ જે હાજર જ ન હતા એ કેવી રીતે બોલી શકે?

અધ્યક્ષશ્રી : પ્લીઝ, એમને બે મિનિટ સાંભળો. પ્લીઝ, બેસો.

શૈલેષ મ. પરમાર : *(×××) ઓછા આવ્યા છીએ અહીંયાં?

અધ્યક્ષશ્રી :(અંતરાય) ભાઇ, અહીંયાં હું •(×××) નથી બેઠો. હું *(×××) નથી બેઠો માનનીય શૈલેષભાઇ, હું *(×××) અહીંયા નથી બેઠો. મહેરબાની રાખો. *(×××) નથી બેઠો. *(×××) નથી બેઠો. *(×××) અહીં નથી બેઠો. ગૃહ મારે ચલાવવાનું છે. માનનીય બળદેવભાઇ, મર્યાદામાં રહો, સંયમમાં રહો, વાણી પર કાબૂ રાખો. માનનીય બળદેવભાઇ,

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

વાણી ઉપર સંયમ રાખો. વાણી ઉપર સંયમ રાખો. બધા મિત્રો, બેસો. પ્લીઝ, માનનીય શક્તિસિંહજી બેસો, પ્લીઝ. મિત્રો, અહીંયાં પહેલા દિવસથી હું આ વાત કહેતો આવ્યો છું અને તમે એના સાક્ષી છો કે જે જિલ્લાનો પ્રશ્ન ચાલતો હોય એને આપણે પહેલી પ્રાયોરિટી આપીએ અને એ સિવાય પણ અન્ય લોકોને અત્યાર સુધીમાં આપણે બધા લોકોને તક આપેલી જ છે. તો તમે ના પાડો કે અમને તક નથી મળી. મળી છે કે નથી મળી? હવે જ્યારે ઉધનાનો સવાલ ચાલતો હોય તો ઉત્તર ગુજરાતવાળો મને કેવી રીતે પ્રશ્ન પૂછે અને પૂછે તો ક્યારે પૂછે કે એ વિસ્તારના એ ભૂવિભાગના જે બે ત્રણ સભ્યોએ પૂછવાનું હોય એ પૂછીને આપણે એમને એલાઉ કરીએ છીએ. વિષય આટલો જ છે. એનો મતલબ એવો નથી કે, માનનીય ગોવાભાઇએ ઉભા જ થઇ જવાનું, બનાસકાંઠાવાળા ગોવાભાઇને માન ન મળે, કોઇ તકલીફ નથી. એનું અહીંયાં કરવાનું અને તમારા બધા જ સભ્યો, દાદાગીરી એટલે કોની? *(×××) તો તમે સ્પષ્ટતા કરો કે ભાઇ, *(×××). એનીય સ્પષ્ટતા કરો. મેં તમારા દંડકશ્રીને કહ્યું છે. તમે સ્પષ્ટતા કરો ભાઇ. શાની દાદાગીરી અને કોના માટેની દાદાગીરી? માનનીય શક્તિસિંહજી આવી રીતે ગૃહ ચાલી જ ન શકે. ચાલી જ ન શકે. હું એમને પણ કહું છું. આ વખતે શરૂઆત અહીંથી કરી છે. શરૂઆત અહીંથી કરી છે. (અંતરાય) તમારા અહેસાનથી નથી બેઠો શૈલેષભાઇ, એવું તમે બોલી ચૂક્યા છો.બેસો ભાઇ. તમારા કોઇ અહેસાનથી અહીંયા નથી બેઠો. બેસો, બહુ થયું, બેસો. નહીં, તમારા સભ્યોને કેમ વાળતા નથી? તમે સિનિયર સભ્ય તરીકે તમારા સભ્યનો અવિવેક તમે કહ્યો? તમારા દંડકશ્રીએ કહ્યો કેમ નહીં કહ્યો? પહેલાં એમને બેસાડો અને પછી ગૃહ ઓર્ડરમાં હશે તો હું વાત આગળ ચલાવીશ. ગૃહ ઓર્ડરમાં હશે તો હું વાત આગળ ચલાવીશ. ગૃહ ઓર્ડરમાં હશે તો આગળ ચલાવીશ. (અંતરાય)પહેલો મારો હક્ક છે પછી તમારો છે. ના, મારી બધી અન્ડરસ્ટેન્ડિંગ છે. મારી અન્ડરસ્ટેન્ડિંગ છે. મારી અન્ડરસ્ટેન્ડિંગ છે. નહીં, જરાય નહીં. જરાય નહીં, જરાય નહીં. જરાય નહીં, જરાય નહીં, પ્લીઝ બેસો. માનનીય શક્તિસિંહજીને સાંભળીએ, પ્લીઝ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય વિરોધપક્ષના નેતાશ્રીની ચેમ્બરમાં બેઠા બેઠા આખી કાર્યવાહી બરાબર જોતો હતો. હું આપને બહુ ગંભીરતાપૂર્વક જવાબદારીપૂર્વક કહુ છું કે અમારી વિચારધારાની લડાઇ સરકાર સામે છે આ ખુરશી સામે નહિ.

અધ્યક્ષશ્રી : એ થઇ ગયું. તમારા સભ્યો બધુ કરી ચૂકયા છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : શાના માટે થાય છે એ પણ કહું છું. આપ કહો છો એ વાત સાચી છે. અહીંયા આવેલો કોઇપણ સભ્ય એ માત્ર પ્રજાના દયા, ધર્મ, દાનથી અહીંયા બેઠા છીએ એમના આશિર્વાદથી આવીએ છીએ. પરંતુ આ ખુરશીની એક પ્રણાલિકા પણ જળવાય એ વિરોધપક્ષ અને સત્તાધારી પક્ષ સાથે મળીને બિન વિવાદસ્પદ રીતે ચૂંટણી થાય છે અને બંને નેતાઓ દોરીને ખુરશી સુધી લઇને જાય છે. આપની સામેનો અમારો ઝઘડો પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, સમરથ કો નહિ દોષ ગોસાઇ એનો અર્થ એ થાય કે.(અંતરાય) દસ મિનિટ માનનીય નીતિનભાઇ બોલ્યા છે, માઇક ચાલુ રાખીને બોલ્યા છે. આપે એલાઉ કર્યા પછી મિનિસ્ટર બોલે એ આપનુ અપમાન છે. આપે એલાઉ કર્યા પછી વચ્ચે જે ખલેલ કરે એ આપનુ આપમાન છે.

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ, પ્લીઝ, માનનીય શકિતસિંહ આપ ઝડપથી પૂરું કરો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : આપે એલાઉ કર્યા પછી આ રીતે ખલેલ કરે એ આ ખુરશીનુ અપમાન છે મારું તો આટલુ જ કહેવું છે. આપનુ અપમાન ત્યાંથી થાય છે અને લડાઇ સરકારને બદલે આ ખુરશી સામે આવે એવું વારંવાર નીતિનભાઇ અને સરકાર ઇચ્છે છે અને અમારી લડાઇ ત્યાં થાય અને આ એનુ પરિણામ છે. અમે નથી ઇચ્છતા, માનનીય શૈલેષભાઇને આપ બે મિનિટ આપો એ પણ હંમેશા આપનુ માન સન્માન જાળવવા વાળો સભ્ય છો. આપ એમને બે મિનિટ આપો એટલે ખુલાસો થઇ જશે. અમારી લડાઇ આપના સામેની નહિ.

અધ્યક્ષશ્રી : કોઇની *(×××) હું અહીંયા બેઠો નથી. એના માટે એમને ફકત દિલગીરી વ્યકત કરવી હોય તો હું તૈયાર છું, બાકી એક શબ્દ બોલવા તૈયાર નથી. આપની વાત પૂરી થાય તો આપ બેસો એટલે આગળ હું પ્રશ્નોત્તરી ચલાવું.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય મંત્રીશ્રી દસ મિનિટ સુધી માઇક ચાલુ રાખીને બોલ્યા છે.

અધ્યક્ષશ્રી : પણ ગૃહ જ ઓર્ડરમાં નહોતું?

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : તો માઇક ચાલુ ન થાય.

અધ્યક્ષશ્રી : એની ના નથી પડતો પણ ગૃહ ઓર્ડરમાં જ નહોતું.(અંતરાય)

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનય ભૂપેન્દ્રસિંહજી આપ તો સંસદીય બાબતોના મંત્રી છો અને જાણો છો. કોઇનુ માઇક કયારે ચાલુ થાય કે માનનીય અધ્યક્ષશ્રી પરમીટ કરે તો જ થાય નહિ તો માઇક ચાલુ જ ન થાય. મુખ્યમંત્રી હોય કે નાયબ મુખ્યમંત્રી હોય.

અધ્યક્ષશ્રી : મારા કર્મચારીઓની કયાંય ભૂલ થઇ ગઇ હોય એ જવાબદારી મારી છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : ના, ના, હું આપના પર્વ્યુમાં કયારેય પડુ નહિ એ અંગેનો મારો સવાલ નથી. મારી એટલી જ વાત છે આપની ખુરશીનુ માન એ આ પાર્ટીની કે આ પાર્ટીની નહિ આખા ગૃહનું માન સન્માન છે હું વિનમ્રભાવે એટલુ જ કહીશ કે સમરથ કો નહિ દોષ ગોસાઇ. આપના આસન ઉપરથી અમે છોરુ કછોરુ થાય પણ માવતર કમાવતર ન થાય. આપનો ગુસ્સો કે આપનાથી ગુસ્સે ન થવાય. અમારાથી કદાચ ભૂલ થાય તો એ ક્ષમ્ય છે.આપનાથી ગુસ્સે ન થવાય, આપનો ગુસ્સો ન હોય એટલી જ મારી વિનંતી છે. તેમ છતાં મારા પક્ષે કોઇ ભૂલ થઇ હોય કે મારી ભૂલ થઇ હોય તો આ ખુરશીની માફી માગુ મને સહેજ પણ અચરજ નથી.માનનીય શૈલેષભાઇને બે મિનિટ આપો.

## ૩૦મી માર્ચ, ૨૦૧૭

## તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : ચાલો સોરી, સોરી, માનનીય શૈલેષભાઇ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો કોઇની •(×××) આપ તરફ હોઇ જ ન શકે. પહેલા હરહંમેશ હાઉસમાં જયારે પણ કોંગ્રેસને કે સત્તાપક્ષ વચ્ચે જયારે પણ ગુચવાડો ઉભો થયો હોય તો મધ્યસ્થી તરીકે હું કોઇ હોદ્દેદાર ન હોય તેમ છતાં પણ મેં સારો રોલ રજૂ કર્યો છે. આપના તરફી દયા ધર્મની વાત જ ન હોય. આપે જે ગુસ્સો કર્યો, આપ સાચા ખોટા એ અમારા અધ્યક્ષશ્રી માટેની લિમિટ છે. આ પ્રશ્ન રાજય વ્યાપી હોવાને કારણે માનનીય ગોવાભાઇ પૂછવા ઉભા થયા હતા.

અધ્યક્ષશ્રી : આપણી જે પરંપરા રહી છે એ પ્રમાણે તમે બધા જાણો છો. જે તે જિલ્લાના સભ્યશ્રીઓ આંગળી ઉંચી કરતા હોય છે એ આપણે બધા જાણીએ છીએ. પરંતુ આજદિન સુધીની પ્રણાલિ એ રહી છે કે એ જિલ્લાના બે ત્રણ ચાર ધારાસભ્યશ્રીઓ બોલે અને સભ્ય અભ્યાસુ હોય એને મેં કયારેય ના પાડી નથી. ક્યારેય ના નથી પાડી. પણ પહેલો મેઇન વ્યક્તિ બોલે અને પછી તરત જ તમે આગ્રહ રાખો એ કોઇના પણ માટે વ્યાજબી નથી. એક આખો મહિનો આ પરંપરાને મેં જાળવી છે. એટલા માટે મેં કહ્યું કે જે હશે તેના પછી તમને તક મળશે અને અત્યાર સુધીમાં મળી છે. ચાલો, જે પણ કંઇ થયું હશે, આપણે આગળ વધીએ.

### મહેસાણા જિલ્લામાં કરણનગર-ધાંધુસણ પાઇપ લાઇનની કામગીરી

* ૩૨૬૧૬ શ્રી ઋષિકેશભાઈ પટેલ (વિસનગર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં નર્મદા મુખ્ય નહેર આધારિત કરણનગર-ધાંધુસણ પાઇપ લાઇનની કામગીરી કયા તબક્કે છે, | (૧) પૂર્ણ થયેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ પાઈપલાઈન સાથે કયા જિલ્લાના કેટલા તાલુકાના તળાવો જોડવામાં આવેલ છે, અને | (૨) મહેસાણા જિલ્લાના બે તાલુકાના તળાવો જોડવામાં આવેલ છે. |
| (૩) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ પાઈપલાઈન પાછળ કેટલો ખર્ચ થયેલ છે? | (૩) રૂા.૧૯.૦૦ કરોડ. |

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બજેટનું વાચન ચાલુ હતું અને ઉત્તર ગુજરાતની નવી પાંચ પાઇપલાઇનો બજેટમાં પ્રસ્થાપિત થઇ હતી એટલે હું તે વખતે ખૂબ જ હર્ષાન્વિત અને આનંદિત થયો હતો. આદરણીય નીતિનભાઇ, નાનુભાઇ અને અમારા મુખ્યમંત્રી વિજયભાઇએ કરણનગર-ધાંધુસણ પાઇપ લાઇનનું કામ પૂરૂં કર્યુ છે. તેનો આગળનો ભાગ પણ તેમણે ચાલુ કર્યો છે. ત્યારે મારો પ્રશ્ન કરણનગર-ધાંધુસણ પાઇપ લાઇન વિષે છે. મનમાં થોડા પ્રશ્નો ઉભા થયા છે તો હું પૂછવા માગું છું કે આ જે પાઇપ લાઇન આપણે કરી તેની જરૂરિયાત શું ઉભી થઇ? કામગીરી કયારે શરૂ કરવામાં આવી? કયારે પૂર્ણ થશે? પાણી કયારે વહન કરવામાં આવ્યું અને કુલ કેટલો જથ્થો આપવામાં આવ્યો? મહેસાણા જિલ્લાના બે તાલુકા આવરી લીધા છે તો આ બે તાલુકાના ગામો કયા છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ ખૂબ વિસ્તૃત પ્રશ્ન પૂછ્યો છે.

અધ્યક્ષશ્રી : તમે ટૂંકમાં કહેજો.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : એટલો બધો અગત્યનો પ્રશ્ન છે.

અધ્યક્ષશ્રી : જેટલો થાય એટલો પ્રયત્ન કરો ને.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : આમ પણ હું ટૂંકા જવાબો આપું છું પણ સભ્યશ્રીની લાગણી છે અને કામ પણ એવું છે, કારણ કે મહેસાણા જિલ્લાનો કડી અને મહેસાણા તાલુકો એ પાણીની દ્રષ્ટિએ જે ભૂગર્ભ પાણી છે એ ઓવર એકસપ્લોઇડ વિસ્તાર છે. આ વિસ્તારની અંદર વરસાદના પાણી સિવાય બીજી કોઇ એવી યોજનાઓ નહોતી કે જેમાં ભૂગર્ભના તળ આપણે ઉંચા લાવી શકીએ અને ખેડૂતોને પાણી આપી શકીએ. એટલે આ ભૂગર્ભ જળને પૂરક પાણી મળી રહે એ માટે આ કરણનગર-ધાંધુસણ પાઇપ લાઇનનું કામ શરૂ કરવામાં આવ્યું. આ કામ તા. ૨૮-૩-૨૦૧૩ના રોજ શરૂ કરી તા. ૩૧-૧૨-૨૦૧૬ના રોજ પૂર્ણ કરવામાં આવ્યું. ઓગસ્ટ-૨૦૧૬થી શરૂ કરી ફેબ્રુઆરી-૨૦૧૭ સુધીમાં કુલ ૬૫૧.૨૦ એમ.સી.એફ.ટી. જથ્થો વહન કરેલ છે. આ પાઇપ લાઇનની યોજનાની મોટા ભાગની કામગીરી તા. ૩૧-૭-૨૦૧૬ સુધીમાં પૂર્ણ થયેલ. નર્મદા મુખ્ય નહેરમાંથી ચોમાસા દરમ્યાન પૂરનું વધારાનું પાણી ઉપલબ્ધ થતાં આ પાઇપ લાઇન સાથે જોડવામાં આવેલ ગામતળાવો ભરવા માટે લોકો દ્વારા માગણીઓ થયેથી તા. ૧-૮-૨૦૧૬થી નર્મદા મુખ્ય નહેરમાંથી પાણી ઉપાડવાની શરૂઆત કરવામાં આવેલ, જેના દ્વારા પાઇપ લાઇન સાથે જોડેલ તમામ ૩૩ તળાવો, ૩ કાંસ તથા સુજલામ્ સુફલામ્ નહેરના ભૂગર્ભ જળ રીચાર્જ તથા પૂરક સિંચાઇ માટે પાણી આપવામાં આવેલ. એમણે જે ગામની વાત કરી એ કડી તાલુકાના ૧૫ ગામ તેના ૨૫ તળાવો અને મહેસાણા તાલુકાના ૪ ગામ તેના ૮ તળાવો એમ કુલ ૧૯ ગામના ૩૩ તળાવોમાં પાણી નાખવામાં આવ્યું.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ચૈત્ર ૯, ૧૯૩૯ શાકે

તારાંકિત પ્રશ્નો

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો કે ૧૯ કરોડ રૂપિયાનો પાઇપ લાઇનમાં ખર્ચ કર્યો છે. તળાવો ભરવાની જે કિલોમીટરની મર્યાદા છે તે ૨ કિલોમીટરની છે. આપણે કરોડો રૂપિયા પાઇપ લાઇનમાં જયારે ખર્ચતા હોઇએ ત્યારે જે તળાવમાં પાણી નાખવા માટેના ૨ કિલોમીટર છે એ ૫ કિલોમીટર થાય તો ઘણા બધા તળાવોને આવરી લઇ શકાય. તો આ ૫ કિલોમીટર કરવા માગો છો કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે કહ્યું એ આમ તો સૂચન જેવું છે પરંતુ મારે જવાબ એટલા માટે આપવો જોઇએ કે સ્વાભાવિક વાત છે કે કોઇ પણ યોજના હોય. ડેમની યોજના હોય કે પાઇપ લાઇનની યોજના હોય. પાણીનો જથ્થો કેટલો છે, પાઇપની વહન ક્ષમતા કેટલી છે તેની મર્યાદામાં રહીતે તેના આયોજનો થતાં હોય છે. પહેલા જ્યારે આ પાઇપલાઇન શરૂ કરી ત્યારે એક કિ.મી. વિસ્તારની અંદર બન્ને બાજુની સાઇડોના તળાવો ભરવામાં આવતા અને ત્યારે પાણીનો જથ્થો વધતાં આ એક કિ.મી.ના બે કિ.મી. કરવામાં આવ્યા. હવે બે કિ.મી. કરતાં હજુ પાણીનો જથ્થો વધશે તો પાણીના જથ્થાના પ્રમાણમાં આપણે આયોજન વિસ્તારતા હોઇએ છીએ. જો પાણીનો જથ્થો વધશે તો આગળનો વિસ્તાર લઇશું. અત્યારે બે કિ.મી.ની મર્યાદા બંધાયેલી છે.

અધ્યક્ષશ્રી : શ્રી બળવંતસિંહની વાત છે એમાં સરકારનું અને ખેડૂતોના બન્નેના હિતમાં છે.

શ્રી નારાયણભાઇ લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ એવો વિસ્તાર છે કે જ્યાં ધરોઇનું પાણી આવતું નથી અને નર્મદાનું પણ પાણી આવતું નથી અને એના કારણે આ વિસ્તાર સિંચાઇના પાણીથી વંચિત છે. એમાં સરકારે સાત લાખમાં તળાવો ઉંડા કરવાની પોલિસી બનાવી છે એ ખૂબ સારી છે. એ પોલિસી વિસ્તાર દીઠ વધારવા માગો છો કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ પાઇપલાઇનનો પ્રશ્ન છે અને સભ્યશ્રીએ બીજો પ્રશ્ન પૂછ્યો છે એના માટે એ બીજો પ્રશ્ન અલગથી પૂછશે તો જવાબ આપીશું.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ જે કરણનગર–ધાંધુસણ પાઇપલાઇન નાખી છે એ ક્યાંથી શરૂ થાય છે અને ક્યાં પૂરી થાય છે, ક્યા જિલ્લાના કેટલા તાલુકાઓ એમાં આવરી લીધા છે? આ પાઇપ લાઇન નાખી છે એનો વ્યાસ અને લંબાઇ કેટલી છે? એની વહન ક્ષમતા શું છે અને એમાં કેટલા પંપીંગ સ્ટેશન આવેલા છે અને એની કેપેસીટી શું છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ પાઇપ લાઇન મહેસાણા જિલ્લાના કડી તાલુકાના કરણનગર પાસેની નર્મદા મુખ્ય નહેરમાંથી શરૂ થઇ ધાંધુસણ ખાતે સ્પ્રેડીંગ કેનાલમાં પૂરી થાય છે. મહેસાણા જિલ્લાના કડી તાલુકો અને મહેસાણા તાલુકામાંથી તે પસાર થાય છે. તેનો વ્યાસ ૨૧૫૦ મિ.મી. અને લંબાઇ ૩૩.૨૧ કિ.મી. અને ૨૦૦ ક્યુસેક વહન ક્ષમતા છે. કડી તાલુકાના કરણનગર ખાતે એક પમ્પીંગ સ્ટેશન બાંધવામાં આવેલ છે અને ૩૪૦૦ ઘન મીટર પ્રતિ કલાકની કેપેસીટી છે. એમાં છ પંપ કાર્યરત છે અને એક પમ્પ સ્ટેન્ડબાય એમ કુલ સાત પમ્પ મૂકવામાં આવેલ છે.

રમેશભાઇ મ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, કડી તાલુકાના કણજરી ગામમાં ખૂબ મોટું તળાવ આવેલું છે. આપ મંત્રીશ્રી હતા ત્યારે આપને પણ લેટર આપેલ છે. આ તળાવની આજુબાજુ અનુસૂચિત જાતિના લોકોની ખૂબ મોટી જમીન આવેલ છે. એની બાજુમાં ઓ.બી.સી. લોકોની પણ જમીન આવેલ છે. શ્રી બાબુભાઇ બોખીરીયા આ વિભાગનો હવાલો સંભાળતા હતા ત્યારે એમને પણ લેટર આપેલ હતો. આ ગામની બિલકુલ નજીકમાં જ નર્મદા નહેર હોવા છતાં આ તળાવમાં પાણી નાખવામાં આવેલ નથી. તો આ તળાવમાં પાણી નાખવા માટે પાઇપ લાઇન નાખવા માગો છો કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે ગામની વિગત આપી એ ગામની બાજુમાંથી કેનાલ પસાર થતી હોય એવું મને લાગે છે. એટલે કદાચ નર્મદાના કમાન્ડ એરિયામાં પણ એનો સમાવેશ થતો હશે. જો પાઇપલાઇન બે કિ.મી.ની મર્યાદામાં હશે તો એ તળાવમાં પાણી ભરવામાં આવશે.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી, મેં પણ એમની ભલામણ કરી છે એમને પાણી મળે એવી વ્યવસ્થા કરજો.

શ્રી રમેશભાઇ મ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપ જરા અંગત રસ લઇને આ વ્યવસ્થા કરાવશો એવી વિનંતી છે. માનનીય શ્રી બાબુભાઇને પણ કહેલું છે અને શ્રી નીતિનભાઇને પણ વિનંતી કરવાની કે તેઓ આ કામગીરીમાં ભલામણ કરીને અંગત રસ લઇને લાઇન નંખાઇ જાય એવી વિનંતી છે.

શ્રી અશોકકુમાર ૨. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઉત્તર ગુજરાત માટે પાણીની વ્યવસ્થા કરવા માટે આ સરકાર હંમેશા તત્પર છે ત્યારે રૂ.૧૯/– કરોડના ખર્ચે આ પાઇપ લાઇન નાખવામાં આવી છે. એનાથી ક્યા ક્યા કાંસમાં પાણી નાખવામાં આવે છે અને નર્મદાનું પાણી આના માટે ક્યારથી ઉપાડવાનું શરૂ કર્યું અને ૨૦૧૭ સુધીમાં કેટલું પાણી આપણે ઉપાડ્યું?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આગળના એક–બે માનનીય સભ્યશ્રીએ વાત કરી કે ૧૯ કરોડનો ખર્ચો, ૧૯ કરોડના ખર્ચે પાઇપલાઇન થઇ પણ જે પ્રશ્ન પૂછવામાં આવ્યો છે એમાં ખંડ–૩માં ૩૧–૧૨–૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ પાઇપલાઇન પાછળ કેટલો ખર્ચ થયો છે તો છેલ્લા એક વર્ષની અંદર જે ખર્ચો થયેલો છે એ ૧૯ કરોડ છે. બાકી આખી પાઇપ લાઇનનો પ્રોજેકટ તો ૧૭૨ કરોડના ખર્ચે આ પાઇપલાઇન થયેલી છે. કોળું આખું શાકમાં ના જાય એટલા માટે મેં મારી સ્પષ્ટતા કરી છે. માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો કે ૨૦૦ કયુસેક પાણી નાખવાની વ્યવસ્થા કરવામાં આવેલી છે એવું મેં મારા પહેલા જવાબમાં આપ્યું છે. આ પાઇપલાઇનથી માત્ર તળાવોજ નથી ભરતા એમાં સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલમાં પણ પાણી નાખવામાં આવે છે, કાંસમાં પણ પાણી નાખવામાં આવે છે અને બે કિલોમીટરની મર્યાદામાં તળાવો પણ ભરવામાં આવે છે એ મુજબ સુજલામ સુફલામ નહેર દ્વારા મહેસાણા જિલ્લાની અંદર ૬૨ ગામોમાં ૫૪૦૦ હેકટર વિસ્તારને લાભ

થાય એ રીતે પાણી નાખ્યું, કડી અને મહેસાણા જિલ્લાના ૧૯ ગામોને લાભ થાય એવી રીતે પાણી નાખવામાં આવ્યું એમ કુલ ૮૧ ગામોને લાભ થાય એવી રીતે પાણી નાખવામાં આવ્યું છે જ્યારે રાજપુર ગામે રાજપુર પિયત કાંસમાં ટાંકીયા ગામે સઘન કાંસમાં અને આણંદપુર અને ધુમાસણ ગામે ઈસ્ટન કાસમાં પાણી નાખવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. ઓગસ્ટ ૨૦૧૬ થી શરૂ કરી ફેબ્રુઆરી ૨૦૧૭ સુધીમાં ૬૫૧.૨૦ એમ.સી.એફ.ટી. પાણી ઉપાડવામાં આવ્યું છે અને એ તળાવમાં, કાંસમાં અને સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલમાં પાણી નાખવામાં આવ્યું છે.

અમરેલી જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ

* ૩૨૬૭૭ શ્રી શિવાભાઈ ગોહિલ (તળાજા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં અમરેલી જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળી કરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) અમરેલી જિલ્લામાં છેલ્લા બે નાણાંકીય વર્ષ એટલે કે વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ અનુસૂચિત જાતિ પેટા યોજના અંતર્ગત વીજળીકરણ કરવામાં આવેલ કૂવાઓની સંખ્યા અને તે પરત્વે કરવામાં આવેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| અમરેલી જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | વીજ જોડાણ આપેલ કૂવાઓની સંખ્યા | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
| ૨૦૧૫–૧૬ | ૨૧૩ | ૩૦૪.૫૨ |
| ૨૦૧૬–૧૭ (તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત) | ૧૦૨ | ૧૫૭.૬૩ |
| કુલ | ૩૧૫ | ૪૬૨.૧૫ |

શ્રી શીવાભાઇ જે. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ખાસ અંગભૂત યોજનાની ખૂબ સારી રીતે અમલવારી થઇ રહી છે એની સાથે સાથે ગ્રામ્ય વિસ્તારમાં અનુસૂચિત જાતિના લગભગ નાના અને સીમાંત ખેડૂતો હોય છે એટલે એમને ખેતીમાં સહાય માટે આપણા રાજયની ગુજરાત વીજ કંપનીઓ જે જીવનધારા યોજના તળે કૂવાઓનું વીજળીકરણ કરે છે એમાં મારો પહેલો પ્રશ્ન છે કે અમરેલી જિલ્લામાં સને ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં કેટલા કૂવાનું વીજળીકરણ કરવામાં આવ્યું અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો? અને એમાં આ અનુસૂચિત જાતિના ખેડૂતોને પોતાને કોઇ ખર્ચ ભોગવવો પડે છે કે કેમ એ મારે જાણવું છે.

શ્રી ચીમનભાઇ ધ.સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મારે સન્માનનીય સભાગૃહના તમામ સભ્યોને જણાવવાનું કે વર્ષ ૨૦૧૬–૧૭ની અંદર રાજયના અનુસૂચિત જાતિના ખેડૂતો અને તમામ કેટેગરીના ખેડૂતને વર્ષ દરમિયાન એક લાખ કનેકશન આપવા માટેનો ટાર્ગેટ નિર્ધારીત કરવામાં આવ્યો હતો. મને કહેતા આનંદ અને ગૌરવ થાય કે આ ટાર્ગેટ અમારા વિભાગની સમયે સમયે સમીક્ષા બેઠક ગોઠવી, સમયસર માલસામાનની વ્યવસ્થા કરી અને ફેબ્રુઆરી અંત સુધીમાં એક લાખ કનેકશનનો ટાર્ગેટ અમે પૂર્ણ કર્યો છે અને માર્ચ મહિનામાં જેટલા કનેકશન આપવામાં આવશે એ વધારાના કનેકશન આપવામાં આવશે. બીજું વિશેષ મને કહેતા આનંદ અને ગૌરવ થાય કે રાજયના મુખ્યમંત્રી વિજયભાઇ અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇનો મારે આભાર માનવો છે કે વર્ષ ૨૦૧૭–૧૮ની અંદર સવા લાખ કનેકશન આપવા માટે રૂ. બે હજાર કરોડ રૂપિયાનું નાણાનું ફાળવણું કર્યુ એ બદલ એમનો આભાર માનુ છું અને એક કનેકશન મેળવવામાં અદાજે એક લાખ પંચોતેર હજાર રૂપિયા જેટલો ખર્ચ થાય છે. માનનીય સભ્યશ્રીનો જે પ્રશ્ન છે કે અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૧૫–૧૬ અને વર્ષ ૨૦૧૬–૧૭માં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કુલ ૩૧૫ કૂવાનું વીજળીકરણ કરવામાં આવ્યું અને તેની પાછળ ૪૬૨.૧૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે એમાં વિશેષ અનુસૂચિત જાતિના લોકોએ કોઇ વધારાના નાણા ભરવાની જરૂરીયાત રહેતી નથી.

ડો. ટી. ડી. માણીયા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની જનતા પાર્ટીના ઉર્જા વિભાગ દ્વારા જયારે એક રેકોર્ડ બ્રેક કામગીરી, આખા હિન્દુસ્તાનમાં મોડેલરૂપ કામગીરી થઇ રહી છે એ બદલ મુખ્યમંત્રીશ્રીને અને ઉર્જા મંત્રીશ્રીને અભિનંદન આપુ છું. મારો પ્રશ્ન એ છે કે અમરેલી જિલ્લામાં તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તાલુકાવાર કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું અને એ માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, અમરેલી જિલ્લામાં તાલુકાવાર સન ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ની વાત કરું તો અમરેલી તાલુકામાં ૮ જોડાણ આપવામાં આવ્યા છે અને તેની પાછળ ૧૦.૩૦ લાખનો ખર્ચ કરવામાં

આવ્યો. ૨૦૧૬–૧૭માં ૫ કનેકશન આપવામાં આવ્યા અને તેની પાછળ ૭.૩૫ લાખનો ખર્ચ થયો. બાબરામાં ૨૦૧૫–૧૬માં ૪૧ કનેકશનો આપવામાં આવ્યા અને તેની પાછળ ૬૧.૬ લાખનો ખર્ચ થયો. ૨૦૧૬–૧૭માં ૩૨ કનેકશનો આપવામાં આવ્યા અને ૫૫.૮૧ લાખનો ખર્ચ થયો. બગસરામાં ૨૦૧૫–૧૬માં ૩ કનેકશનો આપવામાં આવ્યા અને ૪.૩૨ લાખનો ખર્ચ થયો. ૨૦૧૬–૧૭માં ૩ કનેકશનો આપવામાં આવ્યા અને ૪.૨૦ લાખનો ખર્ચ થયો. એ જ રીતે ધારીમાં ૨૦૧૫–૧૬માં ૪૦ કનેકશનો પાછળ ૬૦.૨ લાખનો ખર્ચ થયો અને ૨૦૧૬–૧૭માં ૯ કનેકશનો આપવામાં આવ્યા અને ૧૫.૩૯ લાખનો ખર્ચ થયો. જાફરાબાદ તાલુકામાં ૨૦૧૫–૧૬માં ૫ કનેકશનો પાછળ ૬.૧૮ લાખનો ખર્ચ અને ૨૦૧૬–૧૭માં ૬ કનેકશનો પાછળ ૮.૪૫ લાખનો ખર્ચ થયો. ખાંભા તાલુકામાં ૨૦૧૫–૧૬માં ૩૪ કનેકશનો પાછળ ૪૭.૯૩ લાખનો ખર્ચ થયો અને ૨૦૧૬–૧૭માં ૬ કનેકશનો પાછળ ૮.૦૮ લાખનો ખર્ચ થયો. કુકાવાવ તાલુકામાં ૨૦૧૫–૧૬માં ૨૫ કનેકશનો પાછળ ૨૯.૪૮ લાખનો ખર્ચ થયો અને ૨૦૧૬–૧૭માં ૧૮ કનેકશનો પાછળ ૨૬.૦૨ લાખનો ખર્ચ થયો. લાઠી તાલુકામાં ૨૦૧૫–૧૬માં ૨૫ કનેકશનો પાછળ ૩૮.૨૩ લાખનો ખર્ચ થયો અને ૨૦૧૬–૧૭માં ૯ કનેકશનો પાછળ ૧૩.૧૨ લાખનો ખર્ચ થયો. લીલીયામાં ૨૦૧૫–૧૬માં ૨ કનેકશનો પાછળ ૨.૯૬ લાખનો ખર્ચ થયો અને ૨૦૧૬–૧૭માં કોઇ કનેકશન આપવામાં આવેલ નથી. રાજુલા તાલુકામાં ૨૦૧૫–૧૬માં ૧૨ કનેકશનો પાછળ ૧૭.૮૪ લાખનો ખર્ચ થયો અને ૨૦૧૬–૧૭માં ૭ કનેકશનો પાછળ ૧૦.૧૭ લાખનો ખર્ચ થયો. સાવરકુંડલા તાલુકામાં ૨૦૧૫–૧૬માં ૧૮ કનેકશનો પાછળ ૨૬.૨૦ લાખનો ખર્ચ થયો અને ૨૦૧૬–૧૭માં ૭ કનેકશનો પાછળ ૯.૦૩ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તેમના જવાબમાં પહેલા જણાવવામાં આવ્યું કે એક લાખ કનેકશનો આપવા માટેની વાત કરી છે. આ વખતના બજેટમાં ૧.૨૫ લાખની જાહેરાત કરી છે તો આજની તારીખે અમરેલી જિલ્લામાં ખેડૂતોના વીજળીકરણ માટે કેટલી અરજીઓ આવી, કેટલી પડતર છે અને એમાંથી અનુસૂચિત જાતિના ખેડૂતો કેટલા છે?

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, અમરેલી જિલ્લામાં અનુસૂચિત જાતિના ખેડૂતોની કેટલી અરજીઓ પડતર છે એ વિશે માનનીય પુંજાભાઇએ પ્રશ્ન કર્યો છે. (અંતરાય) પહેલા સાંભળો, પછી પૂછજો. જવાબ આપી રહ્યો છું. અનુસૂચિત જાતિનો જ જવાબ આપું છું. (અંતરાય) હજી ચાલુ કર્યું નથી એ પહેલા ઉભા થઇ ગયા? (અંતરાય) શક્તિસિંહભાઇ, એમણે પ્રશ્ન પૂછયો એનો જવાબ આપું છું. એક પણ લાઇન આગળ પાછળ જવાબ નથી આપતો.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન માત્ર અનુસૂચિત જાતિ પૂરતો મર્યાદિત છે. એટલા પૂરતો જવાબ આપો.

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : અમરેલી જિલ્લામાં ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ ૩૬ અરજીઓ પડતર છે જેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે. અમરેલી તાલુકામાં વર્ષ ૨૦૧૬માં કુલ ૩ અને નાણા ભરપાઇ થયેલ હોય એવી ૧ એમ કુલ ૪, બાબરા તાલુકામાં ૨ અને નાણા ભરપાઇ થયેલ હોય એવી ૩ એમ કુલ ૫, બગસરામાં ૧ અને ધારીમાં ૨ અને નાણા ભરપાઇ થયેલ પડતર અરજીઓ ૭ એમ કુલ ૯ અને જાફરાબાદમાં ૨ અને નાણા ભરપાઇ થયેલ હોય એવી એક એમ કુલ ૩ પડતર છે. ખાભાની અંદર ૨૦૧૬ માં ૩, કુકાવાવ – વડિયાની અંદર ૧ અને નાણા ભરપાઇ થઇ હોય એવી ૧, કુલ–૨ અને લાઠીની અંદર નાણા ભરપાઇ થઇ હોય એવી ૧, લીલીયાની અંદર કોઇ નથી, રાજુલાની અંદર નાણા ભરપાઇ થઇ હોય એવી ૧ અને સાવરકુંડલાની અંદર ૩ અને નાણા ભરપાઇ થઇ હોય એવી ૪, કુલ ૭ આમ ટોટલ ૩૬ કનેકશન પડતર છે.

શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, રાજ્ય સરકારે તાજેતરમાં ખેડૂતોને કૃષિ વિષયક વીજ જોડાણ આપવાના નિયમોમાં કોઇ ફેરફાર કર્યો છે? જો હા, તો તેની વિગતો શું છે?

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ભાવનાબેને જે વિગતો માગી છે એમાં જે ફેરફારો કર્યો છે એમાં રાજ્ય સરકાર દ્વારા તા.૧૮–૧૦–૨૦૧૬ના ઠરાવથી રાજ્ય કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને ખેતી હેતુ માટે એક જ કૃષિ વિષયક વીજ જોડાણ ઉપર ૨ મોટર વાપરવા માટેની પરવાનગી આપવામાં આવેલ છે તે માટે કૃષિ વિષયક વીજ જોડાણ (અંતરાય)

અધ્યક્ષશ્રી : વિષય વસ્તુની આજુબાજુ ગૂંથીએ તો બરોબર છે. વિષય જનરલ નથી.

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : સાહેબ, એમણે એમ કીધું કે નવા વીજ જોડાણ (અંતરાય)

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (બેઠાં બેઠાં) : પછી પેટા પ્રશ્ન આવે તો જવાબ આપો છો બે ય વસ્તુ ના ચાલે (અંતરાય)

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : શક્તિસિંહભાઇ એમણે જે પ્રશ્ન પૂછ્યો છે (અંતરાય)

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (બેઠાં બેઠાં) : માનનીય મંત્રીશ્રી આપ વિસ્તૃત કરીને આપો છો, સ્કોપ ખોલી આપો છો. પછી પૂંજાભાઇ પૂછે છે તો (અંતરાય)

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : પૂંજાભાઇને તો કીધું કે અનુસૂચિત જાતિના ૩૬ કનેકશન પેન્ડિંગ છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : ટોટલ કનેકશનનો જવાબ આપી સ્કોપ એમના માટે ખાલી આપ્યો પછી પેટા પ્રશ્નનો જવાબ તો આપવો પડે ને કે ટોટલ કેટલા છે?(અંતરાય)

## અતારાંકિત પ્રશ્નો

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : ટોટલ આખા જિલ્લાની વિગત જોઇતી હોય તો મારી પાસે વિગત છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : ભાવનાબેનના પ્રશ્ન ઉપર આવી જાવ એ વાત પૂરી થઇ ગઇ. ભાઇ, નવું પાછું ક્યાં ઉભું કરો છો. તમે પણ ચાર..(અંતરાય)

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પૂછ્યું એમ કે, રાજ્ય સરકારે કૃષિ વિષયક વીજ જોડાણ આપવાના નિયમોમાં કોઇ ફેરફાર કર્યો છે કે કેમ? એટલે મેં આપના માધ્યમથી બહુ સ્પષ્ટ કીધું એમ એક કનેકશનની અંદર ૨ મોટર ચલાવવાનો નિર્ણય લીધો છે તો તે મુજબ કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતને લાગુ પડતી પેટા વિભાગીય કચેરીને અરજી કરીને મંજૂરી લેવાની રહેશે. કરારીત વીજ ભારથી વધુ વીજ ભારની જરૂર હોય તેવા કિસ્સામાં ગ્રાહકે અરજી કરી વધુ વીજ ભાર મંજૂર કરાવ્યા બાદ ૨ મોટરનો ઉપયોગ કરી શકશે. તાજેતરની અંદર તા.૧૮-૧૦-૨૦૧૬ના ઠરાવથી રાજ્યના કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતને ખેતી હેતુ માટે ૮ એકરથી મોટો સરવે નંબર હોય તેવા ખેડૂત જો માગણી કરશે તો એમને બીજું વીજળીનું કનેશન પણ આપવામાં આવશે. તાજેતરમાં તા.૩૦-૧૨-૨૦૧૬ના ઠરાવથી રાજ્યમાં વીજ પ્રવહનની ઉભી કરવામાં આવતી ૬૬ કે.વી.થી વધુ દબાણવાળા લાઇનોની અંદર પણ પ્રાયોરિટીની અંદર વીજળીનું કનેકશન આપવામાં આવશે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, અમરેલી જિલ્લામાં અનુસૂચિત જાતિઓને અને આદિ જાતિઓને ખેતીવાડીના વીજ કનેકશનો આપ્યા આમાં સૌર ઉર્જાના કેટલા વીજ કનેશનો હતા? બીજું, સૌર ઉર્જાના વીજ કનેશનો આપવામાં આવે છે એ વીજ કનેકશનો એક તો જે કંપનીને કામ આપવામાં આવ્યું છે એ મોડા મોડા મૂકે છે, બીજું, એ જ્યારે બગડી જાય છે ત્યારે એને રિપેર કરવા માટે ખેડૂત એટલો બધો હેરાન અને પરેશાન થાય છે કે જેના પરિણામે ખેડૂતો કંટાળી જાય છે તો આ બે પ્રશ્નના જવાબ માનનીય મંત્રીશ્રી આપે.

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને મારે જણાવવાનું છે કે અમરેલી જિલ્લાની અંદર સોલાર પંપની વિગતો મારી પાસે માગી છે ત્યારે અમરેલી જિલ્લાની અંદર વર્ષ ૨૦૧૪-૧૫ ની અંદર ૪૨, ૨૦૧૫-૧૬ની અંદર ૨૫ અને ૨૦૧૬-૧૭ની અંદર ૪૪ કુલ ૧૧૧ પંમ્પ ફાળવવામાં આવેલ છે. લાઠીની અંદર ૨૦૧૪-૧૫ની અંદર ૭, ૨૦૧૫-૧૬ની અંદર ૧૬ અને ૨૦૧૬-૧૭ની અંદર ૧૧ કુલ ૩૪ પંમ્પ ફાળવવામાં આવેલ છે. લીલીયાની અંદર ૨૦૧૪-૧૫ની અંદર ૮, ૨૦૧૫-૧૬ની અંદર ૪ અને ૨૦૧૬-૧૭ની અંદર ૭ કુલ ૧૯ પમ્પ ફાળવવામાં આવેલ છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

### અતારાંકિત પ્રશ્નો
(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### વલસાડ જિલ્લામાં જર્જરીત વીજ વાયરો

* ૩૨૬૩૩ શ્રી કનુભાઇ દેસાઇ (પારડી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કુલ કેટલા કી.મી. જર્જરીત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨) રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત વલસાડ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રૂ.૨૧.૭૬ લાખનાં ખર્ચે ૩૪.૬૭ કી.મી. જર્જરીત વીજ વાયરો અને ૭૪૧ નંગ થાભલા બદલવામાં આવ્યા છે.

---------

### જૂનાગઢ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વિજળીકરણ યોજના

* ૩૨૬૭૮ શ્રી બાવનજીભાઇ મેતલીયા (ટંકારા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨) ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટેની ''ઝૂંપડા વીજળીકરણ યોજના ''અંતર્ગત જુનાગઢ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રૂ.૧૯૪.૬૨ લાખનાં ખર્ચે ૪૬૮૫ વીજ જોડાણ આપવામાં આવ્યા.

---------

## અતારાંકિત પ્રશ્નો

### વડોદરા જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના

* ૩૨૬૩૧ શ્રી કેતનભાઈ ઈનામદાર (સાવલી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત વડોદરા જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨) ગરીબી રેખા નીચેના લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણો માટેની ‘‘ઝૂંપડા વીજળીકરણ યોજના’’ અંતર્ગત વડોદરા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રૂ.૨૮૩.૭૭ લાખનાં ખર્ચે કુલ ૪૨૯૫ લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યા.

---------

### અરવલ્લી જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ

* ૩૨૬૭૨ શ્રી જગરૂપસિંહજી રાજપૂત (બાપુનગર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨) અરવલ્લી જિલ્લામાં સામાન્ય યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રૂ.૮૮૪૨.૭૧ લાખનાં ખર્ચે ૫૧૯૨ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું.

---------

### ભરૂચ અને આણંદ જિલ્લામાં જર્જરીત વીજ વાયરો

* ૩૨૯૦૨ શ્રી દુષ્યંતભાઈ પટેલ (ભરૂચ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ભરૂચ અને આણંદ જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા કી.મી. જર્જરીત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા,અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨) રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજનામાં ભરૂચ જિલ્લાના ત્રણ અને આણંદ જિલ્લાના એક તાલુકાઓનો સમાવેશ થયેલ છે, જેમાં વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ બદલવામાં આવેલ જર્જરીત વીજ વાયર અને થાંભલા તથા તે પરત્વે કરવામાં આવેલ ખર્ચની તાલુકાવાર વિગતો સામેલ પત્રક-અ મુજબ છે.

પત્રક-અ

| જિલ્લો | વર્ષ | તાલુકા | જર્જરીત વાયરો બદલ્યા (કિ.મી) | થાંભલાઓ બદલ્યા (સંખ્યા) | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|
| ભરૂચ | ૨૦૧૫-૧૬ | હાંસોટ | ૨.૮૦ | ૬૩ | ૧.૮૧ |
| | | વાગરા | ૧૬.૨૪ | ૧૨૭ | ૬.૨૯ |
| | | જંબુસર | ૪૫.૬૦ | ૧૮૭ | ૧૪.૬૩ |
| | (૨૦૧૫-૨૦૧૬)કુલ | | ૬૪.૬૪ | ૩૭૭ | ૨૨.૭૩ |
| | ૨૦૧૬-૧૭(ડિસે-૧૬ અંતિત) | હાંસોટ | ૪.૭૦ | ૩૪ | ૧.૭૭ |
| | | વાગરા | ૩૫.૭૪ | ૨૪૪ | ૧૩.૨૦ |
| | | જંબુસર | ૫.૫૦ | ૧૬ | ૧.૬૪ |
| | ૨૦૧૬-૧૭(ડિસે-૧૬ અંતિત) | | ૪૫.૯૪ | ૨૯૪ | ૧૬.૬૧ |
| ભરૂચ જિલ્લો કુલ | | | ૧૧૦.૫૮ | ૬૭૧ | ૩૯.૩૪ |
| આણંદ | ૨૦૧૫-૧૬ | ખંભાત | ૩૭.૮૩ | ૧૦૫ | ૨૪.૦૩ |
| | ૨૦૧૬- | | ૨૩.૬૨ | ૧૮૮ | ૨૦.૦૯ |

| | | | | |
|---|---|---|---|---|
| | ૧૭(ડિસે-૧૬ અંતિત) | | | |
| આણંદ જિલ્લો કુલ | | ૬૧.૪૫ | ૨૯૩ | ૪૪.૧૨ |

---------

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પાક વીમાની મળેલ રકમ

* ૩૩૯૫૪ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (બાયડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોને પાક વીમાની કેટલી રકમ મળેલ છે, અને

(૨) બાકી ખેડૂતોને ક્યારે ચૂકવણી કરવામાં આવશે ?

જવાબ

(૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકામાં ૧૪ ખેડૂતોને પાક વીમાના રૂ.૨૪,૮૪૭.૪૬ રકમ મળેલ છે.
તે સિવાય ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં અન્ય કોઈ પણ તાલુકામાં પાક વીમાના દાવા ચુકવવાપાત્ર થયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

જૂનાગઢ જિલ્લામાં બિયારણોના નમૂનાઓ

* ૩૨૬૫૨ શ્રી પંકજભાઈ મહેતા (રાપર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) જૂનાગઢ જિલ્લામાં બિયારણની ચકાસણી માટે છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ બિયારણના કુલ કેટલા નમૂનાઓ લેવામાં આવ્યા,

(૨) આ નમૂના પૈકી કેટલા નમૂના પ્રમાણિત થયા અને કેટલા નમૂના બિનપ્રમાણિત થયા, અને

(૩) ઉક્ત બિનપ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત શા પગલા લેવામાં આવ્યા ?

જવાબ

(૧) કુલ ૨૫૫ નમૂનાઓ

(૨) ૨૪૫ નમૂના પ્રમાણિત થયા અને ૧૦ નમૂના બિન પ્રમાણિત થયા

(૩)

| અ.નં. | નમુનાની સંખ્યા | લીધેલ પગલાં |
|---|---|---|
| ૧ | ૦૪ | કોર્ટકેસ કરેલ છે. |
| ૨ | ૦૩ | વહીવટી પગલાં લીધેલ છે. |
| ૩ | ૦૩ | કાર્યવાહી ચાલુ છે. |

---------

માંગરોળ અને માળીયા તાલુકામાં જર્જરીત વીજ વાયરો

* ૩૨૯૦૦ શ્રી અરવિંદભાઈ લાડાણી (કેશોદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના માંગરોળ અને માળીયા તાલુકામાં કુલ કેટલા કી.મી. જર્જરીત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના માંગરોળ અને માળીયા તાલુકામાં બદલવામાં આવેલ જર્જરીત વીજ વાયર અને થાંભલા તથા તે પરત્વે કરવામાં આવેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| તાલુકા | વર્ષ | બદલવામાં આવેલ જર્જરીત વીજ વાયરો (કી.મી.) | બદલવામાં આવેલ થાંભલા | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|
| માંગરોળ | ૨૦૧૫- | ૪૮.૦૦ | ૨૨૫ | ૨૨.૨૭ |

| | | | | |
|---|---|---|---|---|
| | ૧૬ | | | |
| | ૨૦૧૬–૧૭ (તા. ૩૧–૧૨–૨૦૧૬ અંતિત) | ૧૩.૫૦ | ૦૦૫ | ૪.૮૩ |
| | કુલ | ૬૧.૫૦ | ૨૩૦ | ૨૭.૧૦ |
| માળીયા | ૨૦૧૫–૧૬ | ૧૭.૦૦ | ૧૫૪ | ૯.૭૪ |
| | ૨૦૧૬–૧૭ (તા. ૩૧–૧૨–૨૦૧૬ અંતિત) | ૪.૦૦ | ૨૦ | ૧.૯૯ |
| | કુલ | ૨૧.૦૦ | ૧૭૪ | ૧૧.૭૩ |

---------

ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક ખેતી વિષયક સહકારી મંડળીઓને ધિરાણ

* ૩૨૬૦૯ શ્રી અશોકકુમાર પટેલ (ગાંધીનગર ઉત્તર) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ દરમિયાન ગાંધીનગર જિલ્લાની કેટલી પ્રાથમિક ખેતી વિષયક સહકારી મંડળીઓને ધિરાણ વૃદ્ધિ અને થાપણ વૃદ્ધિ માટે કેટલી રકમ સહાય તરીકે ચૂકવવામાં આવી ?

જવાબ

| નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫ | | | |
|---|---|---|---|
| લાભાર્થી મંડળીની કુલ સંખ્યા | ધિરાણ વૃદ્ધિ સહાય રૂ. | થાપણ વૃદ્ધિ સહાય રૂ. | કુલ સહાય રૂ. |
| ૧૩ | ૬,૨૩,૩૦૦/– | ૧,૯૫,૯૦૦/– | ૮,૧૯,૨૦૦/– |

| નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ | | | |
|---|---|---|---|
| લાભાર્થી મંડળીની કુલ સંખ્યા | ધિરાણ વૃદ્ધિ સહાય રૂ. | થાપણ વૃદ્ધિ સહાય રૂ. | કુલ સહાય રૂ. |
| ૧૮ | ૮,૧૬,૭૫૦/– | ૫,૧૪,૭૦૦/– | ૧૩,૩૧,૪૫૦/– |

---------

જુનાગઢ જિલ્લામાં મગફળી અને કપાસ પાક વીમા પ્રિમીયમ પેટેની રકમ

* ૩૩૯૩૬ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) જુનાગઢ જિલ્લામાંથી તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ સને ૨૦૧૬ના ખરીફ મગફળી તથા કપાસ પાક વીમા પ્રિમીયમ પેટે વીમાપાત્ર રકમના કેટલા ટકાના દરે કુલ કેટલી રકમ ખેડુતોની નોડલ એજન્સીએ અને કેટલા ટકાના દરે કુલ કેટલી રકમનું પ્રિમીયમ સરકારે વીમા કંપનીમાં જમા કરાવેલ છે, અને

જવાબ

(૧) જુનાગઢ જિલ્લામાંથી તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ સને ૨૦૧૬ના ખરીફ મગફળી, કપાસ (પિયત) અને કપાસ (બિન–પિયત) પાક વીમા પ્રિમીયમ પેટે વીમાપાત્ર રકમના ૨% ટકાના દરે નીચે મુજબની રકમ ખેડૂતોની નોડલ એજન્સીએ વીમા કંપનીમાં જમા કરાવેલ છે.

| પાકનું નામ | ખેડૂતના પ્રિમીયમ ટકા | ખેડૂતે ભરેલ પ્રિમીયમની રકમ રૂ. લાખમાં | સરકારે ભરવાના સબસીડીના પ્રિમીયમના ટકા | સરકારશ્રીએ વિમા કંપનીમાં જમા કરાવેલ |
|---|---|---|---|---|

| | | | | પ્રિમીયમની રકમ |
|---|---|---|---|---|
| કપાસ(પિયત) | ૨% | ૧૧૧.૦૧ | ૬.૨૫% | – |
| કપાસ(બિન–પિયત) | ૨% | ૦.૦૫ | ૦ | – |
| મગફળી | ૨% | ૨૧૫૩.૩૮ | ૨૮.૧૪% | – |
| | કુલ | ૨૨૬૪.૪૪ | – | – |

(૨) તે અન્વયે પાક ધીરાણ મેળવતા ખેડૂતો પાસેથી કેટલું પ્રિમીયમ ફરજીયાત વસુલ કરવામાં આવેલ છે અને તેના શા કારણો છે?

(૨) તે અન્વયે પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના (PMFBY)ની ગાઈડલાઈન મુજબ નોટીફાઈડ પાક માટે અને નોટીફાઈડ વિસ્તારમાં પાક ધિરાણ મેળવતા ખેડૂતો પાસેથી ફરજીયાત પ્રિમીયમ વસુલ કરવાનું હોઈ રૂ.૨૨૪૫.૬૦ લાખની રકમનું પ્રિમીયમ વસુલ કરવામાં આવેલ છે.

---------

છોટાઉદેપુર અને ભરૂચ જિલ્લામાં કુટિર જ્યોતિ યોજનામાં વીજ જોડાણ

* ૩૨૮૪૫ શ્રી સતીષભાઈ પટેલ (કરજણ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ આદિજાતિના લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે કુટિર જ્યોતિ યોજના અંતર્ગત છોટા ઉદેપુર અને ભરૂચ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) આદિજાતિના લોકોને ઘર વપરાશના વીજ જોડાણો માટેની કુટિર જ્યોતિ યોજના અંતર્ગત છોટાઉદેપુર અને ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ આપવામાં આવેલ વીજ જોડાણો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| છોટાઉદેપુર જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | આપવામાં આવેલ વીજ જોડાણ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
| ૨૦૧૫–૧૬ | ૧૪૨૧ | ૯૦.૧૨ |
| ૨૦૧૬–૧૭ (તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત) | ૭૪૧ | ૯૪.૧૩ |
| કુલ | ૨૧૬૨ | ૧૮૪.૨૫ |
| ભરૂચ જિલ્લો | | |
| ૨૦૧૫–૧૬ | ૩૭૭ | ૧૩.૪૯૫ |
| ૨૦૧૬–૧૭ (તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત) | ૪૨૪ | ૧૪.૮૪૦ |
| કુલ | ૮૦૧ | ૨૮.૩૩૫ |

---------

નવસારી જિલ્લામાં કાર્યરત વીજ સબ–સ્ટેશનો

* ૩૨૬૨૮ શ્રી પિયુષભાઈ દેસાઈ (નવસારી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં કેટલા વીજ સબ–સ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા છે ?

જવાબ

તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં ૨(બે) વીજ સબ–સ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા છે.

---------

અરવલ્લી જિલ્લામાં કાર્યરત વીજ સબ–સ્ટેશનો

* ૩૨૬૬૯ શ્રી હસમુખભાઈ પટેલ (અમરાઈવાડી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

## અતારાંકિત પ્રશ્નો

તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં કેટલા વીજ સબ-સ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા છે ?

તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં ૧૦ (દસ) વીજ સબ-સ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા છે.

---------

### બનાસકાંઠા જિલ્લામાં લઘુ સિંચાઈ યોજનાના મુખ્યબંધનું પૂર્ણકામ

* ૩૩૯૬૯ શ્રી જોઈતાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં બાલારામ નદી પર વગડડી ખાતે આવેલ લઘુ સિંચાઈ યોજનાના મુખ્યબંધનું કામ ક્યારે પૂર્ણ થયું,

(૨) તે પૈકી નહેરોનું કામ, ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) ઉક્ત નહેરોના બાંધકામ પૂર્ણ કરી સિંચાઈ સુવિધા ક્યાં સુધીમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે ?

જવાબ

(૧) ૨૦૦૭ માં

(૨) જમીન સંપાદનના તબક્કે છે.

(૩) જંગલ ખાતાની આરક્ષિત જમીનનું સંપાદન કરવા માટે મંજુરી મળ્યેથી કામગીરી થઈ શકશે.

---------

### અમરેલી જિલ્લામાં પાક વીમાના દાવાઓ

* ૩૨૫૭૮ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં તાલુકાવાર સરકારે કેટલી રકમના પાક વીમાના દાવાઓ ક્યા પાક માટે મંજુર કરવામાં આવેલ છે,

જવાબ

(૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં ખરીફ ૨૦૧૪ અને ખરીફ ૨૦૧૫ ઋતુના પાકવાર તાલુકાવાર સરકારે નીચે મુજબની રકમના પાક વીમાના દાવાઓ મંજૂર કરેલ છે.

| ખરીફ ૨૦૧૪ ઋતુ | પાકનું નામ | તાલુકાનું નામ | મંજુર પાક વીમાના દાવા રૂ. લાખમાં |
|---|---|---|---|
| | દિવેલા | ધારી | ૦.૪૦ |
| | કપાસ | અમરેલી | ૧૦૯૩.૪૨ |
| | | બાબરા | ૧૦૧૯.૬૪ |
| | | રાજુલા | ૮.૧૭ |
| | મગફળી | બગસરા | ૧૦૧૬.૨૨ |
| | | ધારી | ૧૨૪૨.૬૦ |
| | | કુકાવાવ વડિયા | ૪૨૪૦.૧૯ |
| | | કુલ | ૮૬૨૦.૬૪ |
| ખરીફ ૨૦૧૫ | કપાસ | કુકાવાવ વડિયા | ૨૭૫.૫૩ |
| | મગફળી | બાબરા | ૩૨.૪૧ |

(૨) ઉક્ત સમયગાળામાં તે પૈકી કેટલી રકમનું ચુકવણું કરવામાં આવ્યું,

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ચુકવવાની બાકી છે, અને

(૪) ઉક્ત બાકી રકમ કેટલા સમયમાં ચૂકવી આપવામાં આવશે ?

(૨) ઉક્ત સમયગાળામાં તે પૈકી મંજૂર થયેલ તમામ રકમનું ચુકવણું કરવામાં આવ્યું.

(૩) ઉક્ત સ્થિતિએ પાક વિમાની મંજૂર થયેલ હોય તેવી કોઈ પણ રકમ ચૂકવવાની બાકી નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### પોરબંદર જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ

* ૩૨૬૭૧ શ્રી પ્રવિણભાઈ માંકડીયા (ધોરાજી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

| | |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પોરબંદર જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને<br>(૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૧) અને (૨)<br>પોરબંદર જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રૂ.૧૯૦૪.૮૧ લાખનાં ખર્ચે ૧૩૦૨ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું. |

---------

### જૂનાગઢ જિલ્લામાં ખેડૂતોએ રોટાવેટર મેળવવા માટેની અરજીઓ

* ૩૨૬૫૪ શ્રી કાંતીલાલ અમૃતિયા (મોરબી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ કેટલા ખેડૂતોએ રોટાવેટર મેળવવા માટે અરજીઓ કરી, | (૧) ૧૨૮૪ ખેડૂતો |
| (૨) તે પૈકી કેટલી અરજીઓને મંજૂરી આપવામાં આવી, અને | (૨) ૭૮૧ અરજીઓ |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર કેટલી રકમની સહાય ચુકવવામાં આવી ? | (૩) ઉક્ત સ્થિતિએ વર્ષ ૨૦૧૫માં રૂ.૧૬,૮૭,૨૦૪/- અને વર્ષ ૨૦૧૬માં રૂ.૧,૭૩,૭૪,૪૮૭/- એમ કુલ રૂ.૧,૯૦,૬૧,૬૯૧/- રકમની સહાય ચુકવવામાં આવી. |

---------

### ગાંધીનગર જિલ્લામાં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ

* ૩૩૯૦૦ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં કેટલી અને કઈ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ છે, | (૧) ગાંધીનગર જિલ્લામાં કુલ-૪ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓછે. ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, (૧) કલોલ (૨) દહેગામ (૩) માણસા અને (૪) ગાંધીનગર |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે પૈકી કેટલી અને કઈ એપીએમસીનું ઓડીટ કરવામાં આવ્યું, અને | (૨) ચાર બજાર સમિતિ (૧) કલોલ (૨) દહેગામ (૩) માણસા અને (૪) ગાંધીનગર નું ઓડીટ કરવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે પૈકી કઈ એપીએમસીને કેટલી સહાય રાજ્ય સરકાર દ્વારા ચુકવવામાં આવી? | (૩) બજાર સમિતિ કલોલને રૂા.૨૬.૦૦/- લાખની સહાય ચુકવવામાં આવેલ છે. |

---------

### નવસારી જિલ્લામાં નહેર સુધારણાના મંજૂર કામો

* ૩૨૬૩૫ શ્રી મંગુભાઈ પટેલ (ગણદેવી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬-૧૭માં કાકરાપાર યોજના અંતર્ગત નવસારી જિલ્લામાં નહેર સુધારણાના કામો મંજૂર કરવામાં આવ્યા છે કે કેમ, | (૧) હા |
| (૨) જો હા, તો આ કામો નહેરની કુલ કેટલી લંબાઈમાં અને તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવાનું આયોજન છે, અને | (૨) નવસારી જિલ્લામાં કુલ ૬૬.૯૪ કી.મી. લંબાઈમાં નહેર સુધારણાનાં કામો અંદાજીત રૂ.૫૦૦૮.૬૪ લાખના ખર્ચે |
| (૩) આ કામો થવાથી નવસારી જિલ્લાના કેટલા સિંચાઈ વિસ્તારને લાભ થશે ? | (૩) ૩૩૬૨૯ હેક્ટર |

---------

## અતારાંકિત પ્રશ્નો

### સુરત જિલ્લામાં નહેર સુધારણાના મંજૂર કામો

* ૩૨૬૩૪ શ્રી જનકભાઈ કાછડીયા (કરંજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬–૧૭માં કાકરાપાર યોજના અંતર્ગત સુરત જિલ્લામાં નહેર સુધારણાના કામો મંજૂર કરવામાં આવ્યા છે કે કેમ, | (૧) હા |
| (૨) જો હા, તો આ કામો નહેરની કુલ લંબાઈમાં અને તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવાનું આયોજન છે, અને | (૨) સુરત જિલ્લામાં કુલ ૧૬૨.૧૩ કિ.મી. લંબાઈમાં નહેર સુધારણાનાં કામો અંદાજીત રૂ.૧૩૮૩૨.૪૬ લાખના ખર્ચે |
| (૩) આ કામો થવાથી સુરત જિલ્લાના કેટલા સિંચાઈ વિસ્તારને લાભ થશે ? | (૩) ૧,૦૩,૪૯૯ હેક્ટર |

---------

### આણંદ અને વડોદરા જિલ્લામાં ગ્રીનહાઉસની અરજીઓ

* ૩૩૯૬૧ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ આણંદ અને વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ગ્રીનહાઉસ માટે કેટલી અરજીઓ મળી,

(૧) આણંદ જિલ્લોઃ એકપણ નહીં.
વડોદરા જિલ્લોઃ

| તાલુકો | મળેલ અરજીની સંખ્યા |
|---|---|
| સાવલી | ૧ |
| કરજણ | ૧ |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજુર અને કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી, અને

(૨) આણંદ જિલ્લોઃ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
વડોદરા જિલ્લોઃ

| તાલુકો | મંજૂર કરેલ અરજીની સંખ્યા | નામંજૂર કરેલ અરજીની સંખ્યા |
|---|---|---|
| સાવલી | ૧ | ૦ |
| કરજણ | ૧ | ૦ |

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી રકમ સહાય પેટે ચુકવવામાં આવી?

(૩)

| વર્ષ | વડોદરા જિલ્લાનો તાલુકો | ચુકવેલ સહાય (રૂ) |
|---|---|---|
| ૨૦૧૫–૧૬ | સાવલી | ૦ |
| | કરજણ | ૦ |
| ૨૦૧૬–૧૭ | સાવલી | ૨૧૨૭૧૬૪/– |

---------

### તાપી અને દાહોદ જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ

* ૩૨૮૭૧ શ્રી મોહનભાઈ ઢોડીયા (મહુવા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ તાપી અને દાહોદ જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ આદિજાતિ ખેડૂતોના કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

(૧) અને (૨)

આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ જાહેર કરાયેલ આદિજાતિ વિસ્તારમાં, આ યોજના હેઠળ જાતિ આધારિત વીજ જોડાણ આપવામાં આવતા નથી. પરંતુ આદિજાતિ વિસ્તારનાં તમામ લાભાર્થીઓને, તેઓની જાતિને ધ્યાનમાં લીધા સિવાય કૃષિ વીજ જોડાણ આપવામાં આવે છે.

તદ્ અંતર્ગત તાપી અને દાહોદ જિલ્લામાં વર્ષ ૨૦૧૫–૧૬ અને વર્ષ ૨૦૧૬–૧૭માં તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ ખેડૂતોને આપવામાં આવેલ વીજ જોડાણ અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| તાપી જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | વીજ જોડાણ આપેલ કુવાઓની સંખ્યા | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
| ૨૦૧૫-૧૬ | ૩૫૦૨ | ૫૯૩૭.૦૨ |
| ૨૦૧૬-૧૭(તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૧૮૨૭ | ૩૫૫૬.૬૪ |
| કુલ | ૫૩૨૯ | ૯૪૯૩.૬૬ |
| દાહોદ જિલ્લો | | |
| ૨૦૧૫-૧૬ | ૩૧૭૭ | ૭૩૨૯.૩૩ |
| ૨૦૧૬-૧૭(તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૧૪૩૬ | ૨૧૨૫.૧૨ |
| કુલ | ૪૬૧૩ | ૯૪૫૪.૪૫ |

---------

સુરત જિલ્લામાં ઉદવહન સિંચાઈ યોજનાની કામગીરી

* ૩૨૬૧૧ શ્રી કિશોરભાઈ કાનાણી (વરાછા રોડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬-૧૭માં સુરત જિલ્લામાં કાકરાપાર -ગોરધા-વડ ઉદવહન સિંચાઈ યોજનાની કામગીરી ક્યા તબક્કે છે, | (૧) ટેન્ડર તબક્કે છે. |
| (૨) તેની અંદાજીત કિંમત કેટલી છે, અને | (૨) રૂ. ૪૯૭.૩૩ કરોડ |
| (૩) ઉક્ત યોજનાથી કુલ કેટલા ગામોના નવા વિસ્તારને સિંચાઈ યોજના હેઠળ આવરી લેવામાં આવશે ? | (૩) સુરત જિલ્લાના કુલ ૪૭ ગામોના ૧૫૪૬૫ હેક્ટર નવા વિસ્તારને આવરી લેવામાં આવશે. |

---------

સુરત જિલ્લામાં ઉદવહન સિંચાઈ યોજનાની કામગીરી

* ૩૨૬૧૦ શ્રી ઈશ્વરભાઈ પરમાર (બારડોલી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬-૧૭માં સુરત જિલ્લામાં કાકરાપાર -ગોરધા-વડ ઉદવહન સિંચાઈ યોજનાની કામગીરી ક્યા તબક્કે છે, | (૧) ટેન્ડર તબક્કે છે. |
| (૨) તેની અંદાજીત કિંમત કેટલી છે, અને | (૨) રૂ. ૪૯૭.૩૩ કરોડ |
| (૩) ઉક્ત યોજનાથી કુલ કેટલા ગામોના નવા વિસ્તારને સિંચાઈ યોજના હેઠળ આવરી લેવામાં આવશે ? | (૩) સુરત જિલ્લાના કુલ ૪૭ ગામોના ૧૫૪૬૫ હેક્ટર નવા વિસ્તારને આવરી લેવામાં આવશે. |

---------

ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં ટ્રેક્ટર સહાય મેળવવાની અરજીઓ

* ૩૩૯૪૦ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં ટ્રેક્ટર સહાય મેળવવા માટે કેટલી અરજીઓ મળી, | (૧) કુલ ૬૩૨૨ અરજીઓ મળી. તેની જિલ્લાવાર અને વર્ષવાર વિગત નીચે મુજબ છે. |

| અનુ. | જિલ્લાનું નામ | વર્ષવાર મળેલ અરજી (સંખ્યા) | | કુલ |
|---|---|---|---|---|
| | | ૧-૨-૨૦૧૫ થી | ૧-૨-૨૦૧૬ થી | |

| | | ૩૧-૧-૧૬ | ૩૧-૧-૧૭ | |
|---|---|---|---|---|
| ૧ | ગીર સોમનાથ | ૩૭૧ | ૯૪૧ | ૧૩૧૨ |
| ૨ | જુનાગઢ | ૧૩૬૬ | ૩૬૪૪ | ૫૦૧૦ |
| | કુલ | ૧૭૩૭ | ૪૫૮૫ | ૬૩૨૨ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી અને કેટલી સહાય ચુકવવામાં આવી,

(૨) તે પૈકી કુલ ૩૫૪૬ અરજીઓ મંજુર કરવામાં આવી અને ૨૪૮૬ લાભાર્થીઓને રૂ।.૧૧૫૫.૪૦ લાખની સહાય ચુકવવામાં આવી.

(૩) કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી તથા તેના કારણો શા છે, અને

(૩) ૩૪૯ અરજીઓ ના મંજુર કરવામાં આવી,
કારણઃ-
(૧) ૩૪૭(ત્રણસો સુડતાલીસ) લાભાર્થી તરફથી ખરીદી બાદ સહાય માટે દરખાસ્ત સમયમર્યાદામાં રજુ ન થવાના કારણે.
(૨) ૨(બે) ખેડુત અરજદારશ્રી દ્વારા મંજુરી પહેલા ટ્રેક્ટરની ખરીદી કરેલ હોવાના કારણે.

(૪) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે તથા તેનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે?

(૪) ઉક્ત સ્થિતિએ વર્ષ ૨૦૧૫-૧૬ની કોઈ પણ અરજી પડતર રહેલ નથી. જ્યારે વર્ષ ૨૦૧૬-૧૭માં ૭૧૧ અરજીઓ પડતર છે અને તેનું લાભાર્થી તરફથી ખરીદી બાદ સહાય માટે દરખાસ્ત મળ્યેથી નિયમાનુસાર ચુકવવાપાત્ર કિસ્સાઓમાં ચુકવણીની કાર્યવાહી કરવાની રહેશે.

---------

## ગુજરાત ઘેટાં અને ઉન વિકાસ નિગમને ફાળવેલ રકમ

* ૩૩૭૨૦ શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ગુજરાત ઘેટા અને ઊન વિકાસ નિગમ, ગૌ સેવા આયોગ અને ગૌચર વિકાસ નિગમને છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી ?

જવાબ

તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ગુજરાત ઘેટાં અને ઊન વિકાસ નિગમ અને ગૌ સેવા આયોગ અને ગૌચર વિકાસ નિગમને છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ફાળવેલી ગ્રાન્ટ નીચે મુજબ છે.

| | વર્ષ ૨૦૧૫-૧૬ (રૂ।. લાખમાં) | વર્ષ ૨૦૧૬-૧૭ (રૂ।. લાખમાં) |
|---|---|---|
| ગુજરાત ઘેટાં અને ઊન વિકાસ નિગમ | ૧૨૦૮.૦૦ | ૭૯૫.૫૫ |
| ગૌ સેવા આયોગ અને ગૌચર વિકાસ નિગમ | ૪૨૫૪.૯૫ | ૨૩૧૭.૫૦ |

---------

## સુજલામ-સુફલામના પાઈપ લાઈનો દ્વારા ખેતી માટે પાણી આપવા બાબત

* ૩૨૫૭૧ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) જળસંપત્તિ વિભાગ દ્વારા સુજલામ-સુફલામની ખોરસમ સ્પ્રેન્ડીંગ કેનાલ અને પાઈપલાઈનો દ્વારા
તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નર્મદા નિગમ પાસેથી પાણી મેળવી ખેતીના હેતુ માટે કેટલા હેક્ટરમાં કેટલી રકમનું પાણી આપવામાં આવ્યું,

જવાબ

(૧) રાજ્ય સરકાર દ્વારા સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ બનાવવામાં આવેલ છે. નર્મદા મુખ્ય નહેર આધારીત ખોરસમ-માતપુર- સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ દ્વારા છેલ્લા બે વર્ષમાં અપાયેલ પાણી અને તેની સામે પાણીના રકમની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | વર્ષ | હેક્ટર | રકમ (રૂ।.લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૫ | ૧૪૨૮ | ૧૪.૭૫ |

| | | | |
|---|---|---|---|
| ૨ | ૨૦૧૬ | ૧૨૭૫ | ૧૨.૬૯ |
| | કુલ | ૨૭૦૩ | ૨૭.૪૪ |

(૨) ઉક્ત અપાયેલ પાણી ઉલેચવા કે છોડવા માટે પ્રતિ ચેનલ ૧૦૦૦ લીટર પાણી માટે કેટલું વિજ ખર્ચ નોંધાયું, અને

(૨) રૂ।. ૨.૦૦ પ્રતિ ૧૦૦૦ લિટરે

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પાણી વપરાશની કેટલી રકમની વીજ અને પાણી વપરાશની ઉઘરાણી વસુલ થઈ ?

(૩)

| અ.નં. | વર્ષ | વીજ અને પાણી વપરાશ પેટે થયેલ ઉઘરાણી (રૂ।.લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૫ | ૧૪.૭૫ |
| ૨ | ૨૦૧૬ | ૧૨.૬૯ |
| | કુલ | ૨૭.૪૪ |

---------

તાપી અને વલસાડ જિલ્લામાં કુટીર જ્યોતિ યોજનામાં વીજ જોડાણ

* ૩૨૮૫૩ શ્રી હર્ષ સંઘવી (મજુરા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ આદિજાતિના લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે કુટિર જ્યોતિ યોજના અંતર્ગત તાપી અને વલસાડ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

જવાબ

(૧) અને (૨)

આદિજાતિના લોકોને ઘર વપરાશના વીજ જોડાણો માટેની કુટિર જ્યોતિ યોજના અંતર્ગત તાપી અને વલસાડ જિલ્લામાં વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ આપવામાં આવેલ વીજ જોડાણો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| તાપી જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | આપવામાં આવેલ વીજ જોડાણ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
| ૨૦૧૫–૧૬ | ૩૭૨ | ૧૩.૦૨ |
| ૨૦૧૬–૧૭ (તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત) | ૬૬૫ | ૨૩.૨૮ |
| કુલ | ૧૦૩૭ | ૩૬.૩૦ |
| વલસાડ જિલ્લો | | |
| ૨૦૧૫–૧૬ | ૮૩૫ | ૨૯.૨૨૫ |
| ૨૦૧૬–૧૭ (તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત) | ૮૨૦ | ૨૮.૭૦૦ |
| કુલ | ૧૬૫૫ | ૫૭.૯૨૫ |

---------

છોટા ઉદેપુર જિલ્લામાં ઉદ્વહન સિંચાઈ યોજનાઓ બનાવવા બાબત

* ૩૩૯૦૫ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં નર્મદા યોજનાથી સિંચાઈનો લાભ ન મળતો હોય તેવા વિસ્તારમાં ટ્યુબવેલ આધારીત ''ઉદ્વહન સિંચાઈ યોજના''ઓ છેલ્લા બે વર્ષમાં કેટલી બનાવવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ જો યોજનાઓ ન બનાવવામાં આવી હોય તો તેનાં કારણો શું, અને

(૩) છોટા ઉદેપુર જિલ્લાના ઉક્ત સિંચાઈથી વંચિત

જવાબ

(૧) થી (૩)

ટ્યુબવેલ આધારિત ૮ ઉદવહન સિંચાઇ યોજનાઓ બનાવવામાં આવેલ છે તેમજ નદી આધારિત ૮ ઉદવહન સિંચાઇ યોજનાઓના શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરાયેલ છે. જે આગામી વર્ષોમાં તબક્કાવાર હાથ ધરવાનું આયોજન છે.

વિસ્તારમાં સરકાર કેટલા સમયમાં ઉદ્વહન સિંચાઈ યોજનાઓ બનાવવા માંગે છે ?

---------

નર્મદા જિલ્લામાં એલઈડી બલ્બનું વિતરણ

* ૩૩૫૯૦ શ્રી મોતીલાલ વસાવા (દેડિયાપાડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઉજાલા ગુજરાત યોજના હેઠળ વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં એલઈડી બલ્બનું વિતરણ થયેલ તે હકીકત સાચી છે, અને | (૧) હા જી, ઉજાલા ગુજરાત યોજના રાજ્યમાં તા.૨૬–૦૫–૨૦૧૬ થી અમલમાં આવેલ છે. તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં એલઈડી બલ્બનું વિતરણ થયેલ છે. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા એલઈડી બલ્બનું વિતરણ થયેલ છે ? | (૨) ઉક્ત સ્થિતિએ નર્મદા જિલ્લામાં ૪૭,૯૩૭ એલઈડી બલ્બનું વિતરણ થયેલ છે. |

---------

સુરેન્દ્રનગર જિલ્લાની દસાડા બજાર સમિતિ હેઠળ મંજૂર રકમ

* ૩૨૬૦૭ શ્રીમતી વર્ષાબેન દોશી (વઢવાણ) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લાની દસાડા બજાર સમિતિને આધુનિક બજારો સ્થાપવાની યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) રૂ।. ૫૦.૦૦/– લાખ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચુકવવામાં આવી છે ? | (૨) રૂ।.૫૦.૦૦/– લાખ |

---------

તારાપુર આર.કે.વી.વાય. અને કે.કે.વી.વાય. યોજનામાં ભ્રષ્ટાચાર

* ૩૩૯૦૮ શ્રી પુનમભાઈ પરમાર (સોજીત્રા) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ તારાપુર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં સરકારની આર.કે.વી.વાય. અને કે.કે.વી.વાય. યોજનાઓમાં સને. ૨૦૧૦–૧૧, ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩માં નાણાંકીય ગેરરીતિની તપાસ ચાલે છે. તે વાત સાચી છે, અને | (૧) – હા – |
| (૨) જો હા તો ઉક્ત બંને યોજનામાં થયેલ નાણાકીય ગેરરીતિ કે ભ્રષ્ટાચાર અંગે તારાપુર પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નં.૭૯/૧૫ના ગુનામાં કેટલા ઈસમો સામે ફરીયાદ દાખલ કરેલ છે? | (૨) કુલ–૧૬ ઇસમો સામે ફરિયાદ દાખલ કરેલ છે. |

---------

સાબરકાંઠા જિલ્લામાં એલઈડી બલ્બનું વિતરણ

* ૩૩૫૭૮ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઉજાલા ગુજરાત યોજના હેઠળ વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં એલઈડી બલ્બનું વિતરણ થયેલ તે હકીકત સાચી છે, અને | (૧) હા જી, ઉજાલા ગુજરાત યોજના રાજ્યમાં તા.૨૬–૦૫–૨૦૧૬ થી અમલમાં આવેલ છે. તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં એલઈડી બલ્બનું વિતરણ થયેલ છે. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા એલઈડી બલ્બનું વિતરણ થયેલ છે ? | (૨) ઉક્ત સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં ૧૫,૫૯,૧૬૪ એલઈડી બલ્બનું વિતરણ થયેલ છે. |

---------

## ૩૦મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

### સાબરકાંઠા જિલ્લા ઘઉં યોજના હેઠળ ખેડૂત તાલીમ

* ૩૨૬૫૫ શ્રી સુરેશભાઈ પટેલ (મણિનગર) : માનનીય કૃષિમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં નેશનલ ફૂડ સિક્યુરીટી મિશન ઘઉં યોજના હેઠળ કેટલી ખેડૂત તાલીમ યોજવામાં આવી, | (૧) ૯ |
| (૨) આ ખેડૂત તાલીમમાં કેટલા ખેડૂતોએ ભાગ લીધો, અને | (૨) ૪૨૮ |
| (૩) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૩) કુલ રૂ. ૮૭,૫૦૯/– |

---------

### છોટાઉદેપુર જિલ્લામાં કેળ પાકના વાવેતરમાં સહાય

* ૩૨૬૨૩ શ્રીમતી નિમિષાબેન સુથાર (મોરવા હડફ) : માનનીય કૃષિમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ કેળ (ટીસ્યુ) પાકના વાવેતર માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે માટે તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬–૧૭માં છોટા ઉદેપુર જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૨) રૂા. ૪૧,૦૮,૪૦૦/– (રૂપિયા એકતાલીસ લાખ આઠ હજાર ચારસો પુરા) |

---------

### બનાસકાંઠા જિલ્લામાં તળાવ ઉંડા કરવા બાબત

* ૩૩૭૬૭ શ્રી મણિલાલ વાઘેલા (વડગામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા તળાવ ઉંડા કરવામાં કેટલી રકમની ચુકવણી કરવામાં આવી ? | ૭૮ તળાવો ઉંડા કરવા રૂ.૪૫૫.૮૦ લાખ ચૂકવ્યા. |

---------

### સાબરકાંઠા જિલ્લામાં દ્રાવ્ય રાસાયણિક ખાતરોની યોજના

* ૩૨૬૫૧ શ્રી ભૂષણ ભટ્ટ (જમાલપુર ખાડિયા) : માનનીય કૃષિમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ૧૦૦ ટકા દ્રાવ્ય રાસાયણિક ખાતરો ખેડૂતોને સહાયીત દરે પૂરા પાડવા કોઈ યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સરકારશ્રી દ્વારા સદર યોજના હેઠળ સાબરકાંઠા જિલ્લામાં ૨૦૧૬–૧૭ના વર્ષમાં કેટલી ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી, અને | (૨) રૂ.૨૯.૫૦/– લાખ. |
| (૩) તે પૈકી ઉક્ત જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે ? | (૩) રૂ.૧૩.૩૭ લાખ. |

---------

### વલસાડ અને નવસારી જિલ્લામાં ચેકડેમો બનાવવા બાબત

* ૩૩૮૯૦ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ વલસાડ અને નવસારી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અને તાલુકાવાર નાના તથા મોટા ચેકડેમ કેટલા બનાવવામાં આવેલ છે, અને | (૧) તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ વલસાડ અને નવસારીમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અને તાલુકાવાર નાના તથા મોટા ચેકડેમની સંખ્યા નીચે મુજબ છે. |

| જિલ્લો | તાલુકો | વર્ષ ૨૦૧૫–૧૬ | વર્ષ ૨૦૧૬–૧૭ (તા.૩૧–૦૧–૨૦૧૭ | કુલ |
|---|---|---|---|---|

| | | | | અંતિત) | | |
|---|---|---|---|---|---|---|
| | | મોટા ચેક ડેમ | નાના ચેક ડેમ | મોટા ચેક ડેમ | નાના ચેક ડેમ | |
| વલસાડ | વલસાડ | ૧ | ૨૪ | ૦ | ૫ | ૩૦ |
| | પારડી | ૦ | ૧૨ | ૦ | ૩ | ૧૫ |
| | વાપી | ૦ | ૫ | ૧ | ૨ | ૮ |
| | ઉમરગામ | ૦ | ૧૦ | ૧ | ૩ | ૧૪ |
| | ધરમપુર | ૬ | ૪૧ | ૧૨ | ૧૬ | ૭૫ |
| | કપરાડા | ૧૭ | ૫૮ | ૧૭ | ૮ | ૧૦૦ |
| | કુલ | ૨૪ | ૧૫૦ | ૩૧ | ૩૭ | ૨૪૨ |
| નવસારી | વાંસદા | – | ૨૧ | – | ૩ | ૨૪ |
| | ચીખલી | – | ૭ | – | ૫ | ૧૨ |
| | ખેરગામ | – | ૨ | – | ૩ | ૫ |
| | નવસારી | – | ૫ | – | ૨ | ૭ |
| | જલાલપોર | – | ૧ | – | ૨ | ૩ |
| | ગણદેવી | – | ૪ | – | ૩ | ૭ |
| | કુલ | – | ૪૦ | – | ૧૮ | ૫૮ |
| | સમગ્ર કુલ | ૨૪ | ૧૯૦ | ૩૧ | ૫૫ | ૩૦૦ |

(૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨) રૂ.૩૪૧૫.૨૦ લાખ.

---------

## પોરબંદર જિલ્લામાં જર્જરીત વીજ વાયરો

* ૩૨૬૮૦ શ્રી ગોવિંદભાઈ પટેલ (રાજકોટ–દક્ષિણ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પોરબંદર જિલ્લામાં કુલ કેટલા કી.મી. જર્જરીત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨) રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુકત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત પોરબંદર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રૂ.૧૨૫.૨૬ લાખનાં ખર્ચે ૩૨૨.૮૦ કી.મી. જર્જરીત વીજ વાયરો અને ૪૯૨ નંગ થાંભલા બદલવામાં આવ્યા છે.

---------

## સાબરકાંઠા જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ

* ૩૨૬૭૫ શ્રી રજનીકાન્ત પટેલ (અસારવા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨) સાબરકાંઠા જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રૂ.૨૫૫૦.૭૫ લાખનાં ખર્ચે ૧૫૪૬ કુવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું.

---------

## ગાંધીનગર તથા કલોલ તાલુકાની હાઉસીંગ સહકારી મંડળીઓના અહેવાલ

* ૩૩૯૭૨ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર અને કલોલ તાલુકાની કઈ હાઉસીંગ સહકારી મંડળીઓના ખાસ–ઓડિટ

**જવાબ**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગાંધીનગર જિલ્લાનાં ગાંધીનગર તથા કલોલ તાલુકામાં હાઉસીંગ સહકારી મંડળીઓનાં ખાસ–ઓડીટ

અહેવાલમાં કેટલા સમય–મર્યાદામાં ક્યા પ્રકારના સુચનોની અમલવારીની કામગીરી હાથ ધરવા જણાવેલ છે,

અહેવાલ રજૂ થયેલ નથી.

(૨) તે અન્વયે સંબંધિત જિલ્લા–રજીસ્ટ્રારશ્રીની કચેરીએ કઈ મંડળી સામે ક્યારે, ક્યા પ્રકારની કામગીરી હાથ ધરેલ છે,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત સ્થિતિ સુધીમાં ખાસ–ઓડિટ અહેવાલ પરત્વે જો સૂચનાનુસારની કામગીરી હાથ ધરાયેલ ના હોય તો મુખ્યત્વે ક્યા કારણોસર કામગીરી થયેલ નથી અને ઉક્ત કામગીરી સમય–મર્યાદામાં હાથ ન ધરવા સબબ કેટલા જવાબદાર ઈસમો સામે શાં પગલાં લેવામાં આવેલ છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજનામાં વીજ જોડાણો

* ૩૨૮૫૭ શ્રી કિરીટસિંહ રાણા (લીંબડી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ અનુસૂચિત જાતિના લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે અનુસૂચિત જાતિ પેટા યોજના અંતર્ગત સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨) સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ અનુસૂચિત જાતિના લાભાર્થીઓને આપવામાં આવેલ ઘરવપરાશનાં વીજજોડાણો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| સુરેન્દ્રનગર જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | આપેલ ઘર વપરાશનાં વીજ જોડાણો | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
| ૨૦૧૫–૧૬ | ૨૬૬ | ૧૭.૮૩ |
| ૨૦૧૬–૧૭(તા.૩૧–૧૨–૨૦૧૬અંતિત) | ૧૦૬ | ૮.૯૦ |
| કુલ | ૩૭૨ | ૨૬.૭૩ |
| બોટાદ જિલ્લો | | |
| ૨૦૧૫–૧૬ | ૫૫ | ૫.૫૫ |
| ૨૦૧૬–૧૭(તા.૩૧–૧૨–૨૦૧૬અંતિત) | ૫૧ | ૧.૭૯ |
| કુલ | ૧૦૬ | ૭.૩૪ |

---------

### મહેમદાવાદ તાલુકા શેઢી યોજનાનું તૂટી ગયેલ નાળું

* ૩૨૭૩૮ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકાના રતનપુરા ગામે શેઢી સિંચાઈ યોજનાનું જે તૂટી ગયેલ છે. જે સરકારમાં મંજૂર થયેલ છે, સદર ગરનાળું કેટલી રકમનું મંજૂર થયેલ છે,

**જવાબ**

(૧) અંદાજીત રકમ રૂ.૧૬૫.૨૪ લાખ.

(૨) ઉક્ત સ્થિતિએ સદર ગરનાળું બનાવવાનું કામ ક્યા લેવલે છે અને ક્યાં સુધીમાં બનાવવાનું આયોજન સરકારે કરેલ છે,

(૨) આ કામના ડીટીપી મંજુરીની પ્રક્રિયા હેઠળ છે. તથા ટેન્ડર મંજુરી બાદ ૧૧ માસમાં કામ પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) ઉક્ત સ્થિતિએ તે અન્વયે મુખ્ય રસ્તો હોઈ સ્થાનિક નાગરિકોને અવરજવરમાં મુશ્કેલી ન પડે તે માટે

(૩) સ્થાનિક નાગરિકો દ્વારા શેઢી બ્રાન્ચ કેનાલના સર્વીસ રોડનો વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે ઉપયોગ

શી વૈકલ્પિક વ્યવસ્થા કરેલ છે ? કરવામાં આવે છે.

---------

અમરેલી જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના

* ૩૨૬૭૯ શ્રીમતી ભાવનાબેન મકવાણા (મહુવા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત અમરેલી જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને<br>(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ? | (૧) અને (૨) ગરીબી રેખા નીચેના લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણો માટેની ‘‘ઝૂંપડા વિજળીકરણ યોજના’’ અંતર્ગત અમરેલી જિલ્લામાં છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રૂ.૯૩૪.૨૯ લાખનાં ખર્ચે ૩૭૧૮ લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યા. |

---------

જામનગર અને જૂનાગઢ જિલ્લાના ડેમોમાં પાણી ભરવાનું આયોજન

* ૩૨૬૬૦ ડૉ. ટી.ડી. માણીયા (બોટાદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬-૧૭માં સૌની યોજના હેઠળ જામનગર અને જૂનાગઢ જિલ્લાના કેટલા ડેમોમાં પાણી ભરવાનું આયોજન છે, અને | (૧) સૌની યોજનાની કામગીરી પૂર્ણ થયે જામનગર જિલ્લાના ૨૪ અને જૂનાગઢ જિલ્લાના ૧૩ જળાશયો ભરવાનું આયોજન છે. |
| (૨) તેનાથી કેટલા વિસ્તારને સિંચાઇનો લાભ મળશે ? | (૨) ૮૨૦૭૯ હેકટર વિસ્તારમાં હયાત સિંચાઇ સુવિધા સુદ્દઢ થશે. |

---------

કૃષિ મહોત્સવ પાછળનો થયેલ ખર્ચ

* ૩૨૯૫૭ શ્રી પ્રહલાદભાઇ પટેલ (વિજાપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧-૧-૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં યોજાયેલ કૃષિ મહોત્સવ પાછળ વર્ષવાર કેટલો ખર્ચ થયો?

જવાબ

| વર્ષ | ખર્ચ |
|---|---|
| ૨૦૧૫-૧૬ | રૂ. ૫૨.૬૪ કરોડ (રૂપિયા બાવન કરોડ ચોસઠ લાખ પુરા) |
| ૨૦૧૬-૧૭ | રૂ. ૩૦.૯૭૮૩ કરોડ (રૂપિયા ત્રીસ કરોડ સત્તાણું લાખ ત્યાંશી હજાર પુરા) |

---------

પ્રાંતિજ તાલુકાના ડેમ રોડને રસ્તાને પેવર કરવા બાબત

* ૩૩૯૫૯ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ સન ૨૦૧૬-૧૭ માં સાબરકાંઠા જીલ્લાના પ્રાંતિજ તાલુકાના પ્રાંતિજ રેલ્વે સ્ટેશનથી લીબલા ડેમ રોડ તેમ જ લીંબલાથી કરોલ ડેમ રોડ તરફ જતો રસ્તો પેવર કરવા સરકાર દ્વારા કોઇ આયોજન કરેલ છે કે કેમ, | (૧) રસ્તો હાલમાં અવરજવર યોગ્ય હોઇ, પેવર કરવાનું ત્વરિત આયોજન નથી. |
| (૨) જો હા, તો કેટલા સમયમાં આ રસ્તો પેવર કરવામાં આવશે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થયો નથી. |
| (૩) તે પાછળ કેટલો નાણાંકીય ખર્ચ કરવામાં આવશે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ક્યારે આ કામ પુર્ણ કરવામાં આવશે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સોલારપંપ ફાળવવા બાબત

* ૩૨૬૬૮ શ્રીમતી ભાનુબેન બાબરીયા (રાજકોટ (ગ્રામ્ય)) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬માં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કેટલા ખેડુતોને કૃષિવિષયક વીજજોડાણ માટે સોલાર પંપ ફાળવવામાં આવેલ છે?

જવાબ

નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬માં જામનગર જિલ્લામાં ૧૭૦ ખેડૂતોને તથા દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૧૦૭ ખેડૂતોને કૃષિ વિષયક વીજ જોડાણ માટે સોલાર પંપ ફાળવવામાં આવેલા છે.

---------

છોટાઉદેપુર જિલ્લામાં પપૈયાના પાકના વાવેતરમાં સહાય

* ૩૨૬૨૫ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં પપૈયાના પાકના વાવેતર માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તે માટે ઉક્ત સ્થિતિએ વર્ષ ૨૦૧૫–૧૬માં છોટા ઉદેપુર જિલ્લામાં કેટલી સહાય ચુકવવામાં આવેલ છે?

જવાબ

(૧) હા, જી.

(૨) રૂ. ૬૦,૭૭,૯૫૪/–(રૂપિયા સાઠ લાખ સિત્યોતેર હજાર નવસો ચોપન પુરા)

---------

તાપી અને છોટાઉદેપુર જિલ્લામાં કુટિર જ્યોતિ યોજનામાં વીજ જોડાણ

* ૩૨૮૪૬ શ્રી જીતેન્દ્રભાઇ સુખડીયા (સયાજીગંજ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા.૩૧.૧૨.૨૦૧૬ ની સ્થિતિએ આદિજાતિના લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે કુટિર જ્યોતિ યોજના અંતર્ગત છોટાઉદેપુર અને તાપી જીલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

જવાબ

(૧) અને (૨) આદિજાતિના લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટેની કુટિર જ્યોતિ યોજના અંતર્ગત છોટાઉદેપુર અને તાપી જિલ્લામાં વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ આપવામાં આવેલ વીજ જોડાણો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| છોટાઉદેપુર જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | આપવામાં આવેલ વીજ જોડાણ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
| ૨૦૧૫–૧૬ | ૧૪૨૧ | ૯૦.૧૨ |
| ૨૦૧૬–૧૭ (તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત) | ૭૪૧ | ૯૪.૧૩ |
| કુલ | ૨૧૬૨ | ૧૮૪.૨૫ |
| તાપી જિલ્લો | | |
| ૨૦૧૫–૧૬ | ૩૭૨ | ૧૩.૦૨ |
| ૨૦૧૬–૧૭ (તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત) | ૬૬૫ | ૨૩.૨૮ |
| કુલ | ૧૦૩૭ | ૩૬.૩૦ |

---------

કલોલ તાલુકાની સહકારી મંડળીઓના ખાસ ઓડિટ અહેવાલ

* ૩૩૯૪૪ શ્રી રમેશભાઇ ચાવડા (કડી) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૦–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાની કઇ હાઉસીંગ સહકારી મંડળીઓના ખાસ ઓડિટ અહેવાલોમાં કેટલા

જવાબ

(૧) તા.૩૧–૧૦–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લાનાં કલોલ તાલુકામાં હાઉસીંગ સહકારી મંડળીઓના ખાસ ઓડિટ અહેવાલ રજૂ થયેલ

| | |
|---|---|
| સમય મર્યાદામાં ક્યાં પ્રકારના સુચનોની અમલવારીની કામગીરી હાથ ધરવા જણાવેલ છે, | નથી. |
| (૨) તે અન્વયે સંબંધિત જિલ્લા રજીસ્ટ્રારશ્રીની કચેરીએ કઇ મંડળી સામે ક્યારે, ક્યા પ્રકારની કામગીરી હાથ ધરેલ છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિ સુધીમાં ખાસ ઓડિટ અહેવાલ પરત્વે સુચના અનુસારથી કામગીરી હાથ ધરાયેલ ન હોય તો મુખ્યત્વે ક્યા કારણોસર કામગીરી થયેલ નથી અને ઉક્ત કામગીરી સમય મર્યાદામાં હાથ ન ધરવા સબબ કેટલા જવાબદાર ઈસમો સામે શાં પગલાં લેવામાં આવેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

ઉકાઇ–કાકરાપાર યોજનામાં નહેર સુધારણાના મંજુર કામો

* ૩૨૬૩૯ શ્રી રણજીતભાઇ ગીલીટવાલા (સુરત પુર્વ)) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વર્ષ૨૦૧૬–૧૭માં ઉકાઇ–કાકરાપાર યોજનામાં ઉકાઈ–કાકરાપાર કમાન્ડ વિસ્તારમાં નહેર સુધારણાનાં કામો મંજુર કરવામાં આવ્યા છે કે કેમ, | (૧) –હા– |
| (૨) જો હા, તો કુલ કેટલી રકમનાં કામો મંજુર કરવામાં આવ્યા, અને | (૨) કુલ રૂ.૩૫૬૩૫.૧૧ લાખ |
| (૩) ઉક્ત કામો કુલ કેટલા કિ.મી. લંબાઇની નહેરમાં કરવાનું આયોજન છે? | (૩) કુલ ૪૧૩.૫૯ કી.મી. |

---------

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સોલાર ઉર્જા અરજીઓ

* ૩૨૫૯૨ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર(ઉત્તર)) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જીલ્લાવાર તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ખેડુતોને સોલાર ઉર્જા આધારિત વીજ કનેક્શનો મેળવવા કેટલા ખેડુતોએ માંગણી કે અરજીઓ કરી, | (૧) જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૫–૧૬ માં અનુક્રમે ૨૪૮ અને ૨૭૧ તથા વર્ષ ૨૦૧૬–૧૭માં અનુક્રમે ૮૯૭ અને ૬૪૮ સોલાર ઉર્જા આધારિત વીજ કનેક્શનો મેળવવા ખેડૂતોએ માંગણી કે અરજીઓ કરેલ. |
| (૨) તે પૈકી કેટલા ખેડુતોને ઉક્ત જીલ્લાવાર, વર્ષવાર સોલાર વીજ કનેક્શનો આપવામાં આવ્યા, | (૨) તે પૈકી જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૫–૧૬ માં ૧૭૦ અને વર્ષ ૨૦૧૬–૧૭માં ૧૩૫ સોલર વીજ કનેક્શનો આપવામાં આવ્યા. તથા દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વર્ષ ૨૦૧૫–૧૬માં ૧૦૭ અને વર્ષ ૨૦૧૬–૧૭માં ૯૯ સોલાર વીજ કનેક્શનો આપવામાં આવ્યા. |
| (૩) કેટલી અરજીઓ નામંજુર થઇ અને તેના કારણો શા છે, અને | (૩) જામનગર જિલ્લામાં ૧૬૧ તથા દ્વારકા જિલ્લામાં ૧૩૧ અરજીઓ નામંજૂર થઈ. તેના કારણો નીચે મુજબ છે.<br>જામનગર જિલ્લામાં<br>– ૧૨૫ અરજીઓ અરજદાર દ્વારા અંદાજપત્રના નાણાં ન ભરવાને કારણે<br>– ૨૪ અરજીઓ કૂવા/બોર ની ઉંડાઈ સૌર ઉર્જા પંપ સેટની ક્ષમતા કરતાં વધારે હોવાને કારણે<br>– ૮ અરજીઓ અપૂરતા દસ્તાવેજો ને કારણે<br>– ૪ અરજીઓ માંગણીવાળા સર્વે નંબરમાં અગાઉથી એક વીજ જોડાણ હયાત હોવાને કારણે<br>દેવભૂમિ દ્વારકા જિલ્લામાં |

– ૮૯ અરજીઓ અરજદાર દ્વારા અંદાજપત્રના નાંણા ન ભરવાને કારણે
– ૩૨ અરજીઓ કૂવા/બોરની ઉંડાઈ સૌર ઉર્જા પંપ સેટની ક્ષમતા કરતાં વધારે હોવાને કારણે
– ૧૦ અરજીઓ અપૂરતા દસ્તાવેજોને કારણે

(૪) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે તથા તે ક્યાં સુધીમાં મંજુર કરવામાં આવશે?

(૪) ઉક્ત સ્થિતિએ જામનગર જિલ્લામાં ૬૭૯ અને દ્વારકા જિલ્લામાં ૫૮૨ અરજીઓ પડતર છે, તથા પડતર અરજીઓની મંજૂરી આગામી નાંણાકીય વર્ષ ૨૦૧૭–૧૮ની નાંણાકીય જોગવાઈ અને આપવામાં આવતા લક્ષ્યાંક મુજબ તબક્કાવાર કરવામાં આવશે.

---------

તાપી જિલ્લામાં ઉકાઇ ડાબા કાંઠા નહેર સુધારણાના મંજુર કામો

* ૩૨૬૩૬ શ્રી કાંતીલાલભાઇ ગામીત (નિઝર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬–૧૭માં ઉકાઇ યોજના અંતર્ગત તાપી જિલ્લામાં ઉકાઇ ડાબા કાંઠા નહેર સુધારણાનાં કામો મંજુર કરવામાં આવ્યા છે કે કેમ,

(૨) જો હા, તો આ કામો નહેરની કુલ કેટલા કિ.મી લંબાઇમાં અને કુલ કેટલી રકમના કામો હાથ ધરવાનું આયોજન છે, અને

(૩)આ કામો થવાથી તાપી જિલ્લાના કેટલા સિંચાઇ વિસ્તારને લાભ થશે?

જવાબ

(૧) –હા–

(૨) કુલ ૫૦.૨૨ કી.મી. લંબાઇમાં રૂ. ૪૯૩૩.૮૨ લાખની રકમના કામો હાથ ધરવાનું આયોજન છે.

(૩) ૧૮,૦૦૦ હેક્ટર

---------

ભરૂચ જિલ્લામાં ફાળવેલ સોલાર હોમ લાઇટ

* ૩૨૬૬૧ શ્રી અરૂણસિંહ રણા (વાગરા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં કેટલી સોલાર હોમ લાઇટ ફાળવવામાં આવેલ છે,

(૨) ઉક્ત પૈકી કેટલી હોમ લાઇટ કાર્યન્વિત કરવામાં આવેલી છે, અને

(૩) તેના માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં ૧૬૭ સોલાર હોમ લાઇટ ફાળવવામાં આવેલ છે.

(૨) ભરૂચ જિલ્લામાં ફાળવવામાં આવેલ તમામ ૧૬૭ હોમ લાઇટ કાર્યાન્વિત કરવામાં આવેલી છે.

(૩) જે માટેનો કુલ ખર્ચ રૂ. ૬૭.૨૪ લાખ થયેલ છે.

---------

મહિસાગર અને ખેડા જિલ્લામાં તળાવો ઉંડા ઉતારવા બાબત

* ૩૨૫૮૯ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાશિનોર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહિસાગર અને ખેડા જિલ્લામાં કેટલા તળાવો ઉંડા ઉતારવામાં આવ્યા,

(૨) તેનાથી જળ સંગ્રહ શકિતમાં કેટલો વધારો

જવાબ

(૧)

| વર્ષ | જિલ્લો | ઉંડા કરેલ તળાવની સંખ્યા |
|---|---|---|
| ૨૦૧૫ | મહીસાગર | ૦ |
| | ખેડા | ૨ |
| ૨૦૧૬ | મહીસાગર | ૧૬ |

(૨) કુલ ૧.૮૩ મી. ઘન મી.

થયો, અને

(૩) આ કામગીરી પાછળ કેટલો ખર્ચ કર્યો? (૩) રૂ. ૧૫૪.૮૯ લાખ

---------

સાબરકાંઠા જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ

* ૩૨૬૭૬ શ્રી કિશોરસિંહ ચૌહાણ (વેજલપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કેટલાં કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને<br>(૨) તે માટે કેટલો ખર્ચ થયો? | (૧) અને (૨)<br>સાબરકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રૂ.૪૧૮.૦૬ લાખનાં ખર્ચ ૨૪૪ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું. |

---------

ખેડૂતોને આકસ્મીક મૃત્યુ સહાય

* ૩૩૯૧૩ શ્રી નલીનભાઈ કોટડીયા (ધારી) : માનનીય કૃષી મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧)તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યના ખેડૂતોને ખાતેદાર આકસ્મીક વીમા યોજના અંતર્ગત કેટલી વીમા સહાય આપવામાં આવે છે,

જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ ખાતેદાર અકસ્માત વીમા યોજના હેઠળ રાજ્યના તમામ ખાતેદાર ખેડૂતો, ખાતેદાર ખેડૂતના પ્રથમ હયાત સંતાન(પુત્ર/પુત્રી)તેમજ ખાતેદાર ખેડૂતના પત્ની/પતિને નું અકસ્માતે મુત્યુ/કાયમી અપંગતા થાય તેવા કિસ્સામાં નીચે મુજબ વીમા સહાય આપવામાં આવે છે.

| અ.નં. | અકસ્માતની વિગત | સહાયનું ધોરણ |
|---|---|---|
| ૧ | અકસ્માતનાં કારણે મૃત્યુ/કાયમી, સંપૂર્ણ અપંગતાના કિસ્સામાં | રૂ.૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પુરા) |
| ૨ | અકસ્માતને કારણે બે આંખ કે બે અંગ અથવા હાથ/પગ ગુમાવવાના કિસ્સામાં ૧૦૦% (આંખનાં કિસ્સામાં આંખની સંપૂર્ણ ૧૦૦% દ્દષ્ટિ જવી, હાથનાં કિસ્સામાં કાંડાથી ઉપરનો ભાગ તથા પગનાં કિસ્સામાં ઘુંટણ ઉપરથી તદ્દન કપાયેલ હોય તો.) | રૂ.૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પુરા) |
| ૩ | અકસ્માતને કારણે એક આંખ અને એક અંગ ગુમાવવાના કિસ્સામાં | રૂ.૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પુરા) |
| ૪ | અકસ્માતને કારણે એક આંખ અથવા એક અંગ ગુમાવવાના કિસ્સામાં | રૂ.૫૦,૦૦૦/- (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) |

(૨) આ વીમા સહાયમાં છેલ્લા બે વર્ષમાં કોઈ વધારો કરવામાં આવ્યો હોય તો ક્યારે અને કેટલો વધારો કરવામાં આવેલ છે, અને

(૨) કોઈ વધારો કરવામાં આવેલ નથી.

(૩) આ વધારો કઈ તારીખથી અમલમાં મુકવા આવ્યો છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## છોટાઉદેપુર અને ડાંગ જિલ્લામાં કુટિર જ્યોતિ યોજનામાં વીજ જોડાણ

* ૩૨૮૪૭ શ્રીમતી મનિષા વકીલ (વડોદરા શહેર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ આદિજાતિના લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે કુટીર જ્યોતિ યોજના અંતર્ગત છોટાઉદેવપુર અને ડાંગ જીલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨)

આદિજાતિના લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટેની કુટીર જયોતિ યોજના અંતર્ગત છોટાઉદેપુર અને ડાંગ જિલ્લામાં વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ આપવામાં આવેલ વીજ જોડાણો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| છોટાઉદેપુર જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | આપવામાં આવેલ વીજ જોડાણ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
| ૨૦૧૫–૧૬ | ૧૪૨૧ | ૯૦.૧૨ |
| ૨૦૧૬–૧૭ (તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત) | ૭૪૧ | ૯૪.૧૩ |
| કુલ | ૨૧૬૨ | ૧૮૪.૨૫ |
| ડાંગ જિલ્લો | | |
| ૨૦૧૫–૧૬ | ૪૦૨ | ૧૪.૦૭ |
| ૨૦૧૬–૧૭ (તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત) | ૨૨૩ | ૭.૮૧ |
| કુલ | ૬૨૫ | ૨૧.૮૮ |

---------

## જુનાગઢ જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમાની સહાય

* ૩૨૫૮૨ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય કૃષી મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧)જુનાગઢ જિલ્લામાં જીલ્લાવાર તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વર્ષવાર ખેડૂત અકસ્માત વીમા સહાય મેળવવાની કેટલી અરજીઓ સરકારને મળી,

(૨) તે પૈકી મૃતક ખેડૂત દીઠ કેટલી રકમ ચૂકવવામાં આવી,

(૩) કેટલી અરજીઓ નામંજૂર થઈ અને તેના કારણો શા છે, અને

**જવાબ**

(૧) કુલ–૫૮ અરજીઓ મળી.

(૨) સરકારશ્રીના હાલના ધારાધોરણ મુજબ અકસ્માતે મૃત્યુના કિસ્સામાં મૃતક ખેડૂતના વારસદારને રૂ. ૧,૦૦,૦૦૦/– વીમા સહાય ચુકવવામાં આવે છે. તે મુજબ મળેલ અરજીઓ પૈકી જુનાગઢ જિલ્લામાં કુલ રૂ. ૨૭.૦૦ લાખની રકમ ચુકવવામાં આવી.

(૩) કુલ–૪ અરજીઓ નામંજુર થયેલ છે.

| અ.નં. | અરજી નામંજુર થવાના કારણ | અરજીની સંખ્યા |
|---|---|---|
| ૧ | મૃતક ડ્રાઈવીંગ લાયસન્સ ધરાવતા ન હોવાથી | ૨ |
| ૨ | મૃતક ખાતેદાર ખેડૂત ન હોવાથી | ૧ |
| ૩ | મૃતકની ઉંમર ૭૦ વર્ષ કરતા વધુ હોવાથી | ૧ |

| | |
|---|---|
| કુલ | ૪ |

(૪) ઉક્ત સ્થિતિએ પડતર બાકીની અરજીઓ કયાં સુધીમાં મંજૂર સહાય ચૂકવવામાં આવશે ?

(૪) પડતર બાકી રહેલ અરજીઓમાં વીમા નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા માંગવામાં આવેલ સાધનિક કાગળો લાભાર્થી પાસેથી મળ્યેથી વીમા નિયામકની કચેરી દ્વારા સરકારશ્રીના ઠરાવની જોગવાઈઓ ધ્યાને લઈ ચુકવવા/નિકાલની કાર્યવાહી કરવામાં આવશે.

---------

જામનગર જિલ્લામાં મગફળી તથા કપાસ પાક વીમા પ્રિમિયમ પેટે રકમ

* ૩૩૯૨૬ શ્રી રાઘવજી પટેલ (જામનગર-ગ્રામ્ય) : માનનીય કૃષી મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) જામનગર જિલ્લામાંથી તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ સને ૨૦૧૬ના ખરીફ મગફળી તથા કપાસ પાક વીમા પ્રિમિયમ પેટે વીમાપાત્ર રકમના કેટલા ટકાના દરે કુલ કેટલી રકમ ખેડૂતોની નોડલ એજન્સીએ અને કેટલા ટકાના દરે કેટલી કુલ રકમનું પ્રિમિયમ સરકારશ્રીએ વીમા કંપનીમાં જમા કરાવેલ છે, અને

જવાબ

(૧) જામનગર જિલ્લામાંથી તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ સને ૨૦૧૬ના ખરીફ મગફળી અને કપાસ(પિયત) પાક વીમા પ્રિમીયમ પેટે વીમાપાત્ર રકમના ૨% ટકાના દરે નીચે મુજબની રકમ ખેડૂતોની નોડલ એજન્સીએ વીમી કંપનીમાં જમા કરાવેલ છે.

| પાકનું નામ | ખેડૂતના પ્રિમિયમ ટકા | ખેડૂતે ભરેલ પ્રિમિયમની રકમ રૂ લાખમાં | સરકારે ભરવાના સબસીડીના પ્રિમિયમના ટકા | સરકારશ્રીએ વિમા કંપનીમાં જમા કરાવેલ પ્રિમીયમની રકમ |
|---|---|---|---|---|
| કપાસ (પિયત) | ૨ % | ૧૦૮૬.૯૦ | ૧૨.૬% | - |
| મગફળી | ૨ % | ૯૬૨.૨૨ | ૧૮.૧૨% | |
| | કુલ | ૨૦૪૯.૧૨ | - | - |

(૨) તે પૈકી કેટલું પ્રિમિયમ પાક ધીરાણ મેળવતા ખેડૂતો પાસેથી ફરજીયાત વસુલ કરવામાં આવેલ છે અને તેના શા કારણો છે ?

(૨) તે પૈકી પ્રધાનમંત્રી ફસલ બિમા યોજના(PMFBY) ની ગાઈડલાઈન મુજબ નોટીફાઈડ પાક માટે અને નોટી ફાઇડ વિસ્તારમાં પાક ધિરાણ મેળવતા ખેડૂતો પાસેથી ફરજીયાત પ્રિમિયમ વસુલ કરવાનું હોઈ રૂ.૨૦૪૬.૪૪ લાખની રકમનું પ્રિમીયમ વસુલ કરવામાં આવેલ છે.

આણંદ જિલ્લામાં ખેત તલાવડી બનાવવાની યોજના

* ૩૨૬૫૭ શ્રી સંજયકુમાર પટેલ (ખંભાત) : માનનીય કૃષી મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં ખેત તલાવડી બનાવવાની યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૧૨૮૬૮ અરજીઓ . |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કામગીરી કરવામાં આવી, અને | (૨) ૮૩૧ ખેત તલાવડી બનાવવામાં આવી. |
| (૩) આ કામગીરી પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) રૂ. ૪૭૫.૭૭ લાખ |

---------

ગીર સોમનાથ જિલ્લામાં મગફળીની ટેકાના ભાવે ખરીદી

* ૩૨૬૦૫ શ્રી ગોવિંદભાઈ પરમાર (તાલાલા) : માનનીય કૃષી મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

## અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૨૫-૦૧-૨૦૧૭ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં ચાલુ સિઝનમાં મગફળીની ટેકાના ભાવે ખરીદી કરવા માટે કેટલા કેન્દ્ર ખોલવામાં આવેલ છે,

(૧) ૬ (છ)

(૨) તા.૨૫-૦૧-૨૦૧૭ની સુધીમાં કેટલી મગફળી ખરીદવામાં આવેલ છે, અને

(૨) ૨૦૬૦૧૬.૩૦ ક્વિન્ટલ

(૩) ક્યા સુધી મગફળીની ખરીદવામાં આવશે ?

(૩) હાલ કેન્દ્ર સરકારશ્રીની સુચના મુજબ તા. ૨૩/૦૨/૨૦૧૭ સુધી ખરીદવામાં આવેલ છે.

---------

### વલસાડ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના

* ૩૨૬૩૨ રમણલાલ પાટકર (ઉમરગામ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત વલસાડ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને<br>(૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ? | (૧) અને (૨)<br>ગરીબી રેખા નીચેના લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે '' ઝૂંપડા વીજળીકરણ યોજના'' અંતર્ગત વલસાડ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રૂ.૧.૬૪૫ લાખનાં ખર્ચે કુલ ૪૭ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા. |

---------

### રાજ્યમાં લિફ્ટ ઈરિગેશન માટે ભારે દબાણનું વીજ જોડાણમાં ફેરફાર

* ૩૨૬૬૪ શ્રીમતી સંગીતાબેન પાટીલ (લિંબાયત) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના ખેડૂતો પિયત સહકારી મંડળી સ્થાપી લિફ્ટ ઈરિગેશન માટે ભારે દબાણનું વીજ જોડાણ મેળવવા માંગતા હોય તો તે અંગેના નિયમમાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ કોઈ ફેરફાર કરવામાં આવ્યા છે કે કેમ, | (૧) રાજ્યનાં ખેડૂતો પિયત સહકારી મંડળી સ્થાપી લિફ્ટ ઈરિગેશન માટે ભારે દબાણનું વીજ જોડાણ મેળવવા માંગતા હોય તો તે અંગેનાં નિયમમાં તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ કોઈ ફેરફાર કરવામાં આવેલ નથી. અલબત્ત,રાજ્ય સરકાર દ્વારા કિસાનલક્ષી નિર્ણય લઈ, આ અંગેની ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. ની દરખાસ્તને આપવામાં આવેલ મંજુરી અન્વયે રાજ્ય સરકાર દ્વારા તા.૦૭/૦૧/૨૦૧૭ના પત્રથી પિયત સહકારી મંડળીનાં સદસ્યોને તેમનાં વ્યકિતગત હયાત કૃષિ વીજ જોડાણ રદ/પરત ન કરવાની શરતે એચટીપી-૫ વીજ જોડાણ આપવા અંગે સૂચનાઓ પાઠવવામાં આવેલ છે, જેના આધારે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. દ્વારા તેમનાં તા.૦૮/૦૨/૨૦૧૭ ના પરિપત્ર ક્ર. જીયુવીએનએલ-ટેક-૨-એનએએસ-૨૮૬૩ થી સંલગ્ન વીજ વિતરણ કંપનીઓને ખેડૂતો પિયત સહકારી મંડળી સ્થાપી લિફ્ટ ઈરિગેશન માટે ભારે દબાણનું વીજ જોડાણ મેળવવા માંગતા હોય તો તેના અમલીકરણ અંગે જરૂરી સુચનાઓ આપવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો તેની વિગત શી છે ? | (૨) પરિપત્રની મુખ્ય બાબતો નીચે મુજબ છે.<br>1. અરજદારને બીજા એચ.ટી. અરજદારોની જેમ જી.ઈ.આર.સી. ના પ્રવર્તમાન સપ્લાય કોડ મુજબ નિયત ભાવ પત્રક(એસ્ટીમેટ) આપવાનુ રહેશે. અરજદાર દ્વારા સીક્યુરીટી ડીપોઝીટ ભરાયા બાદ અને જરૂરી એગ્રીમેંટ થયા બાદ નવા વિજ જોડાણ માટેનું લાઇન કામ શરૂ કરવામાં આવશે.<br>2. સીક્યુરીટી ડીપોઝીટની ગણતરી એચ.ટી.પી-૫ ટેરીફ મુજબ કરવાની રહેશે. |

3. સદર જોડાણથી મળતા પાણીનો ઉપયોગ ફક્ત જે તે મંડળીના સભ્યો દ્વારા તેમની જમીનની હદમાં જ કરી શકાશે.

4. પાણીનો દુર્વ્યય ન થાય તે માટે સદર વીજ જોડાણ થકી કેનાલ કે નદીમાં એક કરતા વધુ જગ્યાએ મોટરો મુકવા દેવામા આવશે નહીં. આમ છતા, જો પમ્પ હાઉસમા એક કરતા વધુ મોટર મૂકવાની જરૂર જણાશે તો ટેકનિકલ ચકાસણી બાદ પરવાનગી આપવાની રહેશે.

5. અરજદાર દ્વારા સુક્ષ્મ પિયત પધ્ધતી/ટપક સિંચાઈ પધ્ધતીનો ફરજ્યાતપણે અમલ કરવાનો રહેશે જેથી પાણીનો કાર્યક્ષમ ઉપયોગ થઈ શકે.

6. એચ.ટી.પી–૫ જોડાણ ફક્ત નજીકના જ્યોતિગ્રામ ફીડરને ટેપ કરીને આપવાનુ રહેશે. ઈંડસ્ટ્રીયલ, અર્બન, જી.આઈ.ડી.સી. વોટર વર્ક્સ કે એચ.ટી. એક્ષપ્રેસ ફિડર પરથી આવા વીજ જોડાણ આપી શકાશે નહી.

7. સલામતીને ધ્યાને રાખીને પોઈંટ ઓફ સપ્લાય અને મીટર પોઝીશન એચ.ટી. વીજ કનેકશનની જેમ સલામત સ્થળે રાખવાનો રહેશે.

8. એચ.ટી.પી–૫ જોડાણ રીલીઝ થયા પછી મંડળીના તમામ સભાસદો પોતાના હયાત વિજ જોડાણ ચાલુ રાખી શકશે.

9. સભાસદોના પોતાના હયાત વ્યક્તિગત અને એચ.ટી.પી–૫ બન્ને વીજ જોડાણની રકમ ભરવાની બાકી હશે તો જેનુ બીલ બાકી હોય તે વીજ જોડાણ કાપી નાંખવાનું રહેશે.

---------

## બનાસકાંઠા જિલ્લામાં બટાટા પકવતા ખેડુતોને પોષણક્ષમ ભાવો

* ૩૩૯૩૧ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં બટાટા પકવતા ખેડુતોને પોષણક્ષમ ભાવો ન મળવાની કેટલી ફરિયાદો રાજ્ય સરકારને મળી છે, | (૧) ૩ (ત્રણ) |
| (૨) ઉક્ત ફરિયાદોના નિવારણ માટે રાજ્ય સરકારે શા પગલા લીધા છે, અને | (૨) [૧] વર્ષ ૨૦૧૫–૧૬માં બટાટાના ઘટતા ભાવો અટકે અને ખેડૂતોને બટાટાના પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે સરકારે તા.૧૮–૩–૨૦૧૫ના ઠરાવ મુજબ બટાટાની અન્ય રાજ્યોમાં નિકાસ માટે વાહતુક ખર્ચમાં<br>(૧) રોડ મારફત ટ્રાન્સપોર્ટથી નિકાસ કરે તો રૂ. ૭૫૦/– પ્રતિ મેટ્રીક ટન,<br>(૨) રેલવે મારફત ટ્રાન્સપોર્ટથી નિકાસ કરે તો વાહતુક ખર્ચના ૧૦૦% અથવા વધુમાં વધુ રૂ. ૧૧૫૦/– પ્રતિ મેટ્રીક ટનની મર્યાદામાં વાહતુક સહાય આપવાનું જોહેર કરેલ છે.<br>[૨] વર્ષ ૨૦૧૬–૧૭માં તા.૨૩–૧–૨૦૧૭ના ઠરાવથી, ખેડૂતોને બટાટાના પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે, સરકારે તા.૧૮–૩–૨૦૧૫ના ઠરાવમાં સૂચવ્યા મુજબ બટાટામાં રોડ અને રેલવે દ્વારા વાહતુક સહાય જાહેર કરી, ઉપરાંત તેમાં દેશ બહાર નિકાસ કરે તો કુલ વાહતુક ખર્ચના |

૨૫% અને વધુમાં વધુ રૂ. ૧૦ લાખની મર્યાદામાં ખેડૂત દીઠ ટ્રાન્સપોર્ટ સબસીડી (વાહતુક સહાય) આપવાનું જાહેર કરેલ છે.

[૩] છેલ્લા બે વર્ષમાં કુલ ૧૦૩ નવા કોલ્ડ સ્ટોરેજ માટે રૂ.૧૧૧.૨૫ કરોડની સહાય મંજૂર કરવામાં આવી છે જેના કારણે આશરે રૂ.૩.૯૭ લાખ મે. ટન નવી સંગ્રહ ક્ષમતા ઊભી થયેલ છે.

[૪] રાજ્યના ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળી રહે તે હેતુસર સરકારશ્રી દ્વારા તાજેતરમાં ખેડૂતો પોતાની જણસો સીધા ગ્રાહકોને વેચી શકે તે માટે હંગામી રવિવારીય ખેડૂત શાકભાજી બજારની વ્યવસ્થા કરેલ.

[૫] બટાટાની નિકાસ વધે તે માટે રાજ્ય સરકારના પ્રયત્નોથી ભારત સરકારે બટાટાની નિકાસ પર લાગુ કરેલ MEP (મિનિમમ એક્ષપોર્ટ પ્રાઈસ) હટાવી દિધેલ છે. જેથી બટાટાની નિકાસને વેગ મળવાથી ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળી રહે.

(૩) તે અન્વયે બટાટાના પોષણક્ષમ ભાવ મળે તે માટે શી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે?

(૩) ખંડ–(૨) મુજબ

---------

મોરબી અને દાહોદ જિલ્લામાં ઝુંપડપટ્ટી વિજળીકરણ યોજના

* ૩૨૮૮૭ શ્રી વિછિયાભાઇ ભુરિયા (લીમખેડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત મોરબી અને દાહોદ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

જવાબ

(૧) અને (૨) ઘર વપરાશના વીજ જોડાણો માટેની ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત મોરબી અને દાહોદ જિલ્લામાં વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ આપવામાં આવેલ વીજ જોડાણો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| મોરબી જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | આપવામાં આવેલ વીજ જોડાણ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
| ૨૦૧૫–૧૬ | ૮૩૭ | ૩૮.૫૫ |
| ૨૦૧૬–૧૭ (તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત) | ૪૮૬ | ૨૪.૭૩ |
| કુલ | ૧૩૨૩ | ૬૩.૨૮ |
| દાહોદ જિલ્લો | | |
| ૨૦૧૫–૧૬ | ૭૯૩ | ૨૮.૩૧ |
| ૨૦૧૬–૧૭ (તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત) | ૫૩૫ | ૨૨.૪૯ |
| કુલ | ૧૩૨૮ | ૫૦.૮૦ |

---------

છોટાઉદેપુર જિલ્લામાં બરછટ ધાન્ય યોજના

* ૩૨૬૫૩ શ્રી બાલકૃષ્ણભાઇ પટેલ (ડભોઇ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

## અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં નેશનલ ફુડ સિક્યુરીટી મિશન બરછટ ધાન્ય યોજના હેઠળ કેટલું બિયારણ સહાયથી વિતરણ કરવામાં આવ્યું, અને

(૧) ૧,૨૪,૨૦૮ કિલોગ્રામ

(૨) કુલ કેટલી સહાયની રકમ ચુકવવામાં આવી?

(૨) કુલ રૂ. ૧,૯૫,૩૪,૯૩૪/-

---------

### દેવભુમિ દ્વારકા જિલ્લામાં ફાળવેલ સોલાર હોમ લાઇટ

* ૩૨૬૮૩ શ્રી મેઘજીભાઇ ચાવડા (કાલાવાડ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કેટલી સોલાર હોમ લાઇટ ફાળવવામાં આવેલ છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૩૭૫ સોલાર હોમ લાઇટ ફાળવવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી કેટલી હોમ લાઇટ કાર્યાન્વિત કરવામાં આવેલી છે, અને | (૨) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફાળવવામાં આવેલ તમામ ૩૭૫ હોમ લાઇટ કાર્યાન્વિત કરવામાં આવેલી છે. |
### જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ક્ષાર અંકુશની યોજનાઓ

* ૩૨૫૯૪ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં જીલ્લાવાર જમીનના પાણીમાં દરિયાઇ પાણીને અટકાવવા

જવાબ

(૧)

| યોજનાઓ | જામનગર | દેવભૂમિ દ્વારકા |
|---|---|---|

માટે ક્ષાર અંકુશની કઇ યોજનાઓ તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ કાર્યરત છે,

| | | |
|---|---|---|
| ભરતિ નિયંત્રક | ૨ | ૧ |
| બંધારા | ૬ | ૧ |
| રીચાર્જ રીઝર્વોયર | ૨ | ૧ |
| રીચાર્જ ટેન્ક | ૧ | ૫ |
| વિસ્તરણ નહેરો | ૫૧.૩૪ કિ.મી | - |
| ચેકડેમો | ૧૦૧ | ૧૦૧ |
| રેકલેમેશન બંડ | ૩ | ૧ |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ઉક્ત જીલ્લાવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨)
જામનગર રૂ. ૩૪૭.૮૨ લાખ
દેવભૂમિ દ્વારકા રૂ. ૨૬૦.૦૪ લાખ

(૩) ઉક્ત ફાળવવામાં આવેલ રકમ અન્વયે મુખ્યત્વે કયા પ્રકારના કામો હાથ ધરાયા?

(૩) નવા કામો તથા અગાઉ પુર્ણ થયેલ યોજનાના મરામત/મજબુતીકરણ અને જાળવણીના કામો હાથ ધરવામાં આવેલ.

---------

અરવલ્લી જિલ્લામાં કુટિર જ્યોતિ યોજનામાં વીજ જોડાણ

* ૩૩૬૨૦ શ્રી કાંતીલાલભાઈ ગામીત (નિઝર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ આદિજાતિના લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે કુટીર જ્યોતિ યોજના અંતર્ગત અરવલ્લી જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧)અને(૨) આદિજાતિના લોકોને ઘર વપરાશના વીજ જોડાણો માટેની કુટિર જ્યોતિ યોજના અંતર્ગત અરવલ્લી જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ આપવામાં આવેલ વીજ જોડાણો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

અરવલ્લી જિલ્લો

| વર્ષ | આપવામાં આવેલ વીજ જોડાણ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૫-૧૬ | ૪૦૮ | ૧૫.૦૪ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૫૬૨ | ૩૦.૦૬ |
| કુલ | ૯૭૦ | ૪૫.૧૦ |

---------

ભરૂચ અને નર્મદા જિલ્લામાં કુટિર જ્યોતિ યોજનામાં વીજજોડાણ

* ૩૩૬૨૫ શ્રી અરૂણસિંહ રણા (વાગરા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ આદિજાતિના લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે કુટીર જ્યોતિ યોજના અંતર્ગત ભરૂચ અને નર્મદા જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

જવાબ

(૧)અને(૨) આદિજાતિના લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટેની કુટિર જ્યોતિ યોજના અંતર્ગત ભરૂચ અને નર્મદા જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ આપવામાં આવેલ વીજ જોડાણો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

ભરૂચ જિલ્લો

| વર્ષ | આપવામાં આવેલ વીજ જોડાણ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૨૦૧૫-૧૬ | ૩૭૭ | ૧૩.૪૯૫ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૪૨૪ | ૧૪.૮૪૦ |
| કુલ | ૮૦૧ | ૨૮.૩૩૫ |
| નર્મદા જિલ્લો | | |
| ૨૦૧૫-૧૬ | ૬૭૨ | ૨૭.૦૧ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૫૫૭ | ૧૯.૯૭ |
| કુલ | ૧૨૨૯ | ૪૬.૯૮ |

---------

અરવલ્લી જિલ્લામાં એલઈડી બલ્બનું વિતરણ

* ૩૩૫૮૮ શ્રી કિશોરસિંહ ચૌહાણ (વેજલપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) ઉજાલા ગુજરાત યોજના હેઠળ વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં એલઈડી બલ્બનું વિતરણ થયેલ તે હકિકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા એલઈડી બલ્બનું વિતરણ થયેલ છે ?

જવાબ

(૧) હા જી, ઉજાલા ગુજરાત યોજના રાજ્યમાં તા.૨૬/૦૫/૨૦૧૬ થી અમલમાં આવેલ છે. તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં એલઇડી બલ્બનું વિતરણ થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં ૧,૧૪,૦૬૭ એલઈડી બલ્બનું વિતરણ થયેલ છે.

---------

આણંદ અને ખેડા જિલ્લામાં એલઈડી બલ્બનું વિતરણ

* ૩૩૫૯૬ શ્રી સંજયકુમાર પટેલ (ખંભાત) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) ઉજાલા ગુજરાત યોજના હેઠળ વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં એલઈડી બલ્બનું વિતરણ થયેલ તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા એલઈડી બલ્બનું વિતરણ થયેલ છે ?

જવાબ

(૧) હા જી, ઉજાલા ગુજરાત યોજના રાજ્યમાં તા.૨૬/૦૫/૨૦૧૬ થી અમલમાં આવેલ છે. તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં એલઈડી બલ્બનું વિતરણ થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં અનુક્રમે ૧૧,૧૯,૨૮૫ અને ૭,૨૩,૭૯૯ એલઈડી બલ્બનું વિતરણ થયેલ છે.

---------

ગીર સોમનાથ અને જામનગર જિલ્લામાં જર્જરીત વીજ વાયરો

* ૩૨૮૯૪ શ્રી ગોવિંદભાઈ પરમાર (તાલાલા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ગીર સોમનાથ અને જામનગર જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા કી.મી. જર્જરીત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

જવાબ

(૧)અને(૨) રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજનામાં ગીર સોમનાથ જિલ્લાના પાંચ અને જામનગર જિલ્લાના બે તાલુકાઓનો સમાવેશ થયેલ છે, જેમાં વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ બદલવામાં આવેલ જર્જરીત વીજ વાયર અને થાંભલા તથા તે પરત્વે કરવામાં આવેલ ખર્ચની તાલુકાનાર વિગતો સામેલ પત્રક-અ મુજબ છે.

પત્રક-અ

| જિલ્લો | વર્ષ | તાલુકા | જર્જરીત વીજ વાયરો બદલ્યા (કિ.મી) | થાંભલાઓ બદલ્યા (સંખ્યા) | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|

| | | | | | |
|---|---|---|---|---|---|
| ગીર સોમનાથ | ૨૦૧૫-૧૬ | વેરાવળ | ૫૪.૫૭ | ૧૩૭ | ૩૪.૩૦ |
| | | સૂત્રાપાડા | ૧૨૪.૦૦ | ૨૧૬ | ૬૯.૯૬ |
| | | ઉના | ૮૮.૮૫ | ૨૬૮ | ૪૦.૯૩ |
| | | ગીર ગઢડા | ૧૬.૮૦ | ૧૩૩ | ૭.૪૩ |
| | | કોડીનાર | ૭૯.૮૫ | ૪૦૩ | ૩૦.૭૪ |
| | | કુલ | ૩૬૪.૦૭ | ૧૧૫૭ | ૧૮૩.૩૬ |
| | ૨૦૧૬-૧૭ (ડિસે.૧૬ અંતિત) | વેરાવળ | ૧૧૨.૨૦ | ૧૧૫ | ૫૨.૪૧ |
| | | સૂત્રાપાડા | ૧૦૩.૦૦ | ૮૨ | ૪૪.૦૩ |
| | | ઉના | ૭૫.૨૦ | ૧૮૩ | ૩૬.૬૦ |
| | | ગીર ગઢડા | ૧૫.૬૫ | ૭૦ | ૮.૭૫ |
| | | કોડીનાર | ૯૬.૦૫ | ૧૮૮ | ૪૪.૨૩ |
| | | કુલ | ૪૦૨.૧૦ | ૬૩૮ | ૧૮૬.૦૨ |
| ગીર સોમનાથ જિલ્લો કુલ | | | ૭૬૬.૧૭ | ૧૭૯૫ | ૩૬૯.૩૮ |
| જામનગર | ૨૦૧૫-૧૬ | જામનગર | ૧૨૯.૫૬ | ૧૮૦ | ૪૮.૦૯ |
| | | જોડીયા | ૪૬.૮૮ | ૧૩૪૯ | ૩૯.૯૯ |
| | | કુલ | ૧૭૬.૪૪ | ૧૫૨૯ | ૮૮.૦૮ |
| | ૨૦૧૬-૧૭ (ડિસે.૧૬ અંતિત) | જામનગર | ૫૪.૦૬ | ૧૭૬ | ૨૮.૭૪ |
| | | જોડીયા | ૧૪.૨૫ | ૧૩૧ | ૧૦.૫૨ |
| | | કુલ | ૬૮.૩૧ | ૩૦૭ | ૩૯.૨૬ |
| જામનગર જિલ્લો કુલ | | | ૨૪૪.૭૫ | ૧૮૩૬ | ૧૨૭.૩૪ |

---------

### વલસાડ અને ડાંગ જિલ્લામાં એલઈડી બલ્બનું વિતરણ

* ૩૩૫૯૫ શ્રી રમણલાલ પાટકર (ઉમરગામ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ઉજાલા ગુજરાત યોજના હેઠળ વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વલસાડ અને ડાંગ જીલ્લામાં એલઈડી બલ્બનું વિતરણ થયેલ તે હકિકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા એલઈડી બલ્બનું વિતરણ થયેલ છે ?

**જવાબ**

(૧) હા જી, ઉજાલા ગુજરાત યોજના રાજ્યમાં તા.૨૬/૦૫/૨૦૧૬ થી અમલમાં આવેલ છે. તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વલસાડ અને ડાંગ જિલ્લામાં એલઈડી બલ્બનું વિતરણ થયેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ વલસાડ અને ડાંગ જિલ્લામાં અનુક્રમે ૧૨,૩૭,૦૮૯ અને ૯,૧૪૭ એલઈડી બલ્બનું વિતરણ થયેલ છે.

---------

### દાહોદ અને વલસાડ જિલ્લામાં કુટિર જ્યોતિ યોજનામાં વીજ જોડાણ

* ૩૩૬૨૧ શ્રી વિછીયાભાઈ ભૂરિયા (લીમખેડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ આદિજાતિના લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે કુટીર જ્યોતિ યોજના અંતર્ગત દાહોદ અને વલસાડ જીલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧)અને(૨) આદિજાતિના લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટેની કુટિર જ્યોતિ યોજના અંતર્ગત દાહોદ અને વલસાડ જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ આપવામાં આવેલ વીજ જોડાણો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

દાહોદ જિલ્લો

| વર્ષ | આપવામાં આવેલ વીજ જોડાણ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૫-૧૬ | ૨૦૧૩ | ૭૦.૪૬ |

| | | |
|---|---|---|
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૯૪૮ | ૫૯.૯૫ |
| કુલ | ૨૯૬૧ | ૧૩૦.૪૧ |
| વલસાડ જિલ્લો | | |
| ૨૦૧૫-૧૬ | ૮૩૫ | ૨૯.૨૨૫ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૮૨૦ | ૨૮.૭૦૦ |
| કુલ | ૧૬૫૫ | ૫૭.૯૨૫ |

---------

## અતારાંકિત પ્રશ્નો

### જામનગર જિલ્લામાં એલઈડી બલ્બનું વિતરણ

* ૩૩૫૮૧ શ્રી મેઘજીભાઈ ચાવડા (કાલાવડ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ઉજાલા ગુજરાત યોજના હેઠળ વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ જામનગર જિલ્લામાં એલઈડી બલ્બનું વિતરણ થયેલ તે હકીકત સાચી છે, અને

(૨) જો હા તો ઉક્ત સ્થિતિએ કેટલા એલઈડી બલ્બનું વિતરણ થયેલ છે ?

જવાબ

(૧) ઉજાલા ગુજરાત યોજના રાજ્યમાં તા.૨૬–૫–૨૦૧૬થી અમલમાં આવેલ છે. તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ જામનગર જિલ્લામાં એલઈડી બલ્બનું વિતરણ થયેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ જામનગર જિલ્લામાં ૬,૧૩,૦૬૯ એલઈડી બલ્બનું વિતરણ થયેલ છે.

---------

### સુજલામ સુફલામ યોજના હેઠળ પાઈપલાઈનના કામો

* ૩૨૭૫૯ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુજલામ સુફલામ યોજના હેઠળ દાંતીવાડા–સીપુ, વાત્રક–માઝમ–મેશ્વો, પાટણ–ડીંડરોલ અને કરણનગર–ધાંધુસણ પાઈપલાઈનના કામો માટે બજેટમાં કેટલી નાણાકીય જોગવાઈ કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ચાર પાઈપલાઈનના કામોની સ્થિતિ શું છે, અને ક્યારે પૂર્ણ કરવામાં આવશે, અને તે અન્વયે કેટલી રકમો ઉક્ત સમયગાળામાં ખર્ચ કરવામાં આવી ?

જવાબ

(૧) રૂ. ૮૧૦૭.૪૦ લાખ.

(૨) કામ પૂર્ણ થયેલ છે.
રૂ. ૪૯૮૫.૬૪ લાખ.

---------

### મહેસાણા અને પાટણ જિલ્લામાં અનુસુચિત જાતિ પેટા યોજનામાં વીજ જોડાણ

* ૩૨૮૫૬ શ્રી નાગરજી ઠાકોર (રાધનપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ અનુસુચિત જાતિના લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે અનુસુચિત જાતિ પેટા યોજના અંતર્ગત મહેસાણા અને પાટણ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) મહેસાણા અને પાટણ જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ના વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ અનુસૂચિત જાતિના લાભાર્થીઓને આપવામાં આવેલ ઘરવપરાશનાં વીજજોડાણો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| મહેસાણા જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | આપેલ ઘર વપરાશનાં વીજ જોડાણ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
| ૨૦૧૫–૧૬ | ૬૭૧ | ૬૧.૧૬ |
| ૨૦૧૬–૧૭ (તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત) | ૭૨૩ | ૫૬.૨૩ |
| કુલ | ૧૩૯૪ | ૧૧૭.૩૯ |
| પાટણ જિલ્લો | | |
| ૨૦૧૫–૧૬ | ૫૨૪ | ૩૯.૪૦ |
| ૨૦૧૬–૧૭(તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત) | ૫૮૭ | ૩૮.૧૫ |
| કુલ | ૧૧૧૧ | ૭૭.૫૫ |

---------

## અતારાંકિત પ્રશ્નો

### ભરૂચ અને જુનાગઢ જિલ્લામાં જર્જરીત વીજ વાયરો

* ૩૩૬૩૬ શ્રી છત્રસિંહજી મોરી (જંબુસર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ભરૂચ અને જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા કી.મી. જર્જરીત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજનામાં ભરૂચ જિલ્લાના ત્રણ અને જુનાગઢ જિલ્લાના બે તાલુકાઓનો સમાવેશ થયેલ છે, જેમાં વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ બદલવામાં આવેલ જર્જરીત વીજ વાયર અને થાંભલા તથા તે પરત્વે કરવામાં આવેલ ખર્ચની તાલુકાવાર વિગતો સામેલ પત્રક–અ મુજબ છે.

પત્રક–અ

| જિલ્લો | વર્ષ | તાલુકાવાર | જર્જરીત વીજ વાયરો બદલ્યા (કિ.મી) | થાંભલાઓ બદલ્યા (સંખ્યા) | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|
| ભરૂચ | ૨૦૧૫–૧૬ | હાંસોટ | ૨.૮૦ | ૬૩ | ૧.૮૧ |
| | | વાગરા | ૧૬.૨૪ | ૧૨૭ | ૬.૨૯ |
| | | જંબુસર | ૪૫.૬૦ | ૧૮૭ | ૧૪.૬૩ |
| (૨૦૧૫–૧૬) કુલ | | | ૬૪.૬૪ | ૩૭૭ | ૨૨.૭૩ |
| ભરૂચ | ૨૦૧૬–૧૭(ડિસે–૧૬ અંતિત) | હાંસોટ | ૪.૭૦ | ૩૪ | ૧.૭૭ |
| | | વાગરા | ૩૫.૭૪ | ૨૪૪ | ૧૩.૨૦ |
| | | જંબુસર | ૫.૫૦ | ૧૬ | ૧.૬૪ |
| (૨૦૧૬–૧૭ ડિસે.૧૬ અંતિત) કુલ | | | ૪૫.૯૪ | ૨૯૪ | ૧૬.૬૧ |
| ભરૂચ જિલ્લો કુલ | | | ૧૧૦.૫૮ | ૬૭૧ | ૩૯.૩૪ |
| જુનાગઢ | ૨૦૧૫–૧૬ | માંગરોળ | ૪૮.૦૦ | ૨૨૫ | ૨૨.૨૭ |
| | | માલિયા | ૧૭.૦૦ | ૧૫૪ | ૯.૭૪ |
| (૨૦૧૫–૧૬) કુલ | | | ૬૫.૦૦ | ૩૭૯ | ૩૨.૦૧ |
| જુનાગઢ | ૨૦૧૬–૧૭(ડિસે.૧૬ અંતિત) | માંગરોળ | ૧૩.૫૦ | ૫ | ૪.૮૩ |
| | | માલિયા | ૪.૦૦ | ૨૦ | ૧.૯૯ |
| (૨૦૧૬–૧૭ ડિસે.૧૬ અંતિત) કુલ | | | ૧૭.૫૦ | ૨૫ | ૬.૮૨ |

---------

### ગોધરા અને દાહોદ જિલ્લામાં એલઈડી બલ્બનું વિતરણ

* ૩૩૬૦૦ શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ઉજાલા ગુજરાત યોજના હેઠળ વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ગોધરા અને દાહોદ જિલ્લામાં એલઈડી બલ્બનું વિતરણ થયેલ તે હકીકત સાચી છે, અને

(૨) જો હા તો ઉક્ત સ્થિતિએ કેટલા એલઈડી બલ્બનું વિતરણ થયેલ છે ?

જવાબ

(૧) હા. જી, ઉજાલા ગુજરાત યોજના રાજ્યમાં તા.૨૬–૫–૨૦૧૬થી અમલમાં આવેલ છે. તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ પંચમહાલ અને દાહોદ જિલ્લામાં એલઈડી બલ્બનું વિતરણ થયેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ પંચમહાલ અને દાહોદ જિલ્લામાં અનુક્રમે ૫,૭૮,૮૧૩ અને ૪,૪૯,૭૩૨ એલઈડી બલ્બનું વિતરણ થયેલ છે.

---------

### સાબરકાંઠા જિલ્લામાં કુટીર જ્યોતિ યોજનામાં વીજ જોડાણ

* ૩૩૬૧૦ શ્રી જગદીશભાઈ પંચાલ (નિકોલ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

## અતારાંકિત પ્રશ્નો

(૧) વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ આદિજાતિ લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે કુટિર જ્યોતિ યોજના અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

(૧) અને (૨)

આદીજાતિના લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટેની કુટિર જ્યોતિ યોજના અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ માં તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ આપવામાં આવેલ વીજ જોડાણો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | આપવામાં આવેલ વીજ જોડાણ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૫-૧૬ | ૮૨૪ | ૩૦.૩૮ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૨૩૭૭ | ૮૩.૮૮ |
| કુલ | ૩૨૦૧ | ૧૧૪.૨૬ |

---------

### જામનગર અને જોડીયા તાલુકામાં જર્જરીત વીજ વાયરો

* ૩૩૬૩૪ પ્રો. વસુબેન ત્રિવેદી (જામનગર દક્ષિણ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ જામનગર અને જોડીયા તાલુકા કુલ કેટલા કી.મી. જર્જરીત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ જામનગર જિલ્લાના જામનગર અને જોડીયા તાલુકામાં બદલવામાં આવેલ જર્જરીત વીજ વાયર અને થાંભલા તથા તે પરત્વે કરવામાં આવેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| તાલુકા | વર્ષ | બદલવામાં આવેલ જર્જરીત વાયરો (કિ.મી) | બદલવામાં આવેલ થાંભલા | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|
| જામનગર | ૨૦૧૫-૧૬ | ૧૨૯.૫૬ | ૧૮૦ | ૪૮.૦૯ |
| | ૨૦૧૬-૧૭(તા. ૩૧-૧૨-૧૬ અંતિત) | ૫૪.૦૬ | ૧૭૬ | ૨૮.૭૪ |
| કુલ | | ૧૮૩.૬૨ | ૩૫૬ | ૭૬.૮૩ |
| જોડીયા | ૨૦૧૫-૧૬ | ૪૬.૮૮ | ૧૩૪૯ | ૩૯.૯૯ |
| | ૨૦૧૬-૧૭(તા. ૩૧-૧૨-૧૬ અંતિત) | ૧૪.૨૫ | ૧૩૧ | ૧૦.૫૨ |

---------

## અતારાંકિત પ્રશ્નો

### વલસાડમાં પિયતનું પાણી આપવા બાબત

* ૩૨૫૮૬ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ વલસાડમાં ઉકાઈ ડાબા કાંઠા નહેર દ્વારા સમયસર પિયતનું પાણી આપવામાં આવતું નથી તે હકીકત સાચી છે, | (૧) ના જી, પરંતુ ઉકાઈ ડાબા કાંઠા નહેર કમાન્ડ વિસ્તારમાં ઉનાળું ડાંગર તથા શેરડીનુ વાવેતર વધુ થતુ હોઈ, તેમજ વલસાડ તાલુકો નહેરના છેવાડાના વિસ્તારમાં આવેલ હોઈ સિચાઈનું પાણી પહોંચવામાં વિલંબ થાય છે. |
| (૨) જો હા તો તેના કારણો શાં છે, અને | • ઉકાઈ ડાબા કાંઠા નહેરનો છેવાડા પરનો તાલુકો હોવાથી,<br>• યોજનાના ક્રોપીંગ પેટર્નમાં ફેરફાર થવાથી જેમાં શેરડી અને ડાંગરનું વાવેતર વધવાથી પાણીનો વપરાશ વધવા પામેલ છે.<br>• શાખા નહેર લાઈનીંગ વગરની હોવાથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નિયમીત પાણી મળે તે માટે સરકારે શી કાર્યવાહી કરી ? | (૩) ઉકાઈ ડાબા કાંઠા નહેર ૫૦ દિવસ બંધ રાખીને રૂ. ૮૫૫૭.૭૮ લાખના ખર્ચે ૯૩.૮૦ કિ.મી લંબાઈમાં નહેરની લાઈનીંગ સાથે સ્ટ્રકચર્સના આધુનિકરણના કામો પૂર્ણ કરેલ છે. |

---------

### ડાંગ જિલ્લામાં એલઈડી બલ્બનું વિતરણ

* ૩૩૫૯૧ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઉજાલા ગુજરાત યોજના હેઠળ વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં એલઈડી બલ્બનું વિતરણ થયેલ તે હકીકત સાચી છે, અને | (૧)હા જી. ઉજાલા ગુજરાત યોજના રાજ્યમાં તા.૨૬–૫–૨૦૧૬થી અમલમાં આવેલ છે. તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં એલઈડી બલ્બનું વિતરણ થયેલ છે. |
| (૨) જો હા તો ઉક્ત સ્થિતિએ કેટલા એલઈડી બલ્બનું વિતરણ થયેલ છે ? | (૨) ઉક્ત સ્થિતિએ ડાંગ જિલ્લામાં ૯,૧૪૭ એલઈડી બલ્બનું વિતરણ થયેલ છે. |

---------

### દાહોદ અને નવસારી જિલ્લામાં કુટીર જ્યોતિ યોજનામાં વીજ જોડાણ

* ૩૩૬૨૨ શ્રી રમેશભાઈ કટારા (ફતેપુરા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ આદિજાતિના લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે કુટિર જ્યોતિ યોજના અંતર્ગત દાહોદ અને નવસારી જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને<br>(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ? | (૧) અને (૨)<br>આદીજાતિના લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટેની કુટિર જ્યોતિ યોજના અંતર્ગત દાહોદ અને નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ માં તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ આપવામાં આવેલ વીજ જોડાણો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે. |

| દાહોદ જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | આપવામાં આવેલ વીજ જોડાણ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
| ૨૦૧૫–૧૬ | ૨૦૧૩ | ૭૦.૪૬ |
| ૨૦૧૬–૧૭ (તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત) | ૯૪૮ | ૫૯.૯૫ |
| કુલ | ૨૯૬૧ | ૧૩૦.૪૧ |
| નવસારી જિલ્લો | | |

| | | |
|---|---|---|
| ૨૦૧૫-૧૬ | ૭૮૨ | ૨૭.૪૦ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૭૬૩ | ૨૬.૭૧ |
| કુલ | ૧૫૪૫ | ૫૪.૧૧ |

---------

# અતારાંકિત પ્રશ્નો

## મહિસાગર જિલ્લામાં કુટીર જ્યોતિ યોજનામાં વીજ જોડાણ

* ૩૩૬૦૯ શ્રી અરવિંદકુમાર પટેલ (સાબરમતી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ આદિજાતિ લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે કુટીર જ્યોતિ યોજના અંતર્ગત મહિસાગર જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧)અને(૨) આદિજાતિના લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટેની કુટિર જ્યોતિ યોજના અંતર્ગત મહિસાગર જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ આપવામાં આવેલ વીજ જોડાણો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | આપવામાં આવેલ વીજ જોડાણ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૫-૧૬ | ૩૩૯ | ૧૧.૮૭ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૧૬૩ | ૦૫.૯૩ |
| કુલ | ૫૦૨ | ૧૭.૮૦ |

## બનાસકાંઠા જિલ્લામાં કુટીર જયોતિ યોજનામાં વીજજોડાણ

* ૩૩૬૦૫ શ્રી પરબતભાઈ પટેલ (થરાદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ આદિજાતિનાં લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે કુટીર જ્યોતિ પેટા યોજના અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧)અને(૨) આદિજાતિના લોકોને ઘર વપરાશના વીજ જોડાણો માટેની કુટિર જ્યોતિ યોજના અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ આપવામાં આવેલ વીજ જોડાણો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

બનાસકાંઠા જિલ્લો

| વર્ષ | આપવામાં આવેલ વીજ જોડાણ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૫-૧૬ | ૩૧૦ | ૨૫.૩૦ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૨૫૩ | ૨૨.૧૦ |
| કુલ | ૫૬૩ | ૪૭.૪૦ |

## કચ્છ અને જામનગર જિલ્લામાં ઝૂંપડપટ્ટી વિજળીકરણ યોજના

* ૩૩૬૪૧ ડૉ. નીમાબેન આચાર્ય (ભૂજ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત કચ્છ અને જામનગર જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

જવાબ

(૧)અને(૨) ઘર વપરાશના વીજ જોડાણો માટેની ઝુંપડા વીજળીકરણ યોજના અંતર્ગત કચ્છ અને જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ આપવામાં આવેલ વીજ જોડાણો અને તે માટે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| કચ્છ જિલ્લો | | |
|---|---|---|
| વર્ષ | આપવામાં આવેલ વીજ જોડાણ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
| ૨૦૧૫-૧૬ | ૫૧૮ | ૧૯.૧૦ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૮૯૮ | ૫૧.૫૩ |
| કુલ | ૧૪૧૬ | ૭૦.૬૩ |
| જામનગર જિલ્લો | | |
| ૨૦૧૫-૧૬ | ૬૮૯ | ૩૯.૧૫ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિત) | ૬૭૬ | ૨૬.૭૯ |
| કુલ | ૧૩૬૫ | ૬૫.૯૪ |

---------

## ૩૦મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નોત્તરી

મહેસાણા અને પાટણ જિલ્લામાં એલઇડી બલ્બનું વિતરણ

* ૩૩૫૯૨ શ્રી નારાયણભાઈ પટેલ (ઉંઝા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ઉજાલા ગુજરાત યોજના હેઠળ વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા અને પાટણ જિલ્લામાં એલઈડી બલ્બનું વિતરણ થયેલ તે હકીકત સાચી છે, અને | (૧) હા જી, ઉજાલા ગુજરાત યોજના રાજ્યમાં તા.૨૬/૦૫/૨૦૧૬ થી અમલમાં આવેલ છે. તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા અને પાટણ જિલ્લામાં એલઇડી બલ્બનું વિતરણ થયેલ છે. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા એલઈડી બલ્બનું વિતરણ થયેલ છે ? | (૨) ઉક્ત સ્થિતિએ મહેસાણા અને પાટણ જિલ્લામાં અનુક્રમે ૧૬,૪૫,૩૧૯ અને ૧,૮૦,૮૮૩ એલઇડી બલ્બનું વિતરણ થયેલ છે. |

---------

અતારાંકિત પ્રશ્નોત્તરી

છવ્વીસમી, સત્તાવીસમી, અઠ્ઠાવીસમી, ઓગણત્રીસમી, ત્રીસમી, એકત્રીસમી, બત્રીસમી, તેત્રીસમી, ચોત્રીસમી અને પાંત્રીસમી અતારાંકિત યાદી

અધ્યક્ષશ્રી : અતારાંકિત પ્રશ્નોની છવ્વીસમી, સત્તાવીસમી, અઠ્ઠાવીસમી, ઓગણત્રીસમી, ત્રીસમી, એકત્રીસમી, બત્રીસમી, તેત્રીસમી, ચોત્રીસમી અને પાંત્રીસમી યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવે છે.

છવ્વીસમી અતારાંકિત યાદી

ગુજરાતમાંથી મહારાષ્ટ્રમાં મોકલાતી દૂધાળી ભેંસો

અતારાંકિતઃ ૧૦૧૩૦ (૧૫–૧૧–૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) ગુજરાતમાંથી સન ૨૦૧૪ અને ૨૦૧૫ માં કેટલી દૂધાળી ભેંસોને મહારાષ્ટ્ર મોકલવામાં આવી, અને

(૨) ગુજરાતમાંથી મહારાષ્ટ્રમાં દૂધાળી ભેંસોને મોકલવાથી રાજ્યમાં ભેંસની વસ્તી ઘટે છે તે હકીકત સાચી છે કેમ ?

પશુપાલનમંત્રીશ્રી : (૩૦–૦૧–૨૦૧૭)

(૧) ગુજરાતમાંથી સન ૨૦૧૪ અને ૨૦૧૫ માં એક પણ દૂધાળી ભેંસને મહારાષ્ટ્ર મોકલવામાં આવી નથી.

(૨) લાગુ પડતું નથી.

-------

જૂનાગઢ જિલ્લામાં ખેતીના પાકમાં મુંડા જીવાતથી થયેલ નુકશાન

અતારાંકિતઃ ૧૦૪૧૦ (૦૮–૧૧–૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) જૂનાગઢ જિલ્લામાં ખેતીના પાકમાં મુંડા જીવાતથી થયેલ નુકશાનનો સર્વે કરવા સંબંધિત જિલ્લા કલેકટરે

તા. ૩૦ સપ્ટેમ્બર–૨૦૧૬માં આદેશ કર્યો હતો તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ સર્વે રીપોર્ટ કૃષિ વિભાગ–ગાંધીનગરને ક્યારે મળ્યો, અને

(૩) ઉક્ત રીપોર્ટના આધારે ખેડૂતોને થયેલ નુકશાન ચૂકવવા શી કાર્યવાહી થઈ ?

કૃષિ મંત્રીશ્રી : (૨૩–૧–૨૦૧૭)

(૧) ના, પરંતુ તા. ૨૨ સપ્ટેમ્બર–૨૦૧૬ના રોજ જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ હુકમ કરેલ હતો.

(૨) ઉક્ત જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા થયેલ હુકમ અંતર્ગત થયેલ સર્વે રીપોર્ટ ના.ખે.નિ.(વિ.)–જૂનાગઢની કચેરી દ્વારા જા. નં. ના. ખે.નિ.(વિ.)/ડી.એલ.એમ.સી./૩૨૪૫–૫૫/૧૬, તા. ૨૦–૧૦–૨૦૧૬ ના પત્રથી ખેતી નિયામકશ્રી, ગાંધીનગરની કચેરીને તા. ૨૦–૧૦–૨૦૧૬ ના રોજ મળેલ છે.

(૩) ઠરાવ મુજબ ૫૦% થી ઓછી નુકશાની હોઈ, ચૂકવવાની કાર્યવાહી કરવાની રહેતી નથી.

-------

**B-35-1** રમેન ડેવલપમેન્ટ રીબેટ ઓફ એચ.એસ.ડી.ઓઈલ અને માછીમારોમાં વિકાસ માટે ભારત સરકારની સહાય

અતારાંકિતઃ ૧૧૧૮૧ (૧૦–૧–૨૦૧૭) ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :–

## અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) ફીશરમેન ડેવલપમેન્ટ રીબેટ ઓન એચ.એસ.ડી. ઓઈલ (બોટમાં વપરાતા ડીઝલ ઉપર સહાય) અને માછીમારોનાં વિકાસ માટે ભારત સરકાર તરફથી તા. ૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉકત મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી : (૨૫–૦૧–૨૦૧૭)

(૧) ના જી

(૨) લાગુ પડતુ નથી.

(૩) લાગુ પડતુ નથી.

-------

ફીશરમેન ડેવલપમેન્ટ રીબેટ ઓફ એચ.એસ.ડી.ઓઈલ માટે કેન્દ્ર સરકાર સમક્ષ રજૂઆત

અતારાંકિતઃ ૧૧૪૨૭ (૧૦–૧–૨૦૧૭) ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :–

(૧) ફીશરમેન ડેવલપમેન્ટ રીબેટ ઓન એચ.એસ.ડી. ઓઈલ માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ તા. ૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં ક્યારે રજૂઆત કે દરખાસ્ત કરી, અને

(૨) તે અન્વયે રાજ્ય સરકારને શા પ્રતિભાવ મળ્યા ?

મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી : (૨૭–૦૧–૨૦૧૭)

(૧) ફીશરમેન ડેવલપમેન્ટ રીબેટ ઓન એચ.એસ.ડી. ઓઈલ યોજના અન્વયે કેન્દ્ર સરકારના મીનીસ્ટ્રી ઓફ એગ્રીકલ્ચર, ડીપાર્ટમેન્ટ ઓફ એનીમલ હસ્બન્ડરી, ડેરીંગ એન્ડ ફીશરીઝ, નવી દિલ્હીના પત્ર ક્રમાંકઃ ૩૩૦૧૫–૩/૨૦૦૭/એફવાય, તા. ૧૯–૦૨–૨૦૦૯ થી યોજનાના નોમ્સમાં ફેરફાર કરતાં યોજનાનો લાભ માત્ર ગરીબી રેખા હેઠળ આવતા માછીમાર બોટ ધારકોને જ મળવાપાત્ર છે. જે શરત દૂર કરવા માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ તા. ૩૦–૧૧–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં નીચે મુજબ રજૂઆત કે દરખાસ્ત કરેલ છે.

૧. તત્કાલિન માન. કૃષિ મંત્રીશ્રીના પત્ર ક્રમાંકઃ એમ/એગ્રી એન્ડ લો/વીઆઈપી–૧૨૭૪, તા. ૧૮–૦૨–૨૦૧૨.

૨. કૃષિ અને સહકાર વિભાગ (મત્સ્યોદ્યોગ પ્રભાગ) ના પત્ર ક્રમાંકઃ એફડીવી–૧૨૨૦૦૮–૨૦૪૧–ટી,
તા. ૩૧–૧૨–૨૦૧૩.

૩. કૃષિ અને સહકાર વિભાગ (મત્સ્યોદ્યોગ પ્રભાગ) ના પત્ર ક્રમાંકઃ એફડીવી–૧૨૨૦૦૮–૨૦૪૧–ટી,
તા. ૧૭–૧૨–૨૦૧૪.

૪. મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રી, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ ગુમ/થ–૨/૩/૨૦૧૬–૧૭/૩૩૧, તા. ૦૧–૦૭–૨૦૧૬.

(૨) ઉક્ત રજૂઆતો અન્વયે રાજ્ય સરકારને કોઈ પ્રતિભાવ મળેલ નથી.

-------

ફીશરમેન ડેવલપમેન્ટ રીબેટ ઓન એચ.એસ.ડી.ઓઈલ અંતર્ગત બી. પી. એલ. નોર્મ્સ બાબત

અતારાંકિતઃ ૧૧૪૨૮ (૧૦–૧–૨૦૧૭) ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :–

(૧) ફીશરમેન ડેવલપમેન્ટ રીબેટ ઓન એચ.એસ.ડી. ઓઈલ માટેની કેન્દ્ર સરકારની નીતિ–૨૦૦૯ માંથી બી. પી. એલ. નો નોર્મ્સ દૂર કરવા માટે કૃષિ મંત્રીશ્રીના તા. ૩૧–૧૨–૨૦૧૩ અને ત્યારબાદ વિભાગના તા. ૧૭–૧૨–૨૦૧૪ના પત્રથી કેન્દ્ર સરકાર સમક્ષ નોર્મ્સ બદલવા રજૂઆત કે દરખાસ્ત કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૦–૧૧–૨૦૧૬ સુધીમાં કેન્દ્ર સરકાર તરફથી શા પ્રતિભાવ મળ્યા ?

મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી : (૨૭–૦૧–૨૦૧૭)

(૧) હા જી.

(૨) તા. ૩૦–૧૧–૨૦૧૬ સુધીમાં કેન્દ્ર સરકાર તરફથી કોઈ પ્રતિભાવ મળેલ નથી.

-------

રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો હક્ક

અતારાંકિતઃ ૯૫૫૨ (૨૦–૦૮–૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ–

## અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) રાજ્યમાં બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ–૨૦૦૯ અન્વયે ૬ થી ૧૪ વર્ષની ઉંમરના તમામ બાળકોને તેની નજીકની શાળામાં મફત અને ફરજિયાત શિક્ષણ મેળવવાનો હક્ક આપવામાં આવ્યો છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧ મે–૨૦૧૬ની સ્થિતિએ ૬ થી૧૪ વર્ષની ઉંમરના કેટલાં બાળકોને મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણથી વંચિત જણાયા છે, અને

(૩) આ મૂળભૂત હક્કથી વંચિત બાળકોને તેનો હક્ક પુરો પાડવા શી વ્યવસ્થા થઇ છે ?

શિક્ષણ મંત્રીશ્રીઃ (૨૩–૦૧–૨૦૧૭)

(૧) હા.

(૨) તા.૩૧ મે–૨૦૧૬ની સ્થિતિએ ૬ થી ૧૪ વર્ષની ઉંમરના મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણથી વંચિત બાળકોની સંખ્યાઃ

| | રાજકોટ જિલ્લો | | મોરબી જિલ્લો | | સુરેન્દ્રનગર જિલ્લો | |
|---|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકાનું નામ | વંચિત બાળકોની સંખ્યા | તાલુકાનું નામ | વંચિત બાળકોની સંખ્યા | તાલુકાનું નામ | વંચિત બાળકોની સંખ્યા |
| ૧ | ધોરાજી | ૪૫ | મોરબી | ૩૩૧ | ચોટીલા | ૧૩૮ |
| ૨ | ગોંડલ | ૯૪ | માળીયા | ૭૯ | ચુડા | ૨ |
| ૩ | જામ કંડોરણા | ૧૫ | હળવદ | ૬૩ | ધાંગ્રધા | ૧૪૯ |
| ૪ | જસદણ | ૮૫ | ટંકારા | ૧૫ | લખતર | ૧૧ |
| ૫ | જેતપુર | ૮૬ | વાંકાનેર | ૪૭ | લીંબડી | ૧૦૮ |
| ૬ | કોટડા સાંગાણી | ૧૦૧ | | | પાટડી | ૧૦૬ |
| ૭ | લોધિકા | ૭૦ | | | સાયલા | ૮૪ |
| ૮ | પડધરી | ૫ | | | થાનગઢ | ૨૫ |
| ૯ | રાજકોટ | ૧૧૧ | | | વઢવાણ | ૩૦ |
| ૧૦ | ઉપલેટા | ૬ | | | મુળી | ૦૦ |
| ૧૧ | વિંછિયા | ૭૫ | | | | |
| | કુલ | ૬૯૩ | | ૫૩૫ | | ૬૫૩ |

(૩) તમામ બાળકોને સ્પેશિયલ ટ્રેનિંગના વર્ગોમાં સામેલ કરવામાં આવેલ છે.

–––––––

### રાજ્યમાં ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્યમાલ ઉપર દરોડાઓ

અતારાંકિતઃ ૧૦૭૮૪ (૦૫–૧૨–૨૦૧૬) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ–

(૧) રાજ્યમાં ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્યમાલ ઉપર તા.૩૧–૧૦–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર જિલ્લાવાર કેટલા દરોડાઓ પાડવામાં આવ્યા, અને

(૨) ઉક્ત જિલ્લાવાર કેટલી કિંમતનો કયા પ્રકારના ખાદ્યમાલનો કેટલો જથ્થો રાજ્યસાત કરવામાં આવશે ?

અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી: (૨૭–૦૧–૨૦૧૭)

(૧) અને (૨) રાજ્યમાં ગેરકાયદે સંગ્રહ કરેલ ખાદ્યમાલ ઉપર તા.૩૧–૧૦–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર તથા જિલ્લાવાર પાડવામાં આવેલ દરોડાઓ અને રાજ્યસાત કરેલ ખાદ્યમાલની વિગતો દર્શાવતા પત્રક ૧ થી ૫ આ સાથે સામેલ છે.*

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

–––––––

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### રાજયમાં ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્યમાલ ઉપર દરોડા

અતારાંકિતઃ ૧૦૯૪૬ (૨૩–૧૨–૨૦૧૬) શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરીયાપુર): માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :–

(૧) તા. ૩૧–૧૦–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજયમાં જિલ્લાવાર પુરવઠા ખાતાએ ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્ય માલ ઉપર કેટલા દરોડા પાડયા, અને

(૨) તેમાં કેટલી રકમનો કેટલો જથ્થો રાજયસાત કરેલ છે?

અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી : (૨૭–૦૧–૨૦૧૭)

(૧) અને (૨) તા. ૩૧–૧૦–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજયમાં જિલ્લાવાર પુરવઠા ખાતાએ ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્ય માલ ઉપર પાડેલા દરોડાઓ અને રાજયસાત કરેલ જથ્થો દર્શાવતું પત્રક આ સાથે સામેલ છે.

તા. ૦૧-૧૧-૨૦૧૧ થી ૩૧-૧૦-૨૦૧૬ દરમ્યાન જિલ્લાવાર પાડેલ દરોડા તથા ખાદ્યમાલનો રાજ્યસાત કરેલ જથ્થો અને તેની કિંમત દર્શાવતું પત્રક

| જિલ્લાનું નામ | દરોડાની સંખ્યા | અનાજ રાજ્યસાત | | કઠોળ રાજ્યસાત | | ખાંડ રાજ્યસાત | | ખાદ્ય તેલ રાજ્યસાત | | ખાદ્યતેલીબીયાં રાજ્યસાત | | મીઠુ રાજ્યસાત | | કુલ રાજ્યસાત કિંમત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | જથ્થો (કિલોમાં) | કિંમત (રૂ.) | જથ્થો (કિલોમાં) | કિંમત (રૂ.) | જથ્થો (કિલોમાં) | કિંમત (રૂ.) | જથ્થો (કિલોમાં) | કિંમત (રૂ.) | જથ્થો (કિલોમાં) | કિંમત ( રૂ.) | જથ્થો (કિલોમાં) | કિંમત (રૂ.) | |
| અમદાવાદ શ. | ૮૧૯ | ૮૬૫૫૭ | ૮૧૮૮૬૩ | ૧૦૩૧ | ૪૩૯૧૫ | ૧૫૯૧ | ૨૨૩૨૭ | ૫૧૭૩ | ૩૫૧૯૪૫ | ૩૦ | ૨૨૬૦ | ૬૦૦ | ૬૦૦ | ૧૨૩૯૯૧૦ |
| અમદાવાદ જિ. | ૧૯૬૬ | ૫૯૬૪૯ | ૬૫૮૭૫૬ | ૪૪૨ | ૨૭૩૫૭ | ૪૫૪ | ૬૧૨૯ | ૬૦૯૮ | ૪૯૭૮૭૯ | ૧૫૪ | ૫૨૧૯ | ૯ | ૯ | ૧૧૯૫૩૪૯ |
| અમરેલી | ૧૬૪૪ | ૩૪૧૧૨ | ૩૦૩૯૫૭ | ૨૫૦ | ૧૪૨૧૦ | ૨૪૮૨ | ૩૯૦૨૧ | ૧૫૬૨ | ૧૨૩૨૮૮ | ૯૮૧૧ | ૪૦૫૯૬૫ | ૧૮ | ૧૮ | ૮૮૬૪૫૯ |
| અરવલ્લી | ૮૩ | ૭૯૪૬ | ૧૧૦૮૭૬ | ૫૬૧ | ૨૮૩૬૦ | ૬૫૨ | ૧૭૫૭૦ | ૩૧૦૫ | ૧૯૯૮૭૩ | ૧૩૭૫ | ૭૩૭૭૩ | ૦ | ૦ | ૪૩૦૪૭૨ |
| આણંદ | ૧૨૬૮ | ૪૪૦૮૯૫ | ૪૫૯૨૬૬૨ | ૧૧૦૬ | ૪૩૬૮૦ | ૧૦૧૦૦ | ૨૨૦૧૩૬ | ૩૮૨૮ | ૧૭૭૯૬૯ | ૦ | ૦ | ૨૭૮૪ | ૨૭૮૪ | ૫૦૩૭૨૩૧ |
| બનાસકાંઠા | ૬૩૯૯ | ૬૪૩૩૦ | ૮૧૬૪૧૩ | ૯૫૫ | ૫૦૫૨૪ | ૭૬૮ | ૧૮૯૬૧ | ૩૩૨૭ | ૨૨૪૩૬૧ | ૨૪૯૧ | ૧૦૭૭૫૭ | ૧ | ૧ | ૧૨૧૮૦૧૭ |
| બોટાદ | ૩૯૭ | ૫૭૭૭૬ | ૩૧૮૮૨૯ | ૦ | ૦ | ૨૫૬ | ૩૩૩૦ | ૧૬૬૧ | ૧૧૮૩૭૫ | ૦ | ૦ | ૧૧૦ | ૧૧૦ | ૪૪૦૬૪૪ |
| ભાવનગર | ૩૮૪ | ૧૬૮૬૭ | ૨૫૯૬૧૧ | ૨૦૫ | ૨૧૪૬૮ | ૧૦૪૧ | ૩૧૨૧૧ | ૧૬૨૪ | ૧૫૬૨૭૦ | ૪૮૪ | ૨૩૮૬૩ | ૦ | ૦ | ૪૯૨૪૨૩ |
| ભરૂચ | ૨૦૯ | ૩૪૩૫૯ | ૪૨૯૨૭૨ | ૪૦૯૯ | ૧૯૩૧૩૫ | ૫૮૯ | ૧૩૪૦૮ | ૫૧૧૬ | ૨૩૧૪૯૯ | ૯૦ | ૫૪૦૦ | ૦ | ૦ | ૮૭૨૭૧૪ |
| છોટાઉદેપુર | ૪૩૫ | ૧૪૭૩૦૦ | ૯૬૫૫૭૯ | ૦ | ૦ | ૨૮૬૪ | ૩૨૨૦૫ | ૪૭૬ | ૨૫૮૪૫ | ૦ | ૦ | ૯૮૯ | ૯૮૯ | ૧૦૨૪૬૧૮ |
| ડાંગ | ૧૭૫ | ૭૪૬૬ | ૪૯૭૨૮ | ૦ | ૦ | ૩૨૮ | ૪૯૩૮ | ૪ | ૨૦૦ | ૦ | ૦ | ૨૨ | ૧૧૦ | ૫૪૯૭૬ |
| દાહોદ | ૨૦૦૬ | ૭૯૭૬૪ | ૧૦૫૮૯૩૦ | ૭૮૧૯ | ૨૯૦૫૪૭ | ૩૪૯૬ | ૯૧૫૮૭ | ૪૩૦૯ | ૨૭૮૧૩૩ | ૦ | ૦ | ૨૮૨ | ૨૮૨ | ૧૭૧૯૪૭૯ |
| દેવભુમિ દ્વારકા | ૯૪ | ૨૦૨૬૨ | ૧૪૧૫૨૯ | ૨૮૦૦ | ૧૮૬૦૧૮ | ૩૩૪ | ૪૫૧૨ | ૪૦૯ | ૨૮૯૫૨ | ૦ | ૦ | ૯૩ | ૯૩ | ૩૬૧૧૦૪ |
| ગાંધીનગર | ૮૫૮ | ૪૩૦૫ | ૪૯૪૪૪ | ૬૭૫ | ૨૮૨૨૩ | ૦ | ૦ | ૩૦૨૪ | ૨૪૯૭૧૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૩૨૭૩૮૨ |
| ગીર સોમનાથ | ૧૯ | ૪૬૫૪૯ | ૬૩૬૨૯૨ | ૪૦૦ | ૧૨૦૦૦ | ૦ | ૦ | ૮૩૯ | ૯૨૩૩૦ | ૧૪૫૩ | ૭૦૪૪૭ | ૦ | ૦ | ૮૧૧૦૬૯ |
| જામનગર | ૪૭૪ | ૮૧૭૬૩ | ૫૮૧૭૮૦ | ૩૯૫૧ | ૨૬૩૯૭૮ | ૧૧૧૯ | ૪૨૩૦૩ | ૩૨૬૫ | ૨૫૩૦૭૨ | ૩૫૪ | ૨૧૬૭૯ | ૧૩૬૨ | ૧૩૬૨ | ૧૧૬૪૧૭૪ |
| જુનાગઢ | ૨૯૯૦ | ૧૮૮૩૧૯ | ૧૪૨૭૩૬૫ | ૬૧૯૩ | ૩૨૧૬૨૯ | ૩૪૮૦ | ૫૦૨૩૪ | ૪૯૦૭ | ૩૨૮૪૬૪ | ૧૭૭૧૦૬ | ૮૮૨૨૯૪૧ | ૪૭૭ | ૪૭૭ | ૧૦૯૫૧૧૧૦ |
| ખેડા | ૩૧૬૨ | ૪૨૩૯૬ | ૪૨૯૯૮૫ | ૨૨૫ | ૧૩૯૩૩ | ૨૪૩૦ | ૩૫૧૨૬ | ૨૩૦૬ | ૧૬૨૦૫૬ | ૦ | ૦ | ૧૭૦૧ | ૧૭૦૧ | ૬૪૨૮૦૧ |
| કચ્છ | ૧૮૬૬ | ૪૫૭૯ | ૬૯૭૪૮ | ૦ | ૦ | ૩૭ | ૫૦૪ | ૭૦૯૧ | ૩૯૦૦૨૮ | ૧૪૧ | ૧૦૪૧૦ | ૦ | ૦ | ૪૭૦૬૯૦ |
| મહેસાણા | ૫૭૫ | ૪૬૧૦૯ | ૭૮૦૧૨૬ | ૧૯૯૩ | ૯૯૪૨૭ | ૭૯૭ | ૨૯૭૦૪ | ૧૦૧૨૭ | ૬૭૩૪૦૩ | ૩૫૪૫ | ૨૩૩૦૦૫ | ૩૪૧ | ૪૨૦ | ૧૮૧૬૦૮૫ |
| મહીસાગર | ૭૪૩ | ૮૯૬૭ | ૮૬૧૩૦ | ૫૫ | ૧૮૮૫ | ૦ | ૦ | ૭ | ૫૭૩ | ૩૮ | ૧૫૭૫ | ૦ | ૦ | ૯૦૧૬૩ |
| મોરબી | ૬૧ | ૧૯૧૯ | ૩૨૯૦૪ | ૦ | ૦ | ૧૭ | ૫૧૮ | ૫ | ૩૫૦ | ૧૧૨ | ૫૦૬૩ | ૩૨ | ૬૪ | ૩૮૮૯૯ |
| નવસારી | ૫૩૬ | ૨૧૮૭૬૧ | ૨૫૦૭૮૫૧ | ૨૪૯૮ | ૧૩૧૨૬૬ | ૪૦૨૫ | ૬૮૪૬૭ | ૨૩૬૮ | ૧૩૨૩૨૬ | ૦ | ૦ | ૬૩૦ | ૬૩૦ | ૨૮૪૦૫૪૦ |
| નર્મદા | ૪૦૯ | ૩૦૯૨૬ | ૫૦૫૭૪૩ | ૧૯૨ | ૧૦૫૩૩ | ૩૭૭ | ૯૮૨૧ | ૫૫ | ૩૫૧૮ | ૦ | ૦ | ૪૫ | ૪૫ | ૫૨૯૬૬૦ |
| પંચમહાલ | ૧૩૩૪ | ૩૨૬૦૯ | ૪૦૩૮૫૮ | ૫૯૬ | ૨૬૦૬૮ | ૧૧૩ | ૧૫૧૭ | ૧૩૦૭ | ૯૬૬૪૩ | ૮૫ | ૨૫૫૦ | ૦ | ૦ | ૫૩૦૬૩૬ |
| પાટણ | ૧૫૭૭ | ૮૮૧૭ | ૧૩૧૪૮૨ | ૧૫૬૮ | ૬૩૮૬૯ | ૨૨૬ | ૩૦૫૧ | ૬૮૩૧ | ૫૮૨૦૦૭ | ૪૦૧૯ | ૧૬૧૫૭૯ | ૦ | ૦ | ૯૪૧૯૮૮ |
| પોરબંદર | ૭૦૭ | ૧૦૪૦૩ | ૧૦૩૧૪૮ | ૦ | ૦ | ૨૨૦ | ૪૬૧૦ | ૧૪૬ | ૧૭૯૩૩ | ૦ | ૦ | ૮૬ | ૮૬ | ૧૨૫૭૭૭ |
| રાજકોટ | ૩૨૭૦ | ૬૩૦૯૦૭ | ૭૮૪૬૯૭૯ | ૧૮૮૨૧ | ૧૭૭૯૩૯૩ | ૫૭૭૬ | ૧૧૮૫૭૮ | ૨૮૮૧૮ | ૨૩૬૭૭૭૬ | ૧૧૮૮૩ | ૭૫૮૩૭૮ | ૨૯૨૧ | ૪૫૨૧ | ૧૨૮૭૫૬૨૫ |
| સાબરકાંઠા | ૧૨૧૭ | ૩૭૩૪૧ | ૬૧૩૨૯૪ | ૬૨૩૬ | ૪૦૭૧૮૪ | ૨૭૫૦ | ૫૯૦૬૦ | ૫૦૮૪ | ૩૨૫૮૩૦ | ૧૬૯૯૫ | ૬૮૩૪૧૨ | ૧૨૦ | ૧૨૦ | ૨૦૮૮૯૦૦ |
| સુરત | ૬૪૯ | ૧૯૯૨૮૩ | ૨૩૬૬૭૩૨ | ૨૭૪૮ | ૨૫૯૯૦૦ | ૯૪૯ | ૨૪૨૩૭ | ૭૦૧૩ | ૪૬૮૩૫૮ | ૧૧૭ | ૮૧૫૫ | ૦ | ૦ | ૩૧૨૭૩૮૨ |
| સુરેન્દ્રનગર | ૩૨૫૫ | ૩૨૬૪૫ | ૩૬૨૬૦૫ | ૧૩ | ૫૭૫ | ૩૬૬ | ૫૭૮૫ | ૧૭૧૮૮ | ૧૫૦૯૦૮૨ | ૧૩૫૩ | ૮૨૧૩૫ | ૧૫૬ | ૧૫૬ | ૧૯૬૦૩૩૮ |
| તાપી | ૧૧૬ | ૩૪૭૯૫ | ૨૬૦૮૧૬ | ૧૫ | ૭૫૦ | ૬૪૪ | ૧૧૯૫૭ | ૩૬૧ | ૨૬૦૭૫ | ૬૩ | ૪૧૩૪ | ૦ | ૦ | ૩૦૩૭૩૨ |
| વડોદરા | ૧૨૭ | ૧૮૨૩૦૭ | ૯૫૩૯૭૨ | ૬૮૮ | ૨૨૪૯૨ | ૨૦૯૪ | ૨૯૪૨૭ | ૬૩૪૭ | ૫૦૬૫૫૮ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૫૧૨૪૪૯ |
| વલસાડ | ૩૬૩ | ૬૧૮૩૯ | ૪૧૩૭૨૬ | ૩૯૮ | ૨૨૬૭૨ | ૨૪૮૦ | ૫૮૨૪૯ | ૧૬૭૩ | ૬૯૨૩૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૫૬૩૮૮૩ |
| | ૪૦૧૮૭ | ૨૯૬૨૮૨૨ | ૩૧૦૮૮૯૮૫ | ૬૬૫૩૩ | ૪૩૬૪૯૯૧ | ૫૨૮૫૫ | ૧૦૫૮૪૮૩ | ૧૪૫૪૫૩ | ૧૦૬૬૯૯૪૨ | ૨૩૧૬૯૯ | ૧૧૪૮૯૭૦૦ | ૧૨૭૭૯ | ૧૪૫૭૮ | ૫૮૬૮૬૬૭૯ |

## રાજ્યમાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં પડતર કેસો

અતારાંકિતઃ ૧૦૯૪૭ (૨૩–૧૨–૨૦૧૬) શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર): માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૧૦–૧૬ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં કેટલા કેસો પડતર છે, અને

(૨) ઉકત પડતર કેસોનો ઝડપી નિકાલ થાય તે માટે સરકારે શું આયોજન કર્યુ ?

નાગરિક પુરવઠા મંત્રીશ્રી : (૨૫–૧–૨૦૧૭)

(૧)

| ક્રમ | જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમનું નામ | તા. ૩૧–૧૦–૨૦૧૬ની સ્થિતિએ પડતર કેસોની વિગત |
|---|---|---|
| ૧ | અમદાવાદ (મુખ્ય) | ૧૦૯૫ |
| ૨ | અમદાવાદ (ગ્રામ્ય) | ૮૯૫ |
| ૩ | અમદાવાદ (એડી) | ૮૦૮ |
| ૪ | અમરેલી | ૧૯૯ |
| ૫ | આણંદ | ૪૬૬ |
| ૬ | બનાસકાંઠા | ૨૪૩ |
| ૭ | ભરુચ | ૭૦૭ |
| ૮ | નર્મદા | ૫૩ |
| ૯ | ભાવનગર | ૩૧૭ |
| ૧૦ | બોટાદ | ૪૦ |
| ૧૧ | ગાંધીનગર | ૩૧૭ |
| ૧૨ | જામનગર | ૧૨૮ |
| ૧૩ | દેવભુમિ દ્વારકા | ૧૯ |
| ૧૪ | જૂનાગઢ | ૨૨૪ |
| ૧૫ | ગીરસોમનાથ | ૬૩ |
| ૧૬ | પોરબંદર | ૧૬ |
| ૧૭ | ખેડા | ૧૩૨ |
| ૧૮ | કચ્છ | ૫૩૫ |
| ૧૯ | મહેસાણા | ૩૬૧ |
| ૨૦ | નવસારી | ૬૪ |
| ૨૧ | પંચમહાલ | ૬૩૭ |
| ૨૨ | દાહોદ | ૧૬૦ |
| ૨૩ | મહિસાગર | ૩૪૦ |
| ૨૪ | પાટણ | ૬૭ |
| ક્રમ | જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમનું નામ | તા. ૩૧–૧૦–૨૦૧૬ની સ્થિતિએ પડતર કેસોની વિગત |
| ૨૫ | રાજકોટ (ગ્રામ્ય) | ૩૮૦ |
| ૨૬ | રાજકોટ (એડી) | ૨૭૯ |
| ૨૭ | મોરબી | ૧૯ |
| ૨૮ | સાબરકાંઠા | ૧૨૫ |
| ૨૯ | અરવલ્લી | ૮૬ |
| ૩૦ | સુરત (મુખ્ય) | ૭૮૨ |
| ૩૧ | સુરત (એડી) | ૧૩૯૮ |
| ૩૨ | તાપી | ૨૬ |

| | | |
|---|---|---|
| ૩૩ | સુરેન્દ્રનગર | ૧૧૩ |
| ૩૪ | વડોદરા (મુખ્ય) | ૨૧૧૦ |
| ૩૫ | વડોદરા (એડી) | ૨૧૪૫ |
| ૩૬ | છોટાઉદેપુર | ૪૧ |
| ૩૭ | વલસાડ | ૨૪૬ |
| ૩૮ | ડાંગ | ૨ |
| | કુલ | ૧૫૬૩૮ |

(૨) જૂના કેસોમાં ટૂંકી મુદત આપી પ્રાથમિકતાનાં ધોરણે કેસોનો નિકાલ કરવામાં આવે છે, ઝડપી નિકાલ માટે અવાર નવાર લોક અદાલતોનું આયોજન કરવા અંગેની સુચના આપવામાં આવેલ છે, ન્યાયીક અને વહીવટી જગ્યાઓ વધુ સમય ખાલી ન રહે તે માટે નિયમોનુસાર યોગ્ય કાર્યવાહી કરવામાં આવેલ છે.

-------

જામનગર, વલસાડ અને નવસારી જિલ્લામાં 'સેરીબલ પાલ્સી' રોગના દર્દીઓ

અતારાંકિતઃ ૮૯૦૬ (૧૨-૦૮-૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર-ગ્રામ્ય): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) જામનગર, વલસાડ અને નવસારી જિલ્લામાં 'સેરીબલ પાલ્સી' રોગથી તા. ૩૧ મી ડિસેમ્બર ૨૦૧૫ ની સ્થિતિએ કેટલા દર્દીઓ પીડાઈ રહેલા નોંધાયા છે, અને

(૨) આ રોગથી પીડાતા દર્દીઓને સરકાર તરફથી શી આરોગ્ય વિષયક સારવાર-સુવિધા વર્ષ ૨૦૧૫માં પૂરી પાડવામાં આવી ?

આરોગ્ય મંત્રીશ્રી : (રાજ્યકક્ષા) (૨૩-૦૧-૨૦૧૭)

(૧) તા. ૩૧ મી ડિસેમ્બર ૨૦૧૫ ની સ્થિતિએ 'સેરીબલ પાલ્સી' રોગથી પીડાઈ રહેલા દર્દીઓની સંખ્યા જામનગર જિલ્લામાં ૧૨૫, વલસાડ જિલ્લામાં ૦૩ અને નવસારી જિલ્લામાં ૧૯ નોંધાયેલ છે.

(૨) વર્ષ ૨૦૧૫ માં આ રોગથી પિડાતા દર્દીઓને સરકાર તરફથી ફિઝિયોથેરાપીની સારવાર જેવી કે, પેસીવ મુવમેન્ટ, ગેટ ટ્રેનિંગ સાઈટ સીટીંગ, સ્ટેર્ચીંગ સ્પાસટીચ મલમ બેલેન્સ એકસરસાઈઝ તેમજ બાળ રોગ નિષ્ણાંત દ્વારા તપાસ કરાવી જરૂરી કસરત તથા તેની સાથેની બીમારીઓની દવાઓ તેમજ આ રોગ સાથે અન્ય બિમારી હોય તો જુદા જુદા નિષ્ણાંત દ્વારા સુચવવામાં આવતી સારવાર (સ્ટીમ્યુલેશન થેરાપી, દવાઓ, ઇંજેકશન, એમ.આર.આઈ. તપાસ, માયનોર કે મેજર સર્જરી, એપીલેપ્સીની સારવાર, સાયકોલોજીકલ થેરાપી, કાઉન્સીલીંગ અને રિહેબીલીટિશન ની સારવાર) આપવામાં આવેલ છે.

-------

પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લાની જનરલ હોસ્પીટલોમાં એમ.આરી.આઈ. ની સુવિધા

અતારાંકિતઃ ૧૦૦૭૬ (૨૬-૧૦-૨૦૧૬) શ્રી સી. કે. રાઉલજી (ગોધરા): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લામાં કઈ જનરલ હોસ્પીટલોમાં તા. ૩૧ મી ડીસેમ્બર-૨૦૧૫ ની સ્થિતિએ એમ.આર.આઈ. ની સુવિધા ઉપલબ્ધ નથી, અને

(૨) ઉકત સુવિધા કયાં સુધીમાં ઉભી કરવામાં આવનાર છે ?

આરોગ્ય મંત્રીશ્રી : (રાજ્યકક્ષા) (૨૩-૦૧-૨૦૧૭)

(૧) તા. ૩૧ મી ડિસેમ્બર ૨૦૧૫ ની સ્થિતિએ પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લાની જનરલ હોસ્પીટલ ખાતે એમ.આર.આઈ. ની સુવિધા ઉપલબ્ધ નથી.

(૨) ભવિષ્યમાં આ બાબતના આયોજનની સર્વગ્રાહી વિચારણા સમયે ધ્યાને લેવામાં આવશે.

-------

પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લાની જનરલ હોસ્પીટલોમાં બાયપાસ સર્જરીની સુવિધા

અતારાંકિતઃ ૧૦૦૭૭ (૨૬-૧૦-૨૦૧૬) શ્રી સી. કે. રાઉલજી (ગોધરા): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લાની કઈ જનરલ હોસ્પીટલોમાં બાયપાસ સર્જરીની સવિધા તા. ૩૧ મી ડીસેમ્બર-૨૦૧૫ ની સ્થિતિએ ઉપલબ્ધ નથી, અને

(૨) ઉકત સુવિધા કયાં સુધીમાં ઉભી કરવામાં આવનાર છે ?

આરોગ્ય મંત્રીશ્રી : (રાજ્યકક્ષા) (૨૩-૦૧-૨૦૧૭)

## અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) તા. ૩૧ મી ડિસેમ્બર ૨૦૧૫ ની સ્થિતિએ પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લાની જનરલ હોસ્પીટલ ખાતે બાયપાસ સર્જરીની સુવિધા ઉપલબ્ધ નથી.

(૨) ભવિષ્યમાં આ બાબતના આયોજનની સર્વગ્રાહી વિચારણા સમયે ધ્યાને લેવામાં આવશે.

-------

### ગૃહ વિભાગ અને તાબાની કચેરીઓનું મહેકમ

અતારાંકિતઃ ૭૮૯૭ (૦૧-૦૭-૨૦૧૬) શ્રી પરેશ ધાનાણી (અમરેલી): માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૬ની સ્થિતિએ ગૃહ વિભાગ અને તેના તાબાની કચેરીઓમાં વર્ગ-૧ થી વર્ગ-૪નું મંજૂર મહેકમ કટેલું છે,

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં મંજૂર મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલાં સમયથી ખાલી છે,

(૩) ઉક્ત સ્થિતિએ આ જગ્યાઓ ખાલી રહેવાનાં અને સમયસર ન ભરવાનાં શાં કારણો છે, અને

(૪) ઉકત ખાલી જગ્યાઓ ભરવા રાજ્ય સરકાર દ્વારા શું આયોજન કરવામાં આવેલ છે ?

મુખ્ય મંત્રીશ્રી : (ગૃહ) (૨૩-૦૧-૨૦૧૭)

(૧) પત્રક-૧ મુજબ.

(૨) પત્રક-૨ મુજબ.

(૩) આ ખાલી જગ્યાઓ વયનિવૃત્ત/બઢતી/રાજીનામાના તથા અન્ય કારણોસર ખાલી રહેવા પામેલ છે.

(૪) ખાલી જગ્યાઓ ભરવા માટે ગુજરાત જાહેર સેવા આયોગ, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ તેમજ નિયત કરેલ ભરતી બોર્ડોને સમયાંતરે માંગણાપત્રક મોકલવામાં આવે છે. આ ઉપરાંત બઢતીથી ભરવાની થતી જગ્યાઓ ભરવા માટે જે તે સમયે બઢતી કમિટીની રચના કરી, બઢતી આપી જગ્યાઓ ભરવામાં આવેલ છે.

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-------

### અમદાવાદ, વડોદરા અને સુરતની જેલોમાં સેસન્સ કોર્ટ દ્વારા ફરીયાદ પેટીઓ

અતારાંકિતઃ ૯૪૪૩ (૦૭-૧૧-૨૦૧૬) શ્રી શકિતસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય જેલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) અમદાવાદ, વડોદરા અને સુરતની જેલોમાં સ્થાનિક સેશન્સ કોર્ટ દ્વારા કેદીઓ માટે વહીવટી પ્રશ્નો તથા શારીરિક હેરાનગતિ માટે અલગ અલગ ફરિયાદ પેટીઓ મુકાઈ છે જેમાં કેદીઓ પોતાની ફરિયાદો મૂકી શકે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૦-૮-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ બંને પ્રકારની ફરિયાદ પેટીઓમાં કેદીઓ દ્વારા કેટલી ફરિયાદો મૂકાઈ હતી,

(૩) તે પૈકી કેટલી ફરિયાદોનો ઉકેલ થયો, અને

(૪) બાકીની ફરીયાદોનો ઉકેલ કયારે કરાશે ?

જેલ મંત્રીશ્રી : (રાજ્યકક્ષા) (૩૦-૦૧-૨૦૧૭)

(૧) હા, જી

(૨) અને (૩) મળેલ કુલ ૪૬ ફરિયાદો પૈકી ૧૪ ફરિયાદોનો ઉકેલ થયેલ છે.

(૪) જેમ બને તેમ ઝડપથી.

-------

### કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં આપઘાતના કેસો

અતારાંકિતઃ ૯૭૬૭ (૨૨-૧૧-૨૦૧૬) શ્રી શકિતસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં સન ૨૦૧૫માં આપઘાતના કેટલા કેસો નોંધાયા ?

મુખ્યમંત્રીશ્રી : (ગૃહ) (૨૫-૦૧-૨૦૧૭)

૬૭૯

-------

### રાજ્યમાં ગૌરક્ષકોને પોલીસ રક્ષણ

અતારાંકિતઃ ૧૦૧૨૯ (૧૭-૧૧-૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર (ગ્રામ્ય)): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

## અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) રાજ્યમાં ગૌરક્ષકો/ગૌવંશ બચાવનારાઓને જ્યારે પણ પોલીસની મદદની જરૂર ઉભી થાય તેવાં સંજોગોમાં મદદ પૂરી પાડવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો રાજ્યમાં જિલ્લાવાર તા. ૩૧ ઓગષ્ટ–૨૦૧૫ ની સ્થિતિએ ગૌરક્ષકો/ગૌવંશ બચાવનારાઓએ તેના પર સતત હુમલા/જાનથી મારી નાંખવાનો ભય હોય તેથી કરેલ પોલીસ રક્ષણની કેટલી માગણી પડતર છે, અને

(૩) ઉકત તમામ ગૌરક્ષકો/ગૌવંશ બચાવનારાને તેમની પડતર માંગણી મુજબ પોલીસ રક્ષણ કયાં સુધીમાં પુરૂં પાડવામાં આવનાર છે ?

મુખ્યમંત્રીશ્રી : (ગૃહ) (૨૩–૦૧–૨૦૧૭)

(૧) હા, જી

(૨) એક પણ નહી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

–––––––

### કચ્છ જિલ્લામાં વાહનોની ચોરી

અતારાંકિતઃ ૧૦૩૦૩ (૧૭–૧૧–૨૦૧૬) શ્રી શકિતસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) કચ્છ જિલ્લામાં તાલુકાવાર સન ૨૦૧૪ અને ૨૦૧૫માં કયા પ્રકારના કેટલા વાહનોની ચોરી નોંધાઈ, અને

(૨) તે પૈકી કયા પ્રકારના કેટલા વાહનો પોલીસે તા. ૩૧ માર્ચ–૨૦૧૬ સુધીમાં શોધી મૂળ માલીકોને પરત આપ્યા ?

મુખ્યમંત્રીશ્રી : (ગૃહ) (૨૫–૦૧–૨૦૧૭)

(૧) પત્રક–૧ મુજબ

(૨) પત્રક–૨ મુજબ વિવિધ પ્રકારના ૨૩૮ વાહનો મૂળ માલિકોને પરત આપ્યાં.

પત્રક–૧

| તાલુકા | ૨૦૧૪ | | ૨૦૧૫ | |
|---|---|---|---|---|
| | ચોરાયેલ વાહનનો પ્રકાર | ચોરાયેલ વાહનોની સંખ્યા | ચોરાયેલ વાહનનો પ્રકાર | ચોરાયેલ વાહનોની સંખ્યા |
| અંજાર | મોટર સાયકલ | ૩૦ | મોટર સાયકલ | ૩૦ |
| | ક્રેન | ૦૧ | બોલેરો | ૦૨ |
| | બોલેરો | ૦૧ | ડમ્પર | ૦૪ |
| | ડમ્પર | ૦૧ | રીક્ષા | ૦૧ |
| | | | ટ્રેકટર | ૦૨ |
| ગાંધીધામ | મોટર સાયકલ | ૧૧૨ | મોટર સાયકલ | ૧૨૧ |
| | બસ | ૦૧ | બોલેરો | ૦૭ |
| | ટ્રક | ૦૧ | ટ્રેકટર | ૦૨ |
| | કાર | ૦૧ | કાર | ૦૩ |
| | બોલેરો | ૦૫ | ટ્રેલર | ૦૩ |
| | | | ટેમ્પો | ૦૧ |
| ભચાઉ | ટ્રેકટર | ૦૧ | બોલેરો | ૦૨ |
| | માર્શલ જીપ | ૦૧ | મોટર સાયકલ | ૨૪ |
| | ડમ્પર | ૦૧ | | |
| | ટ્રક | ૦૧ | | |
| | મોટર સાયકલ | ૨૫ | | |
| રાપર | મોટર સાયકલ | ૧૨ | મોટર સાયકલ | ૧૨ |
| | એકટીવા | ૦૩ | એકટીવા | ૦૬ |
| | મોટર સાયકલ | ૩૭ | મોટર સાયકલ | ૫૪ |
| | સ્કુટર | ૦૧ | મોપેડ | ૦૫ |
| | ટાટા મોબાઈલ | ૦૧ | સ્કુટી | ૦૧ |
| ભૂજ | | | પ્લેઝર | ૦૧ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | ડમ્પર | ૦૧ |
| | | | ટ્રેકટર | ૦૧ |
| | | | બોલેરો | ૦૧ |
| | | | રીક્ષા | ૦૧ |
| તાલુકા | ૨૦૧૪ | | ૨૦૧૫ | |
| | ચોરાયેલ વાહનનો પ્રકાર | ચોરાયેલ વાહનની સંખ્યા | ચોરાયેલ વાહનનો પ્રકાર | ચોરાયેલ વાહનોની સંખ્યા |
| મુન્દ્રા | મોટર સાયકલ | ૨૦ | મોટર સાયકલ | ૧૪ |
| | કાર | ૦૧ | ટ્રેલર | ૦૧ |
| | ટ્રક | ૦૨ | | |
| માંડવી | ટ્રેકટર ટ્રોલી | ૦૧ | મોટર સાયકલ | ૦૨ |
| | મોટર સાયકલ | ૦૫ | | |
| નખત્રાણા | મોટર સાયકલ | ૦૧ | મોટર સાયકલ | ૦૪ |
| લખપત | મોટર સાયકલ | ૦૨ | મોટર સાયકલ | ૦૧ |
| અબડાસા | ટ્રક | ૦૧ | મોટર સાયકલ | ૦૨ |

પત્રક–૨

| ક્રમ | વાહનનો પ્રકાર | શોધી કાઢેલ વાહનો | મૂળ માલિકને પરત આપેલ વાહનો |
|---|---|---|---|
| ૧ | મોટર સાયકલ | ૨૩૨ | ૨૧૫ |
| ૨ | બસ | ૦૧ | ૦૧ |
| ૩ | કાર | ૦૩ | ૦૩ |
| ૪ | બોલેરો | ૦૨ | ૦૨ |
| ૫ | ડમ્પર | ૦૩ | ૦૩ |
| ૬ | ટ્રેક્ટર | ૦૪ | ૦૪ |
| ૭ | એકટીવા | ૦૫ | ૦૪ |
| ૮ | રીક્ષા | ૦૨ | ૦૨ |
| ૯ | ટ્રેલર | ૦૧ | ૦૧ |
| ૧૦ | સ્કુટી | ૦૧ | ૦૧ |
| ૧૧ | પ્લેઝર | ૦૧ | ૦૧ |
| ૧૨ | જીપ | ૦૧ | ૦૧ |
| કુલ | વાહનો | ૨૫૬ | ૨૩૮ |

-------

## ઘોઘંબા તાલુકાના ચેલાવાળા ખાતે બાબા મંદિરમાં બકરાઓની બલી

અતારાંકિતઃ ૧૦૬૬૧ (૨૪–૧૧–૨૦૧૬) શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના ચેલાવાડા ખાતે આવેલા બાબાદેવ મંદિરમાં જૂન–૨૦૧૬માં બકરાઓની બલી આપવાની ગુનાહિત ઘટના બની હતી તે હકીકત સાચી છે કે કેમ,

(૨) જો હા, તો આ ગુનાહિત ઘટનામાં કેટલા ગુનાહિતો સામે ગુજરાત પ્રાણી–પક્ષી બલિદાન પ્રતિબંધ અધિનિયમ–૧૯૭૨ની જોગવાઈ અનુસાર શા પગલાં લેવામાં આવેલ છે ?

મુખ્યમંત્રીશ્રી : (૨૩–૦૧–૨૦૧૭)

(૧) ના જી.

(૨) મંદિરની અંદર કે મંદિર પરિસરમાં બકરાઓની કોઈ બલી ચડાવવામાં આવતી ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

## ૩૦મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### રાજ્યમાં એટ્રોસીટી એક્ટ હેઠળનાં કેસો સંબંધમાં પકડવાના બાકી આરોપીઓ

અતારાંકિતઃ ૧૦૬૮૮ (૦૨-૧૨-૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): તા. ૩૧-૦૩-૨૦૧૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ અતારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૪૫૦૭ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ એટ્રોસીટી એક્ટ હેઠળ નોંધાયેલા કેસોમાં ૩૩ જિલ્લામાં ૧૯૭ આરોપીઓ પકડવાના હતા તે હકિકત સાચી છે કે કેમ,

(૨) જો હા તો તા. ૩૧ ઓક્ટોબર-૨૦૧૬ની સ્થિતિએ ઉપરોક્ત પકડવાના બાકી પૈકી કેટલા આરોપીઓને પકડી લેવામાં આવ્યા છે, અને

(૩) બાકી રહેલા આરોપીઓને ક્યાં સુધીમાં પકડી લેવામાં આવનાર છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૪-૧-૨૦૧૭)

(૧) ના જી, તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ એટ્રોસીટી એક્ટ હેઠળ નોંધાયેલ કેસોમાં ૩૩ જિલ્લામાં પકડવાના બાકી આરોપીઓની સંખ્યા ૨૯૪ હતી.

(૨) ૧૭૪ આરોપીઓને પકડી લેવામાં આવેલ છે અને ૧૨૦ પકડવાના બાકી છે.

(૩) ૧૨૦ આરોપીઓ ધરપકડ કરવાના બાકી છે જે પૈકી ૮૭ આરોપીએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાંથી ધરપકડ કરવા સામે સ્ટે મેળવેલ છે. અન્ય ૩૩ આરોપી નાસતા ફરતા હોઈ/બહારના રાજ્યના હોઈ/વિદેશ જતા રહેલ હોઈ પકડવા પર બાકી છે. આવા આરોપીઓ પકડવા માટે સી.આર.પી.સી. કલમ-૭૦ મુજબ વોરંટ કઢાવી નાસતા ફરતા જાહેર કરેલ છે.

-------

### આણંદ જિલ્લાના કણભાઈપુરા પાસેથી પકડાયેલ પ્રતિબંધિત પોશડોડા

અતારાંકિતઃ ૧૦૬૯૦ (૦૫-૧૨-૨૦૧૬) શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) આણંદ જિલ્લાના કણભાઈપુરા પાસેથી તા. ૨૩-૧૦-૨૦૧૬ના રોજ પોલિસે દરોડો પાડી આશરે રૂ. ૩,૪૨,૦૦૦/- ની કિંમતના પ્રતિબંધિત પોશડોડા અને પાંચ આરોપીઓને પકડી પાડયા હતા તે હકીકત સાચી છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત ગુનામાં સંડોવાયેલ કેટલા ઇસમો સામે શી કાર્યવાહી થઈ ?

મુખ્યમંત્રીશ્રી : (૨૫-૦૧-૨૦૧૭)

(૧) હા જી, આ ગુનામાં એક જ આરોપી પાસેથી મુદ્દામાલ મળી આવેલ હતો.

(૨) ૦૧ ઈસમ સામે ગુનો નોંધી અટક કરવામાં આવેલ છે, તેમજ તપાસ દરમ્યાન વધુ ૦૧ આરોપીનું નામ ખૂલેલ છે.

-------

### બનાસકાંઠા જિલ્લાનાં ચંડીસર નજીક પકડાયેલ ભેંસો

અતારાંકિતઃ ૧૦૬૯૧ (૦૫-૧૨-૨૦૧૬) શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) બનાસકાંઠા જિલ્લાના પાલનપુર-ડીસા હાઈવે પર ચંડીસર નજીક તા. ૫-૧૧-૨૦૧૬ના રોજ એક ભારે વાહનમાં કતલખાનામાં લઈ જવાતી આશરે તેર ભેંસોને એક નાગરિકની માહિતીને આધારે બચાવી લીધી હતી તે હકિકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત ગુન્હામાં સંડોવાયેલ ઈસમો સામે શી કાર્યવાહી થઈ છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૩-૦૧-૨૦૧૭)

(૧) હા જી.

(૨) ગઢ પો. સ્ટે. સેકન્ડ ગુ.ર.નં.૩૦૬૬/૧૬ થી ગુનો નોંધી બે ઈસમો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

-------

### સુરત જિલ્લાનાં માંગરોળ તાલુકાનાં કોસાડી ગામે ગૌમાંસનો જથ્થો પકડવામાં નિષ્ફળતા

અતારાંકિતઃ ૧૦૬૯૭ (૦૫-૧૨-૨૦૧૬) શ્રી પૂંજાભાઈ વંશ (ઉના): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના કોસાડી ગામે ગાયોની કતલ કરી આશરે ૫,૫૦૦ કિલો જેટલો ગૌમાંસનો જથ્થો મોકલાઈ રહ્યાની માહીતી ગૌરક્ષકોએ ૨૨-૧૦-૨૦૧૬ના રોજ પોલિસતંત્રને આપવા છતાં કોઈ પગલા ન

લેવાતા ગૌરક્ષકોએ નાછૂટકે ગૌમાંસનો જથ્થો તા. ૨૩-૧૦-૨૦૧૬ના રોજ પકડી પાડયો હતો તે હકીકત સાચી છે કે કેમ, અને

(૨) જો હા, તો આ ગંભીર ગુનાહિત બેદરકારી અને ફરજ પાલનમાં નિષ્ફળતા સંબંધમાં, સંબંધિતો સામે શી કાર્યવાહી થઈ ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૩-૦૧-૨૦૧૭)

(૧) હા જી.

(૨) સંબંધિત પોલીસ સબ ઈન્સ્પેક્ટરની વિરૂધ્ધ પ્રાથમિક તપાસ સોંપવામાં આવેલ છે.

-------

પાલીતાણા તાલુકાનાં મોટી પાણીયાળી ગામ પાસે બચાવેલ ઘેટા/બકરા

અતારાંકિતઃ ૧૦૬૯૮ (૦૫-૧૨-૨૦૧૬) શ્રી પૂંજાભાઈ વંશ (ઉના): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) ભાવનગર જિલ્લાના પાલીતાણા તાલુકાના મોટી પાણીયાળી ગામ પાસે એક નાના પ્રવાસી વાહન જીપમાં લઈ જવાતાં આશરે ૨૧ ઘેટા અને બે બકરાને પોલીસે તા. ૦૪-૧૧-૨૦૧૬ના રોજ બચાવી લીધા હતા, તે હકિકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત ગુન્હામાં સંડોવાયેલ કેટલા ગુનેગારો સામે શી કાર્યવાહી થઈ છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૩-૦૧-૨૦૧૭)

(૧) હા જી.

(૨) પાલીતાણા પો.સ્ટે.સેકન્ડ ગુ.ર.નં.૧૦૭/૧૬થી ગુનો નોંધી બે આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

અમદાવાદનાં રામોલ ખાતે માંસની દુકાનમાંથી પકડાયેલ ગૌમાંસ

અતારાંકિતઃ ૧૦૬૯૯ (૦૫-૧૨-૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) અમદાવાદના રામોલ વિસ્તારમાં આવેલ એક માંસની દુકાનમાંથી તા. ૧૩-૧૦-૨૦૧૬ના રોજ ૨૨૫ કિલો જેટલા પ્રતિબંધિત ગૌમાંસનો જથ્થો પોલીસે પકડી પાડયો હતો તે હકીકત સાચી છે કે કેમ, અને

(૨) જો હા, તો આ ગુનાહિત ઘટના અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૩-૦૧-૨૦૧૭)

(૧) હા, જી.

(૨) રામોલ પો.સ્ટે.સેકન્ડ ગુ. ર. નં.૩૧૯૦/૧૬ થી ગુનો નોંધીને એક આરોપી સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

-------

કામરેજ તાલુકાનાં અંતરોલી ગામે ગૌમાંસ પકડાયા બાબત

અતારાંકિતઃ ૧૦૭૦૦ (૦૫-૧૨-૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) કામરેજ તાલુકાના અંતરોલી ગામ પાસે ગૌરક્ષકોની મદદથી ટેમ્પામાં ભરવામાં આવેલ આશરે ૫,૫૦૦ કિલો જેટલું પ્રતિબંધિત ગૌમાંસ તા. ૨૩-૧૦-૨૦૧૬ના રોજ પકડી પાડવામાં આવ્યું હતું. તે હકિકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત ગુન્હામાં સંડોવાયેલ વ્યક્તિઓ સામે શી કાર્યવાહી થઈ, અને

(૩) ઉક્ત ગુન્હામાં સંડોવાયેલ વાહનને ૬ માસ માટે જપ્ત કરવામાં આવે છે કે કેમ ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૩-૦૧-૨૦૧૭)

(૧) હા, જી.

(૨) કામરેજ પો.સ્ટે.સેકન્ડ ગુ. ર. નં.૨૭૫/૧૬ થી ગુનો નોંધી દસ આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૩) હા, જી.

-------

અમદાવાદનાં રખિયાલમાંથી પકડાયેલ ગૌમાંસ

અતારાંકિતઃ ૧૦૭૦૧ (૦૫-૧૨-૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) અમદાવાદનાં રખિયાલમાંથી તા. ૨૯-૦૯-૨૦૧૬ના રોજ વાહનમાં ગેરકાયદે લઈ જવાતું આશરે ૫૦૦ કિલો પ્રતિબંધિત ગૌમાંસ પોલીસે પકડી પાડ્યું હતું તે હકિકત સાચી છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત ગુન્હામાં સંડોવાયેલ વ્યક્તિઓ સામે શી કાર્યવાહી થઈ, અને

(૩) ઉક્ત ગુન્હામાં સંડોવાયેલ વાહનને ૬ માસ માટે જપ્ત કરવામાં આવે છે કે કેમ ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૩-૦૧-૨૦૧૭)

(૧) હા, જી.

(૨) રખિયાલ પો.સ્ટે.સેકન્ડ ગુ. ર. નં.૪૧/૧૬ થી ગુનો નોંધી પાંચ આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૩) હા, જી.

-------

ઉદ્યોગ પ્રભાગ અને તાબા કચેરીઓનું મહેકમ

અતારાંકિતઃ ૭૮૯૪ (૦૧-૦૭-૨૦૧૬) શ્રી પરેશ ધાનાણી (અમરેલી): માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૧૦-૧૬ની સ્થિતિએ ઉદ્યોગ પ્રભાગ અને તેના તાબાની કચેરીઓમાં વર્ગ-૧ થી ૪નું મંજુર મહેકમ કેટલુ છે,

(૨) ઉકત સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં મંજુર મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલાં સમયથી ખાલી છે.

(૩) ઉક્ત સ્થિતિએ આ જગ્યાઓ ખાલી રહેવાનાં અને સમયસર ન ભરવાનાં શાં કારણો છે, અને

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા રાજ્ય સરકાર દ્વારા શું આયોજન કરવામાં આવેલ છે ?

મુખ્યમંત્રીશ્રી : (ઉદ્યોગ) (૨૪-૧-૨૦૧૭)

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૬ની સ્થિતિએ ઉદ્યોગ પ્રભાગ અને તેના તાબાની કચેરીઓમાં વર્ગ-૧ થી ૪ ના મંજુર મહેકમની વિગતો નીચે પ્રમાણે છે.

| પ્રભાગ/કચેરીનું નામ | મંજૂર જગ્યાઓ | | | |
| --- | --- | --- | --- | --- |
| | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ |
| ઉદ્યોગ પ્રભાગ | ૧૮ | ૨૪ | ૭૨ | ૦૮ |
| ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરી | ૫૧ | ૫૦ | ૫૧૫ | ૧૫૬ |
| પ્રવાસન કમિશનરશ્રીની કચેરી | ૧ | ૧ | ૮ | ૨ |
| નિયામકશ્રી, નાગરિક ઉડ્ડયનની કચેરી | ૧ | ૦ | ૦ | ૦ |
| ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ કમિશનરની કચેરી | ૪૮ | ૬૨ | ૬૬૪ | ૯૩ |
| નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી | ૧૦ | ૩૭ | ૧૫૪૨ | ૨૯૬ |
| કમિશનરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગ કચેરી | ૨૫ | ૭૪ | ૬૬૭ | ૧૦૧ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં મંજુર મહેકમ સામે ખાલી જગ્યાઓની વિગતો અને આવી જગ્યાઓ કેટલાં સમયથી ખાલી છે તે અંગેની વિગતો નીચે પ્રમાણે છે.

| વર્ગ | ઉદ્યોગ પ્રભાગ | |
| --- | --- | --- |
| | ખાલી જગ્યાઓ | ક્યારથી ખાલી છે |
| વર્ગ–૧ | ૦૫ | ૪ માસ થી ૪ વર્ષ ૪ માસ |
| વર્ગ–૨ | ૦૭ | ૧ વર્ષ ૮ માસ થી ૯ વર્ષ ૧૦ માસ |
| વર્ગ–૩ | ૧૯ | ૫ માસ થી ૧૦ વર્ષ ૫ માસ |
| વર્ગ–૪ | ૦૦ | –– |

| વર્ગ | ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરી | |
| --- | --- | --- |
| | ખાલી જગ્યાઓ | ક્યારથી ખાલી છે |
| વર્ગ–૧ | ૩૧ | ૭ માસ થી ૧૨ વર્ષ ૧ માસ |
| વર્ગ–૨ | ૨૦ | ૧ વર્ષ ૭ માસ થી ૨૬ વર્ષ ૩ માસ |
| વર્ગ–૩ | ૨૪૭ | ૫ માસ થી ૯ વર્ષ ૧૦ માસ |
| વર્ગ–૪ | ૭૪ | –– |

| વર્ગ | પ્રવાસન કમિશનરશ્રીની કચેરી | |
| --- | --- | --- |
| | ખાલી જગ્યાઓ | ક્યારથી ખાલી છે |
| વર્ગ–૧ | ૦૧ | ૧૪ વર્ષ ૧૦ માસ થી |
| વર્ગ–૨ | ૦૧ | ૧૧ વર્ષ ૪ માસ થી |
| વર્ગ–૩ | ૦૪ | ૫ માસ થી ૧૦ વર્ષ ૫ માસ |
| વર્ગ–૪ | –– | –– |

| વર્ગ | નિયામકશ્રી, નાગરિક ઉડ્ડયનની કચેરી | |
| --- | --- | --- |
| | ખાલી જગ્યાઓ | ક્યારથી ખાલી છે |
| વર્ગ–૧ | ૦૧ | ૧૨ વર્ષ થી |
| વર્ગ–૨ | ૦૦ | –– |
| વર્ગ–૩ | ૦૦ | –– |
| વર્ગ–૪ | ૦૦ | –– |

| વર્ગ | ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ કમિશનરશ્રીની કચેરી | |
| --- | --- | --- |
| | ખાલી જગ્યાઓ | ક્યારથી ખાલી છે |
| વર્ગ–૧ | ૩૩ | ૬ માસ થી ૨૩ વર્ષ ૮ માસ |
| વર્ગ–૨ | ૩૫ | ૬ માસ થી ૧૫ વર્ષ ૧૦ માસ |
| વર્ગ–૩ | ૩૭૩ | ૨૭ દિવસ થી ૨૨ વર્ષ ૧૦ માસ |
| વર્ગ–૪ | ૪૬ | –– |

૩૦મી માર્ચ, ૨૦૧૭
અતારાંકિત પ્રશ્નોત્તરી

ઉક્ત સ્થિતિએ આ ખાલી જગ્યાઓ પૈકી સચિવાલય સંવર્ગની ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી સામાન્ય વહીવટ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવે છે. જ્યારે સરદાર સરોવર નર્મદા નિગમ લી. ના તાબાની કચેરીઓમાં ખાલી જગ્યાઓ જરૂરીયાત તથા પ્રવર્તમાન નીતિ અન્વયે તબક્કાવાર ભરવાનું આયોજન છે.

--------

રાજીવ ગાંધી ડ્રીંકીંગ વોટર મિશન અન્વયે ભારત સરકાર તરફથી મળેલ સહાય

અતારાંકિતઃ ૧૧૧૭૫ (૧૦–૦૧–૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજીવ ગાંધી ડ્રીંકીંગ વોટર મિશન અન્વયે ભારત સરકાર તરફથી તા.૩૦–૧૧–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઇ રકમ મળેલ છે,

(૨) જો હા, તો તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

પાણી પુરવઠા મંત્રીશ્રી : (૧૦–૦૨–૨૦૧૭)

(૧) ના, જી.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

સુક્ષ્મ સ્તરની સિંચાઇ યોજનાઓ માટે રાજ્યને મળેલ રકમ

અતારાંકિતઃ ૧૧૨૪૧ (૦૯–૦૧–૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) સૂક્ષ્મ (Micro) સ્તરની સિંચાઇ યોજનાઓ (ટપક/ફુવારા પદ્ધતિને સબસીડી) માટે ભારત સરકાર તરફથી તા.૩૦–૧૧–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઇ રકમ મળેલ છે, કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) : (૧૦–૦૨–૨૦૧૭)

(૧) હા, જી. વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં નેશનલ મિશન ઓન માઇક્રો ઇરિગેશન (NMMI), વર્ષ ૨૦૧૪–૧૫ માં નેશનલ મિશન ઓન સસ્ટેનેબલ એગ્રીકલ્ચર અને વર્ષ ૨૦૧૫–૧૬ થી પ્રધાન મંત્રી કૃષિ સિંચાઇ યોજના– PMKSY અમલમાં છે. (પત્રક–૧ સામેલ છે.)

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં મળેલ રકમની વર્ષવાર વિગતો પત્રક–૧ માં સામેલ છે.

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર કરેલ ખર્ચની વિગતો પત્રક–૧ માં સામેલ છે.

પત્રક–૧

ભારત સરકાર દ્વારા સૂક્ષ્મ સિંચાઇ યોજના (ટપક/ફુવારા પદ્ધતિ) અન્વયે ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપનીને મળેલ રકમ અને ખર્ચની વર્ષવાર માહિતી

| અનુ.નં. | વર્ષ | | સહાય માટે મળેલ રકમ (રૂ.કરોડમાં) | ખર્ચ કરવામાં આવેલ રકમ (રૂ.કરોડમાં) |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૨–૧૩ | | ૧૮૨.૦૦ | * ૧૮૨.૦૧ |
| ૨ | ૨૦૧૩–૧૪ | | ૨૧૧.૯૨ | ૧૯૯.૧૭ |
| ૩ | ૨૦૧૪–૧૫ | | ૧૩૨.૫૩ | * ૧૩૭.૦૬ |
| ૪ | ૨૦૧૫–૧૬ | MIS | ૨૦૪.૧૦ | * ૨૦૮.૪૧ |
| | | DIP | ૩.૩૦ | ૧.૦૨ |
| | ૨૦૧૬–૧૭ (૩૦–૧૧–૨૦૧૬ અંતિત) | | ૧૩૨.૧૩ | ૧૬૫.૧૬ |
| | | કુલ | ૮૬૫.૯૭ | ૮૯૨.૮૩ |

* Expenditure includes interest & CF in respective year.

# ૩૦મી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નોત્તરી

### સરદાર સરોવર નર્મદા યોજના અંતર્ગત અન્ય રાજ્યો પાસેથી લેણીની રકમ

અતારાંકિતઃ ૧૧૪૬૭ (૧૬-૦૧-૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૧૬ ની સ્થિતિએ નર્મદા યોજના અન્વયે ક્યા રાજ્યો પાસેથી રાજ્ય સરકારે કેટલી રકમ લેવાની થાય છે,

(૨) ઉક્ત લેવાની થતી રકમ પૈકી વિવાદિત અને બિનવિવાદિત લેણા પેટેની કુલ કેટલી રકમ છે, અને

(૩) ઉક્ત બાકી નીકળતી રકમ મેળવવા માટે રાજ્ય સરકાર દ્વારા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરી ?

નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) : (૧૦-૦૨-૨૦૧૭)

(૧) તા.૩૦-૧૧-૨૦૧૬ ની સ્થિતિએ સરદાર સરોવર નર્મદા યોજના અન્વયે ભાગીદાર રાજ્યો મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન પાસેથી નીચે મુજબની રકમ લેવાની થાય છે.

(રકમ રૂ.કરોડમાં)

| રાજ્ય | તા.૩૦-૧૧-૨૦૧૬ ની સ્થિતિએ ગુજરાત સરકારે લેવાની થતી રકમ |
|---|---|
| મધ્યપ્રદેશ | ૩૭૮૫.૯૭ |
| મહારાષ્ટ્ર | ૧૨૮૦.૧૬ |
| રાજસ્થાન | ૫૫૭.૧૩ |
| કુલ રકમ | ૫૬૨૩.૨૬ |

(૨) તા.૩૦-૧૧-૨૦૧૬ ની સ્થિતિએ કુલ રૂ.૫૬૨૩.૨૬ કરોડ રકમ ભાગીદારી રાજ્યો પાસેથી લેવાની બાકી નીકળે છે તે રકમ પૈકી વિવાદિત અને બિનવિવાદિત લેણા પેટેની રકમ નીચે મુજબ છે.

(રકમ રૂ.કરોડમાં)

| રાજ્ય | વિવાદિત રકમ | બિનવિવાદિત રકમ | કુલ |
|---|---|---|---|
| મધ્યપ્રદેશ | ૨૭૦૨.૫૭ | ૧૦૮૩.૪૦ | ૩૭૮૫.૯૭ |
| મહારાષ્ટ્ર | ૧૨૮૦.૧૬ | -- | ૧૨૮૦.૧૬ |
| રાજસ્થાન | ૪૮૩.૫૧ | ૭૩.૬૨ | ૫૫૭.૧૩ |
| કુલ રકમ | ૪૪૬૬.૨૪ | ૧૧૫૭.૦૨ | ૫૬૨૩.૨૬ |

(૩) ઉક્ત બાકી નીકળતી રકમ મેળવવા માટે સરકાર દ્વારા ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવે છે.

- સસનિલિ દ્વારા ભાગીદાર રાજ્યોના સંબંધિત વિભાગો/કચેરીઓને નિયમિતપણે દર માસના અંતે તેમજ ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવશ્રી (નાણાં) દ્વારા સંબંધિત રાજ્યોના અધિક મુખ્ય સચિવશ્રીઓને સમયાંતરે બાકી રહેલા ફાળાની રકમ જમા કરાવવા માટે પત્રો લખવામાં આવેલ છે.
- સરદાર સરોવર કન્સ્ટ્રક્શન એડવાઇઝરી કમિટિની મિટિંગ નં.૮૩ અને ૮૪ ની બેઠકોમાં આ સંદર્ભમાં જરૂરી રજુઆતો કરવામાં આવેલ હતી.
- પુનઃ સ્થાપન અને પુનઃ વસવાટ ખર્ચના વિવાદ નિવારણ અંગે ગુજરાત સરકાર દ્વારા સદરહું બાબતે ભારત સરકારશ્રીના એર્ટની જનરલ સમક્ષ રજુઆત કરવા અંગેની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.

--------

### કલ્પસર યોજના પાછળ થયેલ કુલ ખર્ચ

અતારાંકિતઃ ૧૧૪૬૯ (૧૬-૦૧-૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૧૬ ની સ્થિતિએ કલ્પસર યોજના પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે, અને

(૨) ઉક્ત યોજના ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે અને તે કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

નાયબ મુખ્યમંત્રીશ્રી (કલ્પસર) : (૧૦-૦૨-૨૦૧૭)

(૧) તા.૩૦-૧૧-૨૦૧૬ ની સ્થિતિએ કલ્પસર યોજના પાછળ કુલ રૂ.૯૩.૪૦ કરોડનો ખર્ચ થયેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ કલ્પસર યોજના શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરવાના તબક્કે છે અને એ માટેના જરૂરી સર્વે/સંશોધનો/અભ્યાસો પૈકી ૨૧ પ્રકારના સર્વે/સંશોધનો/અભ્યાસો પૂર્ણ થયા છે, ૧૧ પ્રગતિ હેઠળ છે તેમજ ૧૧

આયોજન હેઠળ છે. તમામ અભ્યાસો પૂર્ણ થયેથી અને અહેવાલને સક્ષમ સ્તરેથી જરૂરી તમામ મંજુરીઓ મળ્યા બાદ સત્વરે યોજના શરૂ કરી શક્ય એટલી ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન છે.

--------

જામનગર, વલસાડ અને નવસારી જિલ્લામાં ૧૦૦ દિવસની રોજગારી પૂરી પાડવા બાબત

અતારાંકિતઃ ૮૯૨૦ (૨૯-૭-૨૦૧૬) શ્રી રાઘવજીભાઈ પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાષ્ટ્રિય ગ્રામીણ રોજગારી બાંહેધરી અધિનિમય-૨૦૦૫ અન્વયે જામનગર, વલસાડ અને નવસારી જિલ્લામાં સન ૨૦૧૫-૧૬ના વર્ષમાં માંગણી કરવામાં આવી હોવા છતાં કેટલા લોકોને લઘુત્તમ ૧૦૦ દિવસની રોજગારી પૂરી પાડવામાં આવી નથી, અને

(૨) તેના મુખ્યત્વે શા કારણો છે ?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૯-૨-૨૦૧૭)

(૧) રાષ્ટ્રિય ગ્રામીણ રોજગારી બાંહેધરી અધિનિમય-૨૦૦૫ અન્વયે જામનગર, વલસાડ અને નવસારી જિલ્લામાં સન ૨૦૧૫-૧૬ના વર્ષમાં માંગણી કરેલ તમામ લોકોને રોજગારી પૂરી પાડવામાં આવેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

જામનગર જિલ્લામાં ગ્રામ પંચાયતની જમીનમાંથી ગાંડો બાવળ દૂર કરવા બાબત

અતારાંકિતઃ ૧૦૬૪૧ (૨૨-૧૧-૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) અછતગ્રસ્ત વિસ્તારની ગ્રામ પંચાયત હેઠળની ગૌચર જમીનમાંથી ગાંડા બાવળ દૂર કરવા પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગે તા.૨૧-૮-૨૦૧૨ના રોજ ઠરાવ પ્રસિધ્ધ કર્યો છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો જામનગર જિલ્લામાં સન ૨૦૧૫ના વર્ષમાં જાહેર થયેલ અછતગ્રસ્ત/અર્ધ અછતગ્રસ્ત વિસ્તારોમાંથી કઈ ગ્રામ પંચાયત હસ્તકની જમીનમાંથી ગાંડો બાવળ દૂર કરવામાં આવ્યો, અને

(૩) જો સરકારના આદેશ મુજબ ઉકત કામગીરી ન થઈ હોય તો તેના શા કારણો છે ?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૮-૨-૨૦૧૭)

(૧) હા, જી.

(૨) જામનગર જિલ્લામાં સન ૨૦૧૫ના વર્ષમાં અછતગ્રસ્ત/અર્ધ અછતગ્રસ્ત વિસ્તાર જાહેર થયેલ ન હોઈ પ્રશ્ન નથી.

(૩) અછત જાહેર થયેલ ન હોઈ પ્રશ્ન નથી.

--------

વાપી તાલુકાના સલવાવ ગામમાં ગૌચરના દબાણો દૂર કરવા બાબત

અતારાંકિતઃ ૧૦૬૪૨ (૨૪-૧૧-૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) વાપી તાલુકાના સલવાવ ગામના ગૌચરમાં તા.૩૦ સપ્ટેમ્બર-૨૦૧૬ની સ્થિતિએ થયેલ ગેરકાનૂની દબાણો દૂર કરવા જિલ્લા કલેકટરના લેખિત આદેશ બાદ પણ તે હટાવવામાં આવ્યા નથી તે હકીકત સાચી છે કે કેમ, અને

(૨) જો હા, તો તેના શા કારણો છે ?

પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૧૦-૨-૨૦૧૭)

(૧) દબાણ હટાવવામાં આવ્યા નથી એ હકીકત સાચી છે.

(૨) દબાણ હટાવવાની કાર્યવાહી હાલ ચાલુ છે. તાલુકા પંચાયત કચેરી, વાપીના તા.૫-૧૧-૨૦૧૪ના પત્રથી ગ્રામ પંચાયત સલવાવને દબાણ હટાવવા તાકીદ કરવામાં આવેલ છે. ગ્રામ પંચાયત સલવાવ તરફથી દબાણકર્તાઓને તા.૨૬-૧૧-૨૦૧૪ના પત્રથી દબાણ દૂર કરવા જણાવેલ છે. ગ્રામ પંચાયત સલવાવ તરફથી જિલ્લા નિરીક્ષકશ્રી જમીન દફતર, વલસાડને તા.૨૧-૭-૨૦૧૫ના રોજ જમીન માપણી કરવા બાબતે જણાવેલ છે તેમજ માપણી ફીની રકમ રૂ.૩,૦૦૦/- તા.૧૨-૮-૨૦૧૫ ના રોજ ચલણથી ભરેલ છે. જિલ્લા નિરીક્ષકશ્રી જમીન દફતર, વલસાડ તરફથી જમીન માપણી કરી હદ નિશાન નક્કી થયેલ નથી તેમજ આ બાબતે જિલ્લા પંચાયત, વલસાડના તા.૨૧-૧૨-૨૦૧૬ના પત્રથી જરૂરી કાર્યવાહી કરવા જણાવેલ છે. ઉકત કારણોસર સદર દબાણ દૂર થયેલ નથી. હાલમાં, દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુમાં છે.

--------

## ૩૦મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### રાજ્યમાં જિલ્લાવાર ચોખ્ખી સરકારી પડતર જમીન બાબત

અતારાંકિતઃ ૫૪૧૦ (૦૧–૦૯–૨૦૧૫) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર ચોખ્ખી સરકારી પડતર જમીન કેટલી છે, અને

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર જિલ્લાવાર, તેમાં કેટલો વધારો કે ઘટાડો નોંધાયો ?

મહેસૂલ મંત્રીશ્રી : (૧૩–૨–૨૦૧૭)

(૧) વિગતો આ સાથે *પત્રક–૧ માં સામેલ છે.

(૨) વિગતો આ સાથે *પત્રક–૨ માં સામેલ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

### જામનગર, વલસાડ અને નવસારી જિલ્લામાં કલેકટર/તાબાની કચેરીમાં ફરિયાદ પેટી મૂકવા બાબત

અતારાંકિતઃ ૮૮૯૯ (૩૦–૭–૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યની તમામ સરકારી કચેરીમાં ફરજીયાત ફરિયાદ પેટી મૂકવા સરકાર ૨૦૧૨માં આદેશ કર્યો હતો તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો જામનગર, વલસાડ અને નવસારી જિલ્લા કલેકટરની કચેરીઓમાં તથા તેમના તાબાની કચેરીઓમાં તા.૩૧ માર્ચ–૨૦૧૬ની સ્થિતિએ ફરિયાદ પેટીઓ મૂકવામાં આવી છે કે કેમ,

(૩) જો ના, તો તેના શા કારણો છે, અને

(૪) તે ક્યાં સુધીમાં મૂકવામાં આવનાર છે ?

મહેસૂલ મંત્રીશ્રી : (૧૦–૨–૨૦૧૭)

(૧) હા.

(૨) ઉકત સ્થિતિએ વલસાડ અને નવસારી જિલ્લાઓમાં ફરિયાદ પેટી મુકવામાં આવેલ છે. તથા જામનગર જિલ્લામાં કલેકટર કચેરીમાં અને આસીસ્ટન્ટ કલેકટર, ધ્રોલની કચેરી સિવાયની તમામ કચેરીઓમાં ફરિયાદ પેટી મુકવામાં આવેલ છે.

(૩) જામનગરજિલ્લા કલેકટર કચેરીના સ્થળાંતરના કારણે તથા આસીસ્ટન્ટ કલેકટર, કચેરી, ધ્રોલની ફરિયાદ પેટી જર્જરીત થયેલ હતી તેથી ઉકત સ્થિતિએ ફરિયાદ પેટી મુકેલ ન હતી. હાલ તે બંને કચેરીઓમાં પણ ફરિયાદ પેટી મૂકવામાં આવેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

### દેવભુમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં કલેકટર/તાબાની કચેરીમાં ફરિયાદ પેટી મૂકવા બાબત

અતારાંકિતઃ ૯૯૨૧ (૨૭–૧૦–૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા): માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યની તમામ સરકારી કચેરીમાં ફરજીયાત ફરિયાદ પેટી મૂકવા સરકાર ૨૦૧૨માં આદેશ કર્યો હતો તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લા કલેકટરની તથા તેમના તાબાની કચેરીઓમાં તા.૩૧ માર્ચ–૨૦૧૬ની સ્થિતિએ ફરિયાદ પેટીઓ મૂકવામાં આવી છે કે કેમ,

(૩) જો ના, તો તેના શા કારણો છે, અને

(૪) તે ક્યાં સુધીમાં મૂકવામાં આવનાર છે ?

મહેસૂલ મંત્રીશ્રી : (૧૦–૨–૨૦૧૭)

(૧) હા.

(૨) હા.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

### રાજ્યમાં કોમ્પ્યુટરાઇઝડ નમૂનો ૭/૧૨ અને ૮–અ નકલો પેટે સરકારને આવક

## અતારાંકિત પ્રશ્નોત્તરી

અતારાંકિતઃ ૧૧૧૧૯ (૦૭–૦૧–૨૦૧૭) શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર): માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

તા.૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં કોમ્પ્યુટરાઈઝડ નમૂનો ૭/૧૨ અને ૮–અ ની નકલો પેટે સરકારને જિલ્લાવાર કેટલી આવક થઈ ?

મહેસૂલ મંત્રીશ્રી : (૦૮–૦૨–૨૦૧૭)

તા.૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં આ સાથે સામેલ જિલ્લાવાર ઈ–ધરા કેન્દ્ર અને ઈ–ગ્રામ કેન્દ્રની આવક દર્શાવતા પત્રકની વિગતે રાજ્યમાં કોમ્પ્યુટરાઈઝડ ગામ નમૂના નં.૭ ની નકલોની આવક રૂ.૫૫,૪૮,૭૩,૭૨૫/– (અંકે રૂપિયા પંચાવન કરોડ અડતાલીસ લાખ તોતેર હજાર સાતસો પચ્ચીસ પુરા) અને ગામ નમૂના નં.૧૨ ની નકલોની આવક રૂ.૨૩,૩૯,૩૪,૦૭૦/– (અંકે રૂપિયા તેવીસ કરોડ ઓગણપચાસ લાખ ચોત્રીસ હજાર સિત્તેર પુરા) તથા ગામ નમૂના નં.૮–અ ની નકલોની આવક રૂ.૩૨,૫૬,૭૪,૩૧૦/– (અંકે રૂપિયા બત્રીશ કરોડ છપ્પન લાખ ચુંમોતેર હજાર ત્રણસો દસ પુરા) થયેલ છે. (જિલ્લાવાર ઈ–ધરા કેન્દ્રની આવક દર્શાવતું પત્રક–૧ અને ઈ–ગ્રામ કેન્દ્રની આવક દર્શાવતું પત્રક–૨ સામેલ છે.)

પત્રક – ૧

| ક્રમ | જિલ્લા/તાલુકાનું નામ | ગામ નમુના નંબર–૭ કુલ નકલ | ગામ નમુના નંબર–૭ કુલ રકમ (રૂ.) | ગામ નમુના નંબર–૧૨ કુલ નકલ | ગામ નમુના નંબર–૧૨ કુલ રકમ (રૂ.) | ગામ નમુના નંબર ૮–અ કુલ નકલ | ગામ નમુના નંબર ૮–અ કુલ રકમ (રૂ.) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | કચ્છ | ૩૧૫૦૫૫૭ | ૧૫૭૫૨૭૮૫ | ૪૨૩૭૯૨ | ૨૧૧૮૯૬૦ | ૧૮૦૩૫૬૨ | ૯૦૧૭૮૧૦ |
| ૨ | બનાસકાંઠા | ૪૬૧૭૫૯૮ | ૨૩૦૮૭૯૯૦ | ૩૬૯૧૨૬૨ | ૧૮૪૫૬૩૧૦ | ૩૨૪૫૨૬૪ | ૧૬૨૨૬૩૨૦ |
| ૩ | પાટણ | ૨૯૦૮૬૬૭ | ૧૪૫૪૩૩૩૫ | ૧૪૩૩૨૦૭ | ૭૧૬૬૦૩૫ | ૧૫૯૨૦૦૮ | ૭૯૬૦૦૪૦ |
| ૪ | મહેસાણા | ૩૩૯૭૨૭૭ | ૧૬૯૮૬૩૮૫ | ૯૫૦૩૭૨ | ૪૭૫૧૮૬૦ | ૧૫૮૯૫૭૯ | ૭૯૪૭૮૯૫ |
| ૫ | સાબરકાંઠા | ૩૫૨૨૨૬૪ | ૧૭૬૧૧૩૨૦ | ૨૪૮૯૬૫૦ | ૧૨૪૪૮૨૫૦ | ૨૧૭૮૪૩૭ | ૧૦૮૯૨૧૮૫ |
| ૬ | ગાંધીનગર | ૨૭૦૨૮૩૨ | ૧૩૫૧૪૧૬૦ | ૧૫૪૫૮૨૩ | ૭૭૨૯૧૧૫ | ૧૧૭૪૮૦૯ | ૫૮૭૪૦૪૫ |
| ૭ | અમદાવાદ | ૬૩૧૩૪૬૯ | ૩૧૫૬૭૩૪૫ | ૨૧૩૯૫૭૮ | ૧૦૬૯૭૮૯૦ | ૨૭૨૩૪૩૩ | ૧૩૬૧૭૧૬૫ |
| ૮ | સુરેન્દ્રનગર | ૩૦૧૭૭૧૨ | ૧૫૦૮૮૫૬૦ | ૪૧૬૦૫૨ | ૨૦૮૦૨૬૦ | ૧૭૮૦૪૭૮ | ૮૯૦૨૩૯૦ |
| ૯ | રાજકોટ | ૩૨૯૩૫૫૧ | ૧૬૪૬૭૭૫૫ | ૨૭૧૫૨૧૫ | ૧૩૫૭૬૦૭૫ | ૨૫૨૩૦૮૯ | ૧૨૬૧૫૪૪૫ |
| ૧૦ | જામનગર | ૨૦૬૮૦૨૬ | ૧૦૩૪૦૧૩૦ | ૯૮૨૫૬૫ | ૪૯૧૨૮૨૫ | ૧૫૨૩૬૩૫ | ૭૬૧૮૧૭૫ |
| ૧૧ | પોરબંદર | ૮૦૭૬૯૯ | ૪૦૩૮૪૯૫ | ૨૭૭૦૬૦ | ૧૩૮૫૩૦૦ | ૪૯૪૧૪૪ | ૨૪૭૦૭૨૦ |
| ૧૨ | જૂનાગઢ | ૩૫૦૧૯૪૦ | ૧૭૫૦૯૭૦૦ | ૬૪૩૪૩૧ | ૩૨૧૭૧૫૫ | ૨૪૫૮૪૧૮ | ૧૨૨૯૨૦૯૦ |
| ૧૩ | અમરેલી | ૨૪૯૩૫૪૨ | ૧૨૪૬૭૭૧૦ | ૨૦૩૭૪૧૨ | ૧૦૧૮૭૦૬૦ | ૧૭૮૭૪૦૨ | ૮૯૩૭૦૧૦ |
| ૧૪ | ભાવનગર | ૨૬૪૩૫૧૬ | ૧૩૨૧૭૫૮૦ | ૯૭૫૯૩૨ | ૪૮૭૯૬૬૦ | ૧૭૭૩૫૯૮ | ૮૮૬૭૯૯૦ |
| ૧૫ | આણંદ | ૩૦૮૮૮૨૭ | ૧૫૪૪૪૧૩૫ | ૫૩૫૬૮ | ૨૬૭૮૪૦ | ૧૨૧૯૧૮૯ | ૬૦૯૫૯૪૫ |
| ૧૬ | ખેડા | ૩૩૮૧૨૩૩ | ૧૬૯૦૬૧૬૫ | ૯૨૦૬૬૧ | ૪૬૦૩૩૦૫ | ૧૬૭૮૬૪૯ | ૮૩૯૩૨૪૫ |
| ૧૭ | પંચમહાલ | ૩૪૨૪૫૬૬ | ૧૭૧૨૨૮૩૦ | ૨૩૪૭૦૪૫ | ૧૧૭૩૫૨૨૫ | ૧૯૦૭૫૦૩ | ૯૫૩૭૫૧૫ |
| ૧૮ | દાહોદ | ૨૮૯૮૩૬૩ | ૧૪૪૯૧૮૧૫ | ૧૦૦૪૯૦૩ | ૫૦૨૪૫૧૫ | ૧૮૫૮૦૯૪ | ૯૨૯૦૪૭૦ |
| ૧૯ | વડોદરા | ૪૮૩૩૦૯૭ | ૨૪૧૬૫૪૮૫ | ૨૬૪૭૯૮૩ | ૧૩૨૩૯૯૧૫ | ૨૨૫૮૬૬૧ | ૧૧૨૯૩૩૦૫ |
| ૨૦ | નર્મદા | ૭૪૯૦૯૮ | ૩૭૪૫૪૯૦ | ૫૬૧૩૭૧ | ૨૮૦૬૮૫૫ | ૪૬૬૭૭૦ | ૨૩૩૩૮૫૦ |
| ૨૧ | ભરૂચ | ૩૬૬૭૪૫૬ | ૧૮૩૩૭૨૮૦ | ૭૭૮૭૦૮ | ૩૮૯૩૫૪૦ | ૧૫૪૧૫૭૭ | ૭૭૦૭૮૮૫ |
| ૨૨ | સુરત | ૯૪૫૨૮૬ | ૪૭૨૬૪૩૦ | ૧૪૮૮૪૬ | ૭૪૪૨૩૦ | ૫૭૧૮૪૧ | ૨૮૫૯૨૦૫ |
| ૨૩ | ડાંગ | ૨૫૨૨૬૫ | ૧૨૬૧૩૨૫ | ૩૯૬૭ | ૧૯૮૩૫ | ૨૦૦૯૧૦ | ૧૦૦૪૫૫૦ |
| ૨૪ | નવસારી | ૧૧૭૪૬૧૧ | ૫૮૭૩૦૫૫ | ૬૦૫૨૬ | ૩૦૨૬૩૦ | ૬૧૯૦૬૪ | ૩૦૯૫૩૨૦ |
| ૨૫ | વલસાડ | ૨૨૯૯૭૩૬ | ૧૧૪૯૮૬૮૦ | ૫૧૦૦૪૬ | ૨૫૫૦૨૩૦ | ૧૦૬૩૦૭૭ | ૫૩૧૫૩૮૫ |
| ૨૬ | તાપી | ૮૨૧૧૦૧ | ૪૧૦૫૫૦૫ | ૪૮૭૮૯૩ | ૨૪૩૯૪૬૫ | ૫૭૩૪૨૯ | ૨૮૬૭૧૪૫ |
| ૨૭ | દેવભૂમિ દ્વારકા | ૪૬૩૪૭૬ | ૨૩૧૭૩૮૦ | ૨૧૭૦૮૯ | ૧૦૮૫૪૪૫ | ૩૧૧૧૫૭ | ૧૫૫૫૭૮૫ |
| ૨૮ | મોરબી | ૭૭૦૩૯૬ | ૩૮૫૧૯૮૦ | ૫૮૮૨૯૮ | ૨૯૪૧૪૯૦ | ૫૨૫૦૪૨ | ૨૬૨૫૨૧૦ |
| ૨૯ | ગીર સોમનાથ | ૬૯૭૩૦૨ | ૩૪૮૬૫૧૦ | ૫૭૯૭૫૧ | ૨૮૯૮૭૫૫ | ૫૧૭૬૮૯ | ૨૫૮૮૪૪૫ |
| ૩૦ | બોટાદ | ૩૭૯૭૩૭ | ૧૮૯૮૬૮૫ | ૧૬૭૯૫૪ | ૮૩૯૭૭૦ | ૨૭૩૮૮૯ | ૧૩૬૯૪૪૫ |
| ૩૧ | અરવલ્લી | ૮૯૩૮૩૪ | ૪૪૬૯૧૭૦ | ૫૬૬૨૦૨ | ૨૮૩૧૦૧૦ | ૫૬૫૬૪૨ | ૨૮૨૮૨૧૦ |
| ૩૨ | મહીસાગર | ૧૧૦૦૧૮૩ | ૫૫૦૦૯૧૫ | ૯૦૯૪૨૦ | ૪૫૪૭૧૦૦ | ૬૮૩૧૮૦ | ૩૪૧૫૯૦૦ |
| ૩૩ | છોટાઉદેપુર | ૮૦૦૧૦૮ | ૪૦૦૦૫૪૦ | ૭૪૩૭૧૪ | ૩૭૧૮૫૭૦ | ૫૮૦૫૩ | ૨૯૦૦૭૬૫ |
| | કુલ | ૭૭૦૭૯૩૨૫ | ૩૮૫૩૯૬૬૨૫ | ૩૪૦૧૯૨૯૬ | ૧૭૦૦૯૬૪૮૦ | ૪૪૦૬૩૩૭૨ | ૨૨૦૩૧૬૮૬૦ |

પત્રક –૨

| ક્રમ | જિલ્લા/તાલુકાનું નામ | ગામ નમુના નંબર–૭ કુલ નકલ | ગામ નમુના નંબર–૭ કુલ રકમ (રૂ.) | ગામ નમુના નંબર–૧૨ કુલ નકલ | ગામ નમુના નંબર–૧૨ કુલ રકમ (રૂ.) | ગામ નમુના નંબર ૮–અ કુલ નકલ | ગામ નમુના નંબર ૮–અ કુલ રકમ (રૂ.) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | કચ્છ | ૧૩૯૨૭૮૫ | ૬૯૬૩૯૨૫ | ૨૯૬૫૯૩ | ૧૪૮૨૯૬૫ | ૭૨૫૪૦૩ | ૩૬૨૭૦૧૫ |
| ૨ | બનાસકાંઠા | ૨૬૬૧૫૬૧ | ૧૩૩૦૭૮૦૫ | ૨૨૧૪૨૫૧ | ૧૧૦૭૧૨૫૫ | ૧૯૮૫૪૭૫ | ૯૯૨૭૩૭૫ |
| ૩ | પાટણ | ૬૬૩૬૩૧ | ૩૩૧૮૧૫૫ | ૩૫૨૮૨૩ | ૧૭૬૪૧૧૫ | ૩૭૪૪૦૩ | ૧૮૭૨૦૧૫ |
| ૪ | મહેસાણા | ૨૪૭૭૩૯૨ | ૧૨૩૮૬૯૬૦ | ૫૨૯૧૯૧ | ૨૬૪૫૯૫૫ | ૧૨૩૩૪૦૮ | ૬૧૬૭૦૪૦ |
| ૫ | સાબરકાંઠા | ૨૩૬૫૮૦૩ | ૧૧૮૨૯૦૧૫ | ૧૧૫૩૬૮૫ | ૫૭૬૮૪૨૫ | ૧૫૬૨૮૬૭ | ૭૮૧૪૩૩૫ |
| ૬ | ગાંધીનગર | ૧૦૩૬૭૪૩ | ૫૧૮૩૭૧૫ | ૪૦૦૨૪૬ | ૨૦૦૧૨૩૦ | ૪૯૬૨૦૩ | ૨૪૮૧૦૧૫ |
| ૭ | અમદાવાદ | ૧૫૫૮૧૫૩ | ૭૭૯૦૭૬૫ | ૧૪૧૨૫૨ | ૭૦૬૨૬૦ | ૮૫૨૬૯૭ | ૪૨૬૩૪૮૫ |
| ૮ | સુરેન્દ્રનગર | ૯૭૩૬૦૬ | ૪૮૬૮૦૩૦ | ૧૯૩૬૬૨ | ૯૬૮૩૧૦ | ૬૩૦૦૩૬ | ૩૧૫૦૧૮૦ |
| ૯ | રાજકોટ | ૧૨૯૧૬૨૮ | ૬૪૫૮૧૪૦ | ૯૫૨૬૫૪ | ૪૭૬૩૨૭૦ | ૧૦૨૭૫૯૪ | ૫૧૩૭૯૭૦ |
| ૧૦ | જામનગર | ૧૧૨૩૭૯૩ | ૫૬૧૮૯૬૫ | ૪૨૭૦૭૬ | ૨૧૩૫૩૮૦ | ૮૫૨૯૧૦ | ૪૨૬૪૫૫૦ |
| ૧૧ | પોરબંદર | ૫૧૪૦૧૨ | ૨૫૭૦૦૬૦ | ૧૩૨૦૫૧ | ૬૬૦૨૫૫ | ૩૨૫૭૧૭ | ૧૬૨૮૫૮૫ |
| ૧૨ | જૂનાગઢ | ૮૮૬૭૮૦ | ૪૪૩૩૯૦૦ | ૮૪૦૭૭ | ૪૨૦૩૮૫ | ૬૬૮૩૪૮ | ૩૩૪૧૭૪૦ |
| ૧૩ | અમરેલી | ૧૦૮૩૫૭૦ | ૫૪૧૭૮૫૦ | ૯૭૪૫૧૮ | ૪૮૭૨૫૯૦ | ૮૮૦૮૮૪ | ૪૪૦૪૪૨૦ |
| ૧૪ | ભાવનગર | ૭૮૫૭૨૫ | ૩૯૨૮૬૨૫ | ૫૬૮૩૨૫ | ૨૮૪૧૬૨૫ | ૬૨૧૦૨૧ | ૩૧૦૫૧૦૫ |
| ૧૫ | આણંદ | ૧૩૭૪૩૨૨ | ૬૮૭૧૬૧૦ | ૨૧૮૩૫ | ૧૦૯૧૭૫ | ૫૯૦૭૬૫ | ૨૯૫૩૮૨૫ |
| ૧૬ | ખેડા | ૧૨૮૫૩૩૧ | ૬૪૨૬૬૫૫ | ૨૧૩૪૪૪ | ૧૦૬૭૨૨૦ | ૬૫૯૨૪૫ | ૩૨૯૬૨૨૫ |
| ૧૭ | પંચમહાલ | ૩૩૨૮૧૮ | ૧૬૬૪૦૯૦ | ૨૩૬૮૫૨ | ૧૧૮૪૨૬૦ | ૨૩૦૧૯૯ | ૧૧૫૦૯૯૫ |
| ૧૮ | દાહોદ | ૫૫૦૩૫૩ | ૨૭૫૧૭૬૫ | ૧૮૯૧૮૮ | ૯૪૫૯૪૦ | ૩૮૬૫૮૮ | ૧૯૩૨૯૪૦ |
| ૧૯ | વડોદરા | ૧૧૩૦૮૪૬ | ૫૬૫૪૨૩૦ | ૪૦૩૪૪૮ | ૨૦૧૭૨૪૦ | ૬૦૩૫૮૩ | ૩૦૧૭૯૧૫ |
| ૨૦ | નર્મદા | ૨૮૭૭૧૨ | ૧૪૩૮૫૬૦ | ૧૧૮૦૨૮ | ૫૯૦૧૪૦ | ૧૭૪૨૯૮ | ૮૭૧૪૯૦ |
| ૨૧ | ભરૂચ | ૬૨૬૭૯૯ | ૩૧૩૩૯૯૫ | ૧૭૦૦૬૭ | ૮૫૦૩૩૫ | ૩૦૨૧૯૪ | ૧૫૧૦૯૭૦ |
| ૨૨ | સુરત | ૩૫૦૭૭૫૯ | ૧૭૫૩૮૭૯૫ | ૫૦૪૭૦૨ | ૨૫૨૩૫૧૦ | ૧૯૫૦૩૭૮ | ૯૭૫૧૮૯૦ |
| ૨૩ | ડાંગ | ૮૩૨૫૬ | ૪૧૬૨૮૦ | ૩૪૧૨ | ૧૭૦૬૦ | ૮૦૨૩૫ | ૪૦૧૧૭૫ |
| ૨૪ | નવસારી | ૧૬૦૧૯૮૮ | ૮૦૦૯૯૪૦ | ૪૮૬૫૪૦ | ૨૪૩૨૭૦૦ | ૮૭૧૨૧૪ | ૪૩૫૬૦૭૦ |
| ૨૫ | વલસાડ | ૯૦૯૪૯૯ | ૪૫૪૭૪૯૫ | ૧૫૨૫૦૩ | ૭૬૨૫૧૫ | ૪૩૮૧૮૧ | ૨૧૯૦૯૦૫ |
| ૨૬ | તાપી | ૩૪૩૮૫૦ | ૧૭૧૯૨૫૦ | ૨૨૦૬૩૩ | ૧૧૦૩૧૬૫ | ૨૨૬૮૦૩ | ૧૧૩૪૦૧૫ |
| ૨૭ | દેવભૂમિ દ્વારકા | ૫૪૮૧૮૭ | ૨૭૪૦૯૩૫ | ૨૬૬૩૪૦ | ૧૩૩૧૭૦૦ | ૪૧૬૦૬૮ | ૨૦૮૦૩૪૦ |
| ૨૮ | મોરબી | ૪૮૪૪૭૪ | ૨૪૨૨૩૭૦ | ૨૭૪૮૭૨ | ૧૩૭૪૩૬૦ | ૩૪૬૩૯૭ | ૧૭૩૧૯૮૫ |
| ૨૯ | ગીર સોમનાથ | ૩૧૨૧૭૬ | ૧૫૬૦૮૮૦ | ૨૭૯૯૦૮ | ૧૩૯૯૫૪૦ | ૨૪૫૨૦૮ | ૧૨૨૬૦૪૦ |
| ૩૦ | બોટાદ | ૩૦૧૮૩૦ | ૧૫૦૯૧૫૦ | ૨૨૪૪૨૬ | ૧૧૨૨૧૩૦ | ૨૫૮૯૩૮ | ૧૨૯૪૬૯૦ |
| ૩૧ | અરવલ્લી | ૮૫૭૬૫૩ | ૪૨૮૮૨૬૫ | ૩૭૧૭૪૧ | ૧૮૫૮૭૦૫ | ૬૨૯૪૦૧ | ૩૧૪૭૦૦૫ |
| ૩૨ | મહીસાગર | ૨૪૮૧૧૧ | ૧૨૪૦૫૫૫ | ૧૭૭૧૩૨ | ૮૮૫૬૬૦ | ૧૮૮૩૭૭ | ૯૪૧૮૮૫ |
| ૩૩ | છોટાઉદેપુર | ૨૯૩૨૭૪ | ૧૪૬૬૩૭૦ | ૨૩૨૦૪૩ | ૧૧૬૦૨૧૫ | ૨૩૬૪૫૨ | ૧૧૮૨૨૬૦ |
| | કુલ | ૩૩૮૯૫૪૨૦ | ૧૬૯૪૭૭૧૦૦ | ૧૨૯૬૭૫૧૮ | ૬૪૮૩૭૫૯૦ | ૨૧૦૭૧૪૯૦ | ૧૦૫૩૫૭૪૫૦ |

--------

ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્રભાગ અને તાબાની કચેરીઓમાં ખાલી જગ્યાઓ બાબત

અતારાંકિતઃ ૧૧૧૪૪ (૨૮–૦૨–૨૦૧૭) શ્રી ગ્યાસુદીન શેખ (દરિયાપુર): માનનીય ડીઝાસ્ટર મેનેજમેન્ટ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૧૧–૨૦૧૬ ની સ્થિતિએ રાજ્યના ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજુર મહેકુમ કેટલુ છે,

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૩) તે પૈકી ઉકત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે અને ઉકત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

ડીઝાસ્ટર મેનેજમેન્ટ મંત્રીશ્રી : (૯–૨–૨૦૧૭)

(૧) તા.૩૦–૧૧–૨૦૧૬ ની સ્થિતિએ સંવર્ગવાર મંજુર મહેકમ.

| અ.નં. | સંવર્ગ | સંવર્ગવાર મંજુર મહેકમ |
|---|---|---|
| ૧ | અધિક કલેકટર | ૨ |
| ૨ | નાયબ કલેકટર અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી | ૪ |
| ૩ | કાર્યપાલક ઈજનેર | ૨ |
| ૪ | નાયબ કાર્યપાલક ઈજનેર | ૨ |

| | | |
|---|---|---|
| ૫ | સંયુક્ત નિયામક/નાયબ નિયામક (હિસાબ) | ૨ |
| ૬ | મદદનીશ નિયામક (હિસાબ) ચાર્જથી જગ્યા ભરાયેલ છે. | ૧ |

(૨) સંવર્ગવાર ભરાયેલ જગ્યા

| અ.નં. | સંવર્ગ | સંવર્ગવાર ભરાયેલ જગ્યા |
|---|---|---|
| ૧ | અધિક કલેકટર | ૧ |
| ૨ | નાયબ કલેકટર અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી | ૦ |
| ૩ | કાર્યપાલક ઈજનેર | ૦ |
| ૪ | નાયબ કાર્યપાલક ઈજનેર | ૧ |
| ૫ | સંયુક્ત નિયામક/નાયબ નિયામક (હિસાબ) | ૧ |
| ૬ | મદદનીશ નિયામક (હિસાબ) ચાર્જથી જગ્યા ભરાયેલ છે. | ૦ |

(૩) સંવર્ગવાર ખાલી જગ્યાઓ

| અ.નં. | સંવર્ગ | ખાલી જગ્યા | કયાં સુધીમાં ભરવામાં આવશે. |
|---|---|---|---|
| ૧ | અધિક કલેકટર | ૧ | સદરહુ જગ્યાઓ પ્રતિનિયુકત ભરવામાં આવે છે. |
| ૨ | નાયબ કલેકટર અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી | ૪ | ઉપર મુજબ |
| ૩ | કાર્યપાલક ઈજનેર | ૨ | ઉપર મુજબ |
| ૪ | નાયબ કાર્યપાલક ઈજનેર | ૨ | ઉપર મુજબ |
| ૫ | સંયુકત નિયામક/નાયબ નિયામક (હિસાબ) | ૧ | ------ |
| ૬ | મદદનીશ નિયામક (હિસાબ) ચાર્જથી જગ્યા ભરાયેલ છે. | ૧ | પ્રતિનિયુક્તિથી ઉપલબ્ધ થયેથી |

--------

કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં કાચા માર્ગોની પાકા ડામરની સપાટી બનાવવા

અતારાંકિતઃ ૯૮૦૦ (૩૧-૧૨-૨૦૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ -મકાન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં ક્યા ક્યા કાચા માર્ગોનો તા.૩૧મી ડિસેમ્બર-૨૦૧૫ની સ્થિતિએ પાકા ડામર સપાટીના બનાવવાના બાકી છે, અને

(૨) તે ક્યાં સુધીમાં બનાવવામાં આવનાર છે?

નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ-મકાન): (૧૩-૦૨-૨૦૧૭)

(૧) પરિશિષ્ટ મુજબ

(૨) તાંત્રિક જરૂરીયાત તથા બજેટ જોગવાઇ અનુસાર

પરિશિષ્ટ

| ક્રમ | તાલુકો | રસ્તાનું નામ |
|---|---|---|
| જી. કચ્છ | | |
| ૧ | ભચાઉ | સામખયારી આધોઇ કંથકોટ રામવાવ ગઢડા રોડ. (૪૫.૦૦ ~ ૬૪.૫૦) |
| ૨ | ભચાઉ | ભચાઉ કરમરીયા વોંધડા વિજપાસર આધોઇ લખપત બાદરગઢ રોડ. (૨૧.૦૦ ~૩૩.૦૦) |
| ૩ | અબડાસા | વરાડિયા ખાતીયાપીર સાંધાણ રોડ |
| ૪ | અબડાસા | બીટ્ટા ખાનાઈ રોડ |
| ૫ | અબડાસા | છાડુરા સાર્દીનપુર કેરવાંઢ રોડ |
| ૬ | અબડાસા | સાંધાણ ખુડા રોડ |
| ૭ | અબડાસા | ભદ્રાવાંઢ એપ્રોચ રોડ |
| ૮ | અબડાસા | ડુમરા સાંધાણ છછી રોડ |
| ૯ | અબડાસા | વાગાપધ્ધર રોડ |
| ૧૦ | અબડાસા | સુદ્ધ્રો એપ્રોચ રોડ |
| ૧૧ | અબડાસા | ઉખેડા દબાણ રોડ |
| ૧૨ | અંજાર | દેવીસર ખીરસરા રોડ |
| ૧૩ | અંજાર | સિનુગ્રા મીનધીયાળી રોડ |
| ૧૪ | ભચાઉ | કલ્યાણપર એપ્રોચ રોડ |
| ૧૫ | ભચાઉ | બાપુઆરી એપ્રોચ રોડ |
| ૧૬ | ભુજ | પૈયા ત્રંબો રોડ |
| ૧૭ | ભુજ | દધ્ધર ઉડઇ લાખાબે રોડ |
| ૧૮ | ભુજ | લાખોંદ નાગોર રોડ |
| ૧૯ | ભુજ | વાંઢસીમ એપ્રોચ રોડ |
| ૨૦ | ભુજ | સાપર ટીંબો એપ્રોચ રોડ |
| ૨૧ | ભુજ | સાકર ટીંબો એપ્રોચ રોડ |
| ૨૨ | ભુજ | નભોઇ ટીંબો કુરબઇ રોડ |
| ૨૩ | ભુજ | ડગાળા નલીયારી ટીંબો રોડ |

| ક્રમ | તાલુકો | રસ્તાનું નામ |
|---|---|---|
| ૨૪ | ભુજ | દેઢિયા નાના મોટા રોડ |
| ૨૫ | લખપત | લક્કી એપ્રોચ રોડ |
| ૨૬ | લખપત | તેહરા એપ્રોચ રોડ |
| ૨૭ | લખપત | છુગેર એપ્રોચ રોડ |
| ૨૮ | લખપત | રોડાસર હમનખુડી રોડ |
| ૨૯ | લખપત | નરાડો એપ્રોચ રોડ |
| ૩૦ | મુંદરા | વવાર ભરૂડીયા રોડ |
| ૩૧ | નખત્રાણા | વાલ્કા ગજનસર રોડ |
| ૩૨ | નખત્રાણા | અકદના એપ્રોચ રોડ |
| ૩૩ | નખત્રાણા | મેડીસર ઉલટ રોડ |
| ૩૪ | નખત્રાણા | વિરખલ એપ્રોચ રોડ |
| ૩૫ | રાપર | જોધરાઇ વેરાસર રોડ |
| ૩૬ | રાપર | જાટાવાડા ગઢડા રોડ |
| જી. ભાવનગર | | |
| ૩૭ | ભાવનગર | મોટાખોખરા ભંડારીયા રોડ |
| ૩૮ | ઘોઘા | ખરકડી નાનાખોખરા ભંડારીયા રોડ |
| ૩૯ | મહુવા | કંટાસર રાતોલ રોડ |
| ૪૦ | પાલીતાણા | ગારીયધાર ભંડારીયા સાતપડા જાળીયાઘેટી પાલીતાણા રોડ (સે. પાલીતાણા ઘેટી જાળીયા સાતપડા રોડ) |
| ૪૧ | સિહોર | પાલીતાણા ટાણા નાનાખોખરા ઉખરલા કોબરી રોડ (સે. પાલીતાણા ટાણા અગીયારી નાનાખોખરા અપ ટુ તાલુકા લીમીટ ) |
| ૪૨ | સિહોર | શિહોર ભડલી ખરકડી નાનાખોખરા કુકડ રોડ (સે. શિહોર ભડલી ખરકડી અપ ટુ તાલુકા લીમીટ ) |
| ૪૩ | સિહોર | સોનગઢ જાળીયા કનાડ રોડ (સે. સોનગઢ પાંચવડા મેઘવદર એન્ડ જાળીયા કનાડ રોડ) |
| ૪૪ | સિહોર | પાલડી ચમારડી રોડ |
| ૪૫ | સિહોર | લાખાવડ ભૂતિયા રોડ |
| ૪૬ | તળાજા | તરસરા પાદરી રોડ |
| ૪૭ | ગારીયાધાર | ફાચરીયા પાંચટોબરા રોડ |
| ૪૮ | ઘોઘા | બાડી કોળીયાક રોડ |
| ૪૯ | જેસર | ભોકરવા રબારીકા રોડ |
| ૫૦ | જેસર | શેવડીવદર કરમદીયા રોડ |
| ૫૧ | જેસર | કોટામુઇ ભાણવડીયા રોડ |
| ૫૨ | મહુવા | ચુણા છાપરી રોડ |
| ૫૩ | મહુવા | દુધાળા લુસડી રોડ |
| ૫૪ | મહુવા | કસાણ નાનાખુટવડા રોડ |
| ૫૫ | મહુવા | જાંબુડા છાપરી રોડ |
| ૫૬ | સિહોર | સણોસરા વાવડી રેવારોડ |
| ૫૭ | સિહોર | પીપરલા અમરગઢ રોડ |
| ૫૮ | સિહોર | કનાડ માલવણ રોડ |
| ૫૯ | સિહોર | વરલ પીપરલા રોડ |
| ૬૦ | તળાજા | પસ્વી ગાધેસર દાઠા રોડ |
| ૬૧ | તળાજા | મેથળા વેજોદરી મંગેળા ભુંગર રોડ |
| ૬૨ | તળાજા | કઠવા પાંચપીપળા રોડ |
| ૬૩ | તળાજા | વરલ મેથળા રોડ |
| ૬૪ | ઉમરાળા | પીરલા ટીંબા રોડ |
| ૬૫ | ઉમરાળા | ધોળા ઝાંઝમેર રોડ |

| ક્રમ | તાલુકો | રસ્તાનું નામ |
|---|---|---|
| ૬૬ | ઉમરાળા | ખીજડીયા સમઢીયાળા રોડ |
| ૬૭ | ઉમરાળા | વડોદ રામણકા રોડ |
| ૬૮ | ઉમરાળા | રેવા ઇશ્વરીયા રોડ |
| ૬૯ | વલ્લભીપુર | મેવાસા વેળાવદર રોડ |
| ૭૦ | વલ્લભીપુર | મેવાસા સાહપુર રોડ |
| ૭૧ | ભાવનગર | સનેસ ભડભીડ રોડ |
| ૭૨ | ભાવનગર | શેઢાવદર ફરીયાદકા રોડ |
| ૭૩ | ગારીયાધાર | ખોડવદરી મેસણકા રોડ |
| ૭૪ | ગારીયાધાર | ભંડારીયા સારંગપુર રોડ |
| ૭૫ | ઘોઘા | કણકોટ વાળુકડ નેસવડ રોડ |
| ૭૬ | ઘોઘા | સમઢીયાળા ભીકડા રોડ |
| ૭૭ | જેસર | કેદારીયા કાત્રોડી રોડ |
| ૭૮ | મહુવા | રાજાવદર બેલમપર ગળથર રોડ |
| ૭૯ | સિહોર | સિહોર ખાંભા રબારીકા રોડ |
| ૮૦ | સિહોર | સોનગઢ કરકોલીયા મેઘવદર રોડ |
| ૮૧ | સિહોર | ઘાંઘળી ભાણગઢ પાળીયાદ રોડ |
| ૮૨ | સિહોર | આંબલા પીપરલા રોડ |
| ૮૩ | સિહોર | સરકરડીયા થોરાળી માંડવાળી રોડ |
| ૮૪ | ઉમરાળા | ચિત્રાવાવ રામણકા રોડ |
| ૮૫ | ઉમરાળા | ઠેડા લાખાવડ રોડ |
| જી. ગાંધીનગર | | |
| ૮૬ | દહેગામ | ઉદણ ખેરોલ રોડ અપ ટુ તાલુકા લીમીટ |
| ૮૭ | દહેગામ | વાસણા રાઠોડ ટુ ગલુદણ રોડ |

--------

દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લાની અશક્તતા આયુક્તની કોર્ટમાં પડતર ફરિયાદો

અતારાંકિતઃ ૯૯૨૫ (૦૮-૧૧-૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા): માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યના અશક્તતા આયુક્તની કોર્ટમાં તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૫ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લાના કેટલા વિકલાંગોની અરજીઓ/ફરિયાદો પડતર છે,

(૨) તે પડતર રહેવાના મુખ્યત્વે શા કારણો છે, અને

(૩) ઉક્ત તમામ પડતર અરજીઓ/ફરિયાદોનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

સામાજિક ન્યાય અને અધિકારી મંત્રીશ્રી : (૯-૨-૨૦૧૭)

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ સુરત જિલ્લાનો એક કેસ પડતર છે. તેમજ તાપી અને દેવભૂમિ દ્વારકા જિલ્લાઓની એકપણ અરજી/ફરિયાદ પડતર નથી.

(૨) વધુ સુનાવણી માટે મુદતો પડતાં.

(૩) પ્રસ્તુત કેસનો તા. ૨૯-૮-૨૦૧૬ના રોજ ચુકાદો આપી નિકાલ કરતાં કોઈ કેસ બાકી રહેલ નથી.

--------

રાજ્યકક્ષાની તકેદારી અને મોનીટરીંગ સમિતિની મળેલ બેઠકો

અતારાંકિતઃ ૧૦૯૬૧ (૨૦-૧૨-૨૦૧૬) શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૧૦-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં અનુસૂચિત જાતિ/જનજાતિ અત્યાચાર નિવારણ અધિનિયમ-૧૯૯૫ અન્વયે રાજ્યકક્ષાની તકેદારી અને મોનીટરીંગ સમિતિની રચના કરવામાં આવી છે તેના દ્વારા શી કામગીરી કરવામાં આવે છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં ક્યારે સમિતિની બેઠકો મળી અને તેમાં શા નિર્ણયો કરવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ કરવામાં આવેલ નિર્ણયોના અમલની જવાબદારી કોને સોંપાઈ છે ?

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી : (૧૦-૨-૨૦૧૭)

(૧) અનુસૂચિત જાતિઓ ઉપરના અત્યાચારોના બનેલા બનાવો સંદર્ભે તકેદારી અધિકારીશ્રીઓ (અનુ.જાતિ)ના મળેલ ત્રિમાસિક અહેવાલોની સમીક્ષા હાથ ધરી અત્યાચારના બનાવો ના બને તે માટે સમિતિ દ્વારા સરકારશ્રીના સંબંધિત વિભાગોને સતર્ક કરવામાં આવે છે.

(૨) છેલ્લા પાંચ વર્ષમાં તા. ૦૩-૦૭-૨૦૧૨, ૦૫-૦૯-૨૦૧૨, ૨૯-૧૨-૨૦૧૨, ૧૭-૦૪-૨૦૧૩, ૧૫-૦૭-૨૦૧૩, ૨૨-૦૮-૨૦૧૩,૧૫-૧૧-૨૦૧૩, ૦૭-૦૪-૨૦૧૪, ૦૫-૦૯-૨૦૧૪, ૨૭-૦૭-૨૦૧૫, ૨૯-૧૨-૨૦૧૫ અને ૧૬-૦૭-૨૦૧૬ના રોજ સમિતિની બેઠકો મળી તેમાં નીચે મુજબ નિર્ણયો કરવામાં આવ્યાં.

૧. અત્યાચારના બાકી તમામ કેસોમાં ૩૦ દિવસમાં કામગીરી કરવા.
૨. નાયબ પોલીસ અધિક્ષકશ્રી SC/ST સેલની ખાલી જગ્યાઓ ભરવા.
૩. અત્યાચારના કોર્ટ કેસોના ઝડપી નિકાલને અગ્રીમતા આપવા.
૪. અસરગ્રસ્તોને બાકી સહાય સત્વરે ચૂકવવા અંગે.
૫. કેસ ઓફિસર અને સ્પેશીયલ લો ઓફિસરની નિમણૂકના અમલ બાબત
૬. સંવેદનશીલ વિસ્તારો કે જ્યાં ગંભીર પ્રકારના વધુ બનાવો બને છે ત્યાં માથાભારે તત્વોને તડીપાર કરવા અંગેની કાર્યવાહી હાથ ધરવા.
૭. પડતર કેસોમાં વોરંટ બજાવી અગ્રીમતાથી નિકાલ કરવા.
૮. ખાસ અદાલતો અને વિશિષ્ટ ખાસ અદાલતોમાં અત્યાચારના કેસોને પ્રથમ અગ્રીમતા આપવા અંગે.

(૩) જે તે સંબંધિત વિભાગોને જવાબદારી સોંપાઈ છે.

--------

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટેના છાત્રાલયો માટે કેન્દ્રિય સહાય

અતારાંકિતઃ ૧૧૩૨૯ (૦૪-૦૧-૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) અનુસૂચિત જાતિના કુમાર અને કન્યાઓ માટે રાજકોટ, જૂનાગઢ અને મહેસાણા ખાતે સરકારી છાત્રાલયનું બાંધકામ કરવા માટે કેન્દ્ર સરકાર તરફથી તા. ૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી : (૯-૨-૨૦૧૭)

(૧) ના, જી.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

જામનગર જિલ્લાના ધ્રોળ શહેરમાં આવેલી પ્રાણ કુંવરબા સરકારી લાયબ્રેરી

અતારાંકિતઃ ૯૧૫૩ (૧૨-૮-૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર-ગ્રામ્ય): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) જામનગર જિલ્લાના ધ્રોલ શહેરમાં આવેલી પ્રાણકુંવરબા સરકારી લાયબ્રેરીમાં તા.૩૧ માર્ચ, ૨૦૧૬ની સ્થિતિએ પુસ્તકો ઉપલબ્ધ ન હોઈ ઉક્ત સરકારી લાયબ્રેરી કાર્યરત નથી તે હકીકત સાચી છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સરકારી લાયબ્રેરી ક્યાં સુધીમાં શરૂ કરવામાં આવનાર છે ?

નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) : (૯-૨-૨૦૧૭)

(૧) હા, હકીકત સાચી છે.
(૨) આ સરકારી લાયબ્રેરી નવેમ્બર ૨૦૧૬થી શરૂ થયેલ છે.

--------

રાજ્યમાં ગેસ આધારિત વીજ મથકો

## ૩૦મી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નોત્તરી

અતારાંકિતઃ ૧૦૯૧૦ (૩૧-૧-૨૦૧૭) શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર): માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧-૧૦-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં કયા ગેસ આધારિત વીજ મથકો કે વીજ મથકોના કયા યુનીટો કેટલા સમયથી બંધ પડેલ અને તેના કારણો શા છે, અને

(૨) ઉક્ત વીજ મથકો કાર્યરત થાય તે માટે સરકારે શી કાર્યવાહી કરી ?

ઉર્જા મંત્રીશ્રી : (૧૦-૨-૨૦૧૭)

(૧) એક પણ યુનિટ બંધ પડેલ નથી. વધુમાં રાજ્યનાં તમામ વીજ મથકો હાલ વીજ ઉત્પાદન માટે ઉપલબ્ધ છે. પરંતુ, વીજ યુટિલીટીઓએ નામદાર વીજ આયોગના મેરીટ ઓર્ડર્સ રેગ્યુલેશનને અનુસરીને સૌથી સસ્તા બળતણ ખર્ચ ધરાવતાં વીજ મથકો પાસેથી ખરીદી કરવાની રહેતી હોવાથી અને ડોમેસ્ટિક ગેસનો પુરતો પુરવઠો ઉપલબ્ધ ન હોવાથી તથા સ્પોટ ગેસ પર ચલાવવામાં આવે તો મેરીટ ઓર્ડર્સમાં ન આવતા હોવાને કારણે આવા ગેસ આધારિત વીજમથકો આંશિક ક્ષમતાએ ચલાવવા પડે છે. તેમ છતાં, હાલમાં સ્થાપિત વીજ ક્ષમતામાંથી રાજ્યનાં તમામ પ્રકારના વીજ ગ્રાહકોને પુરતો પુરવઠો આપી શકાય તેટલું વીજ ઉત્પાદન મેળવાઈ રહ્યું છે અને રાજ્યમાં હાલમાં લોડ શેર્ડીંગ કે પાવર કટના પ્રશ્નો નથી.

(૨) ઉકત વીજ મથકો ચાલુ થાય તે માટે ગુજરાત સરકાર તથા ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ. દ્વારા ભારત સરકારના ઉર્જા મંત્રાલય, ખનીજતેલ અને કુદરતીવાયુ મંત્રાલય તથા સેન્ટ્રલ ઈલેકટ્રીસીટી ઓથોરીટી (CEA) ને, જુલાઈ-૨૦૧૩, જુન-૨૦૧૪, ઓગષ્ટ-૨૦૧૪ અને સપ્ટેમ્બર-૨૦૧૪ દરમ્યાન પત્રો લખીને ગેસ ફાળવવા માટે વિનંતી કરેલ. જેના અનુસંધાને, કેન્દ્ર સરકાર દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં બંધ કે આંશિક રીતે બંધ પડેલ ગેસ આધારિત વીજ મથકોમાંથી વીજળીનું ઉત્પાદન થઈ શકે તે અંગે નવી ઈ-બીડ આર.એલ.એન.જી. (E-Bid RLNG) સ્કીમ દાખલ કરવામાં આવી. જેમાં ફેઝ-૧ અન્વયે રિવર્સ બીડીંગ ટેન્ડર પ્રક્રીયામાં ભાગ લેનાર અને યોગ્યતા ધરાવનાર એવા રાજ્યના પાંચ ગેસ આધારિત વીજ મથકોને જુન-૨૦૧૫ થી સપ્ટેમ્બર-૨૦૧૫ દરમ્યાન ૩.૪૭ એમએમસીએમડી ગેસના જથ્થાની ફાળવણી કરવામાં આવેલ. ઈ-બીડ આરએલએનજી સ્કીમના બીજા ફેઝ અન્વયે ઓકટોબર-૨૦૧૫ થી માર્ચ-૨૦૧૬ દરમ્યાન રાજ્યના આઠ ગેસ આધારિત વીજ મથકોને ૪.૪૬ એમએમસીએમડી ગેસના જથ્થાની ફાળવણી કરવામાં આવેલ. વર્ષ ૨૦૧૬-૨૦૧૭ દરમ્યાન પણ કેન્દ્ર સરકાર દ્વારા ફેઝ-૩ અને ફેઝ-૪ અંતર્ગત ઈ-બીડ આરએલએનજી ગેસ ઓફર કરવામાં આવેલ પરંતુ, સદર ગેસથી ઉત્પાદિત થતી વીજળીની કિંમત જીયુવીએનએલ દ્વારા મેરિટ ઓર્ડર પ્રમાણે ખરીદ કરાતી વિજળીની મહત્તમ કિંમત કરતાં વધારે થતી હોવાથી જીયુવીએનએલ દ્વારા ફેઝ-૩ અને ફેઝ-૪ ની બીર્ડીંગ પ્રક્રીયામાં ભાગ લેવામાં આવેલ ન હતો.

--------

રાજ્ય સરકાર દ્વારા ખાનગી વીજ કંપનીઓ પાસેથી વીજ ખરીદીના કરારો

અતારાંકિતઃ ૧૦૯૧૨ (૨૩-૧૨-૨૦૧૬) શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર): માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧-૧૦-૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ખાનગી વીજ કંપનીઓ પાસેથી વિજળી ખરીદીના કરારો થયેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકારે કરાર મુજબ કઈ ખાનગી કંપની પાસેથી શા ભાવે કેટલી વીજળી ખરીદી ?

ઉર્જા મંત્રીશ્રી : (૯-૨-૨૦૧૭)

(૧) હા જી.

(૨) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. દ્વારા છેલ્લાં પાંચ નાણાકીય વર્ષ દરમ્યાન ખાનગી કંપનીઓ પાસેથી ખરીદવામાં આવેલ વીજળીની વિગત નીચે મુજબ છે.

| | ૨૦૧૨-૧૩ | | ૨૦૧૩-૧૪ | | ૨૦૧૪-૧૫ | | ૨૦૧૫-૧૬ | | ૨૦૧૬-૧૭ (ઓક્ટો-૧૬) | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | મી યુ | રૂ/યુનિટ | મી યુ | રૂ/યુનિટ | મી યુ | રૂ/યુનિટ | મી યુ | રૂ/યુનિટ | મી યુ | રૂ/યુનિટ |
| એસ્સાર પાવર કંપની | ૪૪૦ | ૩.૫૫ | - | - | - | - | - | - | - | - |
| સી. એલ.પી ઈન્ડિયા | ૧૩૬૮ | ૪.૨૪ | ૨૪૮ | ૭.૧૦ | ૨૮૩ | ૫.૪૧ | ૮૭૪ | ૩.૨૦ | ૨૦૧ | ૪.૧૮ |
| અદાણી પાવર લી. | ૧૦૬૪૬ | ૨.૮૫ | ૧૨૬૩૫ | ૨.૭૫ | ૧૩૪૦૪ | ૨.૬૭ | ૧૪૪૧૩ | ૨.૬૭ | ૭૮૩૩ | ૨.૮૩ |
| એસ્સાર પાવર ગુજરાત લી. | ૩૭૭૫ | ૨.૬૫ | ૪૯૩૧ | ૩.૧૯ | ૫૮૫૫ | ૨.૯૩ | ૪૩૩૭ | ૩.૫૮ | ૨૯૨૫ | ૩.૪૫ |
| એ. સી. બી. ઈંડીયા લી. | ૧૦૮૫ | ૨.૧ | ૧૩૯૬ | ૨.૦૬ | ૧૩૧૭ | ૨.૨૯ | ૧૪૫૪ | ૨.૦૯ | ૮૬૬ | ૧.૯૮ |
| કોસ્ટલ ગુજરાત પાવર કંપની | ૫૨૪૯ | ૨.૪૪ | ૯૪૧૦ | ૨.૭૧ | ૧૧૮૭૯ | ૨.૪૮ | ૧૧૪૯૬ | ૨.૦૬ | ૬૮૯૪ | ૨.૨૩ |
| કેપ્ટીવ અને અન્ય | ૭૪ | ૨.૬૫ | ૨૦ | ૨.૫૨ | ૨૮ | ૨.૪૧ | ૬ | ૨.૧૭ | ૨૧૮ | ૨.૯૧ |

*ચાઈના લાઈટ પાવર કંપની લી. ગેસ આધારિત વીજ મથક છે, જેમાંથી ઉપરોક્ત જણાવેલ બળતણ ખર્ચના દરે ઉત્પાદન મેળવવામાં આવેલ છે. આ ઉપરાંત કરારની શરતો મુજબ ફીક્ષ્ડ કોસ્ટ ચુકવવામાં આવેલ છે.

--------

## રાજ્યમાં સંકલિત બાળ વિકાસ યોજના આધારિત વર્ગ–૨ની ખાલી જગ્યાઓ

અતારાંકિતઃ ૧૦૭૯૭ (૫–૧૨–૨૦૧૬) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) વિભાગ હસ્તકની સંકલિત બાળ વિકાસ યોજના અધિકારી વર્ગ–૨ની રાજ્યમાં જિલ્લાવાર કેટલી જગ્યાઓ તા. ૩૧–૧૦–૨૦૧૬ની સ્થિતિએ મંજૂર થયેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી જિલ્લાવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી : (૧૩–૨–૨૦૧૭)

(૧) તા. ૩૧–૧૦–૨૦૧૬ની સ્થિતિએ મંજૂર થયેલ જગ્યાઓની સંખ્યા ૩૩૬ છે. અને તેમાં ઝોનલ કચેરીની ૪ જગ્યાઓ ઉમેરતા કુલ ૩૪૦ જગ્યાઓ *પત્રક–૧ (આ સાથે સામેલ છે) માં જણાવ્યા મુજબ છે.

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી જિલ્લાવાર ભરાયેલ જગ્યાઓ અને ખાલી જગ્યાઓની માહિતી નીચે આપેલા અનુક્રમે *પત્રક–૨ (આ સાથે સામેલ છે) અને *પત્રક–૩ (આ સાથે સામેલ છે) જણાવ્યા મુજબ છે.

(૩) મહિલા અને બાળ વિકાસ દ્વારા સંકલિત બાળ વિકાસ યોજના અધિકારી વર્ગ–૨ ની રાજ્યમાંની ખાલી રહેલ જગ્યાઓ જી.પી.એસ.સી. મારફતે સીધી ભરતીથી ભરવા અંગેની કાર્યવાહી કરવામાં આવેલ છે. તેમજ મુખ્ય સેવિકા વર્ગ–૩માંથી સીડીપીઓ વર્ગ–૨ માં બઢતી અંગેની કાર્યવાહી સરકાર દ્વારા કરવામાં આવેલ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

## રાજ્યમાં કાર્યરત આંગણવાડીઓને પોતાના મકાન બાબત

અતારાંકિતઃ ૧૦૯૬૩ (૨૦–૧૨–૨૦૧૬) શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર): માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૧૦–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કુલ કેટલી આંગણવાડીઓ કાર્યરત છે, અને

(૨) તે અન્વયે જિલ્લાવાર કુલ કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો છે અને કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો નથી ?

મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી : (૬–૨–૨૦૧૭)

(૧) રાજ્યમાં જિલ્લાવાર કાર્યરત કુલ આંગણવાડીઓની વિગત

| ક્રમ | જિલ્લો | આંગણવાડી કેન્દ્રની સંખ્યા |
|---|---|---|
| ૧ | જુનાગઢ | ૧૪૨૮ |
| ૨ | અમરેલી | ૧૬૨૭ |
| ૩ | ખેડા | ૧૯૬૪ |
| ૪ | બોટાદ | ૫૬૬ |
| ૫ | સાબરકાંઠા | ૧૯૨૧ |
| ૬ | આણંદ | ૧૯૯૩ |
| ૭ | છોટાઉદેપુર | ૧૧૮૨ |
| ૮ | સુરેન્દ્રનગર | ૧૩૮૦ |
| ૯ | દેવભૂમિ દ્વારકા | ૬૯૧ |
| ૧૦ | રાજકોટ | ૧૩૬૫ |
| ૧૧ | તાપી | ૧૦૪૯ |
| ૧૨ | વડોદરા | ૧૪૭૬ |
| ૧૩ | નવસારી | ૧૩૨૯ |
| ૧૪ | મોરબી | ૭૬૦ |
| ૧૫ | મહેસાણા | ૧૯૧૩ |
| ૧૬ | ગીર સોમનાથ | ૧૧૬૮ |
| ૧૭ | ભરૂચ | ૧૩૭૪ |
| ૧૮ | મહિસાગર | ૧૩૧૬ |
| ૧૯ | ગાંધીનગર | ૧૦૫૮ |
| ૨૦ | સુરત | ૧૭૩૩ |

| | | |
|---|---|---|
| ૨૧ | અરવલ્લી | ૧૪૫૧ |
| ૨૨ | વલસાડ | ૧૮૯૯ |
| ૨૩ | કચ્છ–ભુજ | ૨૧૧૬ |
| ૨૪ | ભાવનગર | ૧૮૮૮ |
| ૨૫ | જામનગર | ૯૦૦ |
| ૨૬ | અમદાવાદ | ૧૫૧૪ |
| ૨૭ | બનાસકાંઠા | ૩૩૬૩ |
| ૨૮ | પાટણ | ૧૪૨૭ |
| ૨૯ | પોરબંદર | ૪૮૯ |
| ૩૦ | ડાંગ | ૪૪૧ |
| ૩૧ | નર્મદા | ૯૫૨ |
| ૩૨ | દાહોદ | ૩૦૫૬ |
| ૩૩ | પંચમહાલ | ૨૦૦૦ |

## અતારાંકિત પ્રશ્નોત્તરી

(૨) જિલ્લાવાર પોતાના મકાનો ધરાવતી અને પોતાના મકાન નહિ ધરાવતી કાર્યરત કુલ આંગણવાડીઓની વિગત

| ક્રમ | જિલ્લો | પોતાના મકાન ધરાવતા આંગણવાડી કેન્દ્રોની સંખ્યા | પોતાના મકાન નહી ધરાવતા આંગણવાડી કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | જુનાગઢ | ૯૧૫ | ૫૧૩ |
| ૨ | અમરેલી | ૧૨૩૩ | ૩૯૪ |
| ૩ | ખેડા | ૧૬૬૧ | ૩૦૩ |
| ૪ | બોટાદ | ૪૨૬ | ૧૪૦ |
| ૫ | સાબરકાંઠા | ૧૫૯૩ | ૩૨૮ |
| ૬ | આણંદ | ૧૩૮૭ | ૬૦૬ |
| ૭ | છોટાઉદેપુર | ૯૬૬ | ૨૧૬ |
| ૮ | સુરેન્દ્રનગર | ૮૨૨ | ૫૫૮ |
| ૯ | દેવભૂમિ દ્વારકા | ૫૧૭ | ૧૭૪ |
| ૧૦ | રાજકોટ | ૧૧૦૩ | ૨૬૨ |
| ૧૧ | તાપી | ૧૦૦૧ | ૪૮ |
| ૧૨ | વડોદરા | ૧૩૨૬ | ૧૫૦ |
| ૧૩ | નવસારી | ૧૧૬૩ | ૧૬૬ |
| ૧૪ | મોરબી | ૫૯૫ | ૧૬૫ |
| ૧૫ | મહેસાણા | ૧૭૬૮ | ૧૪૫ |
| ૧૬ | ગીર સોમનાથ | ૬૭૩ | ૪૯૫ |
| ૧૭ | ભરૂચ | ૧૨૦૫ | ૧૬૯ |
| ૧૮ | મહિસાગર | ૧૧૫૩ | ૧૬૩ |
| ૧૯ | ગાંધીનગર | ૯૦૨ | ૧૬૬ |
| ૨૦ | સુરત | ૧૫૬૬ | ૧૬૭ |
| ૨૧ | અરવલ્લી | ૧૨૩૮ | ૨૧૩ |
| ૨૨ | વલસાડ | ૧૫૫૬ | ૩૪૩ |
| ૨૩ | કચ્છ-ભુજ | ૧૩૯૧ | ૭૨૫ |
| ૨૪ | ભાવનગર | ૧૩૯૭ | ૪૯૧ |
| ૨૫ | જામનગર | ૬૬૬ | ૨૩૪ |
| ૨૬ | અમદાવાદ | ૧૧૭૩ | ૩૪૧ |
| ૨૭ | બનાસકાંઠા | ૨૯૩૦ | ૪૩૩ |
| ૨૮ | પાટણ | ૧૨૬૦ | ૧૬૭ |
| ૨૯ | પોરબંદર | ૪૧૦ | ૭૯ |
| ૩૦ | ડાંગ | ૪૦૧ | ૪૦ |
| ૩૧ | નર્મદા | ૯૦૩ | ૪૯ |
| ૩૨ | દાહોદ | ૨૫૧૩ | ૫૪૩ |
| ૩૩ | પંચમહાલ | ૧૬૯૮ | ૩૦૨ |

### અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૧૧૧૫૪ | ૦૧ |
| ૨ | કૃષિ અને સહકાર વિભાગ | ૪૫૮૯, ૧૦૭૫૨, ૧૦૯૦૨, ૧૦૯૦૩, ૧૦૯૦૮, ૧૧૧૦૪, ૧૧૧૦૬, ૧૧૨૩૩, ૧૧૨૩૪, ૧૧૨૩૮, ૧૧૨૪૦, ૧૧૫૦૮ | ૧૨ |
| ૩ | શિક્ષણ વિભાગ | ૯૮૧૩, ૧૦૦૦૨, ૧૦૮૧૨ | ૦૩ |
| ૪ | નાણા વિભાગ | ૧૧૧૮૭ | ૦૧ |
| ૫ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૧૧૧૪૦, ૧૧૫૭૯ | ૦૨ |
| ૬ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૧૧૦૧૯, ૧૧૨૦૮ | ૦૨ |
| ૭ | શ્રમ અને રોજગાર વિભાગ | ૧૦૯૬૪, ૧૧૩૧૭, ૧૧૬૨૪ | ૦૩ |
| ૮ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૯૯૭૪, ૧૦૦૭૩, ૧૦૭૩૦, ૧૦૮૯૪, ૧૧૦૯૩, ૧૧૧૭૫, ૧૧૨૪૧, ૧૧૪૬૭, ૧૧૪૬૯ | ૦૯ |
| ૯ | પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૮૯૨૦, ૧૦૬૪૧, ૧૦૬૪૨ | ૦૩ |
| ૧૦ | મહેસુલ વિભાગ | ૫૪૧૦, ૮૮૯૯, ૯૯૨૧, ૧૧૧૧૯, ૧૧૧૪૪ | ૦૫ |

## ૩૦મી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નોત્તરી

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧૧ | માર્ગ અને મકાન વિભાગ | ૯૮૦૦ | ૦૧ |
| ૧૨ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૯૯૨૫, ૧૦૯૬૧, ૧૧૩૨૯ | ૦૩ |
| ૧૩ | શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ | ૯૧૫૩ | ૦૧ |
| ૧૪ | ઉર્જા પેટ્રોકેમિકલ્સ વિભાગ | ૧૦૯૧૦, ૧૦૯૧૨ | ૦૨ |
| ૧૫ | મહિલા અને બાળવિકાસ વિભાગ | ૧૦૭૯૭, ૧૦૯૬૩ | ૦૨ |
| | | કુલ | ૫૦ |

--------

ત્રીસમી અતારાંકિત યાદી

### પોરબંદર/માંગરોળના માછીમારોને પાકિસ્તાનનાં કબજામાંથી છોડાવવા બાબત

અતારાંકિતઃ ૧૧૦૨૮ (૧૦-૦૧-૨૦૧૭) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર): માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) પોરબંદરની સાત તથા માંગરોળની એક બોટ તથા તેતાલીસ માછીમારોને પાકિસ્તાન મરીન સિક્યુરીટી એજન્સીએ તા.૧૯-૧૧-૧૬ ના રોજ અપહરણ કરી કરાંચી લઇ ગયા હતા તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો અપહરણ કરાયેલ આઠ બોટો તથા તેતાલીસ માછીમારોને મુક્ત કરાવવા રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ ક્યારે દરખાસ્ત/માંગણી કરી, અને

(૩) તે અન્વયે કેન્દ્ર સરકારનો શો પ્રતિભાવ મળ્યો અને તેને ક્યાં સુધીમાં મુક્ત કરવામાં આવનાર છે ?

મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી : (૧૪-૦૨-૨૦૧૭)

(૧) તા.૧૯-૧૧-૨૦૧૬ ના રોજ જે ૮ બોટ તથા ૪૩ માછીમારોનું અપહરણ થયેલ છે તે હકીકત સાચી છે. આ ૮ બોટ તથા ૪૩ માછીમારો પોરબંદર જિલ્લાના છે. માંગરોળ બંદરની એક પણ બોટ નથી.

(૨) પાકિસ્તાન સત્તાવાળા દ્વારા જ્યારે માછીમારી બોટ અને માછીમારો પકડાય છે ત્યારે બોટ માલીક તરફથી બોટની તથા માછીમારોની રાષ્ટ્રિય ખરાઇ અંગેની વિગતો રજુ કરવામાં આવે છે. જેની ખાતા દ્વારા ચકાસણી કરીને ભારત સરકારશ્રીને મોકલવામાં આવે છે. આ સતત ચાલતી પ્રક્રિયા છે.

(૩) ભારત સરકારશ્રી દ્વારા સદરહુ વિગતો હાઇ કમીશન ઓફ ઈસ્લામાબાદને મોકલવામાં આવે છે. ત્યાં કાઉન્સીલર એસેસ થયા બાદ માછીમારોને મુક્ત કરવામાં આવે છે.

--------

### બીજ ચકાસણી પ્રયોગશાળાને સંગીન બનાવવા રાજ્યને મળેલ રકમ

અતારાંકિતઃ ૧૧૨૩૯ (૦૯-૦૧-૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) બીજ ચકાસણી પ્રયોગશાળાને સંગીન બનાવવા માટે ભારત સરકાર તરફથી તા.૩૦-૧૧-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઇ રકમ મળેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

કૃષિ મંત્રીશ્રી : (૧૪-૦૨-૨૦૧૭)

(૧) હા, જી.

(૨) ભારત સરકાર તરફથી તા.૩૦-૧૧-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકારને બીજ ચકાસણી પ્રયોગશાળાને સંગીન બનાવવા નીચેની વિગતે રકમ મળેલ છે.

| વર્ષ | મળેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૧-૧૨ | ૧૩૬૧.૫૫ |
| ૨૦૧૨-૧૩ | ૦.૦૦ |
| ૨૦૧૩-૧૪ | ૪૧૦.૫૫૬ |
| ૨૦૧૪-૧૫ | ૦.૦૦ |
| ૨૦૧૫-૧૬ | ૦.૦૦ |

(૩) મળેલ રકમ પૈકી નીચેની વિગતે વર્ષવાર ખર્ચ કરવામાં આવેલ છે.

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૧-૧૨ | ૫૫૬.૩૬ |
| ૨૦૧૨-૧૩ | ૭૧૫.૨૮<br>(વર્ષ ૨૦૧૧-૧૨ ની બચત રકમમાંથી) |

| | |
|---|---|
| ૨૦૧૩–૧૪ | ૪૯૬.૧૭<br>(વર્ષ ૨૦૧૩–૧૪ ની મળેલ રકમ તથા વર્ષ ૨૦૧૨–૧૩ ની બચત રકમમાંથી) |
| ૨૦૧૪–૧૫ | ૦.૦૦ |
| ૨૦૧૫–૧૬ | ૦.૦૦ |

--------

તેલીબિયાં, મકાઇ અને કોટન વિકાસ યોજના હેઠળ રાજ્યને મળેલ રકમ

અતારાંકિતઃ ૧૧૨૪૪ (૦૯–૦૧–૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તેલીબીયાં, મકાઇ અને કોટન વિકાસ કાર્યક્રમ હેઠળ ભારત સરકાર તરફથી તા.૩૦–૧૧–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઇ રકમ મળેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

કૃષિ મંત્રીશ્રી : (૧૪–૦૨–૨૦૧૭)

(૧) તેલીબીયાં, મકાઇ અને કોટન વિકાસ કાર્યક્રમ હેઠળ ભારત સરકાર તરફથી વર્ષ ૨૦૧૩ સુધી આઇસોપોમ યોજના હેઠળ તેલીબીયાં અને મકાઇ પાક માટે તથા ટેકનોલોજી મિશન ઓન કોટન, મિની મિશન–I I તથા વર્ષ ૨૦૧૪ થી નેશનલ મિશન ઓન ઓઇલસીડ એન્ડ ઓઇલપામ યોજના હેઠળ તેલીબીયાં પાક માટે અને નેશનલ ફૂડ સીક્યોરીટી મિશન અંતર્ગત કપાસ પાક માટે રાજ્ય સરકારને ખેડુત સહાય માટે રકમ મળેલ છે.

(૨) છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને મળેલ રકમ નીચે મુજબ છે.

(રૂ.લાખમાં)

| પાક | ૨૦૧૨ | ૨૦૧૩ | ૨૦૧૪ | ૨૦૧૫ | તા.૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ |
|---|---|---|---|---|---|
| તેલીબીયાં અને મકાઇ | ૪૮૪.૦૮૫ | ૨૭૧૬.૪૧ | ૧૨૦૮.૫૦૧ | ૬૨૪.૪૯૨ | ૨૩૦૩.૯૩ |
| કોટન | ૧૯૧.૩૯ | ૧૯૧.૩૯ | ૧૧૬.૨૨ | ૧૫૬.૬૦ | ૧૨૫.૬૧ |

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ થયેલ ખર્ચ નીચે મુજબ છે.

(રૂ.લાખમાં)

| પાક | ૨૦૧૨ | ૨૦૧૩ | ૨૦૧૪ | ૨૦૧૫ | તા.૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ |
|---|---|---|---|---|---|
| તેલીબીયાં અને મકાઇ | ૨૦૨૩.૬૮ | ૧૩૭૦. ૬ | ૩૮૩. ૬ | ૯૫૭.૪૫ | ૧૩૪૬. ૭ |
| કોટન | ૧૩૬.૩૩ | ૧૪૪.૫૭ | ૧૧.૨૬ | ૪૪.૬૯ | ૨૨૩.૨૭ |

--------

નાળિયેરી વિકાસ યોજના હેઠળ રાજ્યને મળેલ રકમ

અતારાંકિતઃ ૧૧૨૪૫ (૦૯–૦૧–૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) નાળિયેરી વિકાસ યોજના હેઠળ ભારત સરકાર તરફથી તા.૩૦–૧૧–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઇ રકમ મળેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

કૃષિ મંત્રીશ્રી : (૧૩–૦૨–૨૦૧૭)

(૧) હા, કોકોનટ ડેવલપમેન્ટ બોર્ડ દ્વારા મળેલ છે.

(૨)

| વર્ષ | રાજ્ય સરકારને મળેલ રકમ રૂ.લાખમાં | | |
|---|---|---|---|
| | કેન્દ્રનો હિસ્સો | રાજ્યનો હિસ્સો | કુલ |
| ૨૦૧૨–૧૩ | ૯.૪૮૫ | ૨.૫૦ | ૧૧.૯૮૫ |
| ૨૦૧૩–૧૪ | ૭.૭૪૫ | ૨.૫૦ | ૧૦.૨૪૫ |
| ૨૦૧૪–૧૫ | ૧૦.૨૫૦ | ૨.૪૦ | ૧૨.૬૫૦ |
| ૨૦૧૫–૧૬ | ૧૮.૫૭૫ | ૧૦.૦૦ | ૨૮.૫૭૫ |
| ૨૦૧૬–૧૭ | ૧૭.૭૦૦ | ૧૦.૦૦ | ૨૭.૭૦૦ |

(૩)

| વર્ષ | ખર્ચ કરવામાં આવેલ રકમ રૂ.લાખમાં |
|---|---|

| | કેન્દ્રનો હિસ્સો | રાજ્યનો હિસ્સો | કુલ |
|---|---|---|---|
| ૨૦૧૨-૧૩ | ૭.૦૫૦ | ૨.૫૦ | ૯.૫૫૦ |
| ૨૦૧૩-૧૪ | ૭.૭૦૦ | ૨.૪૭ | ૧૦.૧૭૦ |
| ૨૦૧૪-૧૫ | ૮.૩૩૦ | ૨.૪૦ | ૧૦.૭૩૦ |
| ૨૦૧૫-૧૬ | ૧૮.૪૦૦ | ૧૦.૦૦ | ૨૮.૪૦૦ |
| ૨૦૧૬-૧૭ | ૧૦.૦૦૦ | ૧૦.૦૦ | ૨૦.૦૦૦ |

રાજ્યમાં કૃષિ ઉદ્યોગ નીતિ બાબત

અતારાંકિતઃ ૧૧૫૦૯ (૦૯-૦૧-૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં નવી કૃષિ ઉદ્યોગ નીતિ જાહેર કરવાનું વિચારણા હેઠળ હતું, તો તા.૩૦-૧૧-૨૦૧૬ સુધીમાં શી વિચારણા કરવામાં આવી, અને

(૨) ખેડૂતોના હિતમાં અને કૃષિને વેગ મળે તે માટે ક્યાં સમય સુધીમાં નવી કૃષિ ઉદ્યોગ નીતિ જાહેર કરવામાં આવશે ?

કૃષિ મંત્રીશ્રી : (૧૩-૦૨-૨૦૧૭)

(૧) રાજ્યમાં નવી સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ તા.૦૭-૦૫-૨૦૧૬ ના રોજથી જાહેર કરવામાં આવેલ છે.

(૨) ઉપર મુજબ.

--------

રાજ્યમાં સરકારી પોલીટેકનિક કોલેજોમાં પ્રિન્સીપાલનું મંજૂર મહેકમ

અતારાંકિતઃ ૧૦૯૨૮ (૨૩-૧૨-૨૦૧૭) શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૧૬ ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર સરકારી પોલીટેકનીક કોલેજોમાં પ્રિન્સીપાલની જગ્યાઓનું મહેકમ કેટલું મંજુર થયેલ છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે ?

શિક્ષણ મંત્રીશ્રી : (૧૫-૦૨-૨૦૧૭)

(૧)

| ક્રમ | જિલ્લો | પ્રિન્સિપાલનું મંજૂર મહેકમ |
|---|---|---|
| ૧. | અમદાવાદ | ૦૩ |
| ૨. | અમરેલી | ૧ |
| ૩. | બનાસકાંઠા | ૧ |
| ૪. | ભરૂચ | ૧ |
| ૫. | ભાવનગર | ૧ |
| ૬. | છોટાઉદેપુર | ૧ |
| ૭. | દાહોદ | ૧ |
| ૮. | ડાંગ | ૧ |
| ૯. | ગાંધીનગર | ૧ |
| ૧૦. | પંચમહાલ | ૧ |
| ૧૧. | જામનગર | ૧ |
| ૧૨. | જુનાગઢ | ૧ |
| ૧૩. | ખેડા | ૧ |
| ૧૪. | કચ્છ | ૧ |
| ૧૫. | મહેસાણા | ૧ |
| ૧૬. | મોરબી | ૧ |
| ૧૭. | નર્મદા | ૧ |
| ૧૮. | નવસારી | ૧ |
| ૧૯. | પાટણ | ૧ |
| ૨૦. | પોરબંદર | ૧ |
| ૨૧. | રાજકોટ | ૦૨ |

| | | |
|---|---|---|
| ૨૨. | સાબરકાંઠા | ૧ |
| ૨૩. | સુરત | ૦૨ |
| ૨૪. | સુરેન્દ્રનગર | ૧ |
| ૨૫. | તાપી | ૧ |
| ૨૬. | વલસાડ | ૧ |

(૨)

| ક્રમ | જિલ્લો | જિલ્લાવાર ખાલી જગ્યાઓ | ક્યારથી ખાલી છે |
|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ૨ | ૦૧ જગ્યા ૨૦૧૦ થી ખાલી<br>૦૧ જગ્યા ૨૦૧૬ થી ખાલી |
| ૨. | અમરેલી | ૧ | ૨૦૦૮ |
| ૩. | બનાસકાંઠા | ૧ | ૨૦૦૦ |
| ૪. | ભરૂચ | ૧ | ૨૦૧૦ |
| ૫. | ભાવનગર | ૧ | ૨૦૦૯ |
| ૬. | છોટાઉદેપુર | ૧ | ૨૦૦૮ |
| ૭. | દાહોદ | ૧ | ૨૦૦૩ |
| ૮. | ડાંગ | ૧ | ૨૦૦૬ |
| ૯. | ગાંધીનગર | ૧ | ૨૦૧૬ |
| ૧૦. | પંચમહાલ | ૧ | ૨૦૦૫ |
| ૧૧. | જામનગર | ૧ | ૨૦૦૦ |
| ૧૨. | જુનાગઢ | ૧ | ૨૦૦૭ |
| ૧૩. | ખેડા | ૧ | ૨૦૧૫ |
| ૧૪. | કચ્છ | ૧ | ૨૦૦૨ |
| ૧૫. | મહેસાણા | ૧ | ૨૦૦૭ |
| ૧૬. | મોરબી | ૧ | ૨૦૧૨ |
| ૧૭. | નર્મદા | ૧ | ૨૦૧૪ |
| ૧૮. | નવસારી | ૧ | ૨૦૧૪ |
| ૧૯. | પાટણ | ૧ | ૨૦૦૪ |
| ૨૦. | પોરબંદર | ૧ | ૨૦૦૮ |
| ૨૧. | રાજકોટ | ૦ | – |
| ૨૨. | સાબરકાંઠા | ૦ | – |
| ૨૩. | સુરત | ૦૨ | ૦૧ જગ્યા ૨૦૧૧ થી ખાલી<br>૦૧ જગ્યા ૨૦૧૬ થી ખાલી |
| ૨૪. | સુરેન્દ્રનગર | ૧ | ૨૦૦૫ |
| ૨૫. | તાપી | ૧ | ૨૦૧૪ |
| ૨૬. | વલસાડ | ૧ | ૨૦૧૪ |

--------

રાજ્યમાં ઈન્દિરા ગાંધી નેશનલ ટ્રાયબલ યુનિવર્સિટીનું પ્રાદેશિક કેન્દ્ર શરૂ કરવા બાબત

અતારાંકિતઃ ૧૧૫૫૭ (૧૩–૦૧–૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય શિક્ષણમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) ઈન્દિરા ગાંધી નેશનલ ટ્રાયબલ યુનિવર્સિટીના રજીસ્ટ્રારશ્રીએ તેઓના તા.૨૯–૦૯–૨૦૧૨ના પત્રથી ગુજરાતમાં સદર યુનિવર્સિટીનું પ્રાદેશિક કેન્દ્ર શરૂ કરવા માટે રાજ્ય સરકારને જાણ કરી હતી ત્યાર બાદ ભારત સરકારના તા.૦૬–૦૩–૨૦૧૩ના પત્રથી, પ્રથમ અમરકંટક મધ્યપ્રદેશના મુખ્ય કેન્દ્રને સુદ્રઢ કર્યા પછી જ પ્રાદેશિક કેન્દ્ર ફાળવવાનો નિતી વિષયક નિર્ણય કરાયેલ હોવાની જાણ કરેલ તે હકીકત તા.૧૫–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ અમરકંટક મધ્યપ્રદેશના મુખ્ય કેન્દ્રને સુદ્રઢ કરવાની કામગીરી પુર્ણ થયેલ હોય તો ગુજરાતમાં સદર યુનિવર્સિટીનું પ્રાદેશિક કેન્દ્ર શરૂ થાય તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે શી કાર્યવાહી કરી?

શિક્ષણમંત્રીશ્રી : (૧૪–૦૨–૨૦૧૭)

(૧) હા, જી

(૨) અમરકંટક મધ્યપ્રદેશના મુખ્ય કેન્દ્રને સુદ્રઢ કરવાની કામગીરી પુર્ણ થયેલ છે કે કેમ તે અંગે ભારત સરકારશ્રી તરફથી અત્રે જણાવવામાં આવે ત્યારબાદ કાર્યવાહી હાથ ધરી શકાશે.

--------

# અતારાંકિત પ્રશ્નોત્તરી

## રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન અંતર્ગત ભારત સરકાર તરફથી રાજ્ય સરકારને તા.૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર મળેલ રકમ

અતારાંકિતઃ ૧૧૩૧૦ (૦૯–૦૧–૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય શિક્ષણમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન અંતર્ગત ભારત સરકાર તરફથી તા.૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૨) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે?

શિક્ષણમંત્રીશ્રી : (૧૮–૦૧–૨૦૧૭)

(૧) આ યોજનાની સૌ પ્રથમ ગ્રાન્ટ ભારત સરકાર તરફથી વર્ષ ૨૦૧૪–૨૦૧૫માં મળવાની શરૂઆત થઇ હોઇ, વર્ષ ૨૦૧૪–૧૫, ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ની વિગતોનો સમાવેશ કરેલ છે.

(૨) વર્ષ ૨૦૧૪–૧૫ થી ૨૦૧૬–૧૭ દરમિયાન મળેલ ગ્રાન્ટ અને ખર્ચની વિગતો વર્ષવાર નીચે મુજબ છે:–

| વર્ષ | રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન અંતર્ગત ભારત સરકાર તરફથી તારીખ ૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકારને ફાળવેલ રકમ | આગળના ક્રમિક વર્ષની બાકી રહેલ સિલક રકમ | વર્ષમાં કુલ ઉપલબ્ધ રકમ | કુલ ઉપલબ્ધ રકમ પૈકી વર્ષવાર થયેલ ખર્ચ |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૨૦૧૪–૧૫ | રૂ. ૧૩,૪૮,૭૯,૦૧૧/– | – | રૂ. ૧૩,૪૮,૭૯,૦૧૧/– | રૂ. ૮૮,૪૮,૨૧૫/– |
| ૨૦૧૫–૧૬ | રૂ. ૨૨,૦૮,૫૬,૨૮૪/– | રૂ. ૧૨,૬૦,૩૦,૭૯૬/– | રૂ. ૩૪,૬૮,૮૭,૦૮૦/– | રૂ. ૮,૯૬,૪૭,૧૩૭/– |
| ૨૦૧૬–૧૭ | રૂ. ૨૩,૭૩,૦૬,૬૯૦/– | રૂ. ૨૫,૭૨,૩૯,૯૪૩/– | રૂ. ૪૯,૪૫,૪૬,૬૩૩/– | રૂ. ૨,૮૩,૫૬,૫૩૫/– |
| કુલ રકમ રૂ./– | રૂ. ૫૯૩,૦૪૧,૯૮૫/– | રૂ. ૩૮,૩૨,૭૦,૭૩૯/– | રૂ. ૮૪,૧૪,૩૩,૭૧૩/– | રૂ. ૧૨૬,૮૫૧,૮૮૭/– |

--------

## રાજ્યને કરવેરા પેટે મળેલ રકમ

અતારાંકિતઃ ૧૦૭૩૯ (૨૧–૦૧–૨૦૧૭) ) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૦–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ નાણાંકીય વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને કરવેરા પેટે કેટલી રકમ મળી?

નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) : (૧૪–૦૨–૨૦૧૭)

(૧)

| વર્ષ | કરવેરા પેટે મળેલ રકમ (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૧૧–૧૨ | ૪૪૨૫૧.૦૫ |
| ૨૦૧૨–૧૩ | ૫૩૮૭૯.૫૮ |
| ૨૦૧૩–૧૪ | ૫૬૩૭૨.૩૫ |
| ૨૦૧૪–૧૫ | ૬૧૩૩૯.૯૦ |
| ૨૦૧૫–૧૬ | ૬૨૬૬૦.૮૨ |
| તા.૩૧–૧૦–૨૦૧૬ની સ્થિતિએ | ૩૬૧૨૮.૮૭ |

--------

## રાજ્યનું જાહેર દેવું

અતારાંકિતઃ ૧૦૭૩૬ (૨૧–૦૧–૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યનું કુલ જાહેર દેવું કેટલું છે?

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યના જાહેર દેવામાં કેટલો વધારો કે ઘટાડો થયો?

નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) : (૧૪–૦૨–૨૦૧૭)

(૧)

| નાણાકીય વર્ષ | કુલ બાકી જાહેર દેવું (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૧૫–૧૬ (સુ.અ.) | ૧૮૨૦૯૮ |

(૨)

| નાણાકીય વર્ષ | જાહેર દેવામાં થયેલ વધારો(+) કે ઘટાડો(–) (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૧૧–૧૨ | (+) ૧૨૨૬૦ |
| ૨૦૧૨–૧૩ | (+) ૧૨૯૬૧ |
| ૨૦૧૩–૧૪ | (+) ૧૩૧૩૯ |
| ૨૦૧૪–૧૫ | (+) ૧૩૯૪૫ |
| ૨૦૧૫–૧૬ (સુ.અ.) | (+) ૧૮૬૪૭ |

૩૦મી માર્ચ, ૨૦૧૭
અતારાંકિત પ્રશ્નોત્તરી

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### રાજ્ય સરકારે બજારમાંથી મેળવેલ લોન

અતારાંકિતઃ ૧૧૦૮૭ (૨૧-૦૧-૨૦૧૭) શ્રી ગ્યાસુદ્દીન શેખ ( દરિયાપુર): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્ય સરકારે બજારમાંથી કેટલી રકમની લોન લીધી, અને

(૨) ઉક્ત મેળવેલ લોન કેટલા વર્ષની મુદત માટે અને કેટલા ટકા વ્યાજના દરે મેળવેલ છે?

નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) : (૧૪-૦૨-૨૦૧૭)

(૧)

| નાણાકીય વર્ષ | જાહેર બજારમાંથી ભારતીય રિઝર્વ બેંક મારફત મેળવેલ લોન (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૧૧-૧૨ | ૧૬૫૦૦ |
| ૨૦૧૨-૧૩ | ૧૫૫૪૬ |
| ૨૦૧૩-૧૪ | ૧૫૪૯૩ |
| ૨૦૧૪-૧૫ | ૧૪૯૨૦ |
| ૨૦૧૫-૧૬ | ૧૬૨૬૦ |

(૨)

| નાણાકીય વર્ષ | લોનની મુદત (વર્ષમાં) | વ્યાજનો દર (ટકામાં) |
|---|---|---|
| ૨૦૧૧-૧૨ | ૧૦ વર્ષ | ૮.૫૩ થી ૯.૨૩ સુધી |
| ૨૦૧૨-૧૩ | ૪ અને ૧૦ વર્ષ | ૮.૫૮ થી ૯.૧૩ સુધી |
| ૨૦૧૩-૧૪ | ૪ અને ૧૦ વર્ષ | ૭.૭૭ થી ૯.૭૫ સુધી |
| ૨૦૧૪-૧૫ | ૧૦ વર્ષ | ૮.૦૫ થી ૯.૦૧ સુધી |
| ૨૦૧૫-૧૬ | ૧૦ અને ૧૫ વર્ષ | ૭.૯૬ થી ૮.૪૬ સુધી |

--------

### રાજ્યનું જાહેર દેવું

અતારાંકિતઃ ૧૧૪૪૫ (૧૨-૦૧-૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યનું કુલ જાહેર દેવું કેટલું છે?

નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) : (૧૪-૦૨-૨૦૧૭)

(૧)

| નાણાકીય વર્ષ | કુલ બાકી જાહેર દેવું(રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૧૫-૧૬ (સુ.અ.) | ૧૮૨૦૯૮ |

--------

### રાજ્યનું જાહેર દેવું

અતારાંકિતઃ ૧૧૬૭૨ (૨૧-૦૧-૨૦૧૭) શ્રી શૈલેશભાઈ પરમાર (દાણી-લીમડા): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યનું કુલ જાહેર દેવું કેટલું છે?

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યના જાહેર દેવામાં કેટલો વધારો કે ઘટાડો થયો?

નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) : (૧૪-૦૨-૨૦૧૭)

(૧)

| નાણાકીય વર્ષ | કુલ બાકી જાહેર દેવું(રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૧૫-૧૬ (સુ.અ.) | ૧૮૨૦૯૮ |

(૨)

| નાણાકીય વર્ષ | જાહેર દેવામાં થયેલ વધારો(+) કે ઘટાડો(-)(રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૧૧-૧૨ | (+)૧૨૨૬૦ |
| ૨૦૧૨-૧૩ | (+)૧૨૯૬૧ |
| ૨૦૧૩-૧૪ | (+)૧૩૧૩૯ |
| ૨૦૧૪-૧૫ | (+)૧૩૯૪૫ |
| ૨૦૧૫-૧૬(સુ.અ.) | (+)૧૮૬૪૭ |

## ૩૦મી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નોત્તરી

### જામનગર જિલ્લામાં ભૃણ હત્યા કરતાં પકડાયેલ ડોક્ટરો

અતારાંકિતઃ ૧૦૮૪૯ (૨૧-૦૧-૨૦૧૭) શ્રી રાઘવજી પટેલ (જામનગર): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૦૬-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં જામનગર જિલ્લામાં ભૃણ હત્યા કરતા કેટલા અને કયા ડોકટરો પકડવામાં આવ્યા, અને

(૨) ઉક્ત આરોપી ડોકટરો સામે શાં કાનૂની પગલા લેવાયા છે?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા): (૧૪-૨-૨૦૧૭)

(૧) રાજ્યમાં ધી પી.સી.એન.ડી.ટી. એક્ટ-૧૯૯૪ની અસરકારક અમલવારી ચાલુમાં છે. જે અંતર્ગત જામનગર જિલ્લામાં આ એક્ટની જોગવાઈઓ મુજબ ચેકીંગ કરવામાં આવે છે. આમ, કાયદાના કડક અમલના કારણે જામનગર જિલ્લામાં તા. ૩૦-૬-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એકપણ તબીબ સામે ભૃણ હત્યાનો કેસ બનવા પામેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

### જીલ્લાવાર નોંધાયેલ સ્વાઈન ફ્લુના કેસો

અતારાંકિતઃ ૧૦૮૯૬ (૨૧-૦૧-૨૦૧૭) શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્યમાં જીલ્લાવાર સ્વાઈન ફ્લુના કેટલા કેસ નોંધાયા,

(૨) ઉક્ત સમયગાળામાં જીલ્લાવાર તે અન્વયે કેટલા વ્યક્તિઓના મૃત્યુ નોંધાયા, અને

(૩) તે અન્વયે ઉક્ત સમયગાળામાં સ્વાઈન ફ્લુને અટકાવવા રાજ્ય સરકારે મુખ્યત્વે શાં પગલાં લીધા?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૧૪-૨-૨૦૧૭)

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં પાંચ (૦૫) વર્ષમાં રાજ્યમાં જીલ્લાવાર નોંધાયેલ સ્વાઈન ફ્લુના કેસ નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | ૨૦૧૨ | ૨૦૧૩ | ૨૦૧૪ | ૨૦૧૫ | ૧ જાન્યુ.૨૦૧૬ થી ૩૦.૧૧.૨૦૧૬ ની સ્થિતિ |
|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૦ | ૧૭૯ | ૧૦ | ૨૪૫૯ | ૧૭૪ |
| ૨ | અમરેલી | ૨ | ૯૨ | ૫ | ૧૮૩ | ૩ |
| ૩ | આણંદ | ૨ | ૨૭ | ૦ | ૧૧૬ | ૧૪ |
| ૪ | બનાસકાંઠા | ૧ | ૧૩ | ૦ | ૨૨૪ | ૪ |
| ૫ | ભરૂચ | ૨ | ૬ | ૦ | ૭૩ | ૩ |
| ૬ | ભાવનગર | ૪ | ૩૫ | ૨ | ૧૭૭ | ૯ |
| ૭ | દાહોદ | ૦ | ૨ | ૦ | ૩૧ | ૧ |
| ૮ | ડાંગ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | ગાંધીનગર | ૧ | ૪૫ | ૧ | ૨૭૦ | ૧૫ |
| ૧૦ | જામનગર | ૧૯ | ૧૦૯ | ૧૯ | ૨૦૩ | ૯ |
| ૧૧ | જુનાગઢ | ૪ | ૪૬ | ૧૨ | ૮૯ | ૧૬ |
| ૧૨ | કચ્છ | ૮ | ૪૮ | ૧૯ | ૫૬૯ | ૧૨ |
| ૧૩ | ખેડા | ૦ | ૭ | ૪ | ૯૨ | ૧૩ |
| ૧૪ | મહેસાણા | ૦ | ૨૩ | ૦ | ૧૭૭ | ૧૩ |
| ૧૫ | નર્મદા | ૦ | ૨ | ૦ | ૮ | ૦ |
| ૧૬ | નવસારી | ૦ | ૧ | ૦ | ૧૮ | ૦ |
| ૧૭ | પંચમહાલ | ૧ | ૭ | ૧ | ૩૩ | ૨ |
| ૧૮ | પાટણ | ૧ | ૪ | ૦ | ૧૨૬ | ૮ |
| ૧૯ | પોરબંદર | ૪ | ૬ | ૧૨ | ૪૫ | ૪ |
| ૨૦ | રાજકોટ | ૩૧ | ૨૨૦ | ૩૯ | ૨૮૪ | ૩૩ |
| ૨૧ | સાબરકાંઠા | ૪ | ૨૫ | ૬ | ૧૩૦ | ૬ |
| ૨૨ | સુરત | ૦ | ૨૧ | ૧૪ | ૧૦૩૮ | ૨ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૧ | ૧૫ | ૨ | ૯૨ | ૩ |
| ૨૪ | વડોદરા | ૨ | ૫૫ | ૧૦ | ૫૩૭ | ૫૧ |
| ૨૫ | વલસાડ | ૦ | ૦ | ૦ | ૩૩ | ૦ |
| ૨૬ | તાપી | ૦ | ૧ | ૧ | ૯ | ૧ |
| ૨૭ | મોરબી | ૦ | ૦ | ૦ | ૪૬ | ૩ |
| ૨૮ | ગીર સોમનાથ | ૦ | ૦ | ૦ | ૨૦ | ૧ |
| ૨૯ | બોટાદ | ૦ | ૦ | ૦ | ૫ | ૨ |

| ક્રમ | જિલ્લાનું નામ | ૨૦૧૨ | ૨૦૧૩ | ૨૦૧૪ | ૨૦૧૫ | ૧ જાન્યુ.૨૦૧૬ થી ૩૦.૧૧.૨૦૧૬ ની સ્થિતિ |
|---|---|---|---|---|---|---|
| ૩૦ | દેવભુમિ દ્વારકા | ૦ | ૦ | ૦ | ૨૭ | ૨ |
| ૩૧ | મહિસાગર | ૦ | ૦ | ૦ | ૮ | ૧ |
| ૩૨ | અરવલ્લી | ૦ | ૦ | ૦ | ૫૬ | ૫ |
| ૩૩ | છોટા ઉદેપુર | ૦ | ૦ | ૦ | ૨ | ૧ |
| | કુલ | ૯૭ | ૯૮૯ | ૧૫૭ | ૭૧૮૦ | ૪૧૧ |

(૨) ઉક્ત સમયગાળામાં રાજ્યમાં સ્વાઈન ફ્લુથી મૃત્યું થયેલ વ્યક્તિઓની જિલ્લાવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | ૨૦૧૨ | ૨૦૧૩ | ૨૦૧૪ | ૨૦૧૫ | ૧ જાન્યુ.૨૦૧૬ થી ૩૦.૧૧.૨૦૧૬ ની સ્થિતિ |
|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨ | ૩૫ | ૩ | ૯૮ | ૨૦ |
| ૨ | અમરેલી | ૨ | ૯ | ૧ | ૧૫ | ૦ |
| ૩ | આણંદ | ૦ | ૫ | ૦ | ૧૧ | ૩ |
| ૪ | બનાસકાંઠા | ૧ | ૪ | ૦ | ૧૦ | ૨ |
| ૫ | ભરૂચ | ૨ | ૩ | ૦ | ૯ | ૧ |
| ૬ | ભાવનગર | ૨ | ૧૬ | ૨ | ૧૬ | ૦ |
| ૭ | દાહોદ | ૦ | ૨ | ૦ | ૬ | ૦ |
| ૮ | ડાંગ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | ગાંધીનગર | ૧ | ૮ | ૦ | ૨૯ | ૧ |
| ૧૦ | જામનગર | ૫ | ૧૪ | ૭ | ૨૪ | ૨ |
| ૧૧ | જુનાગઢ | ૧ | ૧૧ | ૬ | ૧૧ | ૪ |
| ૧૨ | કચ્છ | ૨ | ૧૮ | ૬ | ૪૯ | ૩ |
| ૧૩ | ખેડા | ૦ | ૧ | ૨ | ૪ | ૧ |
| ૧૪ | મહેસાણા | ૦ | ૬ | ૦ | ૧૧ | ૪ |
| ૧૫ | નર્મદા | ૦ | ૧ | ૦ | ૧ | ૦ |
| ૧૬ | નવસારી | ૦ | ૦ | ૦ | ૩ | ૦ |
| ૧૭ | પંચમહાલ | ૦ | ૧ | ૦ | ૫ | ૦ |
| ૧૮ | પાટણ | ૧ | ૧ | ૦ | ૧૨ | ૧ |
| ૧૯ | પોરબંદર | ૧ | ૨ | ૨ | ૨ | ૦ |
| ૨૦ | રાજકોટ | ૮ | ૩૬ | ૧૪ | ૩૭ | ૪ |
| ૨૧ | સાબરકાંઠા | ૦ | ૭ | ૨ | ૧૧ | ૨ |
| ૨૨ | સુરત | ૦ | ૨ | ૫ | ૭૪ | ૦ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૦ | ૫ | ૧ | ૮ | ૧ |
| ૨૪ | વડોદરા | ૨ | ૯ | ૪ | ૪૨ | ૬ |
| ૨૫ | વલસાડ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ |
| ૨૬ | તાપી | ૦ | ૦ | ૧ | ૩ | ૦ |
| ૨૭ | મોરબી | ૦ | ૦ | ૦ | ૬ | ૦ |
| ૨૮ | ગીર સોમનાથ | ૦ | ૦ | ૦ | ૪ | ૦ |
| ૨૯ | બોટાદ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ |
| ૩૦ | દેવભુમિ દ્વારકા | ૦ | ૦ | ૦ | ૭ | ૦ |
| ૩૧ | મહિસાગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૨ | અરવલ્લી | ૦ | ૦ | ૦ | ૫ | ૦ |
| ૩૩ | છોટા ઉદેપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ | ૩૦ | ૧૯૬ | ૫૬ | ૫૧૭ | ૫૫ |

(૩) તે અન્વયે ઉક્ત સમયગાળામાં સ્વાઈન ફ્લુને અટકાવવા રાજ્ય સરકારે નીચે મુજબના પગલાં લીધાં.

૧. વિશ્વ આરોગ્ય સંસ્થા અને આરોગ્ય પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા નિયત કરેલ નિદાન અને સારવાર માટેની માર્ગદર્શિકા અને ભલામણની અમલવારી કરવામાં આવી છે.

૨. રોગનું સતત સર્વેલન્સ (મોજણી) કરવામાં આવી છે. અને સંકલીત રોગ સર્વેલન્સ કાર્યક્રમ દ્વારા સાપ્તાહિક ધોરણે દર્દીના સમુહને શોધવામાં આવે છે.

૩. અઠવાડિક ધોરણે રિપોર્ટ બનાવી તેનું વિશ્લેષણ કરવામાં આવે છે. અને સંલગ્ન રિપોર્ટના આધારે જે તે યુનિટને આગળની કાર્યવાહી માટે પ્રતિભાવ આપવામાં આવે છે.

## ૩૦મી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નોત્તરી

૪. રાજ્યમાં સંક્રામક રોગોની પરિસ્થિતિ અંગે સમીક્ષા કરવા માટે જાહેર આરોગ્ય, મેડસીન, માઈક્રોબાયોલોજી, પ્રિવેન્ટીવ એન્ડ સોશ્યલ મેડીસીનના ૮ થી ૧૦ નિષ્ણાંતોના સભ્યોની સ્ટેટ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવેલ છે.

૫. ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયની માગદર્શિકા મુજબ ક્રાઈસીસ મેનેજમેન્ટ ગ્રુપ (કટોકટી વ્યવસ્થાપન ગ્રુપ) ની રચના કરવામાં આવી. પરિસ્થિતિ અનુસાર સલાહ–સૂચન તેમજ જરૂરી પગલાં માટે સચિવશ્રી (આરોગ્ય) ના ચેરમેનશીપ હેઠળ ક્રાઈસીસ મેનેજમેન્ટ ગ્રુપ (કટોકટી વ્યવસ્થાપન ગ્રુપ) અને અધિક નિયામકશ્રી (જા.આ.) અધ્યક્ષ સ્થાને એકઝીકયુટીવ કમીટીની મીટીંગ યોજવામાં આવે છે.

૬. સ્વાઈન ફલુના દર્દીને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે અલગ ઓ.પી.ડી. તમામ જિલ્લા કક્ષા અને સીવીલ હોસ્પિટલમાં શરૂ કરવામાં આવેલ.

૭. રોગચાળાની અસરને ધ્યાને લઈ સરકારી હોસ્પિટલોમાં ૮૦૦ પથારી તથા ૨૦૦ વેલ્ટીનેટર આઈસોલેશન વોર્ડમાં ઉપલબ્ધ છે. જરૂર જણાયે ક્ષમતા વધારવામાં આવશે.

૮. મેડીકલ કોલેજના નિષ્ણાંત ડૉકટરો દ્વારા ખાનગી દવાખાનાઓ કે જ્યા સ્વાઈન ફલુના કેસોની તપાસ થતી હોય ત્યાં નિરીક્ષણ કરી ગાઈડલાઈન મુજબની જરૂરીયાત મુજબ વ્યવસ્થા છે કે નહી તેની ખાતરી કરવામાં આવી.

૯. પ્રાથમિક અને માધ્યમિક સ્કૂલના વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે વ્યકિતગત સ્વચ્છતા, હાથ ધોવાની સાચી રીત તથા સ્વાઈન ફલુ અને અન્ય હવાથી ફેલાતાં રોગ અટકાવવા માટેની અગમચેતીના પગલાંઓ અંગેની જાણકારી માટે સેટેલાઈટ કોમ્યુનિકેશન કોન્ફરન્સ (સેટકોમ) કરવામાં આવી.

૧૦. રાજ્ય કક્ષાએથી આરોગ્ય કાર્યકતાઓ જેવા કે (ફીમેલ હેલ્થ વર્કર, ફીમેલ હેલ્થ સુપરવાઈઝર અને આશા) સ્વાઈન ફલુના કેસોનો કોન્ટેકટ સર્વે તથા ગાઈડલાઈન મુજબ જરૂરી સારવાર આપવા માટે માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું.

૧૧. રાજ્યમાં અસરગ્રસ્ત વિસ્તારોમાં ઘરે ઘરે મુલાકાત લઈ બહોળા પ્રમાણમાં લોકજાગૃતિ ઉભી કરવામાં આવી.

૧૨. જનજાગૃતિ માટે આકાશવાણી અને એફ.એમ. રેડીયોમાં જાહેરાત આપવામાં આવી તથા સમાચાર ચેનલો પર L –Band , સ્ક્રોલ તથા જાહેરાતો પ્રસારીત કરવામાં આવી અને નિષ્ણાંતો દ્વારા રેડીયો અને ટેલીવીઝન પર જરૂરી વાર્તાલાપ પણ કરવામાં આવ્યો અને દૈનિક અખબારોમાં જાહેરાત આપવામાં આવી.

૧૩. તમામ જિલ્લાઓ અને કોર્પોરેશનમાં સ્વાઈન ફલુના લક્ષણો અને સારવાર માટેના હોર્ડીંગ્સ અનુ ફલેક્ષ બેનરો જાહેર સ્થળો જેવા કે (૧) હોસ્પિટલ (૨) દૂધ ડેરી (૩) સ્કૂલ (૪) કોલેજો (૫) રેલ્વે સ્ટેશન (૬) બસ સ્ટેશનોમાં મૂકવામાં આવ્યા.

૧૪. ધોરણ–૧૦ અને ૧૨ની બોર્ડની પરિક્ષા વખતે શિક્ષણ વિભાગના સંકલનમાં રહી રોગ અટકાયતી કાર્યવાહી કરવામાં આવી.

૧૫. ઈન્ડીયન મેડીકલ એસોસીએશનના સહકારથી રાજ્યના ખાનગી તબીબોને રોગની જાણકારી મળી રહે તે માટે વીડીયો કોન્ફરન્સ કરવામાં આવેલ. ફીજીશીયન તથા અન્ય ડોકટર નિષ્ણાંત તબીબો દ્વારા રોગની જાણકારી માટે વિડીયો કોન્ફરન્સ યોજવામાં આવી.

૧૬. ઈન્ડીયન મેડીકલ એસોસીએશન દ્વારા ઈન્ડીયન ફીજીશીયન એસોસીએશન તથા કોમ્યુનિટી મેડીશીન દ્વારા જિલ્લા તથા તાલુકા કક્ષાએ કાર્યરત તમામ પ્રાઈવેટ પ્રેકટીશનર અને મેડીકલ ઓફીસરને સ્વાઈન ફલુ અંગે વર્કશોપ કરવામાં આવ્યો.

૧૭. સ્વાઈન ફલુના દર્દીના નજીકના સગાઓને નિરિક્ષણ કરી જરૂર જણાયે રોગ ન થાય તે માટેની ૧૦ દિવસ સુધી દવાઓ આપવામાં આવી.

૧૮. રાજ્યમાં પ્રા.આ.કેન્દ્ર, સબ સેન્ટર, સા.આ.કેન્દ્ર, ડીસ્ટ્રીકટ હોસ્પિટલ તથા મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલોમાં દવાઓનો તથા સાધન સામગ્રીનો પુરતો જથ્થો ઉપલબ્ધ કરાવવામાં આવેલ.

૧૯. સ્વાઈન ફલુની સારવાર સાથે સંકળાયેલ ૨૦૦૦ જેટલા સ્ટાફને ઈન્લુએન્ઝા–એ (એચ૧એન૧) ની રસીથી રક્ષિત કરવામાં આવેલ છે.

૨૦. વેબસાઈટ www.guihealth.gov.in ઉપર ઇન્ફલુએન્ઝા અંગેનું માહિતી પુસ્તિકા મૂકવામાં આવેલ છે.

૨૧. સમગ્ર રાજ્યમાં જનજાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું અને સ્વાઈન ફલુ રોગ અટકાવવા માટેના પગલાં અંગેની માહિતી આપવામાં આવી.

૨૨. ૧૦૮ હેલ્પ લાઈન દ્વારા કોઈપણ સ્વાઈન ફ્લુ જેવી બિમારી ધરાવતાં વ્યકિતઓને મદદ થઈ શકે તથા નજીકના દવાખાનાથી ઝડપી સારવાર મળી શકે અને નજીકના મેડીકલ સ્ટોરમાંથી દવાઓ મળી શકે તે માટે વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ.

૨૩. એડવાન્સ rtPCR મશીન, ડીપ ફ્રીઝ (–૧૦, –૭૦) રેફ્રીઝરેટર, માઈક્રોસન્ટ્રીફ્યુઝ સીવીલ હોસ્પિટલમાં આપવામાં આવેલ છે. વધારાના ૪૨ વેન્ટીલેટર મેડીકલ સંલગ્ન હોસ્પિટલો ખાતે ઉપલબ્ધ કરાવવામાં આવેલ.

૨૪. ભારત સરકારશ્રીના તજજ્ઞોની એક ટીમે રાજ્યની મુલાકાત લઈ રાજ્યની મેડીકલ કોલેજ તેમજ સીવીલ હોસ્પિટલ અને જનસમુદાયની મુલાકાત લઈ રાજ્ય સરકાર દ્વારા રોગ અટકાયત પગલાંઓ તથા સારવાર–સુવિધા અંગે સંતોષ વ્યકત કરી બીરદાવેલ.

૨૫. મુખ્યસચિવશ્રી ગુજરાત દ્વારા તમામ કલેકટરશ્રી, જીલ્લા વિકાસ અધિકારીશ્રી, મ્યુનીસીપલ કમિશ્નરશ્રી અને આરોગ્ય અધિકારી માટે નિયમિત પણે વીડીયો કોન્ફરન્સ કરવામાં આવેલ.

૨૬. મુખ્ય સચિવશ્રી તથા માન.કમિશ્નરશ્રી (આરોગ્ય) ની અપીલને આધારે રાજ્યમાં સ્વાઈન ફ્લુના દર્દીઓને આશરે ૩૨૦ જેટલી ખાનગી હોસ્પિટલો ઓ.પી.ડી. સારવાર મફતમાં અને ૪૯ જેટલી હોસ્પિટલો આઈ.પી.ડી. સારવાર રાહત દરે આપવા તૈયાર થયેલ.

લેબોરેટરી સુવિધા

૨૭. રાજ્યમાં હાલ બાયોસેફ્ટી લેવલ–૨ની આઠ સ્પેશ્યલ લેબોરેટરી ઉપલબ્ધ છે અને વધુ બે ખાનગી લેબોરેટરીઓને આ કામગીરી માટે અનુમતી આપવામાં આવેલ છે. જેના દ્વારા નમૂનાનું ૨૪ કલાકમાં તપાસ કરવામાં આવે છે.

- બી.જે. મેડીકલ કોલેજ, અમદાવાદ
- ગવર્મેન્ટ મેડીકલ કોલેજ, સુરત
- પી.ડી.યુ. મેડીકલ કોલેજ, રાજકોટ
- જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, સોલા, અમદાવાદ
- જી.એ.આઈ.એમ.એસ. મેડીકલ કોલેજ ભૂજ, કચ્છ
- એસ.એસ.જી. હોસ્પિટલ, મેડીકલ કોલેજ, વડોદરા
- એમ.પી.શાહ મેડીકલ કોલેજ અને હોસ્પિટલ, જામનગર
- ગવર્મેન્ટ મેડીકલ કોલેજ, ભાવનગર.

૨૮. રાજ્ય સરકાર દ્વારા સ્વાઈન ફ્લુના અટકાવ અને નિયંત્રણ માટે કરવામાં આવેલ કામગીરી અન્વયે નામદાર ગુજરાત હાઈકોર્ટે પણ સંતોષ વ્યકત કરેલ.

--------

## મોરબી સરકારી આયુર્વેદિક હોસ્પિટલમાં કર્મચારીઓની ખાલી જગ્યાઓ

અતારાંકિતઃ ૧૦૯૮૭ (૨૧–૦૧–૨૦૧૭) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) (સ્વતંત્ર હવાલો) જણાવવા કૃપા કરશે કે.–

(૧) મોરબી ખાતેની સરકારી આયુર્વેદિક હોસ્પિટલમાં તા.૧૫–૧૧–૨૦૧૬ની સ્થિતિએ સંવર્ગવાર કેટલા કર્મચારીઓની જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) તેના મુખ્યત્વે શા કારણો છે ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૧૩–૨–૨૦૧૭)

(૧) મોરબી ખાતેની સરકારી આયુર્વેદિક હોસ્પિટલમાં તા.૧૫–૧૧–૨૦૧૬ની સ્થિતિએ સંવર્ગવાર માહિતી.

| ક્રમ | સંવર્ગ | જગ્યાનું નામ | સંખ્યા | ક્યારથી ખાલી |
|---|---|---|---|---|
| ૧ | વર્ગ–૧ | વૈદ્યપંચકર્મ | ૧ | ૧–૭–૨૦૦૯ |
| ૨ | વર્ગ–૩ | કલાર્ક કમ ટાઈપીસ્ટ | ૧ | ૩–૫–૨૦૧૧ |
| ૩ | વર્ગ–૩ | સ્ટાફનર્સ | ૩ | ૪–૨–૨૦૦૫,<br>૧–૬–૨૦૧૨,<br>૧૯–૨–૨૦૧૬ |
| ૪ | વર્ગ–૩ | કમ્પાઉન્ડર | ૨ | ૧–૭–૨૦૧૫<br>૧–૯–૨૦૧૬ |
| ૫ | વર્ગ–૪ | સ્વીપર | ૧ | ૧–૮–૨૦૧૬ |

(૨) ઉકત જગ્યાઓ વયનિવૃત્તિ અને અન્યત્ર બદલી થવાના કારણોસર ખાલી પડેલ છે.

--------

## ૩૦મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### ઔષધીય વનસ્પતિ માટે રાષ્ટ્રીય અભિયાન અંતર્ગત ભારત સરકાર તરફથી મળેલ રકમ

અતારાંકિતઃ ૧૧૨૧૦ (૧૬-૦૧-૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) આયુષ સહિત ઔષધીય વનસ્પતિ માટેના રાષ્ટ્રીય અભિયાન અંતર્ગત ભારત સરકાર તરફથી તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૨) ઉકત મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) (સ્વતંત્ર હવાલો) :

(૧) પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને મળેલ રકમ (રૂ.લાખમાં)

| | |
|---|---|
| ૨૦૧૨-૨૦૧૩ | ૦.૦૦ |
| ૨૦૧૩-૨૦૧૪ | ૦.૦૦ |
| ૨૦૧૪-૨૦૧૫ | ૧૭૨.૨૫ |
| ૨૦૧૫-૨૦૧૬ | ૧૬૮.૪૨ |
| ૨૦૧૬-૨૦૧૭ | ૦.૦૦ |

(૨) વર્ષવાર કરેલ ખર્ચની રકમ (રૂ.લાખમાં)

| | |
|---|---|
| ૨૦૧૨-૨૦૧૩ | ૦.૦૦ |
| ૨૦૧૩-૨૦૧૪ | ૦.૦૦ |
| ૨૦૧૪-૨૦૧૫ | ૧૬૮.૦૫ |
| ૨૦૧૫-૨૦૧૬ | ૧૬૩.૫૦ |
| ૨૦૧૬-૨૦૧૭ | ૦.૦૦ |

--------

### વાયબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૧૧માં એમ.ઓ.યુ. અને ઉત્પાદનમાં ગયેલ ઉદ્યોગો

અતારાંકિતઃ ૧૧૬૬૧ (૦૭-૦૧-૨૦૧૭) શ્રી શૈલેષભાઈ પરમાર (દાણીલીમડા): માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૧માં કુલ કેટલી કંપનીઓએ એમ.ઓ.યુ. કર્યા હતા, અને

(૨) તે પૈકી તા.૩૦-૧૧-૨૦૧૬ સુધીમાં કુલ કેટલી કંપની કે ઉદ્યોગો ઉત્પાદનમાં ગયા ?

મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) : (૧૪-૦૨-૨૦૧૭)

(૧) વાયબ્રન્ટ ગુજરાત-૨૦૧૧માં કુલ ૮૩૮૦ પ્રોજેકટસ માટે એમ.ઓ.યુ. કરવામાં આવ્યા હતા.

(૨) વાયબ્રન્ટ ગુજરાત-૨૦૧૧માં થયેલ એમ.ઓ.યુ. પૈકી તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ કુલ ૪૧૩૨ પ્રોજેકટ ઉત્પાદનમાં ગયેલ છે.

--------

### વાયબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૧૩માં એમ.ઓ.યુ. અને ઉત્પાદનમાં ગયેલ ઉદ્યોગો

અતારાંકિતઃ ૧૧૬૬૨ (૦૭-૦૧-૨૦૧૭) શ્રી શૈલેષભાઈ પરમાર (દાણીલીમડા): માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૩માં કુલ કેટલી કંપનીઓએ એમ.ઓ.યુ. કર્યા હતા, અને

(૨) તે પૈકી તા.૩૦-૧૧-૨૦૧૬ સુધીમાં કુલ કેટલી કંપની કે ઉદ્યોગો ઉત્પાદનમાં ગયા ?

મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) : (૧૪-૦૨-૨૦૧૭)

(૧) વાયબ્રન્ટ ગુજરાત-૨૦૧૩માં કુલ ૧૭,૭૧૯ પ્રોજેકટો માટે ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજુર કરવામાં આવ્યા હતા.

(૨) વાયબ્રન્ટ ગુજરાત-૨૦૧૩માં મંજૂર થયેલ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન પૈકી તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ કુલ ૧૦,૭૧૨ પ્રોજેકટ ઉત્પાદનમાં ગયેલ છે.

--------

### વાયબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૧૫માં એમ.ઓ.યુ. અને ઉત્પાદનમાં ગયેલ ઉદ્યોગો

અતારાંકિતઃ ૧૧૬૬૩ (૦૯-૦૧-૨૦૧૭) શ્રી શૈલેષભાઈ પરમાર (દાણીલીમડા): માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૫માં કુલ કેટલી કંપનીઓએ એમ.ઓ.યુ. કર્યા, અને

(૨) તે પૈકી તા.૩૦-૧૧-૨૦૧૬ સુધીમાં કુલ કેટલી કંપની કે ઉદ્યોગો ઉત્પાદનમાં ગયા ?

મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) : (૧૪-૦૨-૨૦૧૭)

(૧) વાયબ્રન્ટ ગુજરાત–૨૦૧૫માં કુલ ૨૧,૩૦૪ પ્રોજેકટસ માટે ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજુર કરવામાં આવ્યા હતા.

(૨) વાયબ્રન્ટ ગુજરાત–૨૦૧૫માં મંજુર થયેલ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન પૈકી તા.૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ કુલ ૧૨,૬૬૨ પ્રોજેકટ ઉત્પાદનમાં ગયેલ છે.

--------

વાયબ્રન્ટ ગુજરાત સમિટ–૨૦૦૯માં એમ.ઓ.યુ. અને ઉત્પાદનમાં ગયેલ ઉદ્યોગો

અતારાંકિતઃ ૧૧૬૬૪ (૦૯–૦૧–૨૦૧૭) શ્રી શૈલેષભાઈ પરમાર (દાણીલીમડા): માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ–૨૦૦૯માં કુલ કેટલી કંપનીઓએ એમ.ઓ.યુ. કર્યા, અને

(૨) તે પૈકી તા.૩૦–૧૧–૨૦૧૬ સુધીમાં કુલ કેટલી કંપની કે ઉદ્યોગો ઉત્પાદનમાં ગયા ?

મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) : (૧૪–૦૨–૨૦૧૭)

(૧) વાયબ્રન્ટ ગુજરાત–૨૦૦૯માં કુલ ૩૫૭૪ પ્રોજેકટસ માટે એમ.ઓ.યુ. કરવામાં આવ્યા હતા.

(૨) વાયબ્રન્ટ ગુજરાત–૨૦૦૯માં થયેલ એમ.ઓ.યુ. પૈકી તા.૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ કુલ ૨૧૪૧ પ્રોજેકટ ઉત્પાદનમાં ગયેલ છે.

--------

રાજ્યમાં ફિલ્મોને સબસીડી આપવા બાબત

અતારાંકિતઃ ૧૦૭૨૮ (૦૨–૧૨–૨૦૧૬) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય મુખ્યમંત્રીશ્રી (માહિતિ અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૦–૨૦૧૬ની સ્થિતએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં ફિલ્મોને સબસીડી આપવા અન્વયે મનોરંજન કર કમિશ્નરશ્રી દ્વારા કઇ તારીખે કયા સ્થળે મીટીંગ બોલાવી

(૨) ઉક્ત દરેક મીટીંગવાર કેટલી ફિલ્મોને સબસીડી આપવાનું નક્કી કરવામાં આવ્યું અને,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી ફિલ્મોને સબસીડી આપવામાં આવી અને કેટલી ફિલ્મોને સબસીડી આપવાની બાકી છે.

મુખ્યમંત્રીશ્રી (માહિતિ અને પ્રસારણ) : (૧૩–૦૨–૨૦૧૭)

(૧) તા.૩૧–૧૦–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં ફિલ્મોને સબસિડી આપવા અન્વયે મનોરંજન કર કમિશ્નરશ્રી દ્વારા બોલાવાયેલ મીટીંગની તારીખ અને સ્થળ વિગતો નીચે મુજબ છે.

| તારીખ | મીટીંગનું સ્થળ |
|---|---|
| ૩૦/૧૦/૨૦૧૨ | માહિતિ કમિશ્નરની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન. ગાંધીનગર. |
| ૨૫/૦૨/૨૦૧૪ | માહિતિ કમિશ્નરની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન. ગાંધીનગર. |
| ૨૩/૦૩/૨૦૧૫ | માહિતિ કમિશ્નરની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન. ગાંધીનગર. |
| ૧૩/૦૮/૨૦૧૫ | માહિતિ કમિશ્નરની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન. ગાંધીનગર. |
| ૨૮/૦૧/૨૦૧૬ | માહિતિ નિયામકની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન. ગાંધીનગર. |
| ૦૧/૦૯/૨૦૧૬ | માહિતિ નિયામકની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન. ગાંધીનગર. |
| ૦૭/૧૦/૨૦૧૬ | માહિતિ નિયામકની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન. ગાંધીનગર. |

(૨) ઉક્ત દરેક મીટીંગવાર કેટલી ફિલ્મોને સબસીડી આપવાનું નક્કી કરવામાં આવ્યું તેની વિગતો નીચે મુજબ છે.

| મીટીંગની તારીખ | સબસીડી આપવા સમિતિએ નિયત કરેલ ફિલ્મોની સંખ્યા |
|---|---|
| ૩૦/૧૦/૨૦૧૨ | ૦ |
| ૨૫/૦૨/૨૦૧૪ | ૨ |
| ૨૩/૦૩/૨૦૧૫ | ૧૯ |
| ૧૩/૦૮/૨૦૧૫ | ૧૬ |
| ૨૮/૦૧/૨૦૧૬ | ૧૧૦ |
| ૦૧/૦૯/૨૦૧૬ | ૧૬ |
| ૦૭/૧૦/૨૦૧૬ | ૫૫ |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર ફિલ્મોને ચુકવવામાં આવેલ સબસીડી અને સબસીડી આપવાની બાકી ફિલ્મોની વિગત.

| વર્ષ | સબસીડી ચુકવવામાં આવેલ ફિલ્મોની સંખ્યા |
|---|---|
| તારીખ ૦૧/૧૧/૨૦૧૧ થી તારીખ ૩૧/૧૦/૨૦૧૨ | ७१ |
| તારીખ ૦૧/૧૧/૨૦૧૨ થી તારીખ ૩૧/૧૦/૨૦૧૩ | ૧૨ |
| તારીખ ૦૧/૧૧/૨૦૧૩ થી તારીખ ૩૧/૧૦/૨૦૧૪ | ૪ |
| તારીખ ૦૧/૧૧/૨૦૧૪ થી તારીખ ૩૧/૧૦/૨૦૧૫ | ૧૯ |
| તારીખ ૦૧/૧૧/૨૦૧૫ થી તારીખ ૩૧/૧૦/૨૦૧૬ | ૧૨૬ |

અરજદાર તરફથી પૂર્તતા ન થવાના કારણે એક ફિલ્મને સબસીડી આપવાની બાકી છે.

-------

રાજ્યમાં નાનાજી દેશમુખ આવાસ યોજના

અતારાંકિતઃ ૧૧૬૨૬ (૧૬-૦૧-૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં બાંધકામ શ્રમિકોને રહેવા માટેની શ્રી નાનાજી દેશમુખ આવાસ યોજના અન્વયે તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર કેટલાં લાભાર્થીઓને આર્થિક સહાય આપવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ લાભાર્થીદીઠ કેટલી સહાય ચુકવવામાં આવે છે?

શ્રમ અને રોજગાર મંત્રીશ્રી : (૧૫-૦૨-૨૦૧૭)

(૧) શ્રી નાનાજી દેશમુખ આવાસ યોજના અન્વયે તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતએ આ સાથે સામેલ પત્રક મુજબ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર કુલ -૩૦ બાંધકામ શ્રમિકોને રૂ. ૪૮,૧૫,૦૦૦/- સહાય ચુકવવામાં આવેલ છે.

(૨) નોંધાયેલા બાંધકામ શ્રમિકને E WS /L I G યોજના પૈકી મકાન ફાળવણી થયેથી રૂ. ૧,૬૦,૦૦૦/-ની સહાય લાભાર્થી વતી બોર્ડ દ્વારા મકાન ફાળવણી સંસ્થાને હવાલે લાભાર્થી વતી મુકવામાં આવે છે.

--------

બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં પીવાનાં પાણીનાં કૂવા

અતારાંકિતઃ ૧૦૩૯૮ (૧૫-૧૧-૨૦૧૬) શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં આવેલા કેટલા ગામમાં પીવાના પાણીના કૂવાઓનું પાણી તા.૩૧/૮/૨૦૧૬ની સ્થિતિએ પીવા યોગ્ય રહ્યું નથી,

(૨) ઉક્ત કૂવાઓના પાણીને ફરીથી પીવા યોગ્ય બનાવવા શાં પગલાં લેવામાં આવ્યા છે?

પાણી પુરવઠા મંત્રીશ્રી : (૧૦-૦૨-૨૦૧૭)

(૧) બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં પાણી પુરવઠા પ્રભાગ હસ્તકના બધાં જ કૂવાઓનું પાણી પીવા યોગ્ય છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

સાબરકાંઠા જિલ્લામાં નદીઓ પર ડેમો બનવવા બાબત

અતારાંકિતઃ ૧૧૦૧૭ (૨૩-૧૨-૨૦૧૬) શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ): માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૦ જૂન-૨૦૧૬ની સ્થિતિએ કઇ નદીઓ પર મધ્યમ અને નાની કક્ષાના ડેમો બનાવવાનું આયોજન છે.

(૨) ઉપરોક્ત સ્થિતિએ કામો કયા તબક્કે છે, અને

(૩) તે ક્યાં સુધીમાં પુર્ણ કરવામાં આવનાર છે.

જળ સંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૧૪-૦૨-૨૦૧૭)

(૧) સાબરકાંઠા જિલ્લામાં નદીઓ પર તાંત્રિક તેમજ આર્થિક દ્રષ્ટિએ પોષણક્ષમ સાઇટ ઉપલબ્ધ ન હોઇ મધ્યમ અને નાની કક્ષાના ડેમો બનાવવાનું આયોજન નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

ગીર સોમનાથ, જુનાગઢ અને જામનગર જિલ્લામાં ડેમોમાંથી લાઇમ સ્ટોન કાઢવાની મંજુરી

અતારાંકિતઃ ૧૧૫૨૭ (૦૬-૦૧-૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) તા.૩૧/૧૦/૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં ગીર સોમનાથ, જુનાગઢ અને જામનગર જિલ્લામાં કોઇ ડેમોમાંથી લાઇમ સ્ટોન કાઢવાની મંજુરી જળસંપત્તિ વિભાગ દ્વારા આપવામાં આવી છે.

(૨) જો હા તો ઉક્ત જિલ્લાવાર કયા ડેમોમાંથી વિભાગ દ્વારા કેટલો લાઇમસ્ટોન કાઢવા માટે મંજુરી આપવામાં આવી,

(૩) ઉક્ત મંજુરી આપવામાં આવી ત્યારે ડેમવાર પાણીની સપાટી કેટલી હતી ?

જળસંપત્તિ મંત્રીશ્રી : (૨૮-૦૨-૨૦૧૭)

(૧) હા. જી

(૨)

| જિલ્લો | ડેમનું નામ | લાઇમ સ્ટોન જથ્થો |
|---|---|---|
| ગીર સોમનાથ | હિરણ-૨ | ૨૦,૦૦૦ મેટ્રીક ટન |
| જુનાગઢ | - | - |
| જામનગર | - | - |

(૩) ૫૧.૭૬ મીટર

--------

કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લામાં દલિતો માટે પીવાના પાણીના કૂવા

અતારાંકિતઃ ૯૮૧૮ (૨૧-૧૦-૨૦૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લાના કયા ગામોમાં ૩૧મી ડિસેમ્બર-૨૦૧૫ની સ્થિતિએ દલિતો માટે પીવાના પાણીના અલગથી કૂવા રાખવામાં આવ્યા છે,

(૨) તેના શા કારણો છે, અને

(૩) તે અન્વયે કેટલા જવાબદારો સામે શાં પગલાં લેવાયા છે ?

પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૧૫-૨-૨૦૧૭)

(૧) કચ્છ, ભાવનગર અને ગાંધીનગર જિલ્લાના ગામોમાં ૩૧મી ડિસેમ્બર-૨૦૧૫ની સ્થિતિએ દલિતો માટે પીવાના પાણીના અલગથી કૂવા રાખવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન નથી.

(૩) પ્રશ્ન નથી.

--------

મહેસાણા જિલ્લાની રી સરવે કરવાની અરજીઓ

અતારાંકિતઃ ૧૦૬૭૨ (૨૩-૧૧-૨૦૧૬) શ્રી પ્રહલાદભાઇ પટેલ (વિજાપુર): માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

તા. ૩૦-૦૯-૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર ખેડૂતોની જમીન માપણી કર્યા પછી તેમનો રી સર્વે કરવા માટે છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલી અરજીઓ આવી ?

મહેસૂલ મંત્રીશ્રી : (૧૪-૨-૨૦૧૭)

મહેસાણા જિલ્લામાં તા. ૩૦-૯-૨૦૧૬ની સ્થિતિએ તાલુકાવાર ખેડુતોની જમીન માપણી કર્યા પછી તેમની રી સર્વે કરવા માટે છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર આવેલ અરજીઓની વિગત દર્શાવતું પત્રક

| ક્રમ | તાલુકાનું નામ | ત્રણ વર્ષમાં રી-સર્વે કરવા માટે આવેલ અરજીઓ | | | કુલ |
|---|---|---|---|---|---|
| | | ૨૦૧૪ | ૨૦૧૫ | ૨૦૧૬ | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ખેરાલુ | ૦ | ૨૬ | ૫૭૫ | ૬૦૧ |
| ૨ | વિસનગર | ૦ | ૬૮ | ૧૨૫૨ | ૧૩૨૦ |
| ૩ | કડી | ૦ | ૦ | ૮૬૯ | ૮૬૯ |
| ૪ | વિજાપુર | ૦ | ૫૮૪ | ૨૪૪૧ | ૩૦૨૫ |
| ૫ | બેચરાજી | ૦ | ૧૭૪ | ૧૪૦૩ | ૧૫૭૭ |
| ૬ | ઉંઝા | ૦ | ૧૩ | ૧૮૪૩ | ૧૮૫૬ |
| ૭ | વડનગર | ૦ | ૦ | ૧૦૩ | ૧૦૩ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮ | જોટાણા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | સતલાસણા | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ | ૦ | ૮૬૫ | ૮૪૮૬ | ૯૩૫૧ |

નોંધ :– ઉપરોક્ત ૯૩૫૧ અરજીઓ પૈકી ૮૬૯૬ અરજીઓ (૯૩%) સર્વે નંબરમાં પૈકી નંબરો (પોત હિસ્સા) અંગે અંદરો અંદરના ક્ષેત્રફળમાં વધારા–ઘટાડા બાબતની છે.

--------

જામનગર, વલસાડ અને નવસારી જિલ્લાના કાચા/પાકા ડામર સપાટીના માર્ગો

અતારાંકિતઃ ૮૯૧૪ (૨૦–૮–૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર (ગ્રામ્ય)): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

(૧) જામનગર, વલસાડ અને નવસારી જિલ્લામાં ક્યા કાચા માર્ગોનો તા. ૩૧મી ડિસેમ્બર–૨૦૧૫ની સ્થિતિએ પાકા ડામર સપાટીના બનાવવાના બાકી છે, અને

(૨) તે ક્યાં સુધીમાં બનાવવામાં આવનાર છે ?

નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) : (૧૪–૨–૨૦૧૭)

(૧) પરિશિષ્ટ–૧ મુજબ

(૨) તાંત્રિક જરૂરીયાત, આંતરિક અગ્રતાક્રમ તથા નાણાંકીય ઉપલબ્ધતાને ધ્યાને રાખી વિચારણામાં લેવામાં આવશે.

પરિશિષ્ટ –૧

| ક્રમ | જિલ્લો | રસ્તાનું નામ |
|---|---|---|
| ૧ | જામનગર | હડમતીયા વાગડીયા રોડ |
| ૨ | | કોંઝા ચંદ્રગા મકવાણા રોડ |
| ૩ | | મોટી ભલસાણ વાગડીયા વાણીયાગામ કરાણા રોડ |
| ૪ | | પસાયા (બેરાજા) જગા રોડ |
| ૫ | | ધુતારપર ટુ જોઈન એસ. એચ. |
| ૬ | | ગોવાણા બબરઝર અપીયા રોડ |
| ૭ | | દલતુંગી સેવકભરુડીયા ડબાસંગ રોડ |
| ૮ | | ટેભડા ધરમપુર ટુ જોઈન એસ. એચ. |
| ૯ | | મોટા વાગુદડ સગડીયા ધરમપુર મોડપર રોડ |
| ૧૦ | | કોઠાધાર સમોસરા છલ્લા રોડ |
| ૧૧ | | ધ્રોલ નથુવડાળા રોડ |
| ૧૨ | | ખીજડીયા ઢંઢા ટુ એમ.ડી.આર. |
| ૧૩ | | ખેંગારકા ડાંગરા રોડ |
| ૧૪ | | હાડાટોડા ભેંસદડ રોડ |
| ૧૫ | | ઈટાળા ગઢડા જાબીડા રોડ |
| ૧૬ | | મેઘપર બોડકી રોડ |
| ૧૭ | | લખતર ભાદરા બાદનપર રોડ |
| ૧૮ | | ભવાભી ખીજડીયા બમનગામ દાનીધાર ટુ જોઈન એસ. એચ. (પાર્ટ) |
| ૧૯ | | કોઠાભાડુકિયા રાજડા શીશાંગ રોડ સેક્શન કોઠાભાડુકિયા રાજડા |
| ૨૦ | | મછલીવડ એપ્રોચ રોડ |
| ૨૧ | જામનગર | વેરાવળ જંક્શન બમથીયા જામ આંબરડી ટુ વી. આર. |
| ૨૨ | | વસંતપુર ખડબા જંક્શન જામવાડી રોડ |
| ૨૩ | | રબારીકા કોઠાવીરડી જંક્શન વનાળા રોડ |
| ૨૪ | | ધુનડા કોઠાવીરડી જંક્શન વનાળા રોડ |
| ૨૫ | | ઘેલડા ધુનડા સણોસરા રોડ |
| ૨૬ | | બુટાવદર ચીરોડાસંગ મોટીભરડ કલ્યાણપુર શેઠવડાળા રોડ |
| | વલસાડ નવસારી | શૂન્ય |
| ૧ | | કાકડવેલ થી વાઘાબારી રોડ |
| ૨ | | ભીનાર દેસાઈ ફળિયા રોડ |
| ૩ | | આબા બારી કેવડી સરા રોડ |

--------

સાબરકાંઠા જિલ્લાના વિશ્રામગૃહ તથા અતિથિગૃહનું સમારકામ

અતારાંકિતઃ ૯૧૧૬ (૧૨–૦૮–૨૦૧૬) શ્રી મણીલાલ વાઘેલા (વડગામ): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) તા. ૩૧-૫-૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કયા વિશ્રામગૃહ તથા અતિથિગૃહનું સમારકામ કરવામાં આવ્યું, અને

(૨) તે અન્વયે કયા કામોમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) : (૧૪-૦૨-૨૦૧૭)

(૧) હિંમતનગર અતિથિગૃહ

(૨) હિંમતનગર અતિથિગૃહ ખાતે રૂ. ૦.૭૭ લાખ સીવીલ મરામત માટે અને રૂ. ૧.૫૮ લાખ વિજળી મરામતનો ખર્ચ કરવામાં આવ્યો.

--------

સાણંદ તાલુકાના હીરાપુર-ચરળ-મખીયાવ-બોળ અને શીયાવાડા ગામના એપ્રોચ રોડ

અતારાંકિતઃ ૯૧૩૮ (૧૨-૮-૨૦૧૬) શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.

તા. ૩૦-૬-૧૬ની સ્થિતિએ સાણંદ તાલુકાના હીરાપુર-ચરળ-મખીયાવ-બોળ અને શીયાવાડા ગામના એપ્રોચ રોડ તૂટી જતા નવા રસ્તાઓ બનાવવા છેલ્લા ત્રણ વર્ષમાં સરકારે શું આયોજન કરેલ છે ?

નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) : (૧૪-૨-૨૦૧૭)

રસ્તાઓને સમયાંતરે જરૂરી મરામત કરી વાહન વ્યવહાર યોગ્ય રાખેલ છે.

--------

અમદાવાદ જિલ્લાના બાવળા અને સાણંદ તાલુકાના રસ્તાઓનું ડામર કામ

અતારાંકિતઃ ૯૧૩૯ (૨૦-૮-૨૦૧૬) શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૬-૧૬ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના બાવળા અને સાણંદ તાલુકાના એક ગામથી બીજા ગામને જોડતા કેટલા રસ્તાઓનું ડામર કામ બાકી છે, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં કયા રસ્તાઓનું ડામર કામ થયું અને બાકી રહેતાં ડામર કામને કેટલા સમયમાં પુર્ણ કરવામાં આવશે ?

નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) : (૧૪-૨-૨૦૧૭)

(૧) તમામ ગામો પાકા ડામર રસ્તાથી જોડાયેલ છે.

(૨) પરિશિષ્ટ-૧ મુજબના રસ્તાઓનું ડામર કામ થયું. બાકીના તાંત્રિક જરૂરીયાત આંતરિક અગ્રતાક્રમ અને નાણાકીય ઉપલબ્ધતા પ્રમાણે કરવામાં આવશે.

પરિશિષ્ટ -૧

પુર્ણ કામો

| ક્રમ | તાલુકો | કામનું નામ |
|---|---|---|
| ૧ | સાણંદ | નવાપુરા એપ્રોચ રોડ |
| ૨ | સાણંદ | ખોડા રેલવે ક્રોસીંગથી ચંદ્રાસણ રોડ |
| ૩ | સાણંદ | ઉપરદળ એ. રોડ |
| ૪ | સાણંદ | કોદાળીયા જાંબુથલ રોડ |
| ૫ | સાણંદ | મીસીંગલીંક શીયાવાડાઝોલાપુર રોડ |
| ૬ | સાણંદ | તાજપુર કાસીન્દ્રા રોડ |
| ૭ | સાણંદ | ચાંગોદર રેલવે સ્ટે. રોડ |
| ૮ | સાણંદ | સાણંદ સાંકોડ રોડ કી.મી. ૫/૦ થી ખીચા એ. રોડ |
| ૯ | સાણંદ | મણીપુર થી મણીપુર ડેન્ટલ કોલેજ રોડ |
| ૧૦ | સાણંદ | પલવાડા નાનીદેવતી રોડ |
| ૧૧ | સાણંદ | વા. ચાચરાવાડી લીલીયાપુરા રોડ |
| ૧૨ | સાણંદ | મામાકાના ઉન્દ્રેલ ભાવડા રોડ |
| ૧૩ | સાણંદ | કુંડલ કુબા રોડ |
| ૧૪ | સાણંદ | સાણંદ બકરાણા રોડ ૨૯/૦૦ ટુ પાવા એ. રોડ |
| ૧૫ | સાણંદ | સાણંદ પીલુપુરા રોડ કી.મી. ૮/૦ થી પલવાડા એ. રોડ |
| ૧૬ | બાવળા | મેણી એ. રોડ |
| ૧૭ | બાવળા | શિયાળ ટુ સાંઢીડા રોડ |

| ક્રમ | તાલુકો | કામનું નામ |
|---|---|---|
| ૧૮ | બાવળા | વાસણા નાનોદરા એ. રોડ |
| ૧૯ | બાવળા | કેશરડી એ. રોડ |
| ૨૦ | બાવળા | ભામસરા કેશરડી રોડ |
| ૨૧ | બાવળા | મીઠાપુરથી કોઠાતલાવડી રોડ |
| ૨૨ | બાવળા | અમદાવાદ કંડલા એન.એચ. ૮ એ કી.મી. ૩૮/૮ થી એટ વિલેજ ધનવાડા રોડ એ. રોડ |
| ૨૩ | બાવળા | કેશરડી એ. રોડ એમ. ૨૧૧ થી ડુમાલી |
| ૨૪ | બાવળા | કેરાલા કાયલા શાહપુર રોડ એમ.ડી.આર. ૪/૧૩ કિ.મી. ૨/૦ થી દહેગામડા રોડ |
| ૨૫ | બાવળા | અમદાવાદ કુ.એન.એચ. ૮ એ કી.મી. ૪૭/૦ થી રાણેસર |
| ૨૬ | બાવળા | કાવીઠા ચલોડા રોડ |
| ૨૭ | સાણંદ | ગોકળપુરા મખીયાવ રોડ |
| ૨૮ | સાણંદ | મોટીદેવતી થી બજાણીયાપુરા રોડ |
| ૨૯ | સાણંદ | કલાણા એપ્રોચ રોડ |
| ૩૦ | સાણંદ | હઠીપુરા એપ્રોચ રોડ |
| ૩૧ | સાણંદ | વિરોચનનગર ખોરજ ઝોલાપુર રોડ |
| ૩૨ | બાવળા | વાસણા નાનોદરાથી ગોવીંદા રોડ |
| ૩૩ | બાવળા | લીલીયાપુરા મેમર રોડ |
| ૩૪ | બાવળા | એન. એચ. ૮ એ ટુ ઘીંગડા રોડ |
| ૩૫ | બાવળા | ભાયલા એ. રોડ |
| ૩૬ | બાવળા | ધનવાડા કલ્યાણપુરા રોડ |

--------

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકામાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળના નોન–પ્લાન રસ્તાઓ

અતારાંકિતઃ ૯૧૫૪ (૧૨–૮–૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

(૧) જામનગર જિલ્લાના કાલાવડ તાલુકામાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળના કયા નોન–પ્લાન રસ્તાઓ તા. ૩૦–૬–૨૦૧૬ની સ્થિતિએ પાકા બનાવવાના બાકી છે,

(૨) ઉક્ત રસ્તાઓને પાકા બનાવવા શી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે ,અને

(૩) તે ક્યાં સુધીમાં બનાવવામાં આવનાર છે ?

નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) : (૧૪–૨–૨૦૧૭)

(૧), (૨) અને (૩) : ચાલુ નાણાંકીય વર્ષથી આ નવી યોજના અમલમાં આવેલ હોઈ, નોનપ્લાન રસ્તાઓની તાંત્રીક જરૂરીયાત, આંતરિક અગ્રતા ક્રમ તથા નાણાંકીય ઉપલબ્ધતા મુજબ વિચારણામાં લેવામાં આવશે.

--------

અમદાવાદ જિલ્લાના બોળ–કુવાર–હિરાપુર–શિયાવાડા–મખીયાવ–ગોકળપુરા ગામના એપ્રોચ રોડ

અતારાંકિતઃ ૯૪૩૫ (૩–૯–૨૦૧૭) શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ): માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

તા.૩૦–૬–૧૫ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના બોળ–કુવાર–હિરાપુર–શિયાવાડા–મખીયાવ–ગોકળપુરા ગામોના એપ્રોચ રોડ જર્જરીત હાલતમાં છે તે અંગે સરકારે છેલ્લા ત્રણ વર્ષમાં શા પગલા લીધા ?

નાયબ મુખ્ય મંત્રીશ્રી (માર્ગ–મકાન) : (૧૪–૦૨–૨૦૧૭)

સમયાંતરે જરૂરી મરામત કરી વાહન વ્યવહાર યોગ્ય રાખવામાં આવેલ છે.

--------

અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના કેશરડી થી મેટાલ ગામ જવાનો રસ્તો

અતારાંકિતઃ ૯૪૩૬ (૩૧–૦૮–૨૦૧૬) શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ): માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૬–૧૬ ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના કેશરડી તા.બાવળાના ગામે મેટાલ જવાનો રસ્તો બંધ કરી દેવામાં આવ્યો છે તે હકીકત સાચી છે,

(૨) જો હા તો, તેના કારણો શા છે, અને

(૩) આ રસ્તો ખુલ્લો કરાવવા સરકારે શા પગલા લીધા ?

નાયબ મુખ્ય મંત્રીશ્રી (માર્ગ–મકાન) :

(૧) ના, જી,.

રસ્તો નોન પ્લાન કક્ષાનો કાચો ગાડામાર્ગ આંતરિક રસ્તો છે.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લાના કાચા માર્ગોની પાકા ડામરની સપાટી બનાવવી

અતારાંકિતઃ ૯૫૨૧ (૩૧–૦૮–૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર–ગ્રામ્ય): માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં ક્યા કાચા માર્ગોનો તા.૩૧મી ડિસેમ્બર–૨૦૧૫ની સ્થિતિએ પાકા ડામર સપાટીના બનાવવાના બાકી છે, અને

(૨) તે ક્યાં સુધીમાં બનાવવામાં આવનાર છે?

નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ–મકાન) : (૧૪–૦૨–૨૦૧૭)

(૧) પરિશિષ્ટ–૧ મુજબ

| | | |
|---|---|---|
| ૧ | રાજકોટ | પાનેલી રોડ |
| ૨ | | ભાડલા વીરપર બોઘરવડ ગોલીડા હડમતીયા |
| ૩ | | એલ.એચ.ટુ જસાપર આંચવડ હરીયસણ રોડ |
| ૪ | | વીઆર. ટુ ભાંગડા એપ્રોચ રોડ |
| ૫ | | એન.એચ.ટુ રોણકી એપ્રોચ રોડ |
| ૬ | | ફ તેપર જીલરીયા સાલપીપળીયા રોડ સેક્સન જીલરીયા ધુનાણા–ગામ સાલપીપળીયા રોડ |
| ૭ | | મોટા સખપર થી સુલતાનપર રોડ |
| ૮ | | એસ.એચ.ટુ બોરીયા બેલડા મેઘાવડ રોડ |
| ૯ | | ઉજાલા એપ્રોચ રોડ જોઈનીંગ જામકંડોરણા ટીબંડી રોડ |
| ૧૦ | | દડવી પીપળીયા રોડ |
| ૧૧ | | એસ.એચ.ટુ ખંઢેરી નારણકા રોડ સેક્સલ ખંઢેરી થી નારણકા રોડ |
| ૧૨ | | એસ.એચ.ટુ ખીજડીયા રોડ |
| ૧૩ | | હરીપર મકનપર રોડ |
| ૧૪ | | જીયાણા સાતડા રોડ |
| ૧ | મોરબી | માળિયા (મીં)–જાજાસર રોડ કિ.મી. ૬/૦ થી ૧૨/૦ |
| ૨ | | હળવદ–રાણેકપર–ગોલાસણ–પાડાસણ રોડ |
| ૩ | | કુંભારીયા–વેજલપર રોડ |
| ૪ | | નાન રામપર–ચાંચાપર રોડ |
| ૫ | | ધનુડા (સ.) –અદેપર રોડ |
| ૬ | | ખારચીયા – કેરાળી રોડ |
| ૭ | | કોઠી – જાલ સિક્કા રોડ |
| ૮ | | દીઘલીયા – દલડી રોડ |
| ૯ | | જુના અમરાપર – રાસંગપર રોડ |
| ૧૦ | | ઈગોરાડા – ખોડ રોડ |
| ૧૧ | | ધુળકોટ – સુરવદર રોડ |
| ૧૨ | | ઈશનપુર–ઈગોરાળા રોડ |
| ૧ | સુરેન્દ્રનગર | ગેડી પરનાળા રોડ |
| ૨ | | ઓડુ–સાવડા રોડ અપ ટુ એસ.એચ. |
| ૩ | | વાલેવડા માનાવડા રોડ |
| ૪ | | રાજપર–ભડેણા–હેબતપુર રોડ |
| ૫ | | મોટા હરણીયા–ગઢેચી રોડ |
| ૬ | | ધ્રુમઠ–સુલતાનપુર રોડ |

| | | |
|---|---|---|
| ૭ | | સુલતાનપુર – દેગામ રોડ |
| ૮ | | કેસરિયા–સવલાણા રોડ |
| ૯ | | ભાલાળા–સાકર રોડ |
| ૧૦ | | લીમલી – ચાણપર રોડ |
| ૧૧ | | ઝીંઝુવાડા–ઓડુ રોડ |
| ૧૨ | | બજાણા – કચોલીયા રોડ |
| ૧૩ | | નાની મજેઠી – કમાલપુર |
| ૧૪ | | ઘાસપુર – હાથીપુરા રોડ |
| ૧૫ | | નીનામા – નાના માત્રા રોડ |
| ૧૬ | | ચમારજ – કટુડા રોડ |
| ૧૭ | | કારીયાણી ગોમટા રોડ |

(૨) તાંત્રિક જરૂરીયાત, આંતરિક અગ્રતા ક્રમ તથા નાણાંકીય ઉપલબ્ધતાને ધ્યાને રાખી વિચારણામાં લેવામાં આવશે.

--------

## અતારાંકિત પ્રશ્નોત્તરી

દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં કાચા માર્ગોની પાકા ડામરની સપાટી બનાવવી

અતારાંકિતઃ ૯૯૨૨ (૦૮-૧૧-૨૦૧૬) શ્રી મેરામણભાઇ આહિર (ખંભાલિયા): માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (માર્ગ-મકાન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) દેવભૂમિ દ્વારકા, સુરત અને તાપી જિલ્લામાં ક્યા કાચા માર્ગોનો તા.૩૧મી ડિસેમ્બર-૨૦૧૫ની સ્થિતિએ પાકા ડામર સપાટીના બનાવવાના બાકી છે, અને

(૨) તે ક્યાં સુધીમાં બનાવવામાં આવનાર છે?

નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ-મકાન) : (૧૪-૦૨-૨૦૧૭)

(૧) પરિશિષ્ટ-૧ મુજબ

પરિશિષ્ટ-૧

| ક્રમ | જિલ્લાનું નામ | રસ્તાનું નામ |
|---|---|---|
| ૧ | દેવભૂમિ દ્વારકા | નાના આસોટા બેહ બારા રોડ |
| ૨ | | લલિયા કોલરા રોડ & તથીયા ટુ જોઇન એસ.એચ. રોડ સેક. લલીયા કોલવા (પાર્ટ) |
| ૩ | | રાણ એપ્રોચ રોડ (૧.૦૦ કિ.મી) |
| ૪ | | રેંટા કાલાવડ એપ્રોચ રોડ એસ.એચ. |
| ૫ | | ગુલાબસાગર ટુ જોઇન એસ.એચ. |
| ૬ | | ભેંનકવડ આંબલીયારી રોડ |
| ૭ | | ભણગોર જોગરા ચોખંડા રોડ, જોગરા શેઢાખાઇ રોડ, જોગરા કબરકા રોડ સેક. જોગરા ચોખંડા (પાર્ટ) જોગરા કબરકા રોડ (પાર્ટ)(૩.૫૦ કિ.મી.) |
| ૮ | | આંબલીયારી ધીણંકી વાચ્છુ રોડ સેક. |
| ૯ | | મકનપર વાવ રોડ |
| ૧૦ | | ચોખંડા ભાણખોખરી ભીંડા ભાડથર રોડ. સેકશન ભીંડા ભાડથર રોડ (૪.૧૧ કિ.મી.) |
| ૧ | સુરત | શાહપોર નનસાડ ખાંભલા સેજવાડ રોડ (બાકી લંબાઇ) (૧.૩૫ કિ.મી.) |
| ૨ | | ઓરણા ગલતેશ્વર રોડ (૩.૦૦ કિ.મી.) |
| ૩ | | વાંકલ બોરીયા ઝરણી ઓગણીસા ગોડબાર રોડ (૨.૦૦ કિ.મી.) |
| ૪ | | વડપાડા સાતકાશી રોડ (૧૫.૬૮ કિ.મી.) |
| ૫ | | કુલવાડી માલ્ધા રોડ જોઇનીંગ (૩.૨૨ કિ.મી.) |
| ૬ | | બલેઠી ખાટ રોડ (૬.૧૫ કિ.મી.) |
| ૧ | તાપી | ધામણીદેવી સરાકેવડી રોડ કી.મી. ૦/૦ થી ૨૨/૬૭ સે. ૦/૦ થી ૩/૫૦ |
| ૨ | | કરોડ મોહીની ટાવલી રોડ જોઇનીંગ ઉચ્છલ નિઝર એસ.એચ કી.મી. ૧૨/૦ થી ૨૩/૦ સે. કરોડ ટાવલી રોડ ૧૬/૦ થી ૨૩/૦ |
| ૩ | | સોનગઢ બંધારપાડા રોડ કી.મી. ૦/૦ થી ૬/૪૩ સે. ૫/૮૦ થી ૬/૪૩ |
| ૪ | | વડપાડા સાતકાશી ઉચ્છલ રવજીબુંદા રોડ સે. રવજીબુંદા રોડ કી.મી. ૦/૦ થી ૬/૦૩ |
| ૫ | | કુકરમુન્ડા તળોદા રોડ પાર્ટ ઓફ પાંચપીપળા નવા ગામ કુકરમુન્ડા રોડ કી.મી. ૦/૦ થી ૭/૮૩ |
| ૬ | | હથુકા ગોડધા અધ્યપોર રોડ કી.મી. ૩/૦ થી ૩/૮ |
| ૭ | | સરૈયા એપ્રોચ રોડ જોઇનીંગ વ્યારા ભેંસકાતરી રોડ |
| ૮ | | હરીપુરા આમોનીય રોડ કી.મી. ૦/૦ થી ૬/૫૦ |
| ૯ | | બોરદા હાળીઘાટ રોડ કી.મી. ૦/૦ થી ૫/૨૦ સે. ૨/૫૦ થી ૫/૨૦ |
| ૧૦ | | આછલવા એપ્રોચ રોડ કી.મી. ૦/૦ થી ૧/૪ |
| ૧૧ | | હીંદલા ઉમરદા રોડ કી.મી. ૦/૦ થી ૬/૪૪ સે. ૦/૦ થી ૨/૨૦ અને ૨/૯૪ થી ૬.૪૪ |
| ૧૨ | | ટોકરવા બોરદા હોળીઘાટ રોડ કી.મી. ૦/૦ થી ૬/૦ સે. ૫/૦ થી ૬/૦૦ |

(૨) અગ્રતા ધોરણે તાંત્રિક જરૂરીયાત, નાણાંકીય ઉપલબ્ધતાને ધ્યાને રાખી વિચારણામાં લેવામાં આવશે.

--------

બગોદરા-લીમડી હાઇવે થી મીઠાપુર હરીજન વાસ તરફ જવાનો રસ્તો

અતારાંકિતઃ ૧૦૬૦૭ (૨૪-૧૧-૨૦૧૬) શ્રી કરમશીભાઇ પટેલ (સાણંદ): માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (માર્ગ-મકાન) જણાવવા કૃપા કરશે કે.-

અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) તા.૩૦-૯-૧૬ની સ્થિતિએ બગોદરા-લીમડી હાઇવે થી મીઠાપુર હરીજન વાસ તરફ જવાનો રસ્તો ખુબ જ બિસ્માર હાલતમાં છે તે હકીકત સાચી છે કે કેમ, અને

(૨) જો હા તો ઉક્ત બિસ્માર રસ્તાનું મરામત કામ ક્યારે હાથ ધરી પૂર્ણ કરવામાં આવશે?

નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ-મકાન) : (૧૪-૦૨-૨૦૧૭)

(૧) અને (૨)

રસ્તો નોન પ્લાન કક્ષોનો કાચો ગાડામાર્ગ આંતરિક રસ્તો છે. જે મા.મ વિભાગ હસ્તકનો ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

બાવળા તાલુકાના ભામસરા થી કણોતર રોડ બિસ્માર

અતારાંકિતઃ ૧૦૬૦૮ (૨૪-૧૧-૨૦૧૬) શ્રી કરમશીભાઇ પટેલ (સાણંદ): માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (માર્ગ-મકાન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૯-૧૬ની સ્થિતિએ બાવળા તાલુકાના ભામસરા થી કણોતર રોડ ખુબ જ બિસ્માર હાલતમાં છે તે હકીકત સાચી છે કે કેમ, અને

(૨) જો હા તો ઉક્ત બિસ્માર રસ્તાનું મરામત કામ ક્યારે હાથ ધરી પૂર્ણ કરવામાં આવશે?

નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ-મકાન) :

(૧) અને (૨)

ના, જી.

રસ્તાની જરૂરી લંબાઇમાં સમાયાંતરે મરામત કામગીરી હાથ ધરી વાહનવ્યવહાર યોગ્ય રાખવામાં આવેલ છે.

---------

વિજાપુર તાલુકામાં સરકીટ હાઉસ બનાવવા આપેલ મંજૂરી

અતારાંકિતઃ ૧૦૬૬૮ (૦૨-૧૨-૨૦૧૬) શ્રી પ્રહલાદભાઇ પટેલ (વિજાપુર): માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (માર્ગ-મકાન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૯-૧૬ની સ્થિતિએ વિજાપુર તાલુકામાં સરકીટ હાઉસ બનાવવા છેલ્લે ક્યારે કેટલી રકમની મંજૂરી આપવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ કામગીરી કયા તબક્કે છે?

નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ-મકાન) : (૧૪-૦૨-૨૦૧૭)

(૧) અને (૨)

તા.૩૦-૯-૧૬ની સ્થિતિએ વિજાપુર તાલુકામાં સરકીટ હાઉસ બનાવવા કોઇ રકમની મંજૂરી આપવામાં આવેલ નથી. જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ ભારત સરકાર તરફથી મળેલ રકમ

અતારાંકિતઃ ૧૧૨૦૧ (૧૬-૦૧-૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ ભારત સરકાર તરફથી તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૨) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે?

નાયબ મુખ્ય મંત્રીશ્રી (માર્ગ અને મકાન) : (૧૪-૦૨-૨૦૧૭)

(૧)અને(૨) પરિશિષ્ટ-મુજબ

પરિશિષ્ટ

રૂ. કરોડમાં

| અ.નું | વિગત | ૦૧/૧૨/૨૦૧૧ થી ૩૦/૧૧/૨૦૧૨ | ૦૧/૧૨/૨૦૧૨ થી ૩૦/૧૧/૨૦૧૩ | ૦૧/૧૨/૨૦૧૩ થી ૩૦/૧૧/૨૦૧૪ | ૦૧/૧૨/૨૦૧૪ થી ૩૦/૧૧/૨૦૧૫ | ૦૧/૧૨/૨૦૧૫ થી ૩૦/૧૧/૨૦૧૬ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | કેન્દ્ર સરકારની નાણાકીય સહાય (મળેલ ગ્રાન્ટ) | ૧૦૨.૩૩ | ૫૫૯.૨૪ | ૩૬૭.૨૧ | ૩૦૮.૫૩ | ૨૭૮.૧૪ | ૧૬૧૫.૪૫ |
| ૨ | થયેલ ખર્ચ (રાજ્ય સરકારના | ૫૧.૪૯ | ૨૬૪.૪૬ | ૮૮૬.૫૧ | ૩૭૫.૫૭ | ૪૧૯.૪૩ | ૧૯૯૭.૪૬ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | ફાળા સાથે) | | | | | | |

---------

## ૩૦મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નોત્તરી

પાટણ જિલ્લાના મીઠી–વાવડીથી સરદારપુરાના ગ્રામ્ય માર્ગને ડામર સપાટીનો બનાવવા બાબત

અતારાંકિતઃ ૧૧૬૩૫ (૧૬–૦૧–૨૦૧૭) શ્રી રાઘવજી પટેલ (જામનગર): માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (માર્ગ અને મકાન)જણાવવા કૃપા કરશે કે.–

(૧) પાટણ જિલ્લાના મીઠી–વાવડીથી સરદારપુરા ગ્રામ્ય માર્ગમાં ઝાડી–ઝાંખરા ઉગવાથી મોટા ભારવાહક વાહનો જઇ શકતા નથી તેવી કેટલી ફરીયાદો સરકારને તા.૩૧–૧૦–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં મળી છે,

(૨) ઉક્ત મળેલ ફરીયાદોના નિવારણ માટે સરકારએ શી કાર્યવાહી હાથ ધરી છે, અને

(૩) ઉક્ત રસ્તાને ક્યાં સુધીમાં પાકો ડામર સપાટીનો બનાવવામાં આવનાર છે?

નાયબ મુખ્ય મંત્રીશ્રી (માર્ગ અને મકાન) : (૧૪–૦૨–૨૦૧૭)

(૧) ૧ (એક)

(૨) અને (૩) કાચો નોન–પ્લાન રસ્તો છે જેની દરખાસ્ત આવેલ છે. જેની તાંત્રિક જરૂરીયાત અનુસાર વિચારણામાં લેવામાં આવશે.

--------

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે સરકારી છાત્રાલયના બાંધકામ માટે કેન્દ્રિય સહાય

અતારાંકિતઃ ૧૧૭૦૬ (૧૬–૦૧–૨૦૧૭) શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા): માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) અનુસૂચિત જાતિના કુમાર અને કન્યાઓ માટે રાજકોટ, જુનાગઢ અને મહેસાણા ખાતે સરકારી છાત્રાલયનું બાંધકામ કરવા માટે ભારત સરકાર તરફથી તા.૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઇ રકમ મળેલ છે,

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) મળેલ રકમ પૈકી ઉકત સ્થિતિએ વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે?

સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી: (૦૯–૦૨–૨૦૧૭)

(૧) ના, જી

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

બેઝીક સર્વિસીસ ફોર અર્બન પુઅર યોજના અંતર્ગત ફાળવેલ આવાસો

અતારાંકિતઃ ૧૦૮૮૯ (૧૬–૦૧–૨૦૧૭) શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરીયાપુર): માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૦–૨૦૧૬ની સ્થિતિએ રાજયમાં છેલ્લા પાંચ વર્ષમાં બી.એસ.યુ.પી (બેઝિક સર્વિસીસ ફોર અર્બન પુઅર) યોજના અંતર્ગત ક્યા શહેરમાં કુલ કેટલા આવાસની ફાળવણી કરવામાં આવી, અને

(૨) ઉક્ત યોજનામાં ભારત સરકાર દ્વારા રકમ ફાળવવામાં આવતી હોય તો ઉક્ત સમયગાળામાં કેટલી રકમ ફાળવવામાં આવી?

નાયબ મુખ્ય મંત્રીશ્રી (શહેરી વિકાસ) : (૧૩–૦૨–૨૦૧૭)

(૧) રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં બી.એસ.યુ.પી (બેઝિક સર્વિસીસ ફોર અર્બન પુઅર) યોજના અંતર્ગત કુલ ૭૨,૪૦૨ આવાસની ફાળવણી કરવામાં આવેલ છે. શહેરવાઇઝ આવાસ ફાળવણીની વિગત નીચે મુજબ છે.

| શહેર | ફાળવેલ આવાસ |
|---|---|
| અમદાવાદ | ૧૯૨૮૬ |
| અમદાવાદ (ઔડા વિસ્તાર) | ૭૮૦૧ |
| રાજકોટ | ૪૩૬૫ |
| વડોદરા | ૧૦૫૪૩ |
| સુરત | ૩૦૪૦૭ |
| કુલ | ૭૨૪૦૨ |

(૨) ભારત સરકાર દ્વારા આ સમયગાળામાં ફાળવવામાં આવેલ રકમની વિગતો નીચે મુજબ છેઃ–

(રૂ. લાખમાં)

| શહેર/વર્ષ | ૨૦૧૧–૧૨ | ૨૦૧૨–૧૩ | ૨૦૧૩–૧૪ | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ | કુલ (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|---|
| અમદાવાદ | ૪૧૧૧.૧૭ | ૦.૦૦ | ૫૪૬.૬૪ | ૧૨૩૯.૯૩ | ૪૦૦.૦૦ | ૬૨૯૭.૭૪ |
| અમદાવાદ (ઔડા | ૧૦૫૬.૫૨ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૦૫૬.૫૨ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| વિસ્તાર) | | | | | | |
| રાજકોટ | ૦.૦૦ | ૧૧૪૬.૫૩ | ૦.૦૦ | ૧૮૨૪.૫૮ | ૧૩૨.૧૪ | ૩૧૦૩.૨૫ |
| વડોદરા | ૧૬૨૬.૪૧ | ૨૧૩૪.૦૦ | ૪૦૦૪.૮૬ | ૮૦૦૯.૭૨ | – | ૧૫૭૭૪.૯૯ |
| સુરત | ૪૨૧૫.૨૦ | ૩૦૮.૬૮ | ૪૩૩૬.૬૭ | ૪૬૦.૫૮ | ૦.૦૦ | ૯૩૨૧.૧૩ |
| પોરબંદર | ૦.૦૦ | ૧૫૬૨.૨૬ | ૩૪૩૬.૯૯ | ૧૨૪૯.૮૧ | ૦.૦૦ | ૬૨૪૯.૦૬ |
| કુલ | ૧૧૦૦૯.૩૦ | ૫૧૫૧.૪૭ | ૧૨૩૨૫.૧૬ | ૧૨૭૮૪.૬૨ | ૫૩૨.૧૪ | ૪૧૮૦૨.૬૯ |

જામનગર વિસ્તાર વિકાસ સત્તામંડળના દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજના–૨૦૩૧ ને આપવામાં આવેલ મંજૂરી

અતારાંકિતઃ ૧૧૪૫૯ (૧૬–૦૧–૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) જામનગર વિસ્તાર વિકાસ સત્તામંડળના દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજના–૨૦૩૧ જે ડિસેમ્બર–૨૦૧૦ માં પ્રસિધ્ધમાં કરેલ તે સરકારને મંજુરી માટે તા.૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ ક્યારે મળેલ છે, અને

(૨) ઉક્ત મળેલ વિકાસ યોજનાને ક્યારે મંજુરી આપવામાં આવશે?

નાયબ મુખ્ય મંત્રીશ્રી (શહેરી વિકાસ) : (૧૪–૦૨–૨૦૧૭)

(૧) તા.૧૭/૦૩/૨૦૧૨ના રોજ મળેલ છે.

(૨) તા. ૨૫/૧૦/૨૦૧૬ના રોજ મંજુર કરી લોકોના વાંધા/સૂચનો મેળવવા પ્રાથમિક જાહેરનામું પ્રસિધ્ધ કરેલ છે. મળેલ વાંધા/ સૂચનોની જરૂરી ચકાસણી કરી વિકાસ યોજનાને આખરી મંજુરી આપવામાં આવશે.

--------

કે.જી.બેઝીનમાંથી ગેસનું વ્યવસાયિક ઉત્પાદન

અતારાંકિતઃ ૧૧૬૮૦ (૧૬–૦૧–૨૦૧૭) શ્રી શૈલેષભાઈ પરમાર (દાણી લીમડા): માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કે.જી.બેઝીનમાંથી ગેસનું વ્યવસાયિક ઉત્પાદન ક્યારે શરૂ થયુ,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કુલ કેટલી કિંમતનો કેટલો ગેસ મળી આવ્યો, અને

(૩) ઉક્ત સ્થિતિએ સુધીમાં કે.જી.બેઝીન પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

નાયબ મુખ્ય મંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ) : (૧૪–૦૨–૨૦૧૭)

(૧) કે.જી.બેઝીન બ્લોકમાં હાલના સમયે પ્રાયોગિક ધોરણે (Trial Production) ગેસનું ઉત્પાદન શરૂ કરેલ છે, વ્યવસાયિક ઉત્પાદન શરૂ કરેલ નથી.

(૨) વ્યવસાયિક ધોરણે ઉત્પાદન શરૂ કરેલ નથી.

(૩) તા.૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કે.જી.બેઝીન પાછળ કુલ રૂ. ૬૮૮૫.૪૮ કરોડ ખર્ચ થયેલ છે. (૮૦% જીએસપીસીના શેર પ્રમાણે)

--------

રાજ્યમાં ડિસ્ટ્રીકટ ક્રીમીનલ ઇન્જરીસ રીલીફ એન્ડ રીહેબીલીટેશન બોર્ડ

અતારાંકિતઃ ૧૦૪૪૧ (૨૦–૧૨–૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર(ગ્રામ્ય)): માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) બળાત્કારનો ભોગ બનેલ મહિલાઓને સહાય યોજનાના અમલીકરણ માટે વિભાગે તા.૭/૧/૨૦૧૨ના ઠરાવથી પ્રત્યેક જીલ્લામાં ‘ડિસ્ટ્રીકટ ક્રીમીનલ ઇન્જરીઝ રીલીફ એન્ડ રીહેબીલીટેશન બોર્ડ’ રચવા આદેશ કર્યો છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧ ઓગષ્ટ–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યના ક્યા જિલ્લામાં ઉપરોત બોર્ડની રચના કરવાની બાકી છે,

(૩) ઉક્ત સ્થિતિ સુધીમાં તે નહી રચવાના શા કારણો છે, અને

(૪) ઉક્ત બોર્ડ ક્યાં સુધીમાં રચવામાં આવનાર છે?

મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી: (૧૪–૦૨–૨૦૧૭)

(૧) હા, જી

(૨) દેવ–ભૂમિ દ્વારકા અને છોટાઉદેપુર જિલ્લામાં ડિસ્ટ્રીકટ ક્રીમીનલ ઇન્જરીસ રીલીફ એન્ડ રીહેબીલીટેશન બોર્ડની રચના કરવાની બાકી છે.

(૩)જામનગર અને વડોદરા જિલ્લામાં અનુક્રમે દેવ–ભૂમિ દ્વારકા અને છોટાઉદેપુર અલગ થયેલ હોવાથી સંયુક્ત કામગીરી થતી હોઇ રચના થયેલ નથી.

(૪) બનતી ત્વરાએ.

## ૩૦મી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નોત્તરી

---------

રાજ્યમાં નારી સંરક્ષણ ગૃહ

અતારાંકિતઃ ૧૧૬૦૪ (૧૬-૦૧-૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલા નારી સંરક્ષણ ગૃહ આવેલા છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ નારી સંરક્ષણ ગૃહમાં આશ્રય લેતી મહિલાના ભોજન તથા રહેઠાણ પેટે સરકાર દ્વારા કેટલો ખર્ચ કરવામાં આવે છે?

મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી: (૧૪-૦૨-૨૦૧૭)

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કુલ ૪ નારી સંરક્ષણ ગૃહ આવેલા છે.

(૨) નારી સંરક્ષણ ગૃહમાં આશ્રય લેતી મહિલાના ભોજન તથા રહેઠાણ પેટે સરકાર દ્વારા કુલ રૂ.૭૧,૭૯,૦૦૦/- નો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

રાજ્યના નારી સંરક્ષણ ગૃહમાંથી નાસી છૂટેલ મહિલાઓ

અતારાંકિતઃ ૧૧૬૦૫(૧૬-૦૧-૨૦૧૭) ડૉ.તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં આવેલ નારી સંરક્ષણ ગૃહમાંથી મહિલાઓ ભાગી/નાસી જવાના બનાવો તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં બનેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલી મહિલાઓ ભાગી ગયેલ અને તેના મુખ્યત્વે કારણો શા હતા, અને

(૩) ઉક્ત પ્રકારના બનાવો ન બને તે માટે ઉક્ત સ્થિતિએ શું આયોજન થયેલ છે?

મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી : (૧૪-૦૨-૨૦૧૭)

(૧) હા, જી

(૨) જિલ્લાવાર ભાગી ગયેલ મહિલાઓની વિગત નીચે મુજબ છે.

| અનું. | જિલ્લાનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧ | સુરત | ૦૯ |
| ૨ | વડોદરા | ૦૨ |
| ૩ | અમદાવાદ | ૧૪ |

ભાગી જવાના/નાસી જવાના કારણો નીચે મુજબ છે.

- માનસિક અસ્થિરતા,
- કુટુંબમાં પરત સ્વીકારવા તૈયાર ન હોવાથી
- પ્રેમ લગ્ન

(૩) નારી સંરક્ષણ ગૃહમાં ઉક્ત પ્રકારના બનાવો ન બને તે માટે નીચે મુજબનું આયોજન થયેલ છે.

- જે જગ્યાએ જરૂરિયાત જણાય ત્યાં લોખંડની ગ્રીલ લગાવેલ છે.
- નારી સંરક્ષણ ગૃહના પરીસરના આસપાસ તાર ફેન્સિંગ કરાવેલ છે. અને સી.સી.ટી.વી. કેમેરા લગાડવામાં આવેલ છે.
- ૨૪ કલાક પોલીસ હસ્તકના મહિલા હોમ ગાર્ડની સેવાઓ ઉપલબ્ધ કરાવેલ છે.
- નારીગૃહોને અદ્યતન બનાવવામાં આવી રહ્યા છે.
- નારીગૃહોને જરૂરી તમામ સગવડો અને હૂંફ મળી રહે તેવું આયોજન કરેલ છે.

---------

બાયસેગની સ્થાપના અને તેના દ્વારા કાર્યરત ચેનલો

અતારાંકિતઃ ૧૧૬૭૧ (૦૫-૦૧-૨૦૧૭) શ્રી શૈલેષભાઇ પરમાર (દાણી-લીમડા): માનનીય વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં ભાસ્કારાચાર્ય ઈન્સ્ટિટ્યુટ ફોર સ્પેસ એપ્લિકેશન એન્ડ જીઓ-ઇન્ફોરમેટિક્સ (બાયસેગ) ની સ્થાપના ક્યારે કરવામાં આવી, અને

(૨) તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ બાયસેગ દ્વારા કેટલી ચેનલો કાર્યરત છે.

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રી : (૧૪-૦૨-૨૦૧૭)

(૧) ભાસ્કારાચાર્ય ઈન્સ્ટિટ્યુટ ફોર સ્પેસ એપ્લિકેશન એન્ડ જીઓ-ઇન્ફોરમેટિક્સની સ્થાપના તા.૦૫-૧૨-૨૦૦૩ના રોજ કરવામાં આવેલ છે.

(૨) ગુજરાત સરકારના "વંદે ગુજરાત" કાર્યક્રમ અંતર્ગત ૧૬ ચેનલો તથા માનવ સંસાધન વિકાસ મંત્રાલય, ભારત સરકારના "સ્વયમ પ્રભા" કાર્યક્રમ અંતર્ગત ૩૨ ચેનલો મળી કુલ-૪૮ ચેનલો કાર્યરત છે.

અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | કૃષિ અને સહકાર વિભાગ | ૧૧૦૨૮,૧૧૨૩૯,૧૧૨૪૪,૧૧૨૪૫,૧૧૫૦૯ | ૦૫ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૧૦૯૨૮,૧૧૫૫૭,૧૧૩૧૦ | ૦૩ |
| ૩ | નાણા વિભાગ | ૧૦૭૩૯,૧૦૭૩૬,૧૧૦૮૭,૧૧૪૪૫,૧૧૬૭૨ | ૦૫ |
| ૪ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૧૦૮૪૯,૧૦૮૯૬,૧૦૯૮૭,૧૧૨૧૦ | ૦૪ |
| ૫ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૧૧૬૬૧,૧૧૬૬૨,૧૧૬૬૩,૧૧૬૬૪ | ૦૪ |
| ૬ | માહિતી અને પ્રસારણ વિભાગ | ૧૦૭૨૮ | ૦૧ |
| ૭ | શ્રમ અને રોજગાર વિભાગ | ૧૧૬૨૬ | ૦૧ |
| ૮ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૧૦૩૯૮,૧૧૦૧૭,૧૧૫૨૭ | ૦૩ |
| ૯ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૯૮૧૮ | ૦૧ |
| ૧૦ | મહેસૂલ વિભાગ | ૧૦૬૭૨ | ૦૧ |
| ૧૧ | માર્ગ અને મકાન વિભાગ | ૯૮૧૪,૯૧૧૬,૯૧૩૮,૯૧૩૯,૯૧૫૪,૯૪૩૫,૯૪૩૬ ,૯૫૨૧,૯૯૨૨,૧૦૬૦૭,૧૦૬૦૮,૧૦૬૬૮,૧૧૨૦૧, ૧૧૬૩૫ | ૧૪ |
| ૧૨ | સામજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૧૧૭૦૬ | ૦૧ |
| ૧૩ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૧૦૮૮૯,૧૧૪૫૯ | ૦૨ |
| ૧૪ | ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ | ૧૧૬૮૦ | ૦૧ |
| ૧૫ | મહિલા અને બાળ કલ્યાણ વિભાગ | ૧૦૪૪૧,૧૧૬૦૪,૧૧૬૦૫ | ૦૩ |
| ૧૬ | વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ | ૧૧૬૭૧ | ૦૧ |
| | | કુલ | ૫૦ |

---------

એકત્રીસમીઅતારાંકિત યાદી

બિન નિવાસી ગુજરાતી પ્રભાગ અને તાબાની કચેરીનું મહેકમ

અતારાંકિતઃ૧૧૦૮૨(૦૩-૦૧-૨૦૧૭) શ્રી ગ્યાસુદ્દિન શેખ (દરિયાપુર):માનનીય બિન નિવાસી ગુજરાતી પ્રભાગ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦મી, નવેમ્બર-૨૦૧૬ ની સ્થિતિએ રાજ્યના બિનનિવાસી ગુજરાતી પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૩) તૈ પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે અને ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

બિન નિવાસી ગુજરાતી પ્રભાગમંત્રીશ્રી(રાજ્યકક્ષા):(૦૬-૦૨-૨૦૧૭)

(૧) (૨ ) અને (૩) પત્રક મુજબ.

પત્રક

| | સંવર્ગ | મંજુર થયેલ મહેકમ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ | ખાલી જગ્યાઓ ક્યાં સુધી ભરાશે? |
|---|---|---|---|---|---|
| બિન નિવાસી ગુજરાતી પ્રભાગ | સચિવ (સુપર ટાઇમ સ્કેલ) | ૧ | ૧ | ૦ | - |
| | નાયબ સચિવ (હાલ અધિક સચિવની જગ્યામાં અપગ્રેડેડ) | ૧ | ૧ | ૦ | નિવૃત્તિ બાદની કરાર આધારિત નિમણૂંકથી ભરવામાં આવેલ છે. |
| | સેકશન અધિકારી | ૧ | ૦ | ૧ | વહીવટી અનુકૂળતા મુજબ |
| | નાયબ સેકશન અધિકારી | ૧ | ૧ | ૦ | નિવૃત્તિ બાદની કરાર આધારિત નિમણૂંકથી ભરવામાં આવેલ છે. |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | સ્ટેનોગ્રાફર-ગ્રેડ-૧ | ૨ | ૨ | ૦ | નિવૃત્તિ બાદની કરાર આધારિત નિમણૂંકથી ભરવામાં આવેલ છે. |
| | સ્ટેનોગ્રાફર-ગ્રેડ-૨ | ૧ | ૧ | ૦ | - |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | હવાલદાર | ૧ | ૦ | ૧ | વહીવટી અનુકૂળતા મુજબ |
| | પટાવાળા | ૩ | ૧ | ૨ | વહીવટી અનુકૂળતા મુજબ |
| ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન | નિયામક (અધિક કલેકટર) | ૧ | ૧ | ૦ | નિવૃત્તિ બાદની કરાર આધારિત નિમણૂંકથી ભરવામાં આવેલ છે. |
| | મેનેજર (નાયબ કલેકટર) | ૧ | ૧ | ૦ | – |
| | મામલતદાર | ૧ | ૧ | ૦ | નિવૃત્તિ બાદની કરાર આધારિત નિમણૂંકથી ભરવામાં આવેલ છે. |
| | સ્ટેનો ગ્રેડ–૨ (અંગ્રેજી) | ૧ | ૦ | ૧ | વહીવટી અનુકૂળતા મુજબ |
| | નાયબ હિસાબનીશ | ૧ | ૧ | ૦ | – |
| | કારકુન | ૧ | ૧ | ૦ | – |
| | સિસ્ટમ મેનેજર (આઉટ સોર્સ) | ૧ | ૧ | ૦ | – |
| | ડેટાએન્ટ્રી ઓપરેટર (આઉટ સોર્સ) | ૧ | ૧ | ૦ | |
| | પટાવાળા કમ ડ્રાઈવર | ૧ | ૧ | ૦ | – |
| | પટાવાળા | ૧ | ૧ | ૦ | – |
| | ડ્રાઈવર (આઉટ સોર્સ) | ૧ | ૧ | ૦ | – |

---------

રાજ્યના આંકડાતંત્રને વ્યુહાત્મક રીતે સંગીન બનાવવા માટે ભારત સરકારે ફાળવેલ રકમ

અતારાંકિતઃ ૧૧૧૫૨(૦૩–૦૧–૨૦૧૭)ડૉ.તેજશ્રીબેન પટેલ (વિરમગામ ):માનનીય મુખ્ય મંત્રીશ્રી (આયોજન)જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્ય કક્ષાએ આંકડાતંત્રને વ્યુહાત્મક રીતે સંગીન બનાવવા માટે ભારત સરકાર તરફથી તા.૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઇ રકમ મળેલ છે કે કેમ,

(૨) જો હા,તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

મુખ્યમંત્રીશ્રી(આયોજન):(૧૫–૨–૨૦૧૭)

(૧) હા.

(૨) રાજ્યના આંકડાતંત્રને વ્યુહાત્મક રીતે સંગીન બનાવવા માટે તા.૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ ભારત સરકાર તરફથી રાજ્ય સરકારને મળેલ રકમની વર્ષવાર વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | સંબંધિતવર્ષ દરમ્યાન ભારત સરકાર તરફથી રાજ્ય સરકારને ફાળવવામાં આવેલ રકમ (રૂ લાખમાં) | | |
|---|---|---|---|
| | GSSSP | ૧૩મું નાણાંપંચ | કુલ |
| ૨૦૧૧–૧૨ | ૧૧૫૪.૬૪ | ૦૦૦૦.૦૦ | ૧૧૫૪.૬૪ |
| ૨૦૧૨–૧૩ | ૭૬૬.૭૬ | ૫૨૦.૦૦ | ૧૨૮૯.૭૬ |
| ૨૦૧૩–૧૪ | ૦૦૦૦.૦૦ | ૧૦૪૦.૦૦ | ૧૦૪૦.૦૦ |
| ૨૦૧૪–૧૫ | ૨૪૭.૬૫ | ૫૨૦.૦૦ | ૭૬૭.૬૫ |
| ૨૦૧૫–૧૬ | ૨૧૩.૫૪ | ૦૦૦૦.૦૦ | ૨૧૩.૫૪ |
| ૨૦૧૬–૧૭ (માહેઃનવે.–૧૬ અંતિત) | ૪૦૦.૦૦ | ૦૦૦૦.૦૦ | ૪૦૦.૦૦ |
| કુલ | ૨૭૮૫.૫૯ | ૨૦૮૦.૦૦ | ૪૮૬૫.૫૯ |

- (૩) ઉક્ત મળેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | સંબંધિતવર્ષ દરમ્યાન થયેલ ખર્ચ (રૂ લાખમાં) | | |
|---|---|---|---|
| | GSSSP | ૧૩મું નાણાંપંચ | કુલ |
| ૨૦૧૧–૧૨ | ૧૧૫૪.૬૪ | ૦૦૦૦.૦૦ | ૧૧૫૪.૬૪ |
| ૨૦૧૨–૧૩ | ૭૬૬.૭૬ | ૫૨૦.૦૦ | ૧૨૮૯.૭૬ |
| ૨૦૧૩–૧૪ | ૦૦૦૦.૦૦ | ૧૦૪૦.૦૦ | ૧૦૪૦.૦૦ |
| ૨૦૧૪–૧૫ | ૨૪૭.૬૫ | ૫૨૦.૦૦ | ૭૬૭.૬૫ |
| ૨૦૧૫–૧૬ | ૨૧૩.૫૪ | ૦૦૦૦.૦૦ | ૨૧૩.૫૪ |
| ૨૦૧૬–૧૭ (માહેઃનવે.–૧૬ અંતિત) | ૦૦૦૦.૦૦ | ૦૦૦૦.૦૦ | ૦૦૦૦.૦૦ |
| કુલ | ૨૩૮૫.૫૯ | ૨૦૮૦.૦૦ | ૪૪૬૫.૫૯ |

ચૈત્ર ૯, ૧૯૩૯ શાકે
અતારાંકિત પ્રશ્નોત્તરી
---------------

## ૩૦મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### રાષ્ટ્રીયવસતિરજિસ્ટર તૈયાર કરવા ભારત સરકાર તરફથી મળેલ રકમ

અતારાંકિતઃ ૧૧૧૫૩(૦૩-૦૧-૨૦૧૭)ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ ):માનનીય મુખ્ય મંત્રીશ્રી (આયોજન)જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાષ્ટ્રીય વસતિ રજિસ્ટર તૈયાર કરવા માટે ભારત સરકાર તરફથી તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઇ રકમ મળેલ છે કે કેમ,

(૨) જો હા,તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩ ) ઉક્ત મળેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

મુખ્ય મંત્રીશ્રી (આયોજન):(૧૫-૨-૨૦૧૭)

(૧) હા.

(૨) રાષ્ટ્રીય વસતિ રજિસ્ટર તૈયાર કરવા માટે, તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ ભારત સરકાર તરફથી રાજ્ય સરકારને મળેલ રકમની વર્ષવાર વિગતો નીચે મુજબ છે.

(૩ ) ઉક્ત મળેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | સંબંધિત વર્ષ દરમ્યાન ભારત સરકાર તરફથી રાજ્ય સરકારને ફાળવવામાં આવેલ રકમ (રૂ લાખમાં) |
|---|---|
| ૨૦૧૦-૧૧ | ૪૧૦૨.૦૬ |
| ૨૦૧૧-૧૨ | ૧૪૧૮.૯૩ |
| ૨૦૧૨-૧૩ | ૦.૦૦ |
| ૨૦૧૩-૧૪ | ૦.૦૦ |
| ૨૦૧૪-૧૫ | ૦.૦૦ |
| ૨૦૧૫-૧૬ | ૫૪૨.૬૮ |
| ૨૦૧૬-૧૭ | ૦.૦૦ |
| કુલ | ૬૦૬૩.૬૭ |

| વર્ષ | સંબંધિત વર્ષ દરમ્યાન એ.જી. કચેરી ખાતે બુક થયેલ ખર્ચ (રૂ લાખમાં) |
|---|---|
| ૨૦૧૦-૧૧ | ૧૮૦૬.૦૯ |
| ૨૦૧૧-૧૨ | ૧૪૩.૧૭ |
| ૨૦૧૨-૧૩ | ૦.૦૦ |
| ૨૦૧૩-૧૪ | ૮.૫૭ |
| ૨૦૧૪-૧૫ | ૫૫.૫૫ |
| ૨૦૧૫-૧૬ | ૨૫૮૭.૭૪ |
| ૨૦૧૬-૧૭ (માહેઃ ડીસે-૧૬ અંતિત) | ૧૨૯૨.૧૬ |
| કુલ | ૫૮૯૩.૨૮ |

---------

### ઇડર તાલુકાના અરોડા ગામમાં આવેલ સેવા સહકારી મંડળીની ફરિયાદ બાબત

અતારાંકિતઃ ૧૦૬૬૨(૨૨-૧૧-૨૦૧૬) શ્રી પૂંજાભાઇ વંશ (ઉના):માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

(૧) સાબરકાંઠા જિલ્લાના ઇડર તાલુકાના અરોડા ગામમાં આવેલ સેવા સહકારી મંડળી દ્વારા અરોડા ગામના દલિતોને સપ્ટેમ્બર-૨૦૧૬માં ખેતરમાં ઘાસચારો ન આપવા તથા ભાગમાં જમીન વાવેતર માટે નહીં આપવા ગ્રામજનોને સૂચનાત્મક આદેશ આપેલ છે તેવી ફરિયાદ સરકારને મળેલ છે કે કેમ ?

(૨) જો હા,તોઉક્ત ફરિયાદ સંબંધમાં કેટલા જવાબદારો સામે સરકારે શા પગલાં ભર્યા છે ?

સહકાર મંત્રીશ્રી(રાજ્યકક્ષા):(૧૭-૦૨-૨૦૧૭)

(૧) ના.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતોનથી.

---------

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### ગાંધીનગર તથા કલોલ તાલુકાની હાઉસીંગ સહકારી મંડળીઓના ખાસ ઓડિટ અહેવાલ

અતારાંકિતઃ ૧૦૮૦૨(૦૨-૧૨-૨૦૧૬)શ્રી નારાયણભાઇ પટેલ (ઉંઝા):માનનીય સહકાર મંત્રીશ્રી(રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં, ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર તથા કલોલ તાલુકાની કઇ હાઉસીંગ સહકારી મંડળીઓના ખાસ-ઓડિટ અહેવાલમાં કેટલી સમય-મર્યાદામાં કયા પ્રકારના સૂચનોની અમલવારીની કામગીરી હાથ ધરવા જણાવેલ છે,

(૨) તે અન્વયે સંબંધિત જિલ્લા રજિસ્ટ્રારશ્રીની કચેરીએ કઇ મંડળી સામે, ક્યારે, કયા પ્રકારની કામગીરી હાથ ધરેલ છે,

(૩) ઉકત સ્થિતિસુધીમાં ખાસ ઓડિટ અહેવાલ પરત્વે જો સૂચનાનુસારની કામગીરી હાથ ધરાયેલ ના હોય તો મુખ્યત્વે કયા કારણોસર કામગીરી થયેલ નથી અને ઉક્ત કામગીરી સમય-મર્યાદામાં હાથ ન ધરવા સબબ કેટલા જવાબદારો સામે શા પગલાં લેવામાં આવેલ છે ?

સહકાર મંત્રીશ્રી(રાજ્યકક્ષા):(૧૭-૨-૨૦૧૭)

(૧) તા.૩૧-૧૦-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર તથા કલોલ તાલુકાના હાઉસીંગ સહકારી મંડળીઓના ખાસ-ઓડિટ અહેવાલ રજૂ થયેલ નથી.

(૨) પ્રશ્નઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

### જામનગર જીલ્લામાં એસ.પી.સી.એ. અંતર્ગત ઇન્સ્પેકટરની નિમણૂંક

અતારાંકિતઃ ૧૦૯૮૮(૦૯-૦૧-૨૦૧૭)શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય):માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) પ્રત્યેક જિલ્લામાં જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે રચાયેલ એસ.પી.સી.એ. (સોસાયટી ફોર ધી પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનીમલ્સ) માં ઇન્સ્પેકટર નીમવાની કાનૂની જોગવાઇ છે તે હકીકત સાચી છે.

નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન): (૨૦-૦૨-૨૦૧૭)

(૧)(૨)અને(૩) પુલોનું પ્રી-મોનસુન તથા પોસ્ટ મોનસુન નિરીક્ષણ કરવામાં આવે છે, જેમા કોઇ પુલ ભયજનક જણાયેલ ન હતો અને તેમાં સેફ્ટી અને સ્ટ્રક્ચરલ ઓડિટ કરવવાની જરૂરીયાત જણાયેલ ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## અતારાંકિત પ્રશ્નોત્તરી

રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં જુવેનાઇલ જસ્ટિસ બોર્ડ સમક્ષ પડતર કેસો

અતારાંકિતઃ ૯૫૩૧ (૧૬-૦૯-૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર(ગ્રામ્ય)): માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં જુવેનાઇલ જસ્ટિસ બોર્ડ સમક્ષ તા.૩૧ ડિસેમ્બર ૨૦૧૫ ની સ્થિતિએ કેટલા કેસો પડતર છે, અને

(૨) ઉક્ત પડતર કેસોનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે?

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી: (૨૦-૦૨-૨૦૧૭)

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ પડતર કેસ |
|---|---|---|
| ૧ | રાજકોટ | ૪૮૧ |
| ૨ | મોરબી | શૂન્ય |
| ૩ | સુરેન્દ્રનગર | ૧૫૧ |

(૨) બનતી ત્વરાએ

--------

સમાજ સુરક્ષા ખાતા પાસે બાળકો દત્તક લેવાની પડતર અરજીઓ

અતારાંકિતઃ ૧૦૯૫૮ (૦૪-૦૧-૨૦૧૭) શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરીયાપુર): માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યના સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર પાસે બાળકે દત્તક લેવા માંગતા હોય તેવા દંપતીઓની કેટલી અરજીઓ કેટલા સમયથી પડતર છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં બાળકો દત્તક આપવાના હુકમો કર્યા પછી પણ બાળકો દત્તક ન અપાયા હોય તેવી સંસ્થાઓ કઇ છે, અને

(૩) આ બાળકની સોંપણી નહીં કરનાર સંસ્થાઓ સામે રાજ્ય સરકારે ઉક્ત સ્થિતિએ શા કાયદાકીય પગલાં લીધા?

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી: (૨૦-૦૨-૨૦૧૭)

(૧) તા.૩૧-૧૦-૨૦૧૬ ની સ્થિતિએ દત્તક લેવા માંગતા હોય તેવા દંપત્તિઓની અરજીઓની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | સમય ગાળો | અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૦ થી ૨ માસ | ૯૦ |
| ૨ | ૨ થી ૪ માસ | ૩૪ |
| ૩ | ૪ થી ૬ માસ | ૭૫ |
| ૪ | ૬ થી ૧૨ માસ | ૨૧૬ |
| ૫ | ૧ વર્ષથી વધુ | ૮૧ |
| | કુલ પડતર અરજીઓ | ૪૯૬ |

(૨) એક પણ નહી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

કેન્દ્ર સરકાર તરફથી વિભાગને ફાળવવામાં આવેલ રકમ

અતારાંકિતઃ ૧૦૯૬૨ (૦૪-૦૧-૨૦૧૭) શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર કેન્દ્ર સરકાર તરફથી સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો, અનુસૂચિત જાતિ અને લઘુમતિ કલ્યાણ માટે કેટલી રકમ મળી, અને

(૨) તે અન્વયે વર્ષવાર કેટલી રકમ વપરાઈ ?

સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીશ્રી : (૧-૩-૧૭)

(૧) તા.૩૧-૧૦-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ.

(રૂ.લાખમાં)

| વર્ષ | સા.શૈ.પ.વર્ગ | અનુ.જાતિ | લઘુમતી |
|---|---|---|---|
| ૨૦૧૨-૧૩ | ૨૭૩૨.૨૯ | ૧૦૦૯૦.૭૯ | ૧૬૧૩.૯૭ |
| ૨૦૧૩-૧૪ | ૫૬૧૦.૫૦ | ૭૪૯૧.૫૮ | ૬૧૯૭.૫૪ |

| | | | |
|---|---|---|---|
| ૨૦૧૪-૧૫ | ૪૮૦૮.૩૨ | ૫૭૫૮.૭૫ | ૮૬૦૦.૫૧ |
| ૨૦૧૫-૧૬ | ૫૦૨૯.૯૩ | ૯૧૩૯.૪૯ | ૫૭૭૩.૩૧ |
| ૨૦૧૬-૧૭ | ૪૮૪૭.૦૦ | ૮૨૦૪.૧૨ | ૦૦.૦૦ |

(૨) વર્ષવાર વપરાયેલ રકમ

(રૂ.લાખમાં)

| વર્ષ | સા.શૈ.પ.વર્ગ | અનુ.જાતિ | લઘુમતી |
|---|---|---|---|
| ૨૦૧૨-૧૩ | ૧૬૩૫.૧૦ | ૧૦૦૯૦.૭૯ | ૧૬૦૬.૯૦ |
| ૨૦૧૩-૧૪ | ૪૫૧૮.૩૭ | ૭૨૧૨.૧૭ | ૬૧૯૭.૫૪ |
| ૨૦૧૪-૧૫ | ૩૭૧૬.૧૮ | ૬૦૩૮.૧૬ | ૮૬૦૦.૫૧ |
| ૨૦૧૫-૧૬ | ૮૭૭૫.૩૭ | ૯૦૩૯.૩૭ | ૫૭૭૩.૩૧ |
| ૨૦૧૬-૧૭ | ૨૨૫૯.૫૧ | ૮૨૦૪.૧૨ | ૦૦.૦૦ |

--------

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### રાષ્ટ્રીય સામાજીક સહાય યોજના માટે કેન્દ્રિય સહાય

અતારાંકિતઃ ૧૧૩૨૪ (૦૪-૦૧-૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાષ્ટ્રીય સામાજિક સહાય યોજનામાં કેન્દ્ર સરકાર તરફથી તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૨) ઉક્ત મળેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી : (૨૦-૨-૧૭)

(૧)

| વર્ષ | મળેલ ગ્રાન્ટ રૂ. લાખમાં |
|---|---|
| ૨૦૧૧-૧૨ | ૮૯૯૮.૦૧ |
| ૨૦૧૨-૧૩ | ૧૩૨૪૬.૨૧ |
| ૨૦૧૩-૧૪ | ૧૩૬૦૮.૦૦ |
| ૨૦૧૪-૧૫ | ૧૧૫૮૩.૩૦ |
| ૨૦૧૫-૧૬ | ૧૦૯૩૪.૯૯ |
| ૨૦૧૬-૧૭ | ૧૨૨૯૭.૯૧ |

(૨)

| વર્ષ | કરેલ ખર્ચ રૂ. લાખમાં |
|---|---|
| ૨૦૧૧-૧૨ | ૮૩૪૪.૬૬ |
| ૨૦૧૨-૧૩ | ૧૦૧૭૨.૩૩ |
| ૨૦૧૩-૧૪ | ૧૦૯૩૦.૮૦ |
| ૨૦૧૪-૧૫ | ૧૨૯૪૦.૭૮ |
| ૨૦૧૫-૧૬ | ૧૬૧૨૯.૩૮ |
| ૨૦૧૬-૧૭ | ૧૧૫૨૯.૨૬ |

--------

### વિકલાંગોને કૃત્રિમ અવયવો ખરીદવા માટે કેન્દ્રિય સહાય

અતારાંકિતઃ ૧૧૩૨૬ (૦૪-૦૧-૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) વિકલાંગોને કુત્રિમ અવયવો ખરીદવા માટે કેન્દ્ર સરકાર તરફથી તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે, કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી : (૨૦-૨-૧૭)

(૧) કોઈ રકમ મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

### ટ્રાન્સજેન્ડર વ્યકિતઓને પેન્શન માટે કેન્દ્રિય સહાય

અતારાંકિતઃ ૧૧૩૩૨ (૦૪-૦૧-૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તૃતિય જાતિના (Transgender) વિદ્યાર્થીઓને પેન્શન આપવા માટે કેન્દ્ર સરકાર તરફથી તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે, કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી : (૨૦-૨-૧૭)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

30મી માર્ચ, ૨૦૧૭
અતારાંકિત પ્રશ્નોત્તરી
---------

ચૈત્ર ૯, ૧૯૩૯ શાકે

અતારાંકિત પ્રશ્નોત્તરી

ટ્રાન્સજેન્ડર વિદ્યાર્થીઓને સ્કોલરશીપ માટે કેન્દ્રિય સહાય

અતારાંકિતઃ ૧૧૩૩૩ (૦૪–૦૧–૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) ટ્રાન્સજેન્ડર (Transgender) વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવા માટે કેન્દ્ર સરકાર તરફથી તા.૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે, કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી : (૨૦–૨–૧૭)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

અશક્ત વ્યક્તિ અધિનિયમ અન્વયે રાજ્ય સંકલન સમિતિ બાબત

અતારાંકિતઃ ૧૧૫૯૮ (૧૬–૦૧–૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) અશક્ત વ્યક્તિ (સમાન તક, અધિકાર સંરક્ષણ અને સંપૂર્ણ ભાગીદારી) અધિનિયમ–૧૯૯૫ની જોગવાઈ અનુસાર રાજ્ય સંકલન સમિતિની રચના અને પુનઃરચના તા.૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ક્યારે થયેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત સમિતિના સભ્યો અને અધ્યક્ષ કોણ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ઉક્ત સમિતિની ક્યારે બેઠકો મળેલ છે ?

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી : (૨૦–૨–૧૭)

(૧) અશક્ત વ્યક્તિ (સમાન તક, અધિકાર સંરક્ષણ અને સંપૂર્ણ ભાગીદારી) અધિનિયમ–૧૯૯૫ની પ્રકરણ–૩ કલમ–૧૩(૧)ની જોગવાઈ અનુસાર રાજ્ય સંકલન સમિતિની પુનઃરચના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંકઃ રસસ–૧૦૨૦૧૨–૧–છ–૧, તા.૩–૧૦–૨૦૧૨થી થયેલ હતી.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત સમિતિના સભ્યો અને અધ્યક્ષ નીચે પ્રમાણે હતા.

| ક્રમ | સંકલન સમિતિના સભ્યશ્રીઓ | સંકલન સમિતિમાં હોદ્દો |
|---|---|---|
| ૧ | માન. મંત્રીશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા) સચિવાલય, ગાંધીનગર | અધ્યક્ષશ્રી |
| ૨ | માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રી/માન.નાયબ મંત્રીશ્રી (સા.ન્યા.)સચિવાલય, ગાંધીનગર | ઉપાધ્યક્ષશ્રી |
| ૩ | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી (સા.ન્યા.અને અધિ. વિભાગ સચિવાલય, ગાંધીનગર | સભ્ય સચિવશ્રી |
| ૪ | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી (સામાન્ય વહિવટ વિભાગ (સેવા) સચિવાલય, ગાંધીનગર | સભ્યશ્રી |
| ૫ | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સચિવાલય, ગાંધીનગર | સભ્યશ્રી |
| ૬ | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ સચિવાલય, ગાંધીનગર | સભ્યશ્રી |
| ૭ | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, ઉધ્યોગ અને ખાણ વિભાગ સચિવાલય, ગાંધીનગર | સભ્યશ્રી |
| ૮ | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ સચિવાલય, ગાંધીનગર | સભ્યશ્રી |
| ૯ | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ સચિવાલય, ગાંધીનગર | સભ્યશ્રી |
| ૧૦ | સચિવશ્રી, નાણા (જાહેર સાહસો) નાણા વિભાગ સચિવાલય, ગાંધીનગર | સભ્યશ્રી |
| ૧૧ | સચિવશ્રી નાણા (ખર્ચ) નાણા વિભાગ સચિવાલય, ગાંધીનગર | સભ્યશ્રી |
| ૧૨ | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર | સભ્યશ્રી |
| ૧૩ | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, મહિલા અને બાળ કલ્યાણ વિભાગ સચિવાલય, ગાંધીનગર | સભ્યશ્રી |
| ૧૪ | કમિશ્નરશ્રી, વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર | સભ્યશ્રી |

| ક્રમ | સંકલન સમિતિના સભ્યશ્રીઓ | સંકલન સમિતિમાં હોદ્દો |
|---|---|---|
| ૧૫ | નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ગાંધીનગર | સભ્યશ્રી |
| ૧૬ | શ્રી રાકેશભાઈ શાહ, માન. ધારાસભ્યશ્રી, અમદાવાદ | સભ્યશ્રી |
| ૧૭ | શ્રીમતી વિભાવરીબેન દવે, માન. ધારાસભ્યશ્રી, ભાવનગર | સભ્યશ્રી |
| ૧૮ | શ્રી લાલજીભાઈ સોલંકી, માન. ધારાસભ્યશ્રી, જામનગર | સભ્યશ્રી |
| ૧૯ | ડૉ. માનસેતા, ઈ.એન.ટી. સર્જન, અમદાવાદ | સભ્યશ્રી |
| ૨૦ | શ્રી કનુભાઈ ટેલર, પ્રમુખશ્રી ડિસેબલ વેલ્ફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા, સુરત | સભ્યશ્રી |
| ૨૧ | શ્રી પ્રફુલ્લભાઈ દોશી, રાજકોટ | સભ્યશ્રી |
| ૨૨ | શ્રીમતી નંદિની મુંશા, પ્રમુખશ્રી, અંધજન મંડળ, અમદાવાદ | સભ્યશ્રી |
| ૨૩ | શ્રી કિશોરભાઈ મોહનભાઈ મહેતા, મંત્રીશ્રી અમરેલી મુકબધિર સેવા ટ્રસ્ટ, અમરેલી | સભ્યશ્રી |
| ૨૪ | શ્રી વી. કે. ચાવડા | સભ્યશ્રી |
| ૨૫ | શ્રી કે. કે. પટેલ, (નિરમા) | સભ્યશ્રી |

(૩) રાજ્ય સંકલન સમિતિની (તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ) બેઠક તા.૨૯-૧૨-૨૦૧૧ ના રોજ મળેલ હતી. વધુમાં હાલ તા.૦૩-૧૨-૨૦૧૬ના રોજ આ સમિતિની પુનઃરચના કરીને તેની બેઠક પણ તા.૨૭-૧૨-૨૦૧૬ના રોજ બોલાવવામાં આવેલ છે.

---------

ડૉ.આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતી નિમિત્તે બજેટમાં જોગવાઇ અને ખર્ચ

અતારાંકિતઃ ૧૧૬૯૮ (૧૬-૦૧-૨૦૧૭) શ્રી શૈલેષ પરમાર (દાણી લીમડા): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ નિમિત્તે ઉજવણીના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૫-૧૬ ના બજેટમાં કેટલી રકમની જોગવાઇ કરવામાં આવેલ,

(૨) તે પૈકી તા.૩૦-૧૧-૨૦૧૬ સુધીમાં કેટલી રકમનો ખર્ચ મુખ્યત્વે ક્યા હેતુસર કરવામાં આવ્યો, અને

(૩) ઉક્ત સ્થિતિએ જો રકમ વણવપરાયેલ રહી હોય તો તેના કારણો શા છે?

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી : (૨૦-૦૨-૨૦૧૭)

(૧) રૂ.૧૫૦૦.૦૦ લાખ

(૨) તે પૈકી રૂ.૭,૩૬,૯૪,૨૫૨/-નો ખર્ચ મુખ્યત્વે ડૉ.બાબાસાહેબ આંબેડકરના જીવન અને કાર્યોના પ્રચારપ્રસારના વિવિધ કાર્યક્રમો માટે કરવામાં આવેલ છે.

(૩) ડૉ.બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતી ઉજવણી વર્ષ દરમ્યાન નગરપાલિકા, મહાનગરપાલિકા, ગ્રામ પંચાયતની ચુંટણીઓની આચારસંહિતા તેમજ વિવિધ આંદોલનોને કારણે થયેલ આયોજન મુજબ ખર્ચ થયેલ નથી.

--------

રાજ્યમાં આવેલ નગરપાલિકાઓમાં ચીફ ઓફીસરની જગ્યાઓ

અતારાંકિતઃ ૧૦૭૩૩ (૧૬-૦૧-૨૦૧૭) શ્રી ડૉ.તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલી નગરપાલિકાઓ કાર્યરત છે,

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલી નગરપાલિકાઓમાં ચીફ ઓફીસરની જગ્યાઓ ભરાયેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી અને કઈ નગરપાલિકાઓમાં ચીફ ઓફિસરની જગ્યા ક્યારથી ખાલી છે. અને

(૪) ઉક્ત ખાલી તમામ જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) : (૨૦-૦૨-૨૦૧૭)

(૧) ૧૬૨.

(૨) ૧૦૨.

(૩) ૬૦ (*પત્રક-૧ સામેલ છે.)

(૪) તા.૩૧-૧૦-૨૦૧૬ના રોજ ૬૦ ખાલી જગ્યાઓ પૈકી તા.૧૫-૦૨-૨૦૧૭ની સ્થિતિએ ૪૬ જગ્યાઓ નિવૃત મહેસુલી અધિકારીઓની કરાર આધારિત નિમણૂકથી ભરાયેલ છે. બાકી રહેતી ૧૪ જગ્યાઓ પૈકી ૬ જગ્યાઓ પર હાલ તાલીમ હેઠળની સીધી ભરતીના ૬ ઉમેદવારોની તાલીમ પૂરી થયેથી ભરાશે. વિકલ્પે કરાર આધારિત ઉમેદવારો ઉપલબ્ધ થયે અથવા ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા સીધી ભરતીના નવા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરાશે.

ચૈત્ર ૯, ૧૯૩૯ શાકે

અતારાંકિત પ્રશ્નોત્તરી

પત્રક – ૧

| અ.નં | જિલ્લાનું નામ | નગરપાલિકાનું નામ | નગરપાલિકાનો વર્ગ | ક્યારથી ખાલી છે. |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | સાણંદ | બ | ૦૨.૦૧.૨૦૧૫ |
| ૨ | આણંદ | વલ્લભવિદ્યાનગર | ડ | ૨૫.૦૩.૨૦૧૫ |
| ૩ | | કરમસદ | ક | ૦૫.૦૭.૨૦૧૬ |
| ૪ | | બોરીયાવી | ડ | ૨૦.૧૦.૨૦૧૪ |
| ૫ | | આંકલાવ | ડ | ૨૫.૦૩.૨૦૧૫ |
| ૬ | | ઓડ | ડ | ૨૦.૧૦.૨૦૧૪ |
| ૭ | | બોરસદ | બ | ૩૧.૦૮.૨૦૧૬ |
| ૮ | દાહોદ | ઝાલોદ | ક | ૨૪.૦૬.૨૦૧૬ |
| ૯ | | દે–બારીયા | ડ | ૨૨.૦૬.૨૦૧૬ |
| ૧૦ | ખેડા | મહુધા | ડ | ૨૦.૧૦.૨૦૧૪ |
| ૧૧ | પંચમહાલ | શહેરા | ડ | ૦૭.૦૪.૨૦૧૬ |
| ૧૨ | મહીસાગર | લુણાવાડા | ક | ૧૪.૦૭.૨૦૧૫ |
| ૧૩ | ભરૂચ | આમોદ | ડ | ૦૮.૦૬.૨૦૧૬ |
| ૧૪ | નવસારી | ગણદેવી | ડ | ૦૧.૦૭.૨૦૧૬ |
| ૧૫ | સુરત | માંડવી | ડ | ૦૧.૦૭.૨૦૧૬ |
| ૧૬ | | કડોદરા | ક | ૨૩.૦૨.૨૦૧૫ |
| ૧૭ | તાપી | સોનગઢ | ક | ૦૧.૦૭.૨૦૧૬ |
| ૧૮ | વડોદરા | કરજણ | ક | ૦૨.૦૧.૨૦૧૫ |
| ૧૯ | વલસાડ | વલસાડ | અ | ૧૩.૦૭.૨૦૧૬ |
| ૨૦ | | પારડી | ક | ૨૦.૧૦.૨૦૧૪ |
| ૨૧ | | ઉમરગામ | ક | ૦૧.૦૭.૨૦૧૬ |
| ૨૨ | | ધરમપુર | ડ | ૨૦.૧૦.૨૦૧૪ |
| ૨૩ | બનાસકાઠાં | ધાનેરા | ક | ૦૧.૦૮.૨૦૧૩ |
| ૨૪ | | થરા | ડ | ૦૧.૦૮.૨૦૧૩ |
| ૨૫ | | ભાભર | ડ | ૦૧.૦૭.૨૦૧૬ |
| ૨૬ | પાટણ | હારીજ | ડ | ૨૦.૧૦.૨૦૧૪ |
| ૨૭ | | ચાણસ્મા | ડ | ૨૦.૧૦.૨૦૧૪ |
| ૨૮ | સાબરકાંઠા | પ્રાંતિજ | ડ | ૨૫.૦૩.૨૦૧૫ |
| ૨૯ | | તલોદ | ડ | ૦૧.૦૭.૨૦૧૬ |
| ૩૦ | કચ્છ | ભચાઉ | ક | ૨૦.૧૦.૨૦૧૪ |
| ૩૧ | સુરેન્દ્રનગર | વઢવાણ | બ | ૨૨.૦૧.૨૦૧૬ |
| ૩૨ | | થાનગઢ | ક | ૧૧.૦૨.૨૦૧૪ |
| ૩૩ | | લીંબડી | ક | ૦૨.૦૧.૨૦૧૫ |
| ૩૪ | | પાટડી | ડ | ૦૧.૦૭.૨૦૧૬ |
| ૩૫ | | ચોટીલા | ડ | ૦૨.૦૪.૨૦૧૬ |
| ૩૬ | અમરેલી | બગસરા | ક | ૧૬.૧૨.૨૦૧૫ |
| ૩૭ | | લાઠી | ક | ૨૫.૦૩.૨૦૧૫ |
| ૩૮ | | દામનગર | ડ | ૦૧.૦૭.૨૦૧૬ |
| ૩૯ | | ચલાલા | ડ | ૦૧.૦૩.૨૦૧૩ |
| ૪૦ | ભાવનગર | શિહોર | બ | ૦૧.૦૬.૨૦૧૫ |
| ૪૧ | | તળાજા | ક | ૧૧.૦૬.૨૦૧૬ |
| ૪૨ | | ગારીયાધાર | ક | ૦૧.૦૬.૨૦૧૫ |
| ૪૩ | બોટાદ | ગઢડા | ક | ૧૩.૦૭.૨૦૧૬ |
| ૪૪ | છોટાઉદેપુર | છોટાઉદેપુર | ક | ૦૧.૦૭.૨૦૧૬ |
| ૪૫ | દેવભૂમી દ્વારકા | સલાયા | ક | ૦૨.૦૧.૨૦૧૫ |
| ૪૬ | | ભાણવડ | ડ | ૦૧.૦૮.૨૦૧૩ |
| ૪૭ | જામનગર | જામજોધપુર | ક | ૨૫.૦૩.૨૦૧૫ |
| ૪૮ | જુનાગઢ | માંગરોળ | બ | ૧૫.૧૨.૨૦૧૫ |
| ૪૯ | | માણાવદર | ક | ૧૦.૦૮.૨૦૧૫ |
| ૫૦ | | ચોરવાડ | ડ | ૦૧.૦૮.૨૦૧૩ |
| ૫૧ | | વિસાવદર | ડ | ૦૧.૦૮.૨૦૧૪ |
| ૫૨ | | વંથલી | ડ | ૦૯.૦૧.૨૦૧૪ |
| ૫૩ | | બાંટવા | ડ | ૦૧.૦૭.૨૦૧૬ |

| અ.નં | જિલ્લાનું નામ | નગરપાલિકાનું નામ | નગરપાલિકાનો વર્ગ | ક્યારથી ખાલી છે. |
|---|---|---|---|---|
| ૫૪ | ગીરસોમનાથ | કોડીનાર | ક | ૦૧.૦૭.૨૦૧૬ |
| ૫૫ | | તલાલા | ડ | ૨૨.૦૧.૨૦૧૬ |
| ૫૬ | પોરબંદર | છાયા | ક | ૧૨.૦૪.૨૦૧૩ |
| ૫૭ | | કુતિયાણા | ડ | ૦૧.૦૭.૨૦૧૬ |
| ૫૮ | રાજકોટ | ઉપલેટા | બ | ૨૨.૦૧.૨૦૧૬ |
| ૫૯ | | ભાયાવદર | ડ | ૦૨.૦૧.૨૦૧૫ |
| ૬૦ | મોરબી | હળવદ | ક | ૦૨.૦૧.૨૦૧૫ |

---------

રાજીવ આવાસ યોજના હેઠળ ભારત સરકાર તરફથી મળેલ રકમ

અતારાંકિતઃ ૧૧૧૯૮ (૧૬-૧-૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજીવ ગાંધી આવાસ યોજના અંતર્ગત ભારત સરકાર તરફથી તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૨) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે?

નાયબ મુખ્ય મંત્રીશ્રી (શહેરી વિકાસ) : (૨૧-૦૨-૨૦૧૭)

(૧) રાજીવ ગાંધી આવાસ યોજના અંતર્ગત ભારત સરકાર તરફથી તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને મળેલ રકમ નીચે મુજબ છે:-

(રૂ. લાખમાં)

| ભારત સરકાર તરફથી મળેલ રકમ/વર્ષ વાર | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ | કુલ રકમ (રૂ લાખમાં) |
|---|---|---|---|---|---|
| | ૮૬૦૬.૩૫ | ૧૨૬૩૮.૬૧ | ૭.૩૭ | ૨૯૦૮.૨૬ | ૨૪૧૬૦.૫૯ |

(૨) મળેલ રકમ પૈકી વર્ષવાર કરવામાં આવેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

(રૂ. લાખમાં)

| ભારત સરકાર તરફથી મળેલ રકમ/વર્ષ વાર | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ | કુલ ખર્ચ (રૂ લાખમાં) |
|---|---|---|---|---|---|
| | ૮૬૦૬.૩૫ | ૧૦૭૩૫.૯૨ | ૭.૩૭ | ૪૩૭૯.૪૦ | ૨૩૭૨૯.૦૪ |

---------

બેઝીક સર્વિસીસ ફોર અર્બન પુઅર યોજના અંતર્ગત અમદાવાદ શહેરમાં ફાળવેલ આવાસો

અતારાંકિતઃ ૧૧૬૭૬ (૧૬-૧-૨૦૧૭) શ્રી શૈલેશભાઈ પરમાર (દાણી-લીમડા) : માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર બી.એસ.યુ.પી. (બેઝીક સર્વિસીસ ફોર અર્બન પુઅર) યોજના અંતર્ગત અમદાવાદ શહેરમાં કુલ કેટલા આવાસની ફાળવણી કરવામાં આવી, અને

(૨) ઉક્ત યોજનામાં ભારત સરકાર દ્વારા રકમ ફાળવવામાં આવતી હોય તો કેટલી રકમ ક્યારે ફાળવવામાં આવી?

નાયબ મુખ્ય મંત્રીશ્રી (શહેરી વિકાસ): (૨૧-૦૨-૨૦૧૭)

(૧) તા.૩૧-૧૦-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર બી.એસ.યુ.પી. (બેઝીક સર્વિસીસ ફોર અર્બન પુઅર) યોજના અંતર્ગત અમદાવાદ શહેરમાં નીચે મુજબ કુલ ૨૭૦૮૭ આવાસોની ફાળવણી કરવામાં આવેલ છે:-

| શહેર | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ | કુલ |
|---|---|---|---|---|---|---|
| અમદાવાદ | ૧૮૧૫ | ૧૬૨૩૭ | - | - | ૧૨૩૪ | ૧૯૨૮૬ |
| ઔડા અમદાવાદ | ૭૪૯૩ | ૨૦૪ | ૩૯ | ૧૫ | ૫૦ | ૭૮૦૧ |
| કુલ... | ૯૩૦૮ | ૧૬૪૪૧ | ૩૯ | ૧૫ | ૧૨૮૪ | ૨૭૦૮૭ |

(૨) ઉક્ત યોજનામાં ભારત સરકાર દ્વારા રૂ.૬૨૯૭.૭૪ લાખની રકમ ફાળવવામાં આવેલ છે.

(રૂ. લાખમાં)

| શહેર/વર્ષ | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ |
|---|---|---|---|---|---|
| અમદાવાદ | ૪૧૧૧.૧૭ | ૦.૦૦ | ૫૪૬.૬૪ | ૧૨૩૯.૯૩ | ૪૦૦.૦૦ |
| ઔડા અમદાવાદ | ૦.૦૦ | ૧૦૫૬.૫૨ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| કુલ... | ૪૧૧૧.૧૭ | ૧૦૫૬.૫૨ | ૫૪૬.૬૪ | ૧૨૩૯.૯૩ | ૪૦૦.૦૦ |

--------

## ૩૦મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નોત્તરી

પંચાયત યુવા ક્રિડા અને ખેલ અભિયાન હેઠળ રાજ્યને મળેલ રકમ

અતારાંકિતઃ ૧૧૨૨૫ (૧૬–૦૧–૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) પંચાયત યુવા ક્રિડા અને ખેલ અભિયાન હેઠળ ભારત સરકાર તરફથી તા.૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૨) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે?

રમતગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨૦–૦૨–૨૦૧૭)

ખંડ (૧) અને (૨)પંચાયત યુવા ક્રિડા અને ખેલ અભિયાન હેઠળ ભારત સરકાર તરફથી તા.૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ મળેલ ગ્રાન્ટ અને થયેલ ખર્ચ વર્ષ વાઇઝ નીચે દર્શાવ્યા મુજબ છે. તા.૦૧–૦૪–૨૦૧૪થી આ યોજના રિવાઇઝડ થઇને “રાજીવ ગાંધી ખેલ અભિયાન” (RGKA)ના નામથી શરૂ કરવામાં આવેલ.

| વર્ષ | મળેલ રકમ | થયેલ ખર્ચ |
|---|---|---|
| ૨૦૧૨–૧૩ | ૩.૩૦ લાખ | ૨.૫૧ લાખ |
| ૨૦૧૩–૧૪ | શૂન્ય | શૂન્ય |
| ૨૦૧૪–૧૫ | ૫.૮૩ કરોડ | ૫.૩૮ કરોડ |
| ૨૦૧૫–૧૬ | શૂન્ય | શૂન્ય |
| તા.૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ | શૂન્ય | શૂન્ય |

--------

રાજ્યમાં વીજ માંગ

અતારાંકિતઃ ૧૦૭૫૪ (૦૨–૧૨–૨૦૧૬) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૦–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી વીજ માંગ હતી તે સામે કેટલું વીજ ઉત્પાદન થયું?

ઉર્જા મંત્રીશ્રી : (૨૦–૦૨–૨૦૧૭)

(૧) તા.૩૧–૧૦–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં અનુક્રમે વર્ષ ૨૦૧૨–૧૩માં કુલ ૮૭૭૨૩ મીલીયન યુનીટસનું, વર્ષ ૨૦૧૩–૧૪માં કુલ ૮૬૨૨૧ મીલીયન યુનીટસનું, વર્ષ ૨૦૧૪–૧૫માં કુલ ૯૬૬૩૬ મીલીયન યુનીટસનું, વર્ષ ૨૦૧૫–૧૬માં કુલ ૧૦૩૧૩૭ મીલીયન યુનીટસનું તથા વર્ષ ૨૦૧૬–૧૭માં તા.૩૧–૧૦–૨૦૧૬ સુધી ૬૨૦૫૬ મીલીયન યુનીટસ વીજળીનું ઉત્પાદન કરી રાજ્યની વીજમાંગ સંતોષવામાં આવેલ છે. ઉપર દર્શાવેલ વીજ ઉત્પાદન એ જ વીજ માંગ છે એમ ગણાય, કારણ કે આમાં કોઇ પણ નિયંત્રણ (રીસ્ટ્રીક્શન) લાદેલ નથી અને રાજ્યમાં ચોવીસે કલાક વીજ પુરવઠો અપાય છે.

--------

રાજ્યને કે. જી. બેઝીનમાંથી મળેલ ગેસ અને ઓઈલ તથા થયેલ ખર્ચ

અતારાંકિતઃ ૧૦૮૦૫ (૧૬–૦૧–૨૦૧૭) શ્રી બલવંતસિંહ રાજપૂત : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૧૦–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કે. જી. બેઝીનમાંથી કેટલો ઓઈલ અને ગેસ મળ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્ય સરકારે વર્ષવાર કે. જી. બેઝીન પાછળ કેટલો ખર્ચ કર્યો ?

નાયબ મુખ્યમંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ) : (૨૧–૦૨–૨૦૧૭)

(૧) કે. જી. બેઝીન બ્લોકમાં ઓઈલ અને ગેસ જીએસપીસીને મળનાર છે. રાજ્ય સરકારને ઓઈલ અને ગેસ મળવાપાત્ર નથી.

(૨) કે. જી. બેઝીન પાછળ રાજ્ય સરકારે કોઈ ખર્ચ કરેલ નથી.

--------

પેટ્રોલીયમ પ્રભાગ અને તેના તાબાની કચેરીઓમાં સંવર્ગવાર મહેકમ

અતારાંકિતઃ ૧૧૦૮૬ (૧૬–૦૧–૨૦૧૭) શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યના પેટ્રોકેમિકલ્સ પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજુર મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે અને ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

નાયબ મુખ્યમંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ): (૨૧–૨–૨૦૧૭)

(૧) તા. ૩૦–૧૧–૨૦૧૬ ની સ્થિતિએ રાજ્યના પેટ્રોકેમિકલ્સ પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં વર્ગ–૧ થી વર્ગ–૪નું મંજુર થયેલ મહેકમની માહીતી દર્શાવતું પત્રક.

| ક્રમ | સંવર્ગનું નામ | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ | નિયામકશ્રી પેટ્રોલીયમની કચેરી |
|---|---|---|---|
| (૧) | વર્ગ–૧ | ૦૭ | ૦૩ |
| (૨) | વર્ગ–૨ | ૦૬ | ૦૧ |
| (૩) | વર્ગ–૩ | ૨૩ | ૦૪ |
| (૪) | વર્ગ–૪ | ૧૦ | ૦૦ |
| | કુલ | ૪૬ | ૦૮ |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર ભરાયેલ જગ્યાઓની માહિતી દર્શાવતું પત્રક.

| ક્રમ | સંવર્ગનું નામ | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગમાં ભરાયેલ જગ્યાઓ | નિયામકશ્રી પેટ્રોલીયમની કચેરીમાં ભરાયેલ જગ્યાઓ |
|---|---|---|---|
| (૧) | વર્ગ–૧ | ૦૬ | ૦૨ |
| (૨) | વર્ગ–૨ | ૦૫ | ૦૧ |
| (૩) | વર્ગ–૩ | ૧૪ | ૦૧ |
| (૪) | વર્ગ–૪ | ૦૫ | ૦૦ |
| | કુલ | ૩૦ | ૦૪ |

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર ખાલી જગ્યાઓની માહિતી દર્શાવતું પત્રક અને ઉક્ત ખાલી જગ્યાઓ નીચે જણાવ્યા મુજબ ભરવામાં આવશે.

| ક્રમ | સંવર્ગનું નામ | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગમાં ખાલી જગ્યાઓ | નિયામકશ્રી પેટ્રોલીયમની કચેરીમાં ખાલી જગ્યાઓ |
|---|---|---|---|
| (૧) | વર્ગ–૧ | ૦૧ | ૦૧ |
| (૨) | વર્ગ–૨ | ૦૧ | ૦૦ |
| (૩) | વર્ગ–૩ | ૦૯ | ૦૩ |
| (૪) | વર્ગ–૪ | ૦૫ | ૦૦ |
| | કુલ | ૧૬ | ૦૪ |

ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા માટેનું આયોજન નીચે મુજબ છે.

ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ખાલી જગ્યાઓની ભરતી કરવામાં આવતી હોય છે.

નિયામકશ્રી પેટ્રોલીયમની કચેરી

ઉક્ત સ્થિતિએ પેટ્રોલીયમ નિયામકશ્રીની કચેરીમાં જિયોલોજીકલ આસીસ્ટન્ટ અને આસિ. ઈજનેર (ઉત્પાદન)ની જગ્યાઓ ટેકનિકલ હોવાને કારણે તથા જીએસપીસીમાંથી પ્રતિનિયુક્તિના ધોરણે ભરવાની હોવાથી આ જગ્યાઓ ભરવા માટેની કાર્યવાહી ચાલુ છે, તથા મદદનીશ વ્યવસ્થાપક (વાણિજ્ય) ની જગ્યા ગુજરાત હિસાબી સંવર્ગની જગ્યા છે, જે જગ્યા કાયમી ધોરણે નાણા વિભાગ દ્વારા ભરવામાં આવે છે.

--------

રાજ્યમાં વેસ્ટર્ન કોલ ફિલ્ડ લિ. માંથી કોલસો ફાળવવા બાબત

અતારાંકિતઃ ૧૧૫૨૩ (૦૯–૦૧–૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યના કોલ આધારીત વીજ મથકોને સાઉથ ઈસ્ટર્ન કોલ ફિલ્ડ લિ.ને બદલે વેસ્ટર્ન કોલ ફિલ્ડ લિ. માંથી વાર્ષિક ૧૨ લાખ મેટ્રિક ટન કોલ ફાળવવા અંગે કેન્દ્ર સરકારે તા. ૧૬–૦૨–૨૦૧૫ના રોજ મંજૂરી આપી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત મંજૂરી બાદ તા. ૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ માસવાર કેટલો કોલસો વેસ્ટર્ન કોલ ફિલ્ડ લિ. માંથી મળેલ છે ?

ઉર્જા મંત્રીશ્રી : (૨૦–૨–૨૦૧૭)

(૧) હા, જી.

(૨) ઉક્ત મંજૂરી બાદ તા. ૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ માસવાર વેસ્ટર્ન કોલ ફિલ્ડ લિ. માંથી મળેલ કોલસાની વિગત નીચે મુજબ છે.

(આંકડા મેટ્રીક ટનમાં)

| માસ | ગાંધીનગર | વણાકબોરી | કુલ |
|---|---|---|---|
| નવેમ્બર–૨૦૧૬ | ૪૨૮૧ | ૨૦૭૫૨ | ૨૫૦૩૩ |
| ડિસેમ્બર–૨૦૧૬ | ૪૬૯૮૨ | ૫૯૫૭૩ | ૧૦૬૫૫૫ |
| કુલ | ૫૧૨૬૩ | ૮૦૩૨૫ | ૧૩૧૫૮૮ |

--------

સ્ટેટ રિસોર્સ સેન્ટર એન્ડ નેશનલ મિશન ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન માટે કેન્દ્રિય સહાય

અતારાંકિતઃ ૧૧૩૪૧ (૦૪–૦૧–૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) સ્ટેટ રિસોર્સ સેન્ટર એન્ડ નેશનલ મિશન ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન માટે કેન્દ્ર સરકાર તરફથી તા. ૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી : (૨૧–૦૨–૨૦૧૭)

(૧) હા જી.

(૨) છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને મળેલ રકમની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | રાજ્ય સરકારને મળેલ કેન્દ્રીય સહાય (રકમ રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૨–૧૩ | ૧૬.૩૮ |
| ૨૦૧૩–૧૪ | ૨૨.૩૨ |
| ૨૦૧૪–૧૫ | ૦.૦૦ |
| ૨૦૧૫–૧૬ | ૦.૦૦ |
| ૨૦૧૬–૧૭ (૩૦–૧૧–૨૦૧૬ સુધી) | ૧૩.૫૧ |

(૩) કરવામાં આવેલ ખર્ચની વિગત વર્ષવાર નીચે મુજબ છે.

| વર્ષ | કરવામાં આવેલ ખર્ચ (રકમ રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૨–૧૩ | ૭.૦૬ |
| ૨૦૧૩–૧૪ | ૧૩.૫૫ |
| ૨૦૧૪–૧૫ | ૧૨.૬૦ |
| ૨૦૧૫–૧૬ | ૧૨.૫૬ |
| ૨૦૧૬–૧૭ (૩૦–૧૧–૨૦૧૬ સુધી) | ૮.૮૫ |

--------

રાજ્યમાં પોષણ કાર્યક્રમ સશક્તિકરણ અન્વયે કેન્દ્રિય સહાય

અતારાંકિતઃ ૧૧૩૪૬ (૧૬–૧–૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં શહેરી વિસ્તારોમાં પોષણ કાર્યક્રમ સશક્તિકરણ (નાણાપંચ) અન્વયે કેન્દ્ર સરકાર તરફથી તા. ૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી : (૨૨–૨–૨૦૧૭)

(૧) ના જી.

(૨) કેન્દ્ર સરકાર તરફથી કોઈ ગ્રાન્ટ મળેલ ન હોય પ્રશ્ન નથી.

(૩) પ્રશ્ન નથી.

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### રાજ્યમાં પોષણ જેવા સૂચાંકમાં સુધારા માટે કેન્દ્રિય સહાય

અતારાંકિતઃ ૧૧૩૪૭ (૧૬–૧–૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં પોષણ જેવા સૂચકાંકમાં સુધારા માટે ખાસ પ્રોત્સાહન (નાણાપંચ) અન્વયે કેન્દ્ર સરકાર તરફથી તા. ૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી : (૨૦–૨–૨૦૧૭)

(૧) ના જી.

(૨) કેન્દ્ર સરકાર તરફથી કોઈ રકમ મળેલ ન હોય પ્રશ્ન નથી.

(૩) પ્રશ્ન નથી.

--------

### આંગણવાડી માટે કેન્દ્રિય સહાય

અતારાંકિતઃ ૧૧૩૪૯ (૪–૧–૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) આંગણવાડી, નમુનારૂપ આંગણવાડી બાંધકામ અને આંગણવાડીની મરામત માટે કેન્દ્ર સરકાર તરફથી તા. ૩૦–૧૧–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી : (૨૦–૦૨–૨૦૧૭)

(૧) હા

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર નીચે મુજબની રકમ રાજ્ય સરકારને મળેલ છે.

| વર્ષનું નામ | રકમ (લાખમાં) |
|---|---|
| ૨૦૧૨–૧૩ | રૂ. ૦.૦૦ |
| ૨૦૧૩–૧૪ | રૂ. ૩૬૩૦.૭૫ |
| ૨૦૧૪–૧૫ | રૂ. ૪૮૨૧.૭૫ |
| ૨૦૧૫–૧૬ | રૂ. ૨૭૯૮.૮૭ |
| ૨૦૧૬–૧૭ | રૂ. ૩૦૦.૦૦ |

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

| વર્ષનું નામ | રકમ (લાખમાં) |
|---|---|
| ૨૦૧૨–૧૩ | રૂ. ૦.૦૦ |
| ૨૦૧૩–૧૪ | રૂ. ૪૧૨૮.૨૫ |
| ૨૦૧૪–૧૫ | રૂ. ૩૧૬૯.૩ |
| ૨૦૧૫–૧૬ | રૂ. ૨૯૧૮.૨ |
| ૨૦૧૬–૧૭ | રૂ. ૦.૦૦ |

--------

### કુપોષણના સર્વે અંગેનો અહેવાલ

અતારાંકિતઃ ૧૧૬૧૮ (૧૮–૧–૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યના મહિલા અને બાળ વિકાસ વિભાગના તા. ૧૮–૪–૨૦૧૨ના ઠરાવથી રાજ્યમાં કુપોષણના સર્વેની કામગીરી કરાવવા અંગે કઈ એજન્સીઓને કામગીરી સોંપવામાં આવેલ છે.

(૨) તે અન્વયે ઉક્ત ઠરાવ થયા બાદ તા. ૩૦–૧૧–૨૦૧૬ સુધીમાં કઈ એજન્સીઓને ક્યારે કેટલી રકમ ચુકવવામાં આવી, અને

(૩) તા. ૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ ઉક્ત એજન્સીઓ તરફથી ક્યારે અહેવાલ મળેલ છે ?

મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી : (૨૦–૨–૨૦૧૭)

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગના તા. ૧૮–૪–૨૦૧૨ના ઠરાવથી રાજ્યમાં કુપોષના સર્વેની કામગીરી કરાવવા અંગે નીચેની બે એજન્સીઓને કામગીરી સોંપવામાં આવેલ છે.

૩૦મી માર્ચ, ૨૦૧૭

અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) National Institute of Nutrition (NIN) હૈદ્રાબાદ

(૨) International Institute of Population Sciences (IIPS) મુંબઈ

(૨) તા. ૩૦–૧૧–૧૬ની સ્થિતિએ એજન્સીને નીચે મુજબની રકમ ચુકવવામાં આવી.

National Institute of Nutrition (NIN) હૈદરાબાદ

| ચૂકવણા આદેશની તારીખ | ચૂકવણા આદેશની રકમ |
|---|---|
| તા. ૧૨-૩-૨૦૧૨ | રૂ. ૨૮,૧૯,૩૨૫/- |
| તા. ૨૧-૧-૨૦૧૩ | રૂ. ૨૮,૧૯,૩૨૫/- |
| તા. ૪-૬-૨૦૧૨ | રૂ. ૬,૩૮,૬૫૦/- |
| તા. ૧૮-૫-૨૦૧૨ | રૂ. ૨૧,૮૦,૬૭૫/- |
| કુલ | રૂ. ૮૪,૫૭,૯૭૫/- |

International Institute of Population Sciences (IIPS) મુંબઈ

| ચૂકવણી આદેશની તારીખ | ચૂકવણા આદેશની રકમ |
|---|---|
| તા. ૧૪-૧૨-૨૦૧૨ | રૂ. ૨૩,૫૮,૦૦૦/- |
| તા. ૮-૧૧-૨૦૧૩ | રૂ. ૩૯,૬૯,૦૦૦/- |
| તા. ૮-૧૧-૨૦૧૩ | રૂ. ૧૮,૨૭,૫૦૦/- |
| તા. ૨૮-૮-૨૦૧૫ | રૂ. ૩૯,૩૦,૦૦૦/- |
| કુલ | રૂ. ૧,૨૦,૮૪,૫૦૦/- |

(૩) તા. ૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ ઉક્ત એજન્સીઓ તરફથી ક્યારે અહેવાલ મળેલ છે.

National Institute of Nutrition (NIN) હૈદરાબાદનો વર્ષ ૨૦૧૨ અને

International Institute of Population Sciences (IIPS) મુંબઈનો વર્ષ ૨૦૧૬માં અહેવાલ મળેલ છે.

--------

અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | નાણા વિભાગ | ૧૧૪૫૦ | ૦૧ |
| ૨ | વન અને પર્યાવરણ વિભાગ | ૭૯૪૩ | ૦૧ |
| ૩ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૧૧૨૧૬,૧૧૪૮૧,૧૧૪૯૬ | ૦૩ |
| ૪ | ગૃહ વિભાગ | ૧૦૮૩૫, ૧૦૮૬૮, ૧૦૮૭૧, ૧૧૩૯૯, ૧૧૪૦૨, ૧૧૭૧૩ | ૦૬ |
| ૫ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૧૧૨૩૭, ૧૧૪૩૦, ૧૧૪૩૨ | ૦૩ |
| ૬ | માહિતી અને પ્રસારણ વિભાગ | ૭૮૯૫, ૧૧૦૬૪ | ૦૨ |
| ૭ | શ્રમ અને રોજગાર વિભાગ | ૧૧૧૪૯, ૧૧૫૦૫, ૧૧૬૨૨ | ૦૩ |
| ૮ | કાયદા વિભાગ | ૧૧૬૦૦ | ૦૧ |
| ૯ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૭૯૦૮, ૧૧૦૯૪, ૧૧૩૭૨, ૧૧૪૬૩, ૧૧૪૬૪, ૧૧૪૬૮, ૧૧૬૪૬ | ૦૭ |
| ૧૦ | માર્ગ અને મકાન વિભાગ | ૧૦૩૧૩ | ૦૧ |
| ૧૧ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૯૫૩૧, ૧૦૯૫૮, ૧૦૯૬૨, ૧૧૩૨૪, ૧૧૩૨૬, ૧૧૩૩૨, ૧૧૩૩૩, ૧૧૫૯૮, ૧૧૬૯૮ | ૦૯ |
| ૧૨ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૧૦૭૩૩, ૧૧૧૯૮, ૧૧૬૭૬ | ૦૩ |
| ૧૩ | રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | ૧૧૨૨૫ | ૦૧ |
| ૧૪ | ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ | ૧૦૭૫૪, ૧૦૮૦૫, ૧૧૦૮૬, ૧૧૫૨૩ | ૦૪ |
| ૧૫ | મહિલા અને બાળવિકાસ વિભાગ | ૧૧૩૪૧, ૧૧૩૪૬, ૧૧૩૪૭, ૧૧૩૪૯, ૧૧૬૧૮ | ૦૫ |
| | | કુલ | ૫૦ |

--------

## ૩૦મી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નોત્તરી

ચોત્રીસમી અતારાંકિત યાદી

રાષ્ટ્રીય પશુધન સંચાલન કાર્યક્રમ હેઠળ ભારત સરકાર તરફથી મળેલ રકમ

અતારાંકિતઃ ૧૧૧૭૭ (૦૩–૦૧–૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાષ્ટ્રીય પશુધન સંચાલન કાર્યક્રમ હેઠળ ભારત સરકાર તરફથી તા.૩૦–૧૧–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૨) ઉક્ત મળેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

પશુપાલન મંત્રીશ્રી : (૨૨–૦૨–૨૦૧૭)

(૧)

| વર્ષ | ભારત સરકાર તરફથી મળેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૨–૧૩ | ૧૯૧૩.૭૧ |
| ૨૦૧૩–૧૪ | ૧૪૫૭.૫૬ |
| ૨૦૧૪–૧૫ | ૧૫૦૦.૦૦ |
| ૨૦૧૫–૧૬ | ૦.૦૦ |
| ૨૦૧૬–૧૭ (તા.૩૦–૧૧–૨૦૧૬ અંતિત) | ૯૩૭.૨૨ |

(૨)

| વર્ષ | ઉક્ત મળેલ રકમ પૈકી ખર્ચ કરવામાં આવેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૨–૧૩ | ૧૩૨૧.૩૫ |
| ૨૦૧૩–૧૪ | ૬૧૧.૬૫ |
| ૨૦૧૪–૧૫ | ૧૦૫૭.૮૫ |
| ૨૦૧૫–૧૬ | ૧૫૪૬.૦૯ |
| ૨૦૧૬–૧૭ (તા.૩૦–૧૧–૨૦૧૬ અંતિત) | ૬૯૫.૫૩ |

--------

મધ્યાહન ભોજનમાં હલકા અને ઉતરતી કક્ષાના ખોરાકની ફરીયાદો

અતારાંકિતઃ ૧૦૧૩૪ (૦૨–૧૨–૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) મધ્યાહન ભોજનમાં હલકા અને ઉતરતી કક્ષાના ખોરાકની કેટલી ફરિયાદો તા.૩૦ જુન–૨૦૧૬ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને મળી,

(૨) ઉક્ત ફરીયાદો મુખ્યત્વે કઇ જગ્યાની અને કેવા પ્રકારની હતી, અને

(૩) ઉક્ત ફરીયાદો અન્વયે સરકારે શા પગલાં લીધાં ?

શિક્ષણ મંત્રીશ્રી : (૨૩–૦૨–૨૦૧૭)

(૧) ૧૦ ફરીયાદો મળી છે.

(૨) અમરેલી જિલ્લાની–૨, નવસારી જિલ્લાની–૬, દેવભૂમિ દ્વારકા જિલ્લાની–૧, મોરબી જિલ્લાની–૧

| | |
|---|---|
| અમરેલી–૨ | ૧. શ્રમજીવી–રાજુલામાં ભોજનમાં ઇયળ નીકળવાની ફરીયાદ હતી.<br>૨. નાની કુડળ–બાબરામાં ચોખામાં યુરીયા ખાતર જેવા દાણા હોવાની ફરીયાદ મળી હતી. |
| નવસારી–૬ | મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રો ઉપર રાંધેલા ખોરાકની ફરિયાદો હતી. ૩ કેન્દ્રો ઉપર ભાત–ખોરાકમાં ઇયળ–મકોડા હોવાની, ૨ કેન્દ્રો ઉપર બાળકોને ઉલ્ટી થવાની, એક કેન્દ્ર ઉપર રોટલી કાળી અને કાચી હોવાની ફરિયાદ હતી. |
| દેવભૂમિ દ્વારકા–૧ | ભાણવડ તાલુકાના મેવાસા કેન્દ્ર નં.૮૭ ની ઉતરતી કક્ષાનું ખરાબ ભોજન હોવાની ફરિયાદ હતી. |
| મોરબી–૧ | જેપુર તાલુકો મોરબીમાં ભોજનમાં ધનેડા નીકળ્યા હતા. |

(૩) અમરેલીમાં બન્ને કેન્દ્રોના સંચાલક રસોઇયાની તાત્કાલિક છુટા કરી દેવામાં આવેલ છે. નવસારીમાં નાયક ફાઉન્ડેશનને નોટીસ આપી, ભવિષ્યમાં પુનરાવર્તન ન થાય તેની કાળજી રાખવા સાથે ખુલાસો કરેલ છે. ઉલ્ટી થયેલ બાળકોને તાત્કાલિક સારવાર આપવામાં આવેલ છે. દેવભૂમિ દ્વારકામાં તપાસ કરતા તથ્ય જણાયેલ નથી. મોરબીમાં તપાસ બાદ તકેદારી રાખવા સૂચના આપી છે.

---------

રાજ્યમાં રાસાયણિક ખાતર પર વેટ

અતારાંકિતઃ ૧૦૯૦૫ (૨૧-૦૧-૨૦૧૭) ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૦-૨૦૧૬ ની સ્થિએ રાજ્યમાં રાસાયણિક ખાતર પર કેટલો વેટ લેવામાં આવે છે, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં જિલ્લાવાર વેટ પેટે કેટલી રકમ સરકારને મળી ?

નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) : (૨૨-૦૨-૨૦૧૭)

(૧) તમામ પ્રકારના રાસાયણિક ખાતરના પ્રથમ તબક્કાના વેચાણ પર ૪% + ૧% વધારાનો વેરો લેવામાં આવે છે. ત્યારબાદ ખાતરના તમામ પ્રકારના પુનઃ વેચાણો વેરામાફ છે.

(૨) પત્રક મુજબ.

પત્રક

(રકમ રૂ.લાખમાં)

| જિલ્લાનું નામ | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ તા.૧-૪-૧૬ થી તા.૩૧-૧૦-૧૬ |
|---|---|---|---|---|---|
| અમદાવાદ | ૨૬૨૪.૭૬ | ૩૦૯૧.૦૯ | ૩૬૮૭.૭૭ | ૩૨૩૧.૪૫ | ૧૬૭૪.૧૩ |
| ગાંધીનગર | ૧૨૭૯.૫૩ | ૧૫૪૭.૯૦ | ૧૫૭૬.૪૯ | ૪૨૦૭.૧૫ | ૨૧૫૬.૪૧ |
| સાબરકાંઠા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| અરવલ્લી | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| મહેસાણા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| બનાસકાંઠા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| પાટણ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| વડોદરા | ૩૫૪.૮૯ | ૪૭.૫૭ | ૨૪૪.૦૯ | ૧૨૬૨.૪૨ | ૩૮૦.૨૧ |
| દાહોદ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| મહિસાગર | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| છોટાઉદેપુર | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ખેડા જિલ્લો | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| આણંદ જિલ્લો | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ભરૂચ | ૩.૫૭ | ૬.૬૩ | ૭.૨૭ | ૧૫.૯૨ | ૧૦.૩૧ |
| નર્મદા જિલ્લો | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| સુરત જિલ્લો | ૧૫૪૯.૬૯ | ૨૧૦૦.૨૬ | ૨૩૭૩.૨૦ | ૨૩૯૨.૦૯ | ૧૪૨૮.૪૧ |
| તાપી | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ડાંગ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| વલસાડ | ૧૭.૩૩ | ૨૧.૮૫ | ૩૬.૧૭ | ૨૯.૩૮ | ૧૭.૦૮ |
| નવસારી | ૨૮.૧૫ | ૪૧.૯૧ | ૫૨.૯૧ | ૭૭.૨૨ | ૪૧.૮૮ |
| ભાવનગર | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| બોટાદ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| અમરેલી | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| કોડીનાર (ગીર સોમનાથ) | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| રાજકોટ | ૨.૬૩ | ૩.૩૯ | ૫.૬૮ | ૫.૦૭ | ૦.૦૯ |
| મોરબી | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| સુરેન્દ્રનગર | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| જુનાગઢ | ૧.૩૩ | ૧.૭૫ | ૦.૯૮ | ૦.૧૨ | ૦.૦૯ |
| જામનગર | ૩૫.૦૮ | ૭૧.૭૬ | ૧૧૮.૪૯ | ૬૦.૧૪ | ૧૧.૭૮ |
| કચ્છ | ૧૪૮૭.૭૦ | ૧૫૦૪.૫૮ | ૧૮૮૭.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |

| જિલ્લાનું નામ | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ તા.૧-૪-૧૬ થી તા.૩૧-૧૦-૧૬ |
|---|---|---|---|---|---|
| ગીર સોમનાથ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| દેવભૂમિ દ્વારકા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| પોરબંદર | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |

--------

કેન્દ્રીય નાણા પંચ અને આયોજન પંચ દ્વારા રાજ્યને ફાળવેલ ગ્રાન્ટ

અતારાંકિતઃ ૧૧૪૪૩ (૩૦-૦૧-૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) કેન્દ્રીય નાણા પંચ અને આયોજન પંચ દ્વારા રાજ્ય સરકારને ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા.૩૦-૧૧-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી ?

નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) : (૨૨-૦૨-૨૦૧૭)

(૧) હા, જી.

(૨) છેલ્લા પાંચ વર્ષમાં કુલ રૂ.૯૫૦૪.૯૩૬૬ કરોડની ફાળવણી કરવામાં આવી. વર્ષવાર/ફાળવણીની રકમ નીચે મુજબ છે. (રૂ. કરોડમાં)

| અનુ. | વર્ષ | કેન્દ્રિય નાણા પંચ | આયોજન પંચ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૨-૧૩ | ૧૭૪૧.૧૬૮૨ | ૭૦.૦૦૦૦ | ૧૮૧૧.૧૬૮૨ |
| ૨ | ૨૦૧૩-૧૪ | ૧૯૦૪.૧૩૨૬ | ૬૦.૦૦૦૦ | ૧૯૬૪.૧૩૨૬ |
| ૩ | ૨૦૧૪-૧૫ | ૨૨૬૫.૯૧૭૨ | ૫૦.૦૦૦૦ | ૨૩૧૫.૯૧૭૨ |
| ૪ | ૨૦૧૫-૧૬ | ૨૦૬૫.૦૬૩૬ | | ૨૦૬૫.૦૬૩૬ |
| ૫ | ૨૦૧૬-૧૭ | ૧૩૪૮.૬૫૫૦ | | ૧૩૪૮.૬૫૫૦ |
| | કુલ | ૯૩૨૪.૯૩૬૬ | ૧૮૦.૦૦૦૦ | ૯૫૦૪.૯૩૬૬ |

--------

ઘરભાડા ભથ્થાં અંગેનું મીનીસ્ટ્રી ઓફ ફાઇનાન્સનું મેમોરેન્ડમ

અતારાંકિતઃ ૧૧૪૪૮ (૧૬-૦૧-૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): તા.૨૯-૦૩-૨૦૧૬ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૫૮૦૨ (અગ્રતાક્રમ નં.૧૩૭) ના અનુસંધાને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) સરકારી કર્મચારીઓ/અધિકારીશ્રીઓના ઘરભાડા ભથ્થું ૩૦ ટકા કરવા બાબતનું મીનીસ્ટ્રી ઓફ ફાઇનાન્સનું ઓફીસ મેમોરેન્ડમ તા.૩૧-૦૭-૨૦૧૫ ના રોજ સરકારને મળેલ હતું અને તે લાગુ કરવા માટે રાજ્ય સરકાર તમામ પાસાઓનો વિચાર કરી યોગ્ય સમયે નિર્ણય લેવાની હતી તો તા.૩૦-૧૧-૨૦૧૬ સુધીમાં સરકારે ક્યા પ્રકારની વિચારણા કરી, અને

(૨) ઉક્ત બાબતે શી કાર્યવાહી કરી અને ઉક્ત મેમોરેન્ડમના ક્યારે અમલ કરવામાં આવશે ?

નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) : (૨૧-૦૨-૨૦૧૭)

(૧) કેન્દ્રીય સાતમા પગારપંચની ભલામણોને અનુલક્ષીને રાજ્ય સરકારના કર્મચારીઓ/અધિકારીઓના ભથ્થાં તેમજ પગાર તફાવતની રકમની ચુકવણી અને પગાર વિસંગતતા વિગેરે બાબતોની વિચારણા કરવા અર્થે નાણા વિભાગના તા.૧૦-૧૦-૨૦૧૬ ના ઠરાવથી અધિકારીઓની તેમજ મંત્રીમંડળની પેટા સમિતિની રચના કરવામાં આવેલ છે. આ સમિતિ દ્વારા વિવિધ મુદ્દાઓ પરત્વે વિચારણા કરી સરકારને અહેવાલ રજૂ કરશે અને ત્યારબાદ વિચારણા કરવાની રહેશે.

(૨) ઉક્ત સમિતિ દ્વારા યોગ્ય નિર્ણય લેવાયા બાદ અમલ કરવામાં આવશે.

--------

રાજ્યમાં કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને ફાળવેલ અનાજનો જથ્થો

અતારાંકિતઃ ૧૧૫૮૦ (૧૯-૦૧-૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૧૬ ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ક્યા પ્રકારનો અને કેટલા અનાજના જથ્થાની જરૂરીયાત અંગે રાજ્ય સરાકરે કેન્દ્ર સરકારને માંગણી કે દરખાસ્ત કરેલ હતી, અને

(૨) તે પૈકી ક્યા પ્રકારના અનાજનો કેટલો જથ્થો ઉક્ત વર્ષવાર ફાળવવામાં આવ્યો ?

અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી : (૨૨-૦૨-૨૦૧૭)

## અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) તા.૩૦–૧૧–૨૦૧૬ ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં અનાજના જથ્થાની જરૂરીયાત અંગે રાજ્ય સરકારે કેન્દ્ર સરકારને નીચે જણાવ્યા મુજબના પત્રોથી દરખાસ્તો કરેલ હતી.

| વર્ષ | ભારત સરકારને કરેલ દરખાસ્તની તારીખ | અનાજની જરૂરીયાત માટે કરવામાં આવેલ દરખાસ્તની વિગતો |
|---|---|---|
| ૨૦૧૪–૧૫ (૧–૧૨–૧૪ થી ૩૦–૧૧–૧૫) | ૧૧–૩–૧૪ | વધારાના બીપીએલ અને એપીએલ અનાજના જથ્થાની ફાળવણી માટે |
| ૨૦૧૫–૧૬ (૧–૧૨–૧૫ થી ૩૧–૩–૧૬) | ૯–૩–૧૫ | ફેબ્રુ–૧૫ ના ૭,૭૬,૯૦૨ એએવાય લાભાર્થીઓ મુજબ ૧૪૭૬૧ મે.ટન ઘઉં અને ૧૨૪૩૦ મે.ટન ચોખાની એપ્રિલ–૧૫ થી માસિક ફાળવણી માટે. |
| | ૯–૩–૧૫ | ઉક્ત પત્રના અનુસંધાનમાં ભારત સરકારે કરેલ ફાળવણી બાદ એએવાય કેટેગરીમાં ૩૭૦ મે.ટન ઘઉં અને ૨૯૧ મે.ટન ચોખાની ખુટતા જથ્થા માટે તેમજ બીપીએલ, એપીએલ કેટેગરીમાં વધારાના અનાજના જથ્થાની ફાળવણી માટે પત્ર પાઠવેલ છે. |
| | ૨૩–૩–૧૫ | ૨૬.૨૩ લાખ બીપીએલ કુટુંબોને ધ્યાને લઇ બીપીએલ કેટેગરીમાં માસિક ૧૫૫૩૪ મે.ટન તથા એપીએલ કેટેગરીમાં ૩૭૬૬૮ મે.ટન અનાજના જથ્થાની ફાળવણી કરવા માટે. |
| | ૨૨–૬–૧૫ | એપ્રિલ–૧૫ થી સપ્ટે–૧૫ સુધી ભારત સરકારે કરેલ ફાળવણી મુજબ માર્ચ–૧૬ સુધી બીપીએલ, એપીએલ કેટેગરીમાં વધારાના અનાજના જથ્થાની ફાળવણી માટે. |
| | ૧૯–૮–૧૫ | દિવાળી તહેવારને ધ્યાનમાં રાખીને માર્ચ–૧૬ સુધી બીપીએલ, એપીએલ કેટેગરીમાં ભારત સરકારે અગાઉ એપ્રિલ–૧૫ થી સપ્ટે–૧૫ સુધી કરેલ ફાળવણી મુજબ વધારાના અનાજના જથ્થાની ફાળવણી માટે. |
| | ૧૮–૯–૧૫ | દિવાળી તહેવારને ધ્યાનમાં રાખીને માર્ચ–૧૬ સુધી બીપીએલ, એપીએલ કેટેગરીમાં ભારત સરકારે અગાઉ એપ્રિલ–૧૫ થી સપ્ટે–૧૫ સુધી કરેલ ફાળવણી મુજબ વધારાના અનાજના જથ્થાની ફાળવણી માટે. |
| | ૭–૧૧–૧૫ | બીપીએલ, એપીએલ કેટેગરીમાં વધારાના અનાજના જથ્થાની ફાળવણી માર્ચ–૧૬ સુધી ચાલુ રાખવા ભારત સરકારને જણાવ્યું. |
| ૨૦૧૫–૧૬ (૧–૪–૧૬ થી ૩૦–૧૧–૧૬) | ૨૩–૮–૧૬ | રાજ્યમાં ખોરાકમાં ચોખાનો વધુ ઉપયોગ થતો હોવાથી ઓગસ્ટ–૧૬ ની સ્થિતિએ ૮,૦૨,૧૩૨ એએવાય કાર્ડ તથા ૩,૧૫,૪૬,૩૬૧ અગ્રતા ધરાવતા લાભાર્થીઓને ધ્યાને લઇ એએવાયમાં ૨૫ કિ.ગ્રા. ઘઉં અને ૧૦ કિ.ગ્રા. ચોખા તથા અગ્રતા ધરાવતા કુટુંબોને ૩.૫૦૦ કિ.ગ્રા. ઘઉં અને ૧.૫૦૦ કિ.ગ્રા. ચોખાના વિતરણ–પ્રમાણ મુજબ અનાજના જથ્થાની ફાળવણી કરવા જણાવ્યું. |

(૨) પત્રક–૧ આ સાથે સામેલ છે.

પત્રક–૧

તા.૩૦–૧૧–૨૦૧૬ ની સ્થિતિએ કેન્દ્ર સરકાર તરફથી મળેલ બે વર્ષની યોજનાવાર અનાજ ફાળવણીની વિગતનું પત્રક

(આંકડા મે.ટનમાં)

| અ. નં. | વર્ષ | ઘઉં | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | અંત્યોદય | બીપીએલ | એપીએલ | કુલ |
| ૧ | ૧–૧૨–૧૪ થી ૩૦–૧૧–૧૫ (જાહેર વિતરણ વ્યવસ્થા) | નિયમિત ફાળવણી | ૧૭૫૬૫૨ | ૩૮૮૪૨૦ | ૭૯૬૪૪૦ | ૧૩૬૦૫૧૨ |
| | | એડહોક ફાળવણી | ૦ | ૭૭૫૬૮ | ૨૬૫૪૮૦ | ૩૪૩૦૪૮ |
| | | કુલ | ૧૭૫૬૫૨ | ૪૬૫૯૮૮ | ૧૦૬૧૯૨૦ | ૧૭૦૩૫૬૦ |
| ૨ (અ) | ૧–૧૨–૧૫ થી ૩૧–૩–૧૬ (જાહેર વિતરણ વ્યવસ્થા) | નિયમિત ફાળવણી | ૫૯૦૪૪ | ૧૨૮૯૮૦ | ૨૬૫૪૮૦ | ૪૫૩૫૦૪ |
| | | એડહોક ફાળવણી | ૦ | ૩૮૭૮૪ | ૧૩૨૭૪૦ | ૧૭૧૫૨૪ |
| | | કુલ | ૫૯૦૪૪ | ૧૬૭૭૬૪ | ૩૯૮૨૨૦ | ૬૨૫૦૨૮ |
| ૨ | ૧–૪–૧૬ થી ૩૦–૧૧–૧૬ (રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩) | | અંત્યોદય | અગ્રતા ધરાવતા કુટુંબો | | |
| | | નિયમિત ફાળવણી | ૧૭૬૫૧૧ | ૯૫૪૮૯૧ | | ૧૧૩૧૪૦૨ |

| અ. નં. | વર્ષ | | ચોખા | | | |
|---|---|---|---|---|---|---|
| | | | અંત્યોદય | બીપીએલ | એપીએલ | કુલ |
| ૧ | ૧-૧૨-૧૪ થી ૩૦-૧૧-૧૫ (જાહેર વિતરણ વ્યવસ્થા) | નિયમિત ફાળવણી | ૧૪૭૯૯૬ | ૧૭૮૩૮૦ | ૦ | ૩૨૬૩૭૬ |
| | | એડહોક ફાળવણી | ૦ | ૯૨૯૪૭ | ૧૫૦૬૭૫ | ૨૪૩૬૨૨ |
| | | કુલ | ૧૪૭૯૯૬ | ૨૭૧૩૨૭ | ૧૫૦૬૭૫ | ૫૬૯૯૯૮ |
| ૨ (અ) | ૧-૧૨-૧૫ થી ૩૧-૩-૧૬ (જાહેર વિતરણ વ્યવસ્થા) | નિયમિત ફાળવણી | ૪૯૭૨૦ | ૫૯૦૭૨ | ૦ | ૧૦૮૭૯૨ |
| | | એડહોક ફાળવણી | ૦ | ૧૫૪૦૪ | ૦ | ૧૫૪૦૪ |
| | | કુલ | ૪૯૭૨૦ | ૭૪૪૭૬ | ૦ | ૧૨૪૧૯૬ |
| ૨ | ૧-૪-૧૬ થી ૩૦-૧૧-૧૬ (રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩) | | અંત્યોદય | અગ્રતા ધરાવતા કુટુંબો | | |
| | | નિયમિત ફાળવણી | ૪૭૦૭૮ | ૨૫૭૬૬૯ | | ૩૦૪૭૪૭ |

--------

કેન્દ્ર સરકાર દ્વારા અંત્યોદય યોજના હેઠળ ફાળવવામાં આવતા અનાજનો જથ્થો

અતારાંકિતઃ ૧૧૫૮૩ (૧૯-૧-૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) કેન્દ્ર સરકાર દ્વારા અંત્યોદય યોજના હેઠળ ફાળવવામાં આવતા અનાજના જથ્થામાંથી તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યને કેટલો અનાજનો જથ્થો કેન્દ્ર સરકારે ફાળવ્યો, અને

(૨) ઉક્ત ફાળવેલ અનાજના જથ્થામાંથી રાજ્ય સરકારે ઉક્ત વર્ષવાર કેટલો જથ્થો ઉપાડ્યો ?

અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી : (૨૧-૨-૨૦૧૭)

(૧) કેન્દ્ર સરકાર દ્વારા અંત્યોદય યોજના હેઠળ ફાળવવામાં આવતા અનાજના જથ્થામાંથી તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યને જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ કેન્દ્ર સરકારે અંત્યોદય યોજના હેઠળ વર્ષવાર ફળવાયેલ જથ્થાની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | ફાળવણી (આંકડા મે.ટન) | | |
|---|---|---|---|
| | ઘઉં | ચોખા | કુલ |
| ૨૦૧૧-૧૨ (૧-૧૨-૧૧ થી ૩૦-૧૧-૧૨) | ૧૮૪૪૭૬ | ૧૫૫૬૦૪ | ૩૪૦૦૮૦ |
| ૨૦૧૨-૧૩ (૧-૧૨-૧૨ થી ૩૦-૧૧-૧૩) | ૧૮૪૪૭૬ | ૧૫૫૬૦૪ | ૩૪૦૦૮૦ |
| ૨૦૧૩-૧૪ (૧-૧૨-૧૩ થી ૩૦-૧૧-૧૪) | ૧૭૬૬૨૦ | ૧૪૮૯૮૦ | ૩૨૫૬૦૦ |
| ૨૦૧૪-૧૫ (૧-૧૨-૧૪ થી ૩૦-૧૧-૧૫) | ૧૭૫૬૫૨ | ૧૪૭૯૯૬ | ૩૨૩૬૪૮ |
| ૨૦૧૫-૧૬ (૧-૧૨-૧૫ થી ૩૦-૧૧-૧૬) | ૫૯૦૪૪ | ૪૯૭૨૦ | ૧૦૮૭૬૪ |
| (૧-૪-૧૬ થી ૩૦-૧૧-૧૬) (રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩) | ૧૭૬૫૧૧ | ૪૭૦૭૮ | ૨૨૩૫૮૯ |
| કુલ | ૯૫૬૭૭૯ | ૭૦૪૯૮૨ | ૧૬૬૧૭૬૧ |

(૨) તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારે અંત્યોદય યોજના હેઠળ ઉપાડેલ અનાજનો જથ્થો નીચે મુજબ છે.

| વર્ષ | ઉપાડ (આંકડા મે.ટન) | | |
|---|---|---|---|
| | ઘઉં | ચોખા | કુલ |
| ૨૦૧૧-૧૨ (૧-૧૨-૧૧ થી ૩૦-૧૧-૧૨) | ૧૭૯૦૬૮ | ૧૪૭૭૦૫ | ૩૨૬૭૭૩ |
| ૨૦૧૨-૧૩ (૧-૧૨-૧૨ થી ૩૦-૧૧-૧૩) | ૧૮૪૪૭૬ | ૧૫૫૬૦૪ | ૩૪૦૦૮૦ |
| ૨૦૧૩-૧૪ (૧-૧૨-૧૩ થી ૩૦-૧૧-૧૪) | ૧૭૬૬૨૦ | ૧૪૮૮૧૫ | ૩૨૫૪૩૫ |
| ૨૦૧૪-૧૫ (૧-૧૨-૧૪ થી ૩૦-૧૧-૧૫) | ૧૭૫૫૮૪ | ૧૪૭૯૯૬ | ૩૨૩૫૮૦ |
| ૨૦૧૫-૧૬ (૧-૧૨-૧૫ થી ૩૦-૧૧-૧૬) | ૫૯૦૪૪ | ૪૯૭૨૦ | ૧૦૮૭૬૪ |
| (૧-૪-૧૬ થી ૩૦-૧૧-૧૬) (રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩) | ૧૭૬૫૧૧ | ૪૭૦૭૮ | ૨૨૩૫૮૯ |
| કુલ | ૯૫૧૩૦૩ | ૬૯૬૯૧૮ | ૧૬૪૮૨૨૧ |

--------

જુનાગઢ, ગીર સોમનાથ તથા અમરેલી જિલ્લામાં વન્ય જીવો માટે જોખમી ખુલ્લા કુવાઓ

અતારાંકિતઃ ૧૦૩૫૧ (૨૨-૧૧-૨૦૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

## અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) જુનાગઢ, ગીર સોમનાથ તથા અમરેલી જિલ્લામાં તા.૩૦ જુન–૨૦૧૬ની સ્થિતિએ સિંહો તથા રક્ષિત વન્ય જીવો માટે જોખમી એવા કેટલા ભયજનક ખુલ્લા કુવાઓ છે, અને

(૨) ઉક્ત તમામ ખુલ્લા કુવાઓને પેરાપેટ વોલથી સુરક્ષિત કરવા શું આયોજન કરવામાં આવ્યું છે,

વન મંત્રીશ્રી : (૨૨–૨–૨૦૧૭)

(૧) જુનાગઢ, ગીર સોમનાથ તથા અમરેલી જિલ્લામાં તા.૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા દશ વર્ષમાં સિંહો તથા રક્ષિત વન્ય જીવો માટે જોખમી અને ભયજનક એવા કુલ ૨૮,૬૭૮ કુવાઓ માટે સરકારની યોજના હેઠળ સહાય આપી સુરક્ષિત કરવામાં આવેલ છે. તા.૩૦ જુન–૨૦૧૬ની સ્થિતિએ ૨૦,૯૫૮ ખુલ્લા કુવાઓ છે

(૨) સરકારશ્રી દ્વારા આ અંગેની યોજના મુજબ ખુલ્લા કુવાઓ ઉપર પેરાપીટ દિવાલો બનાવવા માટે ખેડૂતોને સહાય આપવામાં આવે છે.

--------

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### સુરત જિલ્લામાં બારડોલી તાલુકાના જાંબલી ગામ પાસેથી મળેલ ખેરના લાકડાનો જથ્થો

અતારાંકિતઃ ૧૦૬૫૨ (૨૩-૧૧-૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) સુરત જિલ્લાના બારડોલી તાલુકાના જાંબલી ગામ પાસેથી પ્રતિબંધીત ખેરના લાકડાનો જથ્થો તા.૧૪-૧૦-૨૦૧૬ના રોજ મળી આવ્યો હતો તે હકીકત સાચી છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત ગુનામાં કેટલા આરોપીઓ છે અને સામે શી કાર્યવાહી કરવામાં આવી છે,

વન મંત્રીશ્રી : (૨૩-૨-૨૦૧૭)

(૧) આ બનાવ હકીકતમાં તા.૧૨-૧૦-૨૦૧૬ના રોજ તાપી જિલ્લાના ઉચ્છલ તાલુકાના જાંબલી રાઉન્ડ વિસ્તારમાં બનેલ છે, જ્યાંથી ખેર નં.૧૯, ઘ.મી.૦.૩૬૨ બિનવારસી મળી આવેલ છે.

(૨) આ અંગે નેશુ પશ્ચિમ રેંજના જાંબલી બીટના પ્રથમ ગુના રીપોર્ટ નં.૦૩/૨૦૧૬-૧૭ તા.૧૨-૧૦-૨૦૧૬ના રોજ ગુનો નોંધી મુદ્દામાલ જપ્ત કરવામાં આવેલ છે. સદર માલની અંદાજીત રકમ રૂ.૫૦૦૦/- જેટલી થાય છે.

સદર ગુના અંગે તપાસ કરતાં ગુનેગારો મળી આવેલ નથી. બિનવારસી મળી આવેલ માલ સોનગઢ રાણીઆંબા ડેપો ખાતે જમા કરવામાં આવેલ છે.

જેની ખાતા રાહે હરાજીથી નિકાલ કરવામાં આવશે.

--------

### મહેસાણા જિલ્લામાં પાકના રક્ષણ માટે કાંટાની તાર લગાવવાની મળેલ અરજીઓ

અતારાંકિતઃ ૧૦૬૭૧ (૨૩-૧૧-૨૦૧૬) શ્રી પ્રહલાદભાઈ પટેલ (વિજાપુર): માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૯-૧૬ની સ્થિતિએ છેલ્લા ચાર વર્ષમાં મહેસાણા જિલ્લામાં ખેડૂતોના પાક રક્ષણ માટે કાંટાની તાર લગાવવા માટે કેટલી અરજીઓ મળી,

(૨) તે અન્વયે વર્ષવાર કેટલી અરજીઓ મંજુર કરી નાણાકીય કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે?

વન મંત્રીશ્રી : (૨૨-૨-૨૦૧૭)

(૧) તા.૩૦-૯-૧૬ની સ્થિતિએ છેલ્લા ચાર વર્ષમાં કુલ ૧૦૧૭ અરજીઓ મળી

(૨)

| અ.નં | વર્ષ | મંજુર કરેલ અરજીઓની સંખ્યા | ચુકવવામાં આવેલી સહાયની રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ૦૧-૧૦-૨૦૧૨ થી ૩૦-૦૯-૨૦૧૩ | ૬૫ | ૧૧.૦૭ |
| ૨ | ૦૧-૧૦-૨૦૧૩ થી ૩૦-૦૯-૨૦૧૪ | ૧૧૩ | ૧૭.૭૧ |
| ૩ | ૦૧-૧૦-૨૦૧૪ થી ૩૦-૦૯-૨૦૧૫ | ૧૪૪ | ૪૩.૭૫ |
| ૪ | ૦૧-૧૦-૨૦૧૫ થી ૩૦-૦૯-૨૦૧૬ | ૫૦૧ | ૨૩.૧૨ |
| | કુલ | ૮૨૩ | ૯૫.૬૫ |

(૩) તા.૩૦-૦૯-૨૦૧૬ ના રોજ ૧૬૪ અરજીઓ પડતર છે. જ્યારે ૩૦ અરજીઓ નામંજુર કરવામાં આવેલ છે.

--------

### વિશ્વામિત્રી નદીના કિનારે ક્રોકોડાઈલ પાર્ક બનાવવા બાબત

અતારાંકિતઃ ૧૦૬૯૫ (૦૨-૧૨-૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર): માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) વડોદરા જિલ્લાની વિશ્વામિત્રી નદીના કિનારે ૬૬ એકર વિસ્તારમાં ક્રોકોડાઈલ પાર્ક બનાવવા સરકારે નિર્ણય કર્યો છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેની મુખ્ય વિગતો શી છે, અને

(૩) ઉક્ત કામગીરી તા. ૩૦ સપ્ટેમ્બર-૨૦૧૬ની સ્થિતિએ ક્યા તબક્કામાં છે અને ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે?

વન મંત્રીશ્રી : (૨૩-૨-૨૦૧૭)

(૧) હા, જી.

(૨) વડોદરા શહેરના મધ્યમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદીમાં મગરોનો વસવાટ છે, અને દિનપ્રતિ દિન મગરોની સંખ્યામાં વૃદ્ધિ થઈ રહી છે. છેલ્લા પાંચ વર્ષમાં મગર દ્વારા માનવ ઉપર હુમલાના કિસ્સાઓ નોંધાયા છે. જેથી વિશ્વામિત્રી નદીના મગરોના પ્રશ્નો યોગ્ય રીતે હલ કરવાની આવશ્યકતા જણાતાં, પર્યાવરણિય હિતોને જાળવી મગર અને માનવ ઘર્ષણ અટકે એના પ્રયત્ન માટે ક્રોકોડાઈલ પાર્ક બનાવવાની યોજના સરકારશ્રી દ્વારા મંજુર કરવામાં આવેલ છે અને આ માટે વિશ્વામિત્રી નદીના કિનારે આવેલ ૬૬ એકરની જમીન પર ક્રોકોડાઈલ પાર્ક તથા ગાર્ડન બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

(૩) તા.૩૦ સપ્ટેમ્બર-૨૦૧૬ ની સ્થિતિએ પ્રથમ તબક્કાની કામગીરીમાં જમીન મેળવવાની કામગીરીમાં જમીન મેળવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે અને મેળવેલ જમીન પર ડિમાર્કેશન કરી ફેન્સીંગ બનાવવાની કામગીરી પ્રગતિમાં છે. સદર પ્રોજેક્ટ માટે જરૂરીગ્રાન્ટ મંજૂર કરવામાં આવેલ છે.

વડોદરા મહાનગર પાલિકા દ્વારા ક્રોકોડાયલ પાર્કના માસ્ટર પ્લાનિંગની કામગીરી માટે સલાહકારની નિમણૂક કરવામાં આવેલ છે અને DPR બનાવવાની કામગીરી પ્રગતિમાં છે. DPR તૈયાર થયેથી પ્રોજેક્ટનો પૂર્ણ થવાનો સમયગાળો નક્કી થઈ શકે તેમ છે.

--------

ગ્રીન ઈન્ડિયા મીશન હેઠળ રાજ્ય સરકારને મળેલ રકમ

અતારાંકિતઃ ૧૧૨૮૬ (૦૭-૦૧-૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) ગ્રીન ઈન્ડિયા મીશન અંતર્ગત ભારત સરકાર તરફથી તા.૩૧-૧૧-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે?

વન મંત્રીશ્રી : (૨૩-૨-૨૦૧૭)

(૧) હા, જી.

(૨)

| વર્ષ | મળેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૨-૧૩ | ૧૩૧.૮૦ |
| ૨૦૧૩-૧૪ | ૦૦.૦૦ |
| ૨૦૧૪-૧૫ | ૦૦.૦૦ |
| ૨૦૧૫-૧૬ | ૧.૦૦ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૦-૧૧-૨૦૧૬ અંતિત) | ૧.૦૦ |

(૩)

| વર્ષ | ખર્ચ થયેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૨-૧૩ | ૧૧૪.૮૧ |
| ૨૦૧૩-૧૪ | ૯.૨૮ |
| ૨૦૧૪-૧૫ | ૦૦.૦૦ |
| ૨૦૧૫-૧૬ | ૦૦.૦૦ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૦-૧૧-૨૦૧૬ અંતિત) | ૦૦.૦૦ |

--------

બામ્બુ મિશન હેઠળ રાજ્ય સરકારને મળેલ રકમ

અતારાંકિતઃ ૧૧૨૮૭ (તા.૦૯-૦૧-૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) બામ્બુ મિશન હેઠળ ભારત સરકારશ્રી તરફથી તાઃ૩૦/૧૧/૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે કે કેમ,

(૨) જો હા તો, ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમા વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે?

વન મંત્રીશ્રી : (૨૩-૨-૨૦૧૭)

(૧) હા,જી.

(૨)

| અ.નં. | વર્ષ | મળેલ રકમ(રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૨-૧૩ | ૧૪૦.૦૦ |
| ૨ | ૨૦૧૩-૧૪ | ૩૦૩.૨૮ |
| ૩ | ૨૦૧૪-૧૫ | ૨૮૧.૩૦ |
| ૪ | ૨૦૧૫-૧૬ | ૪૭૬.૦૦ |
| ૫ | ૨૦૧૬-૧૭ ( તા.૩૦/૧૧/૨૦૧૬ અંતિત) | ૭૬.૩૫ |

(૩)

| અ.નં. | વર્ષ | ખર્ચ થયેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૨-૧૩ | ૧૬૬.૧૯ |
| ૨ | ૨૦૧૩-૧૪ | ૩૦૪.૨૭ |
| ૩ | ૨૦૧૪-૧૫ | ૩૧૨.૨૧ |
| ૪ | ૨૦૧૫-૧૬ | ૪૮૨.૬૦ |
| ૫ | ૨૦૧૬-૧૭ ( તા.૩૦/૧૧/૨૦૧૬ અંતિત) | ૭૬.૩૫ |

--------

નેશનલ મિશન ઓન આયુષ યોજના અંતર્ગત ભારત સરકાર તરફથી મળેલ રકમ

અતારાંકિતઃ ૧૧૨૦૭ (૧૬-૦૧-૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) નેશનલ મીશન ઓન આયુષ યોજના અંતર્ગત ભારત સરકાર તરફથી તા.૩૦/૧૧/૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા ૫ વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા ૫ વર્ષમાં (વર્ષવાર) કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

આરોગ્ય મંત્રીશ્રી(રાજ્યકક્ષા) : (૨૩-૦૨-૨૦૧૭)

(૧) હા,

(૨) છેલ્લા પાંચ વર્ષમા વર્ષવાર મળેલ રકમ (રૂ. લાખમાં)

| | |
|---|---|
| ૨૦૧૨-૧૩ | ૦.૦૦ |
| ૨૦૧૩-૧૪ | ૦.૦૦ |
| ૨૦૧૪-૧૫ | ૩૩૨.૩૯ |
| ૨૦૧૫-૧૬ | ૭૯૨.૬૯ |
| ૨૦૧૬-૧૭ | ૧૪૪૦.૬૮ |

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર કરેલ ખર્ચની રકમ(રૂ. લાખમાં)

| | |
|---|---|
| ૨૦૧૨-૧૩ | ૦.૦૦ |
| ૨૦૧૩-૧૪ | ૦.૦૦ |
| ૨૦૧૪-૧૫ | ૦.૦૦ |
| ૨૦૧૫-૧૬ | ૩૫૧.૯૯ |
| ૨૦૧૬-૧૭ | ૧૦૨૫.૮૩ |

--------

રાજ્યમાં આવેલ કામદાર વીમા યોજના હસ્તકની હોસ્પિટલોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ

અતારાંકિતઃ ૧૧૪૮૬ (૨૧-૦૧-૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં કામદાર વિમા યોજના હસ્તકની આઠ હોસ્પિટલો આવેલી છે તે હકીકત તા.૩૦/૧૧/૨૦૧૬ની સ્થિતિએ સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત હોસ્પિટલો કઈ જગ્યાએ કાર્યરત છે અને તેનુ સંવર્ગવાર મંજુર મહેકમ કેટલું છે,

(૩) ઉક્ત સ્થિતએ તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે ?

આરોગ્ય મંત્રીશ્રી(રાજ્ય કક્ષા) : (૨૨–૨–૨૦૧૭)

(૧) હા.

(૨) કામદાર વિમા યોજના હસ્તકની હોસ્પિટલો અમદાવાદ, કલોલ, વડોદરા, સુરત, અંકલેશ્વર,રાજકોટ,જામનગર અને ભાવનગર ખાતે કાર્યરત છે અને હોસ્પિટલોનુ સંવર્ગવાર મંજૂર મહેકમ નીચે મુજબ છે.

| સંવર્ગ | મંજૂર થયેલ જગ્યા |
|---|---|
| વર્ગ–૧ | ૬૩ |
| વર્ગ–૨ | ૯૮ |
| વર્ગ–૩ | ૩૩૭ |
| વર્ગ–૪ | ૨૬૮ |

(૩) ખાલી જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

| સંવર્ગ | ખાલી જગ્યા |
|---|---|
| વર્ગ–૧ | ૧૭ |
| વર્ગ–૨ | ૩૩ |
| વર્ગ–૩ | ૧૧૯ |
| વર્ગ–૪ | ૬૦ |

(૪) જે તે સંવર્ગ માટે યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

--------

પોલીસ તંત્રના આધુનિકીકરણ માટે કેન્દ્ર સરકાર સમક્ષ ગાન્ટની માગણી

અતારાંકિતઃ ૧૧૪૦૩ (૦૭–૦૧–૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦/૧૧/૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારે પોલીસ તંત્રના આધુનિકરણ માટે કેન્દ્ર સરકાર પાસે વર્ષવાર કેટલી રકમની ગ્રાન્ટની માગણી કરવામાં આવી,

(૨) તે પૈકી વર્ષવાર કેટલી રકમની ગ્રાન્ટ કેન્દ્ર સરકારે રાજ્ય સરકાર ને ફાળવી,

(૩) તે પૈકી વર્ષવાર કેટલી રકમનો ખર્ચ થયો ?

મુખ્ય મંત્રીશ્રી(ગૃહ) : (૨૩–૨–૨૦૧૭)

(૧) તા.૩૦/૧૧/૨૦૧૬ની સ્થિતિએ પુરા થતા છેલ્લા પાંચ નાણાંકીય વર્ષમાં વર્ષવાર પોલીસ તંત્રના આધુનિકરણ માટે કેન્દ્ર સરકાર પાસે નીચે મુજબની ગ્રાન્ટની માંગણી કરવામાં આવી

| વર્ષ | ગ્રાન્ટની માંગણી કરવામાં આવી. |
|---|---|
| ૨૦૧૧–૧૨ | રૂ.૮૭.૫૭ કરોડ |
| ૨૦૧૨–૧૩ | રૂ.૯૭.૧૯ કરોડ |
| ૨૦૧૩–૧૪ | રૂ.૮૫.૬૦૮ કરોડ |
| ૨૦૧૪–૧૫ | રૂ.૭૨.૭૨ કરોડ |
| ૨૦૧૫–૧૬ | રૂ.૨૮.૪૬ કરોડ |

(૨) તે પૈકી વર્ષવાર નીચે મુજબની ગ્રાન્ટ કેન્દ્ર સરકારે રાજ્ય સરકારને ફાળવી.

| વર્ષ | કેન્દ્ર સરકારે રાજ્ય સરકારને ફાળવેલ ગ્રાન્ટ |
|---|---|
| ૨૦૧૧–૧૨ | રૂ.૩૩.૨૩ કરોડ |
| ૨૦૧૨–૧૩ | રૂ.૧૨.૯૯ કરોડ |
| ૨૦૧૩–૧૪ | રૂ.૭૮.૪૩ કરોડ |
| ૨૦૧૪–૧૫ | રૂ.૭૨.૬૫ કરોડ |
| ૨૦૧૫–૧૬ | રૂ.૨૨.૪૭ કરોડ |

(૩) તે પૈકી વર્ષવાર નીચે મુજબ રકમનો ખર્ચ થયેલ છે.

| વર્ષ | રકમનો ખર્ચ થયેલ |
|---|---|
| ૨૦૧૧-૧૨ | રૂ.૩૩.૨૩ કરોડ |
| ૨૦૧૨-૧૩ | રૂ.૧૨.૯૯ કરોડ |
| ૨૦૧૩-૧૪ | રૂ.૭૮.૪૩ કરોડ |
| ૨૦૧૪-૧૫ | રૂ.૭૨.૬૫ કરોડ |
| ૨૦૧૫-૧૬ | રૂ.૧૩.૬૦ કરોડ |

--------

રાજ્યમાં પ્લેન અને હેલીકોપ્ટરના મેઈન્ટનન્સ, પાઈલોટ અને અન્ય સ્ટાફ માટેનો ખર્ચ બાબત

(૨) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે?

નાયબ મુખ્ય મંત્રીશ્રી(શહેરી વિકાસ): (૨૨-૦૨-૨૦૧૭)

(૧) સૌ માટે આવાસ યોજના (એમ.ઓ.પી.એચ.યુ.એ.) અંતર્ગત ભારત સરકાર તરફથી યોજનાની જાહેરાત ૨૫ જુન-૨૦૧૫ નાં રોજ કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત ભારત સરકાર તરફથી રાજ્ય સરકારને વર્ષવાર મળેલ રકમ નીચે મુજબ છે.

| વર્ષ | મળેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૫-૧૬ | ૧૦૧૧૪.૮૮ |
| ૨૦૧૬-૧૭ | ૩૫૩૨૧.૯૬ |

(૨) મળેલ રકમ પૈકી વર્ષવાર નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

| વર્ષ | ખર્ચ કરવામાં આવેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૫-૧૬ | ૮૮૩૮.૬૦ |
| ૨૦૧૬-૧૭ | ૧૧૮૮૧.૦૦ |

--------

### જવાહરલાલ નેહરુ અર્બન રીન્યુયલ મિશન અન્વયે કેન્દ્ર સરકાર પાસે કરેલ ગ્રાન્ટની માગણી

અતારાંકિતઃ ૧૧૪૫૮ (૧૬-૦૧-૨૦૧૭) ડૉ.તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી(શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં જવાહરલાલ નેહરુ અર્બન રીન્યુયલ મિશન અંતર્ગત કેન્દ્ર સરકાર પાસેથી રાજ્ય સરકાર દ્વારા કેટલી ગ્રાન્ટની માંગણી કરવામાં આવી, અને

(૨) તે પૈકી ઉક્ત વર્ષવાર કેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી?

નાયબ મુખ્ય મંત્રીશ્રી(શહેરી વિકાસ) : (૨૨-૦૨-૨૦૧૭)

(૧) છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને નીચે મુજબની રકમની માંગણી કરવામાં આવેલ છે.

| વર્ષ | રકમ (રૂ.કરોડમાં) |
|---|---|
| ૨૦૧૨-૧૩ | ૧૭૮.૪૬ |
| ૨૦૧૩-૧૪ | ૧૯૧.૫૫ |
| ૨૦૧૪-૧૫ | ૦ |
| ૨૦૧૫-૧૬ | ૫૨.૫૭ |
| ૨૦૧૬-૧૭(તા.૩૦.૧૧.૨૦૧૬) | ૨૮.૩૩ |

(૨) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર થયેલ ફાળવણી નીચે મુજબ છે.

| વર્ષ | રકમ (રૂ.કરોડમાં) |
|---|---|
| ૨૦૧૨-૧૩ | ૧૭૮.૪૬ |
| ૨૦૧૩-૧૪ | ૧૯૧.૫૫ |
| ૨૦૧૪-૧૫ | ૦ |
| ૨૦૧૫-૧૬ | ૦ |
| ૨૦૧૬-૧૭ (તા.૩૦.૧૧.૨૦૧૬) | ૫૨.૫૭ |

--------

રાજીવ ગાંધી ખેલ અભિયાન હેઠળ રાજ્યને મળેલ રકમ

અતારાંકિતઃ ૧૧૨૨૬ (૧૬-૦૧-૨૦૧૭) ડો.તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજીવ ગાંધી ખેલ અભિયાન હેઠળ ભારત સરકાર તરફથી તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઇ રકમ મળેલ છે.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે?

રમતગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા): (૨૧-૦૨-૨૦૧૭)

(૧) હા જી

ખંડ (૨)અને(૩) પંચાયત યુવા ક્રિડા અને ખેલ અભિયાન હેઠળ ભારત સરકાર તરફથી તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ મળેલ ગ્રાન્ટ અને થયેલ ખર્ચ વાઇઝ નીચે દર્શાવ્યા મુજબ છે. તા.૦૧/૦૪/૨૦૧૪થી આ યોજના રિવાઇઝ્ડ થઇને 'રાજીવ ગાંધી ખેલ અભિયાન' (RGKA) ના નામથી શરૂ કરવામાં આવેલ.

| વર્ષ | મળેલ રકમ | થયેલ ખર્ચ |
|---|---|---|
| ૨૦૧૨-૧૩ | ૩.૩૦ લાખ | ૨.૫૧ લાખ |
| ૨૦૧૩-૧૪ | શૂન્ય | શૂન્ય |
| ૨૦૧૪-૧૫ | ૫.૮૩ લાખ | ૫.૩૮ લાખ |
| ૨૦૧૫-૧૬ | શૂન્ય | શૂન્ય |
| તા.૩૦.૧૧.૨૦૧૬ ની સ્થિતિએ | શૂન્ય | શૂન્ય |

--------

કલાકાર કલ્યાણનિધિ ફંડમાંથી નિવૃત્ત કલાકારને ફાળવવાની સહાય

અતારાંકિતઃ ૧૧૫૦૧ (૨૧-૧-૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યના યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા કલાકાર કલ્યાણનિધિ ફંડમાંથી પ્રત્યેક નિવૃત્ત કલાકારને કેટલી રકમની સહાય ચુકવવામાં આવે છે?

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કુલ કેટલા નિવૃત્ત કલાકારો નોંધાયેલ છે, અને

(૩) ઉક્ત નિવૃત્ત કલાકારોને ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચુકવવામાં આવે છે અને ઉક્ત આપવામાં આવતી સહાયની રકમ ઉક્ત સ્થિતિએ છેલ્લે ક્યારે નક્કી કરવામાં આવેલ છે?

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ મંત્રીશ્રી(રાજ્યકક્ષા): (૨૧-૨-૨૦૧૭)

## ૩૦મી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક– સનન–૧૦૮૦–૨૯૩૦૨–૮૨–વ અને શિક્ષણ વિભાગના તા.૧૬/૦૬/૧૯૮૨ ના ઠરાવની જોગવાઇ મુજબ રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ હેઠળના કલાકાર કલ્યાણ નિધિ ફંડમાંથી નિયત કરેલ કારણો માટે માંગેલ સહાયના ૫૦% સુધીની સહાય ચુકવવામાં આવે છે.

(૨) ઉક્ત સ્થિતિએ કુલ–૨૨ (બાવીસ) કલાકારોને સહાય ચુકવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ નિયમાનુસારની ચકાસણી બાદ માંગેલ સહાયતાના ૫૦% રકમની સહાય ચુકવવામાં આવે છે અને શિક્ષણ વિભાગના તા.૧૬/૦૬/૧૯૮૨ના ઠરાવ ક્રમાંક સનન:૧૦૮૦–૨૯૩૦૨–૮૨–વ થી સહાયની રકમ નક્કી કરવામાં આવેલ છે.

---------

પોરબંદરના બરડા ડુંગરમાં આવેલ રક્ષિત સ્મારક "સોન કંસારી" ની સાર સંભાળ માટે ફાળવવાની ગ્રાન્ટ

અતારાંકિતઃ ૧૧૬૩૦ (૧૬–૦૧–૨૦૧૭) શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા): માનનીય યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના રાજ્યકક્ષાના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) પોરબંદરના બરડા ડુંગરમાં આવેલ રક્ષિત સ્મારક "સોન કંસારી" તા.૩૧મી ઓક્ટોબર ૨૦૧૬ની સ્થિતિએ ખંડેર હાલતમાં છે, કોઈ જ સારસંભાળ લેવાતી નથી, ચોકીદાર નથી, દિવાલો જર્જરીત હાલતમાં છે, ૧૩ મંદિરોમાંથી ફક્ત ૬ મંદિરોજ બચી શક્યા છે, આજુબાજુ ઝાડી–ઝાખર ઉગી નીકળ્યા છે, તે હકીકત સાચી છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્મારક પાછળ સને ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ માં કેટલી ગ્રાંટ ફાળવાઈ અને તેનો કઈ બાબતમાં ખર્ચ થયો, અને

(૩) ઉક્ત સ્મારકની પુરી સુરક્ષા કરવા અને યોગ્ય આયોજન માટે શી વ્યવસ્થા છે ?

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨૧–૨–૨૦૧૭)

(૧) રક્ષિત સ્મારક "સોન કંસારી" ની સાર સંભાળ લેવાતી નથી તે વાત ખરી નથી. આ સ્મારક જંગલ વિસ્તાર હોવાથી, ચોમાસા દરમ્યાન કુદરતી રીતે ઝાડી–ઝાખરા ઉગી નીકળતા હોય છે, જેની દર વર્ષ સાફ સફાઈ કરવામાં આવે છે. તમામ ૧૩ મંદિરો યથાવત સ્થિતિમાં છે.

(૨) વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ માં કોઈ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ નથી.

(૩) બરડા ડુંગરની તળેટીમાં ઘુમલી સ્મારક સમુહ માટે એક કાયમી પુરાતત્વ સ્મારક ચોકીદાર છે, આ ઉપરાંતના સ્મારક માટે અન્ય એક વધુ સ્મારક ચોકીદારની ફાળવણી આઉટસોર્સથી ચાલુ વર્ષમાં મુકવાની વ્યવસ્થા પુર્ણ કરવા રાજકોટ વર્તુળ કચેરીને જણાવવામાં આવેલ છે, આ ઉપરાંત સ્મારક સંભાળની ગ્રાન્ટ ઈન એઈડ યોજના અંતર્ગત આપવામાં આવેલ જાહેરાતના અનુંસંધાને જે તે સેવાભાવી સંસ્થાને જરૂરી નાણાકિય સહાય પણ આપવામાં આવશે અને સ્મારકની સાફ–સફાઈ જાળવણી કરવામાં આવશે.

---------

કે.જી. બેઝીનમાંથી મળતા ગેસનું વ્યવસાયિક ઉત્પાદન

અતારાંકિતઃ ૧૦૭૪૦ (૧૩–૧–૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦/૧૧/૨૦૧૬ ની સ્થિતિએ કે.જી. બેઝીનમાંથી ગેસનું વ્યવસાયિક ઉત્પાદન શરૂ થયું નથી, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેના મુખ્યત્વે કારણો શા છે?

નાયબ મુખ્ય મંત્રીશ્રી ( પેટ્રોકેમિકલ્સ) : (૨૩–૨–૨૦૧૭)

(૧) તા.૩૦/૧૧/૨૦૧૬ ની સ્થિતિએ કે.જી. બેઝીનમાંથી ગેસનું વ્યવસાયિક ઉત્પાદન શરૂ થયું નથી, તે હકીકત સાચી છે,

(૨) ગેસનું વ્યવસાયિક ઉત્પાદન શરૂ નહી થવાના મુખ્ય કારણો નિચે મુજબ છે. :–

(૧) કે. જી.બેઝીન એ ડીપ.સી(Deep sea) બ્લોક છે. જે એન્જિનિયરીંગ દ્રષ્ટિએ ખુબ જ મુશ્કેલ ભર્યુ (Complicate) અને સાથે ઉચ્ચ તાપમાન તથા દબાણ ધરાવે છે. જે લગભગ ૪૦૦ ડીગ્રી ફેરનહીટ –F અને ૧૨૦૦૦ psi- દબાણવાળો બ્લોક હોવાથી–ઇજનેરી કામગીરી કરવામાં પણ ઘણો સમય લાગતો હોય છે, જે એક મુખ્ય કારણ છે.

(૨) આ ઉપરાંત મધ્ય દરીયે (ડીપ.સી) ઓફશોર ફીલ્ડ હોવાથી વાતાવરણ અને અન્ય ભૌગોલિક પરિબળોના કારણે પણ કામગીરી કરવામાં વધારે સમય લાગે છે.

---------

કે.જી. બેઝીનમાંથી ગેસનું વ્યવસાયિક ઉત્પાદન બાબત

અતારાંકિતઃ ૧૧૬૭૯ (૧૬–૦૧–૨૦૧૭) શ્રી શૈલેશભાઈ પરમાર (દાણી લીમડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

## અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) તા.૩૦/૧૧/૨૦૧૬ ની સ્થિતિએ કે.જી. બેઝીનમાંથી ગેસનું વ્યવસાયિક ઉત્પાદન શરૂ થયું નથી, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેના મુખ્યત્વે કારણો શા છે?

નાયબ મુખ્ય મંત્રીશ્રી (પેટ્રોકિમિકલ્સ ) : (૨૧–૨–૨૦૧૭)

(૧) તા.૩૦/૧૧/૨૦૧૬ ની સ્થિતિએ કે.જી. બેઝીનમાંથી ગેસનું વ્યવસાયિક ઉત્પાદન શરૂ થયું નથી, તે હકીકત સાચી છે.

(૨) ગેસનું વ્યવસાયિક ઉત્પાદન શરૂ નહી થવાના મુખ્ય કારણો નીચે મુજબ છે. :–

(૧) કે. જી.બેઝીન એ ડીપ.સી(Deep sea) બ્લોક છે. જે એન્જિનિયરીંગ દ્રષ્ટિએ ખુબ જ મુશ્કેલ ભર્યુ (Complicate) અને સાથે ઉચ્ચ તાપમાન તથા દબાણ ધરાવે છે, જે લગભગ ૪૦૦ ડીગ્રી ફેરનહીટ –F અને ૧૨૦૦૦ psi- દબાણવાળો બ્લોક હોવાથી–ઈજનેરી કામગીરી કરવામાં પણ ઘણો સમય લાગતો હોય છે. જે એક મુખ્ય કારણ છે.

(૨) આ ઉપરાંત મધ્ય દરીયે (ડીપ.સી) ઓફશોર ફીલ્ડ હોવાથી વાતાવરણ અને અન્ય ભૌગોલિક પરિબળોના કારણે પણ કામગીરી કરવામાં વધારે સમય લાગે છે.

--------

### વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગમાં અધિકારીઓ અને કર્મચારીઓને નિવૃત્તિ બાદ પુન:નિમણૂંક

અતારાંકિતઃ ૧૧૫૬૮ (૧૯–૦૧–૨૦૧૬) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦/૧૧/૨૦૧૬ ની સ્થિતિએ રાજ્યના વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગમાં કેટલા અધિકારીઓ અને કર્મચારીઓ નિવૃત્તિ બાદ કરાર આધારીત નિમણૂંક અન્વયે કેટલા સમયથી ફરજો બજાવે છે, અને

છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જગ્યાઓ કાયમી અધિકારી/કર્મચારીથી નહી ભરવાના મુખ્યત્વે શા કારણો છે?

ઉપર્યુક્ત પ્રશ્નોનો નીચે પ્રમાણે પ્રત્યુત્તર પાઠવવાનો થાય છે.

વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી : (૨૨–૨–૨૦૧૭)

(૧) વિભાગમાં તા.૩૦/૧૧/૨૦૧૬ ની સ્થિતિએ નીચે મુજબના અધિકારી/કર્મચારીઓ નિવૃત્તિ બાદ કરાર આધારીત નિમણૂંક અન્વયે ફરજ બજાવે છે.

વર્ગ –૧

(૧) સચિવશ્રી ( સંસદીય બાબતો) ૨ વર્ષ ૧૦ મહિના ૨૪ દિવસ

(૨) સંયુક્ત સચિવશ્રી ૧ વર્ષ ૯ મહિના ૨૪ દિવસ

(૩) નાયબ સચિવશ્રી ૪(ચાર) અનુક્રમે :–

(૧) ૭ વર્ષ

(૨) ૪ વર્ષ ૧૦ મહિના ૧૬ દિવસ

(૩) ૨ વર્ષ

(૪) ૧ વર્ષ ૫ મહિના ૨૨ દિવસ

વર્ગ – ૨

(૪) સ્ટેનોગ્રાફર ૨(બે) અને સે.અ.અધિકારી અનુક્રમે:–

(૧) ૯ વર્ષ ૪ મહિના ૨૯ દિવસ

(૨) ૧ મહિના ૧૬ દિવસ

(૩) સેક્શન અધિકારીશ્રી ૧ વર્ષ ૯ મહિના ૨૪ દિવસ

વર્ગ – ૩

(૫) નાયબ સેક્શન અધિકારીશ્રી ૫ મહિના

(૨) સચિવાલય સામાન્ય સંવર્ગની જગ્યાઓ સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ફાળવણી થયા મુજબ ભરવામાં આવે છે. આ જગ્યાઓ ભરવા માટે આ વિભાગ તરફથી સા.વ.વિ. ને સમયાંતરે પત્ર પાઠવવામાં આવે છે.

પ્રસ્તુત બાબતે કાયદા વિભાગ પાસેથી માહિતી માંગવામાં આવતાં કાયદા વિભાગ તરફથી પુરી પાડવામાં આવેલ માહિતી મુજબ કાયદાકીય બાજુની ભરતી સંબંધિત ભરતી નિયમો અને વહીવટી પ્રક્રિયા મુજબ કાયદાકીય સંવર્ગની જગ્યાઓ બઢતી અને સીધી ભરતીથી ભરાતી હોય છે જે કાર્યવાહી ચાલુ છે.

--------

### વાહનવ્યવહાર પ્રભાગ અને તાબાની કચેરીઓમાં ખાલી જગ્યાઓ

અતારાંકિતઃ ૧૧૧૪૬ (૦૩–૦૧–૨૦૧૭) શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર): માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : જણાવવા કૃપા કરશે કે.–

## ૩૦મી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નોત્તરી

૧) તા.૩૦/૧૧/૨૦૧૬ ની સ્થિતિએ રાજ્યના વાહનવ્યવહાર પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજુર મહેકમ કેટલું છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે અને ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધી ભરવામાં આવશે?

વાહનવ્યવહાર મંત્રીશ્રી(રાજ્યકક્ષા) : (૦૧-૩-૨૦૧૭)

ખંડ (૧),(૨) અને (૩) સામેલ પત્રક મુજબ

પત્રક

તા.૩૧/૧૧/૨૦૧૬ની સ્થિતિએ રાજ્યનાં વાહન-વ્યવહાર પ્રભાગમાં સંવર્ગવાર મંજુર, ભરાયેલ અને ખાલી જગ્યાઓ દર્શાવતું કોષ્ટક:૧

| ક્રમ | હોદ્દો | વર્ગ | મંજુર થયેલ મહેકમ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|---|---|
| ૧. | અગ્ર-સચિવ | ૧ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૨. | નાયબ સચિવ | ૧ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૩. | ઉપસચિવ | ૧ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૪. | સેક્શન અધિકારી(SO) | ૨ | ૦૨ | ૦૦ | ૦૨ |
| ૫. | નાયબ સેક્શન અધિકારી | ૩ | ૦૮ | ૦૪ | ૦૪ |
| ૬. | ગુજરાતી સ્ટેનો ગ્રેડ-૨ | ૩ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૭. | ઑફિસ આસિસ્ટન્ટ | ૩ | ૦૨ | ૦૨ | ૦૦ |
| ૮. | પટાવાળા | ૪ | ૦૨ | ૦૨ | ૦૦ |
| | | કુલ | ૧૮ | ૧૨ | ૦૬ |

તા.૩૦/૧૧/૨૦૧૬ની સ્થિતિએ રાજ્યનાં વાહન-વ્યવહાર પ્રભાગનાં તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજુર, ભરાયેલ અને ખાલી જગ્યાઓ દર્શાવતું કોષ્ટક:૨

| ક્રમ | સંવર્ગનું નામ | વર્ગ | મંજુર થયેલ મહેકમ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|---|---|
| ૧ | વાહન વ્યવહાર કમિશ્નર | ૧ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૨ | સંયુક્ત વાહન વ્યવહાર નિયામક | ૧ | ૦૨ | ૦૦ | ૦૨ |
| ૩. | ખાસ ફરજ પરના અધિકારી | ૧ | ૦૨ | ૦૨ | ૦૦ |
| ૪ | નાયબ વાહન વ્યવહાર નિયામક | ૧ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૫ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૧ | ૧૪ | ૦૨ | ૧૨ |
| ૬ | હિસાબી અધિકારી | ૧ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૭ | સહા. પ્રાદેશિક વાહન વ્યવહાર અધિ. | ૨ | ૭૪ | ૧૦ | ૬૪ |
| ૮ | સહાયક વાહન વ્યવહાર નિયામક | ૨ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૯ | મોટર વાહન પ્રોસીક્યુટર | ૨ | ૧૦ | ૦૨ | ૦૮ |
| ૧૦ | વહીવટી અધિકારી | ૨ | ૧૩ | ૦૦ | ૧૩ |
| ૧૧ | મોટર વાહન નિરીક્ષક | ૨ | ૩૦૦ | ૮૯ | ૨૧૧ |
| ૧૨ | સંશોધન અધિકારી | ૨ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૧૩ | મામલતદાર | ૨ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૧૪ | રહસ્ય સચિવ | ૨ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૧૫ | હિસાબી અધિકારી | ૨ | ૦૫ | ૦૨ | ૦૩ |
| ૧૬ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૩ | ૩૯૪ | ૨૫૫ | ૧૬૯ |
| ૧૭ | જનસંપર્ક અધિકારી | ૩ | ૩૦ | ૧૭ | ૧૩ |
| ૧૮ | હેડ કલાર્ક | ૩ | ૯૯ | ૭૯ | ૨૦ |
| ૧૯ | સીનીયર કલાર્ક | ૩ | ૨૦૮ | ૧૪૨ | ૬૬ |
| ૨૦ | જુનીયર કલાર્ક | ૩ | ૬૫૧ | ૩૯૭ | ૨૫૪ |
| ૨૧ | સ્ટેનો ગ્રેડ-૨ | ૩ | ૦૩ | ૦૧ | ૦૨ |
| ૨૨ | સ્ટેનો ગ્રેડ-૩ | ૩ | ૦૧ | ૦૧ | ૦૦ |

અતારાંકિત પ્રશ્નોત્તરી

| ક્રમ | સંવર્ગનું નામ | વર્ગ | મંજુર થયેલ મહેકમ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|---|---|
| ૨૩ | હિસાબનીશ | ૩ | ૨૬ | ૧૧ | ૧૫ |
| ૨૪ | ઓડીટર | ૩ | ૦૩ | ૦૨ | ૦૧ |
| ૨૫ | સબ ઓડીટર | ૩ | ૪૮ | ૧૦ | ૩૮ |
| ૨૬ | સર્કલ ઓફીસર | ૩ | ૨૮ | ૧૨ | ૧૬ |
| ૨૭ | સંશોધન મદદનીશ | ૩ | ૦૭ | ૦૭ | ૦૦ |
| ૨૮ | આંકડા મદદનીશ | ૩ | ૩૩ | ૧૧ | ૨૨ |
| ૨૯ | ડ્રાઈવર | ૩ | ૪૨ | ૦૩ | ૩૯ |
| ૩૦ | નાયક | ૪ | ૨૦ | ૦૯ | ૧૧ |
| ૩૧ | પટાવાળા | ૪ | ૧૭૯ | ૧૨૩ | ૫૬ |
| ૩૨ | વોચમેન | ૪ | ૧૧ | ૦૪ | ૦૭ |
| | કુલ– | | ૨૨૧૦ | ૧૧૬૪ | ૧૦૪૬ |

જગ્યાઓ ખાલી થવાની પ્રક્રિયા તથા ભરવાની પ્રક્રિયા નિરંતર ચાલુ રહેતી પ્રક્રિયા છે, તેથી ભરતી પ્રક્રીયા અનુસાર તથા વહીવટી અનુકુળતાએ બાકીની ખાલી રહેતી જગ્યાઓ ભરવામાં આવશે.

અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | કૃષિ અને સહકાર વિભાગ | ૧૧૧૭૭ | ૦૧ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૧૦૧૩૪ | ૦૧ |
| ૩ | નાણા વિભાગ | ૧૦૯૦૫, ૧૧૪૪૩, ૧૧૪૪૮ | ૦૩ |
| ૪ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૧૧૫૮૦, ૧૧૫૮૩ | ૦૨ |
| ૫ | વન અને પર્યાવરણ વિભાગ | ૧૦૩૫૧, ૧૦૬૫૨, ૧૦૬૭૧, ૧૦૬૯૫, ૧૧૨૮૬, ૧૧૨૮૭ | ૦૬ |
| ૬ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૧૧૨૦૭, ૧૧૪૮૬, | ૦૨ |
| ૭ | ગૃહ વિભાગ | ૧૧૪૦૩ | ૦૧ |
| ૮ | ઉદ્યોગ અને ખાણ વિભાગ શિક્ષણ વિભાગ | ૯૩૯૪, ૧૦૮૦૪, ૧૧૦૭૦, ૧૧૪૧૬, ૧૧૭૧૮ | ૦૫ |
| ૯ | શ્રમ અને રોજગાર વિભાગ | ૧૧૭૦૭, ૧૧૭૦૮ | ૦૨ |
| ૧૦ | કાયદા વિભાગ | ૧૧૧૮૨ | ૦૧ |
| ૧૧ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૧૧૨૫૧ | ૦૧ |
| ૧૨ | પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૧૦૩૭૫, ૧૦૮૬૨, ૧૧૪૫૧ | ૦૩ |
| ૧૩ | મહેસૂલ વિભાગ | ૧૦૬૧૨ | ૦૧ |
| ૧૪ | માર્ગ અને મકાન વિભાગ | ૧૧૦૯૨, ૧૧૨૦૨, ૧૧૪૬૨ | ૦૩ |
| ૧૫ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૧૦૯૫૨, ૧૧૫૯૭, ૧૧૬૦૨ | ૦૩ |
| ૧૬ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૧૧૧૯૦, ૧૧૧૯૧, ૧૧૧૯૨, ૧૧૧૯૩, ૧૧૧૯૬, ૧૧૧૯૭, ૧૧૧૯૯, ૧૧૪૫૮ | ૦૮ |
| ૧૭ | રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | ૧૧૨૨૬, ૧૧૫૦૧, ૧૧૬૩૦ | ૦૩ |
| ૧૮ | ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ | ૧૦૭૪૦, ૧૧૬૭૯ | ૦૨ |
| ૧૯ | વૈધાનિક અને સંસદિય બાબતોનો વિભાગ | ૧૧૫૬૮ | ૦૧ |
| ૨૦ | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૧૧૧૪૬ | ૦૧ |
| | કુલ | | ૫૦ |

--------

## ૩૦મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નોત્તરી

પાત્રીસમી અતારાંકિત યાદી

વહીવટી સુધારણા અને તાલીમ પ્રભાગ/તાબાની કચેરીઓનું મહેકમ

<pageઅતારાંકિત : ૧૧૦૮૦ (૦૩-૦૧-૨૦૧૭) શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર): માનનીય મુખ્યમંત્રીશ્રી(સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યના વહીવટી સુધારણા અને તાલીમ પ્રભાગ અને તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજુર મહેકમ કેટલુ છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે,અને

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે અને ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ): (૨૨-૦૨-૨૦૧૭)

(૧)

(૨) અને (૩) આ સાથેના પત્રકમાં સામેલ છે.

પત્રક

| ક્રમ | કચેરીનું નામ | વર્ગ-૧ | | | વર્ગ-૨ | | | વર્ગ-૩ | | | વર્ગ-૪ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજુર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | મંજુર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | મંજુર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | મંજુર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
| ૧ | સા.વ.વિ. (વસુતાપ્ર) | ૮ | ૮ | ૦ | ૬ | ૪ | ૨ | ૨૧ | ૧૪ | ૭ | ૬ | ૪ | ૨ |
| ૨ | ગુજરાત માહિતી આયોગ | ૩ | ૩ | ૦ | ૨૨ | ૧૯ | ૩ | ૩૮ | ૩૦ | ૮ | ૧૨ | ૧૦ | ૨ |
| ૩ | સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા | ૧૯ | ૧૫ | ૪ | ૧૭ | ૭ | ૧૦ | ૬૬ | ૩૧ | ૩૫ | ૩૭ | ૧૫ | ૨૨ |
| કુલ સંખ્યા | | ૩૦ | ૨૬ | ૪ | ૪૫ | ૩૦ | ૧૫ | ૧૨૫ | ૭૫ | ૫૦ | ૫૫ | ૨૯ | ૨૬ |

ઉક્ત ખાલી જગ્યાઓ વહીવટી અનુકૂળતાએ ભરવામાં આવે છે.

------

રાષ્ટ્રીય પશુધન સ્વાસ્થ્ય અને રોગ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ ભારત સરકાર તરફથી મળેલ રકમ

અતારાંકિત : ૧૧૧૭૬ (૦૩-૦૧-૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વીરમગામ): માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ

(૧) રાષ્ટ્રીય પશુધન સ્વાસ્થ્ય અને રોગ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ ભારત સરકાર તરફથી તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૨) ઉક્ત મળેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

પશુપાલન મંત્રીશ્રી : (૨૮-૦૨-૨૦૧૭)

(૧)

| વર્ષ | ભારત સરકાર તરફથી મળેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૨-૧૩ | ૪૮૯.૯૬ |
| ૨૦૧૩-૧૪ | ૮૨૫.૭૮ |
| ૨૦૧૪-૧૫ | ૭૩૯.૯૬ |
| ૨૦૧૫-૧૬ | ૧૭૯.૪૮ |
| ૨૦૧૬-૧૭ (તા. ૩૦-૧૧-૨૦૧૬ અંતિત) | ૧૫.૨૯ |

(૨)

| વર્ષ | ઉક્ત મળેલ રકમ પૈકી ખર્ચ કરવામાં આવેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૨-૧૩ | ૩૫૬.૫૭ |
| ૨૦૧૩-૧૪ | ૫૮૫.૮૨ |
| ૨૦૧૪-૧૫ | ૮૧૦.૯૨ |
| ૨૦૧૫-૧૬ | ૧૬૪.૧૯ |
| ૨૦૧૬-૧૭ (તા. ૩૦-૧૧-૨૦૧૬ અંતિત) | ૧૨.૬૨ |

## અતારાંકિત પ્રશ્નોત્તરી

------

### ખારવા–મોવાસા રોગ નિયંત્રણ માટે ભારત સરકાર તરફથી મળેલ રકમ

અતારાંકિત : ૧૧૧૭૮ (૦૩–૦૧–૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વીરમગામ): માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ

(૧) પ્રાણીઓમાં થતા ખારવા મોવાસા રોગોના નિયંત્રણ માટે ભારત સરકાર તરફથી તા.૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષ રાજ્ય સરકારને કોઇ રકમ મળેલ છે, કે કેમ

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

પશુપાલન મંત્રીશ્રી : (૨૮–૦૨–૨૦૧૭)

(૧) હા

(૨)

| વર્ષ | ભારત સરકાર તરફથી મળેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૨–૧૩ | ૪૧૪.૬૭ |
| ૨૦૧૩–૧૪ | ૬૨૬.૪૦ |
| ૨૦૧૪–૧૫ | ૫૫૦.૦૦ |
| ૨૦૧૫–૧૬ | ૬૨૫.૨૮ |
| ૨૦૧૬–૧૭ (તા. ૩૦–૧૧–૨૦૧૬ અંતિત) | ૧૪૬૪.૬૪ |

(૩)

| વર્ષ | ઉક્ત મળેલ રકમ પૈકી ખર્ચ કરવામાં આવેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૨–૧૩ | ૪૧૪.૬૭ |
| ૨૦૧૩–૧૪ | ૬૨૬.૪૦ |
| ૨૦૧૪–૧૫ | ૫૫૦.૦૦ |
| ૨૦૧૫–૧૬ | ૬૨૫.૨૮ |
| ૨૦૧૬–૧૭ (તા. ૩૦–૧૧–૨૦૧૬ અંતિત) | ૬૬૬.૫૯ |

------

### આણંદ અને ખેડા જિલ્લામાં ફાજલ થયેલ શિક્ષકો/કર્મચારીઓ

અતારાંકિત : ૭૪૦૩ (૨૯–૦૬–૨૦૧૬) શ્રી રામસિંહ પરમાર (ઠાસરા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,

(૧) રાજ્યના કમિશ્નર ઓફ સ્કૂલે આણંદ અને ખેડા જિલ્લાઓમાં ધોરણ ૯ થી ૧૨ માં ફાજલ થયેલા પરંતુ નોકરીમાંથી છૂટા ન કર્યા હોય તેવા શિક્ષકો/કર્મચારીઓની વિગત વીડીયો કોન્ફરન્સથી માર્ચ–એપ્રિલ– ૨૦૧૬ માં માહિતી માંગી હતી તે હકીકત સાચી છે,

(૨) જો હા,તો તા.૩૦–૦૪–૨૦૧૬ની સ્થિતિએ ઉક્ત જિલ્લામાં કેટલા ફાજલ શિક્ષકો/કર્મચારીઓ છે, અને

(૩) તા.૩૦–૦૬–૧૯૭૮ પછી નિમણૂંક થયેલા શિક્ષકો/ કર્મચારીઓ જેમને ફાજલનું રક્ષણ મળતું નથી તેવા કેટલા શિક્ષકો કર્મચારીઓનું ઉક્ત સ્થિતિએ કાયદા વિરૂદ્ધ ચાલુ રખાયા છે ?

શિક્ષણ મંત્રીશ્રી : (૨૮–૦૨–૨૦૧૭)

(૧) હા જી.

(૨)

| જિલ્લા | ફાજલ શિક્ષકો/કર્મચારીઓ |
|---|---|
| આણંદ | ૦૦ |
| ખેડા | ૦૦ |

(૩) ફાજલનું રક્ષણ નથી તેવા કોઇપણ શિક્ષકો/ કર્મચારીઓને કાયદા વિરૂદ્ધ ચાલુ રખાયા નથી.

------

### પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લામાં નવી ઉર્દૂ શાળાની દરખાસ્તો

અતારાંકિત : ૧૦૧૦૧ (૨૧–૧૦–૨૦૧૬) શ્રી સી.કે. રાઉલજી (ગોધરા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,

(૧) પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લામાં તા.૩૧મી ડિસેમ્બર–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા ૫ વર્ષ માં કેટલી નવી ઉર્દૂ શાળાની દરખાસ્તો કેટલી રાજ્ય સરકારને આવી.

(૨) તે પૈકી કેટલી ઉર્દૂ શાળાને મંજૂરી આપવામાં આવી, અને

(૩) બાકીની દરખાસ્તો ક્યારે મંજૂરી આપવામાં આવનાર છે ?

## ૩૦મી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નોત્તરી

શિક્ષણ મંત્રીશ્રી : (૨૩–૦૨–૧૭)
(૧) એક પણ નહિ.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------

### રાજ્યમાં ડીપ્લોમા ઈજનેરી, ડીગ્રી ઈજનેરી સરકારી અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો

અતારાંકિત : ૧૧૫૫૫ (૧૮/૦૧/૨૦૧૭) ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) માનનીય ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,

(૧) તા. ૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલી ડિપ્લોમાં ઈજનેરી, ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો છે, અને

(૨) ઉક્ત કોલેજોની મંજૂર અભ્યાસક્રમોની કુલ બેઠકો કેટલી છે. ?

ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણમંત્રીશ્રી : (૨૭–૦૨–૨૦૧૭)

તા. ૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ,

(૧)

| | ડિપ્લોમાં–ઈજનેરી | ડીગ્રી–ઈજનેરી |
|---|---|---|
| સરકારી | ૩૦ | ૧૬ |
| અનુદાનિત | ૦૫ | ૦૩ |
| સ્વનિર્ભર | ૧૦૬ | ૧૧૮ |
| | ૧૪૧ | ૧૩૭ |

(૨) ઉક્ત કોલેજોની મંજૂર અભ્યાસક્રમોની કુલ બેઠકો ૧,૩૪,૯૨૬ છે.

------

### રાજ્યમાં રાસાયણીક ખાતર, પેટ્રોલ, ડીઝલ અને રાંધણગેસ પર વેટ/સેસ

અતારાંકિત : ૧૧૪૪૨ (૧૨–૧–૨૦૧૭) ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે :–

(૧) તા. ૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં રાસાયણીક ખાતર, પેટ્રોલ, ડીઝલ અને રાંધણગેસ (સીલીન્ડર અને પાઈપલાઈન) પર કેટલો વેટ અને સેસ લેવામાં આવે છે, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતીએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને વેટ અને સેસ પેટે કેટલી આવક થઈ ?

નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) : (૨૭–૦૨–૨૦૧૭)

(૧)

| વિગત | વેટ | ચેસ |
|---|---|---|
| રાસાયણીક ખાતર | પ્રથમ તબક્કે ૪%+૧% વધારાનો વેરો | - |
| રાસાયણીક ખાતર (પુનઃવેચાણ) | માફી | - |
| પેટ્રોલ | ૨૪% | ૪% |
| ડીઝલ | ૨૪% | ૪% |
| રાંધણગેસ (સીલીંડર) | ૪%+૧% વધારાનો વેરો | - |
| પી.એન.જી. (રાંધણગેસ પાઈપલાઈન) | ૧૨.૫%+૨.૫% વધારાનો વેરો | - |

(૨) પત્રક મુજબ

પત્રક (રકમ રૂ. કરોડમાં)

| વર્ષ | પેટ્રોલ | | ડીઝલ | | રાંધણગેસ (સીલીન્ડર) | | રાંધણગેસ (પીએનજી) (પાઈપલાઈન) | | રા. ખાતર | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | વેટ | સેસ | વેટ | સેસ | વેટ | સેસ | | વેટ | સેસ | વેટ | સેસ | વેટ |
| ૨૦૧૨–૧૩ | ૨૩૬૨.૩૧ | ૨૯૨.૦૭ | ૫૨૫૮.૦૪ | ૬૫૦.૧૧ | ૦. | ૦. | ૩૦.૫૬ | ૦. | ૯૯.૫૧ | ૦. | ૭૭૫૦.૪૨ | ૯૪૨.૧૮ |
| ૨૦૧૩–૧૪ | ૨૨૯૬.૨૧ | ૩૪૦.૨૨ | ૫૧૧૦.૯૨ | ૭૫૭.૨૫ | ૦. | ૦. | ૩૫.૩૮ | ૦. | ૮૪.૫૩ | ૦. | ૭૫૨૭.૦૪ | ૧૦૯૭.૪૭ |
| ૨૦૧૪–૧૫ | ૨૪૯૨.૧૧ | ૩૭૪.૩૧ | ૫૫૪૬.૯૫ | ૮૩૩.૧૫ | ૫૮.૧૭ | ૦. | ૩૮.૭૬ | ૦. | ૯૮.૫૮ | ૦. | ૮૨૩૪.૫૭ | ૧૨૦૭.૪૬ |
| ૨૦૧૫–૧૬ | ૨૩૫૬.૯૮ | ૩૭૭.૩૪ | ૫૨૪૬.૧૯ | ૮૩૯.૯૭ | ૧૦૫.૯૭ | ૦. | ૫૫.૧૫ | ૦. | ૯૭.૯૧ | ૦. | ૭૮૬૨.૨૦ | ૧૨૧૭.૩૧ |
| ૧–૪–૧૬ થી ૩૦–૧૧–૧૬ સુધીની | ૧૮૧૬.૬૬ | ૩૮૦.૯૧ | ૪૦૪૩.૫૩ | ૮૪૭.૮૩ | ૭૧.૭૩ | ૦. | ૬૨.૩૩ | ૦. | ૧૦૮.૬૮ | ૦. | ૬૧૦૨.૯૩ | ૧૨૨૮.૭૪ |

### રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ સી.એન.જી. પી.એન.જી. અને રાસાયણીક ખાતર પર વેટ/સેસ

અતારાંકિત : ૧૧૪૫૨ (૧૨–૧–૨૦૧૭) ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે :–

## અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) તા. ૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી., પી.એન.જી., અને રાસાયણિક ખાતર ઉપર કેટલા દરે વેટ સેસ વસૂલવામાં આવે છે, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતીએ છેલ્લા પાંચ વર્ષમાં વેટ અને સેસ પેટે કેટલી આવક થઈ ?

નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) : (૨૭–૨–૨૦૧૭)

(૧)

| વિગત | વેટ | ચેસ |
|---|---|---|
| પેટ્રોલ | ૨૪% | ૪% |
| ડીઝલ | ૨૪% | ૪% |
| સી.એન.જી. | ૧૨.૫% + ૨.૫% વધારાનો વેરો | - |
| પી.એન.જી. | ૧૨.૫% + ૨.૫% વધારાનો વેરો | - |
| રાસાયણિક ખાતર | પ્રથમ તબક્કે ૪% + ૧% વધારાનો વેરો | - |
| રાસાયણિક ખાતર (પુનઃવેચાણ) | માફી | - |

(૨) પત્રક

પત્રક (રકમ રૂ. કરોડમાં)

| વર્ષ | પેટ્રોલ | | ડીઝલ | | સી.એન.જી. | | પીએનજી | | રા. ખાતર | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | વેટ | સેસ | વેટ | સેસ | વેટ | સેસ | | વેટ | સેસ | વેટ | સેસ | વેટ |
| ૨૦૧૨–૧૩ | ૨૩૬૨.૩૧ | ૨૯૨.૦૭ | ૫૨૫૮.૦૪ | ૬૫૦.૧૦ | ૨૮૪.૨૪ | ૦. | ૧૧૩૦.૫૬ | ૦. | ૯૯.૫૦ | ૦. | ૯૧૩૪.૬૫ | ૯૪૨.૧૭ |
| ૨૦૧૩–૧૪ | ૨૨૯૬.૨૧ | ૩૪૦.૨૨ | ૫૧૧૦.૯૨ | ૭૫૭.૨૫ | ૩૨૩.૨૧ | ૦. | ૧૧૯૫.૮૭ | ૦. | ૮૪.૫૩ | ૦. | ૯૦૧૦.૭૪ | ૧૦૯૭.૪૭ |
| ૨૦૧૪–૧૫ | ૨૪૯૨.૧૧ | ૩૭૪.૩૧ | ૫૫૪૬.૯૫ | ૮૩૩.૧૫ | ૩૫૦.૭૯ | ૦. | ૧૫૦૧.૪૨ | ૦. | ૯૮.૫૮ | ૦. | ૯૯૮૯.૮૫ | ૧૨૦૭.૪૬ |
| ૨૦૧૫–૧૬ | ૨૩૫૬.૯૮ | ૩૭૭.૩૪ | ૫૨૪૬.૧૯ | ૮૩૯.૯૭ | ૩૨૨.૯૭ | ૦. | ૧૦૧૨.૬૦ | ૦. | ૯૭.૯૦ | ૦. | ૯૦૩૬.૬૪ | ૧૨૧૭.૩૧ |
| ૧–૪–૧૬ થી ૩૦–૧૧–૧૬ સુધીની | ૧૮૧૬.૬૬ | ૩૮૦.૯૧ | ૪૦૪૩.૫૩ | ૮૪૭.૮૩ | ૨૩૫.૨૪ | ૦. | ૯૭.૯૦ | ૦. | ૧૦૮.૬૮ | ૦. | ૬૩૦૨.૦૧ | ૧૨૨૮.૭૪ |

### પતંગ માટે વપરાતી ચાઈનીજ દોરી પર પ્રતિબંધ મુકવા બાબત

અતારાંકિત : ૭૦૫૪ (૧૮–૧૨–૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય પર્યાવરણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે :–

(૧) પર્યાવરણ સુરક્ષા અધિનિયમ–૧૯૮૬ની કલમ હેઠળ વન અને પર્યાવરણ વિભાગે તા. ૨૪–૧૨–૨૦૧૨ના હુકમની પતંગ માટે વપરાતી ચાઈનીઝ સિન્થેટીક અને કાચ પાયેલ દોરીના ઉત્પાદન, વપરાશ અને વેચાણ પર પ્રતિબંધ મૂક્યો છે તે હકીકત સાચી છે.

(૨) જો હા, તો આ આદેશ થયા પછી જૂન–૨૦૧૫ સુધીમાં જિલ્લાવાર આ પ્રકારની કેટલી દોરીના ઉત્પાદન, વેચાણ વેપાર પર દરોડા પાડી પકડી પાડવામાં આવ્યા. અને

(૩) આરોપીઓ સામે શા કાનૂની પગલા લેવાયા ?

પર્યાવરણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૧૪–૦૩–૨૦૧૭)

(૧) હા, જી. વન અને પર્યાવરણ વિભાગના તા. ૨૪–૧૨–૨૦૧૨ના પત્રથી પર્યાવરણ (સુરક્ષા) કાયદો ૧૯૮૬ની કલમ (૫) અંતર્ગત સર્વે જિલ્લા કલેકેટરશ્રીઓ, મહાનગરપાલીકાના કમિશ્નરશ્રીઓ તથા પોલીસ મહાનિર્દેશકને ચાઈનીઝ બનાવટની દોરીનો ઉપયોગ અટકાવવા જરૂરી પગલાં લેવા અને જન જાગૃતી લાવવા માટે જરૂરી નિર્દેશ આપવામાં આવેલ છે.

(૨) રાજકોટ શહેરમાં ૧, દાહોદમાં ૯ અને પંચમહાલમાં ૯

(૩) આરોપીઓ સામે ભારતીય ફોજદારી અધિનિયમની કલમ–૧૮૮ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

------

### દેવભૂમિ દ્વારકામાં જંગલની જમીન ટાટા કેમિકલ્સને ફાળવવા બાબત

અતારાંકિત : ૧૧૫૩૯ (૧૩–૦૧–૨૦૧૭) ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) તા. ૩૦–૦૩–૨૦૧૬ના રોજ સભાગૃહમાં રજુ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૨૬૩૬૩ (અગ્રતાક્રમ નં. ૧૦૪)ના અનુસંધાને માનનીય વનમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :–

(૧) ટાટા કેમીકલ્સ, જિ. દેવભૂમિ દ્વારકાને ૭.૭૪૮૭ હેક. જંગલની જમીન ફાળવણી કરેલ છે. તે પ્રતિ, ચો.મી. શા ભાવે આપવામાં આવેલ છે.

(૨) ઉક્ત જંગલની જમીન આપવાના કારણો શા હતા, અને

(૩) ઉક્ત આપવામાં આવેલ જમીનના બદલામાં અન્ય સ્થળે જંગલ માટે જમીન લેવામાં આવેલ છે કે કેમ ?

## ૩૦મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નોત્તરી

વન મંત્રીશ્રી : (૩–૩-૨૦૧૭)

(૧) વન વિસ્તારની જમીનની ફાળવણી પ્રતિ, ચો.મી. ના ભાવે આપવામાં આવતી નથી, પરંતુ વન સંરક્ષણ ધારા–૧૯૮૦ હેઠળ જંગલની જમીનના બિન જંગલ ઉપયોગના કિસ્સામાં જ ડાયવર્ટ થતી જંગલની જમીન માટે વળતર વનીકરણ તેમજ નેટ પ્રેઝન્ટ વેલ્યુ (એન.પી.વી.) વસૂલ કરવામાં આવેલ છે. જેના દર ભારત સરકારશ્રીના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા નક્કી કરવામાં આવેલ છે. આમાં ડાયવર્ટ થતી વન જમીનનું કાયદાકીય સ્વરૂપ બદલાતું નથી. તે અનુસાર ટાટા કેમીકલ્સ, દેવભૂમિ દ્વારકાને વન સંરક્ષણ ધારા, ૧૯૮૦ હેઠળ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૭.૭૪૮૭ હેક્ટર વન જમીન બિન જંગલ હેતુ માટે ડાયવર્ટ કરવામાં આવેલ છે. જેની સામે ટાટા કેમીકલ્સ લી. પાસેથી મંજૂરી શરતો મુજબ વળતર વનીકરણની રકમ રૂ. ૩૨,૭૫,૬૭૧/તથા એન.પી.વી.ની રકમ રૂ. ૯,૭૪,૦૨૫/–ની વસુલાત કરેલ છે.

(૨) ઉક્ત જંગલ જમીન બ્રાઈન લાઈન પસાર કરવા માટે ફાળવવામાં આવેલ હતી.

(૩) ઉક્ત આપવામાં આવેલ જમીનના બદલામાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકા તાલુકાના પોશીના ગામની ૭.૫૦ હે. જમીન લેવામાં આવેલ છે.

------

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### જામનગરમાં જંગલની જમીન રીલાયન્સ પેટ્રો લિ. ને ફાળવવા બાબત

અતારાંકિત : ૧૧૫૪૦(૧૩/૦૧/૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) તા.૩૦/૦૩/૨૦૧૬ ના રોજ સભાગૃહમાં રજુ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૨૬૩૬૩ (અગ્રતાક્રમ નં.૧૦૪) ના અનુસંધાને માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,

(૧) રીલાયન્સ પેટ્રો લિ. સિક્કા, જિ. જામનગરને ૧૮.૩૬૦૫ હેક.જંગલની જમીન ફાળવણી કરેલ છે.તે પ્રતિ ચો.મી. શા ભાવે આપવામાં આવેલ છે,

(૨) ઉક્ત જંગલની જમીન આપવાના કારણો શા હતા, અને

(૩) ઉક્ત આપવામાં આવેલ જમીનના બદલામાં અન્ય સ્થળે જંગલ માટે જમીન લેવામાં આવેલ છે કે કેમ ?

વન મંત્રીશ્રી : (૩/૩/૨૦૧૭)

(૧) વન વિસ્તારની જમીનની ફાળવણી પ્રતિ ચો.મી. ના ભાવે આપવામાં આવતી નથી, પરંતુ વન સંરક્ષણ ધારા-૧૯૮૦ હેઠળ જંગલની જમીનના બિન જંગલ ઉપયોગના કિસ્સામાં જ ડાયવર્ટ થતી જંગલની જમીન માટે વળતર વનીકરણ તેમજ નેટ પ્રેઝન્ટ વેલ્યુ (એન.પી.વી.) વસૂલ કરવામાં આવે છે. જેના દર ભારત સરકારશ્રીના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા નક્કી કરવામાં આવેલ છે. આમાં ડાયવર્ટ થતી વન જમીનનું કાયદાકીય સ્વરૂપ બદલાતું નથી. તે અનુસાર રીલાયન્સ પેટ્રો લિ. સિક્કા જિ. જામનગરને વન સંરક્ષણ ધારા, ૧૯૮૦ હેઠળ જામનગર જિલ્લામાં ૧.૯૮ હેક્ટર વન જમીન બિન જંગલ હેતુ માટે ડાયવર્ટ કરવામાં આવેલ છે. રીલાયન્સ પેટ્રો લિ. સિક્કા. પાસેથી મંજુરી શરતો મુજબ વળતર વનીકરણની રકમ રૂ.૩,૫૭,૦૦૦/- ની વસૂલાત કરવામાં આવેલ છે. કલમ-૪ ની જનરલ જમીન ૧.૯૮ હે., મરીન અભ્યારણની ૧૬.૦૪૩ હે., મરીન નેશનલ પાર્કની ૦.૩૩૭૫ હે. કુલ ૧૮.૩૬૦૫ હે. રાઇટ ઓફ વે માટે વન સંરક્ષણ ધારા-૧૯૮૦ તથા વન્ય પ્રાણી (સં) અધિનિયમ ૧૯૭૨ હેઠળ ફાળવવામાં આવેલ છે.

(૨) ઉકત જંગલ જમીન જેટી તથા મરીન ફેસીલીટી માટે ફાળવવામાં આવેલ હતી.

(૩) ઉક્ત વન સંરક્ષણ ધારા-૧૯૮૦ હેઠળ આપવામાં આવેલ જમીનના બદલામાં તા. જિ. જામનગરના મોટી ખાવડી ગામની ૧.૯૮ હે. જમીન લેવામાં આવેલ છે. તેમજ વન્ય સંરક્ષણ અધિનિયમ હેઠળ ૧૬.૦૪૩ અને ૦.૩૩૭૫ ની સામે ૧૬.૫૦ હે. ના ડીગ્રેડેડ ફૉરેસ્ટ વિસ્તારમાં મેન્ગ્રુવનું પ્લાન્ટેશન લેવામાં આવેલ છે.

------

### દેવભૂમિ દ્વારકામાં જંગલની જમીન એસ્સાર ઓઈલ લિ. ને ફાળવવા બાબત

અતારાંકીત :- ૧૧૫૪૧ (૧૩/૦૧/૨૦૧૭) ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) તા. ૩૦/૦૩/૨૦૧૬ ના રોજ સભાગૃહમાં રજુ થયેલ તારાંકીત પ્રશ્ન ક્રમાંક : ૨૬૩૬૩ (અગ્રતાક્રમ નં. ૧૦૪) ના અનુસંધાને માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,

(૧) એસ્સાર ઓઈલ લિ. વાડીનાર, જિ. દેવભૂમિ દ્વારકા ૧૫.૪૯ હેક. જંગલની જમીન ફાળવણી કરેલ છે. તે પ્રતિ. ચો.મી. શા ભાવે આપવામાં આવેલ છે,

(૨) ઉક્ત જંગલની જમીન આપવાના કારણો શા હતા, અને

(૩) ઉક્ત આપવામાં આવેલ જમીનના બદલામાં અન્ય સ્થળે જંગલ માટે જમીન લેવામાં આવેલ છે કે કેમ ?

વન મંત્રીશ્રી :- (૦૩/૦૩/૨૦૧૭)

(૧) વન વિસ્તારની જમીનની ફાળવણી પ્રતિ ચો.મી. ના ભાવે આપવામાં આવતી નથી, પરંતુ વન સંરક્ષણ ધારા-૧૯૮૦ હેઠળ જમીનના બિન જંગલ ઉપયોગના કિસ્સામાં જ ડાયવર્ટ થતી જંગલની જમીન માટે વળતર વનીકરણ તથા નેટ પ્રેઝન્ટ વેલ્યુ (એન.પી.વી.) વસૂલ કરવામાં આવે છે. જેના દર ભારત સરકારશ્રીના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા નક્કી કરવામાં આવેલ છે. આમાં ડાયવર્ટ થતી વન જમીનનું કાયદાકીય સ્વરૂપ બદલાતુ નથી. તે અનુસાર એસ્સાર ઓઈલ લિ. વાડીનાર, જિ. દેવભૂમિ દ્વારકાને વન સંરક્ષણ ધારા, ૧૯૮૦ હેઠળ જામનગર જિલ્લામાં ૮.૨૯ હેક્ટર વન જમીન બિન જંગલ હેતુ માટે ડાયવર્ટ કરવામાં આવેલ છે. એસ્સાર ઓઈલ લિ. વાડીનાર પાસેથી મંજુરી શરતો મુજબ વળતર વનીકરણની રકમ રૂ. ૧૫,૮૯,૦૦૦/- ની વસૂલાત કરવામાં આવેલ છે. કલમ-૨૦ ની જંગલ જમીન ૮.૨૯ હે., મરીન અભ્યાસરણની ૫.૭૫ હે., મરીન નેશનલ પાર્કની ૧.૪૫ હે. કુલ ૧૫.૪૯ હે. રાઈટ ઓફ વે માટે વન સંરક્ષણ ધારા-૧૯૮૦ તથા વન્ય પ્રાણી (સં) અધિનિયમ ૧૯૭૨ હેઠળ ફાળવવામાં આવેલ છે.

(૨) ઉક્ત જંગલ જમીન જેટી તથા મરીન ફેસીલીટી માટે ફાળવવામાં આવેલ હતી.

(૩) ઉક્ત વન સંરક્ષણ ધારા-૧૯૮૦ હેઠળ આપવામાં આવેલ જમીનના બદલામાં જિ. દેવભૂમિ દ્વારકાના ખંભાળિયા તાલુકાના કજુરડા ગામની ૧૮.૯૧ હે. જમીન લેવામાં આવેલ છે.

------

### ગાંધીનગર જિલ્લાના કલોલ પાસેથી મળી આવેલ ‘‘નકલી ઘી" નો જથ્થો

## ૩૦મી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નોત્તરી

અતારાંકિત : ૧૦૬૫૭ (૨૪/૧૧/૨૦૧૬) શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ–

(૧) ગાંધીનગર જિલ્લાના કલોલ પાસેથી તા. ૧૪–૧૦–૨૦૧૬ ના રોજ આશરે રૂ.૫ લાખની કિંમતના નકલી ઘીનો જથ્થો મળી આવ્યો હતો તે હકીકત સાચી છે કે કેમ,

(૨) જો હા, તો ડુપ્લીકેટ ઘી ના ઉત્પાદકો, વેચાણ કરનારાઓ તથા ખરીદ કરનારાઓ કોણ હતા,

(૩) આ ડુપ્લીકેટ ઘી નાં ઉત્પાદકો કેટલા સમયથી ઉક્ત પ્રવૃતિ ચલાવતા હતા, અને

(૪) ઉક્ત ગુનામાં કેટલા આરોપીઓ સામે શી કાનુની કાર્યવાહી કરવામાં આવી છે?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨૭/૦૨/૨૦૧૭)

(૧) ઘી નો જથ્થો કલોલ શહેર પોલીસે તા. ૧૪–૧૦–૨૦૧૬ના રોજ નહિં પરંતુ તા. ૧૩–૧૦–૨૦૧૬ના રોજ એક ટેમ્પોમાંથી પકડેલ હતો, જેના નમુના કલોલ નગરપાલીકાના ફુડ સેફ્ટી ઓફિસર દ્વારા લેવામાં આવેલ હતા જે સબસ્ટાન્ડર્ડ (ભેળસેળવાળા) જાહેર થયેલ છે. આમ ભેળસેળવાળા ઘી નો જથ્થો પોલીસ દ્વારા પાડવામાં આવેલ છે.

(૨) પોલીસે કરેલ પંચનામાં મુજબ ઉત્પાદકો, વેચાણ કરનારાઓ તથા ખરીદ કરનારાઓની વિગત નીચે મુજબ છે.

ઉત્પાદક :– સોનુભાઈ મોહનલાલ ભાટીયા,
મે. ધનલક્ષ્મી પ્રોડક્ટસ,
મહાલક્ષ્મી શોપીંગ સેન્ટર, મુ.ડીસા.

વેચાણ કરનાર :– રાહુલ ગીરીશભાઈ મોદી,
મુ.ડીસા, બનાસકાંઠા.

ખરીદનાર :– રાકેશ નારણભાઈ પટેલ, મુ. કલોલ.

(૩) ઉપરોક્ત ભેળસેળવાળા ઘી થી ભરેલ ટેમ્પો કલોલ પોલીસ દ્વારા કલોલ–મહેસાણા હાઈવે પરથી તા. ૧૩– ૧૦–૨૦૧૬ના રોજ જપ્ત કરેલ છે. જેથી સદર ભેળસેળવાળા ઘી નું ઉત્પાદન–વેચાણ ક્યારથી કરે છે તે ચોક્કસ કહી શકાય નહીં.

(૪) નમુનાઓ સબસ્ટાન્ડર્ડ (ભેળસેળવાળા) જાહેર થતાં ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડઝ એક્ટ–૨૦૦૬, નિયમ–૨૦૧૧ તથા રેગ્યુલેશન –૨૦૧૧ હેઠળ ગાંધીનગર જિલ્લાના એડજ્યુડીકેટીંગ ઓફિસર સમક્ષ કેસ દાખલ થયેલ છે.

------

### જામનગર જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના જર્જરીત મકાનો

અતારાંકિત :– ૧૦૮૫૦ (૨૧–૦૧–૨૦૧૭) શ્રી રાઘવજી પટેલ (જામનગર):માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે :–

(૧) જામનગર જિલ્લામાં તા.૩૦મી જૂન ૨૦૧૬ ની સ્થિતિએ કેટલા અને કયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો જર્જરિત હાલતમાં છે, અને

(૨) ઉક્ત મકાનો ક્યા સુધીમાં રીપેરીંગ કરવામાં આવનાર છે ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) : (૨૩/૦૨/૨૦૧૭)

(૧) જામનગર જિલ્લામાં તા.૩૦મી જૂન ૨૦૧૬ની સ્થિતિએ એક પણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જર્જરિત હાલતમાં નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------

### જામનગર જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો ફરતી સંરક્ષણ દિવાલો

અતારાંકિત :– ૧૦૮૫૧ (૩૦–૦૧–૨૦૧૭) શ્રી રાઘવજી પટેલ (જામનગર–ગ્રામ્ય): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે :–

(૧) જામનગર જિલ્લામાં તા.૩૦મી જૂન ૨૦૧૬ ની સ્થિતિએ કેટલાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મકાનો ફરતે સંરક્ષણ દિવાલો નથી, અને

(૨) તે ક્યાં સુધીમાં બનાવવામાં આવનાર છે ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) : (૨૩/૦૨/૨૦૧૭)

(૧) જામનગર જિલ્લામાં તા.૩૦મી જૂન ૨૦૧૬ની સ્થિતિએ કૂલ–૦૪ (ચાર) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મકાનો ફરતે સંરક્ષણ દિવાલો નથી.

(૨) ઉક્ત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં આ કામનું આયોજન થયેથી કામગીરી હાથ ધરવામાં આવશે.

------

### મોરબી જિલ્લાની માળીયા–મીયાણાંની સરકારી રેફરલ હોસ્પિટલમાં કર્મચારીઓની ખાલી જગ્યાઓ

## અતારાંકિત પ્રશ્નોત્તરી

અતારાંકિત :– ૧૦૯૮૬ (૨૧–૦૧–૨૦૧૭) શ્રી રાઘવજી પટેલ (જામનગર): માનનીય આરોગ્ય મંત્રીશ્રી(રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે :–

(૧) મોરબી જિલ્લાના માળીયા–મીયાણાંની સરકારી રેફરલ હોસ્પિટલમાં તા.૧૫/૧૧/૨૦૧૬ ની સ્થિતિએ સંવર્ગવાર કેટલા કર્મચારીઓની જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) તેના મુખ્યત્વે શા કારણો છે ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) : (૨૩/૦૨/૨૦૧૭)

(૧) પત્રક સામેલ છે.

(૨) જે તે સંવર્ગની જગ્યા માટે લાયકાત ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ ન થવાથી.

પત્રક

| ક્રમ | સંવર્ગનું નામ | મંજુર | ભરેલ | ખાલી | ખાલીની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | અધિક્ષક વર્ગ–૧ | ૧ | ૦ | ૧ | તા.૯/૩/૦૨ |
| ૨ | તબીબી અધિકારી વર્ગ–૨ | ૩ | ૩ | ૦ | |
| ૩ | દંત સર્જન વર્ગ–૨ | ૧ | ૦ | ૧ | તા.૧૦/૧/૧૨ |
| ૪ | વહીવટી અધિકારી વર્ગ–૨ | ૧ | ૦ | ૧ | તા.૩/૧/૧૭ |
| ૫ | સીનીયર આસિસ્ટંટ વર્ગ–૩ | ૧ | ૧ | ૦ | |
| ૬ | સીનીયર કલાર્ક વર્ગ–૩ | ૨ | ૨ | ૦ | |
| ૭ | લેબોરેટરી ટેકનીશ્યન વર્ગ–૩ | ૧ | ૧ | ૦ | |
| ૮ | એકસરે ટેકનીશ્યન વર્ગ–૩ | ૧ | ૧ | ૦ | |
| ૯ | જુનીયર ફાર્માસિસ્ટ વર્ગ–૩ | ૨ | ૦ | ૨ | તા. ૧૦/૧/૦૯<br>તા. ૧૫/૧૨/૮૭ |
| ૧૦ | હેડ નર્સ વર્ગ–૩ | ૧ | ૦ | ૧ | તા. ૧૪/૫/૦૫ |
| ૧૧ | સ્ટાફ નર્સ વર્ગ–૩ | ૮ | ૮ | ૦ | |
| ૧૨ | ઓપ્થલમીક આસીસ્ટંટ વર્ગ–૩ | ૧ | ૧ | ૦ | |
| ૧૩ | ડ્રાયવર વર્ગ–૩ | ૧ | ૦ | ૧ | ૦૩/૦૬/૦૮ |
| ૧૪ | ડ્રેસર વર્ગ–૪ | ૧ | ૦ | ૧ | ૦૩/૦૧/૧૪ |
| ૧૫ | પટાવાળા વર્ગ–૪ | ૧ | ૦ | ૧ | ૦૩/૦૩/૧૫ |
| ૧૬ | વોર્ડ સર્વન્ટ વર્ગ–૪ | ૫ | ૦ | ૫ | ૧૭/૦૭/૦૨ (૨)<br>૦૬/૧૨/૦૫ (૩) |
| ૧૭ | આયા વર્ગ–૪ | ૫ | ૦ | ૫ | ૦૧/૦૫/૨૦૦૦ (૨)<br>૧૯/૦૮/૯૬ (૩) |
| ૧૮ | સ્વીપર વર્ગ–૪ | ૬ | ૦ | ૬ | ૧૭/૦૭/૦૨ (૩)<br>૦૬/૧૨/૦૫ (૩) |
| ૧૯ | ચોકીદાર વર્ગ–૪ | ૧ | ૦ | ૧ | ૧૦/૦૯/૧૧ |
| | કુલ | ૪૩ | ૧૭ | ૨૬ | |

------

અમદાવાદ શહેરમાં મરચાંમાં ડાઈ કલરની ભેળસેળ

અતારાંકિત :– ૧૧૦૪૦ (૨૧–૦૧–૨૦૧૭) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે –

(૧) અમદાવાદ શહેરમાં નવા નરોડા, માધુપુરામાં મરચામાં ડાઈ કલરની ભેળસેળ કરી ગેરકાયદે વેચાણ કરતા વેપારીઓ ઓક્ટોબર–૨૦૧૬માં પકડાયા હતા તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત ગુન્હાહીત પ્રવૃતિ કરનારા કેટલા વેપારીઓ સામે શી કાનૂની કાર્યવાહી કરવામાં આવી છે ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૪/૩/૨૦૧૭)

(૧) હા, જી

(૨) એક ઈસમ સામે ફુડ સેફટી અને સ્ટાન્ડર્ડ એક્ટ ૨૦૦૬ના કાયદા અન્વયે એડજ્યુડીકેટીંગ હેઠળ કોર્ટમાં કેસ દાખલ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

------

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### રાષ્ટ્રીય પરિવાર કલ્યાણ કાર્યક્રમ/કુટુંબ કલ્યાણ કાર્યક્રમ હેઠળ ભારત સરકાર તરફથી મળેલ રકમ

અતારાંકિત :– ૧૧૨૧૭ (૧૩–૦૧–૨૦૧૭) ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) :– માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે,

(૧) રાષ્ટ્રીય પરિવાર કલ્યાણ કાર્યક્રમ/કુટુંબ કલ્યાણ કાર્યક્રમ હેઠળ ભારત સરકાર તરફથી તા. ૩૦–૧૧–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨૮/૨/૨૦૧૭)

(૧) હા, જી.

| (૨) અને (૩) | નાણાકીય વર્ષ | મળેલ રકમ (રૂ. કરોડમાં) | કરેલ ખર્ચ (રૂ. કરોડમાં) |
|---|---|---|---|
| | ૨૦૧૨–૧૩ | ૧૮૪.૧૨ | ૨૭૫.૮૩ |
| | ૨૦૧૩–૧૪ | ૨૯૧.૭૬ | ૩૧૪.૭૩ |
| | ૨૦૧૪–૧૫ | ૨૭૭.૭૬ | ૨૯૯.૭૫ |
| | ૨૦૧૫–૧૬ | ૧૬૨.૪૯ | ૨૯૯.૯૨ |
| | ૨૦૧૬–૧૭ (તા. ૩૦–૧૧–૧૬ ની સ્થિતિએ) | ૨૭૨.૩૧ | ૧૩૪.૭૮ |

------

### પોલીયો નાબૂદી અભિયાન અન્વયે ભારત સરકાર તરફથી મળેલ રકમ

અતારાંકિત :– ૧૧૨૧૯ (૧૬–૦૧–૨૦૧૭) ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) :– માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે,

(૧) પોલીયો નાબૂદી અભિયાન અન્વયે ભારત સરકાર તરફથી તા.૩૦–૧૧–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરાવામાં આવેલ છે ?

આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૨૮/૨/૨૦૧૭)

(૧) હા, જી.

| (૨) અને (૩) | નાણાકીય વર્ષ | મળેલ રકમ (રૂ.) | કરેલ ખર્ચ (રૂ.) |
|---|---|---|---|
| | ૨૦૧૨–૧૩ | ૧૨,૨૭,૨૦,૦૦૦/– | ૨૨,૦૪,૨૮,૨૫૮/– |
| | ૨૦૧૩–૧૪ | ૧૨,૯૫,૭૦,૦૦૦/– | ૨,૭૧,૫૯,૦૯૯/– |
| | ૨૦૧૪–૧૫ | ૯,૨૧,૭૫,૦૦૦/– | ૧૩,૭૪,૦૦,૦૦૦/– |
| | ૨૦૧૫–૧૬ | ૯,૨૧,૦૦,૦૦૦/– | ૧૩,૭૩,૦૦,૦૦૦/– |
| | ૨૦૧૬–૧૭ | ૧૦,૮૪,૦૦,૦૦૦/– | ૮૮,૪૫,૯૨૭/– |

------

### થાનગઢ દલિત હત્યાકાંડમાં ‘‘સી" સમરી ભરવા બાબત

અતારાંકિત : ૯૪૭૩ (૦૭/૦૯/૨૦૧૬) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :–

(૧) થાનગઢમાં નવેમ્બર–૨૦૧૨માં દલિતોના હત્યાકાંડમાં ત્રણ દલિતોના પોલીસ ફાયરીંગમાં મોત નીપજ્યા હતાં જેમાં જવાબદાર પોલીસ અધિકારી/ કર્મચારીઓ સામે ગુનો દાખલ કરાયો હતો જેમાં બે કેસોમાં પોલીસે તા. ૧૮/૭/૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે માસમાં ‘‘ સી" સમરી ભરી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા તો, ઉક્ત ગુનામાં ‘‘સી" સમરી ભરવાના શા કારણો છે, અને

(૩) ઉક્ત ગુનામાં ‘‘સી" સમરી ભરનાર કેટલા પોલીસ અધિકારીઓ સામે ગૃહ વિભાગે શા પગલાં ભર્યા છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૮/૨/૨૦૧૭)

(૧) હા, જી.

(૨) આ બન્ને ગુનામાં ભરવામાં આવેલ ‘સી' સમરી સંબંધમાં આમ જનતા તરફથી રાજ્ય સરકારને મળેલ રજુઆતોને રાજ્ય સરકાર દ્ધારા ગંભીરતાથી વિચારણામાં લઈને, રાજ્ય સરકારે IG રેંકના અધિકારીના અધ્યક્ષપદે ૩ સભ્યોની SIT ની રચના કરેલ છે. SIT એ સક્ષમ કોર્ટમાંથી ‘સી' સમરી પરત ખેંચી તપાસની કામગીરી શરૂ કરેલ છે.

(૩) તપાસ દરમ્યાન મળી આવેલ તથ્યો અને પૂરાવાને ધ્યાને લઈ ‘‘સી" સમરી ભરવામાં આવેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------

રાજયમાં સાયબર અને ઇ–ક્રાઇમ વ્યવસ્થા બાબત

અતારાંકિત: (૧૭/૧૧/૨૦૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:–

(૧) રાજયમાં તા.૩૦ જુન–૨૦૧૫ની સ્થિતિએ કયા જિલ્લામાં સાઇબર અને ઇ–ક્રાઇમ શોધી કાઢવા માટે ખાસ વ્યવસ્થા ઉભી કરાઇ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ બાકી રહેલા તમામ જિલ્લામાં સાઇબર અને ઇ–ક્રાઇમ ઉકેલ લેવા કયારે વ્યવસ્થા કરવામાં આવનાર છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૩/૨/૨૦૧૭)

(૧) સી.આઇ.ડી. ક્રાઇમ, ગાંધીનગર (૨) સાયબર ક્રાઇમ સેલ, સીટી ક્રાઇમ, અમદાવાદ શહેર.

ઉપરાંત સાયબર ક્રાઇમ ઉકેલવા માટે નીચે મુજબના જીલ્લા/શહેર કક્ષાએ આંતરીક વ્યવસ્થાના ભાગ રૂપે કાર્યરત લોકલ ક્રાઇમ બ્રાન્ચ (LCB) અને સ્પેશીયલ ઓપરેશન ગ્રૂપ (SOG) દ્વારા સાયબર ક્રાઇમના ગુન્હાઓને શોધવા તથા તપાસ કરવામાં આવે છે.

| અ.નં | શહેર/જીલ્લો | અ.નં | શહેર/જીલ્લો | અ.નં | શહેર/જીલ્લો |
|---|---|---|---|---|---|
| ૧ | રાજકોટ શહેર | ૧૪ | મોરબી | ૨૭ | છોટા ઉદેપુર |
| ૨ | સુરત શહેર | ૧૫ | સુરેન્દ્રનગર | ૨૮ | ભરૂચ |
| ૩ | વડોદરા શહેર | ૧૬ | બનાસકાંઠા | ૨૯ | નર્મદા |
| ૪ | અમદાવાદ રૂરલ | ૧૭ | કચ્છ–પૂર્વ | ૩૦ | ગોધરા |
| ૫ | ખેડા | ૧૮ | કચ્છ–પશ્ચિમ | ૩૧ | મહીસાગર |
| ૬ | આણંદ | ૧૯ | પાટણ | ૩૨ | દાહોદ |
| ૭ | ગાંધીનગર | ૨૦ | અમરેલી | ૩૩ | સુરત રૂરલ |
| ૮ | સાબરકાંઠા | ૨૧ | ભાવનગર | ૩૪ | તાપી |
| ૯ | અરવલ્લી | ૨૨ | બોટાદ | ૩૫ | વલસાડ |
| ૧૦ | મહેસાણા | ૨૩ | જુનાગઢ | ૩૬ | નવસારી |
| ૧૧ | જામનગર | ૨૪ | ગીર સોમનાથ | ૩૭ | ડાંગ–આહવા |
| ૧૨ | દેવભૂમિ દ્વારકા | ૨૫ | પોરબંદર | ૩૮ | પશ્ચિમ રેલ્વે–અમદાવાદ |
| ૧૩ | રાજકોટ રૂરલ | ૨૬ | વડોદરા રૂરલ | ૩૯ | પશ્ચિમ રેલ્વે વડોદરા |

(૨)

સાયબર સુરક્ષા કવચ યોજનાની વહિવટી પ્રક્રિયા પૂર્ણ થતા તમામ જિલ્લામાં સાયબર અને ઇ–ક્રાઇમ ઉકેલવા વ્યવસ્થા કરવામાં આવશે.

------

રાજયમાં સસ્પેન્ડ કરેલ પોલીસ અધિકારીઓ/કર્મચારીઓ

અતારાંકિત : ૧૦૮૭૦ (૫/૧/૨૦૧૭) શ્રી ગ્યાસુદીન શેખ (દરીયાપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)જણાવવા કૃપા કરશે કે :

(૧) તા.૩૧/૧૦/૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજયમાં જિલ્લાવાર પોલીસ કેડરના કયા વર્ગના કેટલા અધિકારીઓ અને કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા ?

માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૭/૨/૨૦૧૭)

* પત્રક મુજબ

( * પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

------

રાજયમાં મહિલા સુરક્ષાની બેઠક બાબત

અતારાંકિત: ૧૦૯૬૮(૦૫/૦૧/૨૦૧૭) શ્રી શક્તિસિંહ ગોહિલ (અબડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :–

રાજયમાં મહિલાઓ પર થતા અત્યાચાર રોકવા માટે મહિલા સુરક્ષા સમિતિની કેટલી બેઠકો સન ૨૦૧૫માં મળી ?

ચૈત્ર ૯, ૧૯૩૯ શાકે

અતારાંકિત પ્રશ્નોત્તરી

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :(૨૭/૨/૨૦૧૭)

રાજયમાં મહિલાઓ પર થતા અત્યાચાર રોકવા માટે મહિલા સુરક્ષા સમિતિની વર્ષ ૨૦૧૫માં (૧) રાજય કક્ષાએ–૧ (૨) જીલ્લા કક્ષાએ–૮૮ (૩) તાલુકા કક્ષાએ–૧૩૨ અને (૪) ગ્રામ્ય કક્ષાએ–૩૨૧ એમ કુલ–૫૪૨ બેઠકો મળેલ છે.

------

<#SB ગાંધીનગરમાં વી.આઇ.પી. બંદોબસ્ત માટે અલગ વ્યવસ્થા

અતારાંકિત: ૧૧૦૩૮:(૦૫/૦૧/૨૦૧૭) શ્રી શક્તિસિંહ ગોહિલ (અબડાસા): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :–

(૧) ગાંધીનગરમાં વી.આઇ.પી. બંદોબસ્ત માટે અલગ પોલીસ ઉભી કરવા સરકારે તા.૩૧/૧૦/૨૦૧૬ની સ્થિતિએ નિર્ણય કર્યો છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેનો અમલ કયારથી કરવામાં આવનાર છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ): (૨૮/૨/૨૦૧૭)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------

રાજયની મહિલા સુરક્ષાની બેઠકો બાબત

અતારાંકિત: ૧૧૦૫૭(૦૭/૦૧/૨૦૧૭) શ્રી ગ્યાસુદીન શેખ (દરિયાપુર): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:–

(૧) રાજયમાં મહિલાઓ પર થતા અત્યાચાર રોકવા માટે રાજયકક્ષાની મહીલા સુરક્ષા સમિતિની બેઠક તા.૩૦– ૧૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ક્યારે મળી, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત મહિલા સુરક્ષા સમિતિના અધ્યક્ષ અને સભ્યો કોણ છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ): (૨૭/૨/૧૭)

(૧)

| વર્ષ | મળેલ બેઠકની તારીખ |
|---|---|
| તા.૦૧/૧૨/૨૦૧૧ થી તા.૩૦/૧૧/૨૦૧૨ | કોઇ બેઠક મળેલ નથી |
| તા.૦૧/૧૨/૨૦૧૨ થી તા.૩૦/૧૧/૨૦૧૩ | કોઇ બેઠક મળેલ નથી |
| તા.૦૧/૧૨/૨૦૧૩ થી તા.૩૦/૧૧/૨૦૧૪ | તા.૦૭/૦૧/૨૦૧૪ અને તા.૧૮/૦૭/૨૦૧૪ના રોજ એમ કુલ બે બેઠક મળેલ છે. |
| તા.૦૧/૧૨/૨૦૧૩ થી તા.૩૦/૧૧/૨૦૧૫ | તા.૨૨/૬/૨૦૧૫ના રોજ એક બેઠક મળેલ છે. |
| તા.૦૧/૧૨/૨૦૧૫ થી તા.૩૦/૧૧/૨૦૧૬ | તા.૩/૦૨/૨૦૧૬ના રોજ એક બેઠક મળેલ છે. |

(૨) તા.૩૦/૧૧/૨૦૧૬ની સ્થિતિએ મહિલા સુરક્ષા સમિતિના અધ્યક્ષ અને સભ્યોની યાદી દર્શાવતું પત્રક–'અ' સામેલ છે.

------

ગૃહ વિભાગના તા.૧૬/૦૭/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક: મહસ/૨૯૨૦૧૩/૯૦૦/ડ મુજબ રાજય મહિલા સુરક્ષા સમિતિના અધ્યક્ષ અને સભ્યોની વિગત દર્શાવતું પત્રક:અ

પત્રક–અ

| ક્રમ | | સભ્યનું નામ | સમિતિમાં હોદો |
|---|---|---|---|
| ૧. | | માન. મુખ્ય મંત્રીશ્રી | અધ્યક્ષ |
| ૨. | | રાજય મંત્રીમંડળ મહિલા સભ્યો:– | |
| | (૧) | શ્રીમતી વસુબેન નરેન્દ્રભાઇ ત્રિવેદી, માન. રાજયકક્ષાના મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણ (સ્વતંત્ર હવાલો), ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ | સભ્ય |
| ૩. | | રાજયમાંથી ચુંટાયેલા મહિલા સંસદસભ્યો:– | |
| | (૧) | શ્રીમતી સ્મૃતિ ઝુબીન ઇરાની, સંસદસભ્યશ્રી (રાજયસભા) | સભ્ય |
| | (૨) | શ્રીમતી જયશ્રીબેન કનુભાઇ પટેલ, માન.સંસદસભ્યશ્રી–મહેસાણા (લોકસભા) | સભ્ય |
| | (૩) | શ્રીમતી દર્શના વિક્રમ જરદોશ, માન. સંસદસભ્યશ્રી–સુરત (લોકસભા) | સભ્ય |
| | (૪) | ડૉ. ભારતીબેન ધીરૂભાઇ શિયાળ, માન.સંસદસભ્યશ્રી–ભાવનગર (લોકસભા) | સભ્ય |
| | (૫) | શ્રીમતી પૂનમબેન હેમંતભાઇ માડમ, માન.સંસદસભ્યશ્રી–જામનગર (લોકસભા) | સભ્ય |
| ૪. | | મહિલા ધારાસભ્યો:– | |

૩૦મી માર્ચ, ૨૦૧૭
અતારાંકિત પ્રશ્નોત્તરી

| | | | |
|---|---|---|---|
| | (૧) | શ્રીમતી વિભાવરીબેન દવે, માન. ધારાસભ્યશ્રી–ભાવનગર પૂર્વ | સભ્ય |
| | (૨) | શ્રીમતી ભાનુબેન બાબરીયા, માન. ધારાસભ્યશ્રી–રાજકોટ ગ્રામ્ય | સભ્ય |
| | (૩) | શ્રીમતી નિમિષાબેન સુથાર, માન. ધારાસભ્યશ્રી–મોરવા હડફ | સભ્ય |
| ૫. | અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર | | સભ્ય |
| ૬. | પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. ગાંધીનગર. | | સભ્ય |
| ૭. | સમિતિના બિન સરકારી સભ્યો:– | | |
| | (૧) | શ્રીમતી જયોતિબેન વી. વાછાણી, જુનાગઢ જિલ્લો | ઉપાધ્યક્ષ |
| | (૨) | શ્રીમતી હેમાલીબેન કે. બોઘાવાલા, સુરત શહેર | સભ્ય |
| | (૩) | શ્રીમતી સરોજબેન એસ.ઠાકોર, ગાંધીનગર જિલ્લો | સભ્ય |
| | (૪) | શ્રીમતી વંદનાબેન એસ.તિવારી, તાપી જિલ્લો | સભ્ય |
| | (૫) | શ્રીમતી સુમનબેન આર. દળવી, ડાંગ જિલ્લો | સભ્ય |
| | (૬) | શ્રીમતી વર્ષાબેન આર. રાવલ, વલસાડ જિલ્લો | સભ્ય |
| | (૭) | શ્રીમતી શીતલબેન શ્યામભાઇ સોની, નવસારી જિલ્લો | સભ્ય |
| | (૮) | શ્રીમતી ચંપાબેન મનુભાઇ પટેલ, સુરત જિલ્લો | સભ્ય |
| | (૯) | શ્રીમતી કોકીલાબેન ચીમનભાઇ પટેલ, ભરૂચ જિલ્લો | સભ્ય |
| | (૧૦) | શ્રીમતી ભારતીબેન વિરસિંહભાઇ તડવી, નર્મદા જિલ્લો | સભ્ય |
| | (૧૧) | શ્રીમતી પુર્ણિમાબેન યોગેશકુમાર ગોસ્વામી, વડોદરા શહેર | સભ્ય |
| | (૧૨) | શ્રીમતી કલ્પનાબેન અમરીશભાઇ પટેલ, વડોદરા જિલ્લો | સભ્ય |
| | (૧૩) | શ્રીમતી ભાવનાબેન ડાહયાભાઇ, મહિસાગર જિલ્લો | સભ્ય |
| | (૧૪) | શ્રીમતી સંયુકતાબેન અમૃતલાલ મોદી, દાહોદ જિલ્લો | સભ્ય |
| | (૧૫) | શ્રીમતી ક્રિષ્ણાબેન વિજયકુમાર પંચાલ, ખેડા જિલ્લો | સભ્ય |
| | (૧૬) | શ્રીમતી સીતાબેન આર. રબારી, અમદાવાદ શહેર | સભ્ય |
| | (૧૭) | શ્રીમતી પ્રીતીબેન હર્ષદભાઇ ઠકકર, અમદાવાદ જિલ્લો | સભ્ય |
| | (૧૮) | શ્રીમતી રમિલાબેન કબાજી ભગોરા, સાબરકાંઠા જિલ્લો | સભ્ય |
| | (૧૯) | શ્રીમતી વર્ષાબેન એચ.પટેલ, મહેસાણા જિલ્લો | સભ્ય |
| | (૨૦) | કુ. રૂપલબેન પ્રતાપભાઇ આહીર, પાટણ જિલ્લો | સભ્ય |
| | (૨૧) | શ્રીમતી પ્રફુલ્લાબેન કે.પટેલ, બનાસકાંઠા જિલ્લો | સભ્ય |
| | (૨૨) | શ્રીમતી બબીબેન માનસંગભાઇ સોલંકી, કચ્છ જિલ્લો | સભ્ય |
| | (૨૩) | શ્રીમતી સગુણાબેન વિનોદભાઇ રાખોલીયા, જામનગર જિલ્લો | સભ્ય |
| | (૨૪) | શ્રીમતી પુનિતાબેન હસમુખરાય પારેખ, રાજકોટ શહેર | સભ્ય |
| | (૨૫) | શ્રીમતી વર્ષાબેન રાજેન્દ્રભાઇ રાવલ, રાજકોટ જિલ્લો | સભ્ય |
| | (૨૬) | શ્રીમતી રેખાબેન નવનીતરાય માવદીયા, અમરેલી જિલ્લો | સભ્ય |
| | (૨૭) | શ્રીમતી રૂપલબેન ઝાલા, ભાવનગર જિલ્લો | સભ્ય |
| | (૨૮) | શ્રીમતી ક્રિષ્ણાબેન નાનજીભાઇ માડવીયા, ભાવનગર જિલ્લ્લો | સભ્ય |
| | (૨૯) | શ્રીમતી કલ્પનાબેન ભાવેશભાઇ રાવલ, સુરેન્દ્રનગર જિલ્લો | સભ્ય |
| ૮. | હોદાની રૂએ નિમાયેલા સભ્યો:– | | |
| | (અ) | અગ્ર સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ | સચિવ |
| | (બ) | સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ | સચિવ |
| ૯. | પોલીસ મહાનિરીક્ષકશ્રી, (મહિલા સેલ અને ક્રાઇમ) ,<br>અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી, સી.આઇ.ડી. ક્રાઇમ અને રેલ્વે, ગુ.રા. ગાંધીનગર કચેરી. | | સભ્ય સચિવ |

રાજ્યમાં વસૂલ કરેલ સ્થળ સમાધાન પેટે દંડની રકમ

અતારાંકિત:– ૧૧૦૬૧(૫/૧/૨૦૧૭) શ્રી ગ્યાસુદીન શેખ (દરિયાપુર): માનનીય મુખ્ય મંત્રીશ્રી(ગૃહ) જણાવવા કૃપા કરશે કે:–

તા.૩૦/૧૧/૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર વાહન ચાલકો પાસેથી સ્થળ સમાધાન પેટે કેટલી રકમનો દંડ વસૂલ કરવામાં આવ્યો ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ): (૨૮/૨/૨૦૧૭)

તા.૩૦/૧૧/૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર વાહન ચાલકો પાસેથી સ્થળ સમાધાન પેટે વસૂલ કરેલ દંડની રકમ અંગેનુ પત્રક સામેલ છે.

પત્રક

| શહેર/જિલ્લા ખાતે વર્ષવાઇઝ વસુલ કરેલ સમાધાન શુલ્ક પેટે દંડની રકમ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| અ.નં | શહેર જિલ્લાનું નામ | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ (૩૧/૧૧/૧૬ સુધી) |
| ૧ | અમદાવાદ શહેર | ૮૮૦૩૨૨૫૦ | ૧૨૯૯૩૯૭૨૫ | ૧૯૧૫૯૨૭૫૦ | ૧૬૯૮૪૦૧૭૫ | ૧૧૦૮૮૨૮૦૦ |
| ૩ | રાજકોટ શહેર | ૧૭૮૬૫૪૫૦ | ૧૮૭૧૮૦૨૫ | ૨૬૫૭૫૧૬૫ | ૨૭૫૭૭૯૦૫ | ૨૩૪૯૯૮૧૦ |
| ૪ | સુરત શહેર | ૧૧૬૮૮૦૫૫૦ | ૧૧૯૨૭૫૮૦૦ | ૧૬૩૩૮૯૮૭૫ | ૧૪૮૭૩૬૮૦૦ | ૧૫૮૬૩૯૦૦૦ |
| ૨ | વડોદરા શહેર | ૬૯૭૪૦૪૦૦ | ૬૩૧૨૩૬૦૦ | ૬૧૦૭૯૯૨૦ | ૬૬૬૬૯૭૬૫ | ૭૦૨૭૦૫૫૦ |
| ૫ | અમદાવાદ ગ્રામ્ય | ૮૩૫૦૧૦૦ | ૧૯૫૫૭૪૬૦ | ૨૬૩૯૮૬૦૦ | ૨૬૯૬૭૭૯૦ | ૨૭૪૬૨૭૮૫ |
| ૬ | ખેડા | ૬૩૦૦૪૭૦ | ૩૦૭૪૩૩૦ | ૧૧૦૧૦૫૫૦ | ૮૧૭૩૭૦૦ | ૫૪૯૪૮૫૫ |
| ૭ | આણંદ | ૪૫૪૨૨૮૦ | ૬૦૯૦૦૩૫ | ૧૨૪૭૦૨૩૫ | ૯૦૩૬૪૧૦ | ૬૧૩૩૮૭૮ |
| ૯ | સાબરકાંઠા | ૬૮૦૪૧૦૦ | ૭૧૬૯૩૫૦ | ૮૪૩૩૫૨૫ | ૫૦૩૫૪૫૦ | ૨૫૧૧૩૨૫ |
| ૧૦ | અરવલ્લી | ૮૧૨૩૫૦ | ૧૦૧૩૦૧૦ | ૧૬૩૫૪૮૦ | ૧૮૩૦૯૫૦ | ૧૭૪૩૧૫૦ |
| ૮ | ગાંધીનગર | ૩૪૦૮૩૫૦ | ૩૦૭૩૩૭૫ | ૩૪૬૦૩૫૦ | ૧૮૧૬૦૦૫૦ | ૨૨૩૬૨૮૭૫ |
| ૧૧ | મહેસાણા | ૩૭૫૩૪૮૫ | ૬૮૨૨૯૭૫ | ૧૨૮૭૪૯૬૦ | ૮૭૩૪૩૭૫ | ૮૫૪૧૪૩૨ |
| ૧૫ | પાટણ | ૫૨૨૧૨૭૫ | ૫૮૯૧૮૨૫ | ૬૪૬૭૭૫૦ | ૧૦૦૨૨૨૫ | ૩૮૬૯૪૭૯ |
| ૧૪ | બનાસકાંઠા | ૫૦૯૬૧૩૫ | ૫૨૧૦૫૬૫ | ૫૯૩૧૧૧૫ | ૪૯૪૨૯૭૫ | ૬૫૩૭૫૬૫ |
| ૧૨ | પશ્ચિમ-કચ્છ | ૪૪૯૭૮૪૦ | ૪૦૯૬૪૩૯ | ૭૪૮૭૧૨૫ | ૪૦૯૫૭૪૦ | ૪૨૪૧૧૯૦ |
| ૧૩ | પૂર્વ કચ્છ | ૭૫૧૮૦૨૫ | ૪૬૪૬૨૦૫ | ૧૦૨૩૨૮૭૦ | ૮૪૫૩૭૧૦ | ૨૫૪૪૩૦૦ |
| ૧૭ | જામનગર | ૭૭૩૨૮૭૫ | ૯૮૮૩૯૪૫ | ૬૩૩૩૬૮૫ | ૯૪૫૬૧૫૫ | ૮૫૯૭૩૨૬ |
| ૧૮ | દેવભૂમિ-દ્વારકા | ૧૯૪૯૮૭૫ | ૧૬૫૬૭૦૦ | ૨૪૨૫૩૭૦ | ૩૨૬૩૨૩૫ | ૧૫૫૧૮૬૦ |
| ૧૬ | રાજકોટ રૂરલ | ૭૪૭૯૪૦૦ | ૭૫૧૨૯૬૦ | ૧૧૩૨૮૦૪૦ | ૭૩૩૦૩૯૦ | ૫૫૦૮૯૦૭ |
| ૧૯ | મોરબી | ૦ | ૦ | ૦ | ૫૮૪૪૨૨૦ | ૬૭૭૧૪૩૫ |
| ૨૦ | સુરેન્દ્રનગર | ૭૮૪૦૦૦૦ | ૬૩૦૯૦૦૦ | ૪૯૬૮૦૦૦ | ૨૯૦૬૮૨૦ | ૩૨૭૩૮૭૦ |
| ૨૨ | અમરેલી | ૫૧૦૪૬૬૦ | ૪૯૪૮૦૮૦ | ૫૧૩૫૨૧૦ | ૪૭૪૩૧૭૫ | ૪૨૪૯૨૨૫ |
| ૨૧ | ભાવનગર | ૫૮૮૭૫૮૫ | ૭૧૦૨૬૫૫ | ૬૮૧૧૦૩૦ | ૭૦૦૩૬૬૦ | ૫૭૩૩૫૦૦ |
| ૨૩ | બોટાદ | ૫૧૩૮૯૫ | ૭૧૧૮૬૦ | ૩૪૭૨૬૫ | ૭૨૦૨૨૦ | ૧૬૭૫૨૭૫ |
| ૨૪ | જુનાગઢ | ૯૭૧૩૦૪૦ | ૮૯૮૯૮૨૩ | ૬૬૧૫૯૨૬ | ૮૦૩૧૪૮૦ | ૮૮૭૬૬૬૨ |
| ૨૬ | સોમનાથ | ૨૮૯૫૭૬૫ | ૨૫૬૦૦૮૫ | ૩૨૩૩૭૭૫ | ૯૭૪૪૪૦ | ૨૩૫૨૬૮૫ |
| ૨૫ | પોરબંદર | ૭૦૩૭૫૪૦ | ૭૦૧૭૮૬૦ | ૬૮૫૨૯૭૦ | ૩૬૪૫૮૫૦ | ૪૯૧૯૩૨૦ |
| ૨૭ | વડોદરા રૂરલ | ૪૪૪૫૩૯૦ | ૩૮૦૬૪૦૦ | ૪૨૨૬૮૧૦ | ૪૮૦૪૭૮૦ | ૨૨૨૮૪૨૫ |
| ૩૧ | છોટા ઉદેપુર | ૬૭૮૭૫૦ | ૧૦૯૯૦૦ | ૪૪૮૩૨૫ | ૫૧૫૮૯૦ | ૪૦૮૬૫૦ |
| ૩૩ | ભરૂચ | ૭૮૮૩૭૬૦ | ૭૩૦૬૫૩૦ | ૧૦૦૧૦૩૬૦ | ૯૪૮૩૭૭૫ | ૭૮૪૧૨૮૪ |
| ૨૮ | ગોધરા | ૪૦૫૭૪૫૦ | ૫૫૨૪૭૫૦ | ૭૯૧૦૩૨૫ | ૭૩૫૭૮૫૦ | ૩૬૮૬૩૫૦ |
| ૩૦ | મહિસાગર | ૧૩૪૫૫૩૦ | ૨૧૨૧૨૮૦ | ૩૦૧૧૪૨૦ | ૧૯૨૫૪૫૦ | ૧૭૩૩૮૪૮ |
| ૨૯ | નર્મદા | ૧૦૫૨૭૬૫ | ૧૦૧૧૨૫૦ | ૧૪૬૫૭૦૦ | ૧૧૩૭૫૦૦ | ૮૮૨૨૨૫ |
| ૩૨ | દાહોદ | ૬૮૫૨૨૫ | ૮૩૮૭૦૦ | ૯૧૫૫૧૫ | ૬૦૪૬૭૫ | ૮૨૩૧૭૫ |
| ૩૪ | સુરત રૂરલ | ૯૪૯૨૬૭૦ | ૧૦૭૨૭૨૧૫ | ૧૨૭૯૧૯૩૦ | ૮૩૦૪૮૦૦ | ૫૦૫૮૪૫૦ |
| ૩૭ | તાપી | ૩૯૦૯૨૭૫ | ૫૫૪૪૨૫૦ | ૬૨૫૭૮૦૦ | ૭૩૨૬૩૨૦ | ૩૫૭૫૭૬૯ |
| ૩૫ | વલસાડ | ૭૫૮૧૧૩૫ | ૬૨૭૭૧૨૦ | ૮૩૦૯૯૬૦ | ૫૦૧૬૫૦૦ | ૩૯૯૪૩૩૪ |
| ૩૬ | નવસારી | ૩૬૪૩૨૩૫ | ૨૮૧૩૨૧૫ | ૪૦૦૨૦૭૦ | ૩૭૭૪૮૮૦ | ૨૭૩૨૬૨૩ |
| ૩૮ | ડાંગ-આહવા | ૧૪૪૭૩૦ | ૨૬૯૧૨૫ | ૩૧૬૨૨૫ | ૦ | ૦ |
| ૪૦ | પ.રે. અમદાવાદ | ૧૧૫૪૧૮૦ | ૯૬૧૯૦૦ | ૧૩૬૦૦૫૦ | ૧૨૫૭૯૭૫ | ૦ |
| ૩૯ | પ.રે. વડોદરા | ૧૧૯૩૫૨૦ | ૯૯૬૩૫૦ | ૧૧૨૬૧૮૫ | ૧૧૧૧૨૭૦૦ | ૬૮૭૩૧૫ |
| કુલ | | ૪૫૨૨૪૫૩૧૦ | ૫૦૨૭૦૩૬૭૨ | ૬૬૫૨૪૪૨૧૬ | ૬૨૫૮૦૦૭૬૦ | ૫૪૧૮૯૭૫૦૭ |

રાજ્યમાં પકડાયેલ દારૂ

અતારાંકિત: ૧૧૪૦૪ (૦૫/૦૧/૨૦૧૭) ડૉ.તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૦/૧૧/૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર જીલ્લાવાર કેટલો વિદેશી દારૂ, બિયર અને દેશી

દારૂ પકડાયો, અને
(૨) ઉપરોક્ત પકડાયેલ વિદેશી દારૂ, બિયર અને દેશી દારૂની વર્ષવાર શું કિંમત થાય છે?
મુખ્યમંત્રીશ્રી : (૨૭/૨/૨૦૧૭)
(૧) પત્રક મુજબ
(૨)

| વર્ષ | વિદેશી દારૂની કિંમત (રૂપિયામાં) | બિયરની કિંમત (રૂપિયામાં) | દેશી દારૂની કિંમત (રૂપિયામાં) |
|---|---|---|---|
| તા.૧/૧૨/૨૦૧૧ થી તા.૩૦/૧૧/૨૦૧૨ | ૪૭૨૪૧૦૫૬૮ | ૮૫૪૨૫૩૧૫ | ૧૯૮૯૯૫૬૪ |
| તા.૧/૧૨/૨૦૧૨ થી તા.૩૦/૧૧/૨૦૧૩ | ૬૧૯૯૨૦૮૩૨ | ૧૦૭૦૯૭૪૯૪ | ૧૬૦૩૧૧૯૪ |
| તા.૧/૧૨/૨૦૧૩ થી તા.૩૦/૧૧/૨૦૧૪ | ૬૬૮૧૦૯૩૯૮ | ૧૦૯૬૩૯૮૯૩ | ૧૯૫૧૮૫૮૯ |
| તા.૧/૧૨/૨૦૧૪ થી તા.૩૦/૧૧/૨૦૧૫ | ૭૩૪૭૮૨૧૭૫ | ૧૪૭૩૫૮૧૬૫ | ૧૯૧૪૮૯૬૨ |
| તા.૧/૧૨/૨૦૧૫ થી તા.૩૦/૧૧/૨૦૧૬ | ૭૧૪૯૯૯૫૦૩ | ૧૯૦૪૮૬૭૩૩ | ૧૯૨૯૧૨૮૧ |

( * પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

------

રાજયની મહિલા સુરક્ષા સમિતિની મળેલ બેઠકો

અતારાંકિત: ૧૧૬૦૩(તા.૧૬/૦૧/૨૦૧૭) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :–
(૧) રાજયમાં મહિલા ઉપર થતા અત્યાચાર રોકવા માટે રાજ્ય સરકાર દ્વારા રાજયની મહિલા સુરક્ષા સમિતિની રચના તા.૩૦/૧૧/૨૦૧૬ની સ્થિતિએ કરેલ છે કે કેમ,
(૨) જો હા, તો ઉક્ત સમિતિમાં ચેરમેન તથા સભ્યો કોણ છે.
(૩) નિયમોનુસાર ઉક્ત સમિતિની વર્ષમાં કેટલી બેઠકો મળવી જોઇએ, અને
(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કઇ તારીખે સમિતિની બેઠકો મળેલી છે ?
મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૭/૨/૨૦૧૭)
(૧) હા, જી.
(૨) તા.૩૦/૧૧/૨૦૧૬ની સ્થિતિએ મહિલા સુરક્ષા સમિતિના અધ્યક્ષ અને સભ્યોની યાદી દર્શાવતું પત્રક–અ સામેલ છે.
(૩) નિયમોનુસાર ઉક્ત સમિતિની વર્ષમાં ૪ (ચાર) બેઠકો મળવી જોઇએ.
(૪)

| વર્ષ | મળેલ બેઠકની તારીખ |
|---|---|
| તા.૦૧/૦૧/૨૦૧૨ થી તા.૩૧/૧૨/૨૦૧૨ | કોઇ બેઠક મળેલ નથી |
| તા.૦૧/૦૧/૨૦૧૩ થી તા.૩૧/૧૨/૨૦૧૩ | કોઇ બેઠક મળેલ નથી |
| તા.૦૧/૦૧/૨૦૧૪ થી તા.૩૧/૧૨/૨૦૧૪ | તા.૦૭/૦૧/૨૦૧૪ અને તા.૧૮/૦૭/૨૦૧૪ ના રોજ એમ કુલ બે બેઠક મળેલ છે. |
| તા.૦૧/૦૧/૨૦૧૫ થી તા.૩૧/૧૨/૨૦૧૫ | તા.૨૨/૬/૨૦૧૫ના રોજ એક બેઠક મળેલ છે. |
| તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૬ | તા.૩/૦૨/૨૦૧૬ના રોજ એક બેઠક મળેલ છે. |

ગૃહ વિભાગના તા.૧૬/૦૭/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક: મહસ/૨૯૨૦૧૩/૯૦૦/ડ મુજબ રાજ્ય મહિલા સુરક્ષા સમિતિના અધ્યક્ષ અને સભ્યોની વિગત દર્શાવતું પત્રક:અ

## અતારાંકિત પ્રશ્નોત્તરી

પત્રક–અ

| ક્રમ | | સભ્યનું નામ | સમિતિમાં હોદો |
|---|---|---|---|
| ૧. | માન. મુખ્ય મંત્રીશ્રી | | અધ્યક્ષ |
| ૨. | રાજય મંત્રીમંડળ મહિલા સભ્યો:– | | |
| | (૧) | શ્રીમતી વસુબેન નરેન્દ્રભાઇ ત્રિવેદી, માન. રાજયકક્ષાના મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણ (સ્વતંત્ર હવાલો), ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ | સભ્ય |
| ૩. | રાજયમાંથી ચુંટાયેલા મહિલા સંસદસભ્યો:– | | |
| | (૧) | શ્રીમતી સ્મૃતિ ઝુબીન ઇરાની, સંસદસભ્યશ્રી (રાજયસભા) | સભ્ય |
| | (૨) | શ્રીમતી જયશ્રીબેન કનુભાઇ પટેલ, માન.સંસદસભ્યશ્રી–મહેસાણા (લોકસભા) | સભ્ય |
| | (૩) | શ્રીમતી દર્શના વિક્રમ જરદોશ, માન. સંસદસભ્યશ્રી–સુરત (લોકસભા) | સભ્ય |
| | (૪) | ડૉ. ભારતીબેન ધીરૂભાઇ શિયાળ, માન.સંસદસભ્યશ્રી–ભાવનગર (લોકસભા) | સભ્ય |
| | (૫) | શ્રીમતી પૂનમબેન હેમંતભાઇ માડમ, માન.સંસદસભ્યશ્રી–જામનગર (લોકસભા) | સભ્ય |
| ૪. | મહિલા ધારાસભ્યો:– | | |
| | (૧) | શ્રીમતી વિભાવરીબેન દવે, માન. ધારાસભ્યશ્રી–ભાવનગર પૂર્વ | સભ્ય |
| | (૨) | શ્રીમતી ભાનુબેન બાબરીયા, માન. ધારાસભ્ય શ્રી–રાજકોટ ગ્રામ્ય | સભ્ય |
| | (૩) | શ્રીમતી નિમિષાબેન સુથાર, માન. ધારાસભ્ય શ્રી–મોરવા હડફ | સભ્ય |
| ૫. | અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર | | સભ્ય |
| ૬. | પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. ગાંધીનગર. | | સભ્ય |
| ૭. | સમિતિના બિન સરકારી સભ્યો:– | | |
| | (૧) | શ્રીમતી જયોતિબેન વી. વાછાણી, જુનાગઢ જિલ્લો | ઉપાધ્યક્ષ |
| | (૨) | શ્રીમતી હેમાલીબેન કે. બોઘાવાલા, સુરત શહેર | સભ્ય |
| | (૩) | શ્રીમતી સરોજબેન એસ.ઠાકોર, ગાંધીનગર જિલ્લો | સભ્ય |
| | (૪) | શ્રીમતી વંદનાબેન એસ.તિવારી, તાપી જિલ્લો | સભ્ય |
| | (૫) | શ્રીમતી સુમનબેન આર. દળવી, ડાંગ જિલ્લો | સભ્ય |
| | (૬) | શ્રીમતી વર્ષાબેન આર. રાવલ, વલસાડ જિલ્લો | સભ્ય |
| | (૭) | શ્રીમતી શીતલબેન શ્યામભાઇ સોની, નવસારી જિલ્લો | સભ્ય |
| | (૮) | શ્રીમતી ચંપાબેન મનુભાઇ પટેલ, સુરત જિલ્લો | સભ્ય |
| | (૯) | શ્રીમતી કોકીલાબેન ચીમનભાઇ પટેલ, ભરૂચ જિલ્લો | સભ્ય |
| | (૧૦) | શ્રીમતી ભારતીબેન વિરસિંહભાઇ તડવી, નર્મદા જિલ્લો | સભ્ય |
| | (૧૧) | શ્રીમતી પુર્ણિમાબેન યોગેશકુમાર ગોસ્વામી, વડોદરા શહેર | સભ્ય |
| | (૧૨) | શ્રીમતી કલ્પનાબેન અમરીશભાઇ પટેલ, વડોદરા જિલ્લો | સભ્ય |
| | (૧૩) | શ્રીમતી ભાવનાબેન ડાહયાભાઇ, મહિસાગર જિલ્લો | સભ્ય |
| | (૧૪) | શ્રીમતી સંયુકતાબેન અમૃતલાલ મોદી, દાહોદ જિલ્લો | સભ્ય |
| | (૧૫) | શ્રીમતી ક્રિષ્ણાબેન વિજયકુમાર પંચાલ, ખેડા જિલ્લો | સભ્ય |
| | (૧૬) | શ્રીમતી સીતાબેન આર. રબારી, અમદાવાદ શહેર | સભ્ય |
| | (૧૭) | શ્રીમતી પ્રીતીબેન હર્ષદભાઇ ઠકકર, અમદાવાદ જિલ્લો | સભ્ય |
| | (૧૮) | શ્રીમતી રમિલાબેન કબાજી ભગોરા, સાબરકાંઠા જિલ્લો | સભ્ય |
| | (૧૯) | શ્રીમતી વર્ષાબેન એચ.પટેલ, મહેસાણા જિલ્લો | સભ્ય |
| | (૨૦) | કુ. રૂપલબેન પ્રતાપભાઇ આહીર, પાટણ જિલ્લો | સભ્ય |
| | (૨૧) | શ્રીમતી પ્રફુલ્લાબેન કે.પટેલ, બનાસકાંઠા જિલ્લો | સભ્ય |
| | (૨૨) | શ્રીમતી બબીબેન માનસંગભાઇ સોલંકી, કચ્છ જિલ્લો | સભ્ય |
| | (૨૩) | શ્રીમતી સગુણાબેન વિનોદભાઇ રાખોલીયા, જામનગર જિલ્લો | સભ્ય |
| | (૨૪) | શ્રીમતી પુનિતાબેન હસમુખરાય પારેખ, રાજકોટ શહેર | સભ્ય |
| | (૨૫) | શ્રીમતી વર્ષાબેન રાજેન્દ્રભાઇ રાવલ, રાજકોટ જિલ્લો | સભ્ય |

| | | | |
|---|---|---|---|
| | (૨૬) | શ્રીમતી રેખાબેન નવનીતરાય માવદીયા, અમરેલી જિલ્લો | સભ્ય |
| | (૨૭) | શ્રીમતી રૂપલબેન ઝાલા, ભાવનગર જિલ્લો | સભ્ય |
| | (૨૮) | શ્રીમતી ક્રિષ્ણાબેન નાનજીભાઇ માડવીયા, ભાવનગર જિલ્લો | સભ્ય |
| | (૨૯) | શ્રીમતી કલ્પનાબેન ભાવેશભાઇ રાવલ, સુરેન્દ્રનગર જિલ્લો | સભ્ય |
| ૮. | હોદાની રૂએ નિમાયેલા સભ્યો:- | | |
| | (અ) | અગ્ર સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ | સચિવ |
| | (બ) | સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ | સચિવ |
| ૯. | પોલીસ મહાનિરીક્ષકશ્રી, (મહિલા સેલ અને ક્રાઇમ),<br>અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી, સી.આઇ.ડી. ક્રાઇમ અને રેલ્વે, ગુ.રા. ગાંધીનગર કચેરી. | | સભ્ય સચિવ |

------

અમદાવાદ આબાદ ડેરીની જગ્યામાં રમત-ગમત સંકુલ બાંધવા બાબત

અતારાંકિત - ૯૧૩૫(૧૨/૦૮/૨૦૧૬) શ્રી કરમશીભાઇ પટેલ (સાણંદ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૦-૦૬-૨૦૧૬ની સ્થિતિએ અમદાવાદની આબાદ ડેરીની જગ્યામાં મુંબઇની સ્ટાર સ્ટેડયા પ્રા.લિ. ને સ્ટેડયમ રમત-ગમતના સંકુલ બાંધવા માટે શા ભાવે કેટલી જમીન આપવામાં આવી,

(૨) ઉક્ત બાંધકામ પુર્ણ કયારે કરવામાં આવશે, અને

(૩) તે અન્વયે શરતોનું પાલન ન થયું હોય તો સરકારે તે સામે ઉક્ત સ્થિતિએ શી કાર્યવાહી કરી ?

પ્રવાસન મંત્રીશ્રી : (૩/૩/૨૦૧૭)

(૧) તા.૩૦-૦૬-૨૦૧૬ની સ્થિતિએ અમદાવાદની આબાદ ડેરીની જગ્યામાં મુંબઇની એસ.ઇ.ટ્રાન્સસ્ટેડિયા પ્રા.લિ. ને રમત-ગમતના સંકુલ બાંધવા માટે ૪૦૨૨૯૪.૮૮ ચો.ફુટ જમીન વાર્ષિક રૂ|. ૪૦૨૨૯૪.૮૮/- ભાડાના દરથી ૩૫ વર્ષના લીઝ ઉપર આપવામાં આવેલ છે.

(૨) ઉક્ત બાંધકામ માર્ચ, ૨૦૧૭ સુધીમાં પૂર્ણ થવાની સંભાવના છે.

(૩) તે અન્વયે શરતોનું પાલન થયેલ હોઇ સરકારે તે સામે ઉક્ત સ્થિતિએ કોઇ પણ કાર્યવાહી કરવાની રહેતી નથી.

------

રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લાના યાત્રાધામોમાં આવક

અતારાંકિત: ૯૫૨૯(૨૧/૯/૨૦૧૬): શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,-

(૧) રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લાના કયા ધાર્મિક સ્થળો ૩૧-૩-૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકારનાં સંચાલન હેઠળ છે, અને

(૨) ઉક્ત ધાર્મિક સ્થળોવાર વર્ષ-૨૦૧૫ની આવક કેટલી ?

યાત્રાધામ (વિકાસ મંત્રીશ્રી) : (૨૮/૨/૨૦૧૭)

(૧) ૩૧-૩-૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લાના રાજ્ય સરકારના સંચાલન હેઠળ ધાર્મિક સ્થળોની વિગત.

| ક્રમ | જિલ્લો | | ધાર્મિક સ્થળ |
|---|---|---|---|
| ૧ | રાજકોટ | | શ્રી ઘેલા સોમનાથ મંદિર, વીંછીયા. |
| | | | |
| ૨. | મોરબી | ૧ | મણિમંદિર મોરબી |
| | | ૨ | રામમહેલ મંદિર, મોરબી |
| | | ૩ | રામજીમંદિર, ગાળા, મોરબી |
| | | ૪ | જડેશ્વરમહાદેવ મંદિર, ખાખરેચી, તા. માળીયા. |
| | | ૫ | લાલા ભગતની જગ્યા, સિંધાવદર, વાંકાનેર. |
| | | | |
| ૩. | સુરેન્દ્રનગર | | ગુરુદત્તાત્રેય મંદિર, વઢવાણ |

(૨) ઉકત ધાર્મિક સ્થળોવાર વર્ષ–૨૦૧૫ની આવક.

| ક્રમ | જિલ્લો | | ધાર્મિક સ્થળ | વર્ષ ૨૦૧૫ની આવક |
|---|---|---|---|---|
| ૧ | રાજકોટ | | શ્રી ઘેલા સોમનાથ મંદિર, વીંછીયા. | રૂપિયા ૧,૨૨,૬૬,૭૨૩/– |
| | | | | |
| ૨. | મોરબી | ૧ | મણિમંદિર (વાઘવહેલ),મોરબી | શૂન્ય |
| | | ૨ | રામમહેલ મંદિર, મોરબી | |
| | | ૩ | રામજીમંદિર, ગાળા, મોરબી | |
| | | ૪ | જડેશ્વરમહાદેવ મંદિર, ખાખરેચી, તા. માળીયા. | |
| | | ૫ | લાલા ભગતની જગ્યા, સિંધાવદર, વાંકાનેર. | |
| | | | | |
| ૩. | સુરેન્દ્રનગર | | ગુરુદત્તાત્રેય મંદિર વઢવાણ | શૂન્ય |

------

બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના યાત્રાધામોમાં આવક

અતારાંકિત : ૧૦૩૬૪(૮/૧૧/૨૦૧૬) : શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ): માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,–

(૧) બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના કયા ધાર્મિક સ્થળો ૩૧–૮–૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકારના સંચાલન હેઠળ છે, અને

(૨) ઉકત ધાર્મિક સ્થળોવાર સન–૨૦૧૫ની આવક કેટલી છે ?

યાત્રાધામ (વિકાસ મંત્રીશ્રી) : (૪/૩/૨૦૧૭)

(૧) ૩૧–૮–૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા,સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના સરકારના સંચાલન હેઠળ ધાર્મિક સ્થળોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | ધાર્મિક સ્થળ |
|---|---|---|
| ૧ | બનાસકાંઠા | શ્રી આરાસુરી અંબાજીમાતા દેવસ્થાન, અંબાજી |
| ૨ | સાબરકાંઠા | ––– |
| ૩ | અરવલ્લી | ––– |

(૨) ઉક્ત ધાર્મિક સ્થળોવાર વર્ષ–૨૦૧૫ની આવક નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | ધાર્મિક સ્થળ | વર્ષ | કુલ આવક રકમ રૂપિયા |
|---|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | શ્રી આરાસુરી અંબાજીમાતા દેવસ્થાન, અંબાજી | ૨૦૧૫ | ૪૯,૨૦,૫૧,૨૬૩,૪૪/– |
| ૨ | સાબરકાંઠા | –––– | –––– | –––– |
| ૩ | અરવલ્લી | –––– | –––– | –––– |

------

રાજ્યમાં રણોત્સવ, પતંગોત્સવ અને નવરાત્રિ મહોત્સવમાં થયેલ કુલ ખર્ચ

અતારાંકિત –૧૦૯૦૦ (૧૮/૦૧/૨૦૧૭) શ્રી ગ્યાસુદીન શેખ (દરિયાપુર): માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :–

તા. ૩૦/૧૧/૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજયમાં રણોત્સવ, પતંગોત્સવ અને નવરાત્રિ મહોત્સવમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

પ્રવાસન મંત્રીશ્રી : (૨૭/૦૨/૨૦૧૭)

તા. ૩૦/૧૧/૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજયમાં રણોત્સવ, પતંગોત્સવ અને નવરાત્રિ મહોત્સવમાં નીચે મુજબનો કુલ ખર્ચ કરવામાં આવ્યો

| મહોત્સવ પાછળ થયેલ ખર્ચ (રૂપિયા લાખમાં ) | | | |
|---|---|---|---|
| રણોત્સવ | પતંગોત્સવ | નવરાત્રિ મહોત્સવ | કુલ |
| ૩૩૨૨.૩૧ | ૨૦૯૨.૦૯ | ૩૮૧૪.૬૧ | ૯૨૨૯.૦૧ |

------

## ૩૦મી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નોત્તરી

### કુટીર ઉદ્યોગ પ્રભાગ અને તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજુર મહેકમ

અતારાંકિત –૧૧૦૬૬ (૧૮/૦૧/૨૦૧૭): શ્રી ગ્યાસુદીન શેખ (દરિયાપુર): માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :–

(૧) તા. ૩૦/૧૧/૨૦૧૬ની સ્થિતિએ રાજ્યના કુટીર ઉદ્યોગ પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૩) તે પૈકી ઉકત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે અને ઉકત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

કુટીર (ઉદ્યોગ મંત્રીશ્રી) : (૨૮/૦૨/૨૦૧૭)

(૧) તા. ૩૦/૧૧/૨૦૧૬ની સ્થિતિએ રાજ્યના કુટીર ઉદ્યોગ પ્રભાગનું મહેકમ ૧૮ છે પત્રક–અ મુજબ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ કુલ ૫૫૩ છે. પત્રક–બ મુજબ.

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી જુદા–જુદા સંવર્ગમાં કુટીર ઉદ્યોગ પ્રભાવની ભરાયેલ જગ્યા ૧૧ છે પત્રક – અ મુજબ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર ભરાયેલ મહેકમ ૩૫૬ છે. પત્રક–બ મુજબ.

(૩) ઉકત સ્થિતિએ જુદા–જુદા સંવર્ગમાં કુટીર ઉદ્યોગ પ્રભાવની ૭ જગ્યાઓ ખાલી છે કુટીર ઉદ્યોગ પ્રભાગ સંબંધિત કાર્યવાહી સામાન્ય વહીવટ વિભાગને સંબંધિત છે પત્રક–અ મુજબ, તેમજ તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર ખાલી મહેકમ ૧૯૭ છે. તેમજ દરેક સંવર્ગવાર ખાલી જગ્યા ભરવાનું આયોજન પત્રક બ મુજબ.

પત્રક –અ

| ક્રમ | સંવર્ગનું નામ | મંજુર થયેલ જગ્યા | તે પૈકી ભરાયેલ જગ્યા | ખાલી જગ્યાઓ | ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે તેની વિગત |
|---|---|---|---|---|---|
| વર્ગ–૧ | | | | | |
| ૧ | સંયુક્ત નિયામક | ૨ | ૧ | ૧ | ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આઠ વર્ષના ખાનગી અહેવાલ ધ્યાને લેવા જણાવેલ હોવાથી તે મુજબ લાયકીપાત્ર ઉમેદવાર ઉપલબ્ધ ના હોવાથી સામાન્ય વહીવટ વિભાગના પરામર્શ બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |
| ૨ | પ્રોજેક્ટ મેનેજર | ૨૩ | ૩ | ૨૦ | તા.૫/૧/૧૭ના અધિસુચના ક્રમાંકઃકકઉ / ૧૦૨૦૧૫ /૭૨૬ /ડ.૨ થી વર્ગ–૨ના (બાર) અધિકારીઓને વર્ગ–૧ તરીકે બઢતી આપવામાં આવેલ છે. તેમજ આ કેડરના નવા ભરતી નિયમો આખરી થયેથી સીધી ભરતીની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. વધુમાં આ કેડરના કુટિર અને ગ્રામોધોગ ખાતાના મહેકમ હસ્તકના ૩ (ત્રણ) અધિકારીઓ ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી હસ્તક જનરલ મેનેજર તરીકે તેમજ ૧ (એક) અધિકારી નિગમ ખાતે વહીવટી અધિકારી તરીકે ફરજ બજાવે છે. |
| વર્ગ–૨ | | | | | |
| ૩ | ઈન્ડસ્ટ્રીયલ પ્રમોશન ઓફિસર | ૭૪ | ૨૪ | ૫૦ | આ કેડરના ભરતી નિયમો આખરી થયેલી બઢતી તેમજ સીધી ભરતીની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |
| વર્ગ–૩ | | | | | |
| ૪ | ટેકનીકલ આસીસ્ટન્ટ | ૨૭ | ૭ | ૨૦ | આ જગ્યાઓ સીધી ભરતીથી ભરવાની કાર્યવાહી હાલ ખાતાના વડાની કચેરીએ ચાલી રહેલ છે. |
| ૫ | કાર્યાલય અધિક્ષક | ૨૦ | ૬ | ૧૪ | આ જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે ફાઈલ તા.૨૪/૦૧/૨૦૧૭થી સામાન્ય વહીવટ વિભાગ તેમજ નાણાં વિભાગની મંજૂરી અર્થે મોકલી આપવામાં આવેલ છે. |
| ૬ | હેડ કલાર્ક | ૧૧૮ | ૭૨ | ૪૬ | આ જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે ફાઈલ તા.૦૬/૦૨/૨૦૧૭થી સામાન્ય વહીવટ વિભાગ તેમજ નાણાં વિભાગની મંજૂરી અર્થે મોકલી આપવામાં આવેલ છે. |
| ૭ | સીનીયર કલાર્ક | ૮૧ | ૭૬ | ૫ | આ જગ્યાઓ સીધી ભરતીથી ભરવા અર્થે દરખાસ્ત વિચારણા હેઠળ છે. |
| ૮ | સુપ્રિટેન્ડન્ટ (ટ્રેનીંગ) | ૨૯ | ૨૯ | ૦ | - |
| ૯ | આસીસ્ટન્ટ ઈન્સ્ટ્રકટર | ૫૯ | ૫૯ | ૦ | - |
| ૧૦ | ઈકોનોમીક ઈન્વેસ્ટીગેટર | ૮ | ૪ | ૪ | માંગણાપત્રક ગૌણ સેવા પસંદગી મંડળને મોકલવાની કાર્યવાહી હાલ વિભાગમાં ચાલી રહેલ છે. |
| ૧૧ | લેબોરેટરી ટેકનીશીયન | ૧ | ૧ | ૦ | - |
| ૧૨ | કોયર સુપરવાઈઝર | ૧ | ૧ | ૦ | - |
| ૧૩ | જુનીયર કલાર્ક | ૬૭ | ૫૨ | ૧૫ | આ જગ્યાઓ સીધી ભરતીથી ભરવાની કાર્યવાહી હાલ ખાતાના વડાની કચેરીએ ચાલી રહેલ છે. |
| વર્ગ–૪ | | | | | |
| ૧૪ | ડ્રાઈવર | ૩ | ૧ | ૨ | સરકારની નિતી અનુસાર વર્ગ–૪ની જગ્યાઓની સેવાઓ હવે આઉટસોર્સીંગથી લેવાની થતી હોઈ, કોઈ ભરતી કરવાની રહેતી નથી. |
| ૧૫ | પટાવાળા | ૩૮ | ૧૮ | ૨૦ | |
| ૧૬ | હેલ્પર | ૨ | ૨ | ૦ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | કુલ | ૫૫૩ | ૩૫૬ | ૧૯<br>૭ | |

પત્રક –બ

તા.૩૦–૧૧–૨૦૧૬ ની સ્થિતિએ કુટિર ઉદ્યોગ પ્રભાગમાં સંવર્ગવાર મંજૂર મહેકમની વિગતો

| ક્રમ | સંવર્ગનું નામ | મંજૂર થયેલ કુલ જગ્યા | તે પૈકી ભરાયેલ જગ્યા | ખાલી જગ્યાઓ | ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે. |
|---|---|---|---|---|---|
| ૧ | વર્ગ–૧ | ૩ | ૧ | ૨ | સંબંધિત કાર્યવાહી સા.વ.વિ. ને સંબંધિત છે. |
| ૨ | વર્ગ–૨ | ૪ | ૩ | ૧ | |
| ૩ | વર્ગ–૩ | ૯ | ૬ | ૩ | |
| ૪ | વર્ગ–૪ | ૨ | ૧ | ૧ | |

------

માહિતી અને પ્રસારણ વિભાગ /તાબા ની કચેરીઓનું મહેકમ

અતારાંકિત –૧૧૦૬૩ (૦૭/૦૧/૨૦૧૭): શ્રી ગ્યાસુદીન શેખ (દરિયાપુર): માનનીય મુખ્યમંત્રીશ્રી (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે :–

(૧) તા. ૩૦/૧૧/૨૦૧૬ની સ્થિતિએ રાજ્યના માહિતી અને પ્રસારણ વિભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૩) તે પૈકી ઉકત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે અને ઉકત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

મુખ્યમંત્રીશ્રી ( માહિતી અને પ્રસારણ): (૨૭/૦૨/૨૦૧૭)

(૧) તા. ૩૦/૧૧/૨૦૧૬ની સ્થિતિએ રાજ્યના માહિતી અને પ્રસારણ વિભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમની વિગતો નીચે મુજબ છેઃ–

| | | મંજૂર મહેકમની સંખ્યા | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | કચેરીનુંનામ | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ |
| ૧ | માહિતી અને પ્રસારણ વિભાગ(ખુદ) | ૩ | ૪ | ૨૬ | ૫ |
| ૨ | માહિતી નિયામકની કચેરી, ગાંધીનગર | ૪૮ | ૮૦ | ૬૦૪ | ૧૯૯ |
| ૩ | મનોરંજન કર કમિશનરની કચેરી, ગાંધીનગર | ૫ | ૧૧ | ૧૧૭ | ૧૮ |

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, તેની વિગતો નીચે મુજબ છેઃ–

| | | સંવર્ગવાર ભરાયેલ જગ્યાઓની વિગતો | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | કચેરીનુંનામ | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ |
| ૧ | માહિતી અને પ્રસારણ વિભાગ(ખુદ) | ૩ | ૪ | ૧૨ | ૧ |
| ૨ | માહિતી નિયામકની કચેરી, ગાંધીનગર | ૩૭ | ૪૪ | ૩૭૨ | ૧૪૩ |
| ૩ | મનોરંજન કર કમિશનરની કચેરી, ગાંધીનગર | ૪ | ૪ | ૭૩ | ૧૧ |

(૩) તે અન્વયે ઉકત સ્થિતિએ સંવર્ગવાર ખાલી જગ્યાની વિગતો નીચે મુજબ છેઃ–

| | | સંવર્ગવાર ખાલી જગ્યાઓની વિગતો | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | કચેરીનુંનામ | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ |
| ૧ | માહિતી અને પ્રસારણ વિભાગ(ખુદ) | –– | –– | ૧૩ # | ૦ # |
| ૨ | માહિતી નિયામકની કચેરી, ગાંધીનગર | ૧૧ | ૩૬ | ૧૭૬ # | ૦ # |
| ૩ | મનોરંજન કર કમિશનરની કચેરી, ગાંધીનગર | ૧ | ૭ | ૩૬ # | ૦ # |

- જગ્યાઓ ખાલી થવાની અને ભરવાની પ્રક્રિયા નિરંતર ચાલુ રહેતી પ્રક્રિયા છે. તેથી ભરતી પ્રક્રિયા અનુસાર તથા જરૂરિયાત મુજબ બાકીની ખાલી રહેતી જગ્યાઓ ભરવામાં આવશે.

# ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી ડ્રાઈવર, વર્ગ–૩ સંવર્ગની ૬૫ જગ્યાઓ અને પટાવાળા વગેરે વર્ગ–૪ની ૬૭ ખાલી જગ્યાઓનો સમાવેશ કરેલ નથી કારણ કે, સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૦૧/૦૪/૨૦૧૦ના ઠરાવ અનુસાર આઉટસોર્સિંગથી સેવાઓ લેવાની રહેતી હોઈ, હવે આ જગ્યાઓ ભરવાની રહેતી નથી.

------

## ૩૦મી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નોત્તરી

ન્યાયતંત્રના વહીવટી રહેણાંકના મકાનો માટે ભારત સરકારની સહાય

અતારાંકિત −૧૧૧૮૩ (૦૭/૦૧/૨૦૧૭): ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય કાયદા મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે :−

(૧) ન્યાયતંત્રનાં વહીવટીના અને રહેણાંકનાં મકાનો બનાવવા માટે ભારત સરકાર તરફથી તા.૩૦−૧૧-૨૦૧૬ની સ્થિતીએ છેલ્લા પાંચ વષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતીએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે. અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

કાયદા મંત્રીશ્રી (રાજયકક્ષા) : (૨૭/૦૨/૨૦૧૭)

(૧) હા

(૨) સામેલ પત્રક મુજબ.

(૩) સામેલ પત્રક મુજબ.

(૨) ભારત સરકાર તરફથી તા.૩૦−૧૧−૨૦૧૬ની સ્થિતીએ વર્ષવાર મળેલ રકમ નીચે મુજબ છે.

| વર્ષ | મળેલ રકમ (લાખમાં) |
|---|---|
| ૨૦૧૨−૧૩ | ૯૮૯૩.૦૦ |
| ૨૦૧૩−૧૪ | ૧૦૦૦૦.૦૦ |
| ૨૦૧૪−૧૫ | ૫૦૦૦.૦૦ |
| ૨૦૧૫−૧૬ | ૫૦૦૦.૦૦ |
| ૨૦૧૬−૧૭ | ૫૦૦૦.૦૦ |

(૩) તા.૩૦−૧૧−૨૦૧૬ની સ્થિતીએ વર્ષવાર મળેલ રકમ નીચે મુજબ છે.

| વર્ષ | ખર્ચ કરેલ રકમ (લાખમાં) |
|---|---|
| ૨૦૧૨−૧૩ | ૧૩૮.૧૬ |
| ૨૦૧૩−૧૪ | ૧૬૯૭૧.૯૩ |
| ૨૦૧૪−૧૫ | ૨૨૬૮૧.૩૦ |
| ૨૦૧૫−૧૬ | ૨૪૫૧૭.૨૬ |
| ૨૦૧૬−૧૭ | ૧૩૬૦૨.૬૭ |

------

ફાસ્ટટ્રેક કોર્ટની સ્થાપ્ના/મકાનોના બાંધકામ માટે ભારત સરકાની સહાય

અતારાંકિત −૧૧૧૮૪ (૦૭/૦૧/૨૦૧૭): ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય કાયદામંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે :−

(૧) ફાસ્ટટ્રેક કોર્ટની સ્થાપના તેમજ મકાનોનાં બાંધકામ માટે ભારત સરકાર તરફથી તા.૩૦−૧૧−૨૦૧૬ની સ્થિતીએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતીએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે. અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

કાયદા મંત્રીશ્રી( રાજયકક્ષા) : (૨૭/૦૧/૨૦૧૭)

(૧) ફાસ્ટટ્રેક કોર્ટો તા.૩૧/૦૩/૨૦૧૧ સુધી કાર્યરત હતી. ત્યારબાદ બંધ થયેલ હોવાથી તા.૩૦−૧૧−૨૦૧૬ની સ્થિતીએ છેલ્લા પાંચ વર્ષમાં કોઈ માહિતી આપવાનો પ્રશ્ન રહેતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------

જળસંપત્તિ પ્રભાગ અને તાબાની કચેરીઓનું મહેકમ

અતારાંકિત: ૭૭૩૫ ( ૦૧/૦૭/૨૦૧૬ ) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય ( જળસંપત્તિ ) મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે:−

(૧) તારીખ: ૩૧/૦૩/૨૦૧૬ ની સ્થિતિએ જળસંપતિ પ્રભાગ અને તેના તાબાની કચેરીઓમાં વર્ગ−૧ થી ૪ નું મહેકમ કેટલું છે?

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં મંજુર મહેકમ સામે જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે?

(૩) ઉક્ત સ્થિતિએ આ જગ્યાઓ ખાલી રહેવાના અને સમયસર ન ભરવાનાં શા કારણૉ છે, અને

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા રાજ્ય સરકાર દ્વારા શું આયોજન કરવામાં આવેલ છે

મંત્રીશ્રી (જળસંપત્તિ) (રાજ્યકક્ષા) :(૨૭/૨/૨૦૧૭)

(૧) તારીખ: ૩૧/૦૩/૧૬ ની સ્થિતિએ જળસંપત્તિ પ્રભાગ અને તાબાની કચેરીઓમાં વર્ગ ૧ થી ૪ નું મંજૂર મહેકમ નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| (અ) | સચિવાલય સંવર્ગ | ૩૮૫ |
| (બ) | તાબાની કચેરીઓ | ૧૧૩૦૮ |

(૨) છેલ્લા પાંચ વર્ષમાં મંજૂર મહેકમ સામે ખાલી જગાઓ વર્ષવાર નીચે મુજબ છે

| ક્રમ | વર્ષ | ખાલી જગા | |
|---|---|---|---|
| | | સચિવાલય સંવર્ગ | તાબાની કચેરીઓ |
| (૧) | તા.૩૧/૦૩/૧૬ ની સ્થિતિએ | ૧૫૬ | ૪૪૬૬ |
| (૨) | તા.૩૧/૦૩/૧૫ ની સ્થિતિએ | ૪૨ | ૪૧૮૦ |
| (૩) | તા.૩૧/૦૩/૧૪ ની સ્થિતિએ | ૨૦ | ૩૪૯૭ |
| (૪) | તા.૩૧/૦૩/૧૩ ની સ્થિતિએ | ૩૦ | ૩૫૩૯ |
| (૫) | તા.૩૧/૦૩/૧૨ ની સ્થિતિએ | ૧૧ | ૨૭૯૨ |

(૩) ઉક્ત જગાઓ કર્મચારીઓ/અધિકારીઓની નિવૃત્તિ, બઢતી, બદલી વગેરે કારણોસર ખાલી રહેલ છે, ઉપરાંત નિયત થયેલ જરૂરી ટેકનીકલ તથા વહીવટીય લાયકાત/અનુભવ ધરાવતા અધિકારી/કર્મચારી ઉપલબ્ધ ન બનતા હોવાના કારણે જગાઓ ખાલી રહેલ છે.

(૪)

| | |
|---|---|
| (૧) | સચિવાલય સંવર્ગની વર્ગ-૧ થી ૩ ની ખાલી જગ્યાઓ સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ભરવામાં આવે છે જ્યારે વર્ગ-૪ ની જગાઓ આઉટ સોર્સીંગથી ભરવામાં આવે છે. |
| (૨) | રાજ્યકક્ષાની તથા તાબાની કચેરીઓની ખાલી જગા ભરવા માટે ગુજરાત જાહેર સેવા આયોગ, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળને નિયમોનુસારના માંગણપત્રકો મોકલવામાં આવેલ છે. |
| (૩) | બઢતી/બદલી દ્વારા જગાઓ ભરવામાં આવે છે. |
| (૪) | તાકીદની જરૂરિયાત હોય ત્યારે કરાર આધારીત નિમણૂંકો આપીને જગાઓ ભરવામાં આવે છે. |
| (૫) | નિવૃત્ત થયેલ અધિકારીઓ/કર્મચારીઓને સરકારશ્રીના નીતિનિયમો અનુસાર કરાર આધારીત નિમણૂંકો આપવામાં આવે છે. |
| (૬) | સરકારશ્રી દ્વારા ખાલી જગાઓ ભરવા માટે કેલેન્ડરનું આયોજન કરવામાં આવેલ છે. |

------

## લીફ્ટ ઈરીગેશન પાઈપલાઈન પ્રોજેક્ટ ટેન્ડરમાં ફેરફાર

અતારાંકિત: ૧૦૭૫૫: (૯/૦૧/૨૦૧૭) ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૦-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં લીફ્ટ ઈરીગેશન પાઈપલાઈન પ્રોજેક્ટ (૧) ધાંધુસણથી રેડ લક્ષ્મીપુરા, ધરોઈ મેઈન કેનાલ અંદાજીત રૂા. ૨૫૩.૧૨ કરોડ (૨) પીચજથી ઉનડ અંદાજીત રકમ રૂા.૪૮૪.૧૪ કરોડના કામોમાં પુર્વલાયકી ક્રાઈટેરીયામાં ટેન્ડર બહાર પાડ્યા પછી ફેરફાર કરવામાં આવેલ હતો તે હકીકત સાચી છે.

(૨) જો હા, તો ઉક્ત ફેરફાર કરવાના કારણો શા હતા,

(૩) ઉક્ત કામો કયા ઈજારદારોને આપવામાં આવેલ હતા, અને

(૪) ઉક્ત ટેન્ડરો બહાર પાડયા પછી સાચી પુર્વલાયકી ક્રાઈટેરીયામાં ફેરફાર કરેલ હોય તો ઉક્ત ફેરફાર કરનાર કેટલા જવાબદારો સામે ક્યારે શી કાર્યવાહી કરવામાં આવેલ છે?

જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા): (૩/૩/૨૦૧૭ )

(૧) હા,

(૨) કામના અનુભવ અને સક્ષમ ઈજારદારો દ્વારા સમયમર્યાદામાં કામ પૂર્ણ થઈ ટૂંકા ગાળામાં લાભાર્થીઓને સમયસર યોજનાના લાભો મળે તે બાબત ધ્યાને લઈ કન્સલ્ટન્ટ દ્વારા સુચવેલ સુધારાઓ ધ્યાને લઇ ફેરફાર કરવામાં આવેલ.

(૩) આ કામો લઈ ઈજારદારોને સોંપવામાં આવેલ નથી અને ટેન્ડરો ફરીથી મંગાવેલ છે.

(૪) યોજના સમયસર પૂર્ણ થઈ લાભાર્થીઓને સમયસર લાભો મળે તે હેતુસર કન્સલ્ટન્ટ દ્વારા સુચવેલ સુધારા ધ્યાને લઈ સક્ષમ કક્ષાએથી મંજુરી મળ્યા બાદ ફેરફાર કરેલ હોઇ જવાબદારી નક્કી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી.

------

ત્વરીત ગ્રામીણ પાણી પુરવઠા યોજના અન્વયે રાજ્ય સરકારને મળેલ રકમ

અતારાંકિત : ૧૧૨૭૨(૦૯/૧/૨૦૧૭) : ડૉ.તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :

(૧) ત્વરીત ગ્રામીણ પાણી પુરવઠા યોજના હેઠળ ભારત સરકાર તરફથી તા.૩૦-૧૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે?

પાણી પુરવઠા મંત્રીશ્રી: (૪/૩/૨૦૧૭)

(૧) ના જી,

(૨) અને (૩),
પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------

રાજ્યમાં તાલુકા પંચાયતોનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ

અતારાંકિત :- ૧૦૭૮૯ : (૨/૧૨/૨૦૧૬) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૦/૨૦૧૬ ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર તાલુકા પંચાયતોનું સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે, અને

(૨) મંજૂર મહેકમ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે?

પંચાયત મંત્રીશ્રી (રાજયકક્ષા): (૨૮/૨/૨૦૧૭)

(૧) આ સાથે સામેલ પત્રક-અ મુજબ

(૨) આ સાથે સામેલ પત્રક-બ અને ક મુજબ

પત્રક-અ

| અ.નં. | જિલ્લાનું નામ | ૩૧/૧૦/૨૦૧૬ ની સ્થિતિએ મંજૂર મહેકમ | | | | |
|---|---|---|---|---|---|---|
| | | વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ | કુલ |
| ૧ | અમદાવાદ | ૦ | ૯ | ૧૬૮ | ૩૬ | ૨૧૩ |
| ૨ | અમરેલી | ૦ | ૧૧ | ૨૨૬ | ૩૧ | ૨૬૮ |
| ૩ | આણંદ | ૦ | ૮ | ૧૫૬ | ૪૮ | ૨૧૨ |
| ૪ | અરવલ્લી | ૦ | ૬ | ૧૨૦ | ૩૪ | ૧૬૦ |
| ૫ | બનાસકાંઠા | ૧ | ૧૩ | ૨૧૦ | ૫૯ | ૨૮૩ |
| ૬ | ભરૂચ | ૨ | ૭ | ૨૨૯ | ૫૩ | ૨૯૧ |
| ૭ | ભાવનગર | ૦ | ૧૦ | ૨૦૭ | ૩૩ | ૨૫૦ |
| ૮ | બોટાદ | ૦ | ૪ | ૬૭ | ૧૪ | ૮૫ |
| ૯ | છોટાઉદેપુર | ૦ | ૬ | ૧૦૬ | ૯૩ | ૨૦૫ |
| ૧૦ | દાહોદ | ૧ | ૭ | ૧૪૭ | ૨૦ | ૧૭૫ |
| ૧૧ | ડાંગ | ૧ | ૨ | ૪૪ | ૪ | ૫૧ |
| ૧૨ | દેવભૂમિ દ્વારકા | ૦ | ૪ | ૭૮ | ૧૭ | ૯૯ |
| ૧૩ | ગાંધીનગર | ૦ | ૪ | ૯૪ | ૨૨ | ૧૨૦ |
| ૧૪ | ગીર સોમનાથ | ૦ | ૬ | ૭૨ | ૨૭ | ૧૦૫ |
| ૧૫ | જામનગર | ૦ | ૬ | ૧૯૧ | ૨૧ | ૨૧૮ |
| ૧૬ | જૂનાગઢ | ૦ | ૧૫ | ૧૮૧ | ૩૯ | ૨૩૫ |
| ૧૭ | ખેડા | ૦ | ૧૦ | ૨૦૩ | ૪૦ | ૨૫૩ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૮ | કચ્છ | ૦ | ૧૦ | ૨૦૧ | ૨૮ | ૨૩૯ |
| ૧૯ | મહીસાગર | ૦ | ૬ | ૮૬ | ૧૬ | ૧૦૮ |
| ૨૦ | મહેસાણા | ૦ | ૧૦ | ૨૨૨ | ૩૫ | ૨૬૭ |
| ૨૧ | મોરબી | ૦ | ૫ | ૯૧ | ૩૨ | ૧૨૮ |
| ૨૨ | નર્મદા | ૧ | ૪ | ૧૧૧ | ૨૪ | ૧૪૦ |
| ૨૩ | નવસારી | ૨ | ૪ | ૧૦૭ | ૧૯ | ૧૩૨ |
| ૨૪ | પંચમહાલ | ૦ | ૧૪ | ૯૫ | ૧૮ | ૧૨૭ |
| ૨૫ | પાટણ | ૦ | ૧૮ | ૧૪૮ | ૨૯ | ૧૯૫ |
| ૨૬ | પોરબંદર | ૦ | ૩ | ૬૫ | ૧૦ | ૭૮ |
| ૨૭ | રાજકોટ | ૦ | ૧૧ | ૨૦૫ | ૪૧ | ૨૫૭ |
| ૨૮ | સાબરકાંઠા | ૧ | ૭ | ૧૧૨ | ૩૫ | ૧૫૫ |
| ૨૯ | સુરત | ૧ | ૮ | ૧૨૭ | ૬૬ | ૨૦૨ |
| ૩૦ | સુરેન્દ્રનગર | ૦ | ૧૦ | ૧૭૪ | ૨૫ | ૨૦૯ |
| ૩૧ | તાપી | ૨ | ૫ | ૧૨૫ | ૪૪ | ૧૭૬ |
| ૩૨ | વડોદરા | ૦ | ૮ | ૧૮૩ | ૨૯ | ૨૨૦ |
| ૩૩ | વલસાડ | ૧ | ૫ | ૧૧૨ | ૨૦ | ૧૩૮ |
| | કુલ | ૧૩ | ૨૫૬ | ૪૬૬૩ | ૧૦૬૨ | ૫૯૯૪ |

પત્રક–બ

| અ.નં. | જિલ્લાનું નામ | ૩૧/૧૦/૨૦૧૬ ની સ્થિતિએ ભરાયેલ જગ્યા | | | | |
|---|---|---|---|---|---|---|
| | | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ | કુલ |
| ૧ | અમદાવાદ | ૦ | ૩ | ૬૮ | ૨૩ | ૯૪ |
| ૨ | અમરેલી | ૦ | ૫ | ૧૦૮ | ૨૦ | ૧૩૩ |
| ૩ | આણંદ | ૦ | ૪ | ૭૦ | ૩૧ | ૧૦૫ |
| ૪ | અરવલ્લી | ૦ | ૧ | ૫૬ | ૧૬ | ૭૩ |
| ૫ | બનાસકાંઠા | ૧ | ૭ | ૧૨૯ | ૫૦ | ૧૮૭ |
| ૬ | ભરૂચ | ૨ | ૩ | ૧૦૭ | ૧૭ | ૧૨૯ |
| ૭ | ભાવનગર | ૦ | ૩ | ૧૧૯ | ૧૭ | ૧૩૯ |
| ૮ | બોટાદ | ૦ | ૨ | ૨૭ | ૬ | ૩૫ |
| ૯ | છોટાઉદેપુર | ૦ | ૨ | ૫૪ | ૧૪ | ૭૦ |
| ૧૦ | દાહોદ | ૦ | ૨ | ૭૭ | ૯ | ૮૮ |
| ૧૧ | ડાંગ | ૧ | ૧ | ૨૫ | ૨ | ૨૯ |
| ૧૨ | દેવભૂમિ દ્વારકા | ૦ | ૧ | ૨૮ | ૧૩ | ૪૨ |
| ૧૩ | ગાંધીનગર | ૦ | ૧ | ૫૪ | ૧૬ | ૭૧ |
| ૧૪ | ગીર સોમનાથ | ૦ | ૨ | ૨૬ | ૧૦ | ૩૮ |
| ૧૫ | જામનગર | ૦ | ૨ | ૭૮ | ૧૯ | ૯૯ |
| ૧૬ | જૂનાગઢ | ૦ | ૩ | ૧૦૨ | ૨૯ | ૧૩૪ |
| ૧૭ | ખેડા | ૦ | ૫ | ૧૨૦ | ૩૧ | ૧૫૬ |
| ૧૮ | કચ્છ | ૦ | ૬ | ૧૦૧ | ૨૧ | ૧૨૮ |
| ૧૯ | મહીસાગર | ૦ | ૨ | ૩૬ | ૮ | ૪૬ |
| ૨૦ | મહેસાણા | ૦ | ૪ | ૧૨૭ | ૨૭ | ૧૫૮ |
| ૨૧ | મોરબી | ૦ | ૨ | ૩૩ | ૧૬ | ૫૧ |
| ૨૨ | નર્મદા | ૧ | ૧ | ૩૬ | ૧૩ | ૫૧ |
| ૨૩ | નવસારી | ૨ | ૩ | ૪૮ | ૭ | ૬૦ |
| ૨૪ | પંચમહાલ | ૦ | ૩ | ૪૮ | ૧૩ | ૬૪ |
| ૨૫ | પાટણ | ૦ | ૫ | ૮૧ | ૧૭ | ૧૦૩ |
| ૨૬ | પોરબંદર | ૦ | ૧ | ૩૧ | ૪ | ૩૬ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૨૭ | રાજકોટ | ૦ | ૩ | ૯૦ | ૨૪ | ૧૧૭ |
| ૨૮ | સાબરકાંઠા | ૧ | ૧ | ૫૪ | ૨૦ | ૭૬ |
| ૨૯ | સુરત | ૧ | ૭ | ૬૨ | ૩૬ | ૧૦૬ |
| ૩૦ | સુરેન્દ્રનગર | ૦ | ૫ | ૮૨ | ૧૦ | ૯૭ |
| ૩૧ | તાપી | ૨ | ૩ | ૪૬ | ૩૩ | ૮૪ |
| ૩૨ | વડોદરા | ૦ | ૩ | ૮૪ | ૨૦ | ૧૦૭ |
| ૩૩ | વલસાડ | ૧ | ૪ | ૬૨ | ૧૨ | ૭૯ |
| | કુલ | ૧૨ | ૧૦૦ | ૨૨૬૯ | ૬૦૪ | ૨૯૮૫ |

પત્રક–ક

| અ.નં. | જિલ્લાનું નામ | ૩૧/૧૦/૨૦૧૬ ની સ્થિતિએ ભરાયેલ જગ્યા | | | | |
|---|---|---|---|---|---|---|
| | | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ | કુલ |
| ૧ | અમદાવાદ | ૦ | ૬ | ૧૦૦ | ૧૩ | ૧૧૯ |
| ૨ | અમરેલી | ૦ | ૬ | ૧૧૮ | ૧૧ | ૧૩૫ |
| ૩ | આણંદ | ૦ | ૪ | ૮૬ | ૧૭ | ૧૦૭ |
| ૪ | અરવલ્લી | ૦ | ૫ | ૬૪ | ૧૮ | ૮૭ |
| ૫ | બનાસકાંઠા | ૦ | ૬ | ૮૧ | ૯ | ૯૬ |
| ૬ | ભરૂચ | ૦ | ૪ | ૧૨૨ | ૩૬ | ૧૬૨ |
| ૭ | ભાવનગર | ૦ | ૭ | ૮૮ | ૧૬ | ૧૧૧ |
| ૮ | બોટાદ | ૦ | ૨ | ૪૦ | ૮ | ૫૦ |
| ૯ | છોટાઉદેપુર | ૦ | ૪ | ૫૨ | ૭૯ | ૧૩૫ |
| ૧૦ | દાહોદ | ૧ | ૫ | ૭૦ | ૧૧ | ૮૭ |
| ૧૧ | ડાંગ | ૦ | ૧ | ૧૯ | ૨ | ૨૨ |
| ૧૨ | દેવભૂમિ દ્વારકા | ૦ | ૩ | ૫૦ | ૪ | ૫૭ |
| ૧૩ | ગાંધીનગર | ૦ | ૩ | ૪૦ | ૬ | ૪૯ |
| ૧૪ | ગીર સોમનાથ | ૦ | ૪ | ૪૬ | ૧૭ | ૬૭ |
| ૧૫ | જામનગર | ૦ | ૪ | ૧૧૩ | ૨ | ૧૧૯ |
| ૧૬ | જૂનાગઢ | ૦ | ૧૨ | ૭૯ | ૧૦ | ૧૦૧ |
| ૧૭ | ખેડા | ૦ | ૫ | ૮૩ | ૯ | ૯૭ |
| ૧૮ | કચ્છ | ૦ | ૪ | ૧૦૦ | ૭ | ૧૧૧ |
| ૧૯ | મહીસાગર | ૦ | ૪ | ૫૦ | ૮ | ૬૨ |
| ૨૦ | મહેસાણા | ૦ | ૬ | ૯૫ | ૮ | ૧૦૯ |
| ૨૧ | મોરબી | ૦ | ૩ | ૫૮ | ૧૬ | ૭૭ |
| ૨૨ | નર્મદા | ૦ | ૩ | ૭૫ | ૧૧ | ૮૯ |
| ૨૩ | નવસારી | ૦ | ૧ | ૫૯ | ૧૨ | ૭૨ |
| ૨૪ | પંચમહાલ | ૦ | ૧૧ | ૪૭ | ૫ | ૬૩ |
| ૨૫ | પાટણ | ૦ | ૧૩ | ૬૭ | ૧૨ | ૯૨ |
| ૨૬ | પોરબંદર | ૦ | ૨ | ૩૪ | ૬ | ૪૨ |
| ૨૭ | રાજકોટ | ૦ | ૮ | ૧૧૫ | ૧૭ | ૧૪૦ |
| ૨૮ | સાબરકાંઠા | ૦ | ૬ | ૫૮ | ૧૫ | ૭૯ |
| ૨૯ | સુરત | ૦ | ૧ | ૬૫ | ૩૦ | ૯૬ |
| ૩૦ | સુરેન્દ્રનગર | ૦ | ૫ | ૯૨ | ૧૫ | ૧૧૨ |
| ૩૧ | તાપી | ૦ | ૨ | ૭૯ | ૧૧ | ૯૨ |
| ૩૨ | વડોદરા | ૦ | ૫ | ૯૯ | ૯ | ૧૧૩ |
| ૩૩ | વલસાડ | ૦ | ૧ | ૫૦ | ૮ | ૫૯ |
| | કુલ | ૧ | ૧૫૬ | ૨૩૯૪ | ૪૫૮ | ૩૦૦૯ |

------

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### વિશ્વ બેંક સહાયિત જળ સ્ત્રાવ વ્યવસ્થાપન યોજના માટે રાજ્ય સરકારને મળેલ રકમ

અતારાંકિત : ૧૧૨૫૬ (૭/૧/૨૦૧૭) ડો.તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:–

(૧) વિશ્વબેંક સહાયિત જળ સ્ત્રાવ વ્યવસ્થાપન યોજના(નિરાચલ) અંતર્ગત ભારત સરકાર તરફ થી તા.૩૦/૧૧/૧૬ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકાર ને કોઈ રકમ મળેલ છે કે કેમ ?

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકાર ને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા):– (૨૩/૨/૧૭)

(૧) હા

(૨) છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકારને મળેલ રકમ વર્ષવાર નીચે મુજબ છે.

(રૂ. લાખમાં)

| ક્રમ નં. | તા.૦૧/૦૪/.૧૨ થી તા.૩૧/૦૩/૧૩ | તા.૦૧/૦૪/.૧૩ થી તા.૩૧/૦૩/૧૪ | તા.૦૧/૦૪/.૧૪ થી તા.૩૧/૦૩/૧૫ | તા.૦૧/૦૪/.૧૫ થી તા.૩૧/૦૩/૧૬ | તા.૦૧/૦૪/.૧૬ થી તા.૩૦/૧૧/૧૬ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૫૦.૦૦ | ૫૦.૦૦ |

(૩) તે પૈકી ઉક્ત વર્ષવાર નીચે મુજબની રકમનો ખર્ચ કરવામાં આવેલ છે.

| ક્રમ નં. | તા.૦૧/૦૪/.૧૨ થી તા.૩૧/૦૩/૧૩ | તા.૦૧/૦૪/.૧૩ થી તા.૩૧/૦૩/૧૪ | તા.૦૧/૦૪/.૧૪ થી તા.૩૧/૦૩/૧૫ | તા.૦૧/૦૪/.૧૫ થી તા.૩૧/૦૩/૧૬ | તા.૦૧/૦૪/.૧૬ થી તા.૩૦/૧૧/૧૬ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૨.૨૫ | ૨.૨૫ |

------

### કચ્છ જિલ્લામાં સરકારી જમીન ઉપર દબાણ

અતારાંકિત: ૭૫૦૬(૨૪/૬/૨૦૧૬) શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા): માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૦ જૂન–૨૦૧૫ની સ્થિતિએ તાલુકાવાર કેટલી સરકારી જમીનો પર દબાણો થયા છે અને કેટલા સમયથી છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તમામ દબાણો દૂર કરવા તથા દબાણકારોને શિક્ષા કરવા શા પગલા લેવાયા છે,

(૩) ઉક્ત તમામ દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવનાર છે?

મહેસૂલ મંત્રીશ્રી : (૨૮/૨/૨૦૧૭)

(૧) , (૨) અને (૩) સામેલ પત્રક મુજબ.

કચ્છ જિલ્લો :–

| ક્રમ | તાલુકાનું નામ | તા.૩૦ જૂન–૨૦૧૫ની સ્થિતિએ તાલુકાવાર સરકારી જમીન પરના દબાણો | | દબાણો દુર કરવા તથા દબાણકારોને શિક્ષા કરવા લેવાયેલ પગલાં ની વિગતો. | દબાણ ક્યાં સુધીમાં દુર કરવામાં આવનાર છે. |
|---|---|---|---|---|---|
| | | ક્ષેત્રફળ ચો.મી. | કેટલા સમયથી છે | | |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| ૧ | ભુજ | ૫૧૭૦ | ૨૦ વર્ષથી | ગ્રામ્ય વિસ્તારના તમામ દબાણ દુર કરવામાં આવેલ છે. શહેરી વિસ્તારના દબાણોના કિસ્સામાં ૨૪ જેટલા દબાણો દુર કરવામાં આવેલ છે, અન્ય દબાણો સબજ્યુડીશ હોવાથી કાર્યવાહી મોકુફ રાખવામાં આવેલ છે. | શહેરી વિસ્તારના બાકી રહેલ દબાણો સબજ્યુડીશ હોઈ તે કોર્ટનો ચૂકાદો આવ્યેથી |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨ | માંડવી | ૧૦૯૮૪ | ૩ વર્ષથી | જમીન મહેસૂલ કાયદાની કલમ-૨૦૨ હેઠળ નોટીસ આપવામાં આવેલ છે. શહેરી વિસ્તારના દબાણોના કિસ્સામાં ૬૧ હેઠળ કાર્યવાહી ચાલુ છે. | જેમ બને તેમ જલ્દી |
| ૩ | મુંદ્રા | ૧૨૭૨૭૨ | ૮ માસથી | તમામ કેસમાં દબાણ દુર કરવામાં આવેલ છે. | -- |
| ૪ | અંજાર | ૧૪૨૨૯૮ | ૫ વર્ષથી | ગ્રામ્ય વિસ્તારના તમામ દબાણ દૂર કરવામાં આવેલ છે. શહેરી વિસ્તારના દબાણોના કિસ્સામાં જમીન મહેસૂલ કાયદાની કલમ-૨૦૨ હેઠળ નોટીસ આપવામાં આવેલ છે. | જેમ બને તેમ જલ્દી |
| ૫ | ગાંધીધામ | શૂન્ય | - | - | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| ૬ | ભચાઉ | ૩૦૦૦૦ | ૪ માસથી | ડી.આઈ.એલ.આર. શ્રી પાસે માપણી કરાવી જમીન મહેસૂલ કાયદાની કલમ-૨૦૨ હેઠળ નોટીસ આપવામાં આવેલ છે. | જેમ બને તેમ જલ્દી |
| ૭ | રાપર | શૂન્ય | - | - | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| ૮ | નખત્રાણા | ૧૦૫૫૧૪ | ૨ વર્ષથી | જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૧ હેઠળ નોટીસ આપવામાં આવેલ છે. | જેમ બને તેમ જલ્દી |
| ૯ | લખપત | ૧૨૫૪૫૩ | ૨ વર્ષથી | જમીન મહેસૂલ કાયદાની કલમ-૨૦૨ હેઠળ નોટીસ આપવામાં આવેલ છે. | જેમ બને તેમ જલ્દી |
| ૧૦ | અબડાસા | ૨૮૮૫ | ૨ વર્ષથી | જમીન મહેસૂલ કાયદાની કલમ-૨૦૨ હેઠળ નોટીસ આપવામાં આવેલ છે, પરંતુ હાલ આ મેટર સબજ્યુડીશ છે. | જેમ બને તેમ જલ્દી |

------

જામનગર અને દેવભુમિદ્વારકા જિલ્લામાં એકત્રિત કેલીમીટી રીલીફ ફંડમાંથી ખર્ચ

અતારાંકિત : ૯૧૮૪ (૩૦/૦૮/૨૦૧૬) શ્રી મેરામણભાઈ આહિર (ખંભાળિયા): માનનીય મહેસુલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

તા.૩૧/૦૩/૨૦૧૬ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ-દ્વારકા જિલ્લામાં તાલુકા વાર છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર એકત્રિત કેલીમીટી ફંડની કુલ જમા રકમમાંથી કેટલુ ખર્ચ મુખ્યત્વે કયા હેતુસર કરવામાં આવ્યુ?

માનનીય મહેસૂલ મંત્રીશ્રી : (૧૪/૦૩/૨૦૧૭)

તા.૩૧/૦૩/૨૦૧૬ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ-દ્વારકા જિલ્લામાં નીચે મુજબ તાલુકા વાર છેલ્લા ત્રણ વર્ષમાં એકત્રિત કેલેમીટી ફંડની કુલ જમા રકમમાંથી મુખ્યત્વે માનવમૃત્યુ, પશુસહાય, મકાન સહાય, કેશડોલ્સ સહાય, વીજળીથી ઈજા સહાય, ઘરવખરી સહાય વગેરે હેતુસર ખર્ચ કરવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ: ૨૦૧૩-૧૪ (રૂ. માં) | વર્ષ: ૨૦૧૪-૧૫ (રૂ. માં) | વર્ષ: ૨૦૧૫-૧૬ (રૂ. માં) |
|---|---|---|---|---|
| ૧ | જામનગર | ૫૫૯૦૦૦ | ૧૭૬૦૦૦ | ૪૩૦૦૦૦ |
| ૨ | જોડીયા | ૩૬૩૦૦૦ | ૦ | ૫૦૩૦૦૦ |
| ૩ | કાલાવડ | ૨૭૭૦૦૦ | ૧૫૦૦૦૦ | ૧૫૨૭૦૦૦ |
| ૪ | લાલપુર | ૫૪૮૦૦૦ | ૨૩૫૦૦૦ | ૯૯૫૦૦૦ |
| ૫ | જામજોધપુર | ૫૭૦૦૦૦ | ૭૮૪૦૦૦ | ૭૬૦૦૦૦ |
| ૬ | ધ્રોલ | ૨૦૦૦૦ | ૦ | ૦ |
| ૭ | કલ્યાણપુર | ૭૧૦૦૦ | ૦ | ૨૮૧૦૦૦૦ |
| ૮ | દ્વારકા | ૨૦૦૦૦ | ૬૨૦૦ | ૩૦૦૦૦ |
| ૯ | ખંભાળિયા | ૧૭૧૦૦૦ | ૨૨૫૭૦૦ | ૧૪૫૧૦૦૦ |
| ૧૦ | ભાણવડ | ૧૩૮૦૦૦ | ૧૬૪૦૦ | ૮૫૭૦૦૦ |

------

રાષ્ટ્રીય ચક્રવાત જોખમ શમન પ્રોજેક્ટ હેઠળ રાજ્ય સરકારને મળેલ રકમ

અતારાંકિત - ૧૧૩૦૦ (૯/૦૧/૨૦૧૭) ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય ડીઝાસ્ટર મેનેજમેન્ટ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

## અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) રાષ્ટ્રીય ચક્રવાત જોખમ શમન પ્રોજેક્ટ હેઠળ ભારત સરકાર તરફથી તા.૩૦/૧૧/૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે,

(૨) જો હા તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

ડીઝાસ્ટર મેનેજમેન્ટ મંત્રીશ્રી : (૦૩/૦૩/૨૦૧૭)

(૧) રાષ્ટ્રીય ચક્રવાત જોખમ શમન પ્રોજેક્ટ વર્ષ ૨૦૧૪ થી શરૂ થયેલ છે. અને ભારત સરકાર તરફથી રૂ.૯૬.૦૨/– કરોડ મળેલ છે,

(૨) વર્ષ ૨૦૧૫–૨૦૧૬માં રૂ.૮૫/– કરોડ મળેલ છે. અને વર્ષ ૨૦૧૬–૨૦૧૭માં રૂ.૧૧.૦૨/–કરોડ મળેલ છે.

(૩) વર્ષવાર ૨૦૧૫–૨૦૧૬માં રૂ.૮૫/– કરોડનો ખર્ચ થયેલ છે. અને વર્ષ ૨૦૧૬–૨૦૧૭માં રૂ.૧૧.૦૨/– કરોડનો ખર્ચ થયેલ છે.

------

કેન્દ્રીય માર્ગ નિધિ ફંડ હેઠળ ભારત સરકાર તરફથી મળેલ રકમ

અતારાંકિત: ૧૧૨૦૩ (૧૬/૦૧/૨૦૧૭) ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી, (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે:–

(૧) કેન્દ્રિય માર્ગ નિધિ ફંડ (સેન્ટ્રલ રોડ ફંડ–રાજ્ય ધોરી માર્ગ તથા મુખ્યમાર્ગની સુધારણા) માટે ભારત સરકાર તરફથી તા.૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે?

નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) : (૨૮/૦૨/૨૦૧૭)

(૧) હા,

(૨)

| વર્ષ | ભારત સરકાર દ્વારા મંજુર કરવામાં આવેલ ગ્રાન્ટ રૂા. કરોડમાં |
|---|---|
| ૧/૧૨/૧૧ થી ૩૦/૧૧/૧૨ | ૧૩૯.૪૨ |
| ૧/૧૨/૧૨ થી ૩૦/૧૧/૧૩ | ૧૦૦.૭૦ |
| ૧/૧૨/૧૩ થી ૩૦/૧૧/૧૪ | ૧૧૦.૪૨ |
| ૧/૧૨/૧૪ થી ૩૦/૧૧/૧૫ | ૫૯.૨૬ |
| ૧/૧૨/૧૫ થી ૩૦/૧૧/૧૬ | ૧૩૨.૦૮ |

(૩)

| વર્ષ | થયેલ ખર્ચ રૂા. કરોડમાં |
|---|---|
| ૧/૧૨/૧૧ થી ૩૦/૧૧/૧૨ | ૯૦.૦૭ |
| ૧/૧૨/૧૨ થી ૩૦/૧૧/૧૩ | ૧૧૬.૦૯ |
| ૧/૧૨/૧૩ થી ૩૦/૧૧/૧૪ | ૬૩.૯૫ |
| ૧/૧૨/૧૪ થી ૩૦/૧૧/૧૫ | ૪૯.૬૭ |
| ૧/૧૨/૧૫ થી ૩૦/૧૧/૧૬ | ૪૯.૦૪ |

માણેકવાડાથી આમરણ રસ્તાને દ્વિમાર્ગી કરવા બાબત

અતારાંકિત: ૧૧૩૯૪ (૨૧/૦૧/૨૦૧૭) શ્રી રાઘવજી પટેલ (જામનગર (ગ્રામ્ય)): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે:–

## ૩૦મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) તા.૩૧–૧૦–૨૦૧૬ની સ્થિતિએ મોરબી – આમરણ વાયા બગથળા રાજ્ય ધોરી માર્ગ માણેકવાડા થી આમરણ સુધી દ્વી માર્ગી બનાવવાનો બાકી છે તે હકીકત સાચી છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત ફરિયાદ નિવારણ માટે સરકારે ઉક્ત સ્થિતિએ શી કાર્યવાહી હાથ ધરી છે ?

નાયબ મુખ્યમંત્રીશ્રી(માર્ગ અને મકાન): (૨૮/૨/૨૦૧૭)

(૧) અને (૨) હા જી, પરંતુ હાલનું ટ્રાફીક ભારણ જોતાં આ રસ્તાને દ્વી–માર્ગીય કરવાની જરૂરિયાત નથી.

### દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલ રાજ્યધોરી માર્ગ વાડીનારથી દ્વારકાને ફોર ટ્રેક બનાવવા બાબત

અતારંકિત : ૧૧૬૩૬ (૧૬/૦૧/૨૦૧૭) શ્રી રાઘવજીભાઈ પટેલ (જામનગર): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે:–

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલ રાજ્યધોરી માર્ગ વાડીનારથી દ્વારકાને ફોર ટ્રેક માર્ગ બનાવવાની કામગીરી તા.૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ લાંબા સમયથી પડતર છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત કામગીરી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે?

નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન): (૨૮/૦૨/૨૦૧૭)

(૧)
(૨)
અને
(૩) } વાડીનારથી દ્વારકા રસ્તાના, વાડીનાર થી કુરંગા જંકશન સુધીના રાજ્ય ધોરીમાર્ગ માટે ચારમાર્ગીયકરણની કોઈ કામગીરી મંજુર થયેલ ન હોય પ્રશ્ન ઉપસ્થીત થતો નથી.

------

### રાજ્ય ખાનગી કંપનીઓ પાસેથી વીજ ખરીદવા બાબત

અતારાંકિત :૧૦૮૦૬ (૦૫/૧૨/૨૦૧૬): શ્રી બલવંતસિંહ રાજપૂત (સિદ્ધપુર): માનનીય ઉર્જામંત્રીથી જણાવવા કૃપા કરશે કે: તા.૩૦/૦૯/૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારે કઈ ખાનગી કંપનીઓ પાસેથી વીજ ખરીદી કયા ભાવે કરી?

ઉર્જા મંત્રીશ્રી : (૨૮/૦૨/૨૦૧૬)

ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ. દ્વારા છેલ્લાં પાંચ નાણાકીય વર્ષ દરમ્યાન ખાનગી કંપનીઓ પાસેથી ખરીદવામાં આવેલ વીજળીની વિગત નીચે મુજબ છે:

| | ૨૦૧૨–૧૩ | | ૨૦૧૩–૧૪ | | ૨૦૧૪–૧૫ | | ૨૦૧૫–૧૬ | | ૨૦૧૬–૧૭ (સેપ્ટે–૧૬) | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | મી યુ | રૂ/યુનિટ | મી યુ | રૂ /યુનિટ | મી યુ | રૂ /યુનિટ | મી યુ | રૂ /યુનિટ | મી યુ | રૂ /યુનિટ |
| એસ્સાર પાવર કંપની | ૪૪૦ | ૩.૫૫ | – | – | – | – | – | – | – | – |
| સી.એલ.પી. ઇન્ડિયા | ૧૩૬૮ | ૪.૨૪ | ૨૪૮ | ૭.૧૦ | ૨૮૩ | ૫.૪૧ | ૮૭૪ | ૩.૨૦ | ૧૮૧ | ૪.૨૨ |
| અદાણી પાવર લી. | ૧૦૬૪૬ | ૨.૮૫ | ૧૨૬૩૫ | ૨.૭૫ | ૧૩૪૦૪ | ૨.૬૭ | ૧૪૪૧૩ | ૨.૬૭ | ૬૬૪૮ | ૨.૮૬ |
| એસ્સાર પાવર ગુજરાત લી. | ૩૭૭૫ | ૨.૬૫ | ૪૯૩૧ | ૩.૧૯ | ૫૮૫૫ | ૨.૯૩ | ૪૩૩૭ | ૩.૫૮ | ૨૫૨૧ | ૩.૪૬ |
| એ.સી.બી. ઇન્ડિયા લી. | ૧૦૮૫ | ૨.૧ | ૧૩૯૬ | ૨.૦૬ | ૧૩૧૭ | ૨.૨૯ | ૧૪૫૪ | ૨.૦૯ | ૭૨૯ | ૨.૦૦ |
| કોસ્ટલ ગુજરાત પાવર કંપની | ૫૨૪૯ | ૨.૪૪ | ૯૪૧૦ | ૨.૭૧ | ૧૧૮૭૯ | ૨.૪૮ | ૧૧૪૯૬ | ૨.૬ | ૫૭૮૪ | ૨.૨૪ |
| અન્ય | ૭૪ | ૨.૬૫ | ૨૦ | ૨.૫૨ | ૨૮ | ૨.૪૧ | ૬ | ૨.૧૭ | ૧૬૩ | ૨.૯૪ |

*ચાઈના લાઈટ પાવર કંપની લિ. ગેસ આધારિત વીજ મથક છે, જેમાંથી ઉપરોક્ત જણાવેલ બળતણ ખર્ચના દરે ઉત્પાદન મેળવવામાં આવેલ છે. આ ઉપરાંત કરારની શરતો મુજબ ફીક્ષ્ડ કોસ્ટ ચુકવવામાં આવેલ છે.

------

### મહિલા સશક્તિકરણ માટે રાષ્ટ્રિય અભિયાન હેઠળ કેન્દ્રિય સહાય

અતારાંકિત :૧૧૩૩૪(૦૪/૦૧/૨૦૧૭): ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :–

(૧) મહિલા સશક્તિકરણ માટે રાષ્ટ્રિય અભિયાન અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી તા.૩૦–૧૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૨) ઉક્ત મળેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે?

## અતારાંકિત પ્રશ્નોત્તરી

મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી : (૨૭-૦૨-૨૦૧૭)

(૧)

| વર્ષ | રાજ્ય સરકારને મળેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૨-૧૩ | ૧૬.૩૮ |
| ૨૦૧૩-૧૪ | ૨૨.૩૨ |
| ૨૦૧૪-૧૫ | ૦.૦૦ |
| ૨૦૧૫-૧૬ | ૬.૬૩ |
| ૨૦૧૬-૧૭ | ૮૬.૦૪ |

(૨)

| વર્ષ | ખર્ચ(રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૨-૧૩ | ૭.૦૬ |
| ૨૦૧૩-૧૪ | ૧૭.૬૫ |
| ૨૦૧૪-૧૫ | ૨૩.૭૭ |
| ૨૦૧૫-૧૬ | ૨૨.૯૭ |
| ૨૦૧૬-૧૭ | ૩૯.૧૭ |

"ગુજરાત સાયન્સસીટી ફેઝ-૨ ના વિકાસ માટે ભારત સરકારને દરખાસ્ત"

અતારાંકિત: ૧૧૪૨૩ (તા.૦૭-૦૧-૨૦૧૭) : ડો.તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

(૧) ગુજરાત સાયન્સસીટી ફેઝ-૨ના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા ઓક્ટોબર-૨૦૧૪માં, સાંસ્કૃતિક મંત્રાલય, ભારત સરકારને દરખાસ્ત કરવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તે અન્વતે તા.૩૦-૧૧-૨૦૧૬ સુધીમાં રાજ્ય સરકારને શા પ્રતિભાવ મળ્યા.?

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રી : (૨૭/૦૨/૨૦૧૭)

(૧) હા, જી.

(૨) સાયન્સસીટીના વિકાસ માટે ભારત સરકારના મંત્રીશ્રી સાથે ગુજરાતના પ્રતિનિધિ મંડળે ઓક્ટોબર માસ દરમ્યાન મુલાકાત લીધેલ હતી. જે અનુસંધાને ભારત સરકાર તરફથી પ્રોજેક્ટ બેઝ અને નવીન અભિગમ ધરાવતી પહેલ માટે સહાય આપવામાં આવશે, તેમ જણાવેલ છે.

અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ. | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૧૧૦૮૦ | ૦૧ |
| ૨ | કૃષિ અને સહકાર વિભાગ | ૧૧૧૭૬, ૧૧૧૭૮ | ૦૨ |
| ૩ | શિક્ષણ વિભાગ | ૭૪૦૩, ૧૦૧૦૧, ૧૧૫૫૫ | ૦૩ |
| ૪ | નાણા વિભાગ | ૧૧૪૪૨, ૧૧૪૫૨ | ૦૨ |
| ૫ | વન અને પર્યાવરણ વિભાગ | ૭૦૫૪, ૧૧૫૩૯, ૧૧૫૪૦, ૧૧૫૪૧ | ૦૪ |
| ૬ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૧૦૬૫૭, ૧૦૮૫૦, ૧૦૮૫૧, ૧૦૯૮૬, ૧૧૦૪૦, ૧૧૨૧૭, ૧૧૨૧૯ | ૦૭ |
| ૭ | ગૃહ વિભાગ | ૯૪૭૩, ૧૦૨૯૩, ૧૦૮૭૦, ૧૦૯૬૮, ૧૧૦૩૮, ૧૧૦૫૭, ૧૧૦૬૧, ૧૧૪૦૪, ૧૧૬૦૩ | ૦૯ |
| ૮ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૯૧૩૫, ૯૫૨૯, ૧૦૩૬૪, ૧૦૯૦૦, ૧૧૦૬૬ | ૦૫ |
| ૯ | માહિતી અને પ્રસારણ વિભાગ | ૧૧૦૬૩ | ૦૧ |
| ૧૦ | કાયદા વિભાગ | ૧૧૧૮૩, ૧૧૧૮૪ | ૦૨ |
| ૧૧ | નર્મદા, જળસંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૭૭૩૫, ૧૦૭૫૫, ૧૧૨૭૨ | ૦૩ |
| ૧૨ | પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૧૦૭૮૯, ૧૧૧૨૫૬ | ૦૨ |
| ૧૩ | મહેસૂલ વિભાગ | ૭૫૦૬, ૯૧૮૪, ૧૧૩૦૦ | ૦૩ |
| ૧૪ | માર્ગ અને મકાન વિભાગ | ૧૧૨૦૩, ૧૧૩૯૪, ૧૧૬૩૬ | ૦૩ |
| ૧૫ | ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ | ૧૦૮૦૬ | ૦૧ |
| ૧૬ | મહિલા અને બાળવિકાસ વિભાગ | ૧૧૩૩૪ | ૦૧ |
| ૧૭ | વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ | ૧૧૪૨૩ | ૦૧ |
| | | કુલ | ૫૦ |

અતારાંકિત યાદીઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

## ૩૦મી માર્ચ, ૨૦૧૮

## અધ્યક્ષશ્રીની અનુમતિથી ઉપસ્થિત કરવામાં આવેલ મુદ્દો

અધ્યક્ષશ્રીની અનુમતિથી ઉપસ્થિત કરવામાં આવેલ મુદ્દો

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : (વિપક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આપ એવી જગ્યા ઊપર બિરાજમાન છો કે, બ્લડ પ્રેસર ન હોય એમને પણ બ્લડ પ્રેસર થાય અને કાલનો દિવસ છે, આપ બહું સારી રીતે અત્યાર સુધી આ બધા તોફાની બાળકોને સાચવવા એ બહુ તકલીફવાળુ કામ છે અને આપે બહુ સારી રીતે એ નીભાવ્યું છે.

આજના વડાપ્રધાન અને એ વખતના સી.એમ. ઉપર જસ્ટીસ એમ. બી. શાહ કમિશન અંગે આપના માધ્યમથી હું સરકાર પાસે જવાબની અપેક્ષા રાખીશ કે, આ શાહ કમિશન જે બન્યું એમાં જે કોઝ હતું એનું Whereas the Government of Gujarat is of the opinion that it is necessary કારણ કે, એ રાષ્ટ્રપતિને જે સત્તર મુદ્દાનું આવેદનપત્ર આપેલું એમાંથી ચૌદ મુદ્દા લઇને તાત્કાલિક આ જસ્ટીસ શાહ કમિશનની રચના થઇ અને એમાં જે કાંઇ in the public interest that the people of Gujarat must know whether there is any substance in the allegations public opinion is building across the country against corruption in public life. જાહેર જીવનમાં પડેલા મિત્રો માટે ભ્રષ્ટાચારના આક્ષેપો જે થતા હોય એ જે પબ્લિક ઓપિનિયન હોય કે, આ બધા ક્લીન હોવા જોઇએ, સ્વચ્છ હોવા જોઇએ એના માટેનું આ કમિશન, બીજો મુદ્દો હતો કે, ગુજરાતના લોકોને ખબર હોવી જોઇએ કે, and whereas the Government of Gujarat is also of the opinion that it is necessary to bring to the knowledge of the people of Gujarat the factual position containing on each of the allegations referred to above અને the Government of Gujarat is also of the opinion that matter is of great public importance અને છેલ્લે the Government of Gujarat is further of the opinion that an enquiry should be held into the aforesaid allegations. સાહેબ, ૨૦૧૨માં વિધાનસભાનું ઇલેકશન હતું એ વખતે તાબડતોબ જસ્ટીસ શાહ કમિશન પાસે આગ્રહપૂર્વક આપ ઇન્ટરીમ રિપોર્ટ આપો અને કેટલાક મુદ્દા લઇને અને એમાંથી ઇન્ટરીમ રિપોર્ટ આપ્યો, એ રિપોર્ટ આપવાની તારીખ: ૨૮-૯-૨૦૧૨ એ બે જ દિવસ પછી એટલે ત્રીસમી તારીખે આચાર સંહિતા લાગવાની હતી, આ ૨૮-૯-૨૦૧૨ના દિવસે જે જસ્ટીસ શાહ કમિશનનો ઇન્ટરીમ રિપોર્ટ આવ્યો, જેને કેબીનેટમાં, હું આપની પાસેથી કેબીનેટની નોટ્સનો રિપોર્ટ જો કેબીનેટમાં જે કાંઇ લીગલ ડિપાર્ટમેન્ટે જે તૈયારી કરી હોય આની એ એક અને કેબીનેટમાં જે કાંઇ થયું હોય એની વિગત પણ હાઉસમાં હોવી જોઇએ. એ લીગલ ડિપાર્ટમેન્ટે જે નોટિફિકેશન બહાર પાડ્યું એ પણ એમણે કહેવું જોઇએ કે, આ અમારી નોટ્સ છે જે નોટ્સ ૧૬૭ નીચે ગર્વનરશ્રીને મોકલવાની હોય છે મુખ્યમંત્રીશ્રીએ, આ બધી જ વાતો અદ્ધર રાખીને તાત્કાલિક ત્રીસમી તારીખે સાંજે આચાર સંહિતા લાગે છે અને ત્રીસમીની સવારે જે કેબીનેટ હોય, જે કેબીનેટ સવારે મળે છે અને એ કેબીનેટમાં (અંતરાય) એટલા માટે કે આ અતિ મહત્વનું છે. ૨૦૧૨ની વિધાનસભાના ઇલેકશનમાં ક્લીન ચીટ મળી ગઇ આવી અદ્ધરતાલ જાહેરાત, જે ઇન્ટરીમ રિપોર્ટ એ ફાયનલ રિપોર્ટ ન કહેવાય, ઇન્ટરીમ રિપોર્ટનો ઊપયોગ આ સરકારે ક્લીન ચીટમાં કર્યો અને ત્રીસમી સવારે કેબીનેટ મળે છે, ત્રીસમી સાંજે આચાર સંહિતા લાગુ પડે છે એટલે શાહ કમિશન પાસે વધારે વિગતો માગવા માટે, શાહ કમિશનર કહે કે, ના મારી પાસે હવે કંઇ નથી. એ આચાર સંહિતા ૨૦૧૨માં લાગુ થઇ અને એના બે કલાક પહેલાં જ કેબીનેટ મળે અને કેબીનેટ ક્લીન ચીટ આપે, એની છાપામાં મોટી જાહેરાત થાય એને આજે પાંચ વર્ષ થયા, ૨૦૧૭માં નવી વિધાનસભાનું ઇલેકશન આપણી સામે આવી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ત્રેવીસ-ત્રેવીસ રિપોર્ટના પાના જે અભ્યાસ કરવાના હોય અને જો પાંચ વર્ષ લાગવાના હોય, રિપોર્ટ મૂકવો અને રિપોર્ટનો અભ્યાસ બે અલગ બાબતો છે. આ ગૃહનો હક્ક છે આ રિપોર્ટની અપેક્ષા, એ ઇન્ટરીમ રિપોર્ટ પણ છ મહિનામાં અહીં મૂકવો જોઇએ એ પણ નથી મૂકયો અને માટે આપના માધ્યમથી જે અતિ મહત્વનું છે, જેના આધારે સરકાર, મેં ગઇ વખતે કહેલું એ પ્રમાણે કે, આજે વડાપ્રધાન છે એમના ઉપરનો જો આક્ષેપ હોય તો તમારે રસપૂર્વક રિપોર્ટ અહીં મૂકવો જોઇએ. અભ્યાસ કરવામાં પાંચ વર્ષ ના લાગે, દાળમાં કાંઇક કાળુ છે માટે આપ અભ્યાસ નહીં કરતા હોવ, નહીંતર ક્યારનો ય અભ્યાસ થઇ ગયો હોય અને એ અભ્યાસમાં જે કાંઇ મેઇન મુદ્દો છે સુજલામ સુફલામ એ વી.એસ. ગઢવી કમિટી બની એણે આક્ષેપ કર્યા, મંજુલા સુબ્રમણ્યમ કમિટી બની એણે આક્ષેપ કર્યા, એના પછી જે કંઇ સી.એ.જી. કેગનો રિપોર્ટ એણે આક્ષેપ કર્યા, જાહેર હિસાબ સમિતિ જેમાં બંને પક્ષના સભ્યો હોય છે એણે આક્ષેપ કર્યા અને તત્કાલીન સ્પીકરે આ રિપોર્ટ ગૃહમાં મુકવા દેવો જોઇએ એ મુકવા દીધો નહીં એટલે સુજલામ સુફલામ હોય, ટાટા નેનોના એગ્રીમેન્ટ હોય, આજે પણ ટાટા નેનોમાં તમે શું એગ્રીમેન્ટ કર્યા, શું લોન આપવાની, કેટલી લોન આપવાની, કેટલી ગાડીઓ પેદા કરવાની, સરકાર શું વિશેષ સગવડતા આપશે? આ બધી જ વસ્તુઓ આજે અદ્ધરતાલ છે અને એ બધી જ આ વિગતમાં છે જ અને એટલા માટે (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : પછી જતા રહેવાનું.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : ના, નહીં જઇએ અમે. તમે રિપોર્ટ મુકો એવી અપેક્ષા રાખું (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, પ્લીઝ, એ પછી તમે જવાબ આપજો ને.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : મેં ગઇ વખતે પણ કીધું હતું કે આ આજના વડાપ્રધાન ઉપર આક્ષેપ છે અને ૨૦૧૭ ની વિધાનસભા આવે છે. આપ કલીનચીટ મેળવો. આ ગૃહ તમને કલીનચીટ આપે. અહીં મૂકો. અભ્યાસ કરવા દો બધાને. જે છે એ ગુજરાતના લોકોને ખબર પડવી જોઇએ કે આ સરકાર ઉપર એલીગેશન ખોટા છે બધા અને એટલા માટે આપના માધ્યમથી હું અપેક્ષા રાખીશ કે આવતીકાલ સાંજ સુધીમાં, આજ સાંજ સુધી આપ મુકો તો વધારે સારું અને આવતીકાલ સાંજ સુધીમાં

આપ મુકશો કે નહીં? એટલું રિપોર્ટ મુકવામાં યસ કે નો એના અનુસંધાનમાં જે કંઇ પણ આપે કહેવું હોય તે કહી શકો પરંતુ રિપોર્ટ મુકશો કે નહીં એટલું આશ્વાસન આપના પાસેથી, સરકાર પાસેથી આપેક્ષા રાખીએ છીએ. ધન્યવાદ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ચર્ચા અગાઉ વારંવાર ગયા સમય દરમિયાન આ ગૃહમાં થઇ ચૂકી છે. સરકાર પક્ષ તરફથી અમે વારંવાર વિગતો, સ્પષ્ટતા, સન્માનનીય ગૃહને અને મિડિયા દ્વારા સમગ્ર ગુજરાતની જનતાને આપી ચૂકયા છીએ. છતાં વિપક્ષના નેતાશ્રી, મારે એમ તો ન કહેવાય કે તમે પણ પાંચ વર્ષે જાગ્યા એમણે એમ કીધું કે ૨૦૧૨માં હતું તો ૨૦૧૨ થી ૨૦૧૭ થયું. માનનીય વિપક્ષના નેતાશ્રી અને એ બધા ( અંતરાય) તો પાંચ વર્ષ સુધી(અંતરાય) હવે આવું ન કરો.

અધ્યક્ષશ્રી : ધીરજથી સાંભળો, પ્લીઝ, પ્લીઝ. આવું ના હોય, મેં એમને બેસાડયા છે, સાંભળી તો લો યાર. સાંભળી લો ને શું કહે છે એ તો સાંભળો અંતે આ રિપોર્ટ તો મુકાશે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : પહેલા તો મારે એ સ્પષ્ટતા કરવી છે કે એ વખતે માનનીય શક્તિસિંહજી અને કોંગ્રેસના એ વખતના પ્રમુખ અર્જુન મોઢવાડીયા દ્વારા રાષ્ટ્રપતિજીને જે આવેદનપત્ર આપવામાં આવ્યું સાહેબ, હું એમ માનું છું કે દેશની અંદર પહેલા મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદી હશે કે કોંગ્રેસ આવેદનપત્ર આપીને અહીં પાછી આવી હશે, ગુજરાતમાં આ બધા નેતાઓ ફોટા પડાવીને પાછા આવ્યા. મોદીસાહેબે પ્રમાણિકતા, પારદર્શકતાથી સામા પગલે જસ્ટીસ એમ.પી. શાહ સુપ્રિમ કોર્ટના નિવૃત્ત જજની ઇન્કવાયરી પોતાની સરકાર સામે આપી, સ્પષ્ટ કરી લઉં, મોદીસાહેબ સામે કોઇ આક્ષેપ નહોતા, જે આક્ષેપ છે એ સરકારના જુદાજુદા વિભાગોની કામગીરી માટેના આક્ષેપો છે. મોદીસાહેબ માટે એક પણ આક્ષેપ એ પત્રમાં પણ નહોતો, આજે પણ નથી અને એનો પુરાવો મારે નથી આપવો, માનનીય શંકરસિંહજીએ આપી દીધો કે સુજલામ સુફલામ યોજના સિંચાઇ વિભાગ દ્વારા અમલમાં મૂકવામાં આવી હતી. આજે જ બધાએ અહીંયા પ્રશ્નોત્તરીમાં ખૂબ પ્રશ્નો પૂછયા. પ્રશ્નોત્તરીમાં આવ્યું કે પાણી કેટલું આવ્યું, અમને પાણી આપો એટલો બધો લાભ સુજલામ સુફલામથી થઇ ચૂકયો છે. બીજું, માનનીય વિપક્ષના નેતાશ્રી જાણે છે કે આ બધો સુજલામ સુફલામનો અહેવાલ વિવિધ તબકકે તપાસ થતો થતો ગુજરાતની આપણી વિધાનસભાની જે જાહેર હિસાબ સમિતિ છે એમાં પણ એનો અભ્યાસ થઇ ચૂકયો છે. અને એ મુદ્દો જરીપુરાણો થઇ ચૂકયો છે. એને કોઇપણ રીતે, આ તો દાખલો કહું છું સાહેબ. આવા તમામ મુદ્દાઓ માટે છે. કેટલાક મુદ્દા નામદાર હાઇકોર્ટમાં હતા એ મુદ્દામાં પણ સરકારને કલીનચીટ મળી ચૂકી છે. બીજું, સરકારે (અંતરાય) પૂરી વાત તો સાંભળો, સાંભળો, બધું કરીશું. બધું થશે. બધું થવાનું પણ મારે તમને એમ કહેવું છે કે સાડા પાંચ હજાર પાનાનો, ૨૨ વોલ્યુમમાં અંગ્રેજીમાં લખાયેલો રિપોર્ટ હોય એને સરકારે તપાસ કરવાની કાર્યવાહી કરવાની કયારની મોટાભાગની પ્રક્રિયા પૂરી કરી દીધી છે અને ગૃહમાં મૂકવા માટે પણ ફરીથી આપને કહું . શક્તિસિંહ તમે તો હાઇકોર્ટના કામકાજ કામ કરનારા વકીલ છો. અહીયા બધા મિત્રોને બહાર જઇ થોડી સમજ આપજો, લેશન આપજો કે ગુજરાત હાઇકોર્ટે *(×××) અને તમે બધાએ જે સાંઠગાંઠ કરી અને જે પી.આઇ.એલ. જાહેર હિતની રિટ દાખલ કરી હતી. ગુજરાત હાઇકોર્ટના ચીફ જસ્ટિસે એ રિપોર્ટ ગુજરાત વિધાનસભામાં મૂકવો કે ન મૂકવો એ સરકારની મુનસફી છે, સરકાર ઇચ્છે તો મૂકે એ પ્રમાણેનું જજમેન્ટ આપી દીધું છે. જજમેન્ટ આવ્યે બે વર્ષ થયાં અને અત્યારે તમે આ બધી દલીલો કરો છો તેનો કોઇ મતલબ નથી.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : ગૃહના મેમ્બર હોવા જોઇએ. *(×××) મેમ્બર નહોતા માટે થઇને કહ્યું. ગૃહની એ પ્રોપર્ટી છે એટલા માટે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હાઇકોર્ટનું વર્ડિંગ તમે, હું ૧૦ મિનિટમાં જજમેન્ટની કોપી મોકલાવું. અને અભ્યાસ કરી લો. અને રિસેસમાં તમારા બધા સભ્યોને અનુવાદ કરી સમજ આપો કે હાઇકોર્ટે શું કહ્યું છે? હાઇકોર્ટે કહ્યું છે કે અમે સરકારને કાયદાકીય રીતે કે કોઇપણ રીતે કહી શકીએ નહીં. આ રિપોર્ટ ગુજરાત વિધાનસભામાં મૂકવો કે ન મૂકવો એ સરકારની ઇચ્છા ઉપર આધારિત છે. આ બધું થઇ ચૂક્યું છે. અને જુદી જુદી રીતે પ્રજાકીય લેબોરેટરી, સાહેબ, પ્રજાની વાત અહીંયા કરે છે. સાહેબ, આ શક્તિસિંહ સવારે પ્રશ્નોત્તરીમાં વૈરાગ્ય આવી ગયું તેમ બધી વાત કરતા હતા. હું તેમને કહું છું કે તપાસ પંચ કાયદેસરની તપાસ કરે. નામદાર કોર્ટો કાયદેસરની કાર્યવાહી કરે, પણ ગુજરાતની ૬ કરોડની પ્રજાએ વારંવાર અને દેશની ૧૨૫ કરોડની જનતાએ જનાદેશ આપી દીધો છે. નરેન્દ્રભાઇ મોદીને આખા દેશની પ્રજાએ કિલનચીટ આપી. પ્રમાણિક, પારદર્શક પ્રજાલક્ષી વહીવટ એ કોને કહેવાય એ નરેન્દ્રભાઇએ અને ભારતની જનતાએ સ્વીકારેલું છે. ભારતની જનતા, બાકી રહી જતું હતું લોકસભાની ચૂંટણી પછી ઉત્તર પ્રદેશની, ઉત્તરાખંડની ૮૦ ટકા જનતાએ ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોને વિજય કરાવેલ છે. આ બધું પહેલીવાર નથી થતું. દરેક સભામાં કોંગ્રેસે મોદી સાહેબ ઉપર આક્ષેપો કર્યા, વ્યક્તિગત આક્ષેપો કર્યા, નિમ્નકક્ષાના આક્ષેપો કર્યા, પણ પ્રજાએ પારદર્શકતાથી બધું જોઇ અને કોંગ્રેસના તમામ આક્ષેપો ફગાવી દીધા છે. ફક્ત મોદી, મોદી, મોદી. આ સિવાય દેશમાં કોઇ નહિ એ પ્રકારનો પ્રજાએ જ્યારે જનાદેશ વારંવાર આપ્યો છે, ત્યારે હું તો ચોક્કસ એટલું કહીશ વિપક્ષના નેતાશ્રીની વાત છે. અગાઉ અમે કહી ચૂક્યા છે કે સરકાર આ અહેવાલ ઉપર કામગીરી કરી રહી છે. ઘનિષ્ટતાથી કરી રહી છે, ગંભીરતાથી કરી રહી છે અને સમય આવ્યે સરકાર એના ઉપર યોગ્ય નિર્ણય કરશે.(અંતરાય)

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## ૩૦મી માર્ચ, ૨૦૧૮

## અધ્યક્ષશ્રીની અનુમતિથી ઉપસ્થિત કરવામાં આવેલ મુદ્દો

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય નીતિનભાઇ પાસેથી અપેક્ષા રાખતો હતો કે આપ(અંતરાય)

અધ્યક્ષશ્રી : વચ્ચે બોલવાનું નહિ, પ્લીઝ (અંતરાય) મારા ધ્યાનમાં આવશે તો બહાર કાઢવાનું કરીશ. પ્લીઝ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહનો રેકોર્ડ બરાબર રહે એટલા માટે બે બાબત કહેવા માગું છું. નામદાર હાઇકોર્ટે બહુ જ લેટર એન્ડ સ્પીરિટમાં સ્વીકાર્યુ છે કે હાઉસની પ્રોપર્ટી બને છે. કમિશન ઓફ ઇન્કવાયરી એક્ટ નીચે કોઇપણ કમિશન આપ મૂકો. ગમે એટલો અહેવાલ મોટો હોય, આપને એક કોમાનો પણ ફેરફાર કરવાનો અધિકાર નથી.(અંતરાય) નીતિનભાઇ, તમારે પહેલાં સીધો ગૃહમાં મુકવાનો હોય એ પછી એક્શન ટેકન આવે. એ પહેલા તમારે કેબિનેટને વિચારણા કરવાનો અધિકાર નથી. જો આપ દૂધે ધોયેલો પાક, સાફ આપ કહો છો એવું જ બધું છે તો ગભરાટ શાના માટે છે? મૂકી દો ને રિપોર્ટ? મૂકી દો રિપોર્ટ અહીંયા? દૂધનું દૂધ અને પાણીનું પાણી થઇ જાય. મારા નેતાએ જે કહ્યું એમ આપણે જો એ રિપોર્ટમાં અને આપ બતાવો મને કમિશન ઓફ ઇન્કવાયરી એક્ટ નીચે એક નિવૃત્ત ન્યાયાધીશ ઉપર(અંતરાય) આ મારી પાસે છે. એ જ કહું છું. લેટર એન્ડ સ્પીરિટ. લોકસનો સવાલ છે. લોકસ હું કહું છું. આ છે જ મારા પાસે એ જ કહું છું કે, લેટર એન્ડ સ્પિરિટ, લોકસનો સવાલ છે. યસ લોકસ હું કહું છું કે, સુરેશભાઇ મહેતા આ ગૃહના સભ્ય ન હતા. લોકસનો સવાલ હતો અને એ ટેકનિકલ ગ્રાઉન્ડ લોકસનું હતું, પણ હાઇકોર્ટે ઓબ્ઝર્વ કર્યુ છે કે ઇટસ એ પ્રોપર્ટી ઓફ ધી હાઉસ. કોઇપણ સુપ્રીમ કોર્ટ કે હાઇકોર્ટના ન્યાયાધીશના બનેલા કમિશનના રિપોર્ટમાં હું ફરી દોહરાવું છું કે, આપને, કેબિનેટને, સરકારને કોમા પણ આઘોપાછો કરવાનો અધિકાર નથી. ૨૦૧૨ થી શેના માટે બેઠા છો? આપ મૂકી દો. એ કહે છે કે બધું જ ખૂબ સરસ છે, અમારું કયાંય ગરબડ નથી, અમે દૂધે દોયેલા. આ હાઉસમાં મૂકી દો. આ હાઉસનો અધિકાર છે. આ હાઉસમાં રિપોર્ટ આવ્યા પછી સેકન્ડ સ્ટેઝમાં આપને એકશન ટેકનનો સવાલ આવે છે. તેમાં આપનો અધિકાર છે, હું નથી કહેતો. એટીઆર પણ એકશન ટેકન રિપોર્ટ પણ આ જ વિધાનસભા ગૃહમાં આવવો જ જોઇએ. આપની પાસે અમારી એટલી જ માગણી છે, માનનીય અધ્યક્ષશ્રી, આપનું રક્ષણ માગીએ છીએ. આપે આપનો ધર્મ બજાવ્યો અને અગાઉ માનનીય વજુભાઇ વાળાએ તેમનો ધર્મ બજાવ્યો. સરકારને સાહેબ લેખિત આપ્યું છે, કે આ રિપોર્ટ તે ગૃહની પ્રોપર્ટી છે. હમણાં જ કહેતા હતા કે, આ ખુરશીનું માન જાળવો. સાહેબ, આ ખુરશીનું અપમાન ત્યાંથી વારંવાર થયું છે. આ સૌથી મોટો દાખલો હોય તો આ છે કે, આપના પહેલાં માનનીય વજુભાઇ વાળાનો પત્ર અને તે પછી આપનો પત્ર, મારા નેતા એમ જ કહે છે કે, બે દિવસ છે, તમારે કશું જ છૂપાવવાનું ન હોય તો તમે જ નકકી કરેલું કમિશન છે. આની મજા તો જુઓ. હમણાં માનનીય નીતિનભાઇ કહેતા હતા કે ત્યાં ગયા એટલે. સાહેબ એટલા માટે નહીં કમિશન ઓફ ઇન્કવાયરીઝ એકટમાં એવી જોગવાઇ છે કે કેન્દ્ર પહેલું કમિશન મૂકે તો રાજય કમિશન ન મૂકી શકે. રાજય જો પહેલું કમિશન મૂકી દે તો કેન્દ્ર ન મૂકી શકે. પોતાના આક્ષેપોમાં જો કેન્દ્રનું કમિશન આવે...

અધ્યક્ષશ્રી : શકિતસિંહજી આપ લીગલ બેટલની વાત કરો છો તે બિલકુલ તદ્દન સાચી છે. પણ હિન્દુસ્તાનના ઇતિહાસભરમાં માનનીય નીતિનભાઇ કહે છે તેવું કયારેય કોઇ રાજયએ કર્યુ નથી. પ્રશ્ન ત્યાં છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, કર્યુ છે ને. રાજયોએ મૂકયા છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ત્યાં છે કે સેન્ટ્રલ જો કમિશન મૂકે તો રાજય ન મૂકે,

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતે પણ મૂકયું છે.

અધ્યક્ષશ્રી : રાજય મૂકે તો પેલું ન મૂકે. આ લીગલ બેટલ છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મૂકયું છે સાહેબ.

અધ્યક્ષશ્રી : અત્યાર સુધી કોઇપણ રાજયએ આવું નથી કર્યુ અને જયારે તમે મળ્યા ત્યારે કર્યુ એવું માનનીય નીતિનભાઇએ કહ્યું આ માત્ર તમને યાદ કરાવું છુ. માત્ર યાદ કરાવું છું. તેના ઉપર કોઇ આર્ગ્યુમેન્ટ હું નથી કરતો. માત્ર યાદ કરાવું છું.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, રેકર્ડ સ્ટ્રેઇટ રાખવા માટે કહું છું. આ વિધાનસભા ગૃહમાં ભારતીય જનતા પાર્ટી વિરોધપક્ષમાં હતી. એમને આક્ષેપો કર્યા અને કોંગ્રેસ પાર્ટીએ કમિશન મૂકયાના દાખલા એક નહીં એક કરતાં વધારે છે. એક દાખલો મને એવો બતાવે કે કમિશનનો રિપોર્ટ આવ્યા પછી, હા એમને અધિકાર હતો. એમને છ મહિના પછી લાગ્યું કે મારે હવે કમિશન આગળ નથી વધવા દેવું તો કમિશન વિખેરી નાંખે. તે તેમનો રાઇટ છે, પણ એક વખત કમિશનનો રિપોર્ટ આવ્યા પછી, મને એક દાખલો આખા ગુજરાતના ઇતિહાસમાં બતાવો કે કમિશનનો રિપોર્ટ આવ્યા પછી એક દિવસનો વિલંબ થયો હોય. સાહેબ આવા કમિશનનો રિપોર્ટ આવ્યા પછી કોઇ જાતનો સરકારને અધિકાર નથી. કમિશનનો રિપોર્ટ સીધો વિધાનસભા ગૃહમાં રજૂ થવો જોઇએ. તે વિધાનસભા ગૃહમાં આપ રજૂ કરતા નથી. આપે કમિશન એટલા માટે મૂકી દીધું કે •(×××) આ બધું જ નકકી થઇ જાય સાહેબ. (સતત અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ..

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. તમે જવાના છો તે બધી અમને માહિતી છે. અમને બધી ખબર છે કે તમે શું કરવાના છો? મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. સાહેબ આ બધાને બેસાડી દો તો મારો પોઇન્ટ ઓફ ઓર્ડર કહું. તમે જવાના છો એ અમને ખબર જ છે. (અંતરાય) જવું હોય તો જાઓ અમે આગળ કામ ચાલુ કરીએ. જવું હોય તો જાય અમે કામ ચાલુ કરીએ. મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

અધ્યક્ષશ્રી : માનનીય પ્રદિપસિંહજી, આપ શું કહો છો?

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા (રા.ક.ના વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે સન્માનીય સભાગૃહના કામકાજમાં ખલેલ પાડે છે અને જે સભ્યશ્રીઓ વેલમાં આવી ગયા છે તે યોગ્ય નથી. માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ મૂકું છું કે, વિરોધ પક્ષના જે સભ્યશ્રીઓ વેલમાં આવીને સભાગૃહના કામકાજમાં ખલેલ કરી રહ્યા છે એવા તમામ સભ્યશ્રીઓને આજની પ્રથમ બેઠક માટે સસ્પેન્ડ કરવામાં આવે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રદિપસિંહજી જાડેજાએ જે પ્રસ્તાવ મૂક્યો છે એને હું ટેકો આપુ છું.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : પ્રસ્તાવ મંજૂર કરવામાં આવે છે. જે સભ્યશ્રીઓ પોતાની જગ્યાએથી ઉભા થઇ વેલમાં આવી પ્લે કાર્ડ દર્શાવીને સુત્રોચ્ચાર કરી રહેલા તમામ સભ્યશ્રીઓને સભાગૃહની આજના દિવસની પ્રથમ બેઠક માટે સસ્પેન્ડ કરવામાં આવે છે. સાર્જન્ટ, વેલમાં આવેલ તમામ સભ્યશ્રીઓને ગૃહની બહાર લઇ જાય.

(વિરોધ પક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલા તથા શક્તિસિંહ ગોહિલ સિવાયના વિપક્ષના હાજર તમામ સભ્યશ્રીઓને ગૃહની બહાર લઇ જવામાં આવ્યા)

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આ સરી જતી રેતી છે એ તો સરી જવાની. એક જ અપેક્ષા આપની પાસે છે, ન મૂકવો હોય તો આપ ના પાડજો કે અમે રીપોર્ટ નથી મૂકવાના, ગોળ ગોળ ના કહો, પોઇન્ટેડલી કહેજો કે અમે નહીં જ મૂકીએ એટલે અમને ખબર પડે. મૂકો તો ઉપર જે બેઠા છે સાહેબ એમની ઇમેજ માટે, એ ઇમેજ જાળવવી એ આપના હાથમાં છે. બહુમતીના આધારે મારા સભ્યોને પૂરા દિવસ માટે સસ્પેન્ડ કર્યા છે ત્યારે હું પણ સભાગૃહનો ત્યાગ કરુ છું.

(આ તબક્કે વિરોધ પક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલા અને શ્રી શક્તિસિંહ ગોહિલ સભાગૃહ છોડી જતા રહ્યા)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતાશ્રીને અગાઉ પણ મેં કહેલું અને આજે પણ સરકાર વતી કહું છું કે, અમે કાર્યવાહી કરવાના જ છીએ, કરી રહ્યા છીએ. પણ તમે ઇચ્છો ત્યારે થઇ જાય એવું નથી. સાહેબ, હાઇકોર્ટમાં અને સુપ્રિમ કોર્ટમાં મેટરો ઘણી ચાલતી હોય છે, બીજું આમાં ઉપરથી એમને પણ આદેશ છે આ બંનેને કે ચૂંટણી આવી રહી છે તમે કાંઇક કામ બતાવો નહીં તો તમને બધાને ટીકીટ નહીં મળે. એટલે આ બધી લડાઇ એમ.બી.શાહ કમિશનના રીપોર્ટ માટે નથી, આ કોંગ્રેસવાળાને ટીકીટોની બધી પડાપડી છે એટલે બધા આ કરે છે. અમે સરકાર તરફથી આપને પણ કહીએ છીએ કે યોગ્ય સમયે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ વિષયની ચર્ચા એક વાર થાય, વારંવાર એકને એક વિષયની ચર્ચા કરીને ગૃહનો સમય બગાડવો એ પણ ઠીક નથી. એટલે ફરીવાર આની આ વિષયની ચર્ચા થવાની હોય તો આપે યોગ્ય નિર્ણય તાત્કાલીક કરવો જોઇએ. ગયા અઠવાડિયે પણ આની આજ ચર્ચા હતી, આ અઠવાડિયે પણ એની એ જ ચર્ચા, એમનું પણ એજ કહેવાનું અને માનનીય નીતિનભાઇએ ગયા વખતે જે કહ્યું હતું ફરીવાર એજ કહીએ છીએ, અમે નથી મૂકવાના એવું કહ્યું જ નથી. એમણે તો કમિશનો મૂકી મૂકીને વિખેરી નાંખ્યા છે, અમે વિખેરી નાંખ્યું નથી.

સરકારી વિધેયકો

દાખલ કરવાના તથા પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના સરકારી વિધેયકો

સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૨૪

ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૧૭

સન ૨૦૧૮ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતાં નાણાકીય વર્ષની સેવાઓ માટે, ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી અમુક રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાયબ મુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૨૪, સન ૨૦૧૭નું ગુજરાત વિનિયોગ વિધેયક આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૨૪, સન ૨૦૧૭ના ગુજરાત વિનિયોગ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

---

* વિધેયક તા. ૨૪મી માર્ચ, ૨૦૧૭ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

૩૦મી માર્ચ, ૨૦૧૭

ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૧૭

સચિવશ્રીઃ વિનિયોગ વિધેયક ઉપર જે ૧૬ સભ્યશ્રીઓએ મુદ્દા આપ્યા છે તેઓ આજની બેઠકની કાર્યવાહીમાંથી દૂર થયા હોવાથી માનનીય મંત્રીશ્રી પહેલા વાચનના પ્રસ્તાવ ઉપર સીધું જ વકતવ્ય રજૂ કરે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકારની કામગીરી જે પ્રકારની છે અને અમે આ વખતે ગુજરાતના વિકાસ માટે, ગુજરાતના નાનામાં નાના ગામડા સુધી સરકાર તરફથી સુવિધાઓ પહોંચાડવા માટે શિક્ષણ, આરોગ્ય, વીજળી, રસ્તાઓ આવી પ્રાથમિક જરૂરિયાતો અમારી સરકારે વરસોથી પૂરી કરી દીધી છે, એને વધુ મજબૂત બનાવવા, વધુ સુદ્દઢ બનાવવા, વધુ વ્યાપક બનાવવા અનેક પ્રકારના આયોજનો દરેક વિભાગમાં અમે કર્યા છે, ત્યારે સ્વાભાવિક છે કે વિપક્ષના સભ્યો કાપ દરખાસ્તો દેખાવ પૂરતી લાવે પણ એ કાપ દરખાસ્તો અહીં રજૂ કરવાની પણ એમનામાં નૈતિકતા નથી, નૈતિક હિંમત પણ નથી, એમની પાસે કોઇ મુદ્દા પણ નથી કે એમની પાસે કોઇ નક્કર હકીકતો નથી, એટલે જુદા જુદા બહાના કાઢી અને ગૃહમાંથી દૂર જવાનો પ્રયત્ન કરે છે અને એ અત્યારે દેખાઇ આવ્યું છે, નહિતર એમના સભ્યશ્રીઓએ જે મુદ્દા રજૂ કર્યા હતા એની પણ વિગતવાર માહિતી અમે તૈયાર કરી છે. ગુજરાતની છ કરોડ કરતા વધુ જનતા માટે અમે વ્યવસ્થાઓ, આયોજનો, બજેટ ફાળવણી કરી છે, નવી નવી અનેક યોજનાઓ અમે દાખલ કરી છે તેમજ આ સન્માનનીય ગૃહમાં અમારા બધા જ મંત્રીશ્રીઓએ પોતપોતાના વિભાગની દરખાસ્તો દરમિયાન, બજેટ મંજૂર કરાવતા દરમિયાન, માનનીય સભ્યશ્રીઓએ ખૂબ વ્યાપક ચર્ચા વિચારણા દરેક વિભાગ ઉપર કરેલ છે એટલે હું એમ માનું છું કે, એનું પુનરાવર્તન કરવું એ જરૂરી અને યોગ્ય નથી, અમને જે તાલીમ મળી છે, અમને જે માર્ગદર્શન મળ્યું છે, જે અમારા પ્રેરણાસ્રોત છે એવા આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતમાં બાર થી તેર વરસ સુધી જે સુશાસન આપ્યું, પ્રજાલક્ષી જે વ્યવસ્થાઓ આપી, ભૂતકાળમાં ૧૯૯૫ પહેલાં જ્યારે કોંગ્રેસની સરકારો હતી ત્યારે ગુજરાતની જે સ્થિતિ હતી એ બધી જ રીતે વિપરીત હતી અને અમારી સરકાર આવ્યા પછી ૧૯૯૫થી ભારતીય જનતા પાર્ટીની સરકારમાં અમે ગુજરાતની કામગીરી જે શરૂ કરી, એ દરમિયાન અમારી વિવિધ યોજનાઓ અને તમામ પ્રકારના આયોજનોથી આજે ગુજરાતના ખેડૂતોને અમે સુખી કર્યા છે, અગાઉ પણ કહી ચૂક્યો છું, ફરી કહેવાની જરૂરિયાત છે, આજે પણ દેશના ગુજરાત સિવાયના કોઇપણ ગામડામાં ચોવીસ કલાક વીજળી મળતી નથી. હમણાં જે ઉત્તરપ્રદેશની ચૂંટણી પતી, ત્યાં એ વખતે સમાજવાદી પક્ષના જે મુખ્યમંત્રી હતા એમણે એમના પ્રવચનોમાં તેમજ એમના ચૂંટણી ઢંઢેરામાં સમાજવાદી પક્ષે એવું વચન આપેલું કે અમારી સરકાર આવશે તો લખનૌમાં, અલ્હાબાદમાં કે કાનપુર જેવા શહેરોમાં હવે લોડ શેડીંગ નહિ કરવું પડે. વિચારો જે ૫૦-૫૦ લાખની વસતિ ધરાવતા હોય એવા શહેરોમાં પણ એ સરકારો બીજા પક્ષની સરકારો કોંગ્રેસે ઉત્તરપ્રદેશમાં જયાં વર્ષો સુધી રાજય કર્યુ છે પણ પાયાની જરૂરિયાત પીવાનું શુદ્ધ પાણી કે વીજળી કે રસ્તા કે શિક્ષણ, આરોગ્યની સુવિધા કોંગ્રેસ કે સમાજવાદીઓ કે માયાવતીનો પક્ષ કોઇ આપી શકયા નહોતાં તે આપણે જોયેલું છે. તેની સામે આપણે ગુજરાતમાં ૨૦૦૭થી આજે તો હવે દસ વર્ષ થઇ ગયા. દસ વર્ષની ઉંમરનો બાળક હોય તેને તો ખબર પણ નથી કે પાવર જાય એટલે શું ? નાનામાં નાનું આદિવાસી ગામડું હોય, કચ્છનું નાનું ગામડું હોય કે માછીમાર વિસ્તારનું દરિયા કિનારાનું ગામડું હોય ૨૪ કલાક જયોતિ ગ્રામ યોજનાનો લાભ અમારી ભારતીય જનતા પક્ષની સરકારે નરેન્દ્રભાઇના નેતૃત્વમાં જે આપ્યો છે એવા અનેક કાર્યક્રમો અમારી સરકારોએ કર્યા. આજે ગુજરાતનું એક પણ ગામડું પાકા ડામર રસ્તાની સેવા વગર બાકી નથી રાખ્યું. શિક્ષણ તમામ જગ્યાએ મળે, આરોગ્યની સુવિધા મળે આ બધુ જ અમે જે કર્યુ છે અને તેના કારણે જ ગુજરાતની પ્રજાએ વારંવાર અમારા ભારતીય જનતા પક્ષને સમર્થન આપ્યું. ૧૯૯૫ પછી ૧૯૯૮માં ચૂંટણી થઇ રાજપાનો બળવો થયેલો, અહીંયા બેઠેલાં કોંગ્રેસના મિત્રો અમારા જૂના હતા તેમણે સત્તા માટે પક્ષપલટો કર્યો પણ પ્રજાએ બધાને ફગાવી દીધાં. ૧૯૯૮માં ભાજપની સરકાર આવી, ૨૦૦૨માં ફરી ભાજપની સરકાર આવી. કચ્છનો ભૂકંપ, ગોધરા કાંડ પછીના જે નિર્દોષ કારસેવકોને આતંકવાદીઓએ જે રેલ્વેના ડબ્બામાં સળગાવી માર્યા હતા એ નિર્દોષ કારસેવકોની જે સરકારે તરફેણ કરી અને આ લોકોએ જે આતંકીઓ હતા, જે નિર્દોષ કારસેવકોને સળગાવનારા હતા તેમના માટે સંસ્થાઓ ઉભી કરી અને તે સંસ્થાઓ દ્વારા અમારા એ વખતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદી તે પછીના ગૃહમંત્રી અમારા અત્યારના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીતભાઇ શાહ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે કપરામાં કપરા સંજોગો હતા તો પણ ખૂબ શાંતિથી દ્રઢતાથી, દેશ ભકિતથી, રાષ્ટ્ર ભકિતથી તેમણે જે નિર્ણય કર્યા તેના કારણે આટલી બધી ખરાબ સ્થિતિ ઉભી થયેલી હોવા છતાં ગુજરાત આજે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની જાળવણીમાં શાંતિની સ્થાપના માટે દેશમાં પહેલા નંબરનું કામ અમારી સરકાર કરી રહી છે અને આપણે બધા જાણીએ છીએ. આ બધી વાત હું એટલા માટે કરું છું કે વિપક્ષના મિત્રો હજુ તેમનું ભૂલ્યા જ નથી. નરેન્દ્રભાઇ મોદીની જે કડકાઇ, વહીવટ માટેની તેમની જે પારદર્શકતા, ૧૮-૧૮ કલાક કામ કરવાની તેમની પદ્ધતિ, સચિવોને રાત્રે ફોન કરે વડાપ્રધાન થયા પછી દિલ્હીમાં તો કોંગ્રેસની સોનિયા ગાંધીવાળી સરકારમાં કોઇને ખબર નહોતી. ૧૦ થી ૫ વાગ્યા સુધી જ સચિવો નોકરી કરતા હતા. મોદી સાહેબે જઇ પ્રેઝન્ટેશન, પદ્ધતિઓ, રિવ્યુ આ બધુ ચાલુ કર્યુ અને અત્યારે ૧૦-૧૦ વાગ્યા સુધી ભારત સરકારના સચિવોને ઓફિસમાં બેસીને કામ કરવું પડે એવી સ્થિતિ વડાપ્રધાન નરેન્દ્રભાઇએ જયારે ઉભી કરી તો ગુજરાતમાં તો આપણે એનો ઘણો મોટો લાભ આપણે લીધો છે. અને એ લાભ ભારત સરકાર તરફથી જયારે અમારી સરકાર બની, મોદી સાહેબની તે પછી તો જે ધોધ નાણાંનો વહ્યો છે કાલે અમારા રાષ્ટ્રીય અધ્યક્ષ માનનીય અમીતભાઇ શાહની અમદાવાદમમાં જે જંગી રેલી હતી. લાખો લોકોએ એમાં ગુજરાતના ખૂણે ખૂણેથી ૪૨ ડિગ્રી ગરમી હોવા છતાં આખા ગુજરાતમાંથી યુવાનો, ભાઇઓ-બહેનો, વડીલો બધાજ જે પ્રેમથી, ઉત્સાહથી ઉમટી પડયાં અને આજના પેપરોમાં પણ આપ જુઓ દરેક છાપાની અંદર આ રેલીની સફળતા માટે મિડીયાએ પણ નોંધપાત્ર જયારે નોંધ લીધી છે

ત્યારે સ્વાભાવિક છે કે અહીંયાના કોંગ્રેસીઓ તો ડઘાઇ જ ગયા છે તે તો આ રેલીના ફોટા જોઇ, રેલીની હાજરી જોઇ અને એટલા બધા ડઘાઇ ગયા છે અને અધૂરામાં પૂરું અમારી પાસે માહિતી છે તે પ્રમાણે દિલ્હીથી રાત્રે ફોન આવ્યા અને બધાને ખખડાવ્યા કે તમે કંઇ કરતા નથી, કંઇક કરી બતાવો. એટલે પછી આ જુદા જુદા પ્રકારના કાગળિયા લઇ, પોસ્ટરો લઇ અને ગૃહમાં દેખાવ કરી ગમે તેમ કરી. ગમે તેમ કરીને આ બધાને એક જ વાત છે. કારણ કે, એમના પ્રદેશ પ્રમુખે જે જાહેરાત કરી કે દરેક જિલ્લામાં એક મહિલા, વૃદ્ધોને ટિકિટ નહિ મળે. હવે વૃદ્ધો કેટલા અને કોને ગણવા એની એમણે ચોખવટ કરી નથી અને સાથે સાથે કૉંગ્રેસના જે સભ્યો છે એમને પણ કોઇને હજી એવું નથી કહ્યું કે તમને ટીકીટ મળશે એટલે કૉંગ્રેસની નેતાગીરીની નજરમાં રહેવા ટીકીટ માટે લોકો પડાપડી કરી રહ્યા છે પણ અમને વિશ્વાસ છે કે અમારું આ વખતનું બજેટ અને અગાઉના બજેટ પ્રજાલક્ષી છે. ગુજરાતનો વિકાસ, ગુજરાતની પ્રગતિ, યુવાનોને રોજગારી, શિક્ષણ, આરોગ્ય, Infrastructure development વગેરેમાં જેમ ગુજરાતીમાં કહેવત છે કે 'ઠાંસી ઠાંસીને ભર્યું હોય' તેમ અમારા રૂપિયા ૧ લાખ ૭૨ હજાર કરોડ રૂપિયાના બજેટમાં અમે ભર્યું છે એટલે વિનિયોગ વિધેયકમાં કોઇ કાપ દરખાસ્ત એમને કરવાની જગ્યા નથી એટલે નીકળી ગયા છે. માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીજી અને અમારા વિવિધ વિભાગના મંત્રીશ્રીઓ સાથે ચર્ચા કર્યા પછી અમે હજુ પણ પ્રજા માટે, કર્મચારીઓ માટે ઘણું કર્યું છે.

અધ્યક્ષશ્રી : દસ મિનિટમાં પૂરું કરો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પાંચ જ મિનિટ લાગશે. આજે હું થોડી જાહેરાતો કરવા માગું છું. સૌથી પહેલાં તો આ સન્માનનીય ગૃહને જણાવતાં મને આનંદ થાય છે કે, અમારા મુખ્યમંત્રી જે આપણા ગૃહમંત્રીશ્રી છે. અમારા રાજ્ય કક્ષાના માનનીય ગુહમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાનો આગ્રહ હતો કે, સરકારી કર્મચારીઓને સાતમું પગારપંચ આપી દીધું, બીજી વ્યવસ્થાઓ કાયમી કર્મચારીઓ માટે કરી, ફિક્સ પગારના કર્મચારીઓને પ્રથમ ધોરણના પગાર લેવલમાં મૂકી દીધા, આંગણવાડી બહેનોનું માનદ વેતન વધાર્યું, એ પહેલાં મધ્યાહન ભોજનના કર્મચારીઓનું માનદ વેતન વધાર્યું હતું તો આપણા પ્રદિપસિંહજીની ખાસ લાગણી હતી કે, ગૃહ વિભાગમાં જે હોમગાર્ડ અને ગ્રામ રક્ષક દળના જવાનો મોટા પ્રમાણમાં સેવા આપે છે. એવા હોમગાર્ડની સંખ્યા ૪૨,૦૫૭ છે એમાંથી ૪૦,૦૦૦ જગ્યા ભરાયેલી છે. આ ૪૦,૨૩૭ હોમગાર્ડ જવાનોને અત્યારે રોજના ૨૦૦ રૂપિયા માનદ વેતન મળે છે. એમાં ૧૦૦ રૂપિયાનો વધારો કરી ૩૦૦ રૂપિયા ભથ્થું તમામ હોમગાર્ડ કર્મચારીઓને આપવાની અને ૧ લી એપ્રિલથી જ, નાણાકીય વર્ષની શરૂઆતથી જ એનો અમલ કરવાનો અમે નિર્ણય કર્યો છે અને એના કારણે રાજ્ય સરકારની તિજોરી પર ૩૨ કરોડ ૪૦ લાખ રૂપિયાનું વધારાનું ભારણ આવશે પણ હોમગાર્ડના જવાનો ઉત્સાહથી કામ કરે એ માટે અમે એમને આ લાભ આપ્યો છે. બીજું આરોગ્ય વિભાગના અમારા સાથી મંત્રી માનનીય શંકરભાઇ ચૌધરીનો આગ્રહ હતો કે, આંગણવાડી બહેનોને આપ્યું, ફીક્સ પગારના કર્મચારીઓને આપ્યું તો અમારી આશા વર્કર બહેનો માટે તમે કેમ બાકી રાખો છો અને અમે બધા જ કર્મચારીઓના સહકારથી, બધા કર્મચારીઓની ટીમથી ટીમ ગુજરાત તરીકે છ કરોડ જનતાને સરકારની વિવિધ સેવાઓ આપીએ છીએ ત્યારે ગુજરાત સરકારમાં લગભગ ૩૫ હજાર કરતા વધુ એટલે કે ૩૮ હજાર જેટલી આશા વર્કર બહેનો કામ કરે છે એમને ભારત સરકારના નિયમ પ્રમાણે એ જે કામ કરે એટલે જો મા યોજનાનું કાર્ડ કઢાવે તો આટલી રકમ, કોઇ કુટુંબ નિયોજનનું ઓપરેશન કરાવે તો આટલી રકમ, બીજી કોઇ સારવાર કરાવે તો આટલી રકમ એમને આપવામાં આવશે. આ બહેનોને કામ આધારિત માનદ વેતન મળે છે પણ એમાં પણ જે ભારત સરકાર આપે છે એમાં ગુજરાત સરકારની તિજોરીમાંથી ખર્ચ પાડી આરોગ્ય વિભાગે જે સ્કીમ તૈયાર કરી એની વ્યવસ્થા ચાલી રહી છે. માનદ વેતનમાં કેવી રીતે વધારો કરવો એ પ્રમાણે આશા વર્કર બહેનોને પણ ગુજરાત સરકારના બજેટમાંથી સરકારી ખર્ચમાંથી વધારાનું માનદ વેતન મળે એની પણ અમે જાહેરાત કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર જે પછાત વર્ગ છે, ગરીબ વર્ગ છે એમના વિકાસ માટે જે જુદા જુદા નિગમો ચલાવે છે એમાં અગાઉ અનુસૂચિત જાતિ નિગમ, બક્ષીપંચનું જે ઠાકોર કોળી વિકાસ નિગમ છે એના દ્વારા જે લોનો અપાયેલી એ ગરીબ વર્ગના માણસો સમયસર રકમ ના ભરે તો વ્યાજ પેન્લટી વગેરે ચડી જાય છે. ભારત સરકાર પણ આપણને મદદ કરે છે. ભારત સરકારનો આગ્રહ હોય છે કે, સમયસર રકમ ના ભરે તો વ્યાજ પેનલ્ટી વગેરે લેવું પણ આ ભાજપની ગરીબ લક્ષી સરકાર છે અને આ વર્ષ અગાઉ પણ મેં કહ્યું હતું અને આજે પણ કહું છું કે અમારા ભારતીય જનતા પક્ષના જનસંઘના આદ્ય સ્થાપક મહાન વિચારક પંડિત દીનદયાલ ઉપાધ્યાયજી એકાત્મ માનવવાદના સર્જક એમની ૧૦૦મી જન્મતિથિ – શતાબ્દી વર્ષ જયારે અમારી સરકાર ઉજવી રહી હોય ત્યારે પહેલાં જે અનુસૂચિત જાતિ અને ઠાકોર વિકાસ નિગમ અને પશુપાલન બોર્ડ એમાં જેમને ઓછી રકમ, મોડી રકમ લોન ન ભરી હોય એમની માફી યોજનાઓ અમે અમલમાં મૂકી હતી અને એ સમાજના ગરીબોને લાખો કરોડો રૂપિયાની અમે સહાય આપેલી છે એમાં અનુસૂચિત જનજાતિ એટલે કે આદિવાસી વિસ્તારના આપણા જે આદિજાતિ વિકાસ કોરપૉરેશન ગુજરાત સરકારના આદિજાતિ કલ્યાણ વિભાગ તરફથી ચાલે છે. અમારા સાથી મંત્રી માનનીય શ્રી ગણપતભાઇ વસાવાની લાગણી હતી કે તમે જુદા જુદા બોર્ડ નિગમને માફી આપી તો અમારા ૧,૦૫,૬૮૮ લાભાર્થીઓએ ૧૪૩ કરોડ રૂપિયાનું અગાઉ જે ધિરાણ ગુજરાત સરકારે ફક્ત ચાર ટકાના વ્યાજથી જે કરેલું એ ધિરાણ પણ ગરીબ વર્ગ ધંધો કરે પણ ધંધો ચાલે ના ચાલે, કોઇ બીજું ઉત્પાદન કરે એમાં સફળ થાય ના થાય એટલે સમયસર એની લોન કે વ્યાજ એ ભરપાઇ કરી શકતા ન હતા એટલે આ વર્ષોની રકમ અમારી જે ચડેલી એ રકમ ૧૨૩ કરોડ રૂપિયા થાય છે અમારા માનનીય ગણપતભાઇનો, સાથી મંત્રીશ્રીઓની માનનીય મૂખ્ય મંત્રીશ્રીને વિનંતી હતી કે અમને પણ મારા વિભાગ આ મંજૂરી

આપે તો એ યોજના પણ જાહેર કરતાં હું આનંદ અનુભવું છું કે, ૧૦૫૬૮૮ આદિજાતિના આદિવાસી સમાજના જે ભાઇ બહેનોએ ધંધો, રોજગાર, વ્યવસાય, ખેતી, પશુપાલન કરવા માટે આદિજાતિ વિકાસ કોરપોરેશનમાંથી જે લોન લીધી હશે એ વન ટાઇમ સેટલમેન્ટમાં પૂરેપૂરી રકમ બધા ભરી દે તો ગુજરાત સરકાર ૧૨૩ કરોડ રૂપિયા માફ કરવાની યોજના હું જાહેર કરું છું.

અધ્યક્ષશ્રી : એમાં કંઇ સમય મર્યાદા છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : કોઇ લિમિટ નહીં.

અધ્યક્ષશ્રી : જી, સરસ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : પણ ભરવાની સમય મર્યાદા ખરી, આ વર્ષના નવમા મહિના સુધી છે.

અધ્યક્ષશ્રી : બાર મહિના..

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, એ પણ જરૂર પડશે તો વધારી દઇશું. સાહેબનું સૂચન છે, માનનીય ગણપતભાઇ કે આખું ૨૦૧૭ ઓકે કરી દો. સાહેબ આપની આજ્ઞા શિરોમાન્ય છે. ૨૦૧૭ સુધી એ પ્રમાણે કરી દઇશું.

અધ્યક્ષશ્રી : આભાર.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, અમે આ કોંગ્રેસવાળા જેવા નથી. અમે તો આપનો પડ્યો બોલ ઝીલીએ છીએ.

સાહેબ, શિક્ષણને પણ ખૂબ મહત્વ અમારી સરકારે આપ્યું છે. હમણાં જ ફિક્સ પગારમાં જે લાખો વિદ્યા સહાયકો હતા એમને તો આપણે સાતમા પગાર પંચના પહેલા પગાર ધોરણ સુધી પગાર વધારો આપી દીધો. ખૂબ ખૂશ થઇ ગયા અને બધાને સંતોષ થયો પણ અમારા વડીલ સિનિયર મંત્રી માનનીય શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહજીને સંતોષ નહોતો થયો. એમણે રજૂઆત સરકારમાં, અમને બધાને એવી કરી કે, હજી અમારા જે પ્રોફેસરો છે જેમની નિમણૂક અધ્યાપક સહાયક તરીકે થયેલી છે. પ્રોફેસરો છે. કોલેજમાં કામ કરે છે એ ૭૬૦ અધ્યાપકો છે એમને પણ ફિક્સ પગાર ૨૫૦૦૦ રૂપિયા સરકાર તરફથી મળતો હતો. માનનીય ભૂપેન્દ્રસિંહજી અને અમારા અન્ય શિક્ષણ મંત્રીશ્રીઓની લાગણી હતી હતી એ ધ્યાનમાં રાખી અમારા સરકારમાં માનનીય મુખ્ય મંત્રીશ્રીએ અને અમે નિર્ણય કર્યો છે કે, આ અધ્યાપક સહાયકોને પણ સાતમા પગાર પંચના પહેલા તબક્કામાં ૨૫,૦૦૦ થી વધારી ૪૦૧૭૬ રૂપિયા પગાર ધોરણ કરવાનો અમારી સરકારે નિર્ણય કર્યો છે. ત્યારબાદ જે ખંડ સમયના પ્રાધ્યાપકો, કોલેજમાં જે તે વિષયના પ્રાધ્યાપકો ન હોય ત્યારે એની જગ્યાએ સેવા આપતા હોય છે. આપ તો શિક્ષણ મંત્રી રહીને ગુજરાતની સેવા કરી ચૂકયા છો. આ બધું તો આપે કરેલું છે અને આપને ખ્યાલ છે. એટલે ખંડ સમયના પ્રાધ્યાપકો જે સરકારમાં સેવા કરતા હતા એ પણ પિરિયડ લે એટલું જ એમને વેતન મળતું હતું માનનીય ભૂપેન્દ્રસિંહજીની લાગણી હતી અમારા ઉચ્ચ શિક્ષણમંત્રીશ્રીની લાગણી હતી એટલે સરકારે નિર્ણય કર્યો છે કે ખંડ સમયના જે પ્રાધ્યાપકો કોલેજોમાં ફરજ બજાવે છે એમને હવે મેરિટ અને સિનિયોરિટીના આધારે કાયમી પ્રોફેસર તરીકે પરમેનેન્ટ પ્રોફેસર તરીકે જે વિષયમાં જરૂર હોય અને ખાલી જગ્યા હોય અને સિનિયર હોય તેવા તમામ ખંડ સમયના પ્રાધ્યાપકોને કાયમી કરવામાં આવશે એવો અમારી સરકારે નિર્ણય કર્યો છે.

બીજી એક બજેટ પૈકીની સુધારાની જાહેરાત કરું છું. આમ તો અમારા સાથી વાહનવ્યવહાર મંત્રી માનનીય વલ્લભભાઇ કાકડીયા અત્યારે બિલ લાવીને કરવાના છે પણ હું એમાં નાણામંત્રી તરીકે આપના ધ્યાને મૂકું કે જયારે અમે બજેટ રજૂ કર્યું ત્યારે ૭૫૦૦ કિલોથી વધુ વજન ધરાવતા જે વાહનો માલિકો વાહન ચાલકો છે એમના માટે વાહનની વેચાણથી ઉચ્ચક જે વેરો લેવાની સાત ટકા રકમ નક્કી કરી હતી કે વાહનની જે કિંમત હોય અને સાત ટકા વેરો ભરી દેવાનો પછી આજીવન કોઇ વેરો ભરવાનો નહિ એ લમસમ હતું. એવી જ રીતે જે મેકસીકેપ જે જીપ, ટેમ્પો લકઝરી વગેરે ટુરીસ્ટ બસો ચાલે છે, વિદ્યાર્થીઓની બસો ચાલે છે, ફેકટરીઓમાં લઇ જવા માટે કારીગરોની બસો ચાલે છે, ગામડાંમાં જીપો ચાલે છે આ બધા માટે અમે વેરાનો દર એક સરખો બાર ટકાનો કરેલો. આ જાહેરાત પછી આ અમારી સરકારની પ્રજા પ્રત્યેની પારદર્શકતા જૂઓ. માનનીય મુખ્યમંત્રીશ્રીને માનનીય વાહન વ્યવહાર મંત્રી વલ્લભભાઇને અને મને આ બંને એસોસીએશનના સભ્યો સાથે માનનીય વાસણભાઇ આહીર પણ રજૂઆત કરવા સાથે આવેલા. એમણે રજૂઆત કરી એને ધ્યાનમાં રાખીને અમે ચર્ચા વિચારણા કરી અને સરકારની આવકને નુકસાન ન થાય અને એમને યોગ્ય રાહત મળે એ માટે અમે જે એના ૬ થી ૯ ટકા ક્ષમતા ધરાવતી હોય એને આઠ ટકામાંથી બાર ટકા કર્યું હતું એના બદલે આઠ ટકાનો હું સુધારો રજુ કરું છું અને ૧-૪-૧૭ના રોજ તથા ત્યારબાદ રજીસ્ટર થનાર ૭૫૦૦ કિલોગ્રામથી વધુ વજન ધરાવતા માલ વાહન માટે લમસમ વેરાનો સૂચિત દર એમની વેચાણ કિંમતના સાત ટકા કર્યો હતો એમાં એક ટકો ઘટાડીને છ ટકા કરીએ છીએ. એટલે ૧૫-૧૫ લાખની ગાડીઓ ટ્રકો આવે એ ટ્રકોને ઘણો મોટો ફાયદો થાય. એ રીતે લમસમ વેરાનો મેકસીકેપમાં ૧-૪-૧૭ પછી જે રજીસ્ટર થશે એમને સળંગ જે વેરો અમે રાખ્યો હતો એમાં બે સ્ટેપ કરીએ છીએ જે ગાડી કે ટેક્ષી સૌથી વધુ પણ નવ સુધીની કેપેસિટી ધરાવતી ગાડી હોય એને આઠ ટકા ટેકસ લાગશે અને નવ કે નવથી વધુ બેઠક ક્ષમતા ધરાવતી મેકસીકેપ એટલે કે જે ગાડી હોય મોટરકાર હોય, જીપ હોય એને ૧૨ ટકા લાગશે. આવા લાખો લોકો જે યાત્રા કરે છે ટુરીઝમમાં બસો વપરાય છે, સામાજીક લગ્ન પ્રસંગે આ મોટરો વપરાય છે એમને પણ રાહત થશે. એટલે આજે પ્રજાલક્ષી બજેટ આપની અધ્યક્ષતામાં દોઢ મહિના સુધી ચાલ્યું એમાં અમારા સભ્યશ્રીઓએ ખૂબ પ્રેમથી ભાગ લીધો છે. તેની આજે બજેટની પૂર્ણાહૂતિ થાય છે. અમારા ભૂપેન્દ્રસિંહજી

હજુ પણ કાગળ આપે છે કે વ્યાયામ, ચિત્ર અને સંગીત શિક્ષકો પ્રાથમિક શાળા, માધ્યમિક શાળામાં રાખવા માટે વિચારણા ચાલી રહી છે. તેની હું કોઇ જાહેરાત કરતો નથી પણ સરકાર યોગ્ય વિચારણા કરી

અધ્યક્ષશ્રી : કરવા જેવું છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : ચિત્ર, વ્યાયામ અને સંગીત. આ ત્રણે વિશે યોગ્ય વિચારણા કરી

અધ્યક્ષશ્રી : સમયસર કરજો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એ વિષય ભણેલાં, તે ડિગ્રી ધરાવતા હજારો યુવક–યુવતીઓને પણ સારી રોજગારી પ્રાપ્ત થાય એ માટે અમે ચોક્કસ પ્રયત્ન કરીશું. એટલે સાહેબ, આખા બજેટ સત્રમાં નાણાં મંત્રી તરીકે મને અને અમારા સાથી નાણા મંત્રી રોહિતભાઇ પટેલને સહકાર આપવા, સમર્થન આપવા, અમારો ઉત્સાહ, અમારો જુસ્સો વધારવા બદલ આપના સહિત સભ્યોનો આભાર માનું છું, અસ્તુ.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન–૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૨૪–સન ૨૦૧૭ના ગુજરાત વિનિયોગ વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

કલમ–૨ અને ૩, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન–૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૨૪–સન ૨૦૧૭ના ગુજરાત વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સન–૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૨૪–સન ૨૦૧૭ના ગુજરાત વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૨૧

ગુજરાત મોટર વાહન વેરા (સુધારા) વિધેયક, ૨૦૧૭

ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક

શ્રી વલ્લભભાઇ ગો.કાકડીયા (વાહન વ્યવહાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન–૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૨૧, સન–૨૦૧૭ના ગુજરાત મોટર વાહન વેરા (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન–૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૨૧–સન ૨૦૧૭ના ગુજરાત મોટર વાહન વેરા (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, વાહનવ્યવહાર ખાતુ ગુજરાત સરકારની આવક અને નાગરિકોની સગવડની દ્દષ્ટિએ મહત્વનું ખાતું છે. રાજય સરકારને થતી વિવિધ આવકો પૈકી મોટર વાહન વેરાની આવકનું પ્રમાણ મોટું છે. અથવા વાપરવા માટે રાખવામાં આવતા મોટર વાહનો પરનો મોટર વાહન વેરો ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ ૧૯૫૮ની જોગવાઇઓ હેઠળ વસૂલાય છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, વિધેયક પસાર થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે.

અધ્યક્ષશ્રી : સૌ સંમત છે? (થોડીવાર બાદ) વિધેયક પસાર થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા : તેમાં જુદા જુદા પ્રકારના વાહનો પરના વેરા દર વસૂલાતની પદ્ધતિમાં સરળીકરણ કરવાની પ્રક્રિયાના ભાગ રૂપે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણાં મંત્રીશ્રી નીતિનભાઇ પટેલે તેઓના બજેટ પ્રવચન ભાગ–ખમાં વેરા સંબંધી દરખાસ્તો સૂચવી છે. નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણાં મંત્રીશ્રીએ તેમના બજેટ પ્રવચનમાં સૂચવેલ વાહનો પરના વેરાના દર સંદર્ભમાં તાજેતરમાં થયેલી રજૂઆતોના વ્યાજબીપણાને ચકાસીને વાહન વ્યવહાર વ્યવસાયને, પ્રવાસનને પ્રોત્સાહન મળે તે હેતુથી વાહનોના સૂચિત વેરાના દરોમાં ફેરફાર કરીને આ દરખાસ્તોના અમલીકરણ માટે કાયદાની જોગવાઇ સંબંધી કેટલાક આવશ્યક સુધારાઓ દાખલ કરી તેને કાયદાનું સ્વરૂપ આપવું જરૂરી હોવાથી ગુજરાત મોટર વાહન

---

* વિધેયક તા.૨૩મી માર્ચ, ૨૦૧૭ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

## ૩૦મી માર્ચ, ૨૦૧૭

## ગુજરાત મોટર વાહન વેરા (સુધારા) વિધેયક, ૨૦૧૭

વેરા સુધારા વિધેયક-૨૧ સન ૨૦૧૭ને આ ગૃહ સમક્ષ રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યમાં વપરાતા અથવા વાપરવા માટે રાખવામાં આવતા મોટર વાહન ઉપર ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ ૧૯૫૮ની જોગવાઈઓ હેઠળ મોટર વાહન વેરો વસૂલવામાં આવે છે. કેટલાક વાહનો ઉપર આ વેરો રીકરીંગ રીતે એટલે કે વાર્ષિક, છ માસિક, ત્રિમાસિક રીતે વસૂલવામાં આવે છે. જ્યારે કેટલાક વાહનો ઉપર આ વેરો ઉચ્ચક એટલે કે લમસમ વસૂલાય છે. કેટલાક વાહનો ઉપર રીકરીંગ અથવા લમસમ એમ બન્ને રીતે ભરવાનો વિકલ્પ ઉપલબ્ધ છે. રીકરીંગ વેરો ભરતા વાહન માલિકોએ વર્ષમાં એકથી ચાર વખત આર.ટી.ઓ. કચેરીએ વેરો ભરવા આવવું પડે છે. જેમાં એપ્રિલ અને ઓક્ટોબર માસમાં મોટી સંખ્યામાં આર.ટી.ઓ. કચેરીમાં ભરવામાં આવતા હોઇ, આ વાહન માલિકોને મુશ્કેલીઓ અનુભવાય છે અને તેમના સમયનો વ્યય થાય છે. રાજ્યના નાગરિકોને મોટર વેરો ભરપાઇ કરવાની પદ્ધતિમાં રાહત આપવા અને વેરો ભરવાની પ્રક્રિયા સરળ બનાવવા તા.૧-૪-૨૦૧૭ના રોજ કે ત્યારબાદ રજિસ્ટર્ડ થનાર વાહનો ઉપર મોટર વાહન વેરો ફક્ત લમસમ રીતે ભરપાઇ કરવા બજેટ પ્રવચનમાં દરખાસ્ત કરવામાં આવી છે. હમણાં જ નાણામંત્રીશ્રીએ જે ૭૫૦૦ કિ.ગ્રા.થી વધુ ગ્રોસ વજનના વાહનો માટે જે જાહેરાત કરી છે, બજેટમાં રાહત આપી છે એ બદલ નાણામંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, તા.૧-૪-૨૦૧૭ પહેલા નોંધાયેલા વાહનો ઉપર ઉચ્ચક વેરાનું સીધું ભારણ ન આવે તે માટેની પણ કાળજી લેવામાં આવી છે. તેમના માટે લમસમ વેરો અથવા રીકરીંગ વેરો ભરવાનો વિકલ્પ ખુલ્લો રાખવામાં આવ્યો છે. જુના વાહનોના માલિકો દ્વારા લમસમ વેરાનો લાભ લેવામાં આવશે તો તેઓને માત્ર એકવાર વેરો ભરવાનો થશે. જેનાથી અંદાજે ૩.૫ લાખ લોકોને વારંવાર વેરો ભરવાની પ્રક્રિયામાંથી મુક્તિ મળશે. તા.૧-૪-૨૦૧૭ પહેલા નોંધાયેલા જુના વાહન માટે લમસમ વેરો ભરવાનો વિકલ્પ સ્વીકારવામાં આવે તો તેવા વાહન ઉપર લાગતા વાહન વેરાના દર મુજબની ગણતરી કર્યા બાદ આ વાહનના વેરામાં વાહનની ઉંમરના, માનો કે એક વર્ષ કે એકથી દસ વર્ષ જુનું વાહન હોય તો, ધારો કે ૨૫ ટનની એક ટ્રક હોય અને એ દસ વર્ષ જુની છે. તેની તે વખતની વેચાણ કિંમત રૂ.૧૮,૦૦,૦૦૦/- હતી. તો આ વાહન ઉપર ઉચ્ચક રીતે વેરો ભરવા માટે રૂ.૧૮/- લાખના છ ટકા લેખે વેરો ગણી જે રકમ આવે તેના ૩૫ ટકા વેરો લેવાનો થશે. આ રકમ રૂ.૩૭,૮૦૦/- થશે. જો આ વાહન પર રીકરીંગ વેરો ભરવાનું ચાલુ રાખવામાં આવે તો તેનો વેરો પ્રતિ ટન રૂ.૮૦૦/-ના હાલના દરે રૂ.૨૦,૦૦૦/- વાર્ષિક થાય. સામાન્ય રીતે વાહન ૧૫ વર્ષ હયાત રહે છે. તેમ ગણતરી કરીએ તો આ વાહનમાં હાલના દરે કુલ ૫ વર્ષમાં રૂ.૧,૦૦,૦૦૦/- જેટલો વેરો ભરવો પડે. તેના બદલે રૂ.૩૭,૮૦૦/-માં આ ઉચ્ચક વેરો ભરીને વાહન માલિક આ પ્રક્રિયામાંથી મુક્ત થશે. મોટર વાહન વેરા અધિનિયમમાં અમલીકરણ માટે કુદરતી ન્યાયનો સિદ્ધાંત જળવાઇ રહે તે હેતુસર અને ટ્રાન્સપોર્ટ ઉદ્યોગને વેગ મળે તે માટે જરૂરી એવા કેટલાક સુધારા પણ સૂચવેલ છે. હાલની પદ્ધતિ મુજબ રીકરીંગ વેરો લાગુ પડતો હોય તેવું કોઇ વાહન મહિનાની કોઇપણ તારીખે રજિસ્ટર્ડ થાય તો તે વાહન પાસેથી પૂરા મહિનાનો વેરો વસૂલ કરવામાં આવે છે. તેના બદલે મહિનાના ૧૫ દિવસ બાદ વાહન નોંધાય તો પૂરા મહિનાનો વેરો ભરવાના બદલે તે વાહન પર નોંધણી તારીખથી જ શરૂ કરીને તે મહિનાના અંતિમ દિવસ સુધીનો વેરો લાગુ પડશે. ધારો કે એક કેરેજ બસ મહિનાની ૨૫ તારીખે નોંધણી માટે આવે જે જુની પદ્ધતિ પ્રમાણે આ બસના માલિકે આખા મહિનાનો વેરો ભરવો પડતો હતો. તેના બદલે હવેથી તેને માત્ર ૨૫ મી તારીખથી મહિનાના બાકીના દિવસોનો જ વેરો ભરવાનો થશે એ બદલ હું નાણા મંત્રીશ્રીનો આભાર માનું છું.

ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમની કલમ-૧૯માં કાયદાની કલમ-૩ની જોગવાઇનો ભંગ કરવા બદલ એટલે કરચોરી કરવાની બાબતે છ મહિનાની કેદ અને બાકી રકમના બમણા જેટલા દંડની જોગવાઇ કરવામાં આવેલી છે. અહીં દંડ અને કેદની સજા એમ બન્ને જોગવાઇ છે. સામાન્ય રીતે નોનકોગ્નીઝેબલ ગુનામાં દંડ અથવા કેદની સજાની જોગવાઇ હોય છે તેથી અહીં અન્ય કાયદા સાથે સુસંગત રહે તે માટે અને પ્રોસીકયુશનની કાર્યવાહીમાં મુંઝવણ ઉભી ન થાય તે હેતુથી દંડ અને કેદની શિક્ષાને બદલે દંડ અથવા કેદ અથવા બન્નેની જોગવાઇ કરવી જરૂરી છે. બજેટ પ્રવચનમાં માનનીય નાણામંત્રીશ્રીએ જરૂરી સુધારાની છણાવટ સાથે વિગતવાર રીતે સૂચવેલ વેરાના દર ઠરાવવા માટે ગુજરાત મોટર વાહન વેરાઅધિનિયમ ૧૯૫૮ની કલમ-૩ની જોગવાઇ મુજબ જાહેરનામા કરવાના થશે. આ જાહેરનામા વિધેયક પસાર થયા બાદ કરવામાં આવશે. માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી આ વિધેયકને સર્વાનુમતે પસાર કરવા સન્માનનીય ગૃહને વિનંતી કરુ છું.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

શ્રી વલ્લભભાઇ ગો.કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક-૨૧-સન-૨૦૧૭નું ગુજરાત મોટર વાહન વેરા(સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

કલમ ૨ થી ૭, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

શ્રી વલ્લભભાઇ ગો.કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક-૨૧-સન-૨૦૧૭નું ગુજરાત મોટર વાહન વેરા(સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક-૨૧-સન-૨૦૧૭નું ગુજરાત મોટર વાહન વેરા(સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

ચૈત્ર ૯, ૧૯૩૯ શાકે

## બિન સરકારી સંકલ્પો

અધ્યક્ષશ્રીની જાહેરાત

અધ્યક્ષશ્રી : આજ રોજ તા. ૩૦–૩–૨૦૧૭ના રોજ સભાગૃહની પહેલી બેઠક પૂરી થયા બાદ વિધાનસભાના ચોથા માળે અધ્યક્ષશ્રી તરફથી તમામ માનનીય ધારાસભ્યશ્રીઓ માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે. તમામ માનનીય ધારાસભ્યશ્રીઓને આ ભોજન સમારંભમાં ઉપસ્થિત રહેવા નિમંત્રણ છે. વિરામનો સમય થયો છે. ગૃહ ૩૦ મિનિટ બાદ ફરીથી મળશે.

(વિરામ ૧૦–૩૩ થી ૧૧–૦૩)

અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગૃહના સન્માનનીય સભ્યશ્રી અને દેશની સૌથી મોટી પાર્ટીના અધ્યક્ષ, દુનિયામાં સૌથી વધારેમાં વધારે સભ્ય સંખ્યા ધરાવે છે એવી પાર્ટીના અધ્યક્ષ આપણા ગૃહનું ગૌરવ, આપણા ગૃહનું ઘરેણું કહી શકાય અને ૨૦૧૪થી અત્યાર સુધીમાં દેશને નવી દિશા અપાવી છે એમના નેતૃત્ત્વમાં ભારતીય જનતા પાર્ટીએ ભૂતકાળમાં ક્યારેય વિજય હાંસલ ન કર્યો હોય એવા રાજ્યોમાં વિજય હાંસલ કરીને પહેલીવાર જ્યારે આ ગૃહમાં આવ્યા છે ત્યારે સમગ્ર ગૃહ વતી હું અમારા રાષ્ટ્રીય અધ્યક્ષ સન્માનનીયશ્રી અમિતભાઇ શાહનું હૃદયપૂર્વક સ્વાગત કરું છું.

અધ્યક્ષશ્રી : આજે ગુજરાત વિધાનસભાનો ગૌરવવંતો દિવસ છે. એક વખત આ સભાગૃહમાંથી તત્કાલીન મુખ્યમંત્રી, ગુજરાતના પનોતા પુત્ર અને દેશના લોકલાડીલા વડાપ્રધાન આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદીને આપણે આ જ ગૃહમાંથી વિદાય આપી હતી. આજે જ્યારે સમગ્ર વિશ્વના નેતા બન્યા છે ત્યારે ફરી વખત ઐતિહાસિક દિવસ આવ્યો છે કે આપણા સભાગૃહના સભ્ય, જેમ આદરણીય મંત્રીશ્રીએ કહ્યું એ પ્રમાણે સૌથી મોટી પાર્ટીના અધ્યક્ષ અને એમના થકી પાર્ટીનો જે પ્રમાણેનો ગ્રોથ ઉંચો લઇ જવામાં જેમણે અણમોલ ફાળો આપ્યો છે ત્યારે આ ગૃહના તમામ ધારાસભ્યો વતીથી, ગુજરાતની પ્રજા વતીથી હું એમને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું અને આ ગૃહનું તથા સમગ્ર ગુજરાતનું ગૌરવ સમગ્ર દેશમાં વધારે એવી હું ભગવાનને પ્રાર્થના કરું છું અને એમને શુભેચ્છાઓ પાઠવું છું.

બિન સરકારી સંકલ્પો

ગુજરાતની વિકાસયાત્રાને આગળ વધારવા અંગે

શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે જ્યારે આખું ગુજરાત અમિતભાઇની ઉપસ્થિતિમાં પોતાની જાતને ધન્ય અનુભવતી હોય, ગૌરવ અનુભવતી હોય ત્યારે આ બિન સરકારી સંકલ્પ હું વાંચું છું. સાથોસાથ આમ તો મારે આ સંકલ્પ લઇ આવવાની જરૂર નથી. કારણ કે ગુજરાતની આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ૧૯૯૫થી ગુજરાતનો વિકાસ કરવામાં કંઇ બાકી રાખ્યું નથી. ૨૦૦૧થી એ વખતના મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ હતા ત્યારથી ગુજરાતનો વિકાસ ચૌરે અને ચૌટે આખા દેશમાં વખણાઇ રહ્યો છે. સમગ્ર વિશ્વની અંદર ગુજરાત ગ્રોથ મોડલ બન્યું છે ત્યારે આજે હું એક વસ્તુ કહેતા ખરેખર મારી જાતને ધન્યતા અનુભવું છું. જ્યારે હું બિનસરકારી સંકલ્પ લઇને આવ્યો છું ત્યારે આખા વિશ્વની સૌથી મોટી પાર્ટીના અધ્યક્ષ અને આ ગૃહના સભ્યશ્રી અમિતભાઇ શાહ અહીંયા ઉપસ્થિત છે ત્યારે આનાથી વધારે સારુ નસિબ મારું હોઇ ના શકે. માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સંકલ્પ રજૂ કરું છું કે –

‘‘છેલ્લા કેટલાક વર્ષોમાં રાજ્ય સરકારની અનેક પ્રજાભિમૂખ યોજનાઓ તથા વ્યાપક ઔદ્યોગિકીકરણને કારણે ગુજરાતનો સતત સર્વાંગી વિકાસ થઇ રહેલ છે.

કૃષિ, ઔદ્યોગિક અને વ્યાપાર–ધંધા ક્ષેત્રે થઇ રહેલી વૃદ્ધિને જોતાં રાજ્યના નાગરિકોની આવકમાં પણ નોંધપાત્ર વધારો થયેલ છે અને રાજ્યના હજારો યુવક–યુવતીઓ માટે રોજગારીની કે સ્વરોજગારીની અનેક નવી તકો ઉપલબ્ધ થઇ રહી છે.

શૈક્ષણિક ક્ષેત્રે અનેક નવી યુનિવર્સિટીઓની સ્થાપના થતાં ઘર આંગણે વૈશ્વિક કક્ષાનું શિક્ષણ અને તે ક્ષેત્રનો અનુભવ કે જ્ઞાન પ્રાપ્ત થાય તેવી વ્યાપક તકો ઉપલબ્ધ થઇ રહેલ છે.

આરોગ્ય વિષયક ક્ષેત્રે પણ અત્યાધુનિક સારવાર ઉપલબ્ધ કરતી અનેક સરકારી અને ખાનગી ક્ષેત્રની હોસ્પિટલો અને મેડિકલ કોલેજો ઉપલબ્ધ થતાં પ્રજાની આરોગ્ય સુખાકારીમાં નોંધપાત્ર સુધારો થયો છે અને આયુષ્ય પણ લંબાયુ છે. રાજ્ય સરકારની નવી આરોગ્ય નીતિનો પણ આમાં સિંહફાળો છે.

ગરીબોના ઉત્કર્ષ માટે અને તેમનું જીવનધોરણ સુધરે તથા સ્વમાનભેર જિંદગી જીવી શકે તે માટે ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન તેમજ ગરીબ કલ્યાણ વર્ષની ઉજવણી દ્વારા રાજ્ય સરકારે અનેકવિધ પગલાં લીધેલ છે.

આદિવાસીઓના હક્કોના રક્ષણ માટે આદિવાસી વિસ્તારમાં શિક્ષણ વ્યવસ્થા સૃદ્રઢ બનાવવા પંચમહાલ જિલ્લામાં ગુરુ ગોવિંદ યુનિવર્સિટીની સ્થાપના થઇ ગયેલ છે તથા રાજપીપળા ખાતે બિરસા મૂંડા આદિજાતિ યુનિવર્સિટીની સ્થાપના માટે જોગવાઇ કરાઇ છે. આદિવાસીઓને જંગલની ઉપજના યોગ્ય ભાવ તથા જમીનોના હક્ક આપવા સહિતની અનેક બાબતો માટે ‘‘પેસા’’ નિયમોનું અમલીકરણ કરાઇ રહ્યું છે. દલિતોને થતા અન્યાય કે તેઓ પરના અત્યાચારના કિસ્સામાં ગુનાઓની

નોંધણી ત્વરિત થાય તથા આવા કિસ્સામાં ખાસ પબ્લિક પ્રોસીક્યુટરની નિમણૂક કરી તેઓને યોગ્ય ન્યાય મળે તે માટે પણ રાજ્ય સરકારે પગલાં લીધેલ છે.

નાગરિકોને પીવાનું શુદ્ધ પાણી પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ થાય તે માટે નર્મદા યોજના આધારિત જૂથ યોજનાઓ કાર્યરત કરી પાણીની પાઇપલાઇનનું નેટવર્ક ઉભું કરાયું છે. રાજ્યની જીવાદોરી સમાન તથા ખેતી અને પીવાના પાણી માટે આશીર્વાદ સમાન બહુહેતુક નર્મદા યોજના હેઠળ સરદાર સરોવર બંધની ઉંચાઇ વધારવાનું કામ પૂર્ણ થયા બાદ, બંધમાં દરવાજા બેસાડી પૂર્ણ કક્ષાએ પાણી ભરી શકાય તે દિશામાં રાજ્ય સરકાર ખૂબ જ ઝડપથી આગળ વધી રહી છે. આમ થતા ખેડૂતોને નર્મદાનું વધારાનું પાણી મળતા સિંચાઇ ક્ષેત્રે અને કૃષિ ઉપજમાં નોંધપાત્ર વધારો થશે. સૌની યોજના દ્વારા પણ પાણીની અછત ધરાવતા વિસ્તારો હરિયાળા બની રહ્યા છે.

મુખ્યમંત્રીશ્રી ગ્રામ સડક યોજના હેઠળ છેવાડાના ગામડાઓ સુધી રસ્તા બનાવવાનું આયોજન ચાલી રહ્યું છે. ગામડાઓના વિકાસ માટે પણ નોંધપાત્ર બજેટની ફાળવણી કરી ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં શૌચાલય નિર્માણની ઝુંબેશ ઉપાડી ''સ્વચ્છ ભારત સ્વસ્થ ભારત''ના નિર્માણમાં સરકાર સહભાગી બની છે. કામદારોના કલ્યાણ માટે કાયદામાં વ્યાપક સુધારા કરી તેઓના કામના કલાકો, યોગ્ય વેતન, નોકરીમાંથી છૂટા કરવાના કિસ્સામાં પૂરતું વળતર, આરોગ્ય અને રહેણાંક વિષયક સુવિધાઓ સહિત અનેક બાબતોમાં કલ્યાણકારી પગલાં ભરવામાં આવ્યા છે.

રાજ્યમાં પ્રજાની સુખ, શાંતિ, કાયદો અને વ્યવસ્થાની સંગીન પરિસ્થિતિ, ગુનેગારોને નશ્યત કરવાની રાજ્ય સરકારની કટિબદ્ધતા, દારૂબંધીની નીતિનો ચુસ્ત અમલ એ રાજ્યના પોલીસતંત્રની ઉત્કૃષ્ટ કામગીરીને આભારી છે. ગુજરાત વસવાટ કરવાના હેતુથી, ઉદ્યોગ-ધંધા માટે તથા વૈશ્વિક રોકાણ અર્થે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

આમ, ગુજરાત દેશનું ગ્રોથ એન્જીન બની ચૂક્યું છે. દેશ અને દુનિયાએ ગુજરાતના વિકાસની નોંધ લીધી છે. "સૌનો સાથ સૌનો વિકાસ" એ સૂત્રને ગુજરાતે સાર્થક કર્યું છે અને સમગ્ર દેશ માટે રાહબર બન્યું છે. દેશની વિવિધ રાજ્ય સરકબારનો તેમાંથી પ્રેરણા લઇ 'ગુજરાત મૉડેલ' આધારે પ્રગતિના પંથે વધવા આયોજન કરી રહી છે.

ગુજરાતના વિકાસની આ ગૌરવગાથા સતત આગળ વધતી રહે અને વૈશ્વિક ફલક ઉપર ગુજરાતના નામનો ડંકો વાગે તે માટે હજુ પણ વિસ્તૃત આયોજન કરવા અને વ્યાપક પગલાં લેવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.

શ્રી અમિત શાહ(નારણપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના સન્માનનીય સભ્ય શ્રી કેતનભાઇ જે ગુજરાતના સર્વાંગી વિકાસ માટેનો સંકલ્પ લઇને ગૃહ સમક્ષ આવ્યા છે એ સંકલ્પના સમર્થન માટે હું ગૃહ સમક્ષ ઉભો થયો છું.

માનાનીય અધ્યક્ષશ્રી, ન કેવલ દેશ, સમગ્ર વિશ્વની અંદર ગુજરાતના વિકાસના મોડેલની ચર્ચા થાય છે. ભારતીય જનતા પાર્ટીનું શાસન આ રાજ્યમાં આવ્યા પછી અને વિશેષ કરીને અત્યારના વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇના મુખ્યમંત્રી બન્યા પછી ગુજરાતે એક સર્વાંગી વિકાસ કઇ રીતે થઇ શકે એનું વૈજ્ઞાનિક આયોજન એને તળ સુધી પહોંચાડવા માટેના ઇમ્પ્લીમેન્ટેશનની દ્રઢ રાજકીય ઇચ્છાશક્તિ નરેન્દ્રભાઇમાં હતી. મારુ-તારું, ગમા-અણગમાથી ઉપર થઇ એકે-એક ગુજરાતીના કલ્યાણ માટે સરકાર કઇ રીતે કામ કરી શકે એનું એક સુંદર ઉદાહરણ ગુજરાતની અંદર ગુજરાત સરકારે પૂરું પાડ્યું છે.

સમગ્ર દેશની અંદર મારો પાર્ટીના કામથી પ્રવાસ થતો હોય, ચાહે એ ઓરિસ્સા હોય, ચાહે એ પૂર્વાંચલના વિસ્તારો હોય, ચાહે એ પશ્ચિમ બિહારની ગરીબી હોય, ચાહે એ અભાવથી યુક્ત નોર્થ ઇસ્ટ હોય આ બધા વિસ્તારોને જોઇએ ત્યારે હંમેશા થાય કે, ગુજરાતે વિકાસમાં ઘણું બધું કરી લીધું છે, સર્વોચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરી છે. પરંતુ જ્યારે આ ગૃહની અંદર આજે હું આવવાનો હતો એ વખતે આજે શું કામકાજ છે એની પૃચ્છા કરી અને ખબર પડી કે, આ ગૃહ આજે ફરી એકવાર ગુજરાતના વિકાસને વધુ આગળ લઇ જવા માટે સંકલ્પ લઇને આવ્યું છે ત્યારે આ ગૃહના એક સદસ્ય તરીકે મને બહુ ગૌરવ થાય છે. કારણ કે, વિકાસની ક્યારેય ટોચ નથી હોતી, વિકાસની ક્યારેય સર્વોચ્ચ સીમા નથી હોતી. વિકાસની ભૂખ અનંત રહેવી જોઇએ, વિકાસની ભૂખ જ સમાજની અંદર એક કલ્યાણ રાજ્યની સ્થાપના કરી શકે.

હું ૧૯૯૭થી આ ગૃહનો સભ્ય છું. ૧૯૯૭ થી ૨૦૧૭, વીસ વર્ષ સુધી આ ગૃહની દરેક જગ્યાઓ ઉપર મારો બેસવાનો અનુભવ રહ્યો છે. છેલ્લી પાટલી ઉપર પણ બેઠો છું, પહેલી પાટલી ઉપર પણ બેઠો છું. વિપક્ષમાં પણ બેઠો છું, પક્ષમાં પણ સત્તાધારી પાર્ટી તરીકે મેં આ ગૃહની અંદર કામ કર્યું છે અને આ ૨૦ વર્ષની યાત્રાને ૧૯૯૭ થી ૨૦૧૭ ની યાત્રાને જોઇએ તો મને કહેતા જરા પણ જીજક નથી મિત્રો, કે પૂરા દેશની અંદર આઝાદી પછી સર્વસ્પર્શીય સર્વ સમાવેશક વિકાસનું મોડલ જો કયાંય થયું હોય તો આ ગૃહની અંદરથી ઘડેલી નીતિઓના આધારે ગુજરાતની અંદર થયું છે.

થોડીક પાછળ નજર નાખીએ ગુજરાતના ઇતિહાસની અંદર ૧૯૯૫ સુધી જઇએ તો કયા પ્રકારની સ્થિતિ ગુજરાતની અંદર હતી. મને આજે પણ યાદ આવે છે આ ગૃહમાં બેઠેલા ઘણાબધા વરિષ્ઠ સદસ્યશ્રીઓની યુવા અવસ્થા હશે એ વખતે ગુજરાતની અંદર કેવી સ્થિતિ હતી? ગુજરાતની અંદર રોજરોજ કોમી રમખાણોના, કોમી તોફાનોના સમાચાર આવતા. ૩૬૫ દિવસમાંથી ૨૧૨ દિવસના કરફ્યુનો રેકોર્ડ ગુજરાતે એ વખતે સર્જયો હતો. રોજ સ્ટેબીંગ, લાઠીચાર્જ, ગોળીબાર, અશ્રુવાયુ, ગુજરાતના વિકાસને રૂંધીને ઉભા હતા. એ વખતે ગુજરાતના યુવાનોના મનમાં, હું પણ એ યુવાનોની ટીમની અંદર હતો, ફોજમાં હતો એ વખતે આશંકા થતી હતી ગુજરાત કયાં જઇને ઉભું રહેશે? આ કયાં જઇને અટકશે? કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ

તળમાં એટલે કે અત્યંત ખરાબ હતી, પોલીસનું સંપૂર્ણ રાજનીતિકરણ થઇ ગયું હતું. ખેડૂતોના ઉભા પાક સળગાવી દેવામાં આવતા હતા. રાજનીતિક ફાયદા માટે જાતિઓની ગોળબંધી કરવામાં આવતી હતી અને નવી નવી જાતિ આધારીત, જ્ઞાતિ આધારીત પોલીટીકલ થીયરીઓ ગુજરાતમાં ઇમર્જ થતી હતી અને એનું સરકાર દ્વારા જ અમલીકરણ થતું હતું. ગુજરાતને અનેક પ્રકારના વર્ગોની અંદર, જાતિઓની અંદર વહેંચવા માટે, રાજનીતિક સ્વાર્થ માટે અનેક પ્રકારના ષડયંત્રો થતા મેં એ વખતે જોયા છે. એ વખતે યુવા અવસ્થા હતી, મનમાં મુંઝારો થતો હતો. આ કોમી રમખાણોના ઓથારની નીચે ગુજરાતનો વિકાસ કઇ રીતે શકય બનશે? કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ આટલા નીચે સ્તર પર ગઇ હોય કઇ રીતે ગુજરાતમાં ઉદ્યોગ આવે, શિક્ષણ કઇ રીતે વિકસે? સ્વાસ્થ્ય સેવાઓ કઇ રીતે આગળ વધી શકે? આ બધી સમસ્યાનું સમાધાન દૂર દૂર સુધી નહોતું દેખાતું. ગામડાંમાં જયારે પ્રવાસ થતો ત્યારે જેના ઘરે રાત્રી નિવાસ થતો હતો એ ૬-૦૦ વાગે કહી દેતા હતા કે વાળુ કરી લો. જયારે માને કહેતા કે મા હજી તો ૬-૦૦ વાગ્યા છે તો કહે કે ૭-૦૦ વાગે અંધારું થઇ જશે ભઇલા, હાથ કઢીમાં પડે છે કે ખીચડીમાં ખબરેય નહીં પડે પહેલા ખાવાનું ખાઇ લો. વાળુ વખતે ઘરમાં લાઇટ હોવી એ ગુજરાતની અંદર મોટી સિદ્ધિ ગણાતી.

જે જુવાનીયાઓ ૧૯૯૫ પછી જન્મ્યા છે એ ગુજરાતના જુવાનીયાઓને હું આ ગૃહના માધ્યમથી સંદેશ આપવા માગું છું કે આજે ગુજરાતને ના જોતા, ૧૯૯૫માં ગુજરાત કયાં પડયું હતું અને આજે ગુજરાત કયાં પહોંચ્યું છે એ જોશો તો વિકાસનો અર્થ સમજાઇ જશે. ગામડાંની અંદર અંધારા હતા. ગામડાંનો વિકાસ, ગામડાંનું શિક્ષણ, ગામડાંનું સ્વાસ્થ્ય, ગામડાંની રોજગારી, ગામડાંની કૃષિ, ગામડાંનો વિકાસ એ અંધારા રૂંધીને બેઠા હતા. ઔધોગિક વિકાસ, ખરાબ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ, ભ્રષ્ટાચારયુકત શાસનને લીધે વિકાસ દરમાં ગુજરાત સાતમા, આઠમા નંબર પર ૧૯૯૫ આવતા આવતા તો પહોંચી ગયું હતું. નર્મદા યોજનાનું ખાતમૂહુર્ત મારા જન્મ પહેલા થયું છે. જવાહરલાલ નહેરૂએ એનું ભૂમિ પૂજન કર્યું હતું. ૧૯૯૫ સુધી નર્મદા યોજનાની અંદર કોઇ કરતા કોઇ, કયાંય દૂર દૂર સુધી નર્મદા યોજના પૂરી થશે ૧૯૯૦ સુધી એનું સ્વપ્ન પણ નહોતું આવતું. ગુજરાતને સતત અન્યાય થતો હતો. કેટલીય વાર જોયું છે ગુજરાતના સત્તાધિશો સાત સાત દિવસ સુધી દિલ્હીના દરબારની અંદર બેસતા હતા અને એપોઇન્ટમેન્ટ પણ નહોતી મળતી. ગુજરાતનું અપમાન થતું દિલ્હીના દરબારમાં ગુજરાતના યુવાઓએ જોયું છે એ દિવસ ગુજરાતના યુવાઓ ભુલી ન શકે, ગુજરાતની જનતા ભુલી ન શકે. ઔધોગિક વિકાસ તળીયા ઉપર પહોંચ્યો હતો, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી ગઇ હતી, પોલીસ અને ગુંડાઓની સાંઠગાઠ આ રાજયની અંદર સામાન્ય નાગરિકનું જીવવાનું દુષ્કર કરી દીધું હતું. લતીફનો પ્રભાવ એટલો વધ્યો હતો કે લતીફની ગેંગ નકકી કરતી હતી કે અમદાવાદમાં ધારાસભ્ય કોણ બનશે? લતીફની સામે જ્યારે એ વખતના વિપક્ષના નેતાશ્રી કેશુભાઇએ લોકદરબાર રાખવાનો નિર્ણય કર્યો, ત્યારે હું એમની સાથે ઉપસ્થિત હતો. અને સી.પી. અમદાવાદે કહ્યું હતું કે માનનીય વિપક્ષના નેતા અમે આપને સુરક્ષા આપવા માટે સક્ષમ નથી. એ વખતે વિચાર આવતો હતો કે કમિશનર ઓફ પોલીસ વિપક્ષના નેતાને જો રક્ષણ ન આપી શકતા હોય તો અમદાવાદની જનતાનું શું થાય? એવી પરિસ્થિતિની અંદર આ ગુજરાત ચાલતું હતું.

ખેડૂતો ઉપર આયેદિન ગોળીબાર. ખેડૂતોની હિતની વાતો કરવાવાળા મિત્રોને યાદ કરાવવું છે કે તમારું શાસન હતું ત્યારે એવા લાઠીચાર્જ કર્યા હતા કે ૪૪ ટ્રકો ભરી ચંપલો મહેસાણામાંથી લઇ જવા પડ્યા હતા. તમારું શાસન હતું ત્યારે રાજ્યભરના ખેડૂતો ઉપર ૧૨૦૦૦ કેસો નોંધવામાં આવેલ હતા. આ ગૃહને યાદ કરાવવા માગું છું કે ગૃહના માધ્યમથી રાજ્યના કિસાનોને યાદ કરાવવા માગું છું કે જ્યારે નરેન્દ્રભાઇ ૨૦૦૩ માં મુખ્યમંત્રી બન્યા. ત્યારે મેં મારી પેનથી એ ૧૨૦૦૦ કેસો એકી સાથે પાછા ખેંચ્યા હતા. આજે ખેડૂતના હિતની વાતો થઇ રહી છે. ખેડૂતો ઉપર ગોળીબાર કરી ૧૪-૧૪ દૂધમલ ખેડૂત દીકરાઓને પોલીસે મોતને શરણ ઉતર્યા હતા. તે ગુજરાતના ખેડૂતો કયારેય ભૂલી શકે તેમ નથી. બંદરના નામે ઝાડો કાપી રોડ ઉપર પાથરી દીધા હતા. હજારો લિટર ખેડૂતોનું દૂધ જમીન ઉપર ઢોળાઇ ગયું હતું. એ દ્રશ્ય એક યુવાન તરીકે મેં મારી આંખથી જોયું છે. આ કોઇ બહુ દૂરની વાત નથી. હું કોઇ અંગ્રેજોના જમાનાની વાત નથી કરતો. આ ૨૦ વર્ષ પહેલાંના ગુજરાતની વાત કરું છું. જ્યારે કોંગ્રેસનું શાસન હતું ત્યારે પોલીસની અંદર હડતાળ થાય, પોલીસની અંદર યુનિયન બાજી થાય, પોલીસ હડતાળ ઉપર જાય. અમદાવાદ શહેરની અંદર ગુંડાઓ બેફામ બનીને ૧૫-૧૬ કલાક સુધી નાગરિકોના ઘર લૂંટી લે તેવા દિવસો પણ આ ગુજરાતની જનતાએ જોયા છે. નવા નવા જાતિવાદના ગૃપો, નર્મદા યોજના ઠપ થઇ જવી. અનેક પ્રકાર છે.

મારી જોડે સીમિત સમય છે. મને ૪૦ મિનિટ આપવામાં આવી છે. ગુજરાત કયાં પડ્યું છે તેનું વર્ણન કરવું હોય તો ભાગવત સપ્તાહ જેટલા સાત દિવસ જોઇએ, તો પણ સમાપ્ત ન થાય. હું તો હંમેશા સકારાત્મક વિચારવાવાળો માણસ છું. પોઝિટિવનેસ સાથે આગળ વધવું જોઇએ. એ જ કલ્પના સાથે અનેક યુવાનોએ ભાજપના નેતૃત્વમાં ગુજરાતમાં સંઘર્ષ કર્યો હતો. અને ગુજરાતની અંદર પરિવર્તન થયું અને ૧૯૯૭ પછી ભાજપની સરકાર આવી અને વિકાસની શરૂઆત થઇ. ૨૦૦૧ માં નરેન્દ્રભાઇ મોદી આ રાજ્યના મુખ્યમંત્રી બન્યા. ભાજપના મુખ્યમંત્રી બન્યા અને વિશ્વ વિખ્યાત ગુજરાત મૉડેલ, મોદી મૉડેલની આજે પૂરા વિશ્વના અર્થશાસ્ત્રીઓ શોધ કાર્ય માટે જેને હાથમાં લઇ રહ્યા છે, એ વિશ્વ વિખ્યાત ગુજરાત મૉડેલની શરૂઆત થઇ. મને કહેતા મને આનંદ છે કે આ પ્રક્રિયાની અંદર સળંગ ૨૦ વર્ષ હું પણ એક વિનમ્ર સાથી તરીકે આ ગૃહના સભ્ય તરીકે એનો સાક્ષી રહ્યો છું. વિકાસનું મૉડેલ થયું, એની નીતિઓ આ જ મહાન ગૃહની અંદર રચવામાં આવી. એના સંકલ્પો આ જ મહાન ગૃહની અંદર મુકવામાં આવ્યા, એના માટે બનાવવામાં આવેલા કાયદાઓ આ જ મહાન ગૃહમાં મુકવામાં આવ્યા. આમ આ જ મહાન ગૃહની અંદરથી એ સંકલ્પો એ નીતિઓ આજે ગુજરાતને નવપલ્લવિત કરી શક્યા છે.

## ૩૦મી માર્ચ, ૨૦૧૭

## બિન સરકારી સંકલ્પો

હું બધા જ સાથી ધારાસભ્યશ્રીઓને આપના માધ્યમથી કહેવા માગું છું કે જે અંધારા ગુજરાતને આપણે હાથમાં લીધું હતું. ભારતીય જનતા પાર્ટીની સરકાર બની એ પછી એ ગુજરાતના અંધારાને ઉલેચવાનું કામ ભારતીય જનતા પાર્ટીના નરેન્દ્રભાઇ મોદીએ કર્યુ છે. અને આજે કાશ્મીરથી કન્યાકુમારી અને આસામથી દ્વારીકા સુધીના વિશાળ ભારતની અંદર હું કોઇ પણ જગ્યાએ જઉં તો ગૌરવથી કહું છું. ગુજરાતમાં તમે કોઇપણ ગામની સામે આંગળી મૂકી દો અને એ ગામની અંદર જાવ તો ૨૪ કલાક વીજળી પહોંચાડવાનું કામ અમે સમાપ્ત કરી દીધું છે. કન્યા કેળવણી મહારાજા સયાજીરાવનો એ વિચાર ગુજરાતની અંદરથી પ્રસરેલો વિચાર માનનીય અધ્યક્ષશ્રી, કન્યા કેળવણી, મહારાજા સયાજીરાવનો એ વિચાર, ગુજરાતની અંદરથી જન્મેલો વિચાર, રાજા રામમોહનરાયનો એ વિચાર, કન્યા કલ્યાણ અને કન્યા કેળવણીના વિચારને નવા યુગની અંદર આઝાદી પછી નરેન્દ્રભાઇએ ફરી એકવાર પુનર્જીવિત કર્યો અને ચરિતાર્થ કર્યો છે. કન્યા કેળવણી માટે ધોમધખતા તાપની અંદર મુખ્યમંત્રીથી માંડીને તલાટી સુધી, અધ્યક્ષશ્રીથી માંડીને ચપરાસી સુધી બધા જ લોકો કન્યાઓને ભણાવવા માટે અને બેટી બચાવો માટે ધોમધખતા તાપની અંદર ગામડે ગામડે ફરી જે જાગૃતિ ફેલાવવાનું કામ આ સરકારોની અંદર થયું છે. દરેક ગામની અંદર સ્કૂલ, સાતમા ધોરણ સુધીની સ્કૂલ, દરેક વર્ગ માટે એક શિક્ષક, દરેક શિક્ષક માટે એક વર્ગખંડ આ પ્રકારની એક આદર્શ પ્રાથમિક શિક્ષણ વ્યવસ્થા ભારતીય જનતા પાર્ટીના શાસનમાં આ રાજયમાં થઇ છે. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ છે કે તમે જ શિક્ષણ મંત્રી હતા તે વખતે ગુણોત્સવની ગતિ આગળ વધી અને તેની અંદર બધી જગ્યાએ શિક્ષણ પહોંચાડવાથી આપણે અટક્યા નહીં પણ ગુણવત્તા સુધારવા માટે આપણે આગળ વધ્યા છીએ. આ કન્યા કેળવણી મોડલને ઓરિસ્સાની અંદર મેં સ્વીકારતા જોયું છે, કેરળની અંદર મેં સ્વીકારતા જોયું છે. ઉત્તરાખંડમાં મેં સ્વીકારતા જોયું છે. જયારે ઉત્તરાખંડની તે પહાડી ઉપર નાનકડી દીકરીને દફતર લઇને સ્કૂલમાં જતી જોઇએ અને તે કહે કે ગુજરાત મોડલના કારણે આજે મારા ભાગ્યમાં અંદર શિક્ષા પ્રાપ્ત કરવાનું થયું છે ત્યારે આ આ ગૃહના સભ્ય તરીકે મનની અંદર એક ઉંડો સંતોષ થતો હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક જમાનો હતો કે જયારે રથયાત્રા નીકળવાની હોય ત્યારે પશ્ચિમના લોકો અને બહારથી આવેલા લોકો કહેતા હતા કે નવ વાગ્યા સુધી દર્શન કરી લો, ખબર નહીં કયારે કરફયુ પડી જશે, કયારે રથયાત્રા ઉપર હુમલો થશે. રથયાત્રા ઉપર અનેકવાર હુમલાઓ થયા છે. એકવાર તો હું પણ રથયાત્રાની અંદર હતો ત્યારે ભગવાનના રથોને ઉઠાવીને લઇ જવાની ઘટનાઓ આ રાજયમાં થયેલી છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી, નરેન્દ્રભાઇના મુખ્યમંત્રી બન્યા પછી, આનંદીબેન તથા વિજયભાઇ આજે મુખ્યમંત્રી છે ત્યાં સુધી રથયાત્રા ઉપર કોઇની પણ હુમલો કરવાની હિંમત નથી. આ રાજયની અંદર કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કેટલી સુદ્રઢ થઇ છે કે મુખ્યમંત્રીને પણ પ્રશ્ન પૂછતાં કોઇ ગભરાતું નથી અને કોઇ ગુંડો ધમકી આપે તો પણ કોઇ ગભરાતું નથી. માનનીય અધ્યક્ષશ્રી, આ જે પરિસ્થિતિ થઇ છે તે ગુજરાતની અંદર માનનીય નરેન્દ્રભાઇના નેતૃત્વની અંદર લાંબા સમય સુધી સરકાર ચાલી તેના કારણે થઇ છે. કરફયુ શબ્દ અને અત્યારે પ્રાથમિક શાળાના છોકરાને પૂછીએ કે ભાઇ કરફયુ કોને કહેવાય? તો થોડુંક માથુ ખંજવાળે, તેનું સામાન્ય જ્ઞાન ત્યાં આગળ નાનું પડી જતું હોય, જનરલ નોલેજ નાનું પડી જાય, કારણ કે તેણે તેના જન્મ પછી કરફયુ જોયો જ નથી. તેર વર્ષથી આ રાજયની અંદર કદાચિત કયાંક કરફયુ નાંખવાની પદ્ધતિ અપનાવવામાં આવી છે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ એટલી સુદ્રઢ થઇ છે.

વાઇબ્રન્ટ ગુજરાત જુઓ. ગુજરાતની અંદર બધી જ અનુકૂળતા હોવા છતાં, વૈશ્વિક રોકાણ, દેશભરના રોકાણની અંદર ગુજરાત હરણફાળ ભરી રહ્યું છે. વાઇબ્રન્ટ ગુજરાતનો કન્સેપ્ટ શ્રી નરેન્દ્રભાઇ મોદીએ લોન્ચ કર્યો. જયારે નરેન્દ્રભાઇ મુખ્યમંત્રી હતા તે વખતે દેશની સામે એક આવા ઓર્ગેનાઇઝ કાર્યક્રમને વાઇબ્રન્ટ ગુજરાતના નામે એક કન્સેપ્ટ દેશની સામે મૂકયો. આજે મને કહેતાં ગૌરવ થાય છે કે ૩૦ માંથી ૨૨ રાજયો આ પ્રકારના ઔદ્યોગિક મેળા કરતા થયાં છે. આ સફળતા કોઇ ભારતીય જનતા પાર્ટીની એકલાની નથી. આ સફળતા એકલા નરેન્દ્રભાઇ મોદીની નથી. આ સફળતા ગુજરાતની સાડા છ કરોડની જનતાએ આપેલ મેન્ડેટની સફળતા છે. સાડા છ કરોડની જનતાએ સૂઝબૂઝથી વારંવાર ભારતીય જનતા પાર્ટીને મેન્ડેટ આપ્યો તેના કારણે આ સફળતા આપણે મેળવી શક્યા છીએ અને ગુજરાત નવી ઉંચાઇઓ સુધી પહોંચ્યું છે. વાઇબ્રન્ટ ગુજરાતના માધ્યમથી ઔદ્યોગિક રોકાણો વધ્યા. રોજગારી વધી. કોઇ બે રાજયો વચ્ચે એમ.ઓ.યુ. કરવો હોય તો તે પણ વાઇબ્રન્ટ ગુજરાતની અંદર થાય. કોઇ બે દેશો વચ્ચે એમ.ઓ.યુ. કરવા હોય તો પણ વાઇબ્રન્ટની અંદર કરે તે પ્રકારનું ડેસ્ટીનેશન ગુજરાત બન્યું છે. મને આશા છે કે, ગીફ્ટ સીટીની શરૂઆત નરેન્દ્રભાઇ જે રીતે કરીને ગયા છે તેમાં વિજયભાઇ અને નીતિનભાઇ તેને આગળ વધારશે. આ ગીફ્ટ સીટી ન કેવળ ગુજરાત પણ દેશના અર્થતંત્રને મોટી ગતિ આપવાનું કામ કરશે. અને આ ગીફ્ટ સીટી ગુજરાતને અને દેશના અર્થતંત્રને મોટી ગતિ આપવાનું કામ કરશે.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામીણ વિકાસના ક્ષેત્રમાં ભારતીય જનતા પાર્ટીની સરકારોએ અનેક નવા કામો અને નવા અધ્યાયોનો ખુલાસો કર્યા છે. ગ્રામીણ વિકાસમાં વીજળી પહોંચાડવી, સ્વાસ્થ્યની દ્રષ્ટિથી પરિપૂર્ણ ગામ બનાવવું, શિક્ષણની દષ્ટિથી પરિપૂર્ણ ગામ બનાવવું, ગ્રામીણ રોજગારીનું સર્જન કરવું અને ગામડામાં સમરસતાની કલ્પના આપી જે ચૂંટણીમાં વેરઝેર થઇ જતા હતા એ વેરઝેરમાંથી ગામડાને બહાર કાઢવાનું કામ નરેન્દ્રભાઇ મોદીના શાસનમાં આ રાજયમાં થયું. સાગર ખેડૂ યોજના, વિકાસ કેવો હોવો જોઇએ? વિકાસની કલ્પના શું? શહેરની અંદર લાઇટ પહોંચે તો વિકાસ થઇ ગયો? શહેરની અંદર શુદ્ધ પીવાનું પાણી પહોંચે તો વિકાસ થઇ ગયો? શહેરની અંદર દરેક ઘરમાં શૌચાલય થઇ જાય તો વિકાસ થઇ ગયો? એને વિકાસ થયો ના કહેવાય. દુર્ગમમાં દુર્ગમ ક્ષેત્રમાં વિકાસ થવો જોઇએ અને વિકાસ દરેક વ્યકિતને સ્પર્શવાવાળો હોવો

જોઇએ, સર્વસ્પર્શી હોવો જોઇએ, વિકાસ દરેક વ્યક્તિ–દરેક નાગરિકનો સમાવેશ કરવાવાળો હોવો જોઇએ, સર્વસમાવેશક હોવો જોઇએ અને નરેન્દ્રભાઇએ આ સર્વ સ્પર્શીય–સર્વસમાવેશક વિકાસની કલ્પનાને ચરિતાર્થ કરવા માટે સાગરખેડૂ અને વનબંધુ કલ્યાણ નામની બે યોજનાઓ આપી. પહાડ હોય, જંગલ હોય કે દરિયા કિનારો હોય વિકાસના અભાવમાં જીવતા નાગરિકો માટે એમના વિકાસના દ્વાર ખોલવાનું કામ નરેન્દ્રભાઇ મોદીની સરકારે કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, નરેન્દ્રભાઇના નેતૃત્વમાં જ્યારે વનબંધુ યોજના બની એ વખતે હું ડાંગ જિલ્લાનો પ્રભારી હતો, વનબંધુ યોજનાની જે કમિટી બેઠી એમાં હું પણ હતો, મને બરોબર નરેન્દ્રભાઇના શબ્દો યાદ છે, એમણે કહ્યું હતું કે, વનબંધુ યોજના બનાવતી વખતે ધ્યાન રાખજો કે આની અંદર વ્યક્તિનો પણ વિકાસ થાય, ગામનો પણ વિકાસ થાય, ક્ષેત્રનો પણ વિકાસ થાય અને આ બધા વિકાસના કારણે રાજયનો પણ વિકાસ થાય. આવું સર્વસમાવેશક મોડેલ નરેન્દ્રભાઇના નેતૃત્વમાં આ રાજયને મળ્યું હતું. દલિત કલ્યાણ હોય કે ઓ.બી.સી. કલ્યાણ હોય, પછાત વર્ગોનું કલ્યાણ હોય કે અન્ય દલિતોનું કલ્યાણ હોય, મારી પાસે સમયની સીમા છે પરંતુ હું કહેવા માગુ છું કે, શહેરમાં વસતો દલિત હોય કે ગામડામાં વસતો દલિત હોય એના અધિકારના પૈસા, એના અધિકારનો વિકાસ જે એના સુધી નહોતા પહોંચતા એ દ્રઢ ઇચ્છાશક્તિથી ભારતીય જનતા પાર્ટીની સરકારોએ ગામડાના દલિત મહોલ્લા સુધી પહોંચાડવાનું કામ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, પછાત વર્ગોના કલ્યાણ માટે અનેક પ્રકારની નવી નવી યોજનાઓ અને પછાત વર્ગને વિકાસની યાત્રામાં સામેલ કરવા માટેની એક દ્રઢ રાજકીય ઇચ્છાશક્તિનો પરિચય ભારતીય જનતા પાર્ટીની સરકારોએ કરાવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, રેકોર્ડ કહી શકાય એવા સતત સાત વર્ષ સુધી દેશમાં રોજગારી આપવાના ક્ષેત્રમાં ગુજરાતનો પહેલો નંબર રહ્યો છે. આ પ્રદિપસિંહજી અહીં બેઠા છે અને અનેક યુવા મિત્રો બેઠા છે એમને ખબર છે બેરોજગારીની વિરુદ્ધ સરઘસો કાઢતા ત્યારે અમારી પીઠ ડંડા ખાઇ ખાઇને લીલી થઇ જતી હતી. આજે ગુજરાતની અંદર ન કેવળ સરકારી રોજગારી, ન કેવળ ઉદ્યોગથી મળવાવાળી રોજગારી, સ્વરોજગારને પણ નરેન્દ્રભાઇના નેતૃત્વમાં આગળ વધારવાનું કામ આ ગુજરાત સરકારે કર્યું છે. રાજમાર્ગોનું નિર્માણનું એક એવું જાળું ગુથ્યું કે જેનાથી સરહદો સુધી રાજમાર્ગો પહોંચ્યા, તીર્થસ્થાનો સુધી રાજમાર્ગો પહોચ્યા, રાજમાર્ગો સાથે શહેરો જોડાયા, રાજમાર્ગો સાથે ગામડાં જોડાયા, એક સંપૂર્ણ રાજમાર્ગોનું જાળું આખા ગુજરાતમાં ઉભું કરવાનું કામ નરેન્દ્રભાઇના નેતૃત્વમાં થયું. આ બધાના પરિપાક રૂપે જી.ડી.પી. એનું છેલ્લું પરિણામ ઘોષિત કરતું હોય છે, ૧૨ ટકાના વિકાસ દર સાથે ગુજરાતે વિકાસ કર્યો. જી.ડી.પી.નું સાતત્ય કદાચ એક ઘટના આધારિત વિકાસ થઇ જતો હોય ત્યારે એક મોટી ખાણ મળી આવે ને વિકાસ થઇ જતો હોય અને જી.ડી.પી.માં કૂદકો લાગી જતો હોય છે. પણ જી.ડી.પી.માં જે સાતત્ય રહ્યું એ સાતત્ય બતાવે છે કે અકસ્માતે વિકાસ નથી થયો, સુનિયોજીત પ્રયત્નના આધારે વિકાસ થયો છે, અને જી.ડી.પી.માં પણ સૌથી કઠીનમાં કઠીન જે ચાર પેરામિટર્સ છે, એ ચાર પેરામીટર્સમાં સૌથી વધુ કઠિન પેરામીટર્સ કોઇ હોય વૃદ્ધિ કરવા માટે તો એ કૃષિ વિકાસ દર હોય . આખા દેશની અંદર માઇનસ પાંચ ટકા, માઇનસ બે ટકા, માઇનસ ત્રણ ટકા, માઇનસ એક ટકા, ૦ ટકા, એક ટકો, બે ટકો. થાકી ગયા બધા. બે ટકાથી વધારે ક્યાંય કૃષિ વિકાસ દર નથી, ગુજરાતે સતત બાર વરસ સુધી બાર ટકાની એવરેજથી કૃષિ વિકાસ દર મેળવ્યો છે, અને હું માનું છું કે ડ્રીપ અને સ્પ્રીન્કલરથી પાણી ફેરવવાનું હોય, નર્મદાનું પાણી પહોંચાડવાનું હોય, બનેલી સિંચાઇ યોજનાઓની ન વપરાયેલી ક્ષમતાનો વપરાશ કરવાનો હોય કે ખેડૂતોને નવું બિયારણ આપવાનું હોય, સોઇલ હેલ્થ કાર્ડના માધ્યમથી વૈજ્ઞાનિક માર્ગદર્શન આપવાનું હોય, લેબોરેટરીમાં થયેલા પ્રયોગો જમીનો ઉપર પહોંચાડવાના હોય, નીમ કોટેડ યુરિયા પહોંચાડવાનું હોય, અનેક પ્રકારના કામો કરતા કરતા આ ઐતિહાસિક કૃષિ વિકાસ દર આ ભારતીય જનતા પાર્ટીની સરકારોએ મેળવ્યો છે. ડેરી ઉદ્યોગની અંદર ભા.જ.પ.ની સરકાર આવી એ પહેલાં સારું એવું કામ ગુજરાતે કર્યું હતું, છતાં પણ એમાં સ્થગિતતા નહોતી આવી, સતત વૃદ્ધિ ડેરી ઉદ્યોગની અંદર પણ ભારતીય જનતા પાર્ટીની સરકારોએ કર્યો છે.

ખોટ ખાતા સાહસો, પબ્લિક અન્ડરટેઇકીંગ એ સમગ્ર ભારત માટે ચર્ચાનો અને ચિંતાનો વિષય છે, ન કેવલ ગુજરાતમાં, પરંતુ મને કહેતા આનંદ થાય છે કે, ૨૦03 પછી ૨૦૦૯ આવતા આવતા ગુજરાતના બધા જ સરકારી સાહસો નફો કરતા થયા અને એ નફા માટે પણ ગ્રીન રિવોલ્યુશન કંપની બનાવી અને એ નફો કિસાનોના ઉપયોગમાં વાપરવાનું કામ નરેન્દ્રભાઇ મોદીની સરકારે કર્યું છે. હું માનું છું કે આ એક બહુ મોટું કદમ હતું. જી.એસ.એફ.સી. હોય કે જી.એન.એફ.સી. જી.એસ.ઇ.એલ. હોય એ ખોટ કરતા હતા એ ખોટ કરતાં બંધ કરી એને નફો કરતા કરવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું. માનનીય નરેન્દ્રભાઇ મોદીજીના નેતૃત્વમાં થયું. એ નફો ખાલી એ સાહસો માટે ન રહ્યો, ગ્રીન રિવોલ્યુશન કંપની બનાવી એ નફો ડ્રીપ અને સ્પ્રીન્કલર માટે નીચે સુધી ખેડૂતના ખેતરમાં પાણી પહોંચાડવા માટે વાપરવામાં આવ્યો.

અર્બન ડેવલપની અંદર પણ હું આ ગૃહનો સભ્ય હતો ત્યારે એક બિલ લાવીને ટાઉન પ્લાનીંગ એકટને નવેસરથી બનાવવામાં આવ્યો, ચાળીસ ટકા કપાત વખતે વિરોધપક્ષના મિત્રો આજે અહીંયા છે નહિ પણ તેમણે જબરદસ્ત ઉહાપોહ કર્યો હતો અને વોકઆઉટ કરીને જતા રહ્યા હતા આજે દેશના બાવીસ રાજ્યોએ આપણી આ ટાઉન પ્લાનીંગની યોજનાને સ્વીકારી લીધી છે. એક દૂરંદેશીપૂર્ણ નેતૃત્વ કેવું હોય કે વિકાસ આડેધડ ના થઇ શકે, પહેલાં જનતા રહેવા માંડે, પછી ગટર બને, પછી લાઇટ આવે, પછી રોડ બને એ બધું બરાબર પણ ક્યાં બને, બધેય મકાનો બની ગયા. કઇ રીતે બને?, પૂરું અમદાવાદ એનું ઉદાહરણ હતું, સુરત એનું ઉદાહરણ હતું, નરેન્દ્રભાઇના નેતૃત્વમાં ટાઉન પ્લાનીંગનો એક નવો કન્સેપ્ટ લાવવામાં આવ્યો અને એના આધારે એડવાન્સમાં ટી.પી. સ્કીમો મંજૂર થવા માંડી, રહેણાંક વિસ્તાર ત્યાં થઇ ગયા. ચાળીસ ટકા જમીન જે મળી

સરકારને એમાંથી નાગરિક રહેવા જાય એ પહેલાં સુવિધાઓનો ત્યાં અંબાર લાગી ગયો અને આજે સુનિયોજીત શહેરો ગુજરાતની અંદર જોવા મળે છે અને દેશભરમાં દરેક રાજ્યમાં બી.આર.ટી.એસ.નું મોડેલ ફેઇલ ગયું, આપણે ગૌરવ સાથે કહી શકીએ છીએ કે ગુજરાત સફળતા પૂર્વક બી.આર.ટી.એસ. ચલાવે છે.

શહેરી વિકાસના ક્ષેત્રમાં પણ ખૂબ સારું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારોએ કર્યું. તીર્થસ્થાનો જોઇએ તો આજ પહેલાં કોઇએ અંબાજી, સોમનાથ કે ડાકોર જોયું હોય અને એ વૃદ્ધ આદમી આજે જરા અંબાજી, સોમનાથ કે ડાકોર જઇ આવે તો ભગવાન તો એના એ જ રહેતા હોય છે પણ ભગવાન જે નગરમાં રહેતા હોય એ નગરને બદલવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. ચાહે એ ગોમતીનો તટ હોય, ચાહે એ સોમનાથનો સમુદ્ર હોય, ચાહે પાવાગઢની પહાડી હોય, ચાહે માં અંબાજીની ગીરીમાળાઓ હોય દરેક જગ્યાએ સુવિધા, સ્વચ્છતા, શ્રદ્ધા, સંસ્કારનું વાતાવરણ નિર્મિત કરવાનું કામ નરેન્દ્રભાઇ મોદીની ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. સમાજ જીવનનો એકપણ ખૂણો બાકી નથી રાખ્યો. સાબરમતી રિવરફ્રન્ટ, કાલે જ મેં કહ્યું હતું કે, હું જયારે મોટર સાયકલ ઉપર મારા સાત વર્ષના દિકરાને બેસાડીને જતો હતો તો તેણે તેના શિક્ષકે કહ્યું કે અમદાવાદ શહેર સાબરમતી નદીના કિનારે આવેલું છે. તેણે મને પૂછયું કે પપ્પા સાબરમતી નદીના કિનારે અમદાવાદ શહેર આવ્યું તો સાબરમતી કયાં છે ? મેં તેને કહ્યું કે આપણે બ્રીજ ઉપરથી જઇએ પછી નીચે સાબરમતી નદી વહે છે. તે તો ખાડો છે નદીમાં તો પાણી હોય. નાના બાળકોએ સાબરમતી નદીને બે કાંઠે જોઇ જ નહોતી આજે એ નદીમાં નૌકાવિહાર થાય છે. હજારો લોકો પોતાના સ્વાસ્થ્યની જાળવણી માટે રીવર ફ્રન્ટ ઉપર ચાલતાં જયારે જોઇએ કેટલાંય નવ દંપતિઓને ત્યાં જીવનની શરૂઆત કરતા જોઇએ તો હૃદયની અંદર એક ઉંડા સંતોષની લાગણી અનુભવાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મા નર્મદાનું પાણી સરસ્વતીની અંદર નાંખવાનું હોય કે મા નર્મદાનું પાણી સાબરમતીની અંદર નાંખવાનું હોય એવા કામ બહુ સાહજિક રીતે કોઇ હો હા કર્યા વગર આ નરેન્દ્ર મોદીની ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. આજે દેશભરની અંદર માતૃશ્રાદ્ધ કરવાવાળા લોકો સિદ્ધપુર આવીને નિરાશ થઇ પાછાં જતાં હતા આજે દેશભરની અંદરથી માતૃશ્રાદ્ધ કરવાવાળા લોકો શ્રદ્ધાપૂર્વક પોતાની માને સરસ્વતીની અંદરથી નર્મદાનું જળ ઉઠાવીને અંજલિ આપે છે હું માનું છું કે આ બહુ મોટું કામ છે. ન્યુટ્રીશનના આ પ્રશ્નોને પણ સોલ કરવા માટે ભારતીય જનતા પાર્ટીની સરકારોએ ભેખ ઉપાડી હોય એ રીતે એક આંદોલન ઉપાડયુ હતું અને તેને સોલ કર્યું. મને બરાબર યાદ છે હું એ વખતે કાયદા મંત્રી હતો. નરેન્દ્રભાઇએ એક દિવસ કાયદા વિભાગની મિટિંગ બોલાવી કે ટ્રસ્ટો શું કરે છે ? કોઇની જોડે કોઇ જવાબ નહોતો. તેમણે કહ્યું કે જે ટ્રસ્ટો સંપન્ન છે તે ટ્રસ્ટો અઠવાડિયામાં એક વખત બે બે મગજની લાડુડી બનાવી આ સગર્ભા બહેનોને જો આપી શકે તો તેના ન્યુટ્રીશનના પ્રોબ્લેમ સોલ થઇ જાય. અને અનેક મંદિરોએ નરેન્દ્રભાઇની આહલેખને ઉઠાવીને સગર્ભા બહેનોને બે બે લાડુ આપવાની શરૂઆત કરી હતી. એક સગર્ભા ભૂખી માતાના પેટની અંદર જે બાળક છે તેના ન્યુટ્રીશનની ચિંતા નરેન્દ્ર મોદી જ કરી શકે તે ગરીબના ઘરમાં જન્મેલો માણસ જ કરી શકે. આ પ્રકારનું શાસન ગુજરાતની અંદર આપવાનું કામ ભારતીય જનતા પાર્ટીએ કર્યુ છે. બહુ સારી વાત, બહુ બધી વાતો કહેવાની છે. નરેન્દ્ર મોદીજીના શાસન પછી આનંદીબહેન આવ્યા અને પછી હવે વિજયભાઇ આવ્યા છે પણ આ વિકાસયાત્રા અટકવાની નથી. આ વિકાસયાત્રા ભારતીય જનતા પાર્ટીની વિકાસયાત્રા છે અને આજે પણ તેનું નેતૃત્વ નરેન્દ્ર મોદી કરી રહ્યાં છે. આ વિકાસયાત્રા અટકવાની નથી, આ વિકાસયાત્રા ૨૦૧૯ પછી પણ આગળ વધવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૭ પછી પણ આ ગૃહની અંદર આ જ વિકાસયાત્રા ફરી વખત આગળ વધવાની છે. નરેન્દ્રભાઇ મોદી આ દેશનું નેતૃત્વ કરે છે ઘણાંને લાગતું હતું કે નરેન્દ્રભાઇ હવે વડાપ્રધાન થઇ ગયા ગુજરાતનું શું થશે ? પણ હું ગુજરાતની બધી જનતાને આપના માધ્યમથી કહેવા માગુ છું અને આ ગૃહના સદસ્યોને પણ કહેવા માગુ છું કે નરેન્દ્રભાઇ પહેલાં સી.એમ.હતા ત્યારે ગુજરાતની ચિંતા કરતા હતા ત્યારે તેમની એક રાજયના મુખ્યમંત્રી તરીકેની તાકાત હતી. નરેન્દ્રભાઇ આજે વડાપ્રધાન થયા છે તો પણ ગુજરાતની ચિંતા કરે છે અને આજે વડાપ્રધાનની ક્ષમતા સાથે ચિંતા કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૪–૯૫માં અનેક વાતો કરવી હોય તો થાય એવી છે મને ખબર છે હમણાં થોડીવાર પછી વિપક્ષવાળા આગળ માઇકના ડંડા ગોઠવીને આના જવાબ આપશે. આપવાના જ છે પણ મારે એમને એટલુ જ કહેવું છે કે તમારા જવાબો જનતા સાંભળતી નથી અને ગુજરાતની જનતા વારંવાર ભારતીય જનતા પાર્ટીની વાત સાંભળે છે અને ભાજપની જીત થાય છે. ૧૯૯૦ પછી જેટલી ચૂંટણીઓ થઇ વિધાનસભાની હોય કે લોકસભાની ગુજરાતની જનતાએ ભારતીય જનતા પાર્ટીનો સાથ નિભાવ્યો છે અને ૨૦૧૭માં અને ૨૦૧૯માં પણ એ જ થવાનું છે.

૧૯૯૪–૯૫માં જ્યારે આ રાજ્યની અંદર સત્તા પરિવર્તન થયું ત્યારે રાજ્યનું બજેટ ૧૦,૨૩૨ કરોડ હતું. આપના માધ્યમથી બધા ગૃહના સભ્યોને આ આંકડા એટલા માટે કહેવા માગું છું કે, ગુજરાતની સાડા છ કરોડની જનતાને આ આંકડા પહોંચાડવા જોઇએ કે ગુજરાતનો વિકાસ ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વમાં થયો છે. જ્યારે ૧૯૯૪–૯૫માં કૉંગ્રેસની પાસેથી ભારતીય જનતા પાર્ટી પાસે શાસન આવ્યું ત્યારે આ રાજ્યનું બજેટ ૧૦,૨૩૨ કરોડનું હતું અને હમણાં નીતિનભાઇએ વિજયભાઇના નેતૃત્વમાં જે બજેટ મૂક્યું એ બજેટનો આંકડો ૧,૭૨,૧૭૯ કરોડ છે. આ ૧૦,૦૦૦ કરોડથી ૧ લાખ ૭૨ હજાર કરોડની યાત્રા એ ભારતીય જનતા પાર્ટીના વિકાસની યાત્રાની સાબિતી છે. આ વિકાસ ભારતીય જનતા પાર્ટીની સરકાર જ કરી શકે. માનનીય નરેન્દ્રભાઇ આજે દેશના વડાપ્રધાન છે. આ ગૃહના સદસ્ય રહ્યા, આ રાજ્યના મુખ્યમંત્રી રહ્યા. ભારતમાં સૌથી

વધુ સમય મુખ્યમંત્રી બનવાનો એમણે રેકોર્ડ પ્રસ્થાપિત કર્યો છે. જે આજે પણ નથી તૂટ્યો અને એમના વડાપ્રધાન બનવાની સાથે જ ગુજરાતની તાકાત અનેકગણી વધી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું કેટલીક વાત આ ગૃહના ધ્યાન પર આપના માધ્યમથી મૂકવા માગું છું. જ્યારે યુ.પી.એ.ની સરકાર હતી, •(×××) એ વખતે ગુજરાતને ૧૩મા ફાઇનાન્સ કમિશનમાં પાંચ વર્ષમાં ૪૩,૩૪૫ હજાર કરોડ રૂપિયા મળ્યા હતા અને નરેન્દ્રભાઇના નેતૃત્વમાં જે સરકાર આવી અને ૧૪મું ફાઇનાન્સ કમિશન બન્યું એમાં ગુજરાતને ૧,૨૨,૪૫૩ કરોડ રૂપિયા મળ્યા. દિલ્હીમાં બેઠા બેઠા જોતો હોઉ છું વિપક્ષના મિત્રો હિસાબ માગતા હતા. શું આપ્યું, શું આપ્યું. આંખ ઉઘાડી રાખો, કાન ખુલ્લા રાખો તો જાતે જ ખબર પડી જશે. મારે આ ગૃહમાં આવીને કહેવું નહીં પડે. તમારા શાસનની અંદર ૪૩,૦૦૦ કરોડ રૂપિયા ગુજરાતને મળતા હતા. આજે ૧ લાખ ૨૨ હજાર કરોડ રૂપિયા પાંચ વર્ષની અંદર ગુજરાતને મળે છે. યુ.પી.એ.ની સરકારમાં ૮૬૮૬ કરોડ રૂપિયા અનુદાન મળતું હતું તે ભારતીય જનતા પાર્ટીની કેન્દ્ર સરકારમાં ૧૭,૯૬૨ કરોડ રૂપિયા મળે છે. અનુદાન પણ બે ગણું થઇ ગયું. ૧૨૦૦ કિ.મી.ના નેશનલ હાઇવેની ઘોષણા થઇ છે અને કામ ચાલુ થઇ ગયું છે. કુલ રાજમાર્ગો ૫૧૫૨ કિ.મી.ના હતા એમાં ભારત સરકારે સહાયતા કરી છે.

એઇમ્સ ગુજરાતની લાંબા સમયથી માગણી હતી. આ વખતના બજેટની અંદર નરેન્દ્રભાઇએ એઇમ્સ આપવાનું કામ પૂરું કરી દીધું છે. પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજનામાં ૪૫ લાખ ૯૧ હજાર ગરીબ લોકોના કામો ભારતીય જનતા પાર્ટીની કેન્દ્ર સરકારે કર્યા છે. પ્રધાનમંત્રી જીવન જ્યોત વીમા યોજનામાં ૧૯ લાખ ૧૨ હજાર લોકોને ફાયદો પહોંચાડવાનું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. જનધન યોજના હેઠળ ૮૦ લાખ ગરીબ લોકોના ઘરમાં બેંક એકાઉન્ટ પહોંચાડવાનું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. મુદ્રા યોજનાના માધ્યમથી ૨૦ લાખ ૪૬ હજાર યુવાનોને સ્વરોજગારી માટે લોન આપવાનું કામ અઢી વર્ષની અંદર આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. સ્વચ્છ ભારત અભિયાન હેઠળ ૨૭ લાખ ગરીબ પરિવારોને શૌચાલયયુક્ત ઘર બનાવવામાં ભારતીય જનતા પાર્ટીની સરકારે મદદ કરી છે. ઉજ્જવલા યોજના હેઠળ ૮ લાખ ગરીબ માતાઓના ઘરમાં ધુમાડો, ચૂલા, લાકડા, છાણાંથી મુક્તિ આપી એલ.પી.જી. ગેસ કનેક્શન પહોંચાડવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. મિશન ઇન્દ્રધનુષના માધ્યમથી લગભગ ૨૩ જિલ્લાઓમાં લગભગ ૪ લાખ સગર્ભા માતાઓનું રસીકરણ કરવાનું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. એ સિવાય શહેરી વસ્તીના અનુસંધાનમાં જોવા જઇએ તો ગાંધીનગર, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ અને દાહોદ જેવા શહેરોમાં સ્માર્ટસીટીની ઘોષણા ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૫૦૦ શહેરો અમૃત શહેરો ઘોષિત થયાં એમાંથી ગુજરાતનાં ૩૧ શહેરોને અમૃત શહેરોની ઘોષણા કરવામાં આવી છે. શહેરી આવાસ યોજનામાં ૬૬,૯૮૩ શહેરી આવાસ યોજનાના ઘરો મંજૂર કરવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે માનનીય નરેન્દ્રભાઇના નેતૃત્વમાં કર્યું છે. ૨,૧૮,૨૭૦ માછીમારોને સુરક્ષા પ્રદાન કરવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે માનનીય નરેન્દ્રભાઇના નેતૃત્વમાં કર્યું છે. બે રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મેળા રાજકોટ અને ગાંધીનગરની અંદર આ ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા કરવામાં આવેલા છે. જનઔષધિ કેન્દ્રો સસ્તી દવાની ૨૮૩ દુકાનોને જન ઔષધિ કેન્દ્રો બનાવવાનું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ડિઝાઇનરની સ્થાપના સમગ્ર દેશમાં પહેલીવાર એના માટે આ ગાંધીનગરને સિલેક્ટ કરવામાં આવ્યું છે. ૩૮ પોસ્ટ ઓફિસોને એટીએમમાં કન્વર્ડ કરવામાં આવ્યા છે. સુરત અને ભાવનગરની અંદર સુપર સ્પેશિયાલીસ્ટની હોસ્પિટલ તરીકે પણ અપગ્રેડ કરવાનું કામ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના મિત્રો હંમેશા હિસાબ માગે છે. મારી પાસે લાંબુ કાગળીયું છે. એ મને મળી લે તો બે મિનિટમાં ટપ દઇને એમના હાથમાં પકડાવી દઉં. આખુ કાગળીયું તો મારી પાસે વંચાય એવું નથી એના માટે બહુ સમય જોઇએ પરંતુ હું એટલું જ કહેવા આવ્યો છું કે, શ્રી કેતનભાઇ જે સંકલ્પ લઇને આવ્યા છે એનો મને અપાર હર્ષ છે. જ્યારે આખુ વિશ્વ અને આખો દેશ ગુજરાતને એક વિકસિત રાજ્ય તરીકે સ્વીકારી ચૂક્યા હોય તે વખતે ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યશ્રી કેતનભાઇ અને ભારતીય જનતા પાર્ટીની સરકારને આ વિકાસથી સંતોષ નથી, વિકાસની ભૂખ હજી સંતોષાઇ નથી. જ્યારે આખુ વિશ્વ અને આખો દેશ વિકાસના મામલામાં ગુજરાતનું રેકર્ડ માનતું હોય એ વખતે પણ ગુજરાતનું આ ગૃહ વિકાસથી સંતોષ નથી માનતું આ શુભ ચિહ્ન છે અને આ જ ગુજરાતની યાત્રાને આગળ લઇ જવાનું છે. માનનીય નરેન્દ્રભાઇના નેતૃત્વમાં આ દેશમાં જે ગરીબ કલ્યાણનું કામ ચાલ્યું છે એને ગુજરાતના તળ સુધી પહોંચાડવાનું કામ શ્રી વિજયભાઇના નેતૃત્વમાં અને શ્રી નીતિનભાઇના નેતૃત્વમાં ૨૦૧૭ પછી પણ ચાલવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, બહિષ્કારો કરવાથી, ગૃહની અંદર શોરશરાબા કરવાથી, ગૃહની અંદર પ્રદર્શન કરવાથી જનમત નથી જીતી શકાતા, મારા વિપક્ષના મિત્રોને મારે એટલું જ કહેવું છે કે, જનભાવના જીતવાથી જનમત જીતાય છે અને જનભાવના જીતવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે શરૂ કર્યું છે. ૧૯૯૦ થી ૨૦૧૪ સુધી કોઇ પણ ઇલેક્શન ભારતીય જનતા પાર્ટી હારી નથી અને ૨૦૧૭માં પણ ૧૫૦થી વધુ સીટો જીતી ભારતીય જનતા પાર્ટીની સરકાર ફરી આવશે અને માનનીય અધ્યક્ષશ્રી, ખાલી રાજકીય નેતૃત્વ એના માટે જવાબદાર નથી. ભારતીય જનતા પાર્ટીની કાર્ય સંસ્કૃતિ અને

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ભારતીય જનતા પાર્ટીની કામ કરવાની પધ્ધતિ અને સરકારોની દ્રઢ ઇચ્છાશક્તિ, ત્વરિત નિર્ણય શકિત અને પારદર્શિક્તા આના માટે જવાબદાર છે માનનીય નરેન્દ્રભાઇએ જે શરૂઆત કરી હતી એ આનંદીબેન થ્રુ આજે વિજયભાઇ અને નીતિનભાઇ સુધી પહોંચી છે. મને શ્રધ્ધા છે કે, આ કામ આ ગૃહના માધ્યમથી અવિરત ચાલશે અને ગુજરાતનું મોડલ હંમેશાં દુનિયામાં અને દેશમાં નંબર વન બનશે આટલી વાત કરી મારી વાણીને વિરામ આપું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્ય મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, આપે આજે કહ્યું એ પ્રમાણે આ સન્માનનીય ગૃહનો એક ઐતિહાસિક અને ગૌરવભર્યો દિવસ છે. આજે અમારા રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઇ સાહેબ અમારા સભ્યશ્રી કેતનભાઇ ઇનામદાર દ્વારા ગુજરાતની વિકાસ યાત્રાને જે આગળ વધારવા માટેનો સંકલ્પ રજૂ કર્યો એ સંકલ્પને અમારા રાષ્ટ્રીય અધ્યક્ષ અને આ ગૃહના સન્માનનીય સભ્યશ્રી દ્વારા અનુમોદન– સમર્થન આપવામાં આવ્યું છે. તે અમારી સરકાર માટે પ્રેરણા અને પ્રોત્સાહનરૂપ છે એમના વિચારોને અમારી સરકાર વતી હું ખૂબ ખૂબ આવકારું છું. આપે પણ કહ્યું કે માનનીય વડાપ્રધાન તરીકે નરેન્દ્રભાઇ આ ગૃહના સભ્ય હતા. રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે ભારતીય જનતા પક્ષના માનનીય અમિતભાઇ અધ્યક્ષ છે અને બીજો સુભગ સમન્વય અમારા પ્રદેશ અધ્યક્ષ અને રાષ્ટ્રીય અધ્યક્ષ બંને વિધાનસભામાં સાથે છે એ પણ અમારા માટે ખૂબ અગત્યની અને નોંધપાત્ર બાબત છે.

માનનીય અમિતભાઇએ જે રીતે વિગતવાર વર્ણન કર્યું છે એનાથી આપણે સમજી શકીએ છીએ જાણીએ છીએ અને સ્વીકારીએ છીએ એ પ્રમાણે ગુજરાતની વિકાસ યાત્રા જે ફક્ત વિસ્તારો પૂરતી કે જ્ઞાતિ જાતિ કે સમાજ પૂરતી મર્યાદિત નહિ પણ માનનીય અમિતભાઇએ જે રીતે કહ્યું અને માનનીય વડાપ્રધાન અને આપણા તત્કાલિન મુખ્યમંત્રી માનનીય નરેન્દ્રભાઇના મનની લાગણી સર્વે સમાષુ સમાવેષક સર્વ વ્યાપી અને સર્વાંગી વિકાસ હોવો જોઇએ. ગુજરાતના મુખ્યમંત્રી મોદી સાહેબ બન્યા ત્યારે પાંચ કરોડની વસતિ હતી અત્યારે સવા છ કરોડની વસતિ છે પણ અમારી સરકાર દ્વારા અમારા મુખ્યમંત્રી વિજયભાઇ દ્વારા જે અનેક કાર્યક્રમો યોજનાઓ બજેટની ફાળવણી કરીને પ્રજાકીય રીતે અમારા ભારતીય જનતા પક્ષના ગૃહમાં બિરાજેલા તમામ ધારાસભ્યશ્રીઓ અને ગુજરાતમાં આવેલા અમારા પક્ષના ૧ કરોડ ૧૧ લાખ સભ્યો છે એમના દ્વારા સર્વાંગી વિકાસ માટે નાનામાં નાના ગરીબના ઘર સુધી આ ગુજરાતની વિકાસ યાત્રાનો લાભ પહોંચે એ માટે અમારી સરકાર કામ કરી રહી છે. આપણે બધા જાણીએ છીએ અમારા નેતા જનસંઘથી માંડીને ભાજપ સુધીની અમારી જે વિકાસયાત્રા અને વિજયયાત્રા છે એના પાયાના સર્જક અમારા સ્થાપક પંડીત દિનદયાળ ઉપાધ્યાયજીનું આજે જન્મ શતાબ્દી વર્ષ ચાલે છે અને અમારા વડાપ્રધાન નરેન્દ્રભાઇ અને અને રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઇ સાહેબ જયારે અમારી રાષ્ટ્રીય કારોબારી હતી ત્યારે અમારી પાર્ટીએ નિર્ણય કર્યો કે જે જે રાજયોમાં ભાજપની સરકારો ચાલે છે ત્યાં ગરીબ કલ્યાણ વર્ષ તરીકે પંડીત દિનદયાળજીને શ્રદ્ધાંજલિ આપવા માટે અમારી સરકારો કાર્યક્રમોનું આયોજન કરશે અને એ પ્રમાણે અમારા ૧ કરોડ ૭૨ લાખ કરોડના બજેટમાં અનેક રીતની યોજનાઓનો સમાવેશ કરેલ છે. માનનીય અમિતભાઇ ખૂબ સાચુ કહ્યું કે કોઇપણ વસ્તુની સરખામણી કરીએ તો જ આપણને ખ્યાલ આવે કે કયુ સારુ, કયુ મજબૂત અને કયુ ગુણવત્તાવાળુ, એ જ પ્રમાણે ગુજરાતમાં જો સરખામણી કરવી હોય તો તો ૧૯૯૫ પહેલા જયારે ભારતીય જનતા પક્ષ સિવાયના એમ કહીશ કે કોંગ્રેસ પક્ષની સરકારો હતી.૧૯૬૦માં ગુજરાત અલગ પડ્યું ત્યારથી માંડીને થોડો સમય જનતા પક્ષની સરકાર રહી, માનનીય બાબુભાઇની સરકાર હતી અને એમાં માનનીય કેશુભાઇ મંત્રી તરીકે હતા એ સિવાયની તમામ સરકારો કોંગ્રેસની રહેલી. એ કોંગ્રેસની સરકારના હિસાબો અને સરવૈયુ પ્રજાએ જોયું અને ૧૯૯૫ પછી ભારતીય જનતા પક્ષની સરકારો બની આ બંને વિશે માનનીય અમિતભાઇએ વિશેષ છણાવટ કરી અને સન્માનનીય ગૃહ મારફતે મીડીયા મારફતે સમગ્ર ગુજરાતની જનતાને પહોંચાડયા છે અને એટલા માટે અમારે વારંવાર રીપીટ કરવું પડે ઘૂંટવું પડે કે ૧૯૯૫ પછી જન્મેલી પેઢી છે એ ગુજરાતમાં મોટા ભાગની યુવાનોની વસતિ એમણે ૧૯૯૫ પહેલા માફીયા રાજ હતું, કેવું ગુંડા રાજ હતું, કેવું અંધેર હતું કેવી અવ્યવસ્થા હતી કેવી દારૂણ ગરીબી હતી, રોજગારી મળતી નહોતી, પીવાનું પાણી નહોતું મળતું આખા ઉત્તર ગુજરાતને ફલોરાઇડવાળુ પાણી પીવું પડતું હતું પગના હાડકા ગળી જાય તેવું પાણી પીવું પડતું હતું પણ સાહેબ ૧૯૯૫ પછીના યુવાનોએ જોયું નથી એટલે ઇતિહાસ અને ભૂતકાળ દરેક પ્રજાએ યાદ રાખવો જોઇએ અને એ યાદ કરાવવાનું કામ અમારા રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઇએ કર્યું છે. હું તો એ માનું છું કે ગઇકાલે માનનીય અમિતભાઇની અધ્યક્ષતામાં એમના સન્માન માટે અમારા પક્ષે કાર્યક્રમ કર્યો. તે વિજય વિશ્વાસ સંમેલન, તેનો પાર્ટ–૨ આજે અમિતભાઇએ અહીંયા રજૂ કર્યો છે. ગઇ કાલે સમયની મર્યાદામાં જે નહોતા કહી શક્યા એ વિગતો અહીંયા આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અમિતભાઇએ સાચું કહ્યું કે કૃષિ વિકાસ દર ૧૨ ટકા હોય, ઔદ્યોગિક વિકાસ દર ૧૨ ટકા ઉપર હોય અને જી.ડી.પી. વધારે હોય એટલે વિકાસ થાય, થાય ને થાય જ. અમિતભાઇને મારી કહેવાની ચોક્કસ ઇચ્છા છે કે મારા બજેટ પ્રવચનમાં છેલ્લા દિવસે મેં કહ્યું હતું કે સાહેબ, પહેલાં ગુજરાતની તિજોરી ઉપર પ્રજા પરસેવો પાડી જે કમાણી કરે, સરકારની તિજોરીમાં આવે, એ તિજોરીમાં એક પંજો પડતો હતો. એ પંજો ઉપરથી, નીચેથી, આજુબાજુથી, ચારે બાજુથી સરકારી તિજોરીને તળિયાજાટક કરી દેતો હતો. માનનીય નરેન્દ્રભાઇ મોદી મુખ્યમંત્રી બન્યા પછી આ ગુજરાત સરકારની તિજોરી ઉપર લક્ષ્મી માતાના સ્વરૂપ સમાન કમળનું ફૂલ ખીલ્યું છે. એ કમળનું ફૂલ લક્ષ્મી માતાના આશીર્વાદથી એવું ખીલ્યું છે કે ગુજરાત સરકારની તિજોરી છલોછલ રહે અને એમાં પણ અધૂરામાં પૂરું યુ.પી.એ. સરકાર વખતે, •(×××)

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ગુજરાતને જે અન્યાય થતો હતો એ દૂર થઇ ગયો. સાહેબ, પહેલાં ગુજરાતનું મળતું હતું, હવે તો દિલ્હીથી પણ માનનીય અમિતભાઇએ કહ્યું એમ ધોધ વહ્યો છે. એ ધોધ ગુજરાતની પ્રજા સુધી વિકાસ તરીકે પહોંચાડવાનું કામ અમે કરીએ છીએ. મારે તો માનનીય અમિતભાઇને કહેવું છે કે અમારા બધા વતી, આ સન્માનનીય ગૃહ વતી, ગુજરાતની છ કરોડની જનતાની લાગણી, આભાર આપ માનનીય નરેન્દ્રભાઇને પહોંચાડજો. નર્મદા યોજનાના દરવાજા સાત વર્ષ સુધી કોંગ્રેસની સરકારે, યુ.પી.એ.ની સરકારે, ગુજરાતના કોંગ્રેસીઓ જઇને કહી આવેલા કે મંજૂરી ન આપતા, નહીંતર અમે સાફ થઇ જઇશું. એટલે સાહેબ, મંજૂરી નહોતી મળતી. મોદી લોકપ્રિય થઇ જશે. આવી બીક બતાવી આવેલા. સાત વર્ષ સુધી આ બધા નેતાઓના આગ્રહથી ફાઇલ દબાવી રાખી, પણ મારે ગુજરાતની પ્રજા વતી, આ સન્માનનીય ગૃહ વતી માનનીય અમિતભાઇનો, માનનીય મોદી સાહેબનો આભાર માનવો છે કે સરકાર બની, ૧૭ દિવસમાં નર્મદા યોજનાના દરવાજા બેસાડવાની પરવાનગી આપી દીધી અને બેસાડી પણ દીધા. જો ભગવાન વરૂણ દેવતાની આ વખતે કૃપા થાય, સુપ્રીમ કોર્ટની કૃપા થઇ ગઇ. ૫૦૦ કરોડ આપી દીધા મધ્યપ્રદેશ અને બધાને. જેવું પાણી ભરાય, મોદી સાહેબ અને અમિતભાઇની ઉપસ્થિતિમાં દરવાજા બંધ કરી અત્યારે ભરાય છે તેના કરતા ત્રણગણું પાણી ભરવાની શરૂઆત આપણે કરવાના છીએ. એક વાત બધાના ધ્યાન બહાર જાય છે. ગુજરાતનો આ મોદી સાહેબે વિકાસ કર્યો એ લાલ જાજમ કે ગુલાબની પાંદડીઓ પરથી નહોતો કરવાનો. મોદી સાહેબ સામે અનેક પડકારો હતા. અનેક વિઘ્નો હતા. કેન્દ્રની યુ.પી.એ.ની સરકાર, સી.બી.આઇ.ની તપાસ, *(×××) અને પાછા અહીંથી દોડી દોડી અને આવેદનપત્રો આપી આવે. અરજીઓ આપી આવે અને સાહેબ, દુઃખદ તો એ છે, મને જણાવતા પણ દુઃખ થાય છે કે વાયબ્રન્ટ ગુજરાતમાં આખી દુનિયા ગુજરાતમાં આવીને રોકાણ કરે ત્યારે કોંગ્રેસના અહીં બેઠેલાં આ ગૃહના સભ્ય છે એટલે નામ કહેવામાં મને વાંધો નથી. માનનીય શક્તિસિંહ ગોહિલે એ વખતના વડાપ્રધાન મનમોહનસિંગને પત્ર લખ્યો હતો કે વાયબ્રન્ટ ગુજરાતમાં જે લોકો રોકાણ કરે છે તેમની ઇન્કમટેક્સ તપાસ કરાવડાવો. આ કેટલો ગુજરાતનો વિરોધ? અમે નહોતા ગમતા, ભા.જ.પ. ન ગમે. નરેન્દ્રભાઇ મુખ્યમંત્રી ન ગમે. એ તો સાહેબ સમજી શકાય પણ ગુજરાતના લાખો યુવાનોને રોજગારી મળે, ગુજરાત ધમધમતું થઇ જાય, ગુજરાતનો વિકાસ થાય, ઉદ્યોગ–ધંધાથી ગુજરાત સરકારને ટક્સની આવક આવે. આવું બધું થતું હતું તે પણ આ કોંગ્રેસવાળાને આંખમાં કણાની જેમ ખૂંચતું હતું એટલે વડાપ્રધાનને પત્ર લખ્યો હતો ઉદ્યોગપતિઓને ધમકાવવા માટે કે ગુજરાતમાં જશો તો ઇન્કમટેક્સની તપાસ થશે. આ કોંગ્રેસ. મારી ચેલેન્જ છે કે આનો ખુલાસો કરવો હોય તો આજે પણ એમનો ખુલાસો સાંભળવા માટે આ ગૃહમાં તૈયાર છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અમિતભાઇ શાહે કાયદો અને વ્યવસ્થાની વાત કરી. સાહેબ, મારે કહેવું છે કે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે સરકાર અને પોલીસના સિનિયર અધિકારીઓએ જે બહાદૂરીથી, સાહસથી કામ કર્યું. કેટલાય દેશદ્રોહી તત્વોને, આતંકવાદી તત્વોને, ગુંડા તત્વોને એન્કાઉન્ટર થયા. જે લોકો ગુજરાતને નુકસાન કરવા આવતા હતા, ગુજરાતમાં બોમ્બ ધડાકા કરવા આવતા હતા, એવા લોકોના એન્કાઉન્ટર થયા, એમાં કોંગ્રેસના લોકોએ અમારા શ્રી અમિતભાઇ શાહને આરોપી બનાવી એમને જેલમાં મોકલવાનું, એમને ખોટી રીતે જેલમાં મોકલવાનું *(×××) હું માનું છું કે શ્રી અમિતભાઇની હાય કોંગ્રેસને કદીય માફ નહીં કરે ! એમના પરિવારની હાય, એમના પરિવારનું દુઃખ કોંગ્રેસને કદી ઉંચી આવવા દેશે નહીં. અમે તો બધુ કરીએ જ છીએ. માનનીય અમિતભાઇએ સાચું જ કહ્યું છે કે ૧૯૯૫ પહેલાનું કોંગ્રેસનું શાસન હતું એના માટે સાત દિવસ કહીએ તો પણ ઓછા પડે. હું શ્રી અમિતભાઇને કહીશ કે આપણી ભાજપની સરકારો આવ્યા પછી જે ગુજરાતનો વિકાસ થયો છે, જે યોજનાઓ બનાવી છે એની જો આપણે પારાયણ બેસાડીએ તો નવ દિવસ પણ ઓછા પડે. એટલો વિકાસ આપણી ગુજરાત સરકારે, આપણા ભારતીય જનતા પક્ષે, આપણા શ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વમાં કર્યો છે ત્યારે બધુ જ કામ કરીશું. આપે અમને સલાહ પણ આપી, આપે સૂચન પણ કર્યા અને આપે અમને યાદ દેવડાવ્યું કે ગરીબોના કુપોષિત બાળકોને અંબાજી માતાનો પ્રસાદ આપવાનો હોય, સોમનાથનો આપવાનો હોય, ડાકોરનો આપવાનો હોય, એમને ઘરે ઘરે પ્રસાદ જાય, બાળકોને ઘી, ગોળ અને સુખડી મળે. અમે તો આ કર્યું જ છે. પણ કોંગ્રેસે શું કર્યું હતું ? હું ૧૯૯૫ પહેલા શ્રી અમિતભાઇ સાથે હતો. અમે તો અંબાજી માતાનો પ્રસાદ ગરીબના ઘર સુધી પહોંચાડ્યો. પણ આ કોંગ્રેસનો નાણાકીય વહીવટ એટલો બધો કથળી ગયેલો કે અંબાજી માતાના ટ્રસ્ટના પૈસા ગુજરાત સરકારને ઉધાર લેવા પડેલા. વિચારો સાહેબ ! સરકાર આપે કે સરકાર લે? અમે તો આપવાના, અમે તો આપીએ છીએ. બધા જ યાત્રાધામોનો સુંદર વિકાસ કર્યો અને કોંગ્રેસે અંબાજી માતા પાસે પણ પૈસા લીધા હતા. એટલે અંબાજી માતા કદી કોંગ્રેસને માફ નહીં કરે. એટલે આ બધુ જ જ્યારે અમારી અગાઉની ભાજપની માનનીય નરેન્દ્રભાઇની સરકાર હોય, એ પછીની શ્રીમતી આનંદીબેન પટેલની સરકાર હોય કે શ્રી વિજયભાઇ રૂપાણીની સરકાર હોય, સાહેબ, ગુજરાતનો તો વિકાસ, વિકાસ અને વિકાસ એ જ અમારો મુદ્રાલેખ છે. મને તો એ વાતનો આનંદ છે કે ગુજરાતે તો ઘણુ મેળવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, પહેલા રાજકારણમાં જાતિ, જ્ઞાતિ અને ધર્મ આખા દેશમાં ચાલતું હતું. કોઇ વિકાસની વાત, પ્રગતિની વાત, રોજગારીની વાત, શુદ્ધ પીવાનું પાણી આપવાની વાત, આરોગ્યની વાત, શિક્ષણની વ્યવસ્થા વધારવાની વાત, કોઇ પક્ષની કોઇ સરકાર, *(×××). કોઇ વિચારતું નહોતું. આજે દેશને મોટામાં મોટો ફાયદો થયો હોય તો મારી દ્રષ્ટિએ એ ફાયદો છે કે એ જાતિ, જ્ઞાતિના વાડામાંથી બહાર કાઢી શ્રી મોદી સાહેબે દેશના ૧૨૫ કરોડ લોકોને વિકાસ મંત્ર આપ્યો. હવે કોઇપણ રાજકીય પક્ષ હોય એણે વિકાસની વાત કરવી પડે છે. વિકાસના નામે મત માગવા જવું પડે છે. એ ભૂતકાળમાં નહોતું. એ વિકાસ મંત્ર કોઇએ આપ્યો હોય તો એ અમારા નેતા શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આપ્યો છે. વિકાસ મંત્રને સતત ધ્યાને રાખીને અમે ગુજરાતની સરકાર દ્વારા, અમારી સરકાર દ્વારા, અમારા મંત્રીશ્રીઓ, અમારા

૩૦મી માર્ચ, ૨૦૧૭

બિન સરકારી સંકલ્પો

તમામ ધારાસભ્યશ્રીઓ, ભારતીય જનતા પક્ષના અમારા એક કરોડ કરતાં વધુ કાર્યકરોએ કામ કર્યું છે, કરવાના છીએ અને કરતા રહીશું. એવા વિશ્વાસ સાથે માનનીય શ્રી કેતનભાઇનો સંકલ્પ આ સરકાર સહર્ષ સ્વીકારે છે.

શ્રી કેતનભાઇ મ. ઇનામદાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ અને આપણા રાષ્ટ્રીય અધ્યક્ષશ્રીની ઉપસ્થિતિમાં આ સંકલ્પ આવ્યો અને આજે સમગ્ર દેશ અને સમગ્ર વિશ્વ શ્રી અમિતભાઇ શાહના નામથી આખા ગુજરાતને અને ભારત દેશને ઓળખે છે ત્યારે આજે હું એ વસ્તુનો સહર્ષ સ્વીકાર કરું છું કે મારા સંકલ્પને સરકારે સ્વીકાર્યો અને મને અપેક્ષા હતી કે આ જ ભારતીય જનતા પાર્ટીની સરકાર જ એવી છે કે જયાં માગો એ મળે અને મને ખબર હતી કે આ સરકાર આટલા વિકાસથી સંતુષ્ટ નહીં થાય, અને આ સરકાર ગુજરાતને નંબર વન બનાવેલ છે, ભારત દેશને અત્યારે જે રીતે નરેન્દ્રભાઇ વિશ્વમાં નંબર વન તરીકે લઇ ગયા છે એવી રીતે ગુજરાતને નંબર વન તરીકે પ્રસ્થાપિત કરવામાં આ ભારતીય જનતા પાર્ટીની આ સરકાર કસર નહીં છોડે એટલે આ મારા બિન સરકારી સંકલ્પને સ્વીકારવા બદલ સમગ્ર ગૃહ અને ભારતીય જનતા પાર્ટીની ગુજરાત સરકારનો હું આભાર માનુ છું. અમિતભાઇ શાહ સાહેબનો હું ખુબ ખુબ આભારી છું. આ ગૃહની અંદર એમની ઉપસ્થિતિમાં સમગ્ર ગૃહ વતી હું એમનો આભાર માની અને એમને અભિનંદન આપુ છું.

સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો

અધ્યક્ષશ્રી : સંકલ્પનો સ્વીકાર કરવામાં આવે છે. સંકલ્પ ક્રમાંક-૨ અને ૩ના પ્રભારી સભ્યશ્રીઓ ગૃહની આજની બેઠકની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ થયા હોવાથી સભાગૃહની પ્રથમ બેઠકની કાર્યવાહી પૂરી થાય છે. બીજી બેઠક બપોરના ૨-૩૦ કલાકે ફરીથી મળશે. સર્વ માનનીય સભ્યશ્રીઓને ચોથે માળે ભોજનમાં પધારવા માટેનું હાર્દિક નિમંત્રણ છે.

સભાગૃહનું કામકાજ બપોરના ૧૨-૧૬ કલાકે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બીજી બેઠક માટે બપોરના ૨-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

ચૈત્ર ૯, ૧૯૩૯ શાકે

અધ્યક્ષશ્રીની અનુમતિથી ઉપસ્થિત કરવામાં આવેલ મુદ્દો

ગુજરાત વિધાનસભા

ગુરુવાર, તા. ૩૦મી માર્ચ, ૨૦૧૭,

ચૈત્ર ૯, ૧૯૩૯ શાકે

બીજી બેઠક

સભાગૃહ બપોરના ૨-૩૦ વાગ્યે મળ્યું.

અધ્યક્ષશ્રી રમણલાલ વોરા અધ્યક્ષસ્થાને

શ્રી શંકરસિંહ લ. વાઘેલા (વિરોધપક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી પ્રસ્તાવના આધારે વિપક્ષને ગેરહાજર રાખીને જે શ્રી ઇનામદારનો સંકલ્પ હતો એના અંદર ૬૦ મિનિટના બદલે ઘણો બધો સમય લીધો. એક વિભાગના વિષયના બદલે અનેક વિભાગના વિષયોનો સમાવેશ કર્યો. સૌથી વધારે મહત્ત્વનું તો એક જાહેર સભા હોય એમ •(×××) કહું તો ખોટું નથી. આખી ભારતીય જનતા પાર્ટીની જાહેર સભા હોય એ પ્રમાણે, આ પ્રમાણે કહેવાનો કોઇ રાઇટ નથી. (અંતરાય) જે ભાષા હતી, સોનિયા, મનમોહનસિંહ. ગુજરાતની પોલીસે એમને અંદર કરેલા, બીજી પોલીસ ન હતી. કોર્ટે કહ્યું કે આઉટ ઓફ સ્ટેટ આપ રહો. જાણે કોંગ્રેસની મહેરબાનીથી આ બધું વિત્યું હોય એવું એમનું ઇલેક્શનલક્ષી ભાષણ, ટોટલી પોલિટિકલી ભાષણ, *(×××) એવું હતું આ બધું. હું ઇચ્છું કે ઓલ ઇન્ડિયા પાર્ટીના અધ્યક્ષ માફી માગે અને આ ગૃહ હતું, પબ્લિક વચ્ચે ન હતું અને આ આધાર કોઇ દિવસ ન લેવાય.

અધ્યક્ષશ્રી : બાપુ સાહેબ, આપ પણ જાણો છો અને બધા જાણે છે. પ્રશ્નોત્તરી પહેલાં આવી કોઇ ચર્ચા કરતા નથી. આપણે આવી કોઇ માગણી કરતા નથી. પણ તમારા વિવેક ખાતર, તમારી મર્યાદા ખાતર તમને બોલવા દીધા. આના પછી જ બોલાય એ આપણે બધા જાણીએ છીએ. પણ તમારા રિસ્પેક્ટ ખાતર મેં તમને બોલવા દીધા. પ્રશ્નોત્તરી પછી તમે કહેજો. મને પ્રશ્નોત્તરી આગળ વધારવા દો. (અંતરાય) પ્રશ્ન ક્રમાંક : ૧ માનનીય જીતેન્દ્રભાઇ સુખડિયા. સોરી, કારણ વગર ખોટી પ્રથા પાડવાનો કોઇ મતલબ નથી. મેં એમના માન અને સન્માન માટે સાંભળ્યા. પ્રશ્નોત્તરી પછી તમે કહેજો, મને કોઇ વાંધો નથી. મિત્રો, બેસો, પ્લીઝ. (અંતરાય) પ્લીઝ, (સતત અંતરાય ) ( કોંગ્રેસના સભ્યો દ્વારા સતત સૂત્રોચ્ચાર ) પ્લીઝ, બેસો બધા. (સતત અંતરાય )

શ્રી ગણપતસિંહ વે. વસાવા : સાહેબ, આ લોકો પ્લાનિંગ કરીને આવ્યા છે.

અધ્યક્ષશ્રી : પ્રસ્તાવ મૂકો. ( સતત સૂત્રોચ્ચાર )

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નોત્તરી અગત્યનો કાળ છે અને માનનીય અધ્યક્ષશ્રી, જેના સંદર્ભમાં કહેવામાં આવ્યું. અમારા રાષ્ટ્રીય અધ્યક્ષના સંદર્ભમાં કહેવામાં આવ્યું. સુપ્રીમ કોર્ટે એમને જે કેસમાં ડીસચાર્જ કર્યા છે. એમના તો બદઈરાદાઓ હતા. માનનીય અધ્યક્ષશ્રી, એમણે યુ.પી.એ.ની સરકારમાં ગુજરાતની સાથે દુશ્મન દેશ જેવો વ્યવહાર કર્યો હતો અને માનનીય અધ્યક્ષશ્રી, આજે આ સન્માનનીય સભાગૃહનો અગત્યનો પ્રશ્નોત્તરી કાળનો સમય વ્યતિત કરે છે. (સતત સૂત્રોચ્ચાર) માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહનું કામ, ધારાસભ્યોનો જે અધિકાર છે એ પ્રશ્નોત્તરી કાળ છે એમાં અવરોધ કરે છે એ તમામ સભ્યોને આજની બેઠક પૂરતા સસ્પેન્ડ કરવા માટેનો હું પ્રસ્તાવ મૂકું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રદિપસિંહની દરખાસ્તને મારો ટેકો છે. (સતત સૂત્રોચ્ચાર ) માનનીય અધ્યક્ષશ્રી, માફી એમણે માગવી જોઇએ. અમારા અધ્યક્ષનું અપમાન કરે છે. (સતત સૂત્રોચ્ચાર )

પ્રશ્ન મત ઉપર મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સભાગૃહમાં ખલેલ કરનાર વિરોધપક્ષના સભ્યોને આજની બેઠક પૂરતા સસ્પેન્ડ કરવામાં આવે છે અને એમને ગૃહની બહાર કાઢવામાં આવે છે. (સતત સૂત્રોચ્ચાર ) સાર્જન્ટશ્રી માનનીય સભ્યશ્રીઓને બહાર કાઢો. સાર્જન્ટને મારી વિનંતી છે કે કોઇને ઉચકવાની જરૂર નથી. (સતત સૂત્રોચ્ચાર )

( આ તબક્કે વિરોધપક્ષના નેતા સહિત કોંગ્રેસના સભ્યોએ વોકઆઉટ કર્યો )

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, સવારે પણ આ જ પ્રકારનું દ્રશ્ય હતું. એકના એક વિષય ઉપર, હવે વિષય બદલ્યો. માનનીય અમિતભાઇનું પ્રવચન કેતનભાઇએ મૂકેલા પ્રસ્તાવ ઉપર વિકાસનું જ હતું. માત્ર ને માત્ર રાજ્ય સરકારે જે વિકાસ કર્યો છે અને નરેન્દ્રભાઇના શાસનમાં થયો છે, આનંદીબેનના શાસનમાં થયો છે અને અત્યારે જે થઇ રહ્યો છે એ માત્ર ને માત્ર રાજકીય ટીકા-ટિપ્પણ કોઇપણ પ્રકારના અવલોકન સિવાય એ આ સભાગૃહના સભ્ય તરીકે શ્રી અમિતભાઇનો અબાધિત અધિકાર છે અને માત્ર વાંધા જ પાડવા? હવે એ પોતે સાબિત કરી બતાવે છે કે કોંગ્રેસ જાય છે, એ પોતે જ સાબિત કરી બતાવે છે. એટલે ખરેખર તો માનનીય અધ્યક્ષશ્રી, અને એમણે જે અમારા અધ્યક્ષશ્રી માટે જે હલકા શબ્દ

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

પ્રયોગો કર્યા છે, ખરેખર તો એમણે માફી માગવી જોઇએ.

અધ્યક્ષશ્રી : એ તો તમે માનો છો કે એમણે કર્યું છે, એમણે તો એમના માટે કર્યું છે. તમે ખોટું સમજો છો. એમણે એમના પોતાના માટે શબ્દ પ્રયોગ વાપર્યો છે, તમે ખોટું સમજો છો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આજે જે બિન–સરકારી સંકલ્પના સંદર્ભમાં અમારા રાષ્ટ્રીય અધ્યક્ષશ્રીએ ગુજરાતના સર્વાંગી, સર્વ સમાવિષ્ટ ગુજરાતના વિકાસની આખી ગાથા સમગ્ર સન્માનનીય સભાગૃહ સમક્ષ મૂકવામાં આવી. એ જે બિન–સરકારી સંકલ્પ માનનીય અધ્યક્ષશ્રીની અનુમતિ દ્વારા આ સન્માનનીય સભાગૃહની પ્રોપર્ટી બની હતી અને આ સન્માનનીય સભાગૃહની પ્રોપર્ટી બન્યા બાદ એના આનુષાંગિક જે વિષયો હતા અને સમગ્ર દેશ ગુજરાતને કઇ રીતે જુએ છે એના આધાર ઊપર અમારા રાષ્ટ્રીય અધ્યક્ષશ્રીએ જે સન્માનનીય સભાગૃહની અંદર વિષય મૂક્યો છે અને એ વિષય પછી બીજા સત્રમાં પ્રશ્નોત્તરીનો અવરોધ ઊભો કરવા માટેનો નહીં, આ એ શ્રી અમિત શાહ છે કે જેણે સમગ્ર દેશના ચૌદ રાજ્યોમાં ભારતીય જનતા પાર્ટીનો શ્રી નરેન્દ્રભાઇ મોદીના શાસનની સાથે રહીને ભારતીય જનતા પાર્ટીનો ભગવો ફરકાવ્યો છે. આ એ શ્રી અમિતભાઇ શાહ છે કે, જેમને જેલના હવાલે કરવા માટે એમણે અનેકવિધ ષડયંત્રો કર્યા અને પછી એમણે જે કેસો કરાવ્યા હતા, આજે દેશની સુપ્રિમ કોર્ટે પણ એમને સંપૂર્ણપણે ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. આજે એમની સામે કોઇ પણ પ્રકારના કેસ નથી પરંતુ શ્રી અમિત શાહની, શ્રી નરેન્દ્રભાઇ મોદીના વિકાસની સાથે એમની ચાણક્ય બુદ્ધિના કારણે કોંગ્રેસ મૂક્ત ભારત કરવામાં શ્રી અમિત શાહની બુદ્ધિના આધાર ઉપર સમગ્ર દેશની અંદર ભારતીય જનતા પાર્ટીનો એક પછી એક રાજ્યોની અંદર જે ભારતીય જનતા પાર્ટીનો ભગવો ફરકાવી રહ્યા છે અને જે પ્રમાણે કોંગ્રેસનો સફાયો થઇ રહ્યો છે એવા સંદર્ભની અંદર આ બિન–સરકારી સંકલ્પમાં ગુજરાતનું ગૌરવ આજના પ્રવચનના માધ્યમથી આ ગુજરાતના વિધાનસભાના કે ગુજરાતની બોર્ડર સુધી સિમિત નથી રહેવાનું. આજે સત્તાધારી પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે એમણે આપેલું પ્રવચન આજે સમગ્ર દેશની અંદર ડિબેટોની ચર્ચાનો વિષય બનવાનો છે. ગુજરાતને ગૌરવ મળવાનું છે અને આ ગુજરાતના ગૌરવની વાત એમને પચતી નથી. ગુજરાતનો વિકાસ એમને આંખમાં કણાની જેમ ખૂંચે છે. એવા સંજોગોમાં આપના દ્વારા સવારના સત્રમાં અને બપોર પછીના સત્રમાં પણ એમણે જે કર્યું છે અને માનનીય શ્રી ભૂપેન્દ્રસિંહજીએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે એ મુદ્દાના સંદર્ભમાં આપના દ્વારા યોગ્ય રૂલિંગ મળે એવી મારી આપની પાસે અપેક્ષા છે.

અધ્યક્ષશ્રી : બીજા કોઇ મિત્રને કાંઇ કહેવાનું છે? આ તો ખુલ્લું પ્લેટફોર્મ છે. કોઇને એવું ના થાય કે હું રહી ગયો.

## તારાંકિત પ્રશ્નો

### અમદાવાદ જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનોની તપાસ

* ૩૩૦૫૬ શ્રી ભૂષણ ભટ્ટ (જમાલપુર ખાડિયા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વ્યાજબી ભાવની દુકાનોની કેટલી તપાસો કરવામાં આવી છે, | (૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વ્યાજબી ભાવની દુકાનોની ૩૨૮ તપાસો કરવામાં આવી છે. |
| (૨) કેટલી દુકાનોમાં અનિયમિતતા જોવા મળી, અને | (૨) તે પૈકી ૩૯ દુકાનોમાં અનિયમિતતા જોવા મળી. |
| (૩) તે અન્વયે શું પગલાં લીધા ? | (૩) તે અન્વયે નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા.<br>(૧) રૂ. ૧૦૬૫૯/–ની કિંમતનો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો.<br>(૨) રૂ. ૮૫,૫૦૦/– પરવાના અનામત રાજ્યસાત કરવામાં આવી.<br>(૩) રૂ. ૨૦૫૦૬/– દંડ કરવામાં આવ્યો.<br>(૪) ૮ (આઠ) પરવાના મોકુફ કરવામાં આવ્યા.<br>(૫) ૩ (ત્રણ) પરવાના રદ કરવામાં આવ્યા. |

શ્રી ભૂષણ અ. ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, હાલમાં વાજબી ભાવની દુકાનો ખોલવા અંગેની નીતિ શું છે અને બીજું વાજબી ભાવની દુકાનોના સારા અને સુદ્રઢ સંચાલન માટે સરકારશ્રી દ્વારા કયા કયા પગલાં લેવામાં આવે છે?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારે તા. ૨૬–૮–૨૦૧૫ ના ઠરાવથી નિયત કરેલ ધોરણો અનુસાર દરેક તાલુકાને ગ્રામ્ય વિસ્તારની વ્યાજબી ભાવની દુકાનમાં આવરી લીધેલા છે. જેમાં ગ્રામ્ય વિસ્તાર માટે ૩૦૦૦ની વસ્તી અને ખાસ કિસ્સામાં ૨૭૦૦ની વસ્તીને ત્રણ કિલોમીટરનું અંતર રાખવામાં આવેલું છે. જયારે શહેરી વિસ્તાર માટે. ૭૫૦૦ ની વસ્તીના ધોરણો નકકી કરવામાં આવ્યા છે. આ નીતિ અમલમાં આવતા પહેલાં જે ચાલુ દુકાનો હતી એને બંધ કરવામાં આવેલ નથી એટલે ત્રણ કિલોમીટરથી ઓછા અંતરે જે ગામ હોય એ ગામને નજીકની દુકાનો સાથે જોડી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત ત્રણ કિલોમીટરથી વધુ પરંતુ ૩૦૦૦ થી ઓછી વસતિ ધરાવતુ ગામ હોય તેને ગામે બ્રાન્ચ એફપીએસ તરીકે

પણ નજીકના દુકાન સંચાલક ગામડે જઇ અને વિતરણ કરે છે એટલે ગ્રામ્ય વિસ્તારના લોકોને એનો નજીકનો લાભ મળી શકે. ડિસેમ્બરની સ્થિતિએ રાજયમાં કુલ ૧૭૦૩૮ વ્યાજબી ભાવની દુકાનો કાર્યરત છે. આ દુકાનોનું સારી રીતે સંચાલન થઇ શકે અને સાથેસાથે દરેક લોકોને પૂરતા પ્રમાણમાં અને વ્યવસ્થિત રીતે અનાજ મળે તે માટે પણ રાજય સરકારે પ્રયત્નો કર્યા છે. રાજયની અંદર અત્યાર સુધી બે સર્વર હતા પરંતુ જયાં જયાં પણ કનેકટીવીટીનો પ્રશ્ન આવતો હતો ત્યાં બીજા વધારાના ૬ સર્વરનો ઉમેરો કરી અને કુલ ૮ સર્વર ફેબ્રુઆરી–૨૦૧૫થી કાર્યરત કર્યા છે એટલે ગ્રામ્ય વિસ્તારોને છેવાડાના ગામડાં સુધી મુશ્કેલી ન પડે એ માટે પણ રાજય સરકારે ચિંતા કરીને તાત્કાલીક ધોરણથી પગલાં પણ લીધા છે. સાથેસાથે સમગ્ર રાજયની અંદર આધાર ઇનેબલ પેમેન્ટ સિસ્ટમ, એ.ઇ.પી.એસ. સિસ્ટમ દાખલ કરવામાં આવી છે અને રાજયમાં ૯૪ ટકા ઉપર રેશન કાર્ડની સાથે આધાર કાર્ડના લીંકઅપની કામગીરી પણ પૂર્ણ કરવામાં આવી છે એટલે રાજય સરકારનો હરહંમેશા અભિગમ છે છેક ગ્રામ્ય વિસ્તારના છેવાડાના લોકો સુધી કે રાજય સરકારની મા અન્નપૂર્ણા યોજના અંતર્ગત ઘઉં અને ચોખાનું વિતરણ સારી રીતે થઇ શકે એના માટે રાજય સરકાર ખૂબ ચિંતિત છે અને કાયદેસરની કાર્યવાહી, પગલાં કરી અને ૩,૮૪,૦૦,૦૦૦ જનસંખ્યા સુધી અનાજ પહોંચાડવાની સમગ્ર રાજયમાં કામગીરી કરીને ગરીબ માણસોની ચિંતા કરતી આ સરકાર સમગ્ર રાજયની અંદર કામ કરી રહી છે.

શ્રી લાલજીભાઇ ચ. કોળી પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અમદાવાદ જિલ્લામાં વ્યાજબી ભાવોની દુકાનોની તા. ૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાની વ્યાજબી ભાવની દુકાનોમાં તપાસણી વખતે કયા કયા પ્રકારની ક્ષતિઓ જોવા મળી છે?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ જે દુકાનોની અંદર તપાસ કરવામાં આવી એમાં મુખ્યત્વે રેશનકાર્ડ ધારકોને સરકારશ્રીએ ઠરાવેલ મળવાપાત્ર જથ્થો પૂરેપૂરો વિતરણ નહીં કરી અને કાર્ડધારકોને જથ્થાથી વંચિત રાખ્યા છે. દુકાનોમાં આવશ્યક ચીજવસ્તુઓના નમુના પ્રદર્શિત કરેલા નહોતા તથા તેમાં ફરિયાદ પેટી પણ રાખી નહોતી. હાજર જથ્થામાં વધઘટ જોવા મળી હતી. તોલમાપ પ્રમાણપત્ર તપાસણી સમયે રજૂ કરેલ નહોતા અને આ દુકાનોના સ્થળે ભાવનું બોર્ડ રાખવાનું હોય એ બોર્ડ પણ રાખેલ નહોતું. આવી ક્ષતિઓ વ્યાજબી ભાવની દુકાનોમાં જોવા મળેલ જેમાં તપાસ કરી કાર્યવાહી હાથ ધરેલ છે.

શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલી વ્યાજબી ભાવની દુકાનો આવેલી છે અને તેમાં કેટલી ચાર્જથી ચાલે છે?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં માંડલ તાલુકામાં કાયમી દુકાન–૨૮, ચાર્જમાં ચાલતી દુકાન–૪, દેત્રોજ તાલુકામાં કાયમી દુકાન– ૩૩, ચાર્જમાં ચાલતી દુકાન–૭, વિરમગામમાં કાયમી દુકાનો–૬૩, ચાર્જમાં ચાલતી દુકાનો– ૬, સાણંદમાં કાયમી દુકાનો–૬૫, ચાર્જમાં ચાલતી દુકાનો–૯, દસક્રોઇ તાલુકામાં કાયમી દુકાનો–૭૪, ધોળકા તાલુકામાં કાયમી દુકાનો–૮૧ અને ચાર્જમાં ચાલતી દુકાનો–૨, બાવળા તાલુકામાં કાયમી દુકાનો–૫૦, ચાર્જમાં ચાલતી દુકાનો–૨, ધંધુકામાં કાયમી દુકાનો–૪૫, ચાર્જમાં ચાલતી દુકાનો–૪, ધોલેરામાં કાયમી દુકાનો– ૨૪ અને ચાર્જમાં ચાલતી દુકાનો–૩, આમ સમગ્ર અમદાવાદ જિલ્લામાં કુલ ૪૬૩ દુકાનો જે કાયમી ચાલે છે અને ૩૭ દુકાનો ચાર્જમાં ચાલી રહી છે.

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મંત્રીશ્રીને પૂછવા માગું છું કે અમદાવાદ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં સસ્તા અનાજની દુકાનની તપાસણી સમયે કઇ કઇ આવશ્યક ચીજવસ્તુઓ કબજે કરવામાં આવી? અને કબજે કરાયેલ જથ્થામાંથી કેટલી રાજ્યસાત કરવામાં આવી?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો ઉપર પગલાં લીધાં હતાં. એમાં ખાંડ ૯૯ કિલો, કેરોસીન ૨૦૩ લિટર અને મીઠાનો ૪૫ કિલો જથ્થો કબજે લીધો છે. અને સામે જે જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો છે, એમાં અનાજમાં ૩૧૨૧ કિલો, ખાંડ ૯૯ કિલો અને કેરોસીન ૫૧ લિટર અને મીઠું ૯ કિલો એમ ટોટલ ૧૦,૬૫૯ નો ટોટલ જથ્થો રાજ્યસાત કરેલ છે.

ભાવનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોના સરપંચશ્રીઓને ગ્રાન્ટ ફાળવવા બાબત

* ૩૩૦૬૯ શ્રી શિવાભાઇ ગોહિલ (તળાજા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોનાં સરપંચશ્રીઓને તાકીદનાં અને લોકો ઉપયોગ અગત્યનાં કામો માટે કોઇ ગ્રાન્ટ ફાળવવામાં આવે છે, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી રકમ ફાળવવામાં આવી ? | (૨) છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ રકમ ફાળવવામાં આવી. |

| ક્રમ | તાલુકાનું | ફાળવેલ ગ્રાન્ટ (રૂપિયા) | | |
|---|---|---|---|---|
| | નામ | ૨૦૧૫–૧૬ | ૨૦૧૬–૧૭ | કુલ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ભાવનગર | ૫,૧૦,૦૦૦ | ૨,૫૫,૦૦૦ | ૭,૬૫,૦૦૦ |
| ૨ | ઘોઘા | ૩,૬૦,૦૦૦ | ૧,૮૦,૦૦૦ | ૫,૪૦,૦૦૦ |
| ૩ | ગારિયાધાર | ૪,૮૦,૦૦૦ | ૨,૪૦,૦૦૦ | ૭,૨૦,૦૦૦ |
| ૪ | મહુવા | ૧૧,૪૦,૦૦૦ | ૫,૭૦,૦૦૦ | ૧૭,૧૦,૦૦૦ |
| ૫ | તળાજા | ૧૧,૫૦,૦૦૦ | ૫,૭૫,૦૦૦ | ૧૭,૨૫,૦૦૦ |
| ૬ | ઉમરાળા | ૪,૩૦,૦૦૦ | ૨,૧૫,૦૦૦ | ૬,૪૫,૦૦૦ |
| ૭ | વલ્ભીપુર | ૫,૩૦,૦૦૦ | ૨,૬૫,૦૦૦ | ૭,૯૫,૦૦૦ |
| ૮ | પાલીતાણા | ૭,૮૦,૦૦૦ | ૩,૯૦,૦૦૦ | ૧૧,૭૦,૦૦૦ |
| ૯ | શિહોર | ૭,૮૦,૦૦૦ | ૩,૯૦,૦૦૦ | ૧૧,૭૦,૦૦૦ |
| ૧૦ | જેસર | ૪,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ | ૬,૦૦,૦૦૦ |
| | કુલ: | ૬૫,૬૦,૦૦૦ | ૩૨,૮૦,૦૦૦ | ૯૮,૪૦,૦૦૦ |

શ્રી શીવાભાઇ જે. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ ફાળવણી બાબતમાં મારો પ્રશ્ન છે. એમાં પૂર્વ ભૂમિકામાં ૧૯૬૦ થી ૧૯૯૫ સુધી આ ગુજરાતના ગામડાઓને ગ્રામ પંચાયતની અંદર આપણા મુખ્ય પ્રસંગો જેવા કે સ્વતંત્રતા દિવસ અને ગણતંત્ર દિવસ વાર્ષિક આવે છે, ત્યારે પ્રાથમિક શાળામાં ચોકલેટ, મીઠાઇ આપવા માટે સરપંચ પાસે કોઇ જોગવાઇ ન હોય ત્યારે ગામના શ્રેષ્ઠીઓને શોધવા પડે છે. આ સરકારે ચૂંટાયેલા ગ્રામ પંચાયતોના સરપંચોને આ ગ્રાન્ટ ફાળવણીની શરૂઆત કરી છે જે અભિનંદનને પાત્ર છે. એમાં ગ્રાન્ટ ફાળવણી અને ગ્રાન્ટના ઉદેશો શું છે? અને વાર્ષિક ધોરણે કે કયા ધોરણે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે રીતે પ્રશ્ન પૂછ્યો છે. પંચાયતી રાજને ૫૦ વર્ષ પૂર્ણ થયે ૨૯-૯-૨૦૧૨ ના રોજ અત્યારના વડાપ્રધાન અને એ વખતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ સમગ્ર રાજ્યમાંથી સરપંચ સંમેલન મહાત્મા મંદિર ખાતે બોલાવ્યું હતું. આ સરપંચ સંમેલન બોલાવીને રાજ્યના મુખ્યમંત્રી સામે અનેક પ્રશ્નો અગાઉ આવ્યા હતા. આજે ગામડામાં કોઇકને કોઇક સરપંચ હોય, ગામડામાં પાણીની પાઇપલાઇન તૂટી ગઇ હોય તો રિપેર કરવાના પૈસા પંચાયતમાં સરપંચ પાસે સ્વભંડોળની દ્રષ્ટીએ હતા જ નહિ, કોઇ લાઇટ રિપેર કરવાની હોય કે લાઇટ નાખવાની હોય, કોઇ મોટર બગડી ગયેલ હોય આવી બધી સમસ્યા જે તે વખતે હતી. નાની ગ્રામ પંચાયતો પાસે સ્વભંડોળની નહિવત રકમ હોય છે. એ વખતે રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ વિચાર કર્યો કે કયાંકને કયાંક થોડી રકમ માટે ગામના લોકોએ દુઃખી થવું પડે છે. એ જ વખતે રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ નિર્ણય લીધો કે વિકેન્દ્રીકરણમાંથી ૧૦,૦૦૦ રૂપિયા સરપંચને આ ગ્રાન્ટ પેટે આપીએ છીએ. સવાલ એ છે કે ૨૦૦૦ રૂપિયા પાઇપલાઇન રિપેર કરવાના થયા તો તેનું બિલ બનાવીને મંજૂરી લેવી એની કોઇ જરૂર નથી. સરપંચ તરત જ ૨-૩ હજાર ખર્ચી પાઇપલાઇન રિપેર કરે અને ગામના લોકોને પાણી મળવા લાગે. ત્યાર પછી આવતી બેઠકમાં એ બિલ મૂકી શકતા હોય છે. એક સારા વિચાર સાથે મુખ્યમંત્રીએ નિર્ણય લીધો હતો કે નાનાં ગામડાઓની અંદર નાનાં કામ માટે ગામડાની પ્રજા ક્યાંય દુઃખી ન થાય એવા આશય સાથે નિર્ણય લઇને ૧૦,૦૦૦ રૂપિયા ગ્રામ પંચાયતોને આપવાનો નિર્ણય કર્યો હતો.

શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ ગ્રામ પંચાયતોના સરપંચશ્રીને ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. એ યોજના હેઠળ વિવેકાધીન ગ્રાન્ટ ફાળવણીથી ગ્રામ પંચાયત દ્વારા કયા તાકીદનાં કામો કરવામાં આવે છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : મેં હમણા જ વાત કરી કે ગામની અંદર સરપંચને બધા લોકો કહેવા જતા હોય છે. ગામમાં પાણી ન મળે તો સરપંચ પાસે ફરિયાદ જવાની છે, ગામમાં લાઇટ ન હોય તો સરપંચ પાસે ફરિયાદ જતી હોય છે, ગામમાં કચરો-ગંદકી હોય તો સરપંચ પાસે ફરિયાદ જવાની છે. આ ૧૦,૦૦૦ રૂપિયામાંથી પાણીનાં કામ કરી શકશે, લાઇટનાં કામ કરી શકશે, મોટર રિપેર કરી શકશે અને કચરો ઉપાડવો પડે કે કયાંય ગંદકી હોય તો દૂર કરવા માટે ખર્ચ કરી શકશે.

ડો. ટી. ડી. માણીયા : માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત, ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ માટે આ બજેટમાં ૬૭૦૦ કરોડ રૂપિયા જેટલી મોટી રકમ ફાળવવામાં આવી છે ત્યારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, ભાવનગર જીલ્લામાં સરપંચશ્રીઓને ફાળવવામાં આવેલી ગ્રાન્ટ પૈકી વર્ષ ૨૦૧૫-૧૬માં તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોએ કુલ કેટલી રકમનો ખર્ચ કર્યો છે?

## તારાંકિત પ્રશ્નો

શ્રી જયંતિભાઇ રા.કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લાની ગ્રામ પંચાયતોમાં ઘોઘા તાલુકાની પંચાયત ૭ છે, મહુવા તાલુકાની ૨૪ છે, શિહોરમાં ૨૪ છે, ગારીયાધારમાં ૧૪ છે, પાલીતાણામાં ૧૧ છે અને ઉમરાળામાં ૩૯ છે. આમ કુલ ૧૧૦ ગ્રામ પંચાયતોમાં આ ખર્ચ પેટે અને આ રકમમાંથી ૧૦ લાખ ૪૩ હજારનો ખર્ચ કરવામાં આવ્યો છે.

### સાબરકાંઠા જિલ્લામાં તાલુકા પંચાયતના નવીન મકાન માટેની મંજુરી

* ૩૩૧૦૧ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કેટલા તાલુકા પંચાયતનાં નવીન મકાનો માટે મંજુરી આપવામાં આવી, અને | (૧) ૪ (ચાર). |
| (૨) તે માટે સરકાર દ્વારા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલું અનુદાન મંજુર કરવામાં આવેલ છે ? | (૨) કુલ રૂ.૯૬૦ લાખ |

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, સાબરકાંઠા જિલ્લામાં તાલુકા પંચાયતના કેટલા ભવનો મંજૂર કરવામાં આવ્યા છે અને બાકીની તાલુકા પંચાયતના ભવનની પરિસ્થિતિ શું છે?

શ્રી જયંતિભાઇ રા.કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, સાબરકાંઠા જિલ્લાની અંદર આઠ તાલુકા આવેલા છે. આઠ તાલુકામાંથી વિજયનગર, પ્રાંતીજ અને ખેડબ્રહ્મા તાલુકાના મકાનો મંજૂર કરવામાં આવ્યા છે. એક મકાનની વહીવટી મંજૂરી ૨ કરોડ ૪૦ લાખ રૂપિયાની છે. ત્યારપછી અહીં પોશીના નવો તાલુકો બન્યો છે તેનું ભવન પણ મંજૂર કરવામાં આવ્યું છે. સભ્યશ્રીએ બીજો સવાલ પૂછ્યો છે કે અન્ય તાલુકાઓના ભવનની શું પરિસ્થિતિ છે? હિંમતનગર તાલુકો છે તો તેની અંદર જિલ્લા પંચાયતનું ભવન નવું બનેલ છે. પહેલાં જયાં જિલ્લા પંચાયત જૂના ભવનમાં બેસતી હતી તે જિલ્લા પંચાયતના ભવનની પરિસ્થિતિ સારી છે એટલે તે હિંમતનગર તાલુકા પંચાયત માટે આપ્યું છે. ઇડર તાલુકા પંચાયતના ભવનની પરિસ્થિતિ સારી છે.

અધ્યક્ષશ્રી : રીપેર કરવા જેવું છે.

શ્રી જયંતિભાઇ રા.કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપ કહેતા હોવ તો રીપેર શું નવું આપી દઇશું. બીજા ત્રણેય મકાનની પરિસ્થિતિ અમારી દ્રષ્ટિએ સારી છે. આપની લાગણી હશે અને આપે સૂચન કર્યુ છે તો તો તેમાં ચોકકસ હું તપાસ કરાવીશ.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સાહેબશ્રીએ વાત કરી કે તાલુકા પંચાયતના મકાનો નવા બનાવવામાં આવે છે. તો આ મકાનો બનાવવાની યોજના કયારથી ચાલુ થઇ અને તેની યુનિટ કોસ્ટ કેટલી આવે છે? બીજું એ પણ જાણવું છે કે, આ ભવનની અંદર શું શું સવલતો આપવામાં આવે છે?

શ્રી જયંતિભાઇ રા.કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ બે બાબત જાણવાનો વિષય મૂક્યો છે. આ સન્માનનીય ગૃહને જણાવવું છે કે, તાલુકા પંચાયતના ભવનો બનાવવા માટે ૨૦૧૦ની અંદર તે વખતના મુખ્યમંત્રીશ્રીએ ઘણી જગ્યાએ તાલુકા પંચાયતના મકાનો નબળા હતા તેથી આવા ભવનો બનાવવાની યોજના આજના વડાપ્રધાનશ્રી અને તત્કાલિન મુખ્યમંત્રીશ્રીએ મૂકી હતી. તેની યુનિટ કોસ્ટ ૮૦ લાખ રૂપિયાની હતી. ૮૦ લાખ રૂપિયામાં જે રૂપિયા ઘટે તો તાલુકા પંચાયત તેના સ્વભંડોળમાંથી આપે એટલે મંજૂરી આપતા હતા. ત્યારપછી ૨૦૧૪ની અંદર એક ભવનના દોઢ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવતા હતા. ત્યારપછી ૨૦૧૫ની અંદર રાજય સરકારે નિર્ણય લીધો કે તાલુકા પંચાયતનું ભવન બનાવવું હોય તો દરવર્ષે નવું બનતું નથી. પાંચ કે દસ વર્ષે નવું ન બની શકે. પછી આર. એન્ડ બી. પાસેથી પ્લાન બનાવ્યા અને એ પ્લાનના આધારે આજે અમે જે તાલુકા પંચાયતનું ભવન મંજૂર કરીએ છેએ એ રૂા. ૨.૪૦ કરોડના ખર્ચે મંજૂર કરીએ છીએ. માનનીય સભ્યશ્રીએ જે પૂછ્યું છે કે, મકાનની અંદર સુવિધા શું શું આપવામાં આવે છે? તો માનનીય સભ્યશ્રીને જણાવવાનું કે કુલ ૧૨૨૫ ચોરસમીટરનું બાંધકામ કરવામાં આવે છે એમાં ગ્રાઉન્ડ ફ્લોરમાં ૬૧૦ ચોરસમીટર અને ઉપરના માળે ૫૮૦ ચોરસમીટરનું બાંધકામ કરવામાં આવે છે અને એમાં કુલ ૧૧ રૂમો બનાવવામાં આવે છે, એક મીટિંગ હોલ બનાવવામાં આવે છે, જુદી જુદી સગવડ અને જુદી જુદી કચેરીઓનો એમાં સમાવેશ થાય એ રીતે સારી ડિઝાઇન બનાવીને રૂા. ૨.૪૦ કરોડનું મકાન મંજૂર કર્યું છે.

### દાહોદ જિલ્લામાં ૧૪માં નાણાપંચ અંતર્ગત ગ્રામ પંચાયતોને ફાળવેલ ગ્રાન્ટ

* ૩૩૦૯૮ શ્રી રમેશભાઈ કટારા (ફતેપુરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ અંતિત છેલ્લા બે વર્ષમાં ૧૪માં નાણાપંચ અંતર્ગત દાહોદ જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલી ગ્રામ પંચાયતને ગ્રાન્ટ ફાળવવામાં આવી, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની અંતિત છેલ્લા બે વર્ષમાં ૧૪માં નાણાપંચ અંતર્ગત દાહોદ જિલ્લાના ૮ તાલુકાઓની નીચે મુજબની ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ ફાળવવામાં આવી. |

| ક્રમ | તાલુકાનું | વર્ષ ૨૦૧૫–૧૬ | વર્ષ ૨૦૧૬–૧૭ |
|---|---|---|---|

| | નામ | ગ્રામ પંચાયતની સંખ્યા | ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | દાહોદ | ૭૮ | ૭૯ |
| ૨ | ગરબાડા | ૩૮ | ૩૮ |
| ૩ | ઝાલોદ | ૮૧ | ૮૧ |
| ૪ | ફતેપુરા | ૬૬ | ૬૫ |
| ૫ | લીમખેડા | ૧૦૫ | ૧૦૫ |
| ૬ | દે.બારીયા | ૭૮ | ૭૮ |
| ૭ | ધાનપુર | ૫૯ | ૫૯ |
| ૮ | સંજેલી | ૧૮ | ૧૮ |
| | કુલઃ | ૫૨૩ | ૫૨૩ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ ફાળવવામાં આવેલ છે, અને

(૨) તા.૩૧-૧૨-૨૦૧૬ અંતિતની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ રૂ.૧૧૨૩૫.૦૩/- લાખ ફાળવવામાં આવેલ છે.

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમનો ખર્ચ થયો ?

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂ.૫૯૫૦.૮૦/- લાખનો ખર્ચ થયો.

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, દાહોદ જિલ્લામાં ચૌદમા નાણાપંચ અંતર્ગત ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં તાલુકાવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી? અને મારા ફતેપુરા તાલુકામાં ગ્રામ પંચાયતવાર ચૌદમા નાણાપંચની વ્યક્તિદીઠ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવે છે, અને વસતિના ધોરણો શું છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે કે, દાહોદ જિલ્લાની અંદર તાલુકા પંચાયતવાઇસ અને ગ્રામ પંચાયતવાઇસ ચૌદમા નાણાપંચનું કેટલું ફંડ ફાળવવામાં આવ્યું છે? માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે, ૨૦૧૫-૧૬માં દાહોદ તાલુકામાં ૭૮ ગામ છે એમાં ૧૩.૫૭ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે, ગરબાડા તાલુકામાં ૩૮ ગામ છે એના માટે ૭.૫૫ કરોડ, ઝાલોદ તાલુકામાં ૮૧ ગામ છે એના માટે ૧૩.૫૩ કરોડ, ફતેપુરામાં ૬૬ ગામ છે એના માટે ૮.૯૭ કરોડ, લીમખેડામાં ૧૦૫ ગામ છે એના માટે ૯.૮૦ કરોડ, દેવગઢ બારિયામાં ૭૮ ગામ છે એના માટે ૫.૫૩ કરોડ, ધાનપુરમાં ૫૯ ગામ છે એના માટે ૬.૭ કરોડ અને સંજેલીમાં ૧૮ ગામ છે એના માટે ૩.૧૪ કરોડ ફાળવવામાં આવ્યા છે. ૨૦૧૬-૧૭માં દાહોદ તાલુકામાં ૭૮ ગામ છે એના માટે ૮.૮૨ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે, ગરબાડા તાલુકામાં ૩૮ ગામ છે એના માટે ૪.૯૦ કરોડ, ઝાલોદ તાલુકામાં ૮૧ ગામ છે એના માટે ૮.૮૦ કરોડ, ફતેપુરામાં ૬૫ ગામ છે એના માટે ૫.૮૨ કરોડ, લિમખેડામાં ૧૦૫ ગામ છે એના માટે ૬.૩૧ કરોડ, દેવગઢ બારિયામાં ૭૮ ગામ છે એના માટે ૩.૪૯ કરોડ, ધાનપુરમાં ૫૯ ગામ છે એના માટે ૩.૯૩ કરોડ અને સંજેલીમાં ૧૮ ગામ છે એના માટે ૨.૪ કરોડ ફાળવવામાં આવ્યા છે.

શ્રી જેઠાભાઇ ઘે. આહીર(ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે, ચૌદમા નાણાપંચની અંદર જે ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે તેમાં કયા કયા કામો કરી શકાય છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, ચૌદમા નાણાપંચની જે ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે એ ગ્રાન્ટની સાથે જ પરિપત્ર કરવામાં આવ્યો છે એમાં લખ્યું છે કે, ચૌદમા નાણાપંચમાં હાથ ધરવાના કામોની યાદી આ પ્રમાણે છે, પીવાનું પાણી પૂરું પાડવાની યોજના, સેનિટેશનના કામો, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ કચરાના નિકાલ માટેના કામો, ઘન તથા પ્રવાહી કચરાના નિકાલ માટેની જરૂરિયાત મુજબ જગ્યા ગોઠવવાના કામો, વોટર ડ્રેનેજના કામો, આંતરીક રસ્તાના કામો, ગામના મુખ્ય માર્ગ ઉપર ફૂટપાથ બનાવવાના કામો, હાટ બજાર બનાવવાના કામો, પ્રાથમિક શાળામાં ખૂટતી પાયાની સુવિધાના કામો, આંગણવાડી કેન્દ્રોમાં ખૂટતી સુવિધાના કામો, ગુજરાત પંચાયત અધિનિયમ એકટ અને ગ્રામ પંચાયતના કાર્યોની અંદર કોઇ પણ ફરજ બજાવવાના સામૂહિક સુવિધાના કામો, મનરેગા યોજના, કન્વર્ડ મિલકતને ટકાવવા માટેની યોજનાના કામો, વીજકરણના કામો, ટ્રીટલાઇટ વગેરેના કામો, કોમ્યુનિટી સેન્ટરનું કામ, કોમ્યુનિટી સેન્ટરની જાળવણી તથા કબ્રસ્તાન અને સ્મશાન વગેરેના કામો કરવામાં આવે છે.

શ્રી વિંછિયાભાઇ જો. ભૂરિયા : માનનીય અધ્યક્ષશ્રી, તેરમા નાણાપંચની અંદર અને ચૌદમા નાણાપંચની અંદર ગ્રાન્ટ ફાળવણીમાં શો તફાવત છે? અને તેરમા નાણાપંચમાં રાજયમાં કેટલી ગ્રાન્ટ આવી અને ચૌદમા નાણાપંચની અંદર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી છે? એ માનનીય મંત્રીશ્રી પાસેથી મારે જાણવું છે.

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, જે સભ્યશ્રીએ સવાલ પુછ્યો છે કે તેરમા નાણાં પંચમાં કેટલા મળ્યા હતા અને ચૌદમા નાણાં પંચમાં કેટલા મળ્યા હતા. તેરમા નાણાં પંચમાં ૧૭૯૭ કરોડ રૂપિયા આ રાજ્યને મળ્યા હતા. પછી ૧૪મા નાણાં પંચમાં આ દેશના વડાપ્રધાને ગામડાને દિશા આપવા ગુજરાત માટે ૮૬૩૪ કરોડ રૂપિયા આપ્યા છે, આજે સવારે આપણા રાષ્ટ્રીય અધ્યક્ષ કહી રહ્યા હતા કે આ દેશની અંદર નરેન્દ્રભાઇ આવ્યા પછી રાજ્યને અનેકગણું ફંડ મળી રહ્યું

છે. તો આજે હું કહી રહ્યો છું કે, ૧૭૯૭ અને ૮૬૩૪ કરોડ રૂપિયા વચ્ચે કેટલો ડિફરન્સ છે એ જોઇ શકાય છે. પછી એમણે વ્યક્તિગતદીઠનું પુછ્યું તો પાંચ વરસ માટે એક વ્યક્તિને ૪૮૮ લેખે પાંચ વરસ સુધી આ ફંડ ચૌદમા નાણાં પંચનું મળવાનું છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, ચૌદમા નાણાં પંચની ગ્રાન્ટ જે મળે છે એમાં હમણાં એવો પરિપત્ર થયો છે કે બ્લોકના અને રોડના કામ એમાં લેવા નહિ. ગામડું જો ટ્રાયેબલ વિલેજ હોય અને ગામ મોટું હોય તો ગામની અંદર આવા કામો કરવા ખૂબ આવશ્યક હોય તો સરકાર ફરીથી આ અંગે કોઇ નિર્ણય કરવા માગે છે કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : ચૌદમા નાણાં પંચના ૧૫ કામો રાજ્ય સરકારે નક્કી કર્યા છે, એ ૧૫ કામોનો નિર્ણય કર્યા પછી કોઇપણ કામનો સુધારો કે ઉમેરો કરવામાં આવ્યો જ નથી, જે ૧૫ કામો લેવાના છે એ લઇ શકાય છે પણ આપ જે કહી રહ્યા છો એ વાત તમે અમારા ધ્યાને મૂકશો અને અમને એમ લાગશે કે જરૂરિયાત છે તો એ મુજબ એ કામ કરવા માટે અમે આગળ સૂચન કરીશું.

અમદાવાદ જિલ્લામાં ડોર ટુ ડોર કલેક્શન યોજના

* ૩૩૦૬૮ શ્રી રાકેશભાઈ શાહ (એલિસબ્રીજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત ડોર ટુ ડોર કલેક્શન યોજના ક્યા વર્ષથી અમલમાં આવી, અને

(૨) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોને આ યોજના અંતર્ગત ગ્રાન્ટ આપવામાં આવી ?

જવાબ

(૧) આ યોજના સને: ૨૦૧૪–૧૫ થી અમલમાં આવેલ છે.

(૨) કુલ: ૪૬૨ (ચારસો બાંસઠ)

છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર નીચેની વિગતે આ યોજના અંતર્ગત ગ્રાન્ટ આપવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | દસક્રોઇ | ૬૧ |
| ૨ | સાણંદ | ૬૮ |
| ૩ | વિરમગામ | ૬૭ |
| ૪ | માંડલ | ૩૬ |
| ૫ | દેત્રોજ | ૪૬ |
| ૬ | બાવળા | ૪૭ |
| ૭ | ધોળકા | ૬૫ |
| ૮ | ધંધુકા | ૪૧ |
| ૯ | ધોલેરા | ૩૧ |
| | કુલ: | ૪૬૨ |

શ્રી રાકેશભાઇ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સ્વચ્છતા મિશન અંતર્ગત અમદાવાદ જિલ્લામાં ડોર ટુ ડોર ગારબેજ કલેકશનની યોજના હેઠળ ૨૦૧૬ અને ૨૦૧૭માં તાલુકાવાર કુલ કેટલી ગ્રામ પંચાયતોને સપ્ટેમ્બર, ૨૦૧૬ સુધીમાં કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : આ યોજનામાં ૨૦૧૬–૧૭માં અમદાવાદમાં માંડલ તાલુકામાં ૩૬ ગામો છે ત્યાં ૮,૪૪,૦૦૦ ચૂકવવામાં આવ્યા છે, દેત્રોજ તાલુકામાં ૪૬ ગામો છે ત્યાં ૯,૩૩,૦૦૦ ચૂકવવામાં આવ્યા છે, વિરમગામ તાલુકામાં ૬૭ ગામો છે ત્યાં ૧૬,૫૦,૦૦૦ ચૂકવવામાં આવ્યા છે, સાણંદ તાલુકામાં ૬૮ ગામો છે ત્યાં ૨૩,૫૬,૦૦૦ ચૂકવવામાં આવ્યા છે, દસક્રોઇ તાલુકામાં ૬૧ ગામો છે ત્યાં ૨૯,૯૮,૦૦૦ ચૂકવવામાં આવ્યા છે, ધોળકા તાલુકામાં ૬૫ ગામો છે ત્યાં ૨૦,૨૬,૦૦૦ ચૂકવવામાં આવ્યા છે, બાવળા તાલુકામાં ૪૭ ગામો છે ત્યાં ૧૪,૬૪,૦૦૦ ચૂકવવામાં આવ્યા છે, ધંધૂકા તાલુકામાં ૪૧ ગામો છે ત્યાં ૮,૫૩,૦૦૦ ચૂકવવામાં આવ્યા છે, ધોલેરા તાલુકામાં ૩૧ ગામો છે ત્યાં ૬,૨૯,૦૦૦ ચૂકવવામાં આવ્યા છે, આમ કુલ ૪૬૨ ગામો છે અને કુલ ૧.૩૭ કરોડ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે પણ આમાં છ મહિનાના હપ્તા તરીકે ચૂકવ્યા છે અને છ મહિનાનો હપ્તો હજી ચૂકવવાનો બાકી છે.

શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ ડોર ટુ ડોર ગારબેજ કલેકશનની યોજના છે એ ખૂબ સારી યોજના છે એના ઉદ્દેશો શું શું છે અને એમાં તબક્કાવાર કોઇ ફેરફાર થયેલા છે કે કેમ? કોઇ નવા ઉમેરા થયા હોય તો એ બાબતે હું જાણવા માગું છું.

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાનો ઉદેશ્ય આ દેશના વડાપ્રધાનનો ઉદેશ્ય સ્વચ્છતા અભિયાનનો જે નારો આપ્યો છે કે મારું ગામડુ સ્વચ્છ સારું રહે, ગામડામાં ચોખ્ખાઇ રહે, ગામડામાં રોગચાળો ઓછો આવે જેના કારણે આ યોજના એ હેતુ સાથે જોડી છે. ૨૦૧૪–૧૫ની અંદર આ યોજના જયારે આપણે દાખલ કરી ત્યારે ૫ હજાર ઉપરની વસતિના ગામોને જ આ યોજના લાગુ પડતી હતી. ત્યાર પછી ૨૦૧૫–૧૬ની અંદર ૨ હજારથી ઉપરના ગામોને આ યોજના લાગુ કરવામાં આવી છે. અને ત્યાર પછી આ છેલ્લા વર્ષે ૨૦૧૬–૧૭ની અંદર સો ટકા જન સંખ્યા ૩ કરોડ

૬૬ લાખની ગ્રામ્ય જનતા જે છે તેને પર મન્થ ૨ રૂપિયા વ્યકિતદીઠ ચૂકવવામાં આવે છે અને આમાંથી અનેક સરપંચો ગામની સારી સફાઇ રાખે છે.

શ્રી જગદીશભાઇ ઈ. પંચાલ : માનનીય અધ્યક્ષશ્રી, જેમ માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇએ અને રાષ્ટ્રીય અધ્યક્ષશ્રીએ જે રીતે સમગ્ર દેશમાં સફાઇ અભિયાન ચાલુ કર્યુ છે તો મારે મંત્રીશ્રીને પૂછવું છે કે આ વખતે ૨૦૧૭માં દરેક ૧૮૨એ ૧૮૨ વિધાનસભામાં કોંગ્રેસનું સફાઇ અભિયાન આપણે કરવાના છીએ કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, એમાં તો આપ જાણો જ છો કે આખા દેશમાં આ ઉત્તરપ્રદેશથી ચાલ્યુ આવે છે અને એટલે અહીંયા સો ટકા ૨૦૧૭ની અંદર સફાઇ થઇ જશે.

વલસાડ જિલ્લામાં તાલુકા પંચાયતના નવીન મકાન માટેની મંજૂરી

* ૩૩૦૯૯ શ્રી કનુભાઈ દેસાઇ (પારડી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કેટલા તાલુકા પંચાયતનાં નવીન મકાન માટે મંજૂરી આપવામાં આવી, અને | (૧) ૨ (બે). |
| (૨) તે માટે સરકાર દ્વારા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલું અનુદાન મંજુર કરવામાં આવેલ છે ? | (૨) ૩.૪૮૦.૦૦ લાખ |

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, વલસાડ જિલ્લામાં તાલુકા પંચાયતના બીજા મકાનોની સ્થિતિ શું છે ?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ જિલ્લો છ તાલુકાનો જિલ્લો છે અને એની અંદર ધરમપુર, ઉંમરગામ અને નવો તાલુકો જે બન્યો છે તે વાપી. ત્રણે ત્રણના મકાનો મંજૂર કરી દીધા છે બે મકાનોના કામ ચાલુ છે અને ૨ કરોડ ૪૦ લાખના ખર્ચે ત્રણે મકાનો મંજૂર કર્યા છે. બાકીનું વલસાડની અંદર પંચાયતનું મકાન સારું છે આજે પારડીની અંદર જે મકાન છે તેની પણ થોડુંક તમે કહ્યું તેમ રીપેરીંગ માગે છે એમાં અમે સરવે કરીએ છીએ અને મંગાવીએ છીએ પણ પંચાયત વિભાગની અંદર પંચાયત ભવન કયાંય પણ નબળું ના રહે રિપેર કરવુ પડે તો રિપેર કરીને પણ સારું બનાવીશું. તાલુકાના ભવનને તાલુકાની જનતા તેનો સારી રીતે ઉપયોગ કરી શકે એવો અમારો આશય છે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, આપણાં તાલુકા પંચાયતના મકાનો હોય કે જિલ્લા પંચાયતના મકાનો હોય તે કોર્પોરેટ ટાઇપ હવે તો થઇ ગયા છે તેમાં હું સંમત છું અને અભિનંદન પણ આપું છું. પરંતુ આમાં જે ભવનની પસંદગી, જગ્યાની પસંદગી કેવી રીતે થાય અને તેમાં અત્યારે જે આ ભવન બનાવ્યાં છે તે ઓરીજીનલ જગ્યા ઉપર હતા કે પછી આપણે ખરીદીને આ ભવન બનાવ્યાં છે તે મારે જાણવું છે.

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, તાલુકાનું ભવન બનાવવાનું હોય તો તાલુકાના ત્યાંના સમાજ જીવનના લોકો હોય છે, અમારા ડી.ડી.ઓ.હોય છે, જિલ્લાના વહીવટી વડા કલેકટર હોય છે આ બધા લોકો સ્થળ સ્થિતિ અનુકૂળ શોધી અને તેમાંથી પસંદ કરતા હોય છે કે આ જગ્યાએ ભવન બનાવવાથી ગામના લોકોને નજીક પડશે અને ગામના લોકોને સારી સગવડતા મળશે આવા આશય સાથે પસંદગી થતી હોય છે.

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું છું કે મારા ઉંમરગામનો પ્રશ્ન અહીંયા આવે છે. તાલુકા પંચાયતની કચેરી જર્જરિત હતી અને તે નવી બનાવી છે એટલે ૨ કરોડ અને ૮૫ લાખ રૂપિયા મંજૂર થયા છે. મારો પ્રશ્ન માનનીય મંત્રીશ્રીને એ પ્રકારનો છે કે જે અધિકારીઓના રહેણાંકના મકાનો છે તે ખૂબ જર્જરિત થઇ ગયેલાં છે તો તમે તેને પ્લાનમાં લેવા માગો છો કે કેમ ?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, જે રહેણાંકના મકાનો બનાવવાના હોય તે જુદી બાબત આવે છે અને તેની જુદી જોગવાઇ છે. આ પંચાયતની જુદી જોગવાઇ છે પણ માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે કે ૨ કરોડ ૮૫ લાખ મંજૂર કર્યા છે તો હું સ્પષ્ટતા એ કરવા માગુ છું કે તેના ૨ કરોડ ૪૦ લાખ કે ૨૦૧૫ની અંદર એસ.ઓ.આર.માં ૨૦ ટકાનો ભાવ ઘટાડો થયો એના કારણે આખા રાજ્યની અંદર ૨ કરોડ અને ૮૫ લાખ જ્યારે મંજૂર કર્યા હતા ત્યારે એના ટેન્ડર બહાર પડી ગયા અને કામગીરી ચાલુ હોય એમાં સુધારો નથી કર્યો બાકીના બધામાં સુધારો કરીને બે કરોડ ૪૦ લાખ લેખે ભવનની કિંમત ગણવામાં આવે છે.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તાલુકા પંચાયતમાં મકાન બનાવવાની યોજના ક્યારથી અમલમાં આવી અને યુનિટ કોસ્ટમાં કોઇ ફેરફાર થયેલ છે કે કેમ?

શ્રી જયંતિભાઇ રા.કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના તા.૩/૭/૨૦૧૦માં અમલમાં આવી અને એમાં યુનિટ કોસ્ટ પહેલાં ૮૦ લાખ હતી ત્યારપછી દોઢ કરોડ થયા ત્યારપછી ૨ કરોડ અને ૮૫ લાખ થયા અને છેલ્લે ૨ કરોડ અને ૪૦ લાખ થયા. હું આપના માધ્યમથી બધા સભ્યોના ધ્યાન પર મૂકવા માગું છું કે, તાલુકા પંચાયતનું સ્વભંડોળ ૫૦ લાખ રૂપિયા હોય તો એનું ભવન મંજૂર કરવું નહિ એવો જે તે વખતે પરિપત્ર હતો પણ રાજ્ય સરકારે આ ૫૦ લાખની મર્યાદા તાલુકા પંચાયતના ભવન માટે દૂર કરી છે. જિલ્લા પંચાયતનું સ્વભંડોળ ૧ કરોડ રૂપિયા હોય તો એનું ભવન મંજૂર કરવા માટેના

પરિપત્રના આધારે મંજૂર નહોતું થતું પણ રાજ્ય સરકારે આ ૧ કરોડની મર્યાદા કાઢી નાખી છે. કામરેજ તાલુકા ભવનને મંજૂર કર્યુ એમાં આ મર્યાદા દૂર કરવી પડી હતી અને ત્યારથી આ શરૂ થયું છે.

અમદાવાદ શહેરમાં વ્યાજબી ભાવની દુકાનોની તપાસ

* ૩૩૦૫૭ શ્રી અરવિંદકુમાર પટેલ (સાબરમતી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં તા.૩૧–૧૨–૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વ્યાજબી ભાવની દુકાનોની કેટલી તપાસો કરવામાં આવી છે, | (૧) અમદાવાદ શહેરમાં તા.૩૧–૧૨–૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વ્યાજબી ભાવની દુકાનોની ૨૧૬ તપાસો કરવામાં આવી છે. |
| (૨) કેટલી દુકાનોમાં અનિયમિતતા જોવા મળી, અને | (૨) તે પૈકી ૬૩ દુકાનોમાં અનિયમિતતા જોવા મળી. |
| (૩) તે અન્વયે શું પગલાં લીધા ? | (૩) તે અન્વયે નીચે મુજબના પગલા લેવામાં આવ્યા.<br>(૧) રૂ.૨૪,૧૭૪/– ની કિંમતનો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો.<br>(૨) રૂ.૧,૨૯,૫૦૦/– પરવાના અનામત રાજ્યસાત કરવામાં આવી.<br>(૩) રૂ.૫૯,૫૭૫/– દંડ કરવામાં આવ્યો.<br>(૪) ૧૫ (પંદર) પરવાના મોકુફ કરવામાં આવ્યા.<br>(૫) ૦૩ (ત્રણ) પરવાના રદ કરવામાં આવ્યા. |

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, રાજ્યમાં પુરવઠા તંત્ર દ્વારા તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ કુલ કેટલા પરવાનેદારો અને બિનપરવાનેદારોની તપાસ કરવામાં આવી અને આ પરવાનેદારો અને બિનપરવાનેદારોમાં તપાસ દરમિયાન એમની સામે જે ક્ષતિઓ જણાઇ તેમની સામે શું શું પગલાં લેવામાં આવ્યા?

શ્રી જયેશકુમાર વિ.રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં પુરવઠા તંત્ર દ્વારા પરવાનેદાર અને બિનપરવાનેદારની જે તપાસ કરવામાં આવી અને એમાં જે ક્ષતિઓ જણાતી હોય તો તેમાં પુરવઠા તંત્રએ લીધેલ પગલામાં કુલ ૧૦,૨૨૧ તપાસ કરવામાં આવી. એમાં રૂ.૧૦ કરોડ અને ૬૫ લાખની કિંમતનો જથ્થો કબજે લેવામાં આવ્યો. રૂ.૧ કરોડ અને ૩૯ લાખની કિંમતનો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો. ૪૪ લાખ ૭૧ હજારના પરવાના રાજ્યસાત કરવામાં આવ્યા અને ૧ કરોડ સાત લાખનો દંડ કરવામાં આવ્યો અને સાથે–સાથે ૩૯૪ પરવાના મોકૂફ કરવામાં આવ્યા. ૯૩ પરવાના રદ કરવામાં આવ્યા. ૧૯ પરવાના ઉપર કોર્ટ કેસ કરવામાં આવ્યો અને આ દરમિયાન ૨૦ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી અને સાથે સાથે ૧૨ વ્યક્તિઓ ઉપર પી.બી.એમ.નો કેસ દાખલ કરવામાં આવ્યો અને ધરપકડ કરવામાં આવેલ વ્યક્તિઓની સંખ્યા ૧૨ છે.

શ્રી હસમુખભાઇ સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં જણાવ્યું છે કે, તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ ૨૧૬ વ્યાજબી ભાવની દુકાનોની તપાસ કરવામાં આવી. હું આપના માધ્યમથી જાણવા માગુ છું કે, આ તપાસમાં કઇ–કઇ પ્રકારની અનિયમિતતા જાણવા મળેલ છે.

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, જે દુકાનોની તપાસ કરવામાં આવી એમાં જે અનિયમિતતા જોવા મળી છે એમાં વિતરણ પ્રમાણ અંગેનું તથા ભાવ જથ્થાનું બોર્ડ નિભાવેલ નથી. આવશ્યક ચીજ–વસ્તુઆના નમૂનાઓ રાખવામાં આવેલ ન હતા. રેશનકાર્ડમાં નોંધ કર્યા સિવાય અનઅધિકૃત રીતે જથ્થો વગે કરવામાં આવેલ હતો. દુકાનમાં બી.પી.એલ. અને એ.પી.એલ. કાર્ડ ધારકોની યાદી પ્રસિદ્ધ કરેલ ન હતી. તોલમાપ પ્રમાણપત્ર રજૂ કરેલ નહોતું. N F S A ૨૦૧૩ના કાયદા અન્વયે લાભાર્થીઓની યાદી પ્રસિદ્ધ કરેલ ન હતી. ખોટા વેચાણ બિલો બનાવીને જથ્થો વગે કરેલ હતો. હાજર જથ્થાની ખરાઇ કરતાં જથ્થામાં વધઘટ જોવા મળેલ હતી અને જાહેર વિતરણ યોજનાના કેરોસીનના સંગ્રહ કરવા માટેના બેરલ ઉપર દુકાનનું નામ, સરનામુ અને પરવાના નંબર પ્રિન્ટ કરાવેલ ન હતા એટલે આ ક્ષતિઓ જે જોવા મળી હતી એના અનુસંધાને નિર્ણય કરીને દુકાનોમાં તપાસ કરવામાં આવી અને ક્ષતિઓ હતી એની ઉપર પગલાં લીધેલાં હતાં.

શ્રી રાકેશભાઇ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તા. ૩૧.૧૨.૧૬ની સ્થિતિએ જે છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેરની જે દુકાનોની તપાસણીમાં કેટલા કેસ કર્યા,એ પૈકી કેટલા કેસોનો નિકાલ થયો અને કેટલા કેસો નિકાલ કરવાના બાકી છે?

શ્રી જયેશકુમાર વિ.રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૩૧.૧૨.૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૨૧૬ દુકાનોની તપાસ કરવામાં આવી હતી. એ પૈકી ૬૧ દુકાનો ક્ષતિવાળી જોવા મળેલ હતી. ૨૧૬ દુકાનો પર તપાસ કરતાં ૬૧ કેસોનો નિકાલ કરવામાં આવ્યો હતો અને બે કેસોનો નિકાલ કરવાનો બાકી છે અને ૧૫૩ દુકાનો હતી એમાં ક્ષતિ માલૂમ પડી ન હતી. જે બે કેસો બાકી છે એનો નિકાલ તાત્કાલિક કરવામાં આવશે.

## ૩૦મી માર્ચ, ૨૦૧૭
## તારાંકિત પ્રશ્નો

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ઝીરો થી સોળના જે બીપીએલ ધારકો છે એના રેશનકાર્ડની અંદર જે સિક્કો મારેલો નથી હોતો એટલે કે સ્ટેમ્પીંગ કરેલું નથી હોતું એટલે અનાજ નથી મળતું. આજે એક વ્યક્તિદીઠ પાંચ કિલો અનાજ મળે છે પણ આવો જો સ્ટેમ્પ ના થયેલો હોય તો એ અનાજ નથી મળતું અને ત્યારે એણે મામલતદારકક્ષાએ જવું પડતું હોય છે. આ મામલતદારકક્ષાએ ગયા પછી ૨૦ દિવસ કે ૨૫ દિવસ પછી એ સિક્કો મારીને પાછું આવે છે તો આ સમય મર્યાદા ઓછી કરીને એક વીકની અંદર આ રેશનકાર્ડ મળી જાય એવી કોઇ વ્યવસ્થા કરવા માગો છો કે કેમ?

શ્રી જયેશકુમાર વિ.રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, લાભાર્થીને સમયસર અનાજ મળે એ માટે સમગ્ર રાજયની અંદર આખી પ્રક્રિયા ગોઠવી છે. જે લાભાર્થીઓ પાસે રેશનકાર્ડ હોય એને મહિનાની શરૂઆતમાં...

અધ્યક્ષશ્રી : સેવા સેતુમાં તો સવારે આપે અને સાંજે મળી જાય એવું હોય છે ને!

શ્રી જયેશકુમાર વિ.રાદડીયા : હા, એમાં આપીએ છીએ અને આખી એક પ્રક્રિયા ગોઠવી છે કે મહિનાની શરૂઆતમાં જ લાભાર્થીઓને અનાજનો જથ્થો મળી જાય. સેવા સેતુમાં કાર્ડ સાંજે આપી દઇએ છીએ સાહેબ અને જે અંગુઠા માટે આપણે આખી સિસ્ટમ બનાવેલી છે. એમાં કોઇ મોટી ઉંમરના હોય અને ક્યાંય ખામી રહી ગઇ હોય, અંગુઠા ન આવતા હોય એમને પણ પેલા વીસ દિવસ પછીનો નિર્ણય, એમાં પણ એમને દસ તારીખ પછી અનાજ આપવાનો નિર્ણય થયો છે અને દસ તારીખ પછી પણ એને અનાજ આપી દઇએ છીએ.

### સુરત જિલ્લામાં તલાટી તથા નિવૃત્ત કર્મચારી/અધિકારીની મિટીંગો માટે ચુકવેલ રકમ

* ૩૩૦૭૨ શ્રી ઇશ્વરભાઇ પરમાર (બારડોલી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં ગ્રામ પંચાયતના સંકલિત વિકાસ અને ગામની વિકાસ પ્રવૃત્તિ માટે મળનાર તલાટી તથા નિવૃત્ત કર્મચારી/ અધિકારીની મિટિંગો માટે થનાર સરભરા ખર્ચ માટે તાલુકાવાર કેટલી રકમ ચુકવવામાં આવી, અને

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ રકમ ચૂકવવામાં આવી.

| તાલુકાનું નામ | ફાળવેલ ગ્રાન્ટ | | કુલ ફાળવેલ ગ્રાન્ટ |
|---|---|---|---|
| | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ | |
| ઓલપાડ | ૧,૪૪,૦૦૦ | ૨,૮૮,૦૦૦ | ૪,૩૨,૦૦૦ |
| ચોર્યાસી | ૬૩,૦૦૦ | ૧,૨૩,૦૦૦ | ૧,૮૬,૦૦૦ |
| બારડોલી | ૧,૧૪,૦૦૦ | ૨,૨૮,૦૦૦ | ૩,૪૨,૦૦૦ |
| કામરેજ | ૮૮,૫૦૦ | ૧,૭૭,૦૦૦ | ૨,૬૫,૫૦૦ |
| પલસાણા | ૬૭,૫૦૦ | ૧,૩૨,૦૦૦ | ૧,૯૯,૫૦૦ |
| માંડવી | ૧,૨૯,૦૦૦ | ૨,૫૮,૦૦૦ | ૩,૮૭,૦૦૦ |
| મહુવા | ૯૩,૦૦૦ | ૧,૮૬,૦૦૦ | ૨,૭૯,૦૦૦ |
| માંગરોળ | ૧,૦૨,૦૦૦ | ૨,૦૪,૦૦૦ | ૩,૦૬,૦૦૦ |
| ઉમરપાડા | ૪૯,૫૦૦ | ૯,૯૦૦૦ | ૧,૪૮,૫૦૦ |

(૨) આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી મિટીંગો યોજવામાં આવી ?

(૨) છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ મિટીંગ યોજવામાં આવી.

| તાલુકાનું નામ | થયેલ મિટીંગ | | કુલ |
|---|---|---|---|
| | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ | |
| ઓલપાડ | ૯૬ | ૯૬ | ૧૯૨ |
| ચોર્યાસી | ૪૨ | ૪૧ | ૮૩ |
| બારડોલી | ૭૬ | ૭૬ | ૧૫૨ |
| કામરેજ | ૧૧૮ | ૧૭૭ | ૨૯૫ |
| પલસાણા | ૮૮ | ૮૮ | ૧૭૬ |
| માંડવી | ૧૭૨ | ૧૭૨ | ૩૪૪ |
| મહુવા | ૬૨ | ૧૨૪ | ૧૮૬ |
| માંગરોળ | ૬૮ | ૬૮ | ૧૩૬ |
| ઉમરપાડા | ૯૯ | ૬૬ | ૧૬૫ |

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, સુરત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ગ્રામ પંચાયતના સંકલિત વિકાસ અને ગામની વિકાસ પ્રવૃત્તિ માટે મળનાર તલાટી અને નિવૃત્ત અધિકારીઓ– કર્મચારીઓની મિટિંગો માટે તાલુકાવાર કેટલો ખર્ચ થયેલ છે?

શ્રી જયંતિભાઇ રા.કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, ગામની અંદર કોઇપણ કર્મચારી વગેરે નોકરી કરતા હોય પછી એ કર્મચારી નિવૃત્ત થાય એટલે સ્વાભાવિક રીતે જ બધાના મનમાં ગામમાં સારૂ કરવાની ઇચ્છા કોઇપણના મનમાં પોતાની જન્મભૂમિ માટે હોય છે. આ યોજના એવી છે કે, અમે વર્ષે ત્રણ હજાર રૂપિયા આપીએ છીએ. એ પહેલી મેએ એક હજાર રૂપિયા

આપીએ છીએ ૨૬ જાન્યુઆરીએ આપીએ છીએ અને દિવાળીના દિવસે દિવાળીએ કાર્યક્રમ કરવા માટે, આમ, ત્રણ વખત વર્ષમાં ત્રણ હજાર રૂપિયા આપીએ છીએ. ગામના લોકોને બોલાવવાના, ગામના નિવૃત્ત કર્મચારી શિક્ષક હોય, તલાટી હોય પછી જેને ગામ માટે સારૂ કરવાની અપેક્ષા હોય, પોતે વ્યક્તિગત ગામનું સારૂ કામ કરવા માટે ઇચ્છતો હોય એવા તમામ લોકોની મીટીંગ કરવાની અને એ મીટીંગ પેટેનો રાજ્ય સરકાર એક હજાર રૂપિયા ખર્ચ આપે છે અને વર્ષની અંદર આવી ત્રણ મિટિંગો કરવામાં આવે છે.

વડોદરા જિલ્લામાં ખાદ્યતેલના જથ્થાનું વિતરણ

* ૩૩૦૬૨ શ્રીમતી મનિષા વકીલ (વડોદરા શહેર) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં રાહતદરે ખાદ્યતેલના કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં રાહતદરે નીચે મુજબની વિગતે ખાદ્યતેલના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે. |

| ખાદ્યતેલનો પ્રકાર | વિતરણ કરેલ જથ્થો ૧–લિટર પાઉચ (નંગ) |
|---|---|
| રીફાઇન્ડ કપાસીયા તેલ | ૫,૩૬,૬૧૬ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ક્યા કુટુંબોને વિતરણ કરવામાં આવ્યું, | (૨) અંત્યોદય અને બી.પી.એલ. કુટુંબોને વિતરણ કરવામાં આવ્યું. |
| (૩) ક્યા ભાવે વિતરણ કરવામાં આવ્યું, અને | (૩) પ્રતિ લીટર રૂ.૪૮.૦૦ના ભાવથી વિતરણ કરવામાં આવ્યું. |
| (૪) તે અન્વયે રાજ્ય સરકારે કેટલી સબસીડી ભોગવી ? | (૪) તે અન્વયે રાજ્ય સરકારે રૂ.૧,૬૭,૮૯,૧૦૧.૦૦ની સબસીડી ભોગવેલ છે. |

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, તા. ૩૧.૧૨.૨૦૧૬ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં માસવાર કેટલા લિટર રિફાઇન્ડ કપાસીયા તેલનું વિતરણ કરવામાં આવ્યું અને તેમાં કેટલી સબસિડી રાજય સરકાર દ્વારા ભોગવવામાં આવી?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : આ રાજયમાં કપસીયા તેલનું વિતરણ બે વખત તહેવારો ઉપર કરવામાં આવતું હતું. પરંતુ માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ કહ્યું કે શ્રાવણ મહિનામાં તથા દિવાળીના બદલે વર્ષમાં ચાર વખત કપાસીયા તેલનું રાહતદરે વિતરણ કરવામાં આવે. એ રીતે સમગ્ર રાજયમાં અંત્યોદય અને બીપીએલ કાર્ડ ઉપર વર્ષમાં ચાર વખત કપાસીયા તેલનું રાહત દરે વિતરણ કરવામાં આવે છે. વડોદરામાં જુલાઇ–૨૦૧૬માં ૧,૩૩,૬૨૦ લિટર પાઉચનું વિતરણ કરવામાં આવેલ હતું. એ જ રીતે ઓગષ્ટ મહિનામાં ૧,૩૬૭૫૨ પાઉચ, સપ્ટેમ્બર, ૨૦૧૬માં ૧,૩૫,૫૮૮ પાઉચ અને ઓકટોબર મહિનામાં ૧,૩૦,૬૫૬ લિટર પાઉચનું વિતરણ કરવામાં આવેલ હતું. આ રીતે કુલ જોઇએ તો ૫,૩૬,૬૧૬ લિટર પાઉચનું વિતરણ કરવામાં આવેલ હતું. એ જ રીતે સરકારે જે સબસિડી આપી એ જણાવું તો જુલાઇ,૨૦૧૬માં પ્રતિ લિટરે ૨૯ રૂપિયા, ઓગષ્ટ,૨૦૧૬માં પ્રતિ લીટરે ૩૪ રૂપિયા,સપ્ટેમ્બર,૨૦૧૬માં પ્રતિ લીટરે ૨૯ રૂપિયા, ઓકટોબર,૨૦૧૬માં પ્રતિ લીટરે ૩૪ રૂપિયા સબસિડી આપવામાં આવેલ હતી. એ રીતે ચાર માસ દરમિયાન ૧,૬૭,૮૯,૧૦૧ની સબસિડી આપવામાં આવી હતી. આ રીતે ગરીબ પરિવારોને વર્ષમાં ચાર વખત રીફાઇન્ડ કપાસીયા તેલનું વિતરણ કરવામાં આવ્યું છે.

શ્રી યોગેશભાઇ ના. પટેલ : વડોદરા જિલ્લામાં અંત્યોદય અને બી.પી.એલ.કાર્ડ ધારકોની સંખ્યા કેટલી છે?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : વડોદરા જિલ્લામાં એપ્રિલ,૨૦૧૬ની અંત્યોદય યોજના ચાલુ કરવામાં આવી હતી એટલે એપ્રિલ,૨૦૧૬થી ફેબ્રુઆરી,૨૦૧૭ની સ્થિતિએ જોઇએ તો ફેબ્રુઆરીમાં એપીએલ–૧ ૧,૪૬૩૮૫, એપીએલ–૨માં ૪૦૫૯ અને બીપીએલ ૧,૭,૦૯૭ જયારે અંત્યોદયમાં ૩૧૨૧૫ એમ કુલ ટોટલ જોઇએ તો ફેબ્રુઆરી,૨૦૧૭ની સ્થિતિએ ૨,૮૨,૪૫૬ થાય છે.

મહેસાણા જિલ્લામાં પંચાયતમાં તલાટી કમ મંત્રીનું મંજૂર મહેકમ

* ૩૩૦૯૧ શ્રી નારાયણભાઈ પટેલ (ઉંઝા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ મહેસાણા જિલ્લા પંચાયતમાં તલાટી કમ મંત્રીનું મંજુર થયેલ મહેકમ કેટલું છે, | (૧) ૪૯૨ |
| (૨) તે પૈકી ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યા ખાલી છે, અને | (૨) |

| વર્ષ ૨૦૧૪ દરમ્યાન ભરાયેલ જગ્યા | વર્ષ ૨૦૧૫ દરમ્યાન ભરાયેલ જગ્યા | તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ખાલી જગ્યા |
|---|---|---|
| ૪૮ | ૯૨ | ૧૧૬ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉક્ત તમામ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ? | (૩) ૧૦ વર્ષિય ભરતી કેલેન્ડર મુજબ |

## ૩૦મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

શ્રી નારાયણભાઇ લ. પટેલ : મહેકમ ઘણું બધું ખાલી છે. કુલ ૪૯૨નું મહેકમ છે એની સામે જગ્યાઓ ઘણી બધી ખાલી છે. આપણે દસ વર્ષનું ભરતી કેલેન્ડર બનાવેલ છે. તો છેલ્લા ત્રણ વર્ષમાં તબક્કાવાર કેટલી ભરતી કરવામાં આવી અને કેટલા સમયમાં આ ભરતી પ્રક્રિયા પૂરી કરવામાં આવશે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : મારે માનનીય સભ્યશ્રીના ધ્યાને મૂકવું છે કે તલાટી કમ મંત્રીની ૪૯૨ કુલ જગ્યાઓ છે એમાં ભરાયેલી જગ્યાઓ ૩૭૬ છે એની સામે ૧૧૬ જગ્યાઓ ખાલી છે. એમાં ૯૦ લોકોની ટૂંક સમયમાં એટલે કે ૧૫-૨૦ દિવસમા જ નિમણૂંક કરી દેવામાં આવશે એમને ઓર્ડર આપી દેવામાં આવશે. મારે આ સન્માનનીય સભાગૃહનું ધ્યાન દોરવું છે કે છેલ્લા દોઢ વર્ષમાં ૫૪ લોકોએ રાજીનામા આપીને અન્ય નોકરીઓમાં જોડાયા છે.આ વાત હું એટલા માટે ધ્યાને મૂકું છું કે ૧૧૬ જગ્યાઓની ઘટ છે એની સામે ૫૪ લોકોએ રાજીનામા આપીને કોઇ કલાર્કમાં જોડાયા છે, કોઇ શિક્ષકમાં જોડાયા છે એટલે આ બધા લોકોએ રાજીનામા આપ્યા છે એના લીધે આ જગ્યાઓ ખાલી છે. પરંતુ આ ૧૧૬ પૈકીની ૯૦ જગ્યાઓ ટૂંક સમયમાં ભરાઇ જશે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

### અતારાંકિત પ્રશ્નો

### (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### વડોદરા જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનો

* ૩૩૦૫૯ શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા (સયાજીગંજ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વ્યાજબી ભાવની દુકાનોની કેટલી તપાસો કરવામાં આવી છે,

(૨) કેટલી દુકાનોમાં અનિયમિતતા જોવા મળી, અને

(૩) તે અન્વયે શું પગલાં લીધા ?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૧૩૭ વ્યાજબી ભાવની દુકાનોની તપાસો કરવામાં આવી છે.

(૨) તે પૈકી ૧૩૭ દુકાનોમાં અનિયમિતતા જોવા મળી.

(૩) તે અન્વયે ૧૦૩ દુકાનોમાં નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા.

(૧) રૂ. ૧૨,૦૪,૫૦૩/-ની કિંમતનો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો.

(૨) રૂ. ૪,૨૧,૦૦૦/- પરવાના અનામત રાજ્યસાત કરવામાં આવી.

(૩) રૂ. ૫,૦૪,૬૭૪/- દંડ કરવામાં આવ્યો.

(૪) ૫૩ (ત્રેપન) પરવાના મોકુફ કરવામાં આવ્યા.

(૫) ૦૪ (ચાર) પરવાના રદ કરવામાં આવ્યા.

---------

### જામનગર જિલ્લામાં કાંટાળા તારની વાડ બનાવવાની સહાય

* ૩૪૦૦૯ શ્રી રાઘવજી પટેલ (જામનગર-ગ્રામ્ય) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં તાલુકાવાર જંગલી પ્રાણીઓ રોઝ અને ભૂંડથી ખેતીના પાકને થતુ નુકશાન અટકાવવા સને ૨૦૧૫- અને ૨૦૧૬ ના વર્ષમાં કાંટાળા તારની વાડ બનાવવાની સહાય મેળવવા માટે કેટલા ખેડૂતોની અરજીઓ મળી,

(૨) આ અરજીઓ પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજૂર કરવામાં આવી અને કેટલી સહાય ચૂકવવામાં આવી,

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓની સંખ્યા | |
|---|---|---|
| | ૨૦૧૫ | ૨૦૧૬ |
| લાલપુર | ૧ | ૧૪૮ |
| જામનગર | ૧૨ | ૧૮૩ |
| જામજોધપુર | ૪ | ૭૮ |
| જોડીયા | ૧ | ૩૯ |
| કાલાવાડ | ૨૦ | ૨૪૦ |

(૨)

| તાલુકાનું | ૨૦૧૫ | | ૨૦૧૬ | |
|---|---|---|---|---|
| નામ | મંજુર | ચુકવેલ સહાય | મંજુર | ચુકવેલ |

| | કરેલ અરજી | (રૂ. લાખમાં) | કરેલ અરજી | સહાય (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|
| લાલપુર | ૧ | ૨.૮૭ | ૧૨ | શૂન્ય |
| જામનગર | ૮ | ૧૬.૬૫ | ૪૫ | ૫.૫૦ |
| જામજોધપુર | ૩ | ૦.૮૩ | ૫૪ | શૂન્ય |
| જોડીયા | ૧ | ૦.૪૮ | શૂન્ય | શૂન્ય |
| કાલાવાડ | ૧૪ | ૨૯.૬૫ | ૬ | ૯.૮૮ |
| ધ્રોલ | ૩ | ૭.૨૧ | ૫ | શૂન્ય |

(૩) ઉક્ત પૈકી કેટલી મંજૂર થયેલી અરજીઓ તા.૨૮-૨-૨૦૧૭ ની સ્થિતિએ મંજૂર થયેલી સહાય ચુકવવાની બાકી છે, અને

(૩) ૫૭ અરજીઓના રૂ.૧૨૮.૨૯ લાખ

(૪) ઉક્ત બાકી તમામ અરજદારોની અરજીઓ ક્યાં સુધીમાં નિકાલ કરી સહાય ચૂકવવામાં આવનાર છે ?

(૪) તા.૩૦-૧૨-૨૦૧૬ના ઠરાવથી નવી યોજના જાહેર થઇ છે. જેમાં ખેડુતોએ કલ્સ્ટર બનાવીને અરજી કરવાની રહે છે. જેથી અગાઉની યોજના હેઠળ જે અરજીઓ પ્રોસેસમાં હતી, એ તમામમાં ખેડુતો કલ્સ્ટર બનાવીને નવેસરથી નવી યોજના હેઠળ અરજી કરી શકે છે. જે મળ્યેથી તેના ગુણદોષ પર કાર્યવાહી કરવામાં આવશે.

---------

## છોટાઉદેપુર જિલ્લામાં આશ્રમ શાળાઓમાં ફૂડ બીલની રકમ ચુકવણી બાબત

* ૩૩૮૬૯ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં આદિજાતિ વિભાગ દ્વારા સંચાલિત સંસ્થાઓની આશ્રમશાળા ઉત્તર બુનિયાદી આશ્રમ શાળાઓમાં બાળકોની જમવાની હાજરી બાયોમેટ્રીક મશીનથી પુરવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો છોટાઉદેપુર જિલ્લામાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સંસ્થાઓને બાળકોની હાજરી મુજબ ફૂડ બીલની રકમ ચુકવાઇ નથી તેના કારણો શા છે, અને

(૩) ઉક્ત બાકી ફૂડ બીલની રકમ સંબંધિત સંસ્થાઓને સત્વરે નાણા મળે તે માટે ઉક્ત સ્થિતિએ સરકાર ઉક્ત સમયગાળામાં સરકારે શા પગલા લીધા ?

**જવાબ**

(૧) રાજ્યમાં વલસાડ, નવસારી, ડાંગ અને નર્મદા જિલ્લા સિવાય બાકીના અન્ય જિલ્લાઓમાં આશ્રમશાળા, ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરી બાયોમેટ્રીક મશીનથી પુરવામાં આવે છે.

(૨) આશ્રમશાળા, ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં ફૂડબીલ પેટે અલગ રકમ ચુકવવાની જોગવાઇ નથી. તેમાં વિદ્યાર્થી દીઠ માસિક રૂ.૧૫૦૦/- મુજબ બાયોમેટ્રીક હાજરી ધ્યાને લઇ નિભાવ ગ્રાન્ટ ચુકવવામાં આવે છે.

- છોટાઉદેપુર જીલ્લામાં બે સંસ્થાઓમાં પ્રવેશ આપેલ છાત્રોને રહેવા અને જમવાની સુવિધા પુરી પાડવામાં આવતી ન હોવાથી નિભાવ ગ્રાન્ટ ચુકવવામાં આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## કચ્છ જિલ્લામાં લખપત તાલુકામાં સરકારી કોલેજનું મંજૂર મહેકમ

* ૩૩૯૯૪ શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૦૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ કચ્છ જિલ્લાના લખપત તાલુકામાં સરકારી કોલેજનું મંજુર મહેકમ કેટલુ છે, અને

**જવાબ**

(૧)

| ક્રમ | જગ્યાનું નામ | મંજુર જગ્યા |
|---|---|---|
| ૧ | આચાર્ય | ૦૧ |
| ૨ | મદદનીશ પ્રાધ્યાપક | ૦૪ |
| ૩ | સિનિયર ક્લાર્ક | ૦૧ |

| | | |
|---|---|---|
| ૪ | જુનિયર કલાર્ક | ૦૧ |
| ૫ | પટાવાળા | ૦૨ |
| | કુલ: | ૦૯ |

(૨) તા.૦૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ આ પૈકી કેટલી જગ્યાઓ ભરેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે ?

(૨)

| ક્રમ | જગ્યાનું નામ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧ | આચાર્ય | ૦૦ | ૦૧ |
| ૨ | મદદનીશ પ્રાધ્યાપક | ૦૧ | ૦૩ |
| ૩ | સિનિયર કલાર્ક | ૦૦ | ૦૧ |
| ૪ | જુનિયર કલાર્ક | ૦૦ | ૦૧ |
| ૫ | પટાવાળા | ૦૨ | ૦૦ |
| | કુલ: | ૦૩ | ૦૬ |

---------

ભરૂચ જિલ્લામાં અધિક મદદનીશ ઇજનેરની જગ્યાઓ

* ૩૩૩૪૩ શ્રી અરૂણસિંહ રણા (વાગરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં અધિક મદદનીશ ઇજનેરની કેટલી જગ્યાઓ તાલુકાવાર ખાલી છે, અને

(૧)

| ક્રમ | તાલુકો | ખાલી જગ્યા |
|---|---|---|
| ૧ | ભરૂચ | ૩ |
| ૨ | અંકલેશ્વર | ૪ |
| ૩ | હાંસોટ | ૧ |
| ૪ | વાગરા | ૨ |
| ૫ | આમોદ | ૩ |
| ૬ | જંબુસર | ૪ |
| ૭ | ઝઘડીયા | ૩ |
| ૮ | વાલીયા | ૨ |
| ૯ | નેત્રંગ | ૧ |
| | કુલ | ૨૩ |

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૨) ૧૦ વર્ષિય ભરતી કેલેન્ડર મુજબ

---------

આણંદ અને વડોદરા જિલ્લામાં મહીસાગર નદીની હદ નક્કી કરવા બાબત

* ૩૨૯૨૫ શ્રી અમીતકુમાર ચાવડા (આંકલાવ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧-૨૦૧૭ ની સ્થિતિએ આણંદ અને વડોદરા જિલ્લાની હદમાંથી પસાર થતી મહીસાગર નદીની હદ નક્કી કરવામાં આવેલ છે કે કેમ,

(૧) ના, જી.

(૨) જો હા, તો તે અન્વયે છેલ્લે ક્યા વર્ષમાં હદ નિશાન કરવામાં આવ્યા હતા, અને

(૨) નદીની માપણી કરી અલાયદા હદ નિશાન કરવાની પ્રથા અમલમાં નથી.

(૩) ઉકત સ્થિતિએ હદ નિશાન જે તે સ્થળે છે કે કેમ ?

(૩) લાગુ પડતું નથી.

---------

બનાસકાંઠા જિલ્લામાં મામલતદાર સંવર્ગની ખાલી જગ્યાઓ

* ૩૨૯૭૫ શ્રી મણિલાલ વાઘેલા (વડગામ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૭ ની

(૧) ૧૨ જગ્યાઓ ખાલી છે.

સ્થિતિએ મંજૂર મહેકમ પૈકી મામલતદાર સંવર્ગની કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) ઉક્ત જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨)

| સમયગાળો | સંખ્યા |
|---|---|
| ૧ વર્ષ સુધીની | ૭ |
| ૨ વર્ષ | ૨ |
| ૩ થી ૫ વર્ષ | ૨ |
| ૫ વર્ષથી વધુ | ૧ |

(૩) તે ક્યારે ભરવામાં આવશે ?

(૩) ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા સીધી ભરતીની પ્રક્રિયા ચાલુ હોઈ ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જગ્યાઓ ભરી શકાશે.

તા.૦૭-૦૫-૨૦૧૫ના પરિપત્રથી પ્રસિદ્ધ થયેલ નાયબ મામલતદાર સંવર્ગની પ્રવરતાયાદી સામે નામ. હાઈકોર્ટે ખાસ દિવાની અરજી ક્રમાંકઃ૪૮૦૦/૨૦૧૫ અને અન્ય સંલગ્ન પીટીશનોમાં મનાઈ હુકમ આપેલ. વધુમાં તા.૧૧-૦૧-૨૦૧૭ના હુકમથી તે રદ કરવાનો હુકમ કરી નવેસરથી પ્રવરતાયાદી બનાવવા નિર્દેશ આપતા નાયબ મામલતદાર સંવર્ગની રાજ્યકક્ષાની પ્રવરતાયાદી પ્રથમ વખત સામાન્ય વહીવટ વિભાગના પરામર્શમાં તૈયાર કરવામાં આવી રહી છે. જે આખરી થયા બાદ નિયમોનુસાર બઢતીથી જગ્યાઓ ભરવા અંગેની કાર્યવાહી હાથ ધરી શકાશે.

---------

## કચ્છ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકો

* ૩૩૩૭૮ શ્રી પંકજભાઈ મહેતા (રાપર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયક યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા વિદ્યાસહાયકોને નિયમિત પગાર ધોરણમાં સમાવી લેવાયા, | (૧) ૧૯૫૧ વિદ્યાસહાયકોને. |
| (૨) કેટલા વિદ્યાસહાયક સમાવવાના બાકી છે, અને | (૨) એક પણ નહીં. |
| (૩) તેઓને ક્યારે સમાવવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## રાજકોટ જિલ્લામાં ગ્રામ પંચાયતના જર્જરીત ઘર

* ૩૩૧૦૩ શ્રીમતી ભાનુબેન બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૧૬ ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાદીઠ કેટલી ગ્રામ પંચાયતના પંચાયત ઘર જર્જરીત છે,

જવાબ

(૧) તા.૩૧-૧૨-૧૬ ની સ્થિતિએ

| ક્રમ | તાલુકાનું નામ | જર્જરીતગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | રાજકોટ | ૧૩ |
| ૨ | જસદણ | ૩૩ |
| ૩ | વિંછીયા | ૨૯ |
| ૪ | લોધીકા | ૧૬ |
| ૫ | કોટડા સાં. | ૦૮ |
| ૬ | પડધરી | ૧૪ |
| ૭ | ગોંડલ | ૨૪ |
| ૮ | જેતપુર | ૩૨ |
| ૯ | ધોરાજી | ૧૨ |
| ૧૦ | ઉપલેટા | ૨૬ |

| | | |
|---|---|---|
| ૧૧ | જામકંડોરણા | ૨૬ |
| | કુલઃ | ૨૩૩ |

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતના પંચાયત ઘરની મરામત માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજૂરી આપવામાં આવી, અને

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ પંચાયત રીપેરીંગ પાત્ર ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | રાજકોટ | ૦૮ |
| ૨ | જસદણ | ૦૬ |
| ૩ | વિંછીયા | ૦૦ |
| ૪ | લોધીકા | ૦૭ |
| ૫ | કોટડા સાં. | ૦૫ |
| ૬ | પડધરી | ૦૭ |
| ૭ | ગોંડલ | ૦૮ |
| ૮ | જેતપુર | ૦૯ |
| ૯ | ધોરાજી | ૦૮ |
| ૧૦ | ઉપલેટા | ૦૬ |
| ૧૧ | જામકંડોરણા | ૦૭ |
| | કુલઃ | ૭૧ |

(૩) તે માટે સરકાર દ્વારા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલું અનુદાન મંજુર કરવામાં આવેલ છે ?

(૩) રૂ. ૨૩૫.૦૦ લાખ અનુદાન મંજૂર કરેલ છે.

---------

સુરત અને તાપી જિલ્લામાં બીપીએલ પરિવારોની સંખ્યા

* ૩૩૩૨૧ શ્રી આનંદભાઈ ચૌધરી (માંડવી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ સુરત અને તાપી જિલ્લામાં બીપીએલ પરિવારોની સંખ્યા કેટલી છે, અને

(૨) તે અન્વયે જિલ્લાવાર કુલ કેટલા બીપીએલ સભ્યો છે?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ સુરત અને તાપી જિલ્લામાં બીપીએલ પરિવારોની સંખ્યા નીચે મુજબ છેઃ

| ક્રમ | જીલ્લાનું નામ | તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ કુલ બીપીએલ પરીવારોની સંખ્યા |
|---|---|---|
| ૧ | સુરત | ૧૧૪૫૮૩ |
| ૨ | તાપી | ૭૯૨૯૩ |
| | કુલ | ૧૯૩૮૭૬ |

(૨) તે અન્વયે જિલ્લાવાર બીપીએલ સભ્યો નીચે મુજબ છેઃ

| ક્રમ | જીલ્લાનું નામ | તે અન્વયે કુલ બીપીએલ સભ્યોની સંખ્યા |
|---|---|---|
| ૧ | સુરત | ૪૮૪૨૪૬ |
| ૨ | તાપી | ૨૩૭૮૭૯ |
| | કુલ | ૭૨૨૧૨૫ |

---------

રાજ્યમાં મધ્યાહન ભોજનનાં ખર્ચમાં બાળકદીઠ વધારો

* ૩૨૯૩૦ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્યમાં ધોરણ ૧ થી ૫ અને ધોરણ ૬ થી ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજન યોજનામાં બાળકદીઠ ભોજનનો ખર્ચમાં ભારત સરકારે તા.૦૧–૦૧–૨૦૧૬ ના પત્રથી વધારો કરવા સુચવેલ હતું તે હકીકત સાચી છે,

જવાબ

(૧) હા, જી.

(૨) જો હા, તો કેટલો વધારો સુચવેલ છે, અને

(૨) ભારત સરકારના તા.૦૧/૦૧/૨૦૧૬ના પત્રથી સને ૨૦૧૫-૧૬માં અગાઉના કુકિંગ કોસ્ટમાં ૫% ના બદલે રીવાઈઝ કુકિંગ કોસ્ટના દરમાં બાળદીઠ દૈનિક ભોજન ખર્ચમાં ૭.૫% નો વધારો સૂચવેલ છે તે મુજબ તા.૦૧/૦૭/૨૦૧૫ થી પ્રાયમરીમાં રૂ.૩.૮૬ અને અપર પ્રાયમરીમાં રૂ.૫.૭૮ની કુકીંગ કોસ્ટ નિયત થયેલ છે.

(૩) તે અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ ક્યારે કેટલો વધારો રાજ્ય સરકારે કરેલ છે અને જો ન કરેલ હોય તો તેના કારણો શા છે ?

(૩) શિક્ષણ વિભાગના તા.૨૭/૦૫/૨૦૧૬ના ઠરાવથી પ્રાયમરીમાં ૪.૨૮ અને અપર પ્રાયમરીમાં રૂ.૫.૯૯ કુકીંગ કોસ્ટ નિયત થયેલ છે. તથા તા.૨૮/૧૧/૨૦૧૬ ઠરાવથી પ્રાયમરીમાં રૂ. ૪.૫૮ અને અપર પ્રાયમરીમાં રૂ.૬.૪૧ ની કુકીંગ કોસ્ટ નિયત થયેલ છે.

---------

## પંચમહાલ જિલ્લામાં ગ્રામ પંચાયતના જર્જરીત ઘર

* ૩૩૧૦૫ શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૧૬ ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતના પંચાયત ઘર જર્જરીત છે,

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ

| ક્રમ | તાલુકાનું નામ | જર્જરીત ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગોધરા | ૭૯ |
| ૨ | શહેરા | ૩૩ |
| ૩ | મોરવા | ૦૬ |
| ૪ | કાલોલ | ૦૭ |
| ૫ | હાલોલ | ૧૮ |
| ૬ | ઘોઘંબા | ૧૪ |
| ૭ | જાબુઘોડા | ૦૧ |
| | કુલઃ | ૧૫૮ |

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતના પંચાયત ઘરની મરામત માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજૂરી આપવામાં આવી, અને

(૨) ૩૩-પંચાયત ઘર.

(૩) તે માટે સરકાર દ્વારા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલું અનુદાન મંજુર કરવામાં આવેલ છે ?

(૩) રૂ.૧૬૫.૦૦ લાખ.

---------

## ભાવનગર જિલ્લામાં અધિક મદદનીશ ઇજનેરની ખાલી જગ્યાઓ

* ૩૩૦૭૭ શ્રી કેશુભાઈ નાકરાણી (ગારીયાધાર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં અધિક મદદનીશ ઇજનેરની કેટલી જગ્યાઓ તાલુકાવાર ખાલી છે, અને

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| ૧ | ભાવનગર | ૩ |
| ૨ | ઘોઘા | ૧ |
| ૩ | તળાજા | ૨ |
| ૪ | શિહોર | ૨ |
| ૫ | વલ્લભીપુર | ૩ |
| ૬ | ઉમરાળા | ૧ |
| ૭ | પાલીતાણા | ૨ |
| ૮ | ગારીયાધાર | ૧ |
| ૯ | મહુવા | ૩ |
| ૧૦ | જેસર | ૨ |

| | |
|---|---|
| કુલ | ૨૦ |

(૨) ઉક્ત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૨) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ.

---------

મહેસાણા જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત રોજગારી

* ૩૩૦૬૬ શ્રી રજનીકાંન્ત પટેલ (બેચરાજી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૧૬–૧૭ માં મનરેગા યોજના અંતર્ગત કેટલા માનવદીન રોજગારી ઉપલબ્ધ કરાવવા આયોજન કરેલ,

(૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિ કેટલા માનવદીન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે, અને

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ મહિલાઓ માટે કેટલા માનવદીન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે ?

જવાબ

(૧) મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૧૬–૧૭માં મનરેગા યોજના અંતર્ગત ૫,૨૮,૩૦૭ માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવા આયોજન કરેલ.

(૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ૬,૦૪,૭૫૦ માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. અને

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ મહિલાઓ માટે ૨,૧૬,૮૬૮ માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

---------

તાપી અને વલસાડ જિલ્લામાં ગ્રામ પંચાયતોને કોમ્પ્યુટર ફાળવવા બાબત

* ૩૩૦૨૭ શ્રી પુનાભાઈ ગામીત (વ્યારા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ તાપી અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર કેટલાં ગામોમાં ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટર ફાળવવામાં આવેલ છે, કેટલાં ગામોમાં કોમ્પ્યુટર ફાળવવાના બાકી છે, અને જિલ્લાવાર કેટલાં કોમ્પ્યુટર બંધ છે,

(૨) ઉક્ત ફાળવવામાં આવેલ એક કોમ્પ્યુટરની કિંમત કેટલી છે ?

જવાબ

(૧) તાપી જિલ્લાની ૩૦૨ અને વલસાડ જિલ્લાની ૪૩૭ ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટર ફાળવવામાં આવેલ છે. જ્યારે તાપી જિલ્લા ની ૫ અને વલસાડ જિલ્લાની ૧૦ નવરચિત ગ્રામ પંચાયતોને કોમ્પ્યુટર ફાળવવાના બાકી છે. એક પણ કોમ્પ્યુટર બંધ નથી.

(૨) કોમ્પ્યુટરની કિંમત નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | ફાળવેલ કોમ્પ્યુટરની સંખ્યા | કોમ્પ્યુટરની કિંમત |
|---|---|---|---|
| ૧ | તાપી | | |
| | ૨૦૦૯–૧૦ | ૪૧ | ૧૭૮૪૧.૬૦ |
| | ૨૦૧૦–૧૧ | ૧૩ | ૨૫૩૦૫.૦૦ |
| | ૨૦૧૨–૧૩ | ૨૨૮ | ૩૨૩૭૫૦૦ |
| | ૨૦૧૬–૧૭ | ૦૪ | ૪૦૮૯૭.૫૦ |
| | ૨૦૧૬–૧૭ | ૧૬ | ૪૨૮૩૭.૦૦ |
| | કુલ | ૩૦૨ | |
| ૨ | વલસાડ | | |
| | ૨૦૦૯–૧૦ | ૫૮ | ૧૭૮૪૧.૬૦ |
| | ૨૦૧૨–૧૩ | ૨૮૧ | ૩૨૩૭૫.૦૦ |
| | ૨૦૧૫–૧૬ | ૩૫ | ૪૦૮૯૭.૫૦ |
| | ૨૦૧૬–૧૭ | ૬૩ | ૪૦૮૯૭.૫૦ |
| | કુલ | ૪૩૭ | |

---------

## અતારાંકિત પ્રશ્નો

### છોટા ઉદેપુર, વડોદરા જિલ્લામાં ૧૩માં અને ૧૪માં નાણાપંચની ફાળવણી

* ૩૩૮૩૮ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૭ ની સ્થિતિએ છોટા ઉદેપુર અને વડોદરા જિલ્લામાં ૧૩માં અને ૧૪માં નાણાપંચ અંતર્ગત, નાણાપંચની ગ્રાન્ટની ફાળવણી અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, ઓ.બી.સી. અને જનરલ વસ્તીના ધોરણે, એક વ્યક્તિ દીઠ કેટલી રકમ ફાળવવામાં આવે છે, અને

**જવાબ**

(૧) તા.૩૧/૦૧/૨૦૧૭ની સ્થિતિએ છોટા ઉદેપુર અને વડોદરા જિલ્લામાં ૧૩–માં અને૧૪–માં નાણાપંચ અંતર્ગત, નાણાપંચની ગ્રાન્ટની જનરલ, ઓ.બી.સી. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિને થયેલ માથાદીઠ ફાળવણીની રકમ જિલ્લાવાર નીચે મુજબ છે.

<u>૧૩મું નાણાપંચ(જનરલ બેઝીક અને પર્ફોમન્સ ગ્રાન્ટ)</u>

છોટાઉદેપુર જિલ્લો વડોદરા જિલ્લામાંથી વિભાજન થઈને નવો રચાયેલ છે. જેથી વડોદરા અને છોટાઉદેપુર જિલ્લાના જિલ્લા–તાલુકા–ગ્રામ પંચાયતોને નિયત રેશીયો મુજબની ગ્રાન્ટની ફાળવણી વડોદરા જિલ્લાને થયેલ. વડોદરા જિલ્લા પંચાયત દ્વારા જનરલ બેઝિક અને પર્ફોમન્સ ગ્રાન્ટ પેટે મળેલ કુલ ગ્રાન્ટની જિલ્લાની કુલ વસ્તી, અનુસૂચિત જાતિની વસ્તી અને અનુસૂચિત જનજાતિ વસ્તી અનુસાર થયેલ વ્યક્તિ દીઠ ફાળવણી નીચે મુજબ છે.

| જનરલ બેઝીક અને પર્ફોમન્સ ગ્રાન્ટની માથાદીઠ ફાળવણી દર્શાવતું પત્રક | | | | |
|---|---|---|---|---|
| જિલ્લાનું નામ | જનરલ | ઓ.બી.સી. | અનુસૂચિત જાતિ | અનુસૂચિત જનજાતિ |
| વડોદરા | ૪૦૨.૨૦ | – | ૭૨૨.૫૬ | ૪૪૮.૯૧ |

<u>૧૪મું નાણાપંચ(જનરલ બેઝીક)</u>

વડોદરા અને છોટા ઉદપુર જિલ્લા પંચાયત દ્વારા ૧૪માં નાણાપંચની જનરલ બેઝીક ગ્રાન્ટની વ્યક્તિ દીઠ ફાળવણી નીચે મુજબ છે.

| જનરલ બેઝીક ગ્રાન્ટની માથાદીઠ ફાળવણી દર્શાવતું પત્રક | | | | |
|---|---|---|---|---|
| જિલ્લાનું નામ | જનરલ | ઓ.બી.સી. | અનુસૂચિત જાતિ | અનુસૂચિત જનજાતિ |
| વડોદરા | ૩૯૩.૭૨ | – | ૬૩૩.૧૮ | ૪૯૮.૫૫ |
| છોટા ઉદપુર | ૨૪૫૫.૯૬ | – | ૬૬૪.૩૧ | ૪૭૭.૧૭ |

<u>૧૪મું નાણાપંચ(પર્ફોમન્સ ગ્રાન્ટ)</u>

વડોદરા અને છોટા ઉદેપુર જિલ્લા પંચાયત દ્વારા ૧૪માં નાણાપંચની પર્ફોમન્સ ગ્રાન્ટની વ્યક્તિ દીઠ ફાળવણી નીચે મુજબ છે.

| પર્ફોમન્સ ગ્રાન્ટની માથાદીઠ ફાળવણી દર્શાવતું પત્રક | | | | |
|---|---|---|---|---|
| જિલ્લાનું નામ | જનરલ | ઓ.બી.સી. | અનુસૂચિત જાતિ | અનુસૂચિત જનજાતિ |
| વડોદરા | ૨૯.૪૦ | – | ૪૯.૬૫ | ૩૪.૯૫ |
| છોટા ઉદપુર | ૧૪૬.૧૭ | – | ૪૯.૬૪ | ૩૪.૯૫ |

**પ્રશ્ન**

(૨) જો અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, ઓ.બી.સી. અને જનરલ કેટેગરીની વસ્તીની વ્યક્તિ દીઠ ફાળવણીમાં તફાવત હોય તો તેના કારણો શું ?

**જવાબ**

(૨) ૧૩માં અને ૧૪માં નાણાપંચ ભારત સરકારની માર્ગદર્શીકા અને ૧૩માં અને ૧૪માં નાણાપંચને લગત પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવો અનુસાર તેમજ સરકારશ્રીના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના પત્ર અને આદિજાતિ વિભાગના ઠરાવ અને નાણા વિભાગના ઠરાવો અનુસાર જોગવાઈ અને ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવતી હોવાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતી, ઓ.બી.સી. અને જનરલ કેટેગરીની વસ્તીની વ્યક્તિ દીઠ ફાળવણીમાં તફાવત હોય છે.

---------

### સુરત જિલ્લામાં કઠોળ અંગે દરોડાઓ

## અતારાંકિત પ્રશ્નો

* ૩૩૦૬૩ શ્રી જનકભાઈ કાછડીયા (કરંજ) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કઠોળ અંગે કેટલા દરોડાઓ પાડવામાં આવ્યા, | (૧) ૩૮. |
| (૨) તેમાં કેટલી કિંમતનો કેટલો જથ્થો કબજે લેવામાં આવ્યો, અને | (૨) રૂપિયા ૨૬,૮૭,૮૮૦/– કિંમતનો કઠોળનો ૨૭૫૭૨ કિલોનો જથ્થો કબજે લેવામાં આવ્યો. |
| (૩) કેટલી કિંમતનો કેટલો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો ? | (૩) રૂપિયા ૧,૬૦,૨૭૦/– કિંમતનો કઠોળનો ૧૪૦૨ કિલોનો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો. |

---------

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં લેન્ડ કમીટીની બેઠકો

* ૩૨૯૮૫ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં લેન્ડ કમીટીની કેટલી બેઠકો મળી, અને

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળેલ બેઠકોની વિગત

| ક્રમ | વર્ષ | લેન્ડ કમીટીની મળેલ બેઠક | |
|---|---|---|---|
| | | અરવલ્લી | સાબરકાંઠા |
| ૧ | વર્ષ ૨૦૧૫ | ૫ | ૨ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર મફત પ્લોટ મેળવવા માટેની કેટલી અરજીઓ મળી તથા તે પૈકી કેટલી અરજીઓ મંજુર અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી ?

(૨)

| વર્ષ | અરવલ્લી | | | સાબરકાંઠા | | |
|---|---|---|---|---|---|---|
| | મળેલ અરજી | મંજુર અરજી | નામંજુર અરજી | મળેલ અરજી | મંજૂર અરજી | નામંજૂર અરજી |
| વર્ષ ૨૦૧૫ | ૪૮ | ૧૭ | ૩૧ | ૧૩૩ | ૧૨૧ | ૧૨ |
| વર્ષ ૨૦૧૬ | ૨૫૨ | ૨૦૨ | ૫૦ | ૨૯ | ૨૪ | ૧ |

સાબરકાંઠા જિલ્લામાં બાકી રહેતી ૪(ચાર)અરજીઓ ચકાસણીના તબક્કે પડતર છે.

---------

ભરૂચ જિલ્લામાં પંચાયત ઘર વિહોણી ગ્રામ પંચાયતો

* ૩૩૧૦૯ શ્રી છત્રસિંહજી મોરી (જંબુસર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલી ગ્રામ પંચાયતો છે,

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ પંચાયતોની સંખ્યા |
|---|---|---|
| ૧ | જંબુસર | ૭૦ |
| ૨ | વાગરા | ૬૩ |
| ૩ | ભરૂચ | ૯૨ |
| ૪ | નેત્રંગ | ૩૯ |
| ૫ | અંકલેશ્વર | ૫૯ |
| ૬ | વાલિયા | ૪૭ |
| ૭ | આમોદ | ૪૯ |
| ૮ | હાંસોટ | ૪૬ |
| ૯ | ઝઘડીયા | ૭૮ |
| કુલ | | ૫૪૩ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતો પંચાયત ઘર વિહોણી છે, અને

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | ઘર વિહોણી ગ્રામ પંચાયતોની સંખ્યા |
|---|---|---|
| ૧ | જંબુસર | ૦૧ |

| | | |
|---|---|---|
| ૨ | વાગરા | ૦૧ |
| ૩ | ભરૂચ | ૦૬ |
| ૪ | નેત્રંગ | ૦૧ |
| ૫ | અંકલેશ્વર | ૦૪ |
| ૬ | વાલિયા | ૦૦ |
| ૭ | આમોદ | ૦૦ |
| ૮ | હાંસોટ | ૦૦ |
| ૯ | ઝઘડીયા | ૦૩ |
| | કુલ | ૧૬ |

(૩) ઉક્ત પૈકી કેટલી પંચાયતોને પંચાયત ઘરના બાંધકામ માટે વર્ષ ૨૦૧૬-૧૭માં ઉક્ત સ્થિતિએ કેટલું અનુદાન મંજૂર કરવામાં આવેલ છે ?

(૩) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ

| તાલુકાનું નામ | ઘર વિહોણી ગ્રામ પંચાયતોની સંખ્યા | મંજૂર કરેલ અનુદાન રૂ. લાખમાં |
|---|---|---|
| જંબુસર | ૦૧ | ૧૪.૦૦ |
| વાગરા | ૦૧ | ૧૪.૦૦ |
| ભરૂચ | ૦૬ | ૮૮.૦૦ |
| નેત્રંગ | ૦૧ | ૧૪.૦૦ |
| અંકલેશ્વર | ૦૪ | ૬૦.૦૦ |
| વાલિયા | ૦૦ | ૦૦ |
| આમોદ | ૦૦ | ૦૦ |
| હાંસોટ | ૦૦ | ૦૦ |
| ઝઘડીયા | ૦૩ | ૪૨.૦૦ |
| કુલ | ૧૬ | ૨૩૨.૦૦ |

---------

તાપી જિલ્લામાં તાલુકા પંચાયતના નવીન મકાન માટેની મંજૂરી

* ૩૩૧૦૨ શ્રી મોહનભાઈ ઢોડીયા (મહુવા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં કેટલા તાલુકા પંચાયતના નવીન મકાન માટે મંજૂરી આપવામાં આવી, અને

(૨) તે માટે સરકાર દ્વારા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલું અનુદાન મંજુર કરવામાં આવેલ છે ?

જવાબ

(૧) ૫(પાંચ). પરંતુ. તે પૈકી બે નવી રચાયેલ તાલુકા પંચાયતની બેઠક વ્યવસ્થાનો તાલુકા સેવા સદનમાં સમાવેશ કરેલ છે.

(૨) જૂની ત્રણ તાલુકા પંચાયત માટે કુલ રૂ.૭૨૦.૦૦ લાખ અનુદાન મંજૂર કરેલ છે.

---------

રાજકોટ જિલ્લામાં મુખ્ય સેવિકાની ખાલી જગ્યાઓ

* ૩૩૦૭૫ શ્રી પ્રવિણભાઈ માંકડીયા (ધોરાજી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં મુખ્ય સેવિકાની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

જવાબ

(૧) ૧૨.

(૨) ૧૦ વર્ષિય ભરતી કેલેન્ડર મુજબ.

---------

મોરબી જિલ્લા પંચાયતમાં તલાટી કમ મંત્રીનું મંજૂર મહેકમ

* ૩૩૦૯૦ શ્રી કાંતીલાલ અમૃતીયા (મોરબી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ મોરબી જિલ્લા પંચાયતમાં તલાટી કમ મંત્રીનું મંજુર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી જગ્યા ભરાયેલ અને કેટલી જગ્યા ખાલી છે, અને

જવાબ

(૧) ૨૮૫.

(૨)

| વર્ષ ૨૦૧૪ | વર્ષ ૨૦૧૫ | તા.૩૧-૧૨- |
|---|---|---|

| દરમ્યાન નવી નિમણુંકથી ભરાયેલ જગ્યા | દરમ્યાન નવી નિમણુંકથી ભરાયેલ જગ્યા | ૧૬ની સ્થિતિએ ખાલી જગ્યા |
|---|---|---|
| ૧૯ | ૭૪ | ૧૧૦ |

(૩) તે ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

(૩) ૧૦ વર્ષિય ભરતી કેલેન્ડર મુજબ.

---------

ગાંધીનગર જિલ્લા પંચાયતનું મંજુર મહેકમ

* ૩૩૪૧૪ શ્રી જગદીશ પંચાલ (નિકોલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સંવર્ગવાર કેટલી જગ્યા ભરાયેલ અને કેટલી જગ્યા ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

જવાબ

(૧)

| સંવર્ગ | ૧ | ૨ | ૩ | ૪ | કુલ |
|---|---|---|---|---|---|
| મંજુર મહેકમ | ૧૩ | ૧૭ | ૧૪૦ | ૪૨ | ૨૧૨ |

(૨)

| સંવર્ગ | વર્ષ ૨૦૧૪ દરમ્યાન ભરાયેલ જગ્યા | વર્ષ ૨૦૧૫ દરમ્યાન ભરાયેલ જગ્યા | તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧ | ૦ | ૦ | ૧ |
| ૨ | ૦ | ૦ | ૪ |
| ૩ | ૧૬ | ૯ | ૭૪ |
| ૪ | ૦ | ૦ | ૩ |
| કુલ | ૧૬ | ૯ | ૮૨ |

(૩) ૧૦ વર્ષિય ભરતી કેલેન્ડર મુજબ.

---------

રાજ્યમાં પેસા એક્ટ કાયદો અમલ

* ૩૨૯૯૯ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્યમાં પેસા એક્ટ–કાયદો અમલ કરવા રાજ્ય સરકારે સૈધ્ધાંતિક સ્વીકાર કરેલ છે તે હકીકત તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ તેના અમલ અંગે રાજ્ય સરકારે શી કાર્યવાહી કરી ક્યારે પરિપત્ર બહાર પાડ્યો, અને

(૩) ઉક્ત સ્થિતિએ જો અમલવારી કરવામાં ન આવી હોય તો તેના કારણો શા છે અને ક્યાં સુધીમાં અમલ કરવામાં આવશે ?

જવાબ

(૧) ભારત સરકારના પેસા એક્ટની જોગવાઈ અન્વયે ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩માં ગુજરાત પંચાયત સુધારા અધિનિયમ ૧૯૯૮, ગુજરાત એક્ટ નં.૫/૧૯૯૮ થી ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ–૨૭૮–ક અને કલમ–૨૭૮–કક નો સમાવેશ કરવામાં આવેલ છે અને અમલ કરવામાં આવેલ છે.

(૨) આ અંગે સબંધિત વિભાગો દ્વારા જરૂરી ઠરાવો, પરિપત્રો બહાર પાડીને તેનો અમલ કરવામાં આવેલ છે. તથા સબંધિત વિભાગોની કાયદાકીય જોગવાઈ અને ઠરાવો, પરિપત્રોનું સંકલન કરી આ અંગેના ''પેસા'' નિયમો તા.૧૭–૧–૨૦૧૭થી બહાર પાડવામાં આવેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

દહેગામ તાલુકાના લવાડ ગામે સરકારી ગૌચર જમીનની ફાળવણી

* ૩૨૯૯૭ શ્રીમતી કામિનીબા રાઠોડ (દહેગામ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના લવાડ ગામે

જવાબ

(૧) અને (૨) મોજે.લવાડ, તા.દહેગામના સર્વે/બ્લોક નં.૩૫૫ પૈકીની હે.આરે.૧૪૨–૫૦–૦૭ ચો.મી. જમીન નીચેની

સર્વે નં.૩૫૫ વાળી કેટલી સરકારી ગૌચરની જમીન કોને ક્યારે ફાળવી, અને

(૨) તેના હુકમો ક્યારે થયા ?

વિગતોએ ફાળવવામાં આવેલ છે.

| અ.નં. | ફાળવેલ જમીન ક્ષેત્રફળ (હે.આરે. ચો.મી.) | અરજદાર/ સંસ્થાનું નામ | જમીન ફાળવણીની તારીખ |
|---|---|---|---|
| ૧ | ૧૪-૫૬-૮૮ | શ્રી પ્રવિણસિંહ ઉમેદસિંહ | કલેકટરશ્રી, અમદાવાદના તા.૨૭-૪-૭૮ના હુકમથી |
| ૨ | ૧૪-૫૬-૮૮ | શ્રી હરીશચંદ્રસિંહ નારસિંહ | |
| ૩ | ૧૪-૫૬-૮૮ | શ્રી રણજીતસિંહ ફતેસિંહ | |
| ૪ | ૧૪-૫૬-૮૮ | શ્રી ઘનશ્યામસિંહ ઉમેદસિંહ | |
| ૫ | ૬-૪૭-૫૦ | શ્રી ડેવીડ કે. પરમાર | કલેકટરશ્રી, અમદાવાદના તા.૧૩-૨-૭૯ ના હુકમથી |
| ૬ | ૭૭-૭૫-૦૫ | રક્ષા શકિત યુનિવર્સિટી | કલેકટરશ્રી, ગાંધીનગરના તા.૨૧-૧-૧૦ ના |

---------

વડોદરા જિલ્લામાં તલાટી તથા નિવૃત્ત કર્મચારી/અધિકારીની મિટીંગો માટે ચૂકવેલ રકમ

* ૩૩૦૭૧ શ્રી બાલકૃષ્ણભાઈ પટેલ (ડભોઇ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં ગ્રામ પંચાયતના સંકલિક વિકાસ અને ગામની વિકાસ પ્રવૃત્તિ માટે મળનાર તલાટી તથા નિવૃત્ત કર્મચારી/ અધિકારીની મિટીંગો માટે થનાર સરભરા ખર્ચ માટે તાલુકાવાર કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

જવાબ

(૧) છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ રકમ ચૂકવવામાં આવી.

| તાલુકાનું નામ | ફાળવેલ ગ્રાન્ટ | | કુલ ફાળવેલ ગ્રાન્ટ |
|---|---|---|---|
| | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ | |
| વડોદરા | ૧,૨૫,૪૨૨ | ૨,૫૨,૦૦૦ | ૩,૭૭,૪૨૨ |
| પાદરા | ૧,૧૩,૪૭૮ | ૨,૨૮,૦૦૦ | ૩,૪૧,૪૭૮ |
| કરજણ | ૧,૨૫,૪૨૨ | ૨,૫૨,૦૦૦ | ૩,૭૭,૪૨૨ |
| શિનોર | ૫૯,૭૨૪ | ૧,૨૦,૦૦૦ | ૧,૭૯,૭૨૪ |
| ડભોઈ | ૧,૨૩,૯૨૮ | ૨,૪૯,૦૦૦ | ૩,૭૨,૯૨૮ |
| વાઘોડીયા | ૧,૦૦,૦૪૦ | ૨,૦૧,૦૦૦ | ૩,૦૧,૦૪૦ |
| સાવલી | ૧,૫૮,૨૭૦ | ૨,૩૧,૦૦૦ | ૩,૮૯,૨૭૦ |
| ડેસર | ૦૦ | ૮૭,૦૦૦ | ૮૭,૦૦૦ |
| સંખેડા | ૧,૩૫,૮૭૪ | ૦૦ | ૧,૩૫,૮૭૪ |
| જેતપુર-પાવી | ૧,૩૭,૩૬૬ | ૦૦ | ૧,૩૭,૩૬૬ |
| નસવાડી | ૮૯,૫૮૮ | ૦૦ | ૮૯,૫૮૮ |
| કવાંટ | ૬૮,૬૮૪ | ૦૦ | ૬૮,૬૮૪ |
| છોટાઉદેપુર | ૬૫,૭૦૪ | ૦૦ | ૬૫,૭૦૪ |

(૨) આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી મિટીંગો યોજવામાં આવી ?

(૨) છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ મિટીંગ યોજવામાં આવી.

| તાલુકાનું નામ | થયેલ મિટીંગ | | કુલ |
|---|---|---|---|
| | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ | |
| વડોદરા | ૧૬૮ | ૨૫૨ | ૪૨૦ |
| પાદરા | ૧૫૨ | ૨૨૮ | ૩૮૦ |
| કરજણ | ૧૬૮ | ૨૫૨ | ૪૨૦ |
| શિનોર | ૮૦ | ૧૨૦ | ૨૦૦ |
| ડભોઈ | ૧૬૬ | ૨૪૯ | ૪૧૫ |
| વાઘોડીયા | ૧૩૪ | ૨૦૧ | ૩૩૫ |
| સાવલી | ૨૧૨ | ૨૩૧ | ૪૪૩ |

| | | | |
|---|---|---|---|
| ડેસર | ૦૦ | ૮૭ | ૮૭ |
| સંખેડા | ૧૮૨ | ૦૦ | ૧૮૨ |
| જેતપુર-પાવી | ૧૮૪ | ૦૦ | ૧૮૪ |
| નસવાડી | ૧૨૦ | ૦૦ | ૧૨૦ |
| કવાંટ | ૯૨ | ૦૦ | ૯૨ |
| છોટાઉદેપુર | ૮૮ | ૦૦ | ૮૮ |
| કુલ | ૧,૭૪૬ | ૧,૬૨૦ | ૩,૩૬૬ |

---------

સુરેન્દ્રનગર જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો

* ૩૩૧૧૨ શ્રીમતી વર્ષાબેન દોશી (વઢવાણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં ડિસેમ્બર ૨૦૧૬ માં યોજાયેલ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં કેટલી ગ્રામ પંચાયતો સમરસ થઇ, | (૧) ૯૦ (નેવું) |
| (૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયત પહેલી, બીજી, ત્રીજી અને ચોથી વાર સમરસ થઇ, | (૨) પ્રથમવાર-૪૫<br>બીજવાર-૧૨<br>ત્રીજીવાર-૦૯<br>ચોથીવાર-૨૪ |
| (૩) ઉક્ત સમરસ થયેલ ગ્રામ પંચાયતોને પ્રોત્સાહક ગ્રાન્ટ પેટે તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે ? | (૩) કોઈ રકમ ચુકવવામાં આવેલ નથી. |

---------

તાપી જિલ્લામાં યોજાયેલ ગરીબ કલ્યાણ મેળાઓ

* ૩૩૦૮૯ શ્રી કાન્તીલાલભાઈ ગામીત (નિઝર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાપી જિલ્લામાં વર્ષ ૨૦૧૬ દરમ્યાન કેટલા ગરીબ કલ્યાણ મેળા યોજાયા, અને | (૧) ૨ (બે). |
| (૨) તેમાં તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવાઇ ? | (૨) કુલ લાભાર્થીઓઃ ૩૮,૬૯૭<br>કુલ ચૂકવેલ સહાયઃ રૂ.૫૪૫૦.૯૧ લાખ. |

---------

બનાસકાંઠા જિલ્લામાં ખેતરમાં વાયર ફેન્સીંગની અરજીઓ

* ૩૩૦૧૩ શ્રી ગોવાભાઈ રબારી (ડીસા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્న જવાબ

(૧) તા.૩૧-૧૨-૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ખેતરની ફરતે કાંટાળી તારની વાડ કરવા માટે કેટલી અરજીઓ આવી છે,

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| લાખણી | ૮૪૫૪ |
| સુઈગામ | ૯૨ |
| ડીસા | ૬૭૮૮ |
| પાલનપુર | ૧૫૪૧ |
| ભાભર | ૮૯ |
| વડગામ | ૧૦૭૨ |
| વાવ | ૧૪૩ |
| દીયોદર | ૨૭૮૯ |
| દાંતા | ૭૫ |
| દાંતીવાડા | ૧૮૦૧ |
| કાંકરેજ | ૧૫૭૭ |
| અમીરગઢ | ૪૩ |

| | |
|---|---|
| ધાનેરા | ૧૮૯૩ |
| થરાદ | ૨૪૪૫ |

(૨) તે અન્વયે કેટલી અરજીઓ મંજુર કરી અને કેટલો ખર્ચ થયો, અને

(૨)

| | |
|---|---|
| મંજુર કરેલ અરજી | ૨૨૫૦ |
| થયેલ ખર્ચ | રૂ.૪૪૭.૯૩ લાખ. |

(૩) ઉક્ત સ્થિતિએ જે અરજીઓ પડતર છે તેનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

(૩) તા.૩૦-૧૨-૨૦૧૬ના ઠરાવથી નવી યોજના જાહેર થઈ છે. જેમાં ખેડુતોએ કલ્સ્ટર બનાવીને અરજી કરવાની રહે છે. જેથી અગાઉની યોજના હેઠળ જે અરજીઓ પ્રોસેસમાં હતી, એ તમામમાં ખેડુતો કલ્સ્ટર બનાવીને નવેસરથી નવી યોજના હેઠળ અરજી કરી શકે છે. જે મળ્યેથી તે અંગે ગુણદોષ પર કાર્યવાહી કરવામાં આવશે.

---------

મોરબી અને રાજકોટ જિલ્લા પંચાયતમાં મંજૂર મહેકમ

* ૩૩૭૦૦ શ્રી મહમદ જાવિદ પીરઝાદા (વાકાનેર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ મોરબી અને રાજકોટ જિલ્લા પંચાયતમાં મંજુર મહેકમ સામે કેટલા અધિક મદદનીશ ઈજનેર, જુનીયર ઈજનેર અને કેટલા નાયબ કાર્યપાલક ઈજનેરની જગ્યા ક્યારથી ખાલી છે, અને

(૧)

| જિલ્લાનું નામ | સંવર્ગનું નામ | મંજુર મહેકમ | ખાલી જગ્યા | ખાલી જગ્યાનો સમયગાળો | | |
|---|---|---|---|---|---|---|
| | | | | ૧ વર્ષ સુધીની | ૧ થી ૩ વર્ષ સુધીની | ૩ વર્ષથી ઉપરની |
| મોરબી | અધિક મદદનીશ ઈજનેર | ૧૫ | ૧૧ | ૬ | ૫ | ૦ |
| | જુનીયર ઈજનેર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | નાયબ કાર્યપાલક ઈજનેર | ૨ | ૧ | ૧ | ૦ | ૦ |
| | કુલ | ૧૭ | ૧૨ | ૭ | ૫ | ૦ |
| રાજકોટ | અધિક મદદનીશ ઈજનેર | ૫૨ | ૨૩ | ૨૩ | ૦ | ૦ |
| | જુનીયર ઈજનેર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | નાયબ કાર્યપાલક ઈજનેર | ૭ | ૧ | ૧ | ૦ | ૦ |

(૨) ઉપરોક્ત ખાલી જગ્યાઓ ભરવા શું આયોજન છે ?

(૨) ૧૦ વર્ષિય ભરતી કેલેન્ડર મુજબ.

---------

ખેડા જિલ્લામાં રાહતદરે તુવેરદાળના જથ્થાનું વિતરણ

* ૩૩૦૫૩ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) ખેડા જિલ્લામાં તા.૩૧-૧૨-૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે તુવેરદાળના કેટલા જથ્થાનું

(૧) ૧૨૬.૮૩ મેટ્રિક ટન.

વિતરણ કરવામાં આવ્યું,

(૨) ક્યા કુટુંબોને વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) અંત્યોદય અને બીપીએલ કાર્ડધારક કુટુંબોને વિતરણ કરવામાં આવેલ છે.

(૩) ક્યા ભાવથી કરવામાં આવ્યું ?

(૩) તુવેરદાળનું પ્રતિ કુટુંબ દીઠ ૧ કિ.ગ્રા.ના પ્રમાણથી પ્રતિ ૧ કિ.ગ્રા. રૂ. ૬૦/-ના રાહતભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

---------

રાજકોટ જિલ્લામં બી.પી.એલ. અને એ.પી.એલ. કુટુંબો માટે વ્યક્તિગત શૌચાલય

* ૩૩૦૬૭ શ્રી ગોવિંદભાઈ પટેલ (રાજકોટ દક્ષિણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) રાજકોટ જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન બી.પી.એલ. અને એ.પી.એલ. કુટુંબો માટે કેટલા વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા, અને

(૧) રાજકોટ જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન બી.પી.એલ. અને એ.પી.એલ. કુટુંબ માટે વર્ષવાર નીચે મુજબ વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા છે.

(સંખ્યા)

| વિગત | વર્ષ ૨૦૧૫ | વર્ષ ૨૦૧૬ | કુલ |
|---|---|---|---|
| બી.પી.એલ. | ૧૦૮૯ | ૪૧૬૦ | ૫૨૪૯ |
| એ.પી.એલ. | ૫૬૨૦ | ૩૧૬૭૬ | ૩૭૨૯૬ |
| કુલ | ૬૭૦૯ | ૩૫૮૩૬ | ૪૨૫૪૫ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તેની પાછળ નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો છે.

| વિગત | વર્ષ ૨૦૧૫ | વર્ષ ૨૦૧૬ | કુલ |
|---|---|---|---|
| થયેલ ખર્ચ | ૭૫૨.૩૭ | ૧૧૪૧.૨૬ | ૧૮૯૩.૬૬ |

---------

કડી અને જોટાણા તાલુકામાં ગામોમાં ગૌચર દબાણો

* ૩૩૯૪૮ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૦૧-૨૦૧૭ ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના કડી અને જોટાણા તુલકામાં તાલુકાવાર કેટલા ગામોમાં ગૌચર દબાણો છે,

(૧) કુલ:૩૧ (એકત્રીસ) ગામોમાં ગૌચર દબાણો નોંધાયેલા છે. તાલુકાવાર નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | કડી | ૬ |
| ૨ | જોટાણા | ૨૫ |
| | કુલઃ | ૩૧ |

(૨) તે દબાણો પૈકી ઉક્ત સ્થિતિએ બે વર્ષથી વધુ સમયના કેટલા દબાણો છે,

(૨) ૩૧ ગામોમાં કુલ ૩૮ (આડત્રીસ) દબાણો છે.

(૩) ઉક્ત સમયગાળામાં ઉપરોક્ત દબાણો પૈકી જે કિસ્સામા ગ્રામ પંચાયત દબાણ દુર કરવામાં નિષ્ફળ ગઇ હોય તેવા કેટલા કિસ્સામાં તાલુકા વિકાસ અધિકારી ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ ની કલમ-૧૦૫(૭) અન્વયે દબાણ દુર કરવા કાર્યવાહી કરવામાં નિષ્ફળ ગયા છે અને તેની સામે શાં પગલાં લીધાં છે, અને

(૩) ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ ની કલમ-૧૦૫ની પેટા કલમ-(૭) અન્વયે ગ્રામ પંચાયતને દબાણ દૂર કરવા મુશ્કેલ લાગે તો તાલુકા વિકાસ અધિકારીશ્રીને તે અનુસારની જાણ કરશે તેવી જોગવાઈ છે. આ જોગવાઈ મુજબ કોઈ ઠરાવ કરી ગ્રામ પંચાયત તરફથી દરખાસ્ત થયેલ ન હોઈ, તાલુકા વિકાસ અધિકારીશ્રીની નિષ્ફળતાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ઉક્ત તમામ દબાણો ક્યાં સુધીમાં દુર કરવામાં આવનાર છે ?

(૪) ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ ની કલમ-૧૦૫ની જોગવાઈ અનુસાર દબાણદારોને ધોરણસરની નોટિસ આપવામાં આવેલી છે. જે અન્વયે નિયમોની જોગવાઈઓને આધિન કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ચૈત્ર ૯, ૧૯૩૯ શાકે

અતારાંકિત પ્રશ્નો

---------

બનાસકાંઠા જિલ્લામાં ઘરથાળના પ્લોટ માટેની અરજીઓ

* ૩૨૯૯૪ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ૧૦૦ ચો.વારના ઘરથાળના પ્લોટ માટે કેટલી અરજીઓ મળી, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લામાં તાલુકાવાર કેટલા લાભાર્થીઓને ૧૦૦ ચો.વાર ના પ્લોટ આપવામાં આવ્યા અને કેટલા બાકી છે ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં નીચે મુજબ તાલુકાવાર ૧૦૦ ચો.વારના ઘરથાળના પ્લોટ માટે અરજીઓ મળી

| ક્રમ | તાલુકો | ૧૦૦ ચો.વારના ઘરથાળના પ્લોટ માટે મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૧૭૨ |
| ૨ | વડગામ | ૨૮૬ |
| ૩ | દાંતા | ૪૨ |
| ૪ | અમીરગઢ | ૧૦૧ |
| ૫ | ડીસા | ૦ |
| ૬ | દાંતીવાડા | ૦ |
| ૭ | ધાનેરા | ૦ |
| ૮ | થરાદ | ૫ |
| ૯ | વાવ | ૦ |
| ૧૦ | દિયોદર | ૧૨૭ |
| ૧૧ | ભાભર | ૦ |
| ૧૨ | કાંકરેજ | ૧૧ |
| ૧૩ | લાખણી | ૬૧ |
| ૧૪ | સૂઈગામ | ૦ |
| | કુલ | ૮૦૫ |

(૨) ચકાસણી થયેલ અરજીઓ પૈકી પાત્રતા ધરાવતા ૪૪૦ લાભાર્થીઓને પ્લોટ ફાળવેલ છે અને ૭ લાભાર્થીઓને પ્લોટ ફાળવવાના બાકી છે. જેની વિગત નીચે મુજબ છે

| ક્રમ | તાલુકો | ૧૦૦ ચો.વારના ઘરથાળના આપેલ પ્લોટ | આપવાના બાકી પ્લોટ |
|---|---|---|---|
| ૧ | પાલનપુર | ૧૭૨ | ૦ |
| ૨ | વડગામ | ૧૦૪ | ૦ |
| ૩ | દાંતા | ૩૩ | ૭ |
| ૪ | અમીરગઢ | ૦ | ૦ |
| ૫ | ડીસા | ૦ | ૦ |
| ૬ | દાંતીવાડા | ૦ | ૦ |
| ૭ | ધાનેરા | ૦ | ૦ |
| ૮ | થરાદ | ૩ | ૦ |
| ૯ | વાવ | ૦ | ૦ |
| ૧૦ | દિયોદર | ૬૦ | ૦ |
| ૧૧ | ભાભર | ૦ | ૦ |
| ૧૨ | કાંકરેજ | ૭ | ૦ |
| ૧૩ | લાખણી | ૬૧ | ૦ |
| ૧૪ | સૂઈગામ | ૦ | ૦ |
| | કુલ | ૪૪૦ | ૭ |

---------

## ૩૦મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

### સુરત જિલ્લાની અનુસૂચિત જનજાતિની વ્યક્તિઓને વિવિધ લાભ અને તાલીમ આપવાની યોજના

* ૩૩૪૩૨ શ્રી મુકેશભાઈ પટેલ (ઓલપાડ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ સુરત જિલ્લાની જંગલની જમીન મેળવેલ અનુસૂચિત જનજાતિની વ્યક્તિઓ માટે જમીન સમતળ કરવા અને ખેતીના વિવિધ લાભો અને તાલીમ માટેની કોઇ યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના હેઠળ કેવા લાભો આપવામાં આવે છે, | (૨) વનવાસી ખેડૂત સશક્તિકરણ યોજના હેઠળ જમીનના વિકાસ, સુધારણા, ઉપયોગ તેમજ ઉત્પાદકતા વધારવા, પીવાના તેમજ સિંચાઈના પાણીની સુવિધાઓ તેમજ જરૂરી તાલીમ આપવામાં આવે છે. |
| (૩) આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં કુલ કેટલા લોકોને લાભ આપવામાં આવ્યો, અને | (૩) ૭૬૧ લાભાર્થીઓ. |
| (૪) તે અંતર્ગત કેટલા રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો ? | (૪) રૂ. ૧૧૩.૦૨ લાખ. |

---------

### પાટણ જિલ્લામાં અવસાન પામેલા શિક્ષકો અને વિદ્યાસહાયકોના વારસદારોને ઉચ્ચક સહાય

* ૩૩૩૭૧ શ્રી નાગરજી ઠાકોર (રાધનપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અવસાન પામેલા પ્રાથમિક શિક્ષકો/ વિદ્યાસહાયકોના વારસદારોને ઉચ્ચક સહાય આપવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો પાટણ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળી, અને | (૨) ૨૦. |
| (૩) તે પૈકી કેટલા અરજદારોને કેટલી રકમ મંજૂર કરવામાં આવી ? | (૩) ૧૫ અરજદારોને રૂ. ૮૭.૦૦ લાખની રકમ. |

---------

### કચ્છ જિલ્લામાં પંચાયતમાં તલાટી કમ મંત્રીનું મંજૂર મહેકમ

* ૩૩૦૯૨ ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ કચ્છ જિલ્લા પંચાયતમાં તલાટી કમ મંત્રીનું મંજુર થયેલ મહેકમ કેટલું છે, | (૧) ૫૩૯ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી જગ્યા ભરાયેલ અને કેટલી જગ્યા ખાલી છે, અને | (૨) |

| વર્ષ ૨૦૧૪ દરમ્યાન નવી નિમણુંકથી ભરાયેલ જગ્યા | વર્ષ ૨૦૧૫ દરમ્યાન નવી નિમણુંકથી ભરાયેલ જગ્યા | તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ખાલી જગ્યા |
|---|---|---|
| ૪૨ | ૯૧ | ૧૧૯ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉક્ત તમામ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ? | (૩) ૧૦ વર્ષિય ભરતી કેલેન્ડર મુજબ. |

---------

### બનાસકાંઠા જિલ્લામાં કાંટાળા તારની વાડ બનાવવાની સહાય

* ૩૪૦૧૮ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર જંગલી | (૧) |

પ્રાણીઓ રોઝ અને ભૂંડથી ખેતીના પાકને થતુ નુકશાન અટકાવવા સને ૨૦૧૫ અને ૨૦૧૬ ના વર્ષમાં કાંટાળા તારની વાડ બનાવવાની સહાય મેળવવા માટે કેટલા ખેડૂતોની અરજીઓ મળી,

| તાલુકાનું નામ | મળેલ અરજીઓની સંખ્યા | |
|---|---|---|
| | ૨૦૧૫ | ૨૦૧૬ |
| લાખણી | ૨૨ | ૮૪૩૨ |
| સુઇગામ | ૨ | ૯૦ |
| ડીસા | ૧૧ | ૬૭૭૭ |
| પાલનપુર | ૧૪ | ૧૫૨૭ |
| ભાભર | શૂન્ય | ૮૯ |
| વડગામ | ૧૫ | ૧૦૫૭ |
| વાવ | ૧૦ | ૧૩૩ |
| દીયોદર | ૧૩૮ | ૨૬૫૧ |
| દાંતા | ૨૨ | ૫૩ |
| દાંતીવાડા | ૩૦ | ૧૭૭૧ |
| કાંકરેજ | ૫ | ૧૫૭૨ |
| અમીરગઢ | શૂન્ય | ૪૩ |
| ધાનેરા | ૪૩ | ૧૮૫૦ |
| થરાદ | ૪૯ | ૨૩૯૬ |

(૨) ઉક્ત પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજૂર કરવામાં આવી અને કેટલી સહાય ચુકવવામાં આવી,

(૨)

| તાલુકાનું નામ | ૨૦૧૫ | | ૨૦૧૬ | |
|---|---|---|---|---|
| | મંજુર કરેલ અરજી | ચુકવેલ સહાય (રૂ. લાખમાં) | મંજુર કરેલ અરજી | ચુકવેલ સહાય (રૂ. લાખમાં) |
| લાખણી | શૂન્ય | શૂન્ય | ૩૯ | ૫.૦૨ |
| સુઇગામ | શૂન્ય | શૂન્ય | ૯ | ૩.૨૪ |
| ડીસા | શૂન્ય | શૂન્ય | ૭૯ | ૧૪.૫૫ |
| પાલનપુર | શૂન્ય | શૂન્ય | ૧૧૫ | ૨૨.૫૫ |
| ભાભર | શૂન્ય | શૂન્ય | ૨૭ | ૧૧.૩૪ |
| વડગામ | ૨૧ | ૭.૫૬ | ૧૩૯ | ૩૩.૬૪ |
| વાવ | શૂન્ય | શૂન્ય | ૨૩ | ૧૨.૦૭ |
| દીયોદર | શૂન્ય | શૂન્ય | ૩૩૩ | ૮૧.૧૦ |
| દાંતા | ૭ | ૪.૨૧ | ૯૩ | ૧૭.૮૨ |
| દાંતીવાડા | શૂન્ય | શૂન્ય | ૬૦૩ | ૭૪.૮૦ |
| કાંકરેજ | ૧૦ | ૦.૬૧ | ૨૮૫ | ૬૮.૪૦ |
| અમીરગઢ | ૭ | ૪.૭૬ | ૧૪ | ૧.૭૨ |
| ધાનેરા | શૂન્ય | શૂન્ય | ૧૯૩ | ૨૯.૩૪ |

(૩) તા.૩૧–૧–૨૦૧૭ ની સ્થિતિએ ઉક્ત પૈકી કેટલી મંજૂર થયેલી અરજીઓમાં સહાય ચુકવવાની બાકી છે અને તેના શા કારણો છે, અને

(૩) ૧૪૩ અરજીઓ
ચુકવણીની કામગીરી ગતિમાં છે.

(૪) ઉક્ત બાકી તમામ અરજીઓ ક્યાં સુધીમાં નિકાલ કરી સહાય ચૂકવવામાં આવનાર છે ?

(૪) તા.૩૦–૧૨–૨૦૧૬ના ઠરાવથી નવી યોજના જોહાર થઈ છે. જેમાં ખેડૂતોએ ક્લસ્ટર બનાવીને અરજી કરવાની રહે છે. જેથી અગાઉની યોજના હેઠળ જે અરજીઓ પ્રોસેસમાં હતી, એ તમામમાં ખેડૂતો ક્લસ્ટર બનાવીને નવેસરથી નવી યોજના હેઠળ અરજી કરી શકે છે. જે મળ્યેથી તેના ગુણદોષ પર કાર્યવાહી કરવામાં આવશે.

---------

## ૩૦મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

### મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં રાજીવ ગાંધી ભવન કેન્દ્રોની મંજૂરી

* ૩૩૦૦૮ શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા રાજીવ ગાંધી ભવન કેન્દ્રો મંજૂ ર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલા કેન્દ્રોનું કામ પૂર્ણ કરવામાં આવ્યું અને કેટલા કેન્દ્રોનું કામ બાકી છે, અને

(૩) ઉક્ત બાકી કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચેની વિગતે રાજીવ ગાંધી ભવન કેન્દ્રો મંજુર કરવામાં આવ્યા,

| જિલ્લો | તા.૦૧–૦૧–૨૦૧૫ થી તા.૩૧–૧૨–૨૦૧૫ | તા.૦૧–૦૧–૨૦૧૬ થી તા.૩૧–૧૨–૨૦૧૬ |
|---|---|---|
| મહીસાગર | ૩ | ૨ |
| પંચમહાલ | ૦ | ૧ |
| કુલ... | ૩ | ૩ |

(૨) તે પૈકી ઉક્ત જિલ્લામાં જે કેન્દ્રોનું કામ પૂર્ણ કરવામાં આવ્યું અને જે કેન્દ્રોનું કામ બાકી છે તેની વિગતો નીચે મુજબ છે,

| જિલ્લો | તા.૦૧–૦૧–૨૦૧૫ થી તા.૩૧–૧૨–૨૦૧૫ | | તા.૦૧–૦૧–૨૦૧૬ થી તા.૩૧–૧૨–૨૦૧૬ | |
|---|---|---|---|---|
| | પૂર્ણ કામોની સંખ્યા | બાકી કામોની સંખ્યા | પૂર્ણ કામોની સંખ્યા | બાકી કામોની સંખ્યા |
| મહીસાગર | ૧ | ૨ | ૦ | ૨ |
| પંચમહાલ | ૦ | ૦ | ૦ | ૧ |

(૩) સત્વરે.

---------

### બનાસકાંઠા જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ખુરશી, ટેબલ તથા બેન્ચોની ઘટ

* ૩૩૯૬૫ શ્રી જોઇતાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં ખુરશી, ટેબલ તથા બેન્ચની ઘટ છે, અને

જવાબ

(૧)

| તાલુકો | ખુરશીની ઘટ | ટેબલની ઘટ | બેન્ચની ઘટ |
|---|---|---|---|
| અમીરગઢ | ૦૦ | ૦૦ | ૦૦ |
(૧) વલસાડ જિલ્લામાં પ્રાથમિક શાળાના અનુસૂચિત જનજાતિના બાળકોને ગણવેશ સહાય આપવાની યોજના હેઠળ તાલુકાવાર તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બાળકોને લાભ આપવામાં આવ્યો, અને

(૧)

| તાલુકાનું નામ | બાળકોની સંખ્યા (તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ) |
|---|---|
| વલસાડ | ૧૬,૫૮૧ |
| ઉંમરગામ | ૨૮,૮૪૩ |
| પારડી | ૧૫,૮૪૪ |
| વાપી | ૭,૨૭૬ |
| ધરમપુર | ૫૨,૪૬૭ |
| કપરાડા | ૬૬,૭૭૦ |
| કુલ | ૧,૮૭,૭૮૧ |

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? — (૨) રૂ.૫૬૩.૩૪ લાખ.

---------

ધરમપુર તાલુકામાં શંકરધોધનો વિકાસ

* ૩૧૫૭૯ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧–૨૦૧૭ ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં શંકરધોધને વિકસાવવા માટેની કાર્યવાહી ક્યા તબક્કે છે ? | તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં શંકરધોધને વિકસાવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ છે, જેમાં નકશા–અંદાજો તૈયાર કરવાની કાર્યવાહી ચાલુ છે. |

---------

ઠાસરા તાલુકા પંચાયતમાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ

* ૩૨૯૮૦ શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૦૧-૨૦૧૭ ની સ્થિતિએ ખેડા જિલ્લાના ઠાસરા તાલુકા પંચાયતમાં તાલુકા વિકાસ અધિકારીની જગ્યા કેટલા સમયથી ખાલી છે,

(૧) તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ ખેડા જિલ્લાના ઠાસરા તાલુકા પંચાયતમાં તાલુકા વિકાસ અધિકારીની જગ્યા તા.૦૬/૦૮/૨૦૧૬થી ખાલી રહેવા પામેલ છે.

(૨) તે અન્વયે ઉક્ત ખાલી જગ્યા સત્વરે નહી ભરવાના કારણો શા છે, અને

(૨) વહીવટી કારણોસર.

(૩) કેટલા સમયમાં આ ખાલી જગ્યા ભરવામાં આવશે ?

(૩) વહીવટી અનુકૂળતાએ.

---------

૧૦૬

ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક સુવિધાઓથી વંચિત પ્રાથમિક કુમાર અને કન્યા શાળાઓ

* ૩૩૦૪૫ શ્રી અમીતભાઈ ચૌધરી (માણસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧-૨૦૧૭ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક સુવિધાઓ ના હોય તેવી કેટલી પ્રાથમિક કુમાર અને કન્યા શાળાઓ છે, અને

(૧) એકપણ શાળા નહીં.

(૨) ઉક્ત સુવિધાથી વંચિત કુમાર અને કન્યા શાળાઓમાં કેટલા સમયમાં આ સુવિધા આપવામાં આવશે?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

ડાંગ જિલ્લામાં આદિજાતિ સંચાલિત શાળાઓમાં ખરીદેલ સાધનો

* ૩૩૮૯૩ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડાંગ જિલ્લામાં આવેલ આદિજાતિ સંચાલિત શાળા, નિવાસી શાળા, એકલવ્ય મોડેલ શાળા તથા ઇ.એમ.આર.એસ. સ્કુલમાં રસોડા માટે ક્યા સાધનો ખરીદવામાં આવેલ છે,

(૧) આ સાથે સામેલ પત્રક-અ પ્રમાણેના સાધનો ખરીદવામાં આવેલ છે.

(૨) ઉક્ત ખરીદાયેલ સાધનોની ગુણવત્તા વિશે સરકારને કોઇ ફરિયાદ મળે છે કે કેમ, અને

(૨) હા, જી.

(૩) જો હા, તો તે અંગે જવાબદારો સામે શું પગલા ભરવામાં આવ્યા ?

(૩) આ અંગે હાલમાં કાર્યવાહી ચાલુ છે.

પત્રક - અ

| ક્રમ | રસોઈના સાધનનું નામ | ૬(છ) એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કુલ | ૧(એક) ગર્લ્સ લીટરસી રેસીડેન્સીયલ શાળા | ૩ (ત્રણ) આદર્શ નિવાસી શાળા |
|---|---|---|---|---|
| ૧ | લોખંડના તવો મોટો | ૬ | ૧ | ૦ |
| ૨ | લોખંડના ઝારો મોટો | ૧૨ | ૨ | ૦ |
| ૩ | લોખંડના ઝારો નાનો | ૧૨ | ૨ | ૦ |
| ૪ | વેલણ પાટલી | ૩૬ | ૬ | ૦ |
| ૫ | એલ્યુમિનિયમ ટબ | ૩૬ | ૬ | ૦ |
| ૬ | સ્ટીલ થાળી | ૨૩૩ | ૧૨૦ | ૦ |
| ૭ | સ્ટીલ ડીશ | ૨૩૩ | ૧૨૦ | ૦ |
| ૮ | સ્ટીલ વાટકી | ૨૩૩ | ૧૨૦ | ૦ |
| ૯ | સ્ટીલ ચમચી | ૨૩૩ | ૧૨૦ | ૦ |
| ૧૦ | સ્ટીલ ગ્લાસ | ૨૩૩ | ૧૨૦ | ૦ |
| ૧૧ | ચપ્પુ | ૭૨ | ૧૨ | ૦ |
| ૧૨ | એલ્યુમિનિયમ ટબ કાણાવાળું | ૬ | ૧ | ૦ |

| ક્રમ | રસોઈના સાધનનું નામ | ૬(છ) એકલવ્ય મૉડેલ રેસીડેન્સીચલ સ્કુલ | ૧(એક) ગર્લ્સ લીટરસી રેસીડેન્સીચલ શાળા | ૩ (ત્રણ) આદર્શ નિવાસી શાળા |
|---|---|---|---|---|
| ૧૩ | એલ્યુમિનિયમ તપેલા અને ઢાંકણા | ૧૮ | ૩ | ૦ |
| ૧૪ | ખાંડણી દસ્તો | ૬ | ૧ | ૦ |
| ૧૫ | નાની સીણી | ૬ | ૧ | ૦ |
| ૧૬ | મોટી સીણી | ૬ | ૧ | ૦ |
| ૧૭ | મિકસર મશીન | ૬ | ૧ | ૦ |
| ૧૮ | સિંગલ ચાલુ (રેગ્યુલેટર અને પાઈપ) | ૧૨ | ૨ | ૦ |
| ૧૯ | સ્ટીલ બાઉલ | ૩૬ | ૬ | ૦ |
| ૨૦ | એલ્યુમિનિયમ પરાત | ૧૨ | ૨ | ૦ |
| ૨૧ | આર્યન મોટી કઢાઈ | ૧૨ | ૨ | ૦ |
| ૨૨ | એલ્યુમિનિયમ કુકર (૫ લીટર) | ૪ | ૦ | ૦ |
| ૨૩ | એલ્યુમિનિયમ કુકર (૧૦ લીટર) | ૪ | ૦ | ૦ |
| ૨૪ | રોટી મેકર મશીન | ૦ | ૦ | ૩ |
| ૨૫ | વેટ ગ્રાઈન્ડર મશીન | ૦ | ૦ | ૧ |
| ૨૬ | પલવે લાઈજર મશીન | ૦ | ૦ | ૧ |
| ૨૭ | કુલી સ્ટે.સ્ટીલ ઓનીયન પોટેટો | ૦ | ૦ | ૧ |
| ૨૮ | પ્લેનટરી મિક્ષર મશીન | ૦ | ૦ | ૧ |
| ૨૯ | ઈડલી સ્ટીમર મશીન | ૦ | ૦ | ૧ |
| કુલ | ૨૧૨૪ | ૧૪૬૭ | ૬૪૯ | ૮ |

---------

નવસારી જિલ્લામાં ગ્રામ પંચાયતના જર્જરીત ઘર

* ૩૩૧૦૬ શ્રી મંગુભાઈ પટેલ (ગણદેવી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૧૬ ની સ્થિતિએ નવસારી જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતના પંચાયત ઘર જર્જરીત છે,

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ

| ક્રમ | તાલુકાનું નામ | જર્જરીત ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | નવસારી | ૦૪ |
| ૨ | જલાલપોર | ૦૦ |
| ૩ | ગણદેવી | ૦૪ |
| ૪ | ચીખલી | ૧૪ |
| ૫ | વાંસદા | ૧૮ |
| ૬ | ખેરગામ | ૦૦ |
| | કુલ | ૪૦ |

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતના પંચાયત ઘરની મરામત માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજૂરી આપવામાં આવી, અને

(૨) ૨૬–પંચાયત ઘર.

(૩) તે માટે સરકાર દ્વારા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલું અનુદાન મંજુર કરવામાં આવેલ છે ?

(૩) ગ્રામ પંચાયત ઘરદીઠ મહતમ રૂ.૫.૦૦ લાખ પ્રમાણે કુલ રૂ.૧૩૦.૦૦ લાખ.

---------

છોટાઉદેપુર જિલ્લામાં વાજબી ભાવની દુકાનો

* ૩૩૪૬૬ શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા (સયાજીગંજ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં કેટલી વાજબી ભાવની દુકાનો છે, અને

જવાબ

(૧) છોટાઉદેપુર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ કુલ–૩૬૬ વાજબી ભાવની દુકાનો આવેલી છે.

(૨) ઉક્ત સ્થિતિએ પરમીટ મુજબ જથ્થો દુકાને પહોંચાડવાની શી વ્યવસ્થા છે ?

(૨) કાર્ડધારકોને દર માસે ૧લી તારીખથી વાજબી ભાવની દુકાનેથી જથ્થો મળી રહે તે હેતુથી વ્યાજબી ભાવની દુકાનના પરવાનેદારોને તેઓની દુકાન સાથે જોડાયેલ કાર્ડધારકોને વિતરણ કરવાના જથ્થાની મામલતદાર કચેરીમાંથી જે તે માસના જથ્થા માટે તે અગાઉના માસની ૧૬મી તારીખથી ઓનલાઈન પરમીટ ઈસ્યુ થાય છે. જે મુજબ ઈસ્યુ થયેલ ઓનલાઈન પરમીટના બેંકમાં નાણાં ભર્યા બાદ નાગરિક પુરવઠા નિગમના ગોડાઉન ઉપરથી કોમ્પ્યુટરરાઈઝડ ડીલીવરી ચલનના આધારે જિલ્લા કક્ષાએ અપાયેલ ડોરસ્ટેપ ડીલીવરીના નિયુકત કરાયેલ પરિવહન ઈજારદાર મારફતે દર માસે વાજબી ભાવની દુકાન સુધી આવશ્યક ચીજવસ્તુઓના જથ્થાની ડોરસ્ટેપ ડીલીવરી મારફત, ડીલીવરી અંગેના રૂટ બનાવી, પરમીટ મુજબ જથ્થો ગોડાઉન ઉપરથી ઉપાડીને વાજબી ભાવની દુકાને પહોંચાડવામાં આવે છે.

ગોડાઉન પરથી જથ્થો ઉપાડી દુકાને પહોંચ્યા અંગે રજીસ્ટર્ડ કરાવેલ સંબધિતોને મોબાઈલ દ્વારા એસએમએસ થી જાણકારી આપવામાં આવે છે. તદઉપરાંત દુકાનના સ્થળે ડોરસ્ટેપ ડીલીવરીથી જથ્થો પહોંચે ત્યારે જથ્થો મળ્યા બદલ તકેદારી સમિતિના સભ્યો પૈકી બે સભ્યોની સહી મેળવવાનું ફરજિયાત કરેલ છે.

---------

અમદાવાદ જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા ઓછું વજન આપતા વ્યાપારી એકમો સામે કાર્યવાહી

* ૩૩૩૬૬ શ્રી ભૂષણ ભટ્ટ (જમાલપુર–ખાડિયા) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઓછું વજન આપતા કેટલા વ્યાપારી એકમો સામે કાર્યવાહી કરવામાં આવી, અને | (૧) ૧૦૨ |
| (૨) તે અન્વયે શું દંડ કરવામાં આવેલ છે ? | (૨) ગુન્હા માંડવાળ ફી પેટે રૂ.૨,૧૩,૬૫૦/– (અંકે રૂપિયા બે લાખ તેર હજાર છસો પચાસ પુરા) વસુલ કરવામાં આવેલ છે. |

---------

ભાવનગર અને અમરેલી જિલ્લામાં સરકારી માધ્યમિક/મોડેલ શાળાઓ

* ૩૩૩૯૯ શ્રી શિવાભાઈ ગોહિલ (તળાજા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ ભાવનગર અને અમરેલી જિલ્લામાં કેટલી સરકારી માધ્યમિક/મોડેલ શાળાઓ કાર્યરત છે, અને

જવાબ

(૧)

| જિલ્લાનું નામ | સરકારી માધ્યમિક શાળાઓ | મોડેલ શાળાઓ |
|---|---|---|
| ભાવનગર | ૫૪ | ૦૫ |
| અમરેલી | ૩૦ | ૦૨ |

(૨) ઉક્ત શાળાઓમાં મંજૂર થયેલ મહેકમ કેટલું છે તે પૈકી ખાલી જગ્યાઓ કેટલી છે ?

(૨) ભાવનગર

| ક્રમ | શાળાઓ | મંજૂર મહેકમ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|
| ૧ | સરકારી માધ્યમિક શાળાઓ | ૩૮૬ | ૨૩૩ |
| ૨ | મોડેલ શાળાઓ | ૬૦ | ૪૧ |

અમરેલી

| | | | |
|---|---|---|---|
| ૧ | સરકારી માધ્યમિક શાળાઓ | ૧૯૬ | ૧૫૮ |
| ૨ | મોડેલ શાળાઓ | ૨૨ | ૨૨ |

---------

સાબરકાંઠા જિલ્લામાં ડોર ટુ ડોર કલેકશન યોજના

* ૩૩૩૪૮ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત ડોર ટુ ડોર કલેકશન યોજના ક્યા વર્ષથી અમલમાં આવી, અને

(૨) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોને આ યોજના અંતર્ગત ગ્રાન્ટ આપવામાં આવી ?

જવાબ

(૧) આ યોજના સનેઃ ૨૦૧૪–૧૫થી અમલમાં આવેલ છે.

(૨) કુલઃ ૪૩૬(ચારસો છત્રીસ)

છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર નીચેની વિગતે આ યોજના અંતર્ગત આપવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૯૭ |
| ૨ | પ્રાંતિજ | ૫૯ |
| ૩ | તલોદ | ૬૦ |
| ૪ | વિજયનગર | ૩૧ |
| ૫ | ઇડર | ૧૦૦ |
| ૬ | વડાલી | ૪૦ |
| ૭ | ખેડબ્રહ્મા | ૩૨ |
| ૮ | પોશીના | ૧૭ |
| | કુલ | ૪૩૬ |

---------

દાહોદ જિલ્લાની અનુસૂચિત જનજાતિની વ્યક્તિઓને વિવિધ લાભો અને તાલીમ આપવાની યોજના

* ૩૩૪૩૦ શ્રી રમેશભાઈ કટારા (ફતેપુરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ દાહોદ જિલ્લાની જંગલની જમીન મેળવેલ અનુસૂચિત જનજાતિની વ્યક્તિઓ માટે જમીન સમતળ કરવા અને ખેતીના વિવિધ લાભ અને તાલીમ માટેની કોઇ યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો આ યોજના હેઠળ કેવા લાભો આપવામાં આવે છે,

(૩) આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં કુલ કેટલા લોકોને લાભ આપવામાં આવ્યો, અને

(૪) તે અંતર્ગત કેટલા રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) હા,જી

(૨) વનવાસી ખેડૂત સશક્તિકરણ યોજના હેઠળ જમીનના વિકાસ, સુધારણા, ઉપયોગ તેમજ ઉત્પાદક્તા વધારવા, પીવાના તેમજ સિંચાઇના પાણીની સુવિધાઓ તેમજ જરૂરી તાલીમ આપવામાં આવે છે.

(૩) ૧૩૦ લાભાર્થીઓ

(૪) ૩.૪૫.૬૦ લાખ

---------

## અતારાંકિત પ્રશ્નો

### જામનગર જિલ્લામાં મરીન નેશનલ પાર્કની જમીન ઉદ્યોગોને ફાળવવા બાબત

* ૩૪૦૧૦ શ્રી રાઘવજી પટેલ (જામનગર–ગ્રામ્ય) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના મરીન નેશનલ પાર્કની મેન્ગ્રુવ (ચેરીયા) ધરાવતી જમીનો ઉદ્યોગોને ફાળવવા માટે મરીન નેશનલ પાર્ક દ્વારા તા.૩૧મી ડિસેમ્બર, ૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દરખાસ્તો કરવામાં આવી છે તે હકીકત સાચી છે કેમ, | (૧) ના, જી |
| (૨) જો હા, તો મરીન નેશનલ પાર્કની મેન્ગ્રુવ વૃક્ષો ધરાવતી જમીન ફાળવણી પર પ્રતિબંધ હોવા છતા તેને ફાળવવા દરખાસ્ત કરવાના શા કારણો છે, અને | (૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉપરોક્ત સમયગાળા દરમ્યાન કેટલી પ્રતિબંધીત જમીન ક્યા ઉદ્યોગ ગૃહને ફાળવવા દરખાસ્ત કરવામાં આવી ? | |

---------

### છોટા ઉદેપુર તાલુકામાં સ્વતંત્ર ગામનો દરજ્જો આપવાની દરખાસ્ત

* ૩૩૮૭૦ શ્રી મોહનસિંહ રાઠવા (છોટા ઉદેપુર) : માનનીય મહેસુલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧૭–૦૧–૨૦૧૭ ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લાના છોટા ઉદેપુર તાલુકાના રાયસીંગપુરા ગામમાંથી વરઘી ફળિયાને અલગ ગામનો દરજ્જો આપવાની દરખાસ્ત ક્યા તબક્કે કેટલા સમયથી પડતર છે, અને | (૧) કલેક્ટર કચેરી છોટાઉદેપુર ખાતે તા.૨૯–૦૭–૨૦૧૩થી પડતર છે. |
| (૨) તે અન્વયે સ્વતંત્ર ગામનો દરજ્જો ક્યારે કેટલા સમયમાં આપવામાં આવશે ? | (૨) દરખાસ્ત મળ્યેથી તુર્તજ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |

---------

### વલસાડ જિલ્લામાં આદિમજૂથની છ પાયાની સુવિધાઓ

* ૩૩૪૨૨ શ્રી કનુભાઈ દેસાઇ (પારડી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં આદિમજૂથની છ પાયાની સુવિધાઓ માટેની કોઇ યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી |
| (૨) જો હા, તો તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૨) |
| (૩) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે ? | (૩) |

(૨)

| વ્યક્તિગત લાભાર્થી | સામૂહિક લાભના કામો |
|---|---|
| ૩૯૦૬ | ૭ |

(૩)

| ખર્ચ (રૂ.લાખમાં) |
|---|
| કુલ ૪૭૦.૮૬ |

---------

### ભાવનગર અને કચ્છ જિલ્લાની એન્જીનીયરીંગ કોલેજોમાં પ્રિન્સિપાલની જગ્યાઓ

* ૩૩૯૯૨ શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૦૧–૦૧–૨૦૧૭ ની સ્થિતિએ ભાવનગર અને કચ્છ જિલ્લાની એન્જીનીયરીંગ કોલેજોમાં પ્રિન્સિપાલની કેટલી મંજુર થયેલ જગ્યાઓ છે, અને | (૧) |

| તા.૦૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ મંજૂર જગ્યાઓ | | |
|---|---|---|
| જિલ્લો | સંવર્ગ | મંજૂર જગ્યા |
| ભાવનગર (સરકારી ઇજનેરી કૉલેજ) | પ્રિન્સીપાલ | ૦૧ |

| | | |
|---|---|---|
| ભાવનગર (શાંતિલાલ શાહ ઇજનેરી કૉલેજ) | પ્રિન્સીપાલ | ૦૧ |
| કચ્છ | પ્રિન્સીપાલ | ૦૧ |

(૨) ઉક્ત સ્થિતિએ આ પૈકી કેટલી જગ્યાઓ ભરેલી છે?

(૨)

| તા.૦૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ ભરેલી જગ્યાઓ | | |
|---|---|---|
| જિલ્લો | સંવર્ગ | ભરેલી જગ્યા |
| ભાવનગર (સરકારી ઇજનેરી કૉલેજ) | પ્રિન્સીપાલ | ૦૦ |
| ભાવનગર (શાંતિલાલ શાહ ઇજનેરી કૉલેજ) | પ્રિન્સીપાલ | ૦૧ |
| કચ્છ | પ્રિન્સીપાલ | ૦૦ |

---------

ભરૂચ જિલ્લામાં માનવ ગરીમા યોજના હેઠળ લાભ આપવા બાબત

* ૩૩૪૨૬ શ્રી અરૂણસિંહ રણા (વાગરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં અનુસૂચિત જનજાતિઓ માટે માનવ ગરીમા યોજના હેઠળ મુખ્યત્વે ક્યા પ્રકારના લાભ આપવામાં આવે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં કેટલા લોકોને ઉક્ત યોજના હેઠળ લાભ આપવામાં આવેલ છે ?

જવાબ

(૧) માનવગરિમા યોજના હેઠળ અનુસૂચિત જનજાતિના ઇસમોને પોતાનો ધંધો/વ્યવસાય શરૂ કરવા માટે સાધનો/ઓજારો ખરીદવા માટે સહાય આપવામાં આવે છે.

(૨)કુલ-૧૪૦૦ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે.

---------

આણંદ અને વડોદરા જિલ્લામાં જમીન રી-સર્વેની કામગીરી

* ૩૩૯૮૨ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૨૦૧૭ ની સ્થિતિએ આણંદ અને વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં જમીન રી-સર્વે કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે,

જવાબ

(૧) તા.૩૧/૦૧/૨૦૧૭ની સ્થિતિએ આણંદ જિલ્લા અને વડોદરા જિલ્લામાં તાલુકાવાર ગામોમાં જમીન રી-સરવેની કામગીરી નીચેની વિગતે પૂર્ણ કરવામાં આવેલ છે.

| આણંદ જિલ્લો | | વડોદરા જિલ્લો | |
|---|---|---|---|
| તાલુકાનું નામ | માપણી પૂર્ણ થયેલ ગામો | તાલુકાનું નામ | માપણી પૂર્ણ થયેલ ગામો |
| આણંદ | ૦૨ | ડભાઈ | ૬૫ |
| પેટલાદ | ૦૦ | સાવલી | ૦૦ |
| બોરસદ | ૦૦ | વડોદરા ગ્રામ્ય | ૦૦ |
| ખંભાત | ૧૦ | કરજણ | ૦૦ |
| ઉમરેઠ | ૦૦ | વાઘોડીયા | ૮૬ |
| સોજીત્રા | ૦૦ | પાદરા | ૬૭ |
| આંકલાવ | ૨૧ | શિનોર | ૦૭ |
| તારાપુર | ૦૪ | ડેસર | ૦૦ |
| કુલ | ૩૭ | કુલ | ૨૨૫ |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કામગીરી પૂર્ણ થયેલ હોય તેમાં તાલુકાવાર કેટલા

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કામગીરી પૂર્ણ થયેલ હોય તેમાં આણંદ જિલ્લા અને વડોદરા જિલ્લામાં તાલુકાવાર નીચેની

નકશાઓ ખાતેદારોને સુપ્રત કરવામાં આવ્યા,

વિગતે નકશાઓ ખાતેદારોને સુપ્રત કરાવામાં આવ્યા

| આણંદ જિલ્લો | | વડોદરા જિલ્લો | |
|---|---|---|---|
| તાલુકાનું નામ | ખાતેદારોને સુપ્રત કરેલ નકશા | તાલુકાનું નામ | ખાતેદારોને સુપ્રત કરેલ નકશા |
| આણંદ | ૧૩૪૫ | ડભાઈ | ૨૪૪૧૦ |
| પેટલાદ | ૦૦ | સાવલી | ૦૦ |
| બોરસદ | ૦૦ | વડોદરા ગ્રામ્ય | ૦૦ |
| ખંભાત | ૩૬૫૩ | કરજણ | ૦૦ |
| ઉમરેઠ | ૦૦ | વાઘોડીયા | ૪૫૦૫૪ |
| સોજીત્રા | ૦૦ | પાદરા | ૫૭૨૫૦ |
| આંકલાવ | ૧૭૨૧૩ | શિનોર | ૬૬૬૩ |
| તારાપુર | ૧૨૨૭ | ડેસર | ૦૦ |
| કુલ | ૨૩૪૩૮ | કુલ | ૧,૩૩,૩૭૭ |

(૩) તે અન્વયે ઉક્ત સમયગાળામાં તાલુકાવાર કેટલા ગામમાંથી કેટલા વાંધાઓ સરકારને મળ્યા, અને

(૩) ઉક્ત સમયગાળામાં આણંદ અને વડોદરા જિલ્લામાં નીચેની વિગતે તાલુકાવાર વાંધાઓ મળેલ છે.

| આણંદ જિલ્લો | | | વડોદરા જિલ્લો | | |
|---|---|---|---|---|---|
| તાલુકાનું નામ | વાંધા મળેલ કુલ ગામ | મળેલ કુલ વાંધાઓ | તાલુકાનું નામ | વાંધા મળેલ કુલ ગામ | મળેલ કુલ વાંધાઓ |
| આણંદ | ૦૨ | ૨૬ | ડભોઈ | ૬૫ | ૩૫૩ |
| પેટલાદ | ૦૦ | ૦૦ | સાવલી | ૦૦ | ૦૦ |
| બોરસદ | ૦૦ | ૦૦ | વડોદરા ગ્રામ્ય | ૦૦ | ૦૦ |
| ખંભાત | ૦૮ | ૧૦૯ | કરજણ | ૦૦ | ૦૦ |
| ઉમરેઠ | ૦૦ | ૦૦ | વાઘોડીયા | ૮૬ | ૯૭૦ |
| સોજીત્રા | ૦૦ | ૦૦ | પાદરા | ૬૭ | ૩૭૭ |
| આંકલાવ | ૦૯ | ૧૪૨ | શિનોર | ૦૭ | ૧૬ |
| તારાપુર | ૦૨ | ૩૨ | ડેસર | ૦૦ | ૦૦ |
| કુલ | ૨૧ | ૩૦૯ | કુલ | ૨૨૫ | ૧૭૧૬ |

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત મળેલ વાંધાઓ અન્વયે સરકારે શી કાર્યવાહી કરી ?

(૪) ઉક્ત સ્થિતિએ આણંદ જિલ્લામાં આવેલ કુલ ૩૦૯ વાંધા અરજીઓ પૈકી ૧૦૦ અરજીઓનો તથા વડોદરા જિલ્લામાં આવેલ કુલ ૧૭૧૬ વાંધા અરજીઓ પૈકી ૪૦૮ અરજીઓનો સુપરિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડ કમ એકત્રીકરણ અધિકારી દ્વારા હુકમો કરી નિકાલ કરવામાં આવેલ છે.

---------

બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં ફાજલ પડેલી જમીનોની ફાળવણી

* ૩૨૯૭૬ શ્રી મણિલાલ વાઘેલા (વડગામ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧–૧–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લેન્ડ સીલીંગ એક્ટ હેઠળ ફાજલ થયેલ જમીનો પૈકી કેટલી જમીનો ફાળવવામાં આવી,

જવાબ

(૧) (અ) બનાસકાંઠા જિલ્લામાં ફાળવેલ જમીન

હે.આરે.ચો.મી.

૫૩–૫૪–૦૪

(બ) સાબરકાંઠા જિલ્લામાં કોઈ જમીન ફાજલ કરવામાં આવેલ ના હોઈ, જમીન ફાળવણી કરવાનો પ્રશ્ન

ઉપસ્થિત થતો નથી.

(૨) કેટલી ફાળવવાની બાકી છે, અને

(૨) (અ) બનાસકાંઠા જિલ્લામાં કોઈ જમીન ફાળવવાની બાકીમાં નથી.

(બ) સાબરકાંઠા જિલ્લામાં જમીન ફાળવણીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) બાકી જમીનો કેટલા સમયમાં ફાળવવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

વલસાડ જિલ્લામાં ડોર ટુ ડોર કલેકશન યોજના

* ૩૩૩૪૭ શ્રી ઇશ્વરભાઈ પરમાર (બારડોલી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.−

પ્રશ્ન

(૧) મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત ડોર ટુ ડોર કલેકશન યોજના ક્યા વર્ષથી અમલમાં આવી, અને

(૨) તા.૩૧−૧૨−૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોને આ યોજના અંતર્ગત ગ્રાન્ટ આપવામાં આવી ?

જવાબ

(૧) આ યોજના સનેઃ ૨૦૧૪−૧૫થી અમલમાં આવેલ છે.

(૨) કુલઃ ૩૭૪(ત્રણસો ચુમ્મોતેર) છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર નીચેની વિગતે આ યોજના અંતર્ગત ગ્રાન્ટ આપવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | વલસાડ | ૯૨ |
| ૨ | પારડી | ૫૩ |
| ૩ | ધરમપુર | ૬૩ |
| ૪ | ઉમરગામ | ૫૧ |
| ૫ | કપરાડા | ૯૨ |
| ૬ | વાપી | ૨૩ |
| | કુલઃ | ૩૭૪ |

---------

છોટાઉદેપુર જિલ્લામાં રાહતદરે તુવેરદાળના જથ્થાનું વિતરણ

* ૩૩૪૬૩ શ્રીમતી મનિષા વકીલ (વડોદરા શહેર) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.−

પ્રશ્ન

(૧) છોટાઉદેપુર જિલ્લામાં તા.૩૧−૧૨−૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે તુવેરદાળના કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું,

(૨) ક્યા કુટુંબોને વિતરણ કરવામાં આવ્યું, અને

(૩) ક્યા ભાવથી કરવામાં આવ્યું ?

જવાબ

(૧) ૭૯.૫૨ મેટ્રિક ટન.

(૨) અંત્યોદય અને બીપીએલ કાર્ડધારક કુટુંબોને વિતરણ કરવામાં આવેલ છે.

(૩) તુવેરદાળનું પ્રતિ કુટુંબ દીઠ ૧ કિ.ગ્રા. ના પ્રમાણથી પ્રતિ ૧ કિ.ગ્રા. રૂ. ૬૦/− ના રાહતભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

---------

મહેસાણા જિલ્લામાં સર્વશિક્ષા યોજના અંતર્ગત પીવાના પાણીની સુવિધાઓ

* ૩૩૪૦૭ શ્રી નારાયણભાઈ પટેલ (ઉંઝા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.−

પ્રશ્ન

(૧) સર્વ શિક્ષા યોજના અંતર્ગત મહેસાણા જિલ્લામાં તા.૩૧−૧૨−૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી શાળાઓમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ બાકીની શાળાઓમાં પીવાના

જવાબ

(૧) થી (૩) એકપણ સરકારી પ્રાથમિક શાળા પીવાના પાણીની સુવિધાથી વંચિત નથી, આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પાણીની સુવિધા ક્યારે પૂરી પાડવામાં આવનાર છે ?

---------

કચ્છ જિલ્લામાં રોપાનું વાવેતર

* ૩૩૪૩૮ શ્રી પંકજભાઈ મહેતા (રાપર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ લખપત અને અબડાસા તાલુકામાં વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ માં તા.૩૧–૧૨–૧૬ સુધીમાં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) લખપત તાલુકામાં ૩૩૧૦ હેક્ટર અને અબડાસા તાલુકામાં ૨૦૧૦.૭૧ હેક્ટર. |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ. ૧૨૩૪.૬૦ લાખ. |

---------

રાજકોટ જિલ્લામાં વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન

* ૩૩૩૯૦ શ્રીમતી ભાનુબેન બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ ૨૦૧૬–૧૭ ના વર્ષમાં રાજકોટ જિલ્લામાં વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન ક્યારે કરવામાં આવેલ હતું, અને

જવાબ

(૧)

| વિભાગ | વિજ્ઞાન પ્રદર્શનની કક્ષા | સમયગાળો |
|---|---|---|
| પ્રાથમિક | શહેર કક્ષાનું વિજ્ઞાન પ્રદર્શન | ૦૬–૦૭/૧૦/૨૦૧૬ |
| વિભાગ | જિલ્લા કક્ષાનું વિજ્ઞાન પ્રદર્શન | ૨૪–૨૬/૧૦/૨૦૧૬ |

(૨) આ પ્રદર્શનમાં શાળાઓ દ્વારા ક્યા થીમ આધારિત મૉડેલ્સ રજૂ કરવામાં આવેલ હતા ?

(૨) '' રાષ્ટ્રના નિર્માણ માટે વિજ્ઞાન,ટેકનોલોજી અને ગણિત.''

---------

સુરત અને તાપી જિલ્લામાં ઘરથાળ પ્લોટ માટેની અરજીઓ

* ૩૩૩૨૨ શ્રી આનંદભાઈ ચૌધરી (માંડવી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત અને તાપી જિલ્લામાં જિલ્લાવાર ૧૦૦ ચો.વારના ઘરથાળના પ્લોટ માટે કેટલી અરજીઓ મળી, અને | (૧) ઘરથાળના પ્લોટ માટે સુરત જીલ્લામાં ૨૪૭ અને તાપી જિલ્લામાં ૭૦ અરજીઓ મળેલ છે. |
| (૨) તે પૈકી જિલ્લાવાર ઉક્ત સમયગાળામાં કેટલા લાભાર્થીઓને ૧૦૦ ચો.વારના પ્લોટ આપવામાં આવ્યા અને ઉક્ત જિલ્લાવાર કેટલા લાભાર્થી બાકી છે ? | (૨) સુરત જિલ્લામાં પાત્રતા ધરાવતા ૨૪૪ લાભાર્થીઓને પ્લોટ ફાળવવામાં આવેલ છે. જ્યારે તાપી જિલ્લામાં ૪૦ લાભાર્થીઓને પ્લોટ ફાળવવામાં આવેલ છે અને ૩૦ લાભાર્થીઓ બાકી છે. |

---------

રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓને સ્વચ્છ રાખવા માટે ફાળવેલ રકમ

* ૩૨૯૩૧ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ રાજ્ય સરકાર પ્રાથમિક શાળાઓને સ્વચ્છ રાખવા દર મહિને પ્રતિ શાળાદીઠ કેટલી રકમ ફાળવે છે, અને | (૧) રૂ.૧૮૦૦/– લેખે. |
| (૨) આ ફાળવવામાં આવતી રકમના દર ક્યારથી અમલમાં છે ? | (૨) સને ૨૦૧૫–૧૬ થી. |

---------

પાવાગઢ ખાતે વૃક્ષોનું વાવેતર

* ૩૩૪૪૫ શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાવાગઢ (જેપુરા) ખાતેનું વિરાસત વન કેટલા | (૧) ૬.૫૦ હેક્ટર વિસ્તારમાં. |

વિસ્તારમાં બનાવેલ છે,

(૨) આ વનમાં મુખ્યત્વે ક્યા પ્રકારના કેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું, તથા તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ કેટલા ટકા જીવંત છે, અને

(૨) ખાટી આમલી, સપ્તપણી, બોરસલ્લી, વાંસ, રાયણ,ચંદન,ગરમાળો અર્જુન સાદડ,હરડે, આમળા , બહેડા,બીજોરૂં, લીમડા, અશોક, વડ, આંબા, રૂદ્રાક્ષ,કદમ, બીલી, પીપળા, નાળીયેરી,સીમળો,ચંપો, ખાખરો,પાણીનેતર, ફણસ,ખીજડો, મહુડા, અરડુસા, સરગવા, નીલગીરી, વિગેરે પ્રકારના કુલ ૫૯૬૬૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે. જે પૈકી ૯૭.૪૧ ટકા જીવંત છે.

(૩) તે અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૩) રૂ. ૪૪૨.૧૫ લાખ.

---------

ભાવનગર જિલ્લામાં વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન

* ૩૩૩૯૧ શ્રી કેશુભાઈ નાકરાણી (ગારીયાધાર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ ૨૦૧૬-૧૭ ના વર્ષમાં ભાવનગર જિલ્લામાં વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન ક્યારે કરવામાં આવેલ હતું, અને

(૧) તા.૧૩/૧૦/૧૬ થી ૧૫/૧૦/૧૬ દરમ્યાન.

(૨) આ પ્રદર્શનમાં શાળાઓ દ્વારા ક્યા થીમ આધારિત મોડેલ્સ રજૂ કરવામાં આવેલ હતા ?

(૨) '' રાષ્ટ્ર નિર્માણ માટે વિજ્ઞાન ટેકનોલોજી અને ગણિત ''.

---------

મહેસાણા જિલ્લામાં સરકારી માધ્યમિક/મોડેલ શાળાઓ

* ૩૩૩૯૮ શ્રી રજનીકાંત પટેલ (બેચરાજી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં કેટલી સરકારી માધ્યમિક/મોડેલ શાળાઓ કાર્યરત છે, અને

(૧)

| સરકારી માધ્યમિક શાળાઓ | મોડેલ શાળાઓ |
|---|---|
| ૦૮ | ૦૧ |

(૨) ઉક્ત શાળાઓમાં મંજૂર થયેલ મહેકમ કેટલું છે તે પૈકી ખાલી જગ્યાઓ કેટલી છે ?

(૨)

| ક્રમ | શાળાઓ | મંજુર મહેકમ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|
| ૧ | સરકારી માધ્યમિક શાળાઓ | ૫૮ | ૧૭ |
| ૨ | મોડેલ શાળાઓ | ૧૨ | ૦૬ |

---------

તાપી અને વલસાડ જિલ્લામાં નબળી પ્રાથમિક શાળાઓ

* ૩૩૦૨૮ શ્રી પુનાભાઈ ગામીત (વ્યારા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં થયેલ ગુણોત્સવમાં તાપી અને વલસાડ જિલ્લામાં જીલ્લાવાર કેટલી પ્રાથમિક શાળાઓ નબળી જણાઈ, અને

(૧)

| જિલ્લો | વર્ષ ૨૦૧૪-૧૫ ગુણોત્સવ-૫ | | વર્ષ ૨૦૧૫-૧૬ ગુણોત્સવ-૬ | |
|---|---|---|---|---|
| | નબળી | અત્યંત નબળી | નબળી | અત્યંત નબળી |
| તાપી | ૯૫ | ૨૮ | ૩૪ | ૧૫ |

(૨) ઉકત શાળાઓનું શિક્ષણ સુધારવા રાજ્ય

(૨) સરકારે લીધેલા પગલાં

| | | |
|---|---|---|
| સરકારે મુખ્યત્વે શા પગલાં લીધા ? | (૧) | ઉપચારાત્મક કાર્યક્રમ દ્વારા અતિશય નબળી શાળાઓનો સમય એક કલાક વધારી વધારાનું શિક્ષણ કાર્ય કરવામાં આવે છે અને તેનું સુચારૂ અમલીકરણ અને સઘન મોનીટરીંગ કરવામાં આવે છે. |
| | (૨) | જિલ્લાની દરેક પ્રાથમિક શાળામાં ૦ થી ૪ ગુણ ધરાવતા દરેક બાળક માટે રેમેડિયલ વર્ગ શરૂ કરવામાં આવેલ છે. |
| | (૩) | ધોરણ ૬ થી ૮ માં કઠીન મુદ્દાઓનું સરળીકરણ સી.આર.સી. બેઠકમાં કરવામાં આવે છે. |
| | (૪) | દરેક શાળામાં અઠવાડિયામાં એકવાર રમતગમત/યોગ/વ્યાયામનું આયોજન કરવામાં આવે છે. |
| | (૫) | શાળા વ્યવસ્થાપન સમિતિને સક્રિય કરવામાં આવી છે. |
| | (૬) | દરેક શાળામાં ફરજીઆત વાલી સંમેલન, વાર્ષિકોત્સવ અને શૈક્ષણિક પ્રવાસ કરવામાં આવે તેવું આયોજન કરવામાં આવ્યુ છે. |
| | (૭) | ગુણોત્સવ ગ્રેડ સુધારવા બાબતે જીલ્લાના તમામ સી.આર.સી. કો–ઓર્ડીનેટરોને સઘન તાલીમ આપવામાં આવી છે. |
| | (૮) | દરેક શિક્ષકો વિષયવાર પ્રોજેકટસ વિદ્યાર્થીઓ પાસે તૈયાર કરાવે તેવું સઘન આયોજન કરવામાં આવ્યું છે. |
| | (૯) | જિલ્લાની તમામ શાળાઓમાં વિદ્યાર્થીઓનો પ્રોગ્રેસ રીપોર્ટ વાલીઓ સુધી પહોંચે તેવું આયોજન કરવામાં આવ્યું છે. |
| | (૧૦) | ગુણવત્તા સુધારણા અંગે વખતોવખત આપવામાં આવેલ સૂચનાઓની અમલવારી કરાવવામાં આવે છે. |
| | (૧૧) | આ બાબતોનું મોનીટરીંગ/હેન્ડ હોલ્ડીંગ પોતાના તાબાની શાળાઓમાં કરવા સી.આર.સી./બી.આર.સી. કો–ઓર્ડીનેટરો તેમજ બીટ કેળવણી નિરીક્ષકોને જણાવવામાં આવેલ છે. |

---------

ચાંણોદ ખાતે આવેલ અનિરૂધ્ધાચાર્ય સંસ્કૃત પાઠશાળાને ગ્રાન્ટ

* ૩૩૯૭૮ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકાના ચાંણોદ ખાતે આવેલ અનિરૂધ્ધાચાર્ય સંસ્કૃત પાઠશાળાને ગ્રાન્ટેડ શાળા તરીકે ક્યારે મંજૂરી આપેલ છે, | (૧) તા.૦૪–૦૬–૨૦૧૦ થી. |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ સંસ્કૃત પાઠશાળાને સરકારે કેટલી ગ્રાન્ટ ફાળવેલ છે, | (૨) ગ્રાન્ટ ફાળવેલ નથી. |
| (૩) જો ગ્રાન્ટ ન ફાળવવામાં આવી હોય તો તેના કારણો શા છે, અને | (૩) આ પાઠશાળાના કર્મચારીઓની અનિયમિત નિમણુંકો નિયમાનુસાર નિયમિત કરી શકાય તેમ ન હોવાથી ગ્રાન્ટ ફાળવેલ નથી. |
| (૪) ઉકત શાળાને ગ્રાન્ટ કેટલા સમયમાં ફાળવવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## ૩૦મી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નો

---------

### તાપી જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ હેઠળ અનાજના જથ્થાનું વિતરણ

* ૩૩૪૮૨ શ્રી જનકભાઈ કાછડીયા (કરંજ) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો, ૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ તાપી જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) ક્યા પ્રમાણ–ભાવથી વિતરણ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ (માં અન્નપુર્ણા યોજના)નો અમલ રાજ્યમાં તા.૦૧/૦૪/૨૦૧૬ થી કરવામાં આવેલ છે.

તેથી તાપી જિલ્લામાં તા.૦૧/૦૪/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૬ સુધીમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો,૨૦૧૩ (માં અન્નપુર્ણા યોજના) હેઠળ અનાજના જથ્થાનું વિતરણ નીચે મુજબ કરવામાં આવેલ છેઃ–

(આંકડા મે.ટનમાં)

| ક્રમ | યોજના | ઘઉં | ચોખા | કુલ વિતરણ |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય અન્ન યોજના (AAY) | ૬૭૦૪.૬૮ | ૧૫૭૬.૨૮ | ૮૨૮૦.૯૬ |
| ૨ | અગ્રતા ધરાવતા કુંટુબ (PHH) | ૧૫૫૮૩.૨૫ | ૩૯૨૮.૯૧ | ૧૯૫૧૨.૧૬ |
| | કુલ | ૨૨૨૮૭.૯૩ | ૫૫૦૫.૧૯ | ૨૭૭૯૩.૧૨ |

(૨) રાષ્ટ્રીય અન્ન સલામત કાયદો, ૨૦૧૩(માં અન્નપુર્ણા યોજના) હેઠળ નીચે દર્શાવ્યા મુજબના સમયગાળા અને પ્રમાણ–ભાવથી અનાજનું વિતરણ કરવામાં આવેલ છે.

- એપ્રિલ–૧૬ થી સપ્ટેમ્બર–૧૬ સુધીઃ–

| ક્રમ | જન્સી | યોજના | | | |
|---|---|---|---|---|---|
| | | અંત્યોદય અન્ન યોજના (AAY) | | અગ્રતા ધરાવતા કુંટુબ (PHH) | |
| | | વિતરણ–પ્રમાણ કાર્ડ દીઠ (કિ.ગ્રા) | ભાવ પ્રતિ કિ.ગ્રા. (રૂ.–પૈસા) | વિતરણ–પ્રમાણ વ્યક્તિ દીઠ (કિ.ગ્રા) | ભાવ પ્રતિ કિ.ગ્રા (રૂ.–પૈસા) |
| ૧ | ઘઉં | ૩૦.૦૦૦ | ૨.૦૦ | ૪.૨૫૦ | ૨.૦૦ |
| ૨ | ચોખા | ૫.૦૦૦ | ૩.૦૦ | ૦.૭૫૦ | ૩.૦૦ |
| | કુલ | ૩૫.૦૦૦ | | ૫.૦૦૦ | |

ઓક્ટોબર–૧૬ થી ડિસેમ્બર–૧૬ સુધીઃ–

| ક્રમ | જન્સી | યોજના | | | |
|---|---|---|---|---|---|
| | | અંત્યોદય અન્ન યોજના (AAY) | | અગ્રતા ધરાવતા કુંટુબ (PHH) | |
| | | વિતરણ–પ્રમાણ કાર્ડ દીઠ (કિ.ગ્રા) | ભાવ પ્રતિ કિ.ગ્રા. (રૂ.–પૈસા) | વિતરણ–પ્રમાણ વ્યક્તિ દીઠ (કિ.ગ્રા) | ભાવ પ્રતિ કિ.ગ્રા. (રૂ.–પૈસા) |
| ૧ | ઘઉં | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૩.૫૦૦ | ૨.૦૦ |
| ૨ | ચોખા | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ |

---------

### અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં રાજીવગાંધી ભવન કેન્દ્રોની મંજૂરી

* ૩૨૯૮૭ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા રાજીવ ગાંધી ભવન કેન્દ્રો મંજુર કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર એક પણ રાજીવ ગાંધી ભવન કેન્દ્ર મંજૂર કરવામાં આવેલ નથી.

(૨) તે પૈકી ઉકત જિલ્લાવાર કેટલા કેન્દ્રોનું કામ પૂર્ણ કરવામાં આવ્યુ, અને કેટલા કેન્દ્રોનું કામ બાકી છે, અને

(૨) ખંડ(૧) ની વિગતે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉકત બાકી કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

ભરૂચ જિલ્લામાં વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન

* ૩૩૩૯૨ શ્રી છત્રસિંહજી મોરી (જંબુસર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ૨૦૧૬-૧૭ના વર્ષમાં ભરૂચ જિલ્લામાં વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન ક્યારે કરવામાં આવેલ હતું, અને

જવાબ

(૧)

| વિજ્ઞાન પ્રદર્શનની કક્ષા | સમયગાળો |
|---|---|
| પ્રાથમિક શાળાનું કલસ્ટર રીસોર્સ કોઓર્ડિનેટર કક્ષાનું વિજ્ઞાન પ્રદર્શન | તા.૬-૯-૨૦૧૬ |
| પ્રાથમિક શાળાઓના તાલુકા કક્ષાના વિજ્ઞાન પ્રદર્શનો | ૧૫-૯-૨૦૧૬ થી ૧૯-૯-૨૦૧૬ |
| પ્રાથમિક શાળાઓના જિલ્લા કક્ષાના વિજ્ઞાન પ્રદર્શનો | ૨૯-૯-૨૦૧૬ થી ૧-૧૦-૨૦૧૬ |
| માધ્યમિક શાળાના શાળા વિકાસ સંકુલ કક્ષાના વિજ્ઞાન પ્રદર્શનો | ૭-૯-૨૦૧૬ થી ૯-૯-૨૦૧૬ |
| માધ્યમિક શાળાના જિલ્લા કક્ષાના વિજ્ઞાન પ્રદર્શનો | ૬-૧૦-૨૦૧૬ થી ૮-૧૦-૨૦૧૬ |

(૨) આ પ્રદર્શનમાં શાળાઓ દ્વારા કયા થીમ આધારિત મૉડેલ્સ રજૂ કરવામાં આવેલ હતા ?

(૨) ''રાષ્ટ્રના નિર્માણ માટે વિજ્ઞાન, ટેકનોલોજી અને ગણિત.''

---------

તાપી જિલ્લામાં પંચાયત ઘર વિહોણી ગ્રામ પંચાયતો

* ૩૩૩૫૫ શ્રી મોહનભાઈ ઢોડીયા (મહુવા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ તાપી જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલી ગ્રામ પંચાયતો છે,

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ.

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ પંચાયતોની સંખ્યા |
|---|---|---|
| ૧ | વાલોડ | ૩૫ |
| ૨ | વ્યારા | ૭૧ |
| ૩ | ડોલવણ | ૪૪ |
| ૪ | સોનગઢ | ૭૯ |
| ૫ | ઉચ્છલ | ૨૪ |
| ૬ | નિઝર | ૨૦ |
| ૭ | કુકરમુંડા | ૧૮ |
| | કુલ | ૨૯૧ |

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયત ઘરનાં બાંધકામ માટે વર્ષ ૨૦૧૬-૧૭માં ઉકત સ્થિતિએ કેટલું અનુદાન આપેલ છે ?

(૨) ૭ (સાત) ગ્રામ પંચાયતોને કુલ રૂ.૫૩.૦૦ લાખ.

---------

રાજકોટ જિલ્લાની શાળાઓમાં ટ્રાન્સપોર્ટેશનની સુવિધાઓ

* ૩૩૪૦૫ શ્રી પ્રવિણભાઈ માંકડીયા (ધોરાજી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે

જવાબ

(૧) ૧૦૯.

વર્ષમાં સર્વ શિક્ષા અભિયાન યોજના અંતર્ગત રાજકોટ જિલ્લાની કેટલી શાળાઓમાં ટ્રાન્સપોર્ટેશનની સુવિધાઓ આપવામાં આવી,

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ ટ્રાન્સપોર્ટેશનની સુવિધા પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૨) રૂ.૯૩.૫૨ લાખ.

(૩) આ ટ્રાન્સપોર્ટેશન યોજનાનું સંચાલન કોના દ્વારા કરવામાં આવે છે ?

(૩) સંબંધિત શાળાની શાળા વ્યવસ્થાપન સમિતિ દ્વારા.

---------

મોરબી જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનો

* ૩૩૪૬૮ શ્રી કાંતીલાલ અમૃતિયા (મોરબી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) મોરબી જિલ્લામાં તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વ્યાજબી ભાવની દુકાનોની કેટલી તપાસો કરવામાં આવી છે,

(૨) કેટલી દુકાનોમાં અનિયમિતતા જોવા મળી, અને

(૩) તે અન્વયે શું પગલાં લીધા ?

જવાબ

(૧) મોરબી જિલ્લામાં તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વ્યાજબી ભાવની દુકાનોની ૧૨૯ તપાસો કરવામાં આવી છે.

(૨) આ ૧૨૯ દુકાનો પૈકીની કોઈ દુકાનમાં અનિયમિતતા જોવા મળેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

દાહોદ અને પંચમહાલ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં વર્ગખંડોની ઘટ

* ૩૩૦૦૦ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ દાહોદ અને પંચમહાલ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં કેટલા વર્ગખંડોની ઘટ છે, અને

(૨) ઉકત સ્થિતિએ ઘટતા વર્ગખંડ કેટલા સમયમાં બનાવવામાં આવશે ?

જવાબ

(૧)

| જિલ્લો | વર્ગખંડોની ઘટ |
|---|---|
| દાહોદ | ૧૨૪૯ |
| પંચમહાલ | ૮૦૩ |

(૨) બાકી ખૂટતા વર્ગખંડ આગામી વર્ષોમાં તબક્કાવાર બનાવવામાં આવશે.

---------

ગાંધીનગર જિલ્લામાં નિલ ગાયો દ્વારા ઉભા પાકને નુકશાન

* ૩૨૯૯૮ શ્રીમતી કામિનીબા રાઠોડ (દહેગામ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૧૭ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર નિલ ગાયો ઉભા પાકને નુકશાન પહોંચાડે છે તે હકિકત સાચી છે કે કેમ, અને

(૨) જો હા, તો આ નીલ ગાયોને પકડીને રક્ષિત જંગલ વિસ્તારમાં લઈ જવા માટે સરકારે ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શા પગલાં લીધા ?

જવાબ

(૧) આવી રજુઆતો મળેલ છે.

(૨) નૈસર્ગિક અવસ્થામાં રહેતા વન્યજીવોને તેમના કુદરતી રહેઠાણ/પરિસરમાં સંરક્ષણ અને સંવર્ધનની નીતિ અમલમાં હોય, નીલ ગાયોને પકડીને રક્ષિત વિસ્તારમાં લઈ જવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

સુરેન્દ્રનગર જિલ્લામાં ડોર ટુ ડોર કલેકશન યોજના

* ૩૩૩૪૯ શ્રીમતિ વર્ષાબેન દોશી (વઢવાણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત ડોર ટુ ડોર કલેક્શન યોજના કયા વર્ષથી અમલમાં આવી, અને

જવાબ

(૧) આ યોજના સનેઃ ૨૦૧૪-૧૫થી અમલમાં આવેલ છે.

(૨) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોને આ યોજના અંતર્ગત ગ્રાન્ટ આપવામાં આવી ?

(૨) કુલઃ ૫૪૦(પાંચસો ચાલીસ) છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર નીચેની વિગતે આ યોજના અંતર્ગત ગ્રાન્ટ આપવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ધ્રાંગધ્રા | ૬૫ |
| ૨ | ચોટીલા | ૭૪ |
| ૩ | ચુડા | ૩૬ |
| ૪ | સાયલા | ૬૨ |
| ૫ | મુળી | ૫૧ |
| ૬ | લીંબડી | ૫૫ |
| ૭ | વઢવાણ | ૪૫ |
| ૮ | લખતર | ૪૨ |
| ૯ | થાન | ૨૩ |
| ૧૦ | પાટડી | ૮૭ |
| | કુલ | ૫૪૦ |

---------

## તાપી જિલ્લામાં શિક્ષકો માટે સીપીએફ યોજના

* ૩૩૩૭૪ શ્રી કાંતિલાલભાઈ ગામીત (નિઝર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) જિલ્લા પંચાયતોના શિક્ષકો માટે સીપીએફ યોજના ક્યારે લાગુ પાડી છે, અને

(૨) તાપી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા શિક્ષકોના સીપીએફ એકાઉન્ટ ખોલવામાં આવ્યા ?

જવાબ

(૧) તા.૦૧/૦૪/૨૦૦૫ થી.

(૨) ૨૨૦ શિક્ષકોના.

---------

## મોરબી અને રાજકોટ જિલ્લામાં જાહેરમાં શૌચક્રિયા મુક્ત તાલુકા

* ૩૩૭૦૨ શ્રી મહમદ જાવિદ પીરઝાદા (વાંકાનેર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ મોરબી અને રાજકોટ જિલ્લાના જિલ્લાવાર કેટલા તાલુકા ક્યારે જાહેર શૌચક્રિયા મુક્ત જાહેર થયા, અને

(૨) ઉક્ત સ્થિતિએ બન્ને જિલ્લાના કેટલા તાલુકા બાકી છે અને તેના કારણો શા છે. ?

જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ મોરબી અને રાજકોટ જિલ્લાનો એક પણ તાલુકો શૌચક્રિયા મુક્ત જાહેર કરવામાં આવેલ નથી.

(૨) ઉક્ત સ્થિતિએ મોરબી અને રાજકોટ જિલ્લાના તાલુકા વિસ્તારોમાં શૌચાલયો બાંધવાની કામગીરી ચાલુ હોવાના કારણે આ બન્ને જિલ્લાના એક પણ તાલુકાને શૌચક્રિયા મુકત જાહેર કરવામાં આવેલ નથી.

---------

## ખેડા જિલ્લામાં વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના

* ૩૩૪૦૩ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ખેડા જિલ્લામાં વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના હેઠળ વર્ષ ૨૦૧૫–૧૬ના વર્ષમાં કેટલી કન્યાઓને બોન્ડ આપવામાં આવ્યા , અને

(૨) તે અન્વયે કુલ કેટલી રકમના બોન્ડ આપવામાં આવ્યા ?

જવાબ

(૧) ૮૦૦

(૨) ૧૬.૦૦ લાખના

---------

## અતારાંકિત પ્રશ્નો

### સોમનાથ જિલ્લા પંચાયતમાં મંજુર મહેકમ

* ૩૩૪૧૫ શ્રી ગોવિંદભાઈ પટેલ (રાજકોટ-દક્ષિણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલુ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સંવર્ગવાર કેટલી જગ્યા ભરાયેલ અને કેટલી જગ્યા ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ કયાં સુધી ભરવામાં આવશે ?

જવાબ

(૧)

| સંવર્ગ | ૧ | ૨ | ૩ | ૪ | કુલ |
|---|---|---|---|---|---|
| મંજુર મહેકમ | ૧૦ | ૨૦ | ૮૯ | ૧૯ | ૧૩૮ |

(૨)

| સંવર્ગ | વર્ષ-૨૦૧૪ દરમ્યાન ભરાયેલ જગ્યાઓ | વર્ષ-૨૦૧૫ દરમ્યાન ભરાયેલ જગ્યાઓ | તા.૩૧/૧૨/૧૬ની સ્થિતિએ ખાલી જગ્યાઓ |
|---|---|---|---|
| ૧ | ૦ | ૯ | ૧ |
| ૨ | ૦ | ૯ | ૧૧ |
| ૩ | ૦ | ૩૯ | ૫૦ |
| ૪ | ૦ | ૦ | ૧૯ |
| કુલ | ૦ | ૫૭ | ૮૧ |

(૩) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ

---------

### મહેસાણા જિલ્લામાં તાલુકા પંચાયતનું મંજુર મહેકમ

* ૩૩૯૫૦ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧/૦૧/૨૦૧૭ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં આવેલ તાલુકા પંચાયતનું મંજુર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

જવાબ

(૧)

| તાલુકાનું નામ | સંવર્ગ | | | | |
|---|---|---|---|---|---|
| | ૧ | ૨ | ૩ | ૪ | કુલ |
| મહેસાણા | ૦ | ૧ | ૩૩ | ૬ | ૪૦ |
| કડી | ૦ | ૧ | ૩૧ | ૫ | ૩૭ |
| બેચરાજી | ૦ | ૧ | ૧૬ | ૨ | ૧૯ |
| વિસનગર | ૦ | ૧ | ૨૮ | ૫ | ૩૪ |
| વિજાપુર | ૦ | ૧ | ૨૮ | ૫ | ૩૪ |
| ખેરાલુ | ૦ | ૧ | ૨૨ | ૪ | ૨૭ |
| સતલાસણા | ૦ | ૧ | ૧૬ | ૨ | ૧૯ |
| વડનગર | ૦ | ૧ | ૧૯ | ૩ | ૨૩ |
| ઉંઝા | ૦ | ૧ | ૧૬ | ૩ | ૨૦ |
| જોટાણા | ૦ | ૧ | ૧૨ | ૦ | ૧૩ |

(૨)

| તાલુકાનું નામ | ભરાયેલ જગ્યાઓ | | | | | ખાલી જગ્યાઓ | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | સંવર્ગ | | | | | સંવર્ગ | | | | |
| | ૧ | ૨ | ૩ | ૪ | કુલ | ૧ | ૨ | ૩ | ૪ | કુલ |
| મહેસાણા | ૦ | ૦ | ૧૯ | ૪ | ૨૩ | ૦ | ૧ | ૧૪ | ૨ | ૧૭ |
| કડી | ૦ | ૧ | ૧૫ | ૪ | ૨૦ | ૦ | ૦ | ૧૬ | ૧ | ૧૭ |
| બેચરાજી | ૦ | ૧ | ૯ | ૨ | ૧૨ | ૦ | ૦ | ૭ | ૦ | ૭ |
| વિસનગર | ૦ | ૦ | ૧૮ | ૩ | ૨૧ | ૦ | ૧ | ૧૦ | ૨ | ૧૩ |
| વિજાપુર | ૦ | ૦ | ૧૨ | ૫ | ૧૭ | ૦ | ૧ | ૧૬ | ૦ | ૧૭ |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ખેરાલુ | ૦ | ૧ | ૧૨ | ૩ | ૧૬ | ૦ | ૦ | ૧૦ | ૧ | ૧૧ |
| સતલાસણા | ૦ | ૦ | ૧૧ | ૦ | ૧૧ | ૦ | ૧ | ૫ | ૨ | ૮ |
| વડનગર | ૦ | ૧ | ૧૩ | ૩ | ૧૭ | ૦ | ૦ | ૬ | ૦ | ૬ |
| ઉંઝા | ૦ | ૦ | ૯ | ૩ | ૧૨ | ૦ | ૧ | ૭ | ૦ | ૮ |
| જોટાણા | ૦ | ૦ | ૮ | ૦ | ૮ | ૦ | ૧ | ૪ | ૦ | ૫ |
| કુલ | ૦ | ૪ | ૧૨૬ | ૨૭ | ૧૫૭ | ૦ | ૬ | ૯૫ | ૮ | ૧૦૯ |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને

(૩)

| તાલુકાનું નામ | એક વર્ષથી વધુ સમયથી ખાલી જગ્યાઓ | | | |
|---|---|---|---|---|
| | સંવર્ગ | | | |
| | ૧ | ૨ | ૩ | ૪ | કુલ |
| મહેસાણા | ૦ | ૧ | ૯ | ૧ | ૧૧ |
| કડી | ૦ | ૦ | ૧૦ | ૧ | ૧૧ |
| બેચરાજી | ૦ | ૦ | ૪ | ૦ | ૪ |
| વિસનગર | ૦ | ૧ | ૭ | ૨ | ૧૦ |
| વિજાપુર | ૦ | ૦ | ૧૧ | ૦ | ૧૧ |
| ખેરાલુ | ૦ | ૦ | ૭ | ૧ | ૮ |
| સતલાસણા | ૦ | ૧ | ૩ | ૨ | ૬ |
| વડનગર | ૦ | ૦ | ૩ | ૦ | ૩ |
| ઉંઝા | ૦ | ૦ | ૪ | ૦ | ૪ |
| જોટાણા | ૦ | ૧ | ૨ | ૦ | ૩ |

(૪) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૪) ૧૦ વર્ષિય ભરતી કેલેન્ડર મુજબ

---------

બનાસકાંઠા જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત રોજગારી

* ૩૨૯૯૫ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જીલ્લામાં તાલુકાવાર મનરેગા યોજના અંતર્ગત કેટલી રકમ ફાળવવામાં આવી,

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લામાં તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) તે અન્વયે ઉક્ત તાલુકાવાર, વર્ષવાર કેટલા માનવદિન રોજગારી મળી ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર મનરેગા યોજના અંતર્ગત *પત્રક–૧ મુજબની રકમ ફાળવવામાં આવી,

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લામાં તાલુકાવાર *પત્રક–૨ મુજબ ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) તે અન્વયે ઉક્ત તાલુકાવાર, વર્ષવાર *પત્રક–૩ મુજબ માનવદિન રોજગારી મળી.

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે)

---------

પાટણ જિલ્લામાં બાકી હક્ક પત્રક નોંધોનો નિકાલ

* ૩૩૪૫૩ શ્રી નાગરજી ઠાકોર (રાધનપુર) : માનનીય મહેસુલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) પાટણ જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોમાં તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધો નિકાલ બાકી છે, અને

(૨) આ બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે ?

જવાબ

(૧) ૩૪૧

(૨) બનતી ત્વરાએ

---------

# ૩૦મી માર્ચ, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

### કચ્છ જિલ્લામાં સ્વનિર્ભર માધ્યમિક શાળાઓની આર્થિક સહાયની અરજીઓ

* ૩૩૪૦૧ ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા બે વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં સ્વનિર્ભર માધ્યમિક શાળાઓની આર્થિક સહાયની કેટલી અરજીઓ આવી, | (૧) ૨૨ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૯ |
| (૩) ઉક્ત મંજૂર થયેલ અરજીઓ અન્વયે કેટલી રકમની ચુકવણી કરવામાં આવી? | (૩) રૂ. ૧,૧૦,૫૮,૦૦૦/–(અંકે રૂપિયા એક કરોડ દસ લાખ અઠ્ઠાવન હજાર પુરા) |

---------

### બનાસકાંઠા જિલ્લામાં ખેતીની જમીનની નવી માપણી

* ૩૪૦૧૯ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) :તા.૦૧/૦૩/૨૦૧૬ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાકઃ ૨૨૪૯૯(અગ્રતા–૨૦)ના અનુસંધાને માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં ખેતીની જમીનની નવી માપણી કરવાની કામગીરીમાં તા.૩૧/૧૨/૨૦૧૫ ની સ્થિતિએ કુલ ૫૫૯૮૧ ફરિયાદો પૈકી ૪૮૧૧૨ નો નિકાલ કરવામાં આવ્યો હતો તે હકિકત સાચી છે, | (૧) હા,જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ બાકી રહેલી ફરિયાદો પૈકી કેટલી ફરિયાદોનો નિકાલ તા.૨૮/૦૨/૨૦૧૭ની સ્થિતિએ કરવામાં આવેલ છે, અને | (૨) ઉક્ત સ્થિતિએ બાકી રહેલી તમામ ૭૮૬૯ ફરિયાદોનો નિકાલ તા.૨૮/૦૨/૨૦૧૭ની સ્થિતિએ કરવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત તમામ ફરિયાદો દુર કરી રેકર્ડ પ્રમોલગેશન ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે ? | (૩) બાકી રહેલ તમામ ૭૮૬૯ ફરિયાદોનો નિકાલ કરવામાં આવેલ છે. પ્રમોલગેશનની કામગીરી ૧૮ થી ૨૪ માસમાં કરવામાં આવનાર છે. |

---------

### મહીસાગર અને પંચમહાલ જિલ્લાના ગૌચર વિનાના ગામો

* ૩૩૦૧૦ શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર) : માનનીય મહેસુલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જીલ્લામાં જીલ્લાવાર કેટલાં ગામોમાં બિલકુલ ગૌચર નથી,

જવાબ (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં બિલકુલ ગૌચર નથી તેવા ગામો નીચે મુજબ છે.

| જિલ્લો | ગૌચર વિનાના ગામોની સંખ્યા |
|---|---|
| મહીસાગર | ૨૦૮ |
| પંચમહાલ | ૧૭૬ |

(૨) ઉક્ત ગામોમાં બિલકુલ ગૌચર ન હોવાના શા કારણો છે, અને

જવાબ (૨) (૧) મહીસાગર જિલ્લાના ઉક્ત ગામોમાં ગૌચર ન હોવાના કારણો નીચે મુજબ છે.

(૧) શરૂઆતથી જ ગૌચર ન હોવાથી.

(૨) પંચમહાલ જિલ્લાના ઉક્ત ગામોમાં ગૌચર ન હોવાના કારણો નીચે મુજબ છે.

(૧) પ્રથમથી જ ગૌચર ન હોવાથી.

(૩) ઉક્ત ગામોમાં ગૌચર ઉપલબ્ધ થાય તે માટે રાજ્ય સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કોઈ આયોજન કર્યુ છે તથા જો હા તો તેની વિગતો શી છે ?

જવાબ (૩) હા જી, ગૌચરની જમાનમાં ઘટાડો ન થાય તે માટે મહેસુલ વિભાગના તા.૧–૪–૨૦૧૫ ના ઠરાવથી ગૌચરની જમીનના વ્યવસ્થાપન કરવા અંગેની નીતિ અમલમાં મુકવામાં આવેલ છે.

---------

## અતારાંકિત પ્રશ્નો

### બનાસકાંઠા જિલ્લામાં જર્જરીત પ્રાથમિક શાળાઓ

* ૩૩૯૬૬ શ્રી જોઈતાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય શિક્ષણમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓના મકાનો જર્જરીત છે, અને

(૧)

| જિલ્લો | શાળાની સંખ્યા |
|---|---|
| અમીરગઢ | ૨ |
| ભાભર | ૧૭ |
| દાંતા | ૧૨ |
| દાંતીવાડા | ૧૫ |
| ડીસા | ૨૫ |
| દીયોદર | ૧૬ |
| ધાનેરા | ૪૨ |
| કાંકરેજ | ૩૮ |
| લાખણી | ૧૪ |
| પાલનપુર | ૫ |
| સુઈગામ | ૧ |
| થરાદ | ૨૭ |
| વડગામ | ૮ |
| વાવ | ૨૦ |

(૨) ઉક્ત જર્જરીત શાળાઓના મકાનોની મરામત કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે?

(૨) બાકી રહેતા જર્જરીત શાળાઓના મકાનોની મરામત કામગીરી આગામી વર્ષોમાં તબક્કાવાર પૂર્ણ કરવામાં આવશે.

---------

### મહિસાગર જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ

* ૩૨૯૮૨ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાશીનોર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬માં કેટલા હેક્ટરમાં વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧) ૫૬૮૨.૧૧ હેક્ટર

(૨) આ કામ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૨) રૂ. ૧૯૯૦.૧૪ લાખ

---------

### દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લા પંચાયતમાં મંજૂર મહેકમ

* ૩૩૩૫૧ શ્રી મેઘજીભાઈ ચાવડા (કાલાવડ) : માનનીય પંચાયત મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

(૧)

| જિલ્લો | મંજુર મહેકમ | | | | |
|---|---|---|---|---|---|
| | સંવર્ગ | | | | |
| | ૧ | ૨ | ૩ | ૪ | કુલ |
| દેવભૂમિ દ્વારકા | ૧૦ | ૮ | ૧૦૨ | ૧૩ | ૧૩૩ |
| જામનગર | ૧૫ | ૧૪ | ૧૬૪ | ૪૪ | ૨૩૭ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સંવર્ગવાર કેટલી જગ્યા ભરાયેલ અને કેટલી જગ્યા ખાલી છે, અને

(૨) દેવભૂમિ દ્વારકા જિલ્લો

| સંવર્ગ | તા.૩૧–૧૨–૧૪ની | તા.૩૧–૧૨–૧૫ની | તા.૩૧–૧૨– |
|---|---|---|---|

| | સ્થિતિએ ભરાયેલ જગ્યા | સ્થિતિએ ભરાયેલ જગ્યા | ૨૦૧૬ની સ્થિતિએ ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧ | ૦ | ૦ | ૨ |
| ૨ | ૦ | ૦ | ૬ |
| ૩ | ૦ | ૬ | ૭૫ |
| ૪ | ૦ | ૦ | ૭ |
| કુલ | ૦ | ૬ | ૯૦ |

જામનગર જિલ્લો

| સંવર્ગ | તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ ભરાયેલ જગ્યા | તા.૩૧–૧૨–૧૫ની સ્થિતિએ ભરાયેલ જગ્યા | તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧ | ૦ | ૧ | ૭ |
| ૨ | ૦ | ૦ | ૬ |
| ૩ | ૯ | ૯ | ૮૯ |
| ૪ | ૦ | ૦ | ૩ |
| કુલ | ૯ | ૧૦ | ૧૦૫ |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) ૧૦ વર્ષિય ભરતી કેલેન્ડર મુજબ

---------

નર્મદા જિલ્લામાં આદિજાતિ કન્યાઓના વાલીઓને અનાજ વિતરણ

* ૩૩૩૮૬ શ્રી મોતીલાલ વસાવા (દેડિયાપાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં આદિજાતિ કન્યાઓના વાલીઓને અનાજ વિતરણ કરવામાં આવ્યું નથી તે હકીકત સાચી છે, | (૧) હા, જી |
| (૨) જો હા, તો અનાજ વિતરણ નહી કરવાના કારણો શા છે, અને | (૨) શિક્ષણ વિભાગના તા.૨૬–૯–૨૦૧૬ ના ઠરાવથી ‘‘અન્ન ત્રિવેણી યોજના’’ તરીકે અંશતઃ ફેરફાર કરી આદિજાતિ વિસ્તારની આદિજાતિ કન્યાઓના વાલીઓને કન્યા દીઠ સત્ર દીઠ ૩૦ કિ.ગ્રા. અનાજમાં ૧૦ કિ.ગ્રા. ઘઉં ૧૦ કિ.ગ્રામ.ચોખા અને ૧૦ કિ.ગ્રા. મકાઈની યોજના અમલમાં મુકવામાં આવેલ છે. જથ્થો ઉપલબ્ધ કરવા નિગમને તા.૧૭–૧૨–૨૦૧૬ થી ઈન્ડેટ આપવામાં આવેલ છે. |
| (૩) આ માટે શા પગલાં લીધા? | (૩) તા.૧૭–૧૨–૨૦૧૬, તા.૨૦–૨–૨૦૧૭ અને તા.૨૩–૨–૨૦૧૭ ના પત્રોથી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લીમીટિડને અનાજ ખરીદી ઝડપથી કરી લાભાર્થીઓને અનાજ વિતરણ ઝડપથી કરવા સૂચના આપેલ છે. ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લીમીટેડ, ગાંધીનગર દ્વારા તા.૧૫–૩–૧૭ના રોજ NCDEX e – Auction દ્વારા ટેન્ડરીંગ કરવામાં આવેલ છે. ખરીદીની પ્રક્રિયા ચાલુ છે. |

---------

સુરત જિલ્લામાં માનવ ગરીમા યોજના હેઠળ લાભ આપવા બાબત

## અતારાંકિત પ્રશ્નો

* ૩૩૪૨૭ શ્રી કિશોરભાઈ કાનાણી (વરાછા રોડ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.−

પ્રશ્ન

(૧) તા.૩૧−૧૨−૨૦૧૬ની સ્થિતિએ સુરત જિલ્લામાં અનુસૂચિત જનજાતિઓ માટે માનવ ગરીમા યોજના હેઠળ મુખ્યત્વે ક્યા પ્રકારના લાભ આપવામાં આવે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં કેટલાં લોકોને ઉક્ત યોજના હેઠળ લાભ આપવામાં આવેલ છે ?

જવાબ

(૧) માનવ ગરીમા યોજના હેઠળ અનુસૂચિત જનજાતિના ઈસમોને પોતાનો ધંધો/વ્યવસાય શરૂ કરવા માટે સાધનો/ઓજારો ખરીદવા માટે સહાય આપવામાં આવે છે.

(૨) કુલ−૨૪૬૯ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે.

---------

### પાટણ જિલ્લામાં શૌચાલયો વિનાના ઘરો

* ૩૨૯૪૪ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.−

પ્રશ્ન

(૧) તા.૩૧−૧૨−૨૦૧૬ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલા ઘરો શૌચાલયો વિનાના છે, અને

(૨) તે અન્વયે શૌચાલયોની સુવિધાઓ આપવા સરકારે શું આયોજન કરેલ છે અને તેનો અમલ ક્યારથી કરવામાં આવનાર છે ?

જવાબ

(૧) તા.૩૧−૧૨−૨૦૧૬ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ ઘરો શૌચાલય વિનાના છે.

| ક્રમ | તાલુકા | શૌચાલયો વિનાના ઘરોની સંખ્યા |
|---|---|---|
| ૧ | પાટણ | ૫૧૦૨ |
| ૨ | સરસ્વતી | ૧૧૧૪૯ |
| ૩ | સિધ્ધપુર | ૧ |
| ૪ | ચાણસ્મા | ૧૦૯૭ |
| ૫ | હારીજ | ૮૯ |
| ૬ | સમી | ૪૫૩૮ |
| ૭ | શંખેશ્વર | ૯૩૧ |
| ૮ | રાધનપુર | ૧૨૫૨ |
| ૯ | સાંતલપુર | ૫૧૫૮ |
| કુલ | | ૨૯,૩૧૭ |

(૨) તે અન્વયે શૌચાલયની સુવિધા વિનાના તમામ ૨૯૩૧૭ ઘરોને શૌચાલયોની સુવિધાઓ આજની સ્થિતિએ પૂર્ણ કરેલ હોઈ આયોજન કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### રાજકોટ જિલ્લામાં તલાટી તથા નિવૃત કર્મચારી/અધિકારીની મિટીંગો માટે ચૂકવેલ રકમ

* ૩૩૩૫૮ શ્રી બાવનજીભાઈ મેતલીયા (ટંકારા) : માનનીય પંચાયત મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.−

પ્રશ્ન

(૧) તા.૩૧−૧૨−૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં ગ્રામ પંચાયતના સંકલિત વિકાસ અને ગામની વિકાસ પ્રવૃત્તિ માટે મળનાર તલાટી તથા નિવૃત કર્મચારી/અધિકારીની મિટીંગો માટે થનાર સરભરા ખર્ચ માટે તાલુકાવાર કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

જવાબ

(૧) છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ રકમ ચૂકવવામાં આવી.

| તાલુકાનું નામ | ફાળવેલ ગ્રાન્ટ | | કુલ ફાળવેલ ગ્રાન્ટ |
|---|---|---|---|
| | ૨૦૧૪−૧૫ | ૨૦૧૫−૧૬ | |
| રાજકોટ | ૧,૨૯,૫૦૦ | ૨,૫૨,૦૦૦ | ૩,૮૧,૫૦૦ |
| ગોંડલ | ૧,૧૮,૫૦૦ | ૨,૩૭,૦૦૦ | ૩,૫૫,૫૦૦ |
| જેતપુર | ૭૨,૦૦૦ | ૧,૪૪,૦૦૦ | ૨,૧૬,૦૦૦ |
| ધોરાજી | ૪૫,૦૦૦ | ૯૦,૦૦૦ | ૧,૩૫,૦૦૦ |
| ઉપલેટા | ૭૬,૫૦૦ | ૧,૫૩,૦૦૦ | ૨,૨૯,૫૦૦ |
| જામકંડોરણા | ૭૫,૦૦૦ | ૧,૫૦,૦૦૦ | ૨,૨૫,૦૦૦ |
| જસદણ<br>વિંછીયા | ૧,૫૨,૦૦૦ | ૩,૦૩,૦૦૦ | ૪,૫૫,૦૦૦ |
| પડધરી | ૯૦,૦૦૦ | ૧,૮૦,૦૦૦ | ૨,૭૦,૦૦૦ |
| લોધિકા | ૫૫,૫૦૦ | ૧,૧૧,૦૦૦ | ૧,૬૬,૫૦૦ |

| | | | |
|---|---|---|---|
| કોટડા(સાં) | ૬૦,૦૦૦ | ૧,૨૩,૦૦૦ | ૧,૮૩,૦૦૦ |
| મોરબી | ૧,૨૭,૫૦૦ | ૦૦ | ૧,૨૭,૫૦૦ |
| માળીયા | ૬૦,૦૦૦ | ૦૦ | ૬૦,૦૦૦ |
| વાંકાનેર | ૧,૩૪,૦૦૦ | ૦૦ | ૧,૩૪,૦૦૦ |
| ટંકારા | ૭૫,૦૦૦ | ૦૦ | ૭૫,૦૦૦ |
| કુલ– | ૧૨,૭૦,૫૦૦ | ૧૭,૪૩,૦૦૦ | ૩૦,૧૩,૫૦૦ |

(૨) આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા વર્ષમાં તાલુકાવાર કેટલી મિટીંગ યોજવામાં આવી ?

(૨) છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ મિટીંગ યોજવામાં આવી.

| તાલુકાનું નામ | થયેલ મીટીંગ | | કુલ |
|---|---|---|---|
| | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ | |
| રાજકોટ | ૨૫૨ | ૨૫૨ | ૫૦૪ |
| ગોંડલ | ૨૧૦ | ૨૧૦ | ૪૨૦ |
| જેતપુર | ૧૪૪ | ૧૪૪ | ૨૮૮ |
| ધોરાજી | ૩૦ | ૯૦ | ૧૨૦ |
| ઉપલેટા | ૧૦૨ | ૧૦૨ | ૨૦૪ |
| જામકંડોરણા | ૧૧૦ | ૧૩૭ | ૨૪૭ |
| જસદણ<br>વિંછીયા | ૨૦૦ | ૨૦૦ | ૪૦૦ |
| પડધરી | ૩૦ | ૧૬ | ૪૬ |
| લોધિકા | ૫૩ | ૧૨૧ | ૧૭૪ |
| કોટડા(સાં) | ૮૪ | ૮૪ | ૧૬૮ |
| મોરબી | ૨૧૩ | ૦૦ | ૨૧૩ |
| માળીયા | ૨૪ | ૦૦ | ૨૪ |
| વાંકાનેર | ૮૧ | ૦૦ | ૮૧ |
| ટંકારા | ૧૫૨ | ૦૦ | ૧૫૨ |

---------

## ભાવનગર જિલ્લામાં બનાવેલ ઘાસના ગોડાઉન

* ૩૩૪૪૩ શ્રીમતી ભાવનાબેન મકવાણા (મહુવા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં વન વિભાગ દ્વારા તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ઘાસ ગોડાઉન બનાવવામાં આવેલ છે, અને | (૧) ૧ ગોડાઉન બનાવવામાં આવેલ છે અને બીજા ૮ ગોડાઉન બનાવવાની કામગીરી ચાલુ છે. |
| (૨) તે બનાવવા પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) રૂ.૩૧.૯૨ લાખ |

---------

## ડાંગ જિલ્લામાં વિજ્ઞાનમેળાનું આયોજન

* ૩૩૩૯૪ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વિજ્ઞાન ક્ષેત્રે પ્રતિભા સંપન્ન વિદ્યાર્થીઓ માટે વિજ્ઞાન મેળાનું આયોજન દર વર્ષે કરવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ મેળાનું આયોજન ડાંગ જિલ્લામાં ક્યારે કરવામાં આવેલ હતું, | (૨) |

| વર્ષ | જિલ્લા કક્ષાના વિજ્ઞાન મેળા | સમયગાળો |
|---|---|---|
| ૨૦૧૫–૧૬ | પ્રાથમિક વિભાગ | ૨૦–૨૧/૧૦/૧૫ |

| | | |
|---|---|---|
| | માધ્યમિક/ઉ. માધ્યમિક વિભાગ | ૨૦–૨૧/૧૦/૧૫ |
| ૨૦૧૬–૧૭ | પ્રાથમિક વિભાગ | ૦૬–૦૭/૧૦/૧૬ |
| | માધ્યમિક/ઉ. માધ્યમિક વિભાગ | ૦૬–૦૭/૧૦/૧૬ |

(૩) તેમાં જિલ્લાની કેટલી શાળાઓએ ભાગ લીધો હતો, અને

(૩)

| વર્ષ | જિલ્લા કક્ષાના વિજ્ઞાન મેળા | ભાગ લીધેલ શાળાઓની સંખ્યા |
|---|---|---|
| ૨૦૧૫–૧૬ | પ્રાથમિક વિભાગ | ૪૫ |
| | માધ્યમિક/ઉ. માધ્યમિક વિભાગ | ૭૩ |
| | કુલ | ૧૧૮ |
| ૨૦૧૬–૧૭ | પ્રાથમિક વિભાગ | ૪૫ |
| | માધ્યમિક/ઉ. માધ્યમિક વિભાગ | ૭૪ |

(૪) ઉક્ત વિજ્ઞાન મેળામાં મુખ્યત્વે કઈ બાબતોનો સમાવેશ થાય છે ?

(૪) મુખ્યત્વે વિજ્ઞાન અને ટેક્નોલાજી, ગણિત તથા પર્યાવરણ આધારિત બાબતોનો સમાવેશ થાય છે.

---------

જુનાગઢ જિલ્લામાં સ્થળોને પ્રવાસન સ્થળ વિકસાવવા બાબત

* ૩૪૦૧૫ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : તા.૨૫–૦૨–૨૦૧૬ના રોજ સભાગૃહમાં રજુ થયેલ તારાંકિત પ્ર.ક.૨૧૦૩૧ (અગ્રતા–૧૨૯)ના અનુસંધાને માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જુનાગઢ જિલ્લાના (૧) માળીયા (હાટીના) તાલુકાના ચોરવાડ ખાતે હોલી ડે કેમ્પનો વિકાસ (૨) જુનાગઢ શહેર ખાતે નરસિંહ મહેતા સરોવરના બ્યુટીફીકેશન અને (૩) જુનાગઢમાં ભવનાથ તળેટીમાં આવેલ પૌરાણિક સુદર્શન તળાવ તથા સુદર્શન તળાવથી વિવિધ જોવાલાયક સ્થળોને આવરી લઇને હેરીટેજ વોકની કામગીરી માટે પાંચ કરોડની રૂપિયાની ગ્રાંટ કલેક્ટરશ્રી જુનાગઢને ફાળવેલ હતી તે હકીકત સાચી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો આ કામગીરી જે પ્રગતિમાં હતી તેમાં ઉપરોક્ત દરેક સ્થળે કેટલો ખર્ચ તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ કરવામાં આવેલ છે ?

(૨) કોઈ ખર્ચ થવા પામેલ નથી.

---------

અમદાવાદ જિલ્લાની શાળાઓમાં ટ્રાન્સપોર્ટેશનની સુવિધાઓ

* ૩૩૪૦૪ શ્રી લાલજીભાઈ કોળી પટેલ (ધંધુકા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સર્વ શિક્ષા અભિયાન યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લાની કેટલી શાળાઓમાં ટ્રાન્સપોર્ટેશનની સુવિધાઓ આપવામાં આવી,

(૧) ૧૬૨

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ટ્રાન્સપોર્ટેશનની સુવિધા પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને,

(૨) રૂ.૨૦૯.૬૭ લાખ.

(૩) આ ટ્રાન્સપોર્ટેશન યોજનાનું સંચાલન કોના દ્વારા કરવામાં આવે છે?

(૩) સંબંધિત શાળાની શાળા વ્યવસ્થાપન સમિતિ દ્વારા.

---------

અરવલ્લી જિલ્લામાં ભિલોડા અને મેઘરજ તાલુકામાં હાટ બજારો

* ૩૩૯૭૬ ડૉ.અનિલભાઈ જોષીયારા (ભિલોડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં ભિલોડા અને મેઘરજ તાલુકામાં હાટ બજારો અનુસૂચિત જનજાતિ માટે ક્યારે મંજૂર કરવામાં આવ્યા,

(૨) એના માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) વર્ષ ૨૦૧૫-૧૬માં એક હાટ બજાર અરવલ્લી જિલ્લા માટે મંજૂર કરવામાં આવેલ છે.

(૨) રૂ.૨૦૦.૦૦ લાખ

(૩) શૂન્ય

---------

રાજકોટ જિલ્લામાં તુવેરદાળના જથ્થામાં ભેળસેળ

* ૩૩૦૨૫ શ્રી ભોળાભાઈ ગોહેલ (જસદણ) : માનનીય અન્ન,નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) જિલ્લા પંચાયતોના શિક્ષકો માટે સીપીએફ યોજના ક્યારે લાગુ પાડી છે,અને

(૧) તા.૦૧/૦૪/૨૦૦૫થી.

(૨) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા શિક્ષકોના સીપીએફ એકાઉન્ટ ખોલવામાં આવ્યા ?

(૨) ૧૨૭૪ શિક્ષકોના.

---------

તાપી જિલ્લામાં માનવ ગરીમા યોજના હેઠળ લાભ આપવા બાબત

<p a g e 568/p a g e >* ૩૩૪૨૮ શ્રી કાંતીલાલભાઈ ગામીત (નિઝર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ તાપી જિલ્લામાં અનુસૂચિત જનજાતિઓ માટે માનવ ગરીમા યોજના હેઠળ મુખ્યત્વે ક્યા પ્રકારના લાભ આપવામાં આવે છે, અને

(૧) માનવ ગરીમા યોજના હેઠળ અનુસૂચિત જનજાતિના ઈસમોને પોતાનો ધંધો/વ્યવસાય શરૂ કરવા માટે સાધનો/ઓજારો ખરીદવા માટે સહાય આપવામાં આવે છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં કેટલાં લોકોને ઉક્ત યોજના હેઠળ લાભ આપવામાં આવેલ છે ?

(૨) કુલ-૧૧૬૨ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે.

---------

## અતારાંકિત પ્રશ્નો

### મોરબી અને રાજકોટ જિલ્લામાં સરકારી/ગ્રાન્ટેડ શાળાઓની મંજૂરી

* ૩૩૭૦૩ શ્રી મહંમદ જાવિદ પીરઝાદા (વાંકાનેર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી તથા રાજકોટ જિલ્લામાં રાજ્ય સરકારે કેટલી સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને મંજૂરી આપી.

જવાબ

| મોરબી જીલ્લો | | | | | |
|---|---|---|---|---|---|
| સરકારી શાળાઓ | | | ગ્રાન્ટેડ શાળાઓ | | |
| પ્રાથમિક | માધ્યમિક | ઉચ્ચત્તર માધ્યમિક | પ્રાથમિક | માધ્યમિક | ઉચ્ચત્તર માધ્યમિક |
| ૦ | ૯ | ૨ | ૦ | ૦ | ૦ |

| રાજકોટ જીલ્લો | | | | | |
|---|---|---|---|---|---|
| સરકારી શાળાઓ | | | ગ્રાન્ટેડ શાળાઓ | | |
| પ્રાથમિક | માધ્યમિક | ઉચ્ચત્તર માધ્યમિક | પ્રાથમિક | માધ્યમિક | ઉચ્ચત્તર માધ્યમિક |
| ૦ | ૧૦ | ૫ | ૦ | ૦ | ૦ |

---------

### ખેડા જિલ્લામાં સુધારેલ સ્મશાન સગડી

* ૩૩૪૪૭ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ માં તા.૩૧–૧૨–૨૦૧૬ સુધીમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર બળતણ બચાવવા સારૂ સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવાની કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરી અને તેના મુખ્યત્વે શાં કારણો છે, અને

(૪) ઉકત મંજૂર થયેલ અરજીઓ અન્વયે વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

(૧)

| તાલુકો | મળેલ કુલ અરજીઓ |
|---|---|
| મહેમદાવાદ | ૨૫ |
| નડિયાદ | ૨૫ |
| માતર | ૨૦ |
| ખેડા | ૦૫ |
| કપડવંજ | ૧૦ |
| મહુધા | ૦૭ |
| કઠલાલ | ૦૮ |
| ઠાસરા | ૨૧ |
| ગળતેશ્વર | ૦૦ |
| વસો | ૦૧ |

(૨) ૬૩

(૩) ૫૯ અરજીઓ ચકાસણી હેઠળ છે. કોઈ અરજી નામંજુર કરેલ નથી

(૪) વર્ષ ૨૦૧૫–૧૬ માં રૂ.૧૭.૦૮ લાખનો ખર્ચ થયેલ છે. જ્યારે વર્ષ ૨૦૧૬–૧૭માં સગડીની ડિલીવરી બાકી હોય, હજુ ખર્ચ થયેલ નથી.

---------

### મહેસાણા જિલ્લામાં ગ્રાન્ટ ઈન એઈડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ

* ૩૩૯૫૧ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૧૭ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર ગ્રાન્ટ ઈન એઈડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ કેટલી છે,

જવાબ

(૧)

| તાલુકો | માધ્યમિક | ઉચ્ચતર માધ્યમિક |
|---|---|---|
| ઉંઝા | ૧૦ | ૧૪ |
| કડી | ૧૧ | ૨૫ |

| | | |
|---|---|---|
| જોટાણા | ૦૮ | ૦૩ |
| ખેરાલુ | ૦૩ | ૧૧ |
| બેચરાજી | ૧૦ | ૦૬ |
| મહેસાણા | ૨૫ | ૩૦ |
| વડનગર | ૧૪ | ૧૨ |
| વિજાપુર | ૦૯ | ૨૬ |
| વિસનગર | ૧૮ | ૧૬ |
| સતલાસણા | ૦૪ | ૦૬ |

(૨) તેમાં ઉકત સ્થિતિએ શિક્ષકોનું મંજૂર થયેલ મહેકમ તાલુકાવાર કેટલું છે, અને

(૨)

| તાલુકો | માધ્યમિક | ઉચ્ચતર માધ્યમિક |
|---|---|---|
| ઉંઝા | ૧૨૦ | ૧૯૭ |
| કડી | ૨૦૨ | ૨૧૯ |
| જોટાણા | ૪૫ | ૩૦ |
| ખેરાલુ | ૮૮ | ૧૨૧ |
| બેચરાજી | ૮૧ | ૬૯ |
| મહેસાણા | ૨૯૦ | ૨૫૯ |
| વડનગર | ૯૯ | ૮૬ |
| વિજાપુર | ૧૮૭ | ૧૮૧ |
| વિસનગર | ૨૦૦ | ૧૮૦ |
| સતલાસણા | ૫૮ | ૬૧ |

(૩) તે પૈકી ઉકત સ્થિતિએ તાલુકાવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે ?

(૩)

| તાલુકો | માધ્યમિક | | ઉચ્ચતર માધ્યમિક | |
|---|---|---|---|---|
| | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી |
| ઉંઝા | ૧૨૦ | ૦૦ | ૧૯૩ | ૦૪ |
| કડી | ૨૦૧ | ૦૧ | ૨૦૯ | ૧૦ |
| જોટાણા | ૪૪ | ૦૧ | ૨૯ | ૦૧ |
| ખેરાલુ | ૮૭ | ૦૧ | ૧૧૦ | ૧૧ |
| બેચરાજી | ૮૦ | ૦૧ | ૬૫ | ૦૪ |
| મહેસાણા | ૨૮૯ | ૦૧ | ૨૪૫ | ૧૪ |
| વડનગર | ૯૮ | ૦૧ | ૮૧ | ૦૫ |
| વિજાપુર | ૧૮૬ | ૦૧ | ૧૬૭ | ૧૪ |
| વિસનગર | ૧૯૯ | ૦૧ | ૧૭૩ | ૦૭ |

---------

બનાસકાંઠા જિલ્લામાં રાજીવ ગાંધી ભવન કેન્દ્રોની મંજૂરી

* ૩૨૯૯૬ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા રાજીવ ગાંધી ભવન કેન્દ્રો મંજુર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી ઉકત તાલુકાવાર કેટલા કેન્દ્રોનું કામ પૂર્ણ કરવામાં આવ્યું, અને કેટલા કેન્દ્રોનું કામ બાકી છે, અને

(૩) ઉકત બાકી કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર એકપણ રાજીવ ગાંધી ભવન કેન્દ્ર મંજુર કરવામાં આવેલ નથી.

(૨) ખંડ (૧) ના જવાબ અન્વયે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## અતારાંકિત પ્રશ્નો

### પાટણ જિલ્લામાં ખેડૂતોને ગણોતધારા હેઠળ કેસોની સંખ્યા

* ૩૩૪૫૮ શ્રી નાગરજી ઠાકોર (રાધનપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડૂતોની ગણોતધારા હેઠળની જમીનની ખરીદ કિંમત ભરાયેલ હોય તેવા કેસોની સંખ્યા કેટલી છે, અને | (૧) ૯૫૩ કેસો. |
| (૨) ઉકત સ્થિતિએ બાકી કેસોની સંખ્યા કેટલી ? | (૨) ૩૦ કેસો. |

---------

### કચ્છ જિલ્લામાં સુધારેલ સ્મશાન સગડી

* ૩૩૪૫૦ ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ માં તા.૩૧–૧૨–૨૦૧૬ સુધીમાં કચ્છ જિલ્લામાં બળતણ બચાવવા સારૂ ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવાની કેટલી અરજીઓ મંજુર કરી, અને | (૧) ૫૭. |
| (૨) તે અંગે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) ૩.૭.૫૬ લાખ. |

---------

### બનાસકાંઠા જિલ્લામાં શાળાઓમાં નવા ઓરડાઓ

* ૩૪૦૨૧ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી શાળાના ઓરડાઓ તા.૨૮–૨–૨૦૧૭ની સ્થિતિએ જર્જરીત હાલતમાં છે,

જવાબ

(૧)

| જિલ્લો | શાળાની સંખ્યા |
|---|---|
| અમીરગઢ | ૨ |
| ભાભર | ૧૭ |
| દાંતા | ૧૨ |
| દાંતીવાડા | ૧૫ |
| ડીસા | ૨૫ |
| દીયોદર | ૧૬ |
| ધાનેરા | ૪૨ |
| કાંકરેજ | ૩૮ |
| લાખણી | ૧૪ |
| પાલનપુર | ૫ |
| સુઈગામ | ૧ |
| થરાદ | ૨૭ |
| વડગામ | ૮ |
| વાવ | ૨૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉકત સ્થિતિએ ઉકત જર્જરીત ઓરડાઓને દૂર ન કરવાના શા કારણો છે, અને | (૨) જર્જરીત ઓરડાઓને દૂર કરવાની પ્રક્રિયા પ્રગતિમાં છે. જાહેર હરાજીની પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ દૂર કરવામાં આવશે. |
| (૩) ઉકત ઓરડાને દૂર કરી નવા ઓરડાઓ ક્યાં સુધીમાં બાંધવામાં આવનાર છે ? | (૩) નવા ઓરડા આગામી વર્ષોમાં તબક્કાવાર બાંધવામાં આવશે. |

---------

### મહીસાગર અને ખેડા જિલ્લામાં માનવ કલ્યાણ યોજના હેઠળ સ્વરોજગારી

* ૩૨૯૮૩ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ મહીસાગર અને ખેડા જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન તાલુકાવાર માનવ કલ્યાણ યોજના હેઠળ સ્વરોજગારી માટે કેટલી અરજીઓ મળી, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ મહીસાગર અને ખેડા જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન તાલુકાવાર માનવ કલ્યાણ યોજના હેઠળ સ્વરોજગારી માટે મળેલ અરજીઓ નીચે મુજબ છે. |

| મહીસાગર જિલ્લો | | | ખેડા જિલ્લો | | |
|---|---|---|---|---|---|
| અ.નં. | તાલકાનું નામ | છેલ્લા બે વર્ષમાં મળેલ કુલ અરજીઓ | અ.નં. | તાલકાનું નામ | છેલ્લા બે વર્ષમાં મળેલ કુલ અરજીઓ |
| ૧ | ૨ | ૩ | | ૪ | ૫ |
| ૧ | લુણાવાડા | ૭૮૫ | ૧ | કપડવંજ | ૧૨૩૭ |
| ૨ | બાલાસિનોર | ૪૯૮ | ૨ | કઠલાલ | ૭૦૨ |
| ૩ | સંતરામપુર | ૧૯૧૬ | ૩ | ઠાસરા | ૯૩૧ |
| ૪ | કડાણા | ૮૨૭ | ૪ | ગળતેશ્વર | ૭૩૩ |
| ૫ | ખાનપુર | ૪૨૨ | ૫ | મહુધા | ૭૮૧ |
| ૬ | વિરપુર | ૩૫૭ | ૬ | નડીયાદ | ૧૪૬૫ |
| | | | ૭ | વસો | ૨૨૦ |
| | | | ૮ | માતર | ૪૮૨ |
| | | | ૯ | ખેડા | ૪૭૩ |
| | | | ૧૦ | મહેમદાવાદ | ૫૮૧ |
| | કુલ | ૪૮૦૫ | | કુલ | ૭૬૦૫ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) આ પૈકી કેટલી અરજીઓ મંજુર કરી અને કેટલી અરજીઓ નામંજૂર કરી ? | (૨) અને, તે પૈકી મંજૂર અને નામંજૂર કરેલ અરજીઓ નીચે મુજબ છે. |

| વર્ષ | જિલ્લો | મંજુર કરેલ કુલ અરજીઓ | ના મંજુર કરેલ કુલ અરજીઓ |
|---|---|---|---|
| ૧ | મહિસાગર | ૪૦૦૦ | ૧૮૩ |
| ૨ | ખેડા | ૪૦૦૦ | ૨૯૨૦ |

---------

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વર્ગખંડોનું બાંધકામ

* ૩૩૪૦૬ શ્રી મેઘજીભાઈ ચાવડા (કાલાવડ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સર્વ શિક્ષા યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કેટલા વર્ગખંડોનું બાંધકામ કરવામાં આવેલ છે, અને | (૧) ૧૨૯ વર્ગખંડો. |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ બાંધકામ પાછળ વર્ષવાર કેટલો ખર્ચ થયેલ છે ? | (૨) વર્ષ ૨૦૧૫-૧૬ રૂ.૮૪૦.૧૨ લાખ.<br>વર્ષ ૨૦૧૬-૧૭ રૂ.૨૪૬.૫૦ લાખ. |

---------

## નર્મદા જિલ્લામાં કન્યાઓ માટે સરકારી છાત્રાલયો

* ૩૩૪૮૪ શ્રી મોતીલાલ વસાવા (દેડીયાપાડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અનુસૂચિત જનજાતિની કન્યાઓ માટે કુલ કેટલા સરકારી છાત્રાલયો આવેલા છે, | (૧) ૩ (ત્રણ) |
| (૨) આ છાત્રાલયોમાં છાત્રાલયવાર માન્ય સંખ્યા | (૨) |

કેટલી છે, અને

| છાત્રાલયનું સ્થળ | માન્ય સંખ્યા |
|---|---|
| સરકારી કન્યા છાત્રાલય, રાજપીપળા | ૧૧૩ |
| સરકારી કન્યા ડ્રાય છાત્રાલય (કોલેજ), રાજપીપળા | ૫૦ |
| સરકારી કન્યા ડ્રાય છાત્રાલય (માધ્યમિક), દેડીયાપાડા | ૫૦ |
| કુલ | ૨૧૩ |

(૩) આ છાત્રાલયો કઈ કઈ સુવિધાઓ આપવામાં આવે છે ?

(૩) વિનામુલ્યે રહેવા, જમવાની સુવિધા, રમત–ગમત તથા જિમ્નેશિયમના સાધનો, અને અદ્યતન લાયબ્રેરીની સુવિધાઓ.

---------

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રાહતદરે તુવેરદાળના જથ્થાનું વિતરણ

* ૩૩૪૬૪ શ્રી બાવનજીભાઈ મેતલીયા (ટંકારા) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે તુવેરદાળનાં કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, | (૧) ૨૧.૭૧ મેટ્રિક ટન. |
| (૨) ક્યા કુટુંબોને વિતરણ કરવામાં આવ્યું, અને | (૨) અંત્યોદય અને બીપીએલ કાર્ડધારક કુટુંબોને વિતરણ કરવામાં આવેલ છે. |
| (૩) ક્યા ભાવથી કરવામાં આવ્યું ? | (૩) તુવેરદાળનું પ્રતિ કુંટુંબ દીઠ ૧ કિ.ગ્રા.ના પ્રમાણથી પ્રતિ ૧ કિ.ગ્રા. રૂ.૬૦/– ના રાહતભાવથી વિતરણ કરવામાં આવેલ છે. |

---------

વલસાડ જિલ્લામાં હળપતિઓના જર્જરીત આવાસો

* ૩૩૪૨૦ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં ૨૦ કે તેથી વધુ વર્ષ જુના હળપતિઓના જર્જરીત આવાસોના પુનઃનિર્માણ માટેની યોજના ક્યારથી અમલમાં છે, અને | (૧) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૨૯–૦૮–૨૦૧૨ના ઠરાવથી અમલમાં છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓને તેનો લાભ આપવામાં આવ્યો છે? | (૨) ૧૩૯ લાભાર્થીઓ |

---------

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં વોટરશેડ યોજનામાં કામગીરી

* ૩૩૯૭૭ ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વોટરશેડ યોજના હેઠળ શું કામગીરી કરવામાં આવી, | (૧) તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર વોટરશેડ યોજના હેઠળ કરવામાં આવેલ કામગીરીની વિગત *પરિશિષ્ટ–૧ મુજબ છે. |
| (૨) તે પાછળ તાલુકાવાર કેટલો ખર્ચ છેલ્લા બે વર્ષમાં કરવામાં આવ્યો? | (૨) અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર થયેલ ખર્ચની વિગત *પરિશિષ્ટ–૨ મુજબ છે. |

(*પરિશિષ્ટ–૨ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે)

---------

## ૩૦મી માર્ચ, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નો

### રાજકોટ અને બોટાદ જિલ્લામાં સ્મશાન સગડીઓ

* ૩૩૦૨૬ શ્રી ભોળાભાઈ ગોહેલ (જસદણ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ રાજકોટ અને બોટાદ જિલ્લામાં વન વિભાગ તરફથી છેલ્લા બે વર્ષમાં કેટલી સ્મશાન સગડીઓ મંજુર કરવામાં આવી, | (૧) રાજકોટમાં ૩૯ અને બોટાદમાં ૩ |
| (૨) તે પૈકી રાજકોટ જિલ્લામાં ક્યાં સ્મશાન સગડીઓનું વિતરણ કરવામાં આવ્યુ, અને | (૨) ગોંડલ, ધોરાજી, ઉપલેટા, જામકંડોરણા, પડધરી, જસદણ, કોટડા–સાંગાણી, જેતપુર, રાજકોટ, વિંછીયા, લોધીકા તાલુકામાં. |
| (૩) ઉક્ત સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર વંચિત ગામોને ક્યાં સુધીમાં સ્મશાન સગડીની સુવિધા પુરી પાડવામાં આવશે? | (૩) ગ્રામ પંચાયત તરફથી અરજી મળ્યેથી નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવે છે. |

---------

### ભાવનગર જિલ્લામાં રોપાઓનું વાવેતર

* ૩૩૫૪૧ શ્રી પ્રવિણભાઈ રાઠોડ (પાલીતાણા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું,

(૧)

| તાલુકો | રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|
| શિહોર | ૩.૦૯ |
| પાલીતાણા | ૨.૦૭ |
| ગારીયાધાર | ૧.૩૭ |
| જેસર | ૦.૬૬ |
| મહુવા | ૦.૯૮ |
| તળાજા | ૧૦.૩૭ |
| ઘોઘા | ૦.૯૨ |
| ભાવનગર | ૩.૬૪ |
| વલ્લભીપુર | ૨.૫૧ |
| ઉમરાળા | ૦.૮૩ |

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા રોપાઓ જીવંત છે, અને — (૨) ૨૨.૧૨ લાખ

(૩) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો? — (૩) રૂ. ૯૦૯.૫૪ લાખ

---------

### નવસારી જિલ્લામાં અનુસૂચિત જનજાતિના બાળકોને ગણવેશ સહાય

* ૩૩૪૮૫ શ્રી પિયુષભાઈ દેસાઈ (નવસારી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) નવસારી જિલ્લામાં પ્રાથમિક શાળાના અનુસૂચિત જનજાતિના બાળકોને ગણવેશ સહાય આપવાની યોજના હેઠળ તાલુકાવાર તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બાળકોને લાભ આપવામાં આવ્યો, અને

(૧)

| તાલુકાનું નામ | બાળકોની સંખ્યા (તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ) |
|---|---|
| જલાલપોર | ૧,૪૨૦ |
| નવસારી | ૩,૩૦૦ |
| ગણદેવી | ૪,૮૯૫ |
| ચીખલી | ૨૮,૪૯૬ |
| વાસદા | ૪૦,૨૩૫ |
| ખેરગામ | ૪,૨૮૬ |
| કુલ | ૮૨,૬૩૨ |

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? (૨) રૂ. ૨૪૭.૮૯ લાખ

---------

જામનગર જિલ્લામાં વારસાઈ હક્ક માટેની અરજીઓ

* ૩૩૪૫૫ પ્રો. વસુબેન ત્રિવેદી (જામનગર દક્ષિણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈ–ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| જામનગર (શહેર) | ૭૭ |
| જામનગર (ગ્રામ્ય) | ૧૦૫૯ |
| ધ્રોલ | ૪૩૩ |
| જોડીયા | ૪૧૭ |
| કાલાવડ | ૭૯૮ |
| લાલપુર | ૬૭૨ |
| જામજોધપુર | ૭૪૬ |
| કુલ | ૪૨૦૨ |

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજુર કરવામાં આવી, અને

(૨)

| તાલુકાનું નામ | પાડવામાં આવેલ નોંધો | મંજુર કરવામાં આવેલ નોંધો | નામંજુર કરવામાં આવેલ નોંધો |
|---|---|---|---|
| જામનગર (શહેર) | ૭૭ | ૬૪ | ૧૦ |
| જામનગર (ગ્રામ્ય) | ૧૦૫૯ | ૯૬૬ | ૩૧ |
| ધ્રોલ | ૪૩૩ | ૪૨૦ | ૨ |
| જોડીયા | ૪૧૭ | ૩૯૮ | ૧૩ |
| કાલાવડ | ૭૯૮ | ૭૫૩ | ૧૯ |
| લાલપુર | ૬૭૨ | ૬૫૭ | ૧૪ |
| જામજોધપુર | ૭૪૬ | ૭૩૨ | ૧૪ |
| કુલ | ૪૨૦૨ | ૩૯૯૦ | ૧૦૩ |

(૩) તે નોંધો નામંજૂર કરવાના મુખ્યત્વે કારણો શા છે? (૩) નિયમોનુસાર ન હોવાથી

---------

પંચમહાલ જિલ્લામાં અનુસૂચિત જનજાતિના બાળકોને ગણવેશ સહાય

* ૩૩૪૩૩ શ્રીમતિ નિમિષાબેન સુથાર (મોરવા હડફ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) પંચમહાલ જિલ્લામાં પ્રાથમિક શાળાના અનુસૂચિત જનજાતિના બાળકોને ગણવેશ સહાય આપવાની યોજના હેઠળ તાલુકાવાર તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બાળકોને લાભ આપવામાં આવ્યો, અને

(૧)

| તાલુકાનું નામ | બાળકોની સંખ્યા (તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ) |
|---|---|
| મોરવા હડફ | ૨૪,૯૭૭ |
| ઘોઘંબા | ૨૯,૯૨૫ |
| જાંબુઘોડા | ૪,૨૧૬ |
| હાલોલ | ૧૯,૪૫૭ |
| કાલોલ | ૭,૦૪૧ |
| ગોધરા | ૨૧,૯૨૪ |
| શહેરા | ૧૭,૦૪૨ |

| | |
|---|---|
| કુલ | ૧,૨૪,૫૮૨ |

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? (૨) રૂ. ૩,૭૩.૭૫ લાખ

---------

બોટાદ જિલ્લા પંચાયતનું મંજુર મહેકમ

* ૩૩૩૫૯ ડૉ. ટી.ડી. માણીયા (બોટાદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ બોટાદ જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

(૧)

| સંવર્ગ | ૧ | ૨ | ૩ | ૪ | કુલ |
|---|---|---|---|---|---|
| મંજુર મહેકમ | ૧૦ | ૧૪ | ૯૧ | ૧૪ | ૧૨૯ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સંવર્ગવાર કેટલી જગ્યા ભરાયેલ અને કેટલી જગ્યા ખાલી છે, અને

(૨)

| સંવર્ગ | વર્ષ ૨૦૧૪ દરમ્યાન ભરાયેલ જગ્યા | વર્ષ ૨૦૧૫ દરમ્યાન ભરાયેલ જગ્યા | તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૬ | ૨ |
| ૨ | ૦ | ૩ | ૧૧ |
| ૩ | ૨૧ | ૨ | ૬૮ |
| ૪ | ૧ | ૦ | ૧૩ |
| કુલ | ૨૪ | ૧૧ | ૯૪ |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) ૧૦ વર્ષિય ભરતી કેલેન્ડર મુજબ

---------

આણંદ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકો

* ૩૩૩૭૬ શ્રી સંજયકુમાર પટેલ (ખંભાત) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) આણંદ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયક યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા વિદ્યાસહાયકોને નિયમિત પગાર ધોરણમાં સમાવી લેવાયા,

(૧) ૪૮૭ વિદ્યાસહાયકોને.

(૨) કેટલા વિદ્યાસહાયક સમાવવાના બાકી છે, અને

(૨) ૧ વિદ્યાસહાયક.

(૩) તેઓને ક્યારે સમાવવામાં આવશે ?

(૩) ૫ વર્ષની નિયમિત નોકરી પૂરી કરે ત્યારે.

---------

ગાંધીનગર જિલ્લામાં વારસાઈ હક્ક માટેની અરજીઓ

* ૩૩૪૫૬ શ્રી અશોકકુમાર પટેલ (ગાંધીનગર–ઉત્તર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) ગાંધીનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈ–ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| ગાંધીનગર | ૨૩૮૩ |
| દહેગામ | ૨૩૫૪ |
| કલોલ | ૧૯૯૧ |
| માણસા | ૧૬૩૨ |
| કુલ | ૮૩૬૦ |

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી

(૨)

નોંધો મંજુર કરવામાં આવી, કેટલી નોંધો નામંજુર કરવામાં આવી, અને

| તાલુકાનું નામ | પાડવામાં આવેલ નોંધો | મંજુર કરવામાં આવેલ નોંધો | નામંજુર કરવામાં આવેલ નોંધો |
|---|---|---|---|
| ગાંધીનગર | ૨૩૮૩ | ૨૨૫૦ | ૧૧૨ |
| દહેગામ | ૨૩૫૪ | ૨૨૪૨ | ૬૯ |
| કલોલ | ૧૯૯૧ | ૧૯૩૫ | ૪૬ |
| માણસા | ૧૬૩૨ | ૧૫૬૮ | ૫૯ |
| કુલ | ૮૩૬૦ | ૭૯૯૫ | ૨૮૬ |

(૩) તે નોંધો નામંજુર કરવાના મુખ્યત્વે કારણો શા છે?

(૩) નિયમાનુસાર ન હોવાથી

---------

કેશોદ અને માંગરોળ તાલુકામાં એપીએલ અને બીપીએલ કુટુંબો માટે વ્યક્તિગત શૌચાલય

* ૩૩૪૧૬ શ્રી અરવિંદભાઇ લાડાણી (કેશોદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) જૂનાગઢ જિલ્લાના કેશોદ અને માંગરોળ તાલુકામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન કેટલા એ.પી.એલ અને બી.પી.એલ કુંટુંબો માટે કેટલા વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા, અને

જવાબ

(૧) જૂનાગઢ જિલ્લાના કેશોદ અને માંગરોળ તાલુકામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન નીચે પ્રમાણે એ.પી.એલ અને બી.પી.એલ કુંટુંબો માટે વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા.

(રૂ. લાખમાં)

| ક્રમ | તાલુકા | તા.૦૧/૦૧/૨૦૧૫ થી તા.૩૧/૧૨/૨૦૧૫ | | તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૬ | |
|---|---|---|---|---|---|
| | | એ.પી.એલ કુંટુંબો | બી.પી.એલ કુંટુંબો | એ.પી.એલ કુંટુંબો | બી.પી.એલ કુંટુંબો |
| ૧ | કેશોદ | ૭૨૨ | ૧૨૩ | ૩૧૬ | ૩૮ |

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તેની પાછળ નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો છે.

(રૂ. લાખમાં)

| ક્રમ | તાલુકા | તા.૦૧/૦૧/૨૦૧૫ થી તા.૩૧/૧૨/૨૦૧૫ | | તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૬ | |
|---|---|---|---|---|---|
| | | એ.પી.એલ કુંટુંબો | બી.પી.એલ કુંટુંબો | એ.પી.એલ કુંટુંબો | બી.પી.એલ કુંટુંબો |
| ૧ | કેશોદ | ૮૪.૦૧ | ૧૪.૭૬ | ૩૭.૩૬ | ૪.૫૬ |

---------

સાબરકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં રમત–ગમતનાં મેદાનો

* ૩૩૮૫૩ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં રમત–ગમતનાં મેદાન નથી,

જવાબ

(૧)

| તાલુકો | રમત–ગમતનાં મેદાનો વગરની પ્રાથમિક શાળાઓ |
|---|---|
| હિંમતનગર | ૦૧ |
| ઇડર | ૩૪ |
| ખેડબ્રહ્મા | ૦૩ |
| પોશીના | ૦૧ |

| | |
|---|---|
| પ્રાંતિજ | ૩૨ |
| તલોદ | ૧૫ |
| વડાલી | ૦૦ |
| વિજયનગર | ૧૪ |

(૨) કેટલી પ્રાથમિક શાળાઓમાં જરૂરિયાત કરતાં ઓછી જગ્યાના મેદાનો છે, અને

(૨) ૨૦.

(૩) ઉક્ત પ્રાથમિક શાળાઓને મેદાનની સગવડ આપવા માટે સરકારનું શું આયોજન છે?

(૩) રમત-ગમતનાં મેદાનો વગરની પ્રાથમિક શાળાઓમાં નજીકનાં ખુલ્લાં મેદાનો ઉપયોગમાં લેવાય છે.

---------

દાહોદ જિલ્લામાં માનવ ગરીમા યોજના હેઠળ લાભ આપવા બાબત

* ૩૩૪૨૪ શ્રી વિંછીયાભાઇ ભુરિયા (લીમખેડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં અનુસૂચિત જનજાતિના માટે માનવ ગરીમા યોજના હેઠળ ક્યા પ્રકારના લાભ આપવામાં આવે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં કેટલા લોકોને આ યોજના હેઠળ લાભ આપવામાં આવેલ છે?

જવાબ

(૧) માનવગરિમા યોજના હેઠળ અનુસૂચિત જનજાતિના ઇસમોને પોતાનો ધંધો/વ્યવસાય શરૂ કરવા માટે સાધનો/ઓજારો ખરીદવા માટે સહાય આપવામાં આવે છે.

(૨) કુલ-૧૬૬૭ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે.

---------

ભરૂચ જિલ્લામાં ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ ફાળવવા

* ૩૩૩૫૪ શ્રી દુષ્યંતભાઇ પટેલ (ભરૂચ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં ગ્રામ પંચાયતોનાં સરપંચશ્રીઓને તાકીદનાં અને લોકો ઉપયોગ અગત્યનાં કામો માટે કોઇ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી રકમ ફાળવવામાં આવી?

જવાબ

(૧) હા જી.

(૨) છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ રકમ ફાળવવામાં આવી.

| ક્રમ | તાલુકાનું નામ | ફાળવેલ ગ્રાન્ટ (રૂપિયા) | | કુલ |
|---|---|---|---|---|
| | | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ | |
| ૧ | ભરૂચ | ૯,૪૦,૦૦૦ | ૪,૬૦,૦૦૦ | ૧૪,૦૦,૦૦૦ |
| ૨ | વાલીયા | ૪,૭૦,૦૦૦ | ૨,૩૫,૦૦૦ | ૭,૦૫,૦૦૦ |
| ૩ | ઝઘડીયા | ૭,૮૦,૦૦૦ | ૩,૯૦,૦૦૦ | ૧૧,૭૦,૦૦૦ |
| ૪ | હાંસોટ | ૪,૬૦,૦૦૦ | ૨,૩૦,૦૦૦ | ૬,૯૦,૦૦૦ |
| ૫ | અંકલેશ્વર | ૫,૯૦,૦૦૦ | ૨,૯૫,૦૦૦ | ૮,૮૫,૦૦૦ |
| ૬ | આમોદ | ૪,૯૦,૦૦૦ | ૨,૪૫,૦૦૦ | ૭,૩૫,૦૦૦ |
| ૭ | વાગરા | ૬,૩૦,૦૦૦ | ૩,૧૫,૦૦૦ | ૯,૪૫,૦૦૦ |
| ૮ | જંબુસર | ૬,૯૦,૦૦૦ | ૩,૫૦,૦૦૦ | ૧૦,૪૦,૦૦૦ |
| ૯ | નેત્રંગ | ૩,૮૦,૦૦૦ | ૧,૯૫,૦૦૦ | ૫,૭૫,૦૦૦ |

---------

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં શાળાઓમાં વર્ગખંડો/ઓરડાઓની ઘટ

* ૩૩૦૧૬ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર-ઉત્તર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ જામનગર અને

જવાબ

(૧) હા

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જીલ્લાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં વર્ગખંડો/ઓરડાઓની ઘટના કારણે એક થી વધારે ધોરણના વિદ્યાર્થીઓને એકી સાથે બેસડવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત જિલ્લાવાર કેટલા ઓરડાઓમાં એકથી વધારે ધોરણના વિદ્યાર્થીઓને બેસાડવામાં આવે છે, અને કેટલા ઓરડાઓની ઘટ છે, અને

(૨)

| જિલ્લો | એકથી વધારે ધોરણના વિદ્યાર્થીઓને બેસાડવામાં આવતા હોય તેવા ઓરડાની સંખ્યા | આર.ટી.ઇ. એક્ટ મુજબ ઘટતા ઓરડાઓની સંખ્યા |
|---|---|---|
| જામનગર | ૬૩૬ | ૬૩૬ |
| દેવભૂમિ દ્વારકા | ૨૫૧ | ૨૫૧ |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ઘટતાં ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે?

(૩) ઘટતા ઓરડાઓ આગામી વર્ષોમાં તબક્કાવાર બાંધવામાં આવશે.

---------

## સાવરકુંડલા તાલુકામાં ગૌચર હેડે આવેલ જમીન

* ૩૩૯૨૦ શ્રી નલીનભાઇ કોટડીયા (ધારી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સાવરકુંડલા તાલુકામાં ગૌચર હેડે કુલ કેટલી જમીન આવેલ છે, | (૧) હે.૩૯૩૪–૧૨–૩૩ ચો.મી. |
| (૨) આ પૈકી છેલ્લા બે વર્ષમાં વિદ્યાનગરના સાવરકુંડલા ગામે ગૌચરની કેટલી જમીન ક્યા સર્વે નંબરવાળી આવેલ છે, અને | (૨) સર્વે નંબર ૧૭૪/૧અ પૈકી ૧ (નવા સર્વે નંબર ૭૮,૧૦૯,૨૨૩) વાળી હે.૯૮–૪૯–૨૯ ચો.મી. |
| (૩) આ જમીન ઉક્ત સ્થિતિએ સ્થિતિ શું છે? | (૩) આ ગૌચરની જમીનમાં કુલ–૨૮ દબાણદારો દ્વારા હે.૭–૭૧–૪૯ ચો.મી. જમીનમાં દબાણ કરેલ છે. |

---------

## અમરેલી જિલ્લામાં મહેસૂલી જમીનની માપણી

* ૩૩૬૯૬ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ સરકાર દ્વારા અમરેલી જિલ્લામાં મહેસુલી જમીનની માપણી છેલ્લે ક્યારે કરવામાં આવી, અને | (૧) તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ સરકાર દ્વારા અમરેલી જિલ્લામાં મહેસુલી જમીનની માપણી છેલ્લે સનેઃ–૧૯૫૧ થી ૧૯૫૩ ની સાલ દરમ્યાન કરવામાં આવેલ છે. |
| (૨) તે અન્વયે ઉક્ત જિલ્લામાં નવેસરથી માપણી ક્યારે અને કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે? | (૨) ડીઝીટલ ઇન્ડીયા લેન્ડ રેકર્ડ મોર્ડનાઇઝેશન પ્રોગ્રામ અંતર્ગત રાજ્ય સરકારશ્રી દ્વારા અમરેલી જિલ્લામાં નવેસરથી રી–સર્વે માપણીની કામગીરી હાલ ચાલુમાં છે. જે આગામી ૧૨ થી ૧૮ માસ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન થયેલ છે. |

---------

## વલસાડ જિલ્લામાં અનુસુચિત જનજાતિના યુવાનોને વિદેશ અભ્યાસ માટે લોન સહાયની યોજનાનો અમલ

* ૩૩૪૧૭ શ્રી રમણલાલ પાટકર (ઉમરગામ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ અનુસુચિત જનજાતિના યુવાનોને વિદેશ અભ્યાસ માટે લોન સહાય આપવાની કોઇ યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા તો, લાભાર્થી દીઠ કેટલી લોન સહાય આપવામાં આવે છે, અને | (૨) રૂ. ૧૫.૦૦ લાખની મર્યાદામાં. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે? | (૩) ૯ લાભાર્થીઓ. |

---------

## વલસાડ જિલ્લામાં વ્યક્તિગત શૌચાલયો

* ૩૩૦૨૨ શ્રી ઇશ્વરભાઇ પટેલ (ધરમપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

## અતારાંકિત પ્રશ્નો

પ્રશ્ન

(૧) તા.૩૧/૦૧/૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલા વ્યક્તિગત શૌચાલયો બનાવવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે કેટલો ખર્ચ થયો?

જવાબ

(૧) વલસાડ જિલ્લામાં તા.૩૧/૦૧/૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ વ્યક્તિગત શૌચાલયો બનાવવામાં આવ્યા.

(સંખ્યા)

| ક્રમ | તાલુકો | તા.૦૧/૦૨/૨૦૧૫ થી તા.૩૧/૦૧/૨૦૧૬ | તા.૦૧/૦૨/૨૦૧ થી તા.૩૧/૦૧/૨૦૧ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ધરમપુર | ૩૩૪૩ | ૬૬૭૩ | ૧૦૦૧૬ |
| ૨ | કપરાડા | ૧૧૭૧ | ૭૫૧૭ | ૮૬૮૮ |
| ૩ | પારડી | ૬૯૨૯ | ૬૪૫૨ | ૧૩૩૮૧ |
| ૪ | ઉમરગામ | ૪૨૩૯ | ૧૧૧૦૮ | ૧૫૩૪૭ |
| ૫ | વલસાડ | ૪૬૨૧ | ૧૦૫૪૫ | ૧૫૧૬૬ |
| | કુલ | ૨૦૩૦૩ | ૪૨૨૯૫ | ૬૨૫૯૮ |

(૨) તે અન્વયે નીચે મુજબ ખર્ચ થયોઃ

(રૂ. લાખમાં)

| ક્રમ | તાલુકો | તા.૦૧/૦૨/૨૦૧૫ થી તા.૩૧/૦૧/૨૦૧૬ | તા.૦૧/૦૨/૨૦૧૬ થી તા.૩૧/૦૧/૨૦૧૭ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ધરમપુર | ૩૭૧.૮૦ | ૮૦૦.૭૬ | ૧૧૭૨.૫૬ |
| ૨ | કપરાડા | ૧૩૦.૨૮ | ૯૦૨.૦૪ | ૧૦૩૨.૩૨ |
| ૩ | પારડી | ૪૩૨.૨૦ | ૭૭૪.૨૪ | ૧૨૦૬.૪૪ |
| ૪ | ઉમરગામ | ૪૬૫.૩૨ | ૧૩૩૨.૯૬ | ૧૭૯૮.૨૮ |
| ૫ | વલસાડ | ૪૪૦.૯૨ | ૧૨૬૫.૪૦ | ૧૭૦૬.૩૨ |
| | કુલ | ૧૮૪૦.૫૨ | ૫૦૭૫.૪૦ | ૬૯૧૫.૯૨ |

---------

### વલસાડ જિલ્લામાં જમીન નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવા બાબત

* ૩૩૮૯૫ શ્રી જીતુભાઇ ચૌધરી (કપરાડા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૦૧/૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર આદિવાસીઓની ક્યા પ્રકારની જમીન નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવામાં આવેલ છે,

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી જમીન નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવામાં આવેલ છે અને કેટલી બાકી છે, અને

(૩) ઉક્ત સ્થિતિેએ બાકી રહેલ જમીન કેટલા સમયમાં જૂની શરતમાં ફેરવવામાં આવશે?

જવાબ

(૧) સાંથણીમાં ખેતી માટે આપવામાં આવેલ તથા જુદા જુદા ઇનામી કાયદા હેઠળ નવી અને અવિભાજ્ય શરતોએ તેમજ ગણોતધારા હેઠળ નવી પ્રતિબંધિત સત્તા પ્રકારથી આપવામાં આવેલ જમીનો જુની શરતમાં ફેરવવામાં આવેલ છે.

(૨)

| તાલુકાનું નામ | જુની શરતમાં ફેરવેલ જમીન (હે.આ.ચો.મી) | જુની શરતમાં ફેરવવાની બાકી જમીન (હે.આ.ચો.મી) |
|---|---|---|
| વલસાડ | ૧૭–૪૯–૭૨ | ૦ |
| પારડી | ૫–૨૮–૯૬ | ૧–૮૬–૧૨ |
| ધરમપુર | ૯–૩૯–૮૯ | ૦ |
| કપરાડા | ૩૭–૮૩–૮૨ | ૧૦૧૯–૫૬–૪૩ |
| ઉમરગામ | ૧૨–૬૯–૨૧ | ૦ |
| વાપી | ૬–૭૬–૭૬ | ૦ |

(૩) બાકી રહેલ જમીનો ચકાસણી કરી નિયમોનુસાર જૂની શરતમાં ફેરવવામાં આવશે.

---------

નવસારી જિલ્લામાં હળપતિઓના જર્જરીત આવાસો

* ૩૩૪૧૮ શ્રી મંગુભાઇ પટેલ (ગણદેવી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ નવસારી જિલ્લામાં ૨૦ કે તેથી વધુ વર્ષ જુના હળપતિઓના જર્જરીત આવાસોના પુનઃ નિર્માણ માટેની યોજના ક્યારથી અમલમાં છે, અને | (૧) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૨૯/૦૮/૨૦૧૨ના ઠરાવથી અમલમાં છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં કેટલા લાભાર્થીઓને તેનો લાભ આપવામાં આવ્યો છે ? | (૨) ૩૦૯૨ લાભાર્થીઓ. |

---------

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

ગુજરાત હાઉસીંગ બોર્ડના અહેવાલો

શ્રી શંકરભાઇ લ.ચૌધરી ( શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત હાઉસીંગ બોર્ડના સન ૨૦૧૧–૧૨ અને સન ૨૦૧૨–૧૩ના વાર્ષિક હિસાબો પરના ઓડિટ અહેવાલો તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

ઓડિટ અહેવાલો અને નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

ગુજરાત સ્લમ ક્લીયરન્સ બોર્ડનો વાર્ષિક અહેવાલ

શ્રી શંકરભાઇ લ.ચૌધરી ( શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્લમ ક્લીયરન્સ બોર્ડનો સન ૨૦૦૯–૧૦નો વાર્ષિક હિસાબો પરનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

ઓડિટ અહેવાલ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી ૨૦૦૯–૧૦નો અહેવાલ છે, જરા આમાં ઝડપ થાય. ખૂબ મોડું થયું છે.

સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકનો અહેવાલ

શ્રી રોહિતભાઇ પટેલ (નાણા મંત્રીશ્રી–રાજ્ય કક્ષા) : માનનીય અધ્યક્ષશ્રી, હું સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકશ્રીનો સન ૨૦૧૨–૧૩ના વર્ષનો નગરપાલિકાઓનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

ઓડિટ અહેવાલ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૨૮૮૯૬ (અગ્રતાક્રમ–૯)ના અનુસંધાને વધારાની માહિતી

શ્રી ચીમનભાઇ ધ.સાપરીયા ( કૃષિ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૩–૩–૨૦૧૭ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા સભ્યશ્રી સતીષભાઇ પટેલના '' વડોદરા જિલ્લામાં બિયારણના નમૂનાઓ'' વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૨૮૮૯૬ (અગ્રતાક્રમ–૯)ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

અનુમતિ મળેલાં વિધેયકો

સચિવશ્રી : માનનીય અધ્યક્ષશ્રી, હું તેરમી ગુજરાત વિધાનસભાના દસમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૧૭નાં વિધેયક ક્રમાંક–૧, ૨, ૩, ૪, ૫, ૬, ૯ અને ૧૩ વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અનુમતિ મળેલાં વિધેયકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

સરકારી વિધેયકો

સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૨૦

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ (દ્વિતિય સુધારા)વિધેયક, ૨૦૧૭

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ વધુ સુધારવા બાબત વિધેયક

શ્રી શંકરભાઇ લ.ચૌધરી ( શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી–રાજ્ય કક્ષા ) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન–૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૨૦, સન–૨૦૧૭ના ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ (દ્વિતિય સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

* વિધેયક તા.૨૩મી માર્ચ, ૨૦૧૭ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

## ૩૦મી માર્ચ, ૨૦૧૭

## ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ (દ્વિતિય સુધારા)વિધેયક, ૨૦૧૭

અધ્યક્ષશ્રીઃ વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન–૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૨૦, સન–૨૦૧૭ના ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ (દ્વિતિય સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં વિકાસ યોજના અને નગર રચના યોજના કરવાના અને તેનો અમલ કરવા માટેના હેતુ માટે આશરે ૪૧ વર્ષ પહેલાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ અધિનિયમિત કરવામાં આવ્યો. વિકાસ યોજના અને નગર રચના યોજના ઝડપી બની તેના કારણે અને અધિનિયમનો અમલ કરવાની કાર્યરીતિને સરળ કરી શકાય છે. વધુમાં અધિનિયમની કાર્યરીતિનો અમલ કરવામાં સમુચિત સત્તા મંડળ વિલંબ કરે અથવા અસમર્થ બને તેવા કિસ્સામાં રાજય સરકાર  અધિનિયમની જોગવાઇઓનો અમલ કરવાના હેતુ માટે અધિકારીની નિમણૂંક કરી શકે છે અથવા આપ મેળે પગલું લઇ શકે છે.

ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

સદરહુ અધિનિયમની અમુક જોગવાઇઓ સુધારવાનું અત્યારે જરૂરી છે. એટલે આ સુધારા લાવવામાં આવ્યા છે. તેમાં કેટલાક એ સિવાયના પણ જોઇએ તો કલમ–૭ની પેટા કલમ–૧ના ખંડ–૨ની વિદ્યમાન જોગવાઇ હેઠળ વિસ્તાર વિકાસ સત્તા મંડળ આ અધિનિયમની જોગવાઇઓ હેઠળ નગર રચના યોજનાઓ તૈયાર કરવા અને તેનો અમલ કરવાની બાંયધરી આપે છે.હવે સદરહુ જોગવાઇઓમાં સુધારો કરવાનું સરકારે વિચાર્યું છે. જેથી કરીને વિસ્તાર વિકાસ સત્તા મંડળ દ્વારા નગર રચના યોજનાઓ અથવા સ્થાનિક વિસ્તાર યોજના તૈયાર કરવાની અને તેનો પ્લાન કરવાની બાંહેધરી આપી શકાય. વિધેયકની કલમ–૩થી તે માટેની જોગવાઇઓ કરી છે. કલમ–૭ની પેટા કલમ–૨ને પણ બદલવાનો, સુધારો કરવાનું વિચાર્યું છે. જેથી કરીને રાજ્ય સરકાર દ્વારા વિસ્તાર વિકાસ સત્તા મંડળની સત્તા અને કાર્ય સ્થાનિક સત્તા મંડળને અથવા સત્તા મંડળોને અથવા પોતાની હકુમતની અંદર કોઇ અધિકારીને સોંપી શકાય. શહેરી વિકાસ સત્તા મંડળ માટે સદરહુ અધિનિયમની કલમ–૨૩માં સમાન જોગવાઇ કરવા પણ વિચાર કર્યો છે. વિધેયકની કલમ–૨ અને ૩માં તે માટેની જોગવાઇ કરી છે. કલમ–૪૯ની પેટા કલમ–૧ના ખંડ–ખની વિદ્યમાન જોગવાઇઓથી નગર રચના અધિકારી સાથે વિચાર વિનિમય કરીને સમુચિત સત્તા મંડળ દ્વારા વિકાસ પરવાનગી આપવા માટેની જોગવાઇ છે. કલમ–૪૮ની પેટા કલમ–૨ હેઠળ નગર રચના યોજનાનો મુસદ્દો મંજૂર કરતી વખતે સમુચિત સત્તા મંડળ નગર રચના અધિકારી સાથે વિચાર વિનિમય કરીને આવી પરવાનગી મંજૂર અથવા નામંજૂર કરી શકશે અથવા સરકારી જાહેરનામામાં દર્શાવ્યા પ્રમાણેની આવી શરતોને આધીન રહીને તેને મંજૂર કરવાનો વિચાર કર્યો છે. વિધેયકની કલમ–૪થી તે માટેની જોગવાઇ કરી છે. સ્થાનિક વિસ્તાર યોજના એટલે પ્લાન અમલ માટે અધિનિયમની કલમ–૭૬(ક)ની નવી પેટા કલમ–૭ અને ૮ દાખલ કરવાની આમાં જોગવાઇ કરી છે અને વિધેયકની કલમ–૬માં તે માટેની અમે જોગવાઇ કરી છે. કલમ–૫૨ અને ૧૧૯માં અમુક સુધારા કરવાનું વિચાર્યું છે. જુનો કાયદો બનાવેલો છે પછી કેટલાક સુધારા પણ કરવામાં આવેલ છે. જે સુધારાની અંદર ફેરફાર કરવાનો છે એ સુધારાઓ મેં કહ્યા. ૨૦૧૪માં સ્થાનિક વિસ્તાર યોજના બનાવવાની કાર્ય પદ્ધતિ કલમ–૭૬(ક) મુજબ ઉમેરવામાં આવી. પરંતુ સત્તા મંડળના કાર્યો, ફરજો તે વખતે જ્યારે સુધારો કર્યો ત્યારે બાકી રહી ગયેલા હતા એટલે એમાં સુધારો કરવાનો પણ વિચાર કર્યો છે. એટલે અગાઉ રાજ્ય સરકારે તેવી રીતે ફરમાવ્યું હોય તો આ અધિનિયમની જોગવાઇઓ હેઠળ નગર યોજનાનું આયોજન આટલું હતું. હવે સ્થાનિક વિસ્તાર યોજનાનો આની અંદર સમાવેશ કરવામાં આવ્યો છે. જે કલમ–૨ની અંદર સુધારો કરવામાં આવ્યો છે. અધિનિયમની કલમ–૭ની પેટા કલમ–૨માં કેટલીક કમિટિ સમયસર જો ન મળે તો લોકોને વિકાસ પરવાનગી મેળવવામાં મોડું થતું હોય છે. તો સત્તા મંડળના અમુક કાર્યો અને ફરજો સત્તા મંડળની હકુમત હેઠળના અધિકારીને આવી સત્તા સોંપવાથી લોકોને વિકાસ પરવાનગી મેળવવામાં રોજબરોજની મુશ્કેલી ન પડે. ટી.પી. સ્કીમ મહિને–બે મહિને, કોઇ જગ્યાએ તો લાંબા સમય સુધી ન મળતી હોય તો જેને મકાન માટેની મંજૂરી લેવી હોય તો ટી.પી.ની મંજૂરી ન મળે તો મંજૂરી મળી શકતી ન હતી. આ રોજબરોજની પ્રક્રિયા હોવાના કારણે ત્યાંનું કામ ત્યાંના સત્તા મંડળના અધિકારી હોય, નગર કક્ષાએ હોય તો ત્યાંના સીઇઓ અને ઉપર મોટી સંસ્થા હોય તો તેના જે અધિકારી હોય તો તેને આ અધિકાર આપી શકાય તે પ્રમાણેની આની અંદર જોગવાઇ કરવામાં આવી છે. બીજો એક ફેરફાર – ૨૦૧૪ના સ્થાનિક વિસ્તાર યોજના બનાવવાની કાર્ય પદ્ધતિ કલમ–૭૬(ક) મુજબ બનાવવામાં આવી છે. સત્તા મંડળના કાર્યો અને ફરજોમાં એક સુધારો કરવામાં આવેલ છે. નાની નગરપાલિકા અથવા નવી જે નગરપાલિકાઓ બની હતી, ઓથોરીટી સિવાયની તેનો પણ આની અંદર સમાવેશ કરવામાં આવ્યો છે. જો ટી.પી. ઓની અંદર પણ કેટલાક અધિકારો આપેલા હતા અને તેની અંદર પણ એક વખત મંજૂરી, માન્યતા મળ્યા પછી પણ સ્થાનિક કક્ષાએ, ટી.પી.ઓ કક્ષાએ કેટલાક ફેરફારો થાય અને પછી સરકારની મંજૂરી માટે આવે. દરમિયાન એવું થતું હતું કે ત્યાં લોકલ કક્ષાએ સરકારની મંજૂરી મળશે તેવું કરીને ફેરફાર કરીને તેના પ્લાન પાસ કરી દેવામાં આવે અને પ્લાન પાસ કર્યા પછી ત્યાં બાંધકામ પણ થઇ જાય. એક વખત મુસદ્દો મંજૂર થયા પછી આવા ફેરફાર કરવાનું ચાલતું હતું. જેના કારણે ઘણી વખત સુચારૂ જે આયોજન કરવાનું છે એની અંદર

ત્રૂટી રહેતી, તેની અંદર અવરોધરૂપ હતું એટલે એક ફેરફાર સુધારા કલમ-૪ જે કરવામાં આવી છે એમાં મુસદ્દારૂપ નગર યોજના સરકારશ્રી દ્વારા અધિનિયમની કલમ-૪૮ મુજબ અમૂક શરતોને આધીન મંજૂર કરવામાં આવે છે તે યોજના નગર રચના અધિકારીશ્રીએ સત્તા મંડળ દ્વારા અમૂક જરૂરીયાત જણાય તે ફેરફાર કરવામાં આવે છે તે રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરાયેલ મુસદ્દારૂપ નગર રચના યોજનાની દરખાસ્ત વિરુદ્ધ વિકાસ પરવાનગી આપવાની બાબત એના કારણે અટકશે માટે આ પેટા કલમમાં આટલું ઉમેરવાનું આવ્યું છે. નવો સુધારો થાય છે એ અંતર્ગત નીચે કક્ષાએથી, આ પ્રમાણેનો ફેરફાર, ટીપીઓ કક્ષાએથી નહીં કરી શકાય તેની પણ જોગવાઇ કરવામાં આવી છે. કેટલીક કલમોની અંદર નવા સુધારા પણ મૂકવામાં આવ્યા છે એમાં એક સ્થાનિક વિસ્તાર યોજના અમલમાં આવે તે તારીખે અને તે તારીખ પછી સ્થાનિક વિસ્તાર યોજના હેઠળ કોઇ વ્યકિત, કોઇ જમીન કે તેનો ભોગવટો કરવાનું ચાલુ રાખે, એક વખત ટી.પી. બની ગઇ, ડી.પી. બની ગઇ અથવા એના રોડ માટેની કોઇ જોગવાઇ હોય તો એને ખાલી જો કરે નહીં તો આખું ડેવલપમેન્ટ એના કારણે અટકી જતું અને પછી બાકીનું લીટીગેશન અને બધું લાંબા ગાળા સુધી ચાલ્યા કરતું. એક વખત પ્લાનીંગ બનાવ્યા પછી સુચારૂ પ્લાનીંગ થઇ શકે એ માટે સમયમર્યાદાની અંદર જ એમણે ખાલી કરી અને જે તે ઓથોરીટીને અથવા જે તે સંસ્થા હોય એને આપી દેવામાં આવે એનો પણ સુધારો કરવામાં આવ્યો છે. ગુજરાત એક ડેવલપ કહેવાય એવું રાજ્ય છે. શહેરી પ્રજાજનોની સંખ્યા પણ બહુ મોટા પ્રમાણમાં વધી રહી છે અને ખાસ કરીને શહેરોની અંદર આજની તારીખમાં જોઇએ તો લગભગ પચાસ ટકાએ જનસંખ્યા પહોંચવામાં આવી છે ત્યારે સુચારૂ પ્લાનીંગ સાથેના નગરો બને તો આવનારું ભવિષ્ય જેની અંદર જે સુવિધાઓ હોય એ તમામ સુવિધાઓ સાથેના નગરો બની શકે એટલા માટે જે જૂનો સુધારો છે, જે કાયદો એની અંદર આ સુધારા કરવાનું રાજ્ય સરકારે વિચાર્યુ છે અને સન્માનનીય વિધાનસભાને વિનંતી કરું કે આ બધી જે જોગવાઇ કરી છે એની અંદર રાજ્યના હિત માટે, રાજ્યના વિકાસ માટે આ કામ કરવું જરૂરી છે એટલા માટે આવનારા સમયમાં સ્માર્ટ સીટી માટે પણ કેટલાક શહેરોને લીધા છે. કેટલીક નગરપાલિકા કક્ષાની અંદર પણ શહેરોનું ડેવલપમેન્ટ સારું થાય તે પ્રમાણેની પણ જોગવાઇઓ અમૃત સીટી અંતર્ગત ભારત સરકારે પણ મદદ કરી છે અને રાજ્ય સરકર પણ પોતાના બજેટની અંદર આટલા મોટા પ્રમાણમાં નાણા જયારે નગરપાલિકા, મહાનગરપાલિકાઓને આપે છે, ત્યારે તેના માટે અને ઓથોરીટીઓ સહિત એક સુચારૂ રીતે પ્લાનીંગ બને તે માટેનું સુધારા વિધેયક લઇને આવ્યો છું તેમાં તમામ સમર્થન કરે એવી વિનંતી કરું છું.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ(મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ (દ્વિતીય સુધારા) વિધેયક સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ૨૦ના પક્ષમાં હું મારા મંતવ્યો રજૂ કરું છું. માનનીય મંત્રીશ્રી જે વિધેયક લઇને આવ્યા છે એ આ સરકારની વિકાસની જે ઝડપી ગતી છે એના માટેનું એક દ્રષ્ટાંત છે. આપણે જોઇએ છીએ કે ટાઉન પ્લાનીંગ સ્કીમ અને એની અંદર ટાઉન પ્લાનીંગ સ્કીમનો અમલ થયા પછી શહેરોની અંદર જે ૪૦ ટકા જમીન મળે એમાંથી બાગ, સ્કૂલ, કોલેજ, હોસ્પિટલ, રમતગમતના પ્લોટ, પાણીની ટાંકી આ બધી જ સુવિધાઓ એની અંદર કરી શકાય છે. માનનીય મંત્રીશ્રી જે સુધારા લઇને આવ્યા છે, એમનો આશય જે નાની મોટી અડચણ હતી એ અડચણ બાબતે પણ એકદમ ઝડપથી ગુજરાતનો વિકાસ થાય એના માટેનો એમનો ઈરાદો સ્પષ્ટ દેખાય છે. જ્યારે આ વિધેયક લઇને આવ્યા છે ત્યારે એમને ગુજરાતની પ્રજા વતીથી અભિનંદન આપું છું. આની અંદર ટી.પી. સ્કીમના કારણે આપણે ગુજરાતની અંદર ઘણો બધો વિકાસ થયો છે. આદરણીય નરેન્દ્રભાઇ મોદી જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે આપણા આખા ગુજરાતમાં અને એમાં પણ અમારા અમદાવાદ શહેરમાં અને એમાં પણ અમારા મણીનગરમાં એમણે આ જે ટી.પી. સ્કીમના અલગ અલગ પ્લોટો હતા એમાંથી સ્કૂલો, આખા વિશ્વનું ઘરેણું કહેવાય એવું કાંકરિયા તળાવ, વૈશ્વિક કક્ષાનો સ્વિમિંગ પુલ, ત્રણ પોલીસ સ્ટેશનો, માત્ર મણીનગર વિસ્તારની જ હું વાત કરું છું. સી.એન.જી. સ્ટેશન, આત્મા લાયબ્રેરી, કે.કા. શાસ્ત્રી કોલેજનું સંકુલ, આઇ.આઇ.ટી. રામ એન્જિનિયરીંગ કોલેજ, ડેન્ટલ કોલેજ અને બધી જ સગવડ આ ટી.પી. સ્કીમના કારણે થઇ છે. આપણે જોઇએ છીએ કે સાબરમતી રિવરફ્રન્ટ ગઇકાલે અને અત્યારે પણ આપણા રાષ્ટ્રીય અધ્યક્ષ આદરણીયશ્રી અમિતભાઇએ જેનો દાખલો આપેલો કે ગંદા ગટરના પાણી વહેતા હોય એનું શુદ્ધિકરણ, પર્યાવરણને ફાયદો થાય, પાણીના તળ ઉંચા આવે, રમણીય સ્થળ થાય, મોટા રોડ-રસ્તા થાય, બગીચા બને અને છતાં પણ આ રીવરફ્રન્ટને જોવા લોકો એટલા માટે આવે છે કે આ બનાવ્યા પછી જે જગ્યા વધશે એમાંથી લગભગ ૪ જેટલા રીવરફ્રન્ટ બનાવાય એટલા રૂપિયા એમાંથી મળશે. આને વિકાસ કહેવાય અને આને નરેન્દ્રભાઇ મોદીનું વિઝન કહેવાય. આ રીવર ફ્રન્ટ છે, આ ટી.પી. સ્કીમ છે અને નગર રચના છે અને એને અડચણ થતી હતી અને સરકારે મંજૂર કરેલ હોય અને ફાઇનલ ટી.પી. થયા પછી મળતા ન હતા ત્યારે સરકારની મંજૂરી હશે તો તાત્કાલિક કરી શકાશે.

શ્રી કિશોરભાઇ શિ. કાનાણી(વરાછા રોડ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ (દ્વિતિય સુધારા) વિધેયક ક્રમાંક: ૨૦ નો સુધારો લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એના સમર્થનમાં હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સુરત શહેર ટૂંક સમયમાં અત્યંત વિકાસની હરણફાળ સાથે ગુજરાતનું આર્થિક રાજધાની બન્યું છે. એના કારણે સુરત શહેર વિકાસ સત્તા મંડળમાં તાજેતરમાં નવું ઉમેરાયેલા વિસ્તાર સહિતના ૯૮૫ ચોરસકિલોમીટર એમાંથી ૨૫૫ ચોરસ કિલોમીટર વિસ્તારનો વિકાસ થયેલો છે. જ્યારે સુડા દ્વારા તાજેતરમાં સરકારશ્રીને મંજૂરી અર્થે રજૂ કરવામાં આવેલ પુનઃવર્તિત વિકાસ યોજનામાં સને ૨૦૩૫ સુધીમાં ૬૮૦ ચોરસ કિલોમીટર વિસ્તારનો વિકાસ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારના વિકાસનું લાંબા ગાળાનું આયોજન છે.

૨૦૩૫ સુધીનો વિચાર આ સરકાર કરી રહી છે. ૨૦-૨૫ વર્ષ પહેલાં અમારા સુરતમાં જે વિકાસ થયો છે, માનનીય અધ્યક્ષશ્રી, આ નીતિ ત્યારે ન હતી. કોઇ ટી. પી. સ્કીમો બનતી ન હતી એના કારણે આડેધડ ગેરકાયેદસર મકાનો બન્યાં છે અને મકાનો બન્યાં પછી લાખોની સંખ્યામાં ઘરો બન્યાં પછી ત્યાં વિકાસનું આયોજન કરવાના પ્રયત્નો થાય. પરિણામ એ આવે કે ત્યાં વિકાસના આયોજન માટેની જગ્યા પણ ના હોય, ત્યાં રોડ પણ ના બને, ડ્રેનેજ લાઇન પણ ના નાખી શકીએ આવી પરિસ્થિતિનું નિર્માણ ભવિષ્યમાં થયું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૭૮માં સુડાની રચના થઇ. સુરત મહાનગરપાલિકામાં ૯૨% વિસ્તારમાં નગરરચનાની યોજનાનું આયોજન કરેલ છે. જ્યારે સુડાના ૫૫% વિસ્તારમાં નગરરચનાએ આયોજનનું આયોજન કર્યું છે. સુડાની વિકાસ યોજનામાં સૂચવવામાં આવેલ રીંગ રોડનો અમલ અમદાવાદના સરદાર પટેલ રીંગ રોડની પેટર્ન મુજબ નગરરચનાએ યોજના થકી વિકાસવવા માટે સુડા અને સુરત મહાનગરપાલિકાએ આયોજન કરેલ છે અને એના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા બનાવેલી ૧૧ ડ્રાફ્ટ ટી. પી. સ્કીમોને સરકારશ્રીએ મંજૂરી આપી છે. માનનીય અધ્યક્ષશ્રી, સુરત શહેરની અંદર હીરા ઉદ્યોગ, ટેક્સટાઇલ ઉદ્યોગ લાખોની સંખ્યામાં લોકોને રોજી-રોટી આપે છે અને એના કારણે આ દેશના તમામ રાજ્યોમાંથી લાખોની સંખ્યામાં રોજી-રોટી માટે સુરત લોકો આવી રહ્યાં છે અને તમામને રોજી-રોટી મળે છે. અને એના કારણે સુરત શહેરનો વિકાસ હરણફાળની ગતિએ વધી રહ્યો છે. કેન્દ્ર સરકારની યોજના અનુસાર મુંબઇ સાથે પણ બુલેટ ટ્રેઇનથી સુરતને જોડવાની વાત છે. ડ્રીમ સિટી જેવા પ્રોજેક્ટ પણ સુરત શહેરમાં થઇ રહ્યાં છે જેના કારણે વૃદ્ધિ દરમાં વધારો થાય એવી અત્યંત શક્યતા છે અને એના અનુંસંધાને, એના આયોજન રૂપે આ જે મંત્રીશ્રી સુધારો લઇને આવ્યા છે એ સુધારાને હું અનુમોદન આપું છું અને આ ભારતીય જનતા પાર્ટીની સરકાર નીતિ, નિયત અને નિષ્ઠાથી જે કામ કરી રહી છે અને એવા હેતુથી, એવા મંત્ર સાથે મંત્રીશ્રી જે વિધેયક લઇને આવ્યા છે એમને હું સમર્થન આપું છું.

શ્રી ભૂષણ અ. ભટ્ટ(જમાલપુર-ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શંકરભાઇ ચૌધરી સાહેબ સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક-૨૦-સન ૨૦૧૭નું ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ (દ્વિતીય સુધારા) વિધેયક લઇને આવ્યા છે એને મારા સમર્થન સાથે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં વિકાસ યોજનાનો પ્લાન અને નગરરચના આયોજનની સ્કીમ તેના અમલ કરવાના હેતુ માટે ગુજરાત રાજ્ય નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમન ૧૯૭૬માં અમલ કરવામાં આવ્યો હતો. ૧૯૭૬થી આજે લગભગ ૨૦૧૬ ઘણાં વર્ષો થઇ ગયા. ત્યાર બાદ આટલા વર્ષો બાદ શહેરોની ગીચતા અને વસ્તી વધવાના કારણે અને શહેરોના સંતુલિત વિકાસ માટે આજે આ સુધારા વિધેયક આવશ્યક બન્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર રાજ્યની વાત કરીએ તો મારા મત વિસ્તાર જમાલપુરની વાત કરું તો અમદાવાદ શહેરમાં જમાલપુર વિસ્તારમાં જૂનામાં જૂની ટી. પી. સ્કીમ નંબર ૧ ૧૯૧૭ માં બનેલ અને તેના લાભ ૧૯૧૭ થી આજ દિન સુધી અમદાવાદ શહેરને મળે છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું પડે કે વખતો વખત સમગ્ર રાજ્યની અંદર ૬૦૦થી વધુ ડ્રાફ્ટ ટી. પી. સ્કીમો બનેલ છે અને જેના કારણે આજે ગુજરાતનો સુઆયોજીત અને સુનિશ્ચિત વિકાસ જે થઇ રહ્યો છે એ આપણે અને સમગ્ર ગુજરાતની જનતા અને દેશની જનતા આજે જોઇ રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ટી.પી. સ્કીમો કેવી રીતે બનાવવી તેના અભ્યાસ અર્થે આખા દેશના અનેક રાજ્યોની ટીમો આજે ગુજરાતની ટી.પી. સ્કીમોનો અભ્યાસ કરવા માટે આવે છે અને ગુજરાતની મુલાકાતે આવી અને એ ટી.પી. સ્કીમોનો અભ્યાસ કરી પોતાના રાજ્યોમાં અમલ કરે એ આપણા માટે ખૂબ જ ગૌરવવંતી બાબત છે.

અમદાવાદ હોય, વડોદરા હોય, સુરત હોય કે રાજકોટ હોય એવા મોટા શહેરોમાં વધુ સુવિધા આપવા માટે, ટ્રાફિકની સમસ્યા હલ કરવા માટે, શહેરોની અંદર આજે કોટ વિસ્તાર હોય, નાના વિસ્તારો હોય ત્યાં આગળ પહેલા બસ ટ્રાન્સપોર્ટ સર્વિસ ચાલતી હતી. હવે વસતિ વધવાના કારણે, ગીચતા વધવાના કારણે માસ રેપિડ ટ્રાન્સપોર્ટ સિસ્ટમથી પણ લોકોને સુવિધા પ્રાપ્ત થાય, બી.આર.ટી.એસ. બસ રેપિડ ટ્રાન્સપોર્ટ સિસ્ટમની સુવિધા પ્રાપ્ત થાય, મેટ્રો રેલ અમદાવાદની અંદર પહેલા તબક્કાનું ફેઝ-વન અને ફેઝ-ટુનું કામ શરૂ થયું અને એ આવનારા દિવસોમાં પૂરું થાય, આટલેથી ના અટકીએ અને મોનો રેલ સુધી અને મોનો રેલથી પણ ના અટકીયે અને અવિરત વિકાસની પ્રક્રિયા ચાલુ રહે. શહેરની ગીચતા દૂર કરવા માટેના અનેક પ્રયત્નો આ ટી.પી. સ્કીમ અને ડ્રાફ્ટ ટી.પી. સ્કીમથી થાય અને એના કારણે ગીચતાવાળા વિસ્તારોની અંદર મલ્ટી લેવલ પાર્કીંગ કોમ્પ્લેક્ષ, પહેલાં ક્યાંય આવા મલ્ટી લેવલ પાર્કીંગ કોમ્પ્લેક્ષ નહતા થતા, હવે જગ્યા નહીં હોવાના કારણે મલ્ટી લેવલ પાર્કીંગ કોમ્પ્લેક્ષ સુવિધા આપવામાં સરકારે રચનાત્મક અભિગમ અપનાવેલ છે. આટલેથી નહીં અટકીને પણ અમદાવાદ ખાતે રિજિઓનલ રેલની પણ શરૂઆત, આવનારા દિવસોમાં આપણે રિજિઓનલ રેલ રેવી રીતે આપી શકીએ? એની રૂપરેખાનો પ્લાન પણ અમદાવાદ શહેરે આજથી તૈયાર કરવાની શરૂઆત કરી. એટલે આ પ્રકારના ટાઉન પ્લાનીંગ, ટી.પી. સ્તરના પ્લાનીંગ, લોકલ એરિયાના પ્લાનીંગનું આયોજન એ સન ૨૦૧૪ના સુધારા વિધેયકથી રાજ્યમાં અમલમાં આવેલ છે. સરળ અમલીકરણ માટે વિધેયકથી પ્રોજેક્ટ નક્કી કરવામાં આવેલ છે. આવા પ્રોજેક્ટ નગરપાલિકા વિસ્તાર સુધી સિમિત ન હોય અને મોટા વિસ્તારોને લાભદાયક વ્યવસ્થાઓ પૂરી પાડતા હોય છે. આવા પ્રોજેક્ટો ઉપર મોટો ખર્ચ થતો હોય છે ત્યારે આ પ્રકારની તમામ બાબતોને ધ્યાનમાં રાખી માનનીય મંત્રીશ્રી જે વિધેયક લઇને આવ્યા છે તેને મારું સમર્થન આપુ છું.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ (દ્વિતિય સુધારા)વિધેયક, ૨૦૧૭

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ(રાજકોટ-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી શંકરભાઇ ચૌધરી માનનીય મંત્રીશ્રી જે સુધારા વિધેયક લઇને આવ્યા છે એમાં મારું સમર્થન અને મારા કેટલાક વિચારો વ્યક્ત કરવા માટે ઉપસ્થિત થયો છું.

૧૯૭૮માં શ્રી બાબભાઇ જશભાઇ પટેલની જનતા મોરચાની સરકાર વખતે રાજકોટ શહેરી વિસ્તાર સત્તા મંડળ અસ્તિત્વમાં આવ્યું અને ત્યારથી રૂડાની એક પ્રકારની કામગીરી શરૂ થઇ. ૨૦૦૪માં બીજી જે પુનરાવર્તીત યોજના મૂકાઇ લગભગ ૬૮૬.૩૦ ચોરસ કિલોમીટરનો વિસ્તાર જેમાં નવો આવરી લેવામાં આવ્યો અને આ વિસ્તારની અંદર ૭૫ મીટરનો રિંગ રોડ લગભગ ૩૫ કિલોમીટરની લંબાઇનો જે ડેવલપ થવા જઇ રહ્યો છે એ આવતા દિવસોમાં જ્યારે આ સત્તા મંડળ બન્યું ત્યારે લગભગ ત્રણથી સવા ત્રણ લાખની વસતિ રાજકોટની હતી. અને આજે જ્યારે ૨૦૧૭માં જોઇએ છીએ ત્યારે સતર લાખની આજુબાજુની રાજકોટ શહેરની વસતિ થવા જઇ રહી છે. આ વધતી જતી વસતિ, લોકોની સમસ્યાઓ, ટ્રાફિકની સમસ્યાઓ, એને સુખાકારીના જોઇતા સાધનો, એના માટેનું પ્લાનીંગ જો ન હોય તો આ શક્ય બનવાનું નથી. અને એના કારણે આવા શહેરી વિસ્તાર સત્તામંડળો દ્વારા જે સ્કીમો બનાવવામાં આવે છે એ સ્કીમોની અંદર એક જોગવાઇ આવે છે એ પણ એક સંવેદનશીલતાનો એક ભાગ હોય છે. જયારે કોઇપણ ખેડૂતની આપણે જમીન સંપાદન કરીએ ૪૦ ટકા જેવી જમીન ત્યારે જમીન છોડવી કોઇને ગમતી નથી પરંતુ જયારે વિકાસ થાય છે ત્યારે એમને પણ અહેસાસ થાય છે કે આ રસ્તો બન્યો, આ વ્યવસ્થા થઇ, અહીં કોલેજ બની, અહીં હાઇસ્કૂલ થઇ, અહીં રમતનું મેદાન થયું જેના કારણે મારી જમીનની કિંમત પણ મને સુયોગ્ય રીતે મળતી થઇ અને સુઆયોજિત વ્યવસ્થા હોય તો જ એની કિંમત છે. આ જ રીતે જે પ્રકારે સુધારો કોઇપણ ટી.પી. સ્કીમ બને, ડ્રાફટ સ્કીમ બને અને ડ્રાફટ સ્કીમને આધારે જયારે ટી.પી. ફાઇનલના આધારે હોય, ટી.પી. ફાઇનલ બને એ વખતે કોઇપણ વિકાસના પ્લાનો મૂકવામાં આવે તો નગર આયોજન અધિકારીની કન્સર્ન લઇને એને મંજૂરી આપવામાં આવતી હોય છે પણ કેટલીક વાર જે ડ્રાફટ સ્કીમો બની હોય છે એ ડ્રાફટ સ્કીમની અંદર પોતપોતાની મેળે કોઇપણ જાતના કોઇના વાંધા હોય તો પણ ફેરફાર કરીને કેટલાક સુધારાઓ પોતાની મેળે કરતા હોય છે અને આવી સ્કીમ જયારે રાજય સરકાર પાસે આવે એની અંદર ભરપુર પ્રમાણમાં ઘણા લોકોના વાંધા હોય છે અને એ વાંધાઓ દૂર સરકાર કરી શકતી નથી, સુધારા સરકાર કરી શકતી નથી અને ટી.પી. સ્કીમ આખરી તબકકામાં આવેલી હોય છે ત્યારે એ ઘણા સમય સુધી પડતર હોય છે, પેન્ડીંગ હોય છે. આવી સ્કીમ પેન્ડીંગ ન રહે અને એ સ્કીમની અંદર રાજય સરકારની મંજૂરી વગર એ સ્કીમ આખરી ન થાય, એ સ્કીમની મંજૂરી માટે ફરીથી રાજય સરકારની મંજૂરી મળે પછી જ એ મંજૂર કરી શકાય એ પ્રકારની જોગવાઇ આ ખરડાની અંદર છે એ આવકારદાયક છે. કારણકે જ્યાં સુધી આ પ્રકારની જોગવાઇ ખરડામાં ન હોય ત્યાં સુધી એ ટી.પી. સ્કીમ અદ્ધરતાલ વર્ષો સુધી પડી રહેતી હોય છે. રાજકોટ શહેરનો જે પ્રકારે આજે વિકાસ વધતો જાય છે, ઉદ્યોગની રીતે ધબકતું, શૈક્ષણિક રીતે ધબકતું, વિકાસશીલ રીતે ધબકતું આ શહેર સ્માર્ટ સિટી તરફ જયારે જઇ રહ્યું છે ત્યારે આ પ્રકારની સુઆયોજિત નગર રચના યોજના એ ખૂબ આવશ્યક છે. આ કાયદો બનવાના કારણે, સુધારો બનવાના કારણે જે ટી.પી. સ્કીમો વર્ષો સુધી અટકેલી પડી રહેતી હતી એમાં ગતિ આવશે અને ગતિ આવ્યા પછી એને મંજૂરી પણ મળશે અને મંજૂરી મળ્યા પછી સુઆયોજિત વિકાસને પણ વેગ મળશે એવા શુભ ધ્યેયથી માનનીય મંત્રીશ્રી જે આ ખરડો લઇને આવ્યા છે એમને હું મારું સમર્થન આપું છું અને આ ખરડો સર્વાનુમતે મંજૂર થાય એવી વિનંતી છે.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સુરેશભાઇ, ભૂષણભાઇ અને ગોવિંદભાઇ ત્રણેય સભ્યશ્રીઓએ આ સુધારાના સમર્થનમાં પોતાના વિચારો મૂકયા. આ સુધારાને કારણે લાંબાગાળાનો ફાયદો એ પણ થશે કે ઔડા, ગુડા, વુડા જેવી જુની જે સંસ્થાઓ હતી એ ૨૦૧૦ પછી કેટલીક નવી પણ સત્તામંડળ ઓથોરીટી બનાવવામાં આવી. દા.ત. વઢવાણ, મોરબી, ભરૂચ, અંકલેશ્વર, હિંમતનગર, બારડોલી, નવસારી આ બધા સત્તામંડળો નવેસરથી બનાવ્યા. મોટું જે સત્તામંડળ છે એ પોતાના નિયમો બનાવવાનું કામ સમયાંતરે કરી લેતું હોય છે પણ નવા બનેલા કેટલાક સત્તામંડળો આ બાબતમાં રૂલ્સ બનાવવામાં ઉદાસીનતા રાખે છે. આ સુધારાને કારણે રાજય સરકાર અહીંથી નિયમો બનાવવાની વ્યવસ્થાની અંદર મદદ કરી શકશે અને જેને કારણે આવા નાના સેન્ટરો જે છે એ નગરપાલિકા કક્ષાના હોય એવા સેન્ટરોની પણ માહિતી ડેવલપ થવાની ખૂબ મોટી તકો ઉભી થશે, વેગ મળશે. ગતિ પણ ઘણીબધી વધી છે. ૧૯૯૫ થી ૧૯૬૦ સુધીમાં ૩૨ જેટલી નગરરચનાઓ બનાવવામાં આવી અને ૧૯૬૦ થી ૨૦૦૦ સુધીમાં ૭૭૬ એટલે તબકકાવાર સતત વધતી ગઇ છે. ૨૦૦૦ થી ૨૦૧૦ સુધીમાં ૩૫૮ જેટલા નગરરચના યોજનાઓ બનાવી. ૨૦૧૧ થી ૨૦૧૬ માં એટલે માત્ર ૬ વર્ષમાં જોઇએ તો ૫૬૦ જેટલી નગરરચનાઓ બનાવવામાં આવી. એના માટેની સંભાવના અત્યારે ૬૦૦ જેટલી ૨૦૨૦ સુધીમાં નવી બનાવી શકીશું. જૂની નગર રચના પહેલાં બનતી હતી તે ૫૦ થી કરીને ૨૦૦ હેક્ટર સુધીમાં બનતી હતી. હવે ૪૦૦ હેક્ટરથી કરીને ૨૦૦૦ હેક્ટર સુધીની એટલે એનું કદ પણ મોટા પ્રમાણમાં વધ્યું છે. પહેલાં નાના રસ્તાઓથી ચાલતું હતું, પણ હવે વ્હીકલની વ્યવસ્થા વધી છે. અને ખાસ કરીને મલ્ટી પર્પઝ બનવા લાગ્યા છે. જેટલા માળ ઉપર રહેતા હોય એટલા રસ્તા, બાકીના પાર્કીંગની વ્યવસ્થા, બાકીની સુવિધાઓ એ પણ કરવી પડે. એટલે ૩૨ કિ.મી. સુધીના રસ્તાઓને પહોળા કરવાનું વિચાર્યું. હવે રાજકોટ જેવામાં તો ૯૦ મીટર પહોળા રિંગ રોડ સુરત, રાજકોટ, અમદાવાદ જેવાં શહેરોમાં રસ્તાઓ પહોળા કરવાનો વિચાર કરવામાં આવ્યો છે. સુરતમાં ડ્રીમ સિટી અને આજુબાજુના વિસ્તારોમાં લગભગ ૧૬૦૦ હેક્ટરમાં ટી.પી. સ્કીમોનું સંકલિત આયોજન કરવામાં આવ્યું છે. એવું જ ગુડામાં, ગાંધીનગરમાં ન્યુ ગાંધીનગર કહી શકાય એ રીતે અંદાજિત ૧૮૫૩ હેક્ટરનું પ્લાનિંગ કર્યુ છે. સુરતમાં વિકાસમાં ૬૦ મીટર પહોળા ૬૩ કિ.મી. લંબાઇના રસ્તાનું પ્લાનિંગ કર્યુ છે. સુરતની અંદર ૯૦ મીટર

પહોળા ૬૬ કિ.મી. રસ્તાનું પ્લાનિંગ કરવામાં આવ્યું છે. સુરતમાં ૧૨૦ મીટર પહોળા ૭૯ કિ.મી.ના રસ્તાનું પ્લાનિંગ કરવામાં આવ્યું છે. એટલે મારો કહેવાનો મતલબ એ હતો કે નાની મોટી ત્રુટી રહે તો હવે જે પ્રમાણેની જનસંખ્યા, સુવિધાઓ અને શહેરોનું જે શહેરીકરણ અને પ્રજાની પણ સુવિધાની અપેક્ષા જે રીતે થાય છે, તે પ્રમાણે સૂચારુ રીતે એનું પ્લાનિંગ કરી આગળ વધીએ તો ભવિષ્યમાં સમસ્યાઓ છે અને એનો ઉકેલ કરી શકાય તે માટે કરીને આ વિધેયક લઇને હું આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આવ્યો છું. મને આશા છે કે સર્વાનુમતે આ વિધાનસભા ગૃહ મંજૂરી આપશે, જેના કારણે ગુજરાતનાં શહેરોના વિકાસ માટેની ગતિને ઓર તેજ મળશે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૨૦–સન ૨૦૧૭નું ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ(દ્વિતીય સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

કલમ–૨ થી ૭, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૨૦–સન ૨૦૧૭નું ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ(દ્વિતીય સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

ઉપાધ્યક્ષશ્રી: સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૨૦–સન ૨૦૧૭નું ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ(દ્વિતીય સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ૧૮

ગુજરાત પંચાયત (દ્વિતીય સુધારા) વિધેયક, ૨૦૧૭

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ વધુ સુધારવા બાબત વિધેયક

શ્રી જયંતિભાઇ રા.કવાડીયા (રાજયકક્ષાના પંચાયત મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૮– સન ૨૦૧૭નું ગુજરાત પંચાયત (દ્વિતીય સુધારા) વિધેયકને આપની પરવાનગીથી દાખલ કરું છું.

વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી જયંતિભાઇ રા.કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૮–સન ૨૦૧૭નું ગુજરાત પંચાયત (દ્વિતીય સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી જયંતિભાઇ રા.કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૩ની અંદર પંચાયત ધારાની અંદર જુદી જુદી કલમોની અંદર આપણું આ પંચાયત નું બંધારણ બનાવવામાં આવ્યું હતું. તે વખતે કલમ–૩૦ અને કલમ–૩૨ હતી. તેમાં કલમ–૩૦ જે છે તે ગેરલાયક ઠરાવતા સભ્યોની માટેની જોગવાઇઓ સ્પષ્ટ કરતી છે. કલમ–૩૦ના આધારે કલમ–૩૨ મુજબ તેનો નિર્ણય કરવાની સત્તા આપતા અધિકારો આ કલમ–૩૨ માં આપવામાં આવ્યા છે, પણ કલમ–૩૦(૨) જે છે તેની અંદર પક્ષાંતર ધારાની કલમ છે. પક્ષાંતર ધારાની અંદર જે સભ્યની જગ્યા ખાલી કરવામાં આવે, પક્ષાંતર ધારો છે તે રાજય સરકારે નિયુક્ત કરેલા અધિકારી રાજયની અંદર હોય છે તે આનો નિર્ણય કરતા હોય છે. આ ભૂલ જે તે વખતે થઇ છે તેને સુધારવા માટેનો આ વિષય છે. વિષય એવો છે કે કલમ–૩૦(૨)ની અંદર કોઇપણ વ્યક્તિને પક્ષાંતર ધારામાં સસ્પેન્ડ કરવામાં આવે અને તેના પછી તે વ્યક્તિ એમ કહે છે કે મને કલમ–૩૨ મુજબ મને હજુ ન્યાય નથી મળ્યો. આ કલમ–૩૦(૧) અને કલમ–૩૦(૨) તો છે જ. કલમ–૩૦(૧) કરવા માટે આટલો સુધારો કરવા માટે આપણી વચ્ચે આ બિલ લાવ્યો છું. જેથી કરીને હમણાં થોડાક સમય પહેલાં એક સભ્યને પક્ષાંતર ધારામાં સસ્પેન્ડ કર્યા તો તે સભ્ય અમદાવાદ ખાતે કોર્ટમાં ગયા. ભલે કોર્ટે આદેશ નથી કર્યો પણ અમને જરૂર ટકોર કરી છે કે ખરેખર આનો અધિકાર છે અને કલમ–૩૨ મુજબ કાર્યવાહી થવી જોઇએ નહીંતર તમારે કલમ–૩૦(૧) સુધારવી પડશે. તે સુધારવા માટે આ બિલ લાવ્યો છું. એટલે આની અંદર કલમ–૩૦(૧), કલમ–૩૦(૨) કે કલમ–૩૨, બાકી કોઇ ફેરફાર છે જ નહીં. આ કલમની અંદર જે જોગવાઇઓ હતી તે એમની એમ જ છે. માત્રને માત્ર જે ૧૯૯૩ની અંદર ક્ષતિ રહી ગઇ હતી તેને સુધારવા માટે આ બિલમાં જોગવાઇ કરીને અમે આ ગૃહ સમક્ષ આવ્યા છીએ. બીજી બાબત એ છે કે, જે ગ્રામ પંચાયત છે તેની અંદર નાણાંકીય અધિકારો સરપંચને મળેલા છે. સરપંચ તથા તેની બોડી ઠરાવ કરીને બે સભ્યોની નિમણૂક કરતી હોય છે. તેમાં અમે એવો સુધારો કરીને આવ્યા છીએ કે, આમાં સરપંચ તથા બે સભ્યો છે તેની જગ્યાએ હવે સરપંચ વત્તા એક સભ્ય રહેશે. હવે તલાટી કમ મંત્રીને આની અંદર ફરજિયાત જોડવામાં આવે છે. અમારા વિભાગની અંદર ઘણી ક્ષતિઓને કારણે આ નિર્ણય આપણે લઇ રહ્યા છીએ. આ રાજયની અંદર ૫૦ ટકા મહિલા સરપંચ છે અને ૫૦ ટકા મહિલા

* વિધેયક તારીખ ૨૨મી માર્ચ ૨૦૧૭ના રોજ ગુજરાત ગવર્મેન્ટ ગેઝેટમાં પસિદ્ધ કરવામાં આવ્યું છે.

સભ્યો છે. આ બધી બાબતો છે. આ બધી બાબતોના આધારે આટલા વર્ષની અંદર સરપંચને કયાંય ને કયાંય કલમ–૫૭ની જોગવાઇ મુજબ ઘણી વખત સસ્પેન્ડ કરવામાં આવે છે. જો આ જોગવાઇ લાવવાનું કોઇ મુખ્ય કારણ હોય તો આજે સરપંચ છે એ ગામમાં મોભાદાર વ્યક્તિ છે એમને પોતાને ક્યાંયને ક્યાંય આવી બાબતોમાં એની કારકિર્દી ઉપર ધક્કો લાગતો હોય છે અને એને પોતાને એમ થાય છે કે, મેં આટલું સારું કામ કર્યું છતાં કોઇ પણ બાબતમાં ક્યાંયને ક્યાંય મુશ્કેલી પડે છે. હવે આનાથી એ થશે કે સરપંચની વિરુદ્ધમાં ક્યાંયને ક્યાંય રજૂઆતો આવતી હતી તો આ ૫૭ની કલમ મુજબ એને દૂર કરતા હતા એમાં સો ટકા ઓછું થશે. મારે સન્માનનીય ગૃહને ધ્યાને મૂકવું છે કે, સરપંચ તો રહેવાના છે, સરપંચની સહી તો આવવાની જ છે. જયારે ગ્રામ પંચાયતમાં ફંડમાંથી નાણાં ઉપાડવા હોય અથવા તો બિલનું પેમેન્ટ કરવાનું હોય એવા સંજોગોમાં ગ્રામ પંચાયતનો ઠરાવ કરી મંજૂરી આપવાની જોગવાઇ છે. ગ્રામ પંચાયતના ઠરાવ બાદ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીએ ગ્રામ પંચાયતના હિસાબી નમૂના ૧૫ વાઉચર બનાવવાના હોય છે અથવા તો નમૂના નં.૨૬ કોન્ટ્રાક્ટરનું બિલ અથવા તો નમૂના નં.૨૭ રોજમદારનું મજુરીનું બિલ સદર વાઉચર તલાટી કમ મંત્રીએ અને ત્યાર બાદ સરપંચે એમાં સહી કરવાની આવે છે. તો આમાં કોઇ કમી નથી રહેવાની, સરપંચની સહી તો આવવાની જ છે પણ તલાટીની સહી કર્યા પછી સરપંચની સહી કરવાની આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ બધી બાબતો આપણે જાણીએ છીએ. આજે માનો કે નાની નગરપાલિકા છે, પહેલા ૧૫૦૦૦ની વસતિએ નગરપાલિકા થતી હતી તો હું તો એમ માનુ છું કે ગ્રામ પંચાયત જ ગણાય તો એની અંદર ૨૦૦૦ની સાલમાં પ્રમુખ અને ચીફ ઓફીસરની સંયુકત સહી આવતી, ત્યાર પછી ૨૦૦૬થી ફકત ચીફ ઓફીસર અને એના વહીવટી કલાર્કની સહી હોય છે આજે તમે વિચાર કરો કે, તાલુકા પંચાયતનો પ્રમુખ છે એની સહી ક્યાંય ચેકમાં નથી આવતી એ તો ટી.ડી.ઓ. સહી કરે છે, જિલ્લા પંચાયતના પ્રમુખની સહી ક્યાંય નથી આવતી છતાં આજે આ બાબતમાં સરપંચની સહી તો સ્પષ્ટ રાખી જ છે અને સરપંચનો અંકૂશ આના ઉપર સો ટકા રહેવાનો જ છે. પણ કહેવાનો આશય એટલો જ છે કે, આનાથી કોઇ પણ તલાટી હશે પહેલા એણે સહી કરવી પડશે એટલે ક્યાંયને ક્યાંય બધી આકારણી, બધું ચકાસીને આગળ ચાલશે એટલે કોઇ દિવસ સરપંચને ક્યાંયને ક્યાંય હાનિ ન પહોંચે, સરપંચને ક્યાંય મુશ્કેલી ન થાય એના માટે આ બિલ લાવ્યા છીએ. સરપંચની માન, મર્યાદા, મોભો જળવાઇ, ગામનો સરપંચ છે એ ગામની પ્રથમ વ્યક્તિ ગણાય છે. પાંચ હજારની વસતિનું ગામ હોય તો સરપંચ છે એ ગામની પ્રથમ વ્યક્તિ તરીકે ગણાતા હોય એ સરપંચની સામે થતા ખોટા કેસોની સંખ્યામાં આને કારણે ઘટાડો થશે અને વારંવાર ફરિયાદો આવતી હતી એ બંધ થશે. હું તો એમ કહી રહ્યો છું કે, પહેલા તો પંચાયતમાં ફંડ પણ ઓછું આવતું હતું પણ આજે હું એમ ચોક્કસ કહું છું કે, નરેન્દ્રભાઇએ ચૌદમા નાણાપંચમાં જે યોજના બનાવી છે એને કારણે પાંચ વર્ષમાં ૧૦ હજાર કરોડ રૂપિયા આવ્યા છે અને અત્યારે તમે પંચાયતમાં જાવ તો લાખો રૂપિયા પડ્યા છે. નાણાપંચે પણ આપણને ભલામણ કરી છે કે, હવે આમાં તલાટીની સહી રાખવી જ જોઇએ જેથી કરીને સરપંચને કે કોઇને મુશ્કેલી પડે નહીં. તો મારો આશય પંચાયતનો સો ટકા સારો વહીવટ થાય, સરપંચ એની માન, મર્યાદાથી ગામમાં રહી શકે, એને ગામના સારા કામ કરવાની જે નેમ છે એ નેમને આગળ ધપાવી શકે આ બધી બાબતો આમાં છે તો આજે આ સુધારો હું એટલા માટે લાવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, બીજો મારો સુધારો છે એ તાલુકા પંચાયતોમાં વીસ મુદા અમલીકરણ સમિતિ જે છે, પંચાયત ધારામાં સાત સમિતિઓ છે એ સાતમાં વીસ મુદા અમલીકરણ સમિતિ છે. પણ વીસ મુદા અમલીકરણ સમિતિની કામગીરી જિલ્લા પંચાયતમાં કાંઇ છે જ નહીં. વીસ મુદ્દા અમલીકરણ સમિતિ અંગે તારીખ ૨૯–૮–૧૯૯૦માં સામાન્ય વહીવટ વિભાગે ત્યારે ના પાડી છે કે તાલુકાની અંદર કે જિલ્લાની અંદર વીસ મુદ્દા અમલીકરણ સમિતિ ન હોવી જોઇએ, છેલ્લે ૧૧–૪–૨૦૧૬ના પત્રથી જણાવ્યું છે. એટલા માટે કે વીસ મુદ્દા અમલીકરણ સમિતિ જે છે તે પંચાયતના વિભાગ સાથે જોડાયેલી નથી, પંચાયત સિવાયના અઢાર વિભાગો એની અંદર આવે છે, એટલે વીસ મુદ્દા અમલીકરણ સમિતિમાં અઢાર અન્ય વિભાગો પણ આવે છે રાજ્ય સરકારમાં વીસ મુદ્દા અમલીકરણ સમિતિના અધ્યક્ષ છે અને તમામે તમામ રાજ્યોમાં છે એટલા માટે આ સમિતિ આપણે રદ કરીએ છીએ અને એની જગ્યાએ ઉત્પાદન, સહકાર અને સિંચાઇ સમિતિ અને મહિલા, બાળ વિકાસ યુવા પ્રવૃત્તિઓ માટેની સમિતિ, આ બે સમિતિની જિલ્લાની અંદર એક વરસની મુદત છે, હવે અગાઉ સાત સમિતિ હતી એમાંથી એક સમિતિ રદ થઇ એટલે છ સમિતિની અઢી વરસની મુદત આ જ વિધાનસભામાં બિલ લાવીને નક્કી કરેલ છે. આપણે કાયદેસર છ સમિતિ વત્તા આ બે સમિતિ આ બે સમિતિની મુદત અઢી વરસ એટલા માટે કરવાની છે કે, જિલ્લા પંચાયતમાં રહેલી તમામ સમિતિઓની મુદત એકસરખી રહે, બધીય સમિતિની મુદત અઢી વરસની થાય, તાલુકા પંચાયત હોય, જિલ્લા પંચાયત હોય, નગરપાલિકા હોય, મહાનગરપાલિકા હોય આ બધી જગ્યાએ જે અઢી વરસનો રેશિયો છે તેમાં આ બે સમિતિ ફક્ત વરસ વરસની મુદતની હતી એટલા માટે આ સુધારા સાથે અમે આવ્યા છીએ અને આ સુધારો કરવા માટે વિધાનસભામાં બિલ લાવ્યા છીએ. આજે આપણે જાણીએ છીએ કે કારોબારી સમિતિ, સામાજિક ન્યાય સમિતિ, શિક્ષણ સમિતિ, આરોગ્ય સમિતિ, જાહેર બાંધકામ સમિતિ અને અપીલ સમિતિઓ હોય છે. હવે આ નવી બે સમિતિ પણ આ અઢી વરસની મુદતમાં જોઇન્ટ થશે, ઉત્પાદન, સહકાર અને સિંચાઇ સમિતિ અને મહિલા અને બાળ વિકાસ યુવા પ્રવૃત્તિઓ માટેની સમિતિ આમ કુલ આઠ સમિતિઓ થશે. મારો ચોથો સુધારો કલમ–૨૨૨ અંગેનો છે. આમાં કોઇ સુધારો છે જ નહિ, માત્રને માત્ર જે ૨૨૨ અને ૨૨૩ છે, એમાં ૨૨૩ની પેટા કલમ–૩ અને ૪ જે છે એ માત્ર ૨૨૨ માં પ્રિન્ટ મિસ્ટેક થઇને છપાઇ ગઇ છે માટે એને દૂર કરવાની છે. બીજી કોઇ જોગવાઇ આની અંદર છે જ નહિ. ૨૨૨માં આપણો જે આશય છે એ જ આશય ૨૨૩માં છે. ૨૨૨માં આશય એ છે કે પંચાયતને પ્રોત્સાહિત કરવા માટેનું ઉત્તેજન ફંડ છે. કોઇ પંચાયત સારું કામ કરે તો એને પ્રોત્સાહિત કરવાની જોગવાઇ છે અને ૨૨૩માં

પંચાયતને લોન આપવાની જોગવાઇ છે. ૨૨૨માં પેટા કલમ–૩ અને ૪ પ્રિન્ટ મિસ્ટેકથી છપાઇ ગઇ છે માટે એને દૂર કરવા માટેની જોગવાઇ છે આટલો વિષય આ બિલની અંદર અમે લઇને આવ્યા છીએ અને સન્માનનીય ગૃહ આ બિલને પ્રોત્સાહિત કરીને સર્વસંમતિથી પસાર કરે એવી હું અપેક્ષા રાખું છું.

શ્રી બાવનજીભાઇ હં. મેતલીયા(ટંકારા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના પંચાયત મંત્રી આદરણીય જયંતિભાઇ દ્વારા આ ગૃહમાં સન ૨૦૧૭નું પંચાયત વિધેયક ક્રમાંક–૧૮ ગુજરાત પંચાયત (દ્વિતિય સુધારા) વિધેયક લઇને આવ્યા છે તેના સમર્થનમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું. આમ તો માનનીય મંત્રીશ્રીએ વિધેયકના ઉદ્દેશોની વાત કરી દીધી છે એમાં ત્રણ–ચાર કલમોમાં બહુ ફેરફાર કરતાં આ જે પંચાયતનો વહીવટ છે એમાં પારદર્શકતા આવે, જે સમિતિઓ છે એનો જે કાર્યભાર છે એ બેવડાતો હતો એમાં ચોક્કસતા આવે એના માટે આ બિલ લઇને આવ્યા છે. એમણે વાત કરી વીસ મુદ્દા અમલીકરણ સમિતિની. જે ૧૯૯૦માં નક્કી કરી હતી, પણ તે વખતે એવું હતું કે, જિલ્લા આયોજન મંડળમાં કલેકટરના અધ્યક્ષસ્થાને પણ સમિતિ હતી. અને આ વીસ મુદ્દા અમલીકરણ સમિતિની ત્યાં પણ સમીક્ષા થતી હતી અને જિલ્લા પંચાયતો દ્વારા પણ આ વીસ મુદ્દા અમલીકરણ સમિતિની રચના કરી. એટલે બે જગ્યાએ કામનું ભારણ વધતું હતુ અને એકને એક બાબત બે જગ્યાએ આવતી હતી તો એમાં આ જે આપણો સુધારો કરી અને આમાં જે સ્પષ્ટતા કરી છે તો એનાથી એક જ જગ્યાએ કલેકટરમાં જિલ્લા આયોજન સમિતિમાં તેની સમીક્ષા થાય અને આમાંથી રાજય સરકારની અનુમતિ વગર અત્યારે જિલ્લા પંચાયતને જે અધિકાર આપ્યા છે તો એમાં બે સમિતિ જે બનાવે ઉત્પાદન, સહકાર, સિંચાઇ અને મહિલા અને બાળ વિકાસ સમિતિ બનાવે અને તે મરજીયાત સમિતિ છે તો તેના દ્વારા પણ ધારો કે આ થઇ શકશે. પહેલાં વાત કરી કે કલમ–૩૦(૧) અને ૩૦(૨) અને ૩૨ આ બંધારણમાં જોગવાઇ હતી જ પણ આમાં જે પંચાયતનો સભ્ય હોય તો એની કલમ–૩૦(૧)માં અને (૨)માં તેની જે ગેરલાયકાત જે નક્કી કરેલ હતી અને જો એ ગેરલાયક ઠરે તો આપોઆપ જગ્યા ખાલી થતી હતી. હું આને સમર્થન આપી મારી વાત પૂરી કરું છું.

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે કહ્યું કે આ સમિતિ મરજીયાત તો આ મરજીયાત નહીં પણ આ બન્ને સમિતિ હવે ફરજીયાત થઇ છે અને સન્માનનીય ગૃહના સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે, જે રીતની આ બિલની અંદર બધી જોગવાઇ છે તે રાજ્યના ગ્રામિણ વિસ્તારને એક દિશા આપતી બધી જોગવાઇઓ છે તો એને સર્વાનુમતે આવકારીએ એવી શુભેચ્છા.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી જયંતિભાઇ રા.કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન–૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૧૮ સન ૨૦૧૭નું ગુજરાત પંચાયત (દ્વિતિય સુધારા) વિધેયકનું બીજુ વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

કલમ ૨ થી ૫, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

શ્રી જયંતિભાઇ રા.કવાડીયા (રાજયકક્ષાના પંચાયત મંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન–૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૧૮ સન ૨૦૧૭નું ગુજરાત પંચાયત (દ્વિતિય સુધારા) વિધેયકનું ત્રીજુ વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

ઉપાધ્યક્ષશ્રી : સન–૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૧૮ સન ૨૦૧૭નું ગુજરાત પંચાયત (દ્વિતિય સુધારા) વિધેયકનું ત્રીજુ વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

(વિરામ બપોરના ૪–૨૯ થી ૫–૦૦ )

અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક – ૧૯

ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયક

સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૯–સન ૨૦૧૭નું ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયક

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( મહેસૂલ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૯–સન ૨૦૧૭નું ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયક આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

---

* વિધેયક તા.૨૩મી માર્ચ, ૨૦૧૭ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

ચૈત્ર ૯, ૧૯૩૯ શાકે

## ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયક

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા: માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન–૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૧૯– સન ૨૦૧૭ના ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગ માટે આજનો દિવસ એક ઐતિહાસિક દિવસ છે. સામેવાળા મિત્રો હાજર હોત તો મને ખૂબ આનંદ થાત. કારણ કે, આ પ્રજાલક્ષી કામ લઇને મહેસૂલ વિભાગ આવ્યો છે પણ આપણી કમનસીબી છે કે બહાર જવાની માનસિકતા સાથે અને બહાર જવાનું વાતાવરણ ઊભું કરીને આવવાનું અને પછી આવા મહત્ત્વપૂર્ણ બિલમાં ગેરહાજર રહેવાનું. એ હોત તો સારું હતું. એક તંદુરસ્ત ચર્ચા પણ થાત. એમના નાના–મોટા સૂચનોનો પણ અમે સ્વીકાર કરતા. આ બિલ ઐતિહાસિક એટલા માટે છે કે, આ પ્રકારની કામગીરી સમગ્ર રાજ્યમાં ૧૦૪ વર્ષ પછી થાય છે. આમ પણ છેલ્લા છ મહિનામાં મહેસૂલ વિભાગે પ્રજાલક્ષી ૨૧ નવા સુધારા કર્યા છે. નરેન્દ્રભાઇ જે રીતે આપણને બધાને વહીવટનું માર્ગદર્શન આપીને ગયા છે એ ખૂબ ઉપયોગી છે. પ્રજાને મુશ્કેલી પડતી હોય તો મુશ્કેલીનું પહેલાં નિદાન કરવાનું. એ નિદાન કર્યા પછી તેનો ઉપાય કરવાનો અને ઉપાય કર્યા પછી એનો અમલ કરવાનો. હમણાં નજીકના ભૂતકાળમાં જ આપણને ખબર છે કે ઇમ્પેક્ટ ફીના લીધે પ્રજાને કેટલી હાડમારી પડતી હતી. કુટુંબમાં દીકરાના લગ્ન થાય અને પછી બાંધકામ વધાર્યું હોય, ધંધાના કારણે વધાર્યું હોય અને માણસ મુંઝાતો હોય. એ પછી યુ.એલ.સીના કાયદામાં પણ આપણે સુધારો કર્યો અને ૩૩,૦૦૦થી વધારે કુટુંબોને આ શહેરોમાં આપણે રાહત આપી અને આજે પણ એક એવો સુધારો લઇને હું આવ્યો છું. આપણને ખબર છે કે, કોઇ માણસ ગામડામાં કે શહેરોમાં પોતાના પ્લોટમાં, પોતાની જમીનમાં પ્લોટ પાડે અથવા વેચી દે અથવા તો મકાન બાંધીને પછી એ મકાનો વેચી દે. એના કોઇ ટાઇટલ ક્લીયર ના હોય, કોઇ બિનખેતી ના કરાવી હોય, કોઇ બાંધકામની મંજૂરી ના લીધી હોય અને વર્ષોથી આ પ્રકારે ચાલતું હતું. એનું કારણ વસ્તીવધારો, અરજદારોમાં નિયમોની અજ્ઞાનતા, ઔદ્યોગિકીકરણ, ગુજરાતની વધતી જતી આર્થિક સમૃદ્ધિ છે. આ વિસ્તાર ન તો ગામડામાં કે ન તો શહેરમાં પણ એક નવા વિસ્તાર તરીકે વિકસતો થયો. હવે પોતાના ઘરમાં રહે છે પણ પોતે અસલામતીનો અનુભવ કરે છે. પોતાના ઘરમાં રહે છે પણ એ મકાન ઉપર કોઇ બેંકની લોન લઇ શકતા નથી અને ટાઇટલ ક્લિયર નથી અને એ આખી વિગતને ધ્યાનમાં રાખીને અમે આ પરિવર્તનીય વિસ્તારોમાંની જમીન બાબતમાં સુધારો લઇને હું આવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મકાનોની એ હદ સુધીની માંગ પૂરી કરવા માટે જેમ ઉતાવળ અને પછી વર્ષો સુધી ત્યાં રહેવાનું પણ એ ઉચાટ સાથે, એક અસલામતીના ભાવ સાથે, હમણાં અમે, માનનીય નાનુભાઇ સુરતમાં યુએલસીના કાયદાના અમલ માટે ગયા હતા. ફોર્મ વિતરણ માટે તો એટલો ઉત્સાહ હતો કે અમે સરકારી જમીન ફાજલ જમીન ઉપર જે કામ કરવાના હતા એ મધ્યમ અને ગરીબ માણસો માટે જ આ હતું અને અમે અહીંયા રહીએ છીએ અમે મધ્યમ અને ગરીબ માણસ છીએ તો તમે અમને અમારો ભોગવટો કાયદેસરનો કરી આપો પણ અહીંયાં તો એટલી બધી સૂચિત સોસાયટીઓ છે એનું નામ પણ સૂચિત સોસાયટી. એ સૂચિત સોસાયટીમાં ટાઇટલ ક્લિયર નથી. રેકર્ડ ઓફ રાઇટ નથી. આ બધી પરિસ્થિતિમાં અમે એટલા હેરાન થઇએ છીએ. અહીંયા આવીને માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નીતિનભાઇ બધાને વાત કરી અને મેં કહ્યું કે, નિદાન, ઉપાય અને અમલીકરણ માત્ર બે મહિનાની અંદર જ ગુજરાતના સાડા સાત લાખ પરિવારોને આનો ફાયદો મળવાનો છે. આયોજકે ડેવલપ કરીને આપ્યું હોય અથવા તો પ્લોટ એમનેએમ આપી દીધા હોય, બાંધકામની મંજૂરી પણ ના લીધી હોય અને આ પ્રવૃત્તિ દિન પ્રતિ દિન આખા રાજયની અંદર ક્યાંય બાકી નથી. કોઇ જગ્યાએ, કોઇ તાલુકા મથક બાકી ના હોય, મોટા શહેરો પણ બાકી ના હોય, નાના નાના ગામડાંઓમાં પણ, દરેક જગ્યાએ એટલા માટે મેં કહ્યુંને કે ઐતિહાસિક દિવસ છે કે આખા રાજયમાં એક સાથે, ગામડાંમાં તો આપણે હક્કપત્રક દ્વારા ગામ નમૂના નંબર –૬, ૭(૧૨), ૮ (અ) દ્વારા આપણે આપતા હોઇએ છીએ પણ શહેરી વિસ્તારમાં આખા રાજયમાં એક સાથે આ પ્રકારની ઝૂંબેશના ભાગરૂપે આપણે આ કાર્યક્રમની શરૂઆત કરીએ છીએ. આ મિલકતનું ટાઇટલ જે પ્રાપ્ત થતું ન હતું તે પણ થશે. ગેરકાયદેસર જે જમીન પચાવી પાડીને જે મિત્રો હશે અને સરકારી જમીન ઉપર છે એમને આ લાભ મળવાનો નથી અને કાયમ માટેનો જેમને ઉચાટ હતો, કાયમ માટે અસલામતીનો ભાવ હતો એ આ નવા કાયદાથી દૂર થશે.

માનનીય અધ્યક્ષશ્રી, બ્રિટીશ શાસનમાં પણ આ પ્રશ્નો હતા, પરંતુ દિન પ્રતિ દિન અત્યાર સુધીમાં આ પ્રકારે કોઇએ આ પ્રકારની હિંમત નહીં કરેલી. શરૂઆતમાં ૧૯૧૩માં નવુ પકરણ હક્કપત્રક દાખલ કરવામાં આવેલું ત્યાર પછી આજે આ થાય છે. ૧૦૪ વર્ષ રેકર્ડ ઓફ રાઇટના સિધ્ધાંતો અનુસાર આ કામ અમે કરી રહ્યા છીએ અને આ સુધારાના પરિણામે આખા રાજયની અંદર જે અસલામતીનો અનુભવ કરતા હતા એવા બધા જ લોકોને, જે નથી શહેરમાં નથી ગામડામાં, સૂચિત સોસાયટીના નામે રહે છે એમના વિસ્તારમાં હદ કરતાં વધારે વિસ્તારોમાં વિસ્તારમાં આવ્યા હોય એવા પરિવર્તન વિસ્તારો તરીકે Transitional areas તરીકે જાણીતા થયા હતા. આમ, આખાય રાજયની અંદર એક ખૂબ સળગતો પ્રશ્ન હતો. મહેસૂલ મંત્રી તરીકે મોટા મોટા શહેરોમાં જયાં જાઉં ત્યાં એ કાર્યકર્તા હોય, રહીશ હોય, બિલ્ડર્સ હોય કે ડેવલપર્સ હોય તો આ એક વાત હોય કે રાજય સરકારને પણ આના કારણે ખૂબ મોટી આવક થવાની છે અને તમે જલદીથી આ કામ કરતો તો માનનીય અધ્યક્ષશ્રી, અમે એ કામ, અમે આ કામ કર્યું છે એટલે મહેસૂલ વિભાગનું આ માઇક્રો છે એમ સમજીને કર્યું છે. મહેસૂલ વિભાગે આ કરવું જ જોઇએ. મહેસૂલ વિભાગે પ્રજાને પડતી હાડમારી, મુશ્કેલી એ સમજીને એ નિદાન કરીને એનો ઉપાય શું થાય અને પછી અમલીકરણ કેવી રીતે ઝડપથી થઇ શકે. એ મહેસૂલ વિભાગે આ કર્યા પછી એના કાર્યક્રમની વિગતો જાહેર કરીશું. બિલ

પાસ થયા પછી એની જાહેરાત થશે એટલે અરજદારે અમે રૂલ્સ નક્કી કર્યા પ્રમાણેની ફી સાથે અરજી કરવાની રહેશે. એ અરજી કર્યા પછી અમે જમીનોના સપ્લેમેન્ટરી રેવન્યુ સેટલમેન્ટ કરાવવા માટેની નોટિસ આપીશું. પછી ભોગવટા દાવાના સબંધમાં ભોગવટો કરનારને નોટિસ આપીશું. ભોગવટા દાવાના સંદર્ભમાં કોઇ વ્યકિત પાસેથી વાંધા મંગાવવામાં આવશે. આ બધી પ્રક્રિયા અમે ઝડપથી કરવાના છીએ અને અરજદારે અરજી કર્યા પછી મહેસૂલ વિભાગની સાથેની આ કામગીરી સાથે આખી પ્રક્રિયા અમે શકય એટલી ઝડપથી કરવા માગીએ છીએ. આ કાયદા માટે જે મૂળ સરકારી પડતર જમીન હોય, સરકારી ખરાબાની જમીન હોય, ગૌચરની જમીન હોય,સ્થાનિક સત્તા મંડળ અથવા વૈદ્યાનિક સત્તામંડળની માલિકીની જમીન હોય એને આ લાભ મળવાપત્ર નથી. એટલે સરકારની ઉદારતાનો માની લો કે કોઇ ગેરલાભ લેવા જાય તો એ અમને મળેલી સત્તા અને કાયદાના નિયમો પ્રમાણે એવા લોકોની સામે રાજય સરકાર કડકમાં કડક પગલાં ભરશે. પણ મેં કહ્યું એમ ફોર્મમાં જે લોકો આવી જતા હશે એ બધાને લગભગ લગભગ અમારો અંદાજ છે કે ૭ લાખ ૫૦ હજાર જેટલા આખા રાજયમાં થઇને કુટુંબોને સીધો લાભ મળવાનો છે. મારી આ ગૃહને વિનંતી છે કે આ એક અભૂતપૂર્વ નિર્ણય લઇને હું આવ્યો છું ત્યારે એને સર્વસંમતિથી પસાર કરે તેવો અનુરોધ કરું છું.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી મહેસૂલ સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક-૧૯-સન ૨૦૧૭નું ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયક લઇને આવ્યા છે પહેલા તો અભિનંદન આપુ છું, મારા વિચારો રજૂ કરું છું અને આ બિલને સમર્થન આપું છું.

સૌનો સાથ અને સૌનો વિકાસ, આ મંત્રને ચરિત્રાર્થ કરતી વિકાસની ભવ્ય ઇમારત તૈયાર કરી રહ્યા છે ત્યારે માનનીય મંત્રીશ્રીએ હમણાં જ કહ્યું કે મહેસૂલ વિભાગની અંદર ૨૧ કરતાં વધારે કાયદાઓમાં પ્રજાલક્ષી સુધારા લાવીને આ વિભાગે કામ કર્યું છે. તાજેતરમાં હમણાં પાંચ વિધાનસભાની ચૂંટણીઓ થઇ એમાંથી ચાર રાજયોની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકાર બની. અને આ રાજયનું બજેટ જે આખા મહિના દરમિયાન છેલ્લા દિવસો છે ત્યારે જે બજેટ જોયું ત્યારે જે રાજયની અંદર કોંગ્રેસની સરકાર છે ત્યાંના એક લેખકે બે લાઇન લખી હતી એ કહેવા માગું છું. એ લાઇન એવી હતી કે ''સારા હિન્દુસ્તાન ઝૂક જાયેગા, નમો તેરે સન્માન કો. બસ એકબાર ગુજરાત બનાદો સારે મેંરે હિન્દુસ્તાન કો.'' આવા સરસ ઉદાહરણ અને પ્રજાલક્ષી સરકારે કામગીરી કરી છે એનાથી પ્રેરિત થઇને લેખકે લખ્યું છે.

માનનીય મહેસૂલ મંત્રીશ્રી તરફથી શહેરી વિસ્તારમાં વસતા સમાજના આર્થિક રીતે નબળા અને મધ્યમવર્ગના લોકોને રહેવાના ઘરને પોતાના પરસેવેથી જયારે ખરીદેલું હતું પરંતુ જે તે જમીન તે વખતના શહેરી જમીન ટોચ મર્યાદા કાયદા હેઠળ ફાજલ પડેલી હતી તેમા વસાવટ કરતાં આવા નબળા અને મધ્યમવર્ગના લોકોને કાયમી સલામતી પ્રાપ્ત થાય તેવા ઉમદા માનવીય અભિગમ સાથેના વટહુકમથી આ સરકારે નબળા અને મધ્યમવર્ગના લોકોના દિલ જીતી લીધા હતા. હવે માનનીય મંત્રીશ્રી એવા જ પ્રકારના એક મહત્વના અને ઉમદા હેતુથી સમાજના નબળા અને મધ્યમવર્ગના આવા જ વસવાટ કરનાર લોકોની મિલકતને સલામતી પ્રાપ્ત થાય તેવા ઐતિહાસિક નિર્ણયથી ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ સુધારા કરતું આ મહત્વનું ઔતિહાસિક બિલ લઇને ગૃહ સમક્ષ આવે છે ત્યારે ખરેખર હૃદયપૂર્વકના અભિનંદન આપુ છું અને એને સમર્થન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મોટા ભાગે શહેરી વિસ્તારની નજીકમાં ઉદ્યોગો આવેલા હોય છે અને ઉદ્યોગો આવવાથી આજુબાજુના ગામના લોકો ઉત્તરોત્તર શહેરો તરફ વળતા ગયા. જયારે એ શહેરો તરફ આવતા ગયા ત્યારે ત્યાં પોતાને જે કંઇ વ્યવસ્થા મળી. કોઇ જમીનમાં નાનો પ્લોટ મળ્યો તો તેણે ઘર બનાવી દીધું. જે તે સમયે એ જમીન બિન ખેતી પરવાનગી મેળવેલી ન હતી અને બાંધકામની મંજૂરી પણ મળેલી ન હતી. તો એવા વસવાટ કરનાર લોકોને તેના મકાન લીગલ થાય અને લીગલ રાઇટ્સ મળે. કારણ કે અત્યારના સમયમાં જોઇએ તો હું મારા ભરૂચની વાત કરું તો આવા વસવાટોના આર.ટી.આઇ. પણ લોકો કરતા હોય છે. લોકો ખૂબ પરેશાન પણ હતા. આવા લોકોની માગ પણ હતી. માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે સાડાસાત લાખ લોકોને, પરિવારોને આનો લાભ મળવાનો છે. સરકારનો માનવીય અભિગમ છે કે આવો સરસ કાયદો લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે. પ્રોપર્ટીકાર્ડ અને રેકોર્ડ ઓફ રાઇટમાં તેમના નામ પણ દાખલ થતા ન હતા. તેમાં કોઇ પણ પ્રકારનો સુધારો લાવવો હોય તો તે પણ કરી શકતા ન હતા. તો આ સરકારે સહાનુભૂતિપૂર્વક અને સંવેદનશીલતા ગણીને આ ઉકેલ લાવ્યા છે ત્યારે તેમને આ વસવાટ કરનારાને આ સુધારા કાયદા જોગવાઇના અમલથી તેઓનું નામ રજીસ્ટર ઓફ મ્યુટેશન દાખલ થશે. સરકારી લેણાં, જેમ માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે સરકારી લેણાની જે કોઇ બાકી રકમ હશે કાં તો તેમને જે ફી ભરવાની હશે તે ભરશે અને મહેસૂલી ટાઇટલ તેઓને પ્રાપ્ત થશે. આ એક ખૂબ મહત્વની સિદ્ધિ તેમના માટે હશે અને રાજય સરકારનું આ સરાહનીય પગલું અભિનંદનને પાત્ર છે. આવા વસવાટ કરનાર સમાજના આર્થિક રીતે નબળા અને મધ્યમ વર્ગના લોકોને તેમાં મોટા પ્રમાણમાં લાભ મળનાર છે ત્યારે વધારે કશું કહેતો નથી. માનનીય મંત્રીશ્રીએ ખૂબ સ્પષ્ટતાપૂર્વક જયારે કહ્યું છે ત્યારે આ બિલને સમર્થન આપું છું અને માનનીય મંત્રીશ્રીને અને સરકારને અભિનંદન આપું છું.

શ્રી રણજીતભાઇ મં. ગીલીટવાલા(સુરત-પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, આજના ઐતિહાસિક દિવસની ગણતરીમાં જયારે ભાગ લેવાનું થાય છે ત્યારે અમને પણ આનંદ થતો હોય છે. આદરણીય ભૂપેન્દ્રસિંહ ચુડાસમા Minister of Education and Revenue has brought Gujarat Land Revenue (Amendment Bill 2017 Bill No.

19 to amend Act of 1879, I hereby support the Bill. આમ તો દુષ્યંતભાઇ અને Hon'ble Minister also explained it કઇ પરિસ્થિતિમાં આ બિલ લાવવામાં આવ્યું છે ત્યારે થોડું રિપિટ થાય પણ દરગુજર કરશો.

ગુજરાત રાજયમાં થઇ રહેલો ઝડપી વિકાસ અને વિકાસલક્ષી પ્રવૃત્તિઓના કારણે કલેકટર દ્વારા લિમિટ નક્કી કરવામાં આવી છે, શહેરની, ટાઉનની કે ગામની અથવા સરવે અધિકારીઓએ જે લિમિટ નક્કી કરેલી તે હદ કરતા પણ વધારે વિસ્તારો જયારે વિસ્તારવામાં આવ્યા હોય ત્યારે અમુક પરિવર્તનીય વિસ્તારો આના લીધે ડેવલપ થાય, અસ્તિત્વમાં આવે છે અને ગ્રામ્ય, અર્ધશહેરી અને શહેરી વિસ્તારના મિશ્રણથી બનેલું સંપૂર્ણ નવા અથવા અન્યથા સંયોજીત એરિયા, હાઇબ્રીડ એરિયા અસ્તિત્વમાં આવ્યા છે. જેને રાજયના પ્રાચીન ગામ, નગર અથવા શહેરી વિસ્તારમાં પરિવર્તન આવ્યું છે. Awareness is taking place in such transitional area, by violating the terms and conditions or restrictions provided for in such Revenue laws have led to inchoate rights, titles and interests over the land resulting in no showing actual status of holding of land ,etc. in the register of Mutation and record of rights. સાહેબ, જે દસ્તાવેજો છે તે રજિસ્ટર્ડ છે કે શું છે mutation છે એની આજની પરિસ્થિતિ શું છે એ જાણવા મળતી નથી. Holding the land etc. in the right register of mutations and record of rights. આમ નથી સાહેબ, જો આખી માલિકી બદલાઇ ગઇ હોવા છતાં સરકારી દફતરે એ નવા નામો ચડ્યા નથી. એટલે due to mass scale disparities in determining actual status of occupancies recorded in the register of Mutation and record of rights the difficulties are faced in the smooth administration of Revenue Laws. સાહેબ, આના કારણે આ કાયદાનો અમલ પણ બરાબર થઇ શકતો નથી. The State Government considers it to be expedient to create, update and maintain the Register of Mutation સાહેબ, આ પ્રાથમિક જરૂરિયાત છે, જેના નામ ઉપર આ મિલકત છે. એ માણસનું નામ રજિસ્ટરમાં આવવું જોઇએ. over lands situated in the transitional area by making special provisions for being supplemental settlement of the private lands situated in the transitional area આ પ્રાથમિક જરૂરિયાત છે. જેના નામ ઉપર મિલકત છે, જેણે લીધેલી છે એ માણસનું નામ આ સરકારી રજિસ્ટરમાં આવવું જોઇએ. by making special provisions for being supplemental settlement of private lands for providing special proceedings arising due to breach of certain revenue laws on payment of compounding fees સાહેબ, સરકારને એવી રજૂઆત કરી કે એવું પ્રોવિઝન કર્યું છે કે કમ્પાઉન્ડ ફી લેવામાં આવે. Amount of premium લેવામાં આવે and other government dues for bringing on record the exact and real status of occupancies for the purpose of bringing the Register of Mutation and Record of right to the current status. સાચો રિયલ જે છે એ રેકર્ડ ઉપર લાવવા માટે આ ફીની વસૂલાત કરીને કરવામાં આવે. For the purpose of bringing the Register of Mutation and record of right to the current level.

આ જે પરિસ્થિતિ છે એ પરિસ્થિતિમાં સરકારના ચોપડા તૈયાર થઇ જાય એવી લાગણી સાથે માનનીય મંત્રીશ્રી આ બિલ લઇને આવ્યા છે. મંત્રીશ્રીએ દર્શાવેલ ઓબ્જેક્ટસ એન્ડ રીઝન્સ અમલમાં મૂકવા માટે પ્રિન્સિપલ એક્ટની જોગવાઇઓમાં જરૂરી સુધારા કરવા માટેની દરખાસ્ત છે. આમાં જે સુધારા છે તેમાં નવ ચેપ્ટર એટલે કે નવ એ દાખલ કરવા સાથે સેક્શન ૧૨૫(એ) દાખલ કરવામાં આવેલ છે અને તેમાં એમેન્ડમેન્ટમાં વપરાયેલા શબ્દોની વ્યાખ્યા કરવામાં આવી છે. ૧૨૫ (એ)માં ઘણા બધા શબ્દો છે, સરકાર, રાજ્ય એટલે શું? બધી ડેફિનેશન છે. બધી ડિફાઇન કરવામાં આવી છે. જેથી કાયદો વાંચનારને ખબર પડે કે કોનો શું અર્થ થાય છે. Amendment bill માં limits of village, sites of towns and cities, transitional area નક્કી કરવા માટે, introduction of supplemental revenue settlement માટે શું શું કામ કરી શકાશે? આ કાયદાના પ્રોવિઝનના કારણે introduction of supplemental Revenue માટે, Appointment of Revenue Officers માટે, process to be followed for supplemental Revenue settlement માટે, compounding fee for violations and exclusions માટે, certain categories of land not to be subjected કેટલીક એવી જગ્યા છે કે એમાં આ કાયદાનો અમલ કરવાની સત્તા મળતી નથી. Public notice by revenue officers માટે, Application by claimant and notice to claimants માટે, notice inviting objection માટે અને ઘણા બધા અનેક પ્રોવિઝન છે. એને આ રીતે કરવું હશે તો બધા જ પ્રોવિઝન સરકારે એમાં કાયદેસર મૂકવાથી એને વ્યવસ્થિત વ્યવસ્થા ઉભી થશે અને જેનાથી આ મકાનોને કાયદેસર કરી શકીશું. સરકારે ગુજરાત લેન્ડ રેવન્યૂ બિલમાં પરિવર્તનીય વિસ્તારનો ટ્રાન્ઝિશનલ એરીયા તરીકે ઉલ્લેખ કર્યો છે. જેમાં મોટા ભાગે ખાનગી માલિકીની જમીનો ઉપર જમીન માલિકો દ્વારા પ્લોટ પાડીને, મકાનો બનાવીને, પોતાના ઘરની ખેવના રાખનાર જનતાને તબદિલ કરેલ છે. જમીન માલિક પાસેથી કાયદેસરની જમીન ખરીદ્યા વગર ડેવલોપર તરફથી તબદીલીની કાયદેસરની કાર્યવાહી કર્યા સિવાય ખરીદ કરીને પ્લોટો પાડીને, મકાન બનાવીને વસવાટ કરનાર લોકોને તબદીલ કરવામાં આવેલ છે. This is the real position. કોણ આમાં સફર કરે છે એ સરકારને ખબર પડી છે, માનનીય મંત્રીશ્રીને ખબર પડી છે. જમીન માલિકો તથા ડેવલપરો દ્વારા ફાળવવામાં આવેલા પ્લોટો કે મકાનો ફકત કબજા રસીદ આપીને તબદીલ કરવામાં આવે છે. કબજા રસીદ જ હોય જેની સબ

રજીસ્ટ્રારની ઓફીસમાં કયારેય નોંધણી થતી નથી. It is not a legal document. જમીન કે મકાન તબદીલ લેનારને શેર દીઠ વેચાણનો દસ્તાવેજ બનાવી આપવામાં આવ્યો નથી. એ વેચાણનો દસ્તાવેજ હોય તો જ એ સબ રજીસ્ટ્રારની ઓફીસની અંદર એ નોંધાય અને સાચો જમીન કે મકાનનો માલિક કોણ છે એ કાયમનો પૂરાવો રહે પણ આ પણ થયું નથી. You have not the legal ownership આ જમીન લેનારા પાસે લીગલ રાઇટ હોતો નથી અને તેઓના નામ રેવન્યુ રેકોર્ડમાં દાખલ થાય નહીં. જમીનના પ્લોટ પાડીને વેચાણ કરતા પહેલાં એને બીન ખેતીની પરવાનગી લેવાની જરૂર હોય છે તે લેવામાં આવી નથી. સ્થાનિક સત્તા મંડળ પાસે બાંધકામ માટેના પ્લાન મંજૂર કરવામાં આવે છે તે પણ કરવામાં આવ્યા નથી. પ્લોટ ધરાવનાર કે વસવાટ કરનારા ઘણા વર્ષોથી જમીનનો શાંત અને પ્રત્યક્ષ કબજો ધરાવતા આવેલા છે, આ humanity તેઓના નામ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના પ્રાયવેટ પ્રોપર્ટી રજીસ્ટરમાં કબજેદાર તરીકે દાખલ થયેલા છે અને સાથે સાથે એ લોકો પાસેથી પ્રોપર્ટી ટેક્સ, મિલકત વેરો પણ વસૂલ કરવામાં આવે છે. પ્લોટ ધરાવનાર કે વસવાટ કરનારાઓ પાસે કબજો છે, કબજા રસીદ છે પણ કાયદેસરનો વેચાણ દસ્તાવેજ નથી. પોતાના પરસેવાની કમાણીના નાણામાંથી જમીન મકાન ખરીદવામાં આવેલ છે. તેઓ પાસે પ્રોપર્ટી કાર્ડ નથી, તે record of rights નથી. જમીન માલીકો કે ડેવલોપરે જમીન તબદીલ કરીને ચાલ્યા જાય છે, ધે ડોન્ટ નો કે આ લોકોની શું પરિસ્થિતિ થશે? એ બિલ્ડરો કે જમીન માલિકો કબજા રસીદ બનાવીને પૈસા લઇને વન ટુ કા ફોર થઇ ગયા છે. મકાનની અંદર વસવાટ કરનારા રાત્રે જયારે સીલીંગની સામે જોવે છે, Land Revenue Code ની enforcementની જોગવાઇઓનો જયારે એના મગજમાં વિચાર આવતો હોય છે, એ લટકતી તલવાર જયારે એ જોવે છે ત્યારે એ ભર શિયાળામાં પણ પરસેવાથી રેબઝેબ થઇ જતો હોય છે. એક ગરીબ માણસ જયારે પાઇ પાઇ ભેગી કરીને જયારે પોતાનું ઘરનું ઘર વસાવવાનો પ્રયત્ન કરતો હોય છે, આમાં વસવાટ કરનારાઓની કર્મની કઠીનાઇ તો જુઓ, પોતાની જમીન ઉપર લોન કે ધીરાણ મળતું નથી. મારા પૈસાથી લીધેલ મકાન ઉપર મને બેંક લોન નહીં આપે, સોસાયટી ધિરાણ મને નહીં આપે, સ્થાનિક ઓથોરીટીના વિકાસના કામોમાં મારી સોસાયટીને કોઇ મદદ નહીં થાય. આખો મેઇન રોડ બરાબર પણ ગલીનો જયારે રસ્તો બનાવવો હોય તો કહે કે આ તો પેલી કબજા રસીદવાળી છે એટલે એને સાઇડમાં મૂકો. સાહેબ, એ પણ નથી મળતું આમને. પરિવર્તનીય વિસ્તારમાં વસવાટ કરનારાઓ મોટા ભાગે નબળા, મધ્યમ વર્ગના અને ઓછી આવક ધરાવતા હોય છે. પોતાનું ઘરનું ઘર હોવાનું કહેવું એ શબ્દ એ સ્વપ્ન હોય છે. નબળા વર્ગના લોકો, મધ્યમ વર્ગના લોકો, રોજનું રોજ કમાનારા, ઓછી આવક કમાનારાઓ માટે ઘરનું ઘર એ લોકોનું સ્વપ્ન છે. નરેન્દ્રભાઇ કહેતા હતા કે સપનું તો જુઓ, સપનું જોશો તો સપના સાકાર કરવાના તમે પ્રયત્નો કરશો. અમે પ્રયત્ન કર્યા છે, આ સ્વપ્ન સાકાર કરવા માટેની અમારી વિનંતી પણ કમનસીબે અમારા નામ ઉપર આ મકાન બોલતું ના હોય એટલે સ્વપ્ન અડધું સાચું થયું છે તેને આદરણીય મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ અમારું બાકીનું સપનું પૂરું કરવા માટે જયારે આ કાયદો લઇને આવ્યા છે ત્યારે એમને ખુબ ખુબ અભિનંદન આપુ છું. પરિવારના સભ્યોની તનતોડ મહેનતથી, પોતાનું મકાન તનતોડ મહેનત વગર નથી બનતું, પેટે પાટા બાંધીને, બાળકોના ઉચ્ચ શિક્ષણની ઉપર કાપ મૂકીને, એનો ભોગ આપીને, મોજશોખને તિલાંજલી આપીને, પોતાનું લોહી પસીનો એક કરીને મેળવેલ જમીન, મકાન, વસવાટ તેઓના નામે દાખલ કરવાનું રાજય સરકારનું જે પગલું છે, એટલે કીધું હતું કે આ ઐતિહાસિક પગલું છે. It is the historical action taken by the Government of Gujarat. The Gujarat Land Revenue Amendment Billના અમલીકરણને કારણે ફકત શાંત અને પ્રત્યક્ષ કબજો ધરાવનારાઓને એક નવું સલામત અને જીવન જીવવા જેવું થશે. આજે કોઇ નથી તો સમય મળવો જોઇએ.

અધ્યક્ષશ્રી : તમે અંગ્રેજી-ગુજરાતી બન્ને બોલશો તો ચાલશે પણ સુરતી ન બોલતા.

શ્રી રણજીતભાઇ મં. ગીલીટવાલા : માનનીય અધ્યક્ષશ્રી, સુરતી નથી બોલતો. સુરતી બોલું તો અડધા ઉભા થઇને ચાલ્યા જાય. Respected Hon'ble Speaker, sir, I whole heartedly congratulate the Chief Minister Shri Vijaybhai Rupani, Deputy Chief Minister Shri Nitinbhai Patel and Hon'ble Education and Revenue Minister Shri Bhupendrabhai Chudasama for their human approach, this is a human approach, and humanitarianism towards the highly unsecured peopleજે લોકો હેલ્પલેસ છે તે લોકોને મદદ કરવાનો આ માનવીય એપ્રોચ માનનીય મંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રી લાવ્યા છે એ લોકોને લાખ લાખ અભિનંદન આપું છું. મારી વાત પૂરી કરું તે પહેલા બિલને સમર્થન આપીને મારી વાણીને વિરામ આપું છું. I am very much thankful to you, sir, that you have allotted me time to speak.

શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ(વાઘોડિયા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી જે વિધેયક લઇને આવ્યા છે એ સુધારા વિધેયકમાં મારો સૂર પુરાવું છું અને મારા સૂચનો કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સાડા સાત લાખ કુટુંબોના કલ્યાણ માટે જે સુધારા લાવ્યા છે એના માટે ખૂબ ખૂબ અભિનંદન આપું છું. પણ સાથોસાથ જે સરકારી જમીનની અંદર અગાઉની સરકારોમાં વસાવેલા લોકોને ગૌચરની જમીન હોય કે ખરાબાની જમીન હોય એમાં વર્ષોથી વસેલા લોકો મારા મત વિસ્તાર વડોદરા શહેર અને ગુજરાત આખામાં છે. એમને કોઇક દંડ ભરીને કાયદેસર કરવા માટે મારું સૂચન અને વિનંતી છે. વર્ષોથી એ લોકો રહે છે અને ગટર, પાણી, લાઇટ બધું જ આપેલ છે. રોડ-રસ્તા હોય તો એને કાઢી નાખો પણ રોડ-રસ્તા વગરના હોય તો ડબલ દંડ ભરીને કે કોઇપણ દંડ ભરીને કાયદેસર કરવાનું મારું સૂચન છે.

## ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયક

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ(રાજકોટ-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પ્રથમ તો માનનીય મહેસૂલ મંત્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીને સાડા સાત લાખ પરિવારો વતી અને મારા વતીથી લાખ લાખ અભિનંદન આપું છું. છેલ્લા સાત વર્ષથી મારી સરકારમાં સતત રજૂઆત રહી છે કે મારા રાજકોટમાં લગભગ ૨૪૦ ઉપરાંતની સૂચિત સોસાયટીઓ છે. આ સૂચિત સોસાયટીઓ કેવી રીતે બની? ૧૯૭૬ના યુ.એલ.સી.ના કાયદાના કારણે જે શહેરી વિસ્તારમાં ગ્રામ્ય વિસ્તારનો ફ્લો આવ્યો એને રહેવા માટે મકાન જોઇતું હતું. ૧૯૭૯માં સરકારે એવો નિર્ણય કર્યો કે સોસાયટીને મંજૂરી આપવામાં આવશે અને યુ.એલ.સી.ના કાયદા નીચેની જમીન લે તો સોસાયટીને મંજૂરી મળે. પણ આવી સોસાયટીઓ બનાવ્યા પછી સોસાયટીને રજિસ્ટર્ડ ન કરાઇ એના કારણે સૂચિત સોસાયટી રહી. એના કારણે ન તો એનો દસ્તાવેજ થયો કે ન એની બિનખેતી થઇ અને એના કારણે લાખો પરિવારો માત્ર એક લેટરના આધારે પ્રમુખ અને મંત્રીની સહીથી કાગળો લઇને ફરતા હતા. આજ દિવસ સુધી અધ્ધરતાલ એ લોકો આશરામાં રહેતા હતા પણ એનો કોઇ આધાર કે પુરાવો એની પાસે ન હતો. છેલ્લે પરિસ્થિતિ એવી થઇ કે મૂળ જમીન ખેડૂતના નામે બોલે છે. સુચિત સોસાયટી ૨૦-૨૫-૩૦ વર્ષથી જેમાં લોકો વસવાટ કરે છે. એ વસવાટ કરેલી જમીન આજે પણ ખેડૂતના નામે ખેતીની જમીન રેકર્ડ ઉપર બોલે છે. જેના કારણે સ્થિતિ આજે એ થાય છે કે કેટલાક આવારા તત્વો જે જમીનના માફિયાઓ છે એ આવી જમીન ખેડૂત પાસેથી આજે દસ્તાવેજ કરીને લઇ લ્યે છે. સુચિત સોસાયટી ઉભી હોવા છતાં એના નામનો દસ્તાવેજ થાય છે, એના નામે ટ્રાન્સફર થાય છે. ટ્રાન્સફર થયા પછી એ લોકો લોકોની વચ્ચે જઇને સોસાયટીના રહેવાસીને કહે કે, આ મારા નામનો દસ્તાવેજ છે કાં તો આ જગ્યા ખાલી કરો અથવા તો પૈસા આપો આ એક ક્રાઇમ શરૂ થયો હતો એના માટે પણ એક જબરજસ્ત બ્રેક આવશે એના માટે જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે. જે પ્રકારે સુચિત સોસાયટીઓ બની જે લોકો મજબુરીથી પોતાના પૈસા, મરણ મૂડી નાખીને ગ્રામ્ય વિસ્તારમાંથી આવેલો માણસ ૧૯૮૬, ૮૭, ૮૮ના દુષ્કાળના કારણે રોજી-રોટી માટે આવેલો માણસ જે સુચિત સોસાયટીમાં રહેતો હતો અને આજ દિવસ સુધી એ લોન લેવા માટે જાય, દીકરીને પરણાવવી હોય, ધંધો કરવો હોય એના માટે ૧ રૂપિયો ય મકાન ૧૦ લાખની કિંમતનું હોય ૧ રૂપિયો કોઇ એને આપતું ન હતું. હવેથી આ કાયદો આવવાના કારણે ખેતી એ ખેતીની જમીનમાં બિનખેતી થયા વગરના જે મકાનો છે, પ્લોટો છે, મકાન ધારકો છે એને એક સધિયારો મળશે. પહેલો સધિયારો માનનીય નરેન્દ્રભાઇ મોદીની સરકાર વખતે એ સી.એમ. હતા ત્યારે ઇમ્પેક્ટ ફીનો કાયદો લઇ આવીને પહેલીવાર એક એને સધિયારો આપ્યો કે તમારા મકાન પડશે નહિ. નહિતર ગમે તે અધિકારી આવે, ગમે તે કમિશ્નર આવે જેની ઇચ્છા થાય કે આ ગોવિંદભાઇની સુચિત સોસાયટી છે તો ત્યાં જઇને બુલડોઝર લઇ આવીને ઉભા રહે અને લોકોને ધોળા દિવસે પણ પસીનો છૂટી જાય એવી સ્થિતિ હતી. એ માટે ઇમ્પેક્ટ ફીનો કાયદો હોવાના કારણે એને રક્ષણ મળ્યું અને આજે એને અભય વચન મળે એવો આ કાયદો છે. એ કાયદો લઇ આવવા માટે માનનીય ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને માનનીય મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને આ સરકારને મારા વતી અને બધા જ પરિવાર વતી લાખ લાખ અભિનંદન સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રી યોગેશભાઇ ના. પટેલ(માંજલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, મારા માંજલપુર વિસ્તારમાં આવા ઘણા મકાનો બનેલા છે. એમાં મારે પ્રશ્ન જ પૂછવો છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, યોગેશભાઇ તમારા જે વિચારો હોય એ રજૂ કરો. પ્રશ્નને અવકાશ નથી. તમારા જે સૂચન હોય એ કરો.

શ્રી યોગેશભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી સરકાર થયેલી જમીન હોય, નવી શરત અને જૂની શરતની જમીન હોય, ખેડૂતના નામે હોય અને બીજું સાહેબ, આપણે બે મહિના પહેલા જે લાવ્યા એ ૭૦૦૦ મકાનો મારા વડોદરા શહેરમાં કાયમી કરવા માટેની જે વાત આવી એમાં બેંક ધિરાણ કરે પણ પૈસા બેંક ધિરાણ કરતી નથી તો સરકાર ધિરાણ કરશે કે કેમ?

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ(ઉધના) : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૭નું વિધેયક ગુજરાત જમીન મહેસુલ (સુધારા) વિધેયક લઇને આવ્યાં છે એમાં હું મારો સૂર પુરાવું છું એટલું જ નહિ પણ હું ખરેખર હૃદયથી આ ‘‘નેવાના પાણી મોંભે ચઢાવવા’’ માટે મંત્રીશ્રીને હું અભિનંદન આપું છું પણ એના સાથે મારા થોડા સૂચનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક બાબત એ છે કે, પ્લોટો ઉપર મકાનો બન્યાં છે એ મકાનો ઉપર એની માલિકી નથી સરકાર એને માલિકી આપવાની છે. હજારો, લાખો કેઇસીસ લોકોના કોર્ટમાં પડેલા હશે. એટલે એને રેગ્યુલરાઇઝ કરવાની બાબતમાં સરકાર કોઇ નિયમો બનાવે. બીજું, આ જો સીલસીલો ચાલુ રહેશે તો સરકારનો જૂનો કાયદો યા તો નવો કાયદો એમાં એક જો કોઇ એક લક્ષ્મણ રેખા નહિ દોરાય તો આજથી પ્લોટો પાડવાનું ચાલુ થશે અને લોકો એના ઉપર મકાનો બાંધવાનો સીલસીલો શરૂ થશે અને સરકારે કેવી રીતે અટકાવવું, ક્યાં અટકાવવું, લક્ષ્મણ રેખા કેવી રીતે દોરવી એના વિષે અત્યારથી ચિંતા કરવી જોઇએ. નહિત્તર આ જે કાયદો આજનો બને છે તે જૂના કાયદાના ઉપરવટ જઇને તમામ પ્રવૃત્તિ શરૂ થઇ જશે એટલે સરકારને આ એક ચિંતાનો વિષય રહેશે એમાં હું એમને એક નુકચેતી કરું છું. હું સુચન કરું છું કે, આ નવો કાયદો જે બને છે એ કાયદો, પહેલાના જુના કાયદા ઉપર સુપ્રિમ ના થાય, તો એની ક્લેરિટી કરી અને પ્રજામાં મૂકે નહીં તો નવી તકલીફો ઊભી થશે.

શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા(કામરેજ) : માનનીય અધ્યક્ષશ્રી, મારો વિસ્તાર કામરેજ વિધાનસભા ક્ષેત્રમાં સુરત મહાનગરપાલિકાનો લગભગ ૭૦ ટકા હિસ્સો આવે છે અને આ સાડા ચાર લાખ મતદાતાઓ છે અને જ્યારે આટલા મોટા વિસ્તારની અંદર ૮૦ ટકા વિસ્તાર પુર્ણા, સિમાડા અને સરથાણાને આ લાભ મળે છે ત્યારે આ ગરીબોનો જે વિચાર કર્યો છે એ

બદલ માનનીય શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ, ડેપ્યુટી સી.એમ. શ્રી નીતિનભાઇ પટેલ અને આદરણીય શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબને હું વંદન કરું છું અને મારા વિસ્તાર વતી ખૂબ ખૂબ આભારા વ્યક્ત કરું છું.

મારા બે નમ્ર સુચન છે કે, મારા વિસ્તારની અંદર સુરત મહાનગરપાલિકાનો બી.આર.ટી.એસ. રોડ પ્રોજેક્ટ પૂર્ણ થઇ ગયો છે પરંતુ એની અંદરની અનેક સોસાયટી એવી આવેલી છે કે જે એગ્રીકલ્ચર ઝોન બોલે છે અને પછી સુરત મહાનગરપાલિકામાં એનું આમેજ કરવામાં આવ્યું છે ત્યારે આ વિસ્તારનો પણ ખ્યાલ રાખી અને ટાઉન પ્લેસ જે મારો કામરેજ વિસ્તાર આવે છે ત્યાં પણ વીસ વર્ષ પહેલાં સોસાયટી બનેલી છે, શહેરની બાજુમાં તો આનો પણ વિચાર થાય અને જોડે જોડે આ ગરીબ માણસોને પણ એગ્રીકલ્ચર ઝોનમાં જે તે સમયે સોસાયટી બની ગઇ છે અને ત્રીજી મારી વિનંતી છે કે, શ્રી સરકારમાં ગયેલી જગ્યાઓ એના કોર્ટ કેસીસ વગેરે ચાલતા હશે પરંતુ આનો પણ યોગ્ય ઉકેલ આવે અને આ પણ મારા વિસ્તારની અંદર ખૂબ મોટી સમસ્યા છે. તો આના ઉપર પણ અમને હેલ્પ કરે અને ગરીબ માણસોને હેલ્પ મળે એટલી વિનંતી સાથે અસ્તુ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ભાગ લેનારા તમામ સભ્યશ્રીઓનો આભાર માનું છું. તમારા અભિનંદનનો સ્વીકાર કરું છુ અને સૂચન ધ્યાને લઇશું. ભાઇ મધુભાઇ અને યોગેશભાઇ, નરોત્તમભાઇ અને પ્રફૂલભાઇના જે સૂચનો છે એને ધ્યાનમાં લઇશું.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય માણસ જીવનમાં એક વાર મકાન બનાવતો હોય છે અને એ મકાન પણ જો આવી રીતે ક્યાંય બની જાય અને પછી એને ખબર પડે કે ટાઇટલ કલીયર નથી અને ગમે ત્યારે પણ જોખમ છે. બે વર્ષ, પાંચ વર્ષ, દસ વર્ષ, વીસ વર્ષ કાયમ માટે એની ચિંતામાં એક મુખ્ય ચિંતા આ હોય છે અને એ ચિંતાથી માણસ હંમેશા પિડાતો હોય છે. આ રાજ્ય સરકાર સંવેદનશીલ છે એનો આ જીવતો જાગતો પુરાવો છે કે, અમે જ્યારે ચૂંટણીમાં મત લેવા જઇએ ત્યારે ભૂતકાળમાં આ બન્યું હશે અને આ બધા મિત્રોની anxiety હું સમજી શકું છું. અહીંયા અભિનંદન આપવાનું, આવકારવાનું પોતાના વિસ્તારમાં મેસેજ જાય કે મારા પ્રતિનિધિએ હાઉસમાં આમાં ચર્ચામાં ભાગ લીધો એ સ્વાભાવિક છે અને એ ચિંતા છે એ તમારી ચિંતાને આ રાજ્ય સરકારે પોતાની ચિંતા ગણી છે એનું આ પરિણામ છે. ભાઇ ગોવિંદભાઇએ સરસ વર્ણન કર્યું કે, અધિકારી બદલાય, નોટિસ આવે, બુલડોઝર જાય, ગાંધીનગર ફોન કરે એવા અનેક પ્રસંગો આપણે જોયા છે ત્યાં અને એવામાંથી પસાર થવાનું. કેટલીકવાર લોકલ બોડીઝ અને ચૂંટાયેલા લોકો સામ સામે આવી જાય, આ બધાનો વિચાર કરીને અમે આ બિલ લાવ્યા છીએ. જેના કારણે આ બધા જ પ્રસંગો ભૂતકાળ બની જવાના. ભવિષ્યમાં આ પ્રસંગો ક્યારેય ઊભા જ ન થાય અને આમાં પણ માની લો કે, નાની મોટી કોઇ ખૂટતી બાબત હશે તો ધ્યાને લેવામાં આવશે. પણ જે શ્રી મધુભાઇએ કહ્યું છે એ તો માત્ર તમારું સુચન છે. એનું અત્યારે કોઇ અમલીકરણ મેં મારા પ્રવચનમાં પહેલાં સ્પષ્ટ કર્યું છે કે, ગૌચર હોય કે સરકારી જમીન હોય એનો અત્યારે કોઇ વિચાર કરવામાં નહીં આવે, અમે ધ્યાને લઇશું પણ યોગ્ય કરીશું. એમાં હૈયાધારણ પણ નથી આપતો, હા પણ નથી પાડતો. હું ફરી વાર મારા સૌ સાથીઓને વિનંતી કરું છું કે, લોકોપયોગી, પ્રજાભિમુખ એવું આ બિલ છે એ સર્વાનુમતે પસાર કરે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૧૯– સન ૨૦૧૭નું ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

કલમ– ૨ થી ૯, કલમ–૧, દીર્ઘ સંજ્ઞા, ઇનેકટીંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના વિધેયકનો ભાગ બની.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૧૯– સન ૨૦૧૭નું ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંક – ૨૨

ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) વિધેયક, ૨૦૧૭

રાજયમાં આવેલી સ્વનિર્ભર શાળાઓ માટે ફી નિર્ધારણ માટેની અને તેની સાથે સંકળાયેલી અને તેને આનુષંગિક બાબતો માટે ખાસ જોગવાઇઓ કરવા બાબત વિધેયક

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા ૨૦૧૭ના વિધેયક ક્રમાંક – ૨૨ – સન ૨૦૧૭ના ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) વિધેયકને આપની પરવાનગીથી દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે ૨૦૧૭ના વિધેયક ક્રમાંક – ૨૨ – સન ૨૦૧૭ના ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

---

* વિધેયક તા. ૨૩મી માર્ચ, ૨૦૧૭ના ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

ચૈત્ર ૯, ૧૯૩૯ શાકે

ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) વિધેયક, ૨૦૧૭

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા(શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ પહેલાં જેવું જ ઐતિહાસિક બિલ જ છે. આ બિલમાં પણ સામાવાળા હાજર હોત તો સારું થાત. ગીતામાં એવું કહ્યું છે કે જ્ઞાનથી પાવન બીજું કશું નથી. અને જ્ઞાન તો પ્રસાદની જેમ જ વહેંચાય. ગીતામાં બીજું પણ કહ્યું છે કે ૪ પ્રકારના યજ્ઞો કહ્યા છે: દ્રવ્ય, તપ, યોગ અને જ્ઞાન. આમાં જ્ઞાન યજ્ઞ શ્રેષ્ઠ છે, એવું યોગેશ્વર ભગવાને પણ કહ્યું છે. શિક્ષણ એ સેવા છે. વ્યવસાય નથી. ઠીક છે વ્યવસ્થાપન પૂરતી જે કઇ આવક થાય એ અલગ વસ્તુ છે, પરંતુ તેજસ્વી વિદ્યાર્થી નાણાના અભાવે શિક્ષણથી વંચિત ન રહે એ જોવાની જવાબદારી સમગ્ર સમાજની છે, સાથે સાથે શિક્ષણ વિભાગની પણ છે, રાજ્ય સરકારની પણ છે. વધારે પડતી ફી અને વિદ્યાર્થીનો અણગમો એ જોવે કે મારાં મા–બાપ પેટે પાટાં બાંધે છે, રીક્ષા ચલાવે છે, લારી ફેરવે છે, છતા મને ભણાવવા માટે પોતે ભૂખ્યા રહીને મને ભણાવે છે. પોતે ઓછાં કપડાં પહેરીને, પૈસા બચાવીને ઉચ્ચ ફી ભરે છે. એ અણગમા સાથેનો એનો અભ્યાસ એના ઉછેરમાં અસર કરે છે. એના મન ઉપર ખોટી અસર કરે છે. આપણી સંસ્કૃતિ સંસ્કારની સંસ્કૃતિ છે. આ સરકાર સતત શિક્ષણનો શુદ્ધિ યજ્ઞ લઇને બેઠી છે. આપણે બધા સાક્ષી છીએ કે પરીક્ષામાં સી.સી. ટી.વી. કૅમેરા, ટેબ્લેટના કારણે આજે લગભગ આમ તો માનવ સહજ સ્વભાવ છે કે ગમે એટલા કાયદા હોય એમાંથી એ રસ્તો શોધી કાઢે. ૧૨ મહિના મહેનત કરતો વિદ્યાર્થી અને કોઇ ગેરરીતિ કરીને એના કરતા વધારે માર્કસ લાવતો વિદ્યાર્થી પહેલા ઓછા માર્કસ વાળા વિદ્યાર્થીને એડમિશન ન મળે અને ગેરરીતિ કરે તેને મળી જાય. એમાં પણ રાજ્ય સરકારે આખા દેશની અંદર સમૂહચિન્હ રૂપે આ કામ ૭૦,૦૦૦ જેટલા પરીક્ષા ખંડોમાં એક યજ્ઞનું કામ આ રાજ્ય સરકારે કર્યુ છે અને આજે પણ હું જે કામ લઇને આવ્યો છું એ પણ એવું જ યજ્ઞનું કામ છે. રાજ્યમાં અનુદાન વગરની બીન સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ જો સામાવાળા હોત તો કહેત કે એની મંજૂરી પહેલા કૉંગ્રેસની સરકારમાં ૧૯૯૩ માં આપવામાં આવેલ હતી. પછી ૧૯૯૮ માં ખાનગી શાળાના આગ્રહના કારણે, એમના ઉપર વિશ્વાસના કારણે, રાજ્ય સરકારની જે તે વખતે ઉદારતાને કારણે, તમે નક્કી કરો એવી ફી તમે લઇ શકો, તે પ્રકારનું નક્કી કરવામાં આવ્યું. પણ આજે જે તે વખતે રાજ્ય સરકારની ઉદારતાનો પૂરેપૂરો ગેરલાભ એ ઉદારતાનો મનસ્વી રીતે ઉપયોગ થતો હોય તેવું આમ સમાજમાં લાગે છે. તેવી અનેક ફરિયાદો વ્યક્તિગત મળે, સામૂહિક મળે, જ્યાં જઇએ ત્યાં શિક્ષણ મંત્રી તરીકે આપ સૌને પણ ધારાસભ્ય તરીકે અને કેવી ફરિયાદ ડોનેશન, અમર્યાદ ડોનેશન. શા માટે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગને આ બિલ લાવવાની જરૂરિયાત ઊભી થઇ? આપને પણ અનુભવ છે. મને પણ આ ચાર વર્ષનો અનુભવ છે. દરવખતે ફી વધારો થાય જે અસહ્ય હોય, વાલીઓ બધા આવે અને પછી તેનું સમાધાન થાય. ફી વધારો પાછો ખેંચાય. કલ્પના બહારનું ડૉનેશન લેવામાં આવે. શાળા નકકી કરે કે ચોકકસ કંપનીના બુટ તમારે ખરીદવાના. શિક્ષણને અને આને શું લાગે વળગે છે? તમે સારા બુટ પહેરો તે આગ્રહ બરાબર છે, પણ શાળાના કોઇ એક રૂમની અંદર જોડા હોય, શુઝ હોય અને કહે કે તમારે અહીંથી જ ખરીદવાના. આ એક સંસ્કારી સમાજ માટે અને સારા નાગરિક આપણે આવતીકાલના જોઇએ છીએ તેના માટે આ વ્યવસ્થા સારી ન કહેવાય. આપણો દીકરો કે દીકરી તે અભ્યાસ માટે જાય છે. ત્યાંથી પછી આ પ્રકારનું દબાણ આપવામાં આવે. યુનિફોર્મ પણ તમારે અહીંથી જ લેવાનો, આ જ લેવાનો અને મોંઘાદાટ લેવાના. અમૂક શાળાઓ છે, હું બધા માટે નથી કહેતો. હું બધા માટે નથી કહેતો. પાંચ લોકો આવું કરે તો પંચાણુ લોકોને આ સહન કરવાનું આવે. પોતાના કંપાઉન્ડમાં તેના વેચાણ કેન્દ્ર હોય, શિક્ષણમંત્રી તરીકે મારી જાતને સવાલ પૂછું ત્યારે એમ લાગે કે આ શું થઇ રહ્યું છે? શાળાના કંપાઉન્ડમાં રમત ગમતનું મેદાન હોય તે બરાબર છે. તમે તેમાં શુઝ, કપડાં, બેગ, વોટરબેગ આ બધી વસ્તુઓ ત્યાં તમે વેચાણ માટે મૂકો. તમારે ફરજિયાત ત્યાંથી જ ખરીદવાનું. બહારથી કોઇ ખરીદીને લાવ્યા હોય તો ના નહીં ચાલે. શાળા દ્વારા ડેવલપમેન્ટ ફી, કેમ્પસ ફી, કેપીટિશન ફી અને આ બધા જ પૈસા કયાં જમા થાય? તો તે તેના ટ્રસ્ટમાં જમા થાય. જે વાલીને પોષાય છે તેમની પણ ફરિયાદ છે કે અમને પોષાય છે પણ તમે ડેવલપમેન્ટ ફીના દર વખતે આ પૈસા શેના લો છો? મને એક કરોડપતિ ફેમીલીએ કહ્યું કે આમાં કેવું શોષણ થાય છે. આપણને કલ્પનામાં ન આવે કે આપણા સમાજમાં આવું ચાલે છે. મારા દીકરાના દીકરાને શાળામાંથી મોકલવામાં આવ્યો કે તારા દાદાને કહેજે કે પચ્ચીસ હજાર રૂપિયા આ ફેસ્ટીવલમાં આપવાના છે. તે કહે કે હું શિક્ષકને ના પાડી શકું, સંચાલકને ના પાડી શકું પણ મારા વ્યાજને, મારા દીકરાના દીકરાને કેવી રીતે ના પાડી શકું. મારા માટે પચ્ચીસ હજાર સામાન્ય છે. મારો દીકરો કહે તો હું પચ્ચીસ લાખ રૂપિયા આપું પણ તમને લેવાનો શું અધિકાર છે. તમને આ લેવાનો શું અધિકાર છે? આવી રીતે બધા જ બાળકોને છાશવારે મજબૂર કરીને આ પ્રકારે આને ઉઘરાણું કહી શકાય, આને ફી ન કહી શકાય. ઉઘરાણા જ કહી શકાય. જુદા જુદા વાર તહેવાર આવે, હોળીનો તહેવાર આવે, દિવાળીનો તહેવાર આવે, ઉત્તરાયણનો તહેવાર આવે, નવરાત્રીનો તહેવાર આવે બધા તહેવારોમાં અલગ અલગ ઉઘરાણા શરૂ કરી દેવાના. આ આક્ષેપ સાંભળવો તે પીડા છે. પીડા થાય છે, મને વ્યક્તિગત પીડા થાય છે કે શિક્ષણનું વ્યાપારીકરણ થઇ ગયું છે તે સહન થતું નથી પણ આ બધું સાંભળીએ છીએ ત્યારે થાય છે કે વાતમાં કંઇક દમ છે. તેના પર રોક લગાવવા માટે આજે હું આ ગૃહની સમક્ષ આવ્યો છું. આવું તો ન જ ચાલે. એટલું જ સારું, એટલું જ સારું કદાચ વધારે સારું શિક્ષણ વ્યાજબી ફી લઇને ભણાવનારા અમદાવાદ, રાજકોટ, સુરત, ભાવનગરમાં કેટલાય સારા સંચાલકો છે. જેમ કલ્પનામાં ન આવે તેવી હાઇ ફી છે તેમ કલ્પનામાં ન આવે તેવી સાવ ઓછી ફી માં સારામાં સારું ઉત્તમ કક્ષાનું શિક્ષણ આપે છે. કેવા બાળકોને ભણાવીને યશ લેવાનો? જે બાળકના માતા પિતા, કુટુંબનું વાતાવરણ સો ટકા શિક્ષિત છે, કારમાં આવવાનું છે, એડમીશનની ટેસ્ટ લઇને પછી

ભણાવવાનું છે એટલે સો એ સો ટકા પાસ થઇ જાય. તેમાં કંઇ વધારે મહેનતની પણ જરૂર નથી. ઉપરથી ફી ઉપરાંત આ પ્રકારના પૈસા લેવાના. ટ્રાન્સપોર્ટેશનમાં કોઇ નજીકથી આવતું હોય, કોઇ દૂરથી આવતું હોય પણ પૈસા લેવાના.

માનનીય અધ્યક્ષશ્રી, આપના સમયથી જ ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે આપણે ૨૦૧૧થી ઇજનેરી અને ફાર્મસીના ફી નિયમન માટે સરસ મજાની વ્યવસ્થા ઉભી કરી છે આપે અને અત્યારે બહુ જ સરસ રીતે ચાલી રહી છે. એક જ શરત હોય છે, આમાં પણ અમે મૂકી છે એ શરતને કે તમે ફી લો છો અમે નક્કી કરીએ છીએ એનાથી વધારે તમે જો ફી લેવાના હોય તો તમારે એનું વાજબીપણું સાબિત કરાવવાનું રહેશે. તમે ફી વધારો, તમે ફી લો પણ કોઇ પણ પ્રકારના વાજબીપણા સિવાય હવે વધારાની ફી નહીં જ લઇ શકો. આમ, પ્રાથમિક શિક્ષણ એ જીવન ઘડતર અને સમાજ ઘડતરમાં ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે ત્યારે આ કાયદો ખૂબ અગત્યનો બની જાય છે. એની જોગવાઇ, આ કાયદો બધી જ શાળાને લાગુ પડશે. આ કાયદા હેઠળ રાજયમાં આવેલ તમામ પ્રાથમિક, પૂર્વ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક શાળાઓ કે જે ગુજરાત બોર્ડ, સી.બી.એસ.સી., ઇન્ટરનેશનલ બોર્ડ, આઇ.સી.ઇ. એસ.સી. બોર્ડ કે અન્ય કોઇ પણ બોર્ડ સાથે જોડાયેલી શાળાઓને લાગુ પડશે. ગુજરાતમાં જે શાળાઓ છે બધાને લાગુ પડશે. કોઇ પણ શાળા કોઇ પણ પ્રકારનું ડોનેશન લઇ શકશે નહીં. પણ જે માત્ર ઘોડિયાઘર ચલાવતા હોય, પછી એનાથી આગળ નહીં, કોઇ કનેકશન પહેલા, બીજા, પાંચમા, આઠમા, દસમા, બારમા ધોરણ સુધી નહીં એ માત્રને માત્ર ઘોડિયાઘર હોય, બાલમંદીર હોય, પ્લે ગ્રુપ હોય, કે.જી. હોય, સિનિયર કે.જી. હોય એને આ કાયદો લાગુ નહીં પડે. સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલ ફીના ધોરણથી ઓછી ફી લેતી જે સંસ્થા હશે તેમણે સોગંદનામુ આપવું પડશે કે અમે ઓછી ફી લઇએ છીએ અને જો તમે પછી વધારે લેશો અને જો કોઇ ફરિયાદ આવશે તો અમે સુઓમોટો પણ તમારી સામે ફરિયાદ કરીશું અને ફરિયાદના આધારે પણ પગલાં લઇશું અને આના માટેની એક ઉચ્ચ શિક્ષણમાં જે સફળ પદ્ધતિ થઇ છે નિવૃત્ત હાઇકોર્ટ જજના અધ્યક્ષપણા હેઠળ આપણે જે સમિતિની નિમણૂક કરી છે એવી રીતે આમાં પણ અમે ઝોન કક્ષાએ ચાર ઝોન બનાવ્યા છે એમાં ઝોન કક્ષાએ નિવૃત્ત સેશન જજ, નિવૃત્ત એડિશનલ સેશન જજ, નિવૃત્ત અગ્ર સચિવ, નિવૃત્ત એ.ડી.જી.કક્ષાના આમાંથી કોઇ એક અધ્યક્ષ રહેશે. ચાર સભ્યોમાં સરકારે નિયુક્ત કરેલા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ રહેશે, સરકારે નિયુક્ત કરેલ સીવીલ એન્જિનિયર અથવા માન્ય વેલ્યુઅર રહેશે, સરકારે નિયુક્ત કરેલા શિક્ષણ શાસ્ત્રી રહેશે અને સ્વનિર્ભર શાળામાંથી સરકાર નક્કી કરે તેવા એક પ્રતિનિધિ પણ કહેશે કે એમના વતી કોઇને કંઇ વાત, એમનો અવાજ રજૂ કરવો હોય તો પણ રહેશે. માની લો કે આ ચાર ઝોનમાં વહેચાયેલી ઝોનલ સમિતિથી નારાજ થાય તો એના ઉપરની એક ફી રીવીઝન સમિતિની રચના પણ અમે કરી છે. ઝોનલમાં જેમ ડિસ્ટ્રીકટ નિવૃત્ત જજ તો આમાં હાઇકોર્ટના નિવૃત્ત જજ એ એના અધ્યક્ષ રહેશે, સચિવશ્રી, શિક્ષણ વિભાગ સભ્ય રહેશે, સચિવશ્રી, નાણાં અથવા નાયબ સચિવશ્રીથી ઉતરતી કક્ષાના ન હોય એવા પ્રતિનિધિ અને સરકારે નિયુક્ત કરેલા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ રહેશે. સરકારે નિયુક્ત કરેલા સ્વનિર્ભર શાળાઓના વ્યવસ્થાપકમાંથી કોઇ પણ એક રહેશે, સચિવ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડના અથવા નિયામક, શાળાઓ સભ્ય સચિવ તરીકે રહેશે. સમિતિ અરજી કોઇની મળે તો અથવા તો સુઓમોટો જાણમાં આવે તો એના સામે પગલાં લેવાની શરૂઆત કરશે. કઇ કઇ બાબતોનો ફીમાં સમાવેશ થાય છે? ફી કોને કહેવાય? શિક્ષણ ફી, સત્ર ફી, બાંયધરી ફી કલ્પના તો કરો, પહેલા બીજા ધોરણમાં દાખલ થાય અને ૧૦ હજારથી માંડીને લાખ રૂપિયા સુધીની બાયંધરી ફી, ડિપોઝીટ એ બાળક પહેલા ધોરણમાંથી બારમાં ધોરણમાં જાય ત્યારે ભૂલી જ ગયો હોય. મારો અભ્યાસ છે, મારો સરવે છે, મારી પાસે માહિતી છે કે મોટા મોટા સંકૂલો જે ચાલે છે એમાં ૪૦–૫૦ કરોડ રૂપિયા આ ડિપોઝીટ બાંયધરી ફી તમે કયા અધિકારથી, કોના માટે? મેં પહેલા કહ્યું તેમ જ્ઞાન તો પ્રસાદ છે, એ સેવાનું કામ છે. બે વરસ પહેલાં ફી વધારા મુદ્દે એક સંચાલક મંડળ મળવા આવ્યા અને પછી મને કહે કે સાહેબ અમે આટલું ન કરીએ તો તો અમને પોષાય જ નહિ. મેં કહ્યું કે તો પોષાય એવો ધંધો કરો, કોઇ મિલ ફેકટરી કરો, આ પોષાય ન પોષાય એના માટેનો ધંધો નથી. ફીમાં શેનો શેનો સમાવેશ થાય છે, શિક્ષણ ફી, સત્ર ફી, બાંહેધરી ફી, ગ્રંથાલય ફી, પ્રયોગશાળા ફી, પ્રવેશ ફી, યોગ અને શારિરીક શિક્ષણ ફી, પરીક્ષા ફી, જીમખાના ફી અને આ સમિતિ નક્કી કરે એવી અન્ય ફી એ માત્રને માત્ર હું આંકડા હમણાં જાહેર કરું છું એમાં જ આ બધી ફી આવી જાય, પછી કોઇ વધારાની ફી તમે લઇ શકો નહિ. આ સમિતિના માપદંડ પણ હોય, આપણે કોઇને અન્યાય નથી કરવો, રાજ્ય સરકાર, શિક્ષણ વિભાગ કે હું તેવા કોઇ મતના નથી. હું હંમેશા મારા ભાષણમાં કહું કે તંદુરસ્ત હરિફાઇ થાય તે સારું છે. આજે હું મારા સરકારી શિક્ષકોને કહુ છું કે ત્યાં સારું પરિણામ આવે છે તો તમે પણ કંઇક એવું સારું કરોને. એમાં કંઇ ખોટું નથી. પણ અવાસ્તવિકતા તો નહિ જ ચાલે. એટલે એમને ન્યાય આપવા માટે વાજબીપણું કેવી રીતે નક્કી કરવું તો એ ફીના માપદંડ કયા છે. શૈક્ષણિક સંસ્થાનું સ્થળ. કોઇ બદરખામાં છે, કોઇ ધોળકામાં છે અને કોઇ પાલડીમાં છે. તો ચોક્કસ બદરખા, ધોળકા અને અમદાવાદના પાલડીમાં અંતર છે, એનું વાજબીપણું આ ફી નિયમન સમિતિ છે એ નક્કી કરશે. અમદાવાદમાં પણ કોઇ પોશ એરિયામાં હોય કે કોઇ છેવાડાના રૂરલ એરિયામાં હોય તે પણ જોવામાં આવશે, શાળા ઉભી કરવા માટે થયેલ મૂડીરોકાણ, અમે બિલકૂલ એકદમ વૈજ્ઞાનિક રીતે જઇએ છીએ. અમારે કોઇને અન્યાય નથી કરવો. આના ઉપરથી આપ સૌને લાગશે કે કોઇને અન્યાય નથી કરવો. અભ્યાસક્રમનો પ્રકાર, ઉપલબ્ધ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, વહીવટી અને નિભાવપણાનો ખર્ચો, સંસ્થાની વૃદ્ધિ અને વિકાસ માટે જરૂરી, વાજબી ફાજલ ભંડોળ, વિદ્યાર્થીઓની સંખ્યા, શૈક્ષણિક, બિન શૈક્ષણિક કર્મચારીઓના પગાર ભથ્થાં અને લાભ, સંસ્થાને મળેલ દાન અને સહાય, સમિતિ નક્કી કરે તે અન્ય પરિબળો. આ ઉપરાંત શાળા દ્વારા લેવાતી ફી અલગ અલગ બેન્કોમાં નહિ કોઇ પણ એક જ બેન્કમાં તમારે જમા કરાવવાની રહેશે. સંસ્થાના હિસાબોનું નિયમન અને રેકર્ડ નિભાવવા માટે

દરેક સ્વનિર્ભર શાળાએ વસૂલ કરેલી ફી, મળેલા અનુદાન, એન.આર.આઇ. પાસેથી મેળવેલ ફંડ, સહાય, કર્મચારી વર્ગની પગારની ચૂકવણી આ બધું જ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પાસે એમણે ઓડિટ કરાવવાનું રહેશે. અત્યાર સુધી મુક્ત મને, કોઇ પણ પ્રકારના કન્ટ્રોલ સિવાય આ ફી લેવાતી હતી. કોઇ પ્રસંગે જઇએ ત્યારે સાંભળવા મળે કે આ લોકો આટલું ડોનેશન લે, આટલી ફી લે, એના પર કોઇ કન્ટ્રોલ જ નહિ. આ જ્યારે સાંભળીએ ત્યારે વાત તો સાચી જ લાગે. કંઇક તો કન્ટ્રોલ હોવો જ જોઇએ અને એટલા માટે આ કન્ટ્રોલ લાવવા માટેની અમારી મથામણ છે. માની લો કે જેમ દરેક કામમાં, વિભાગમાં, પ્રસંગોએ બનતું હોય છે આમાં પણ કદાચ કોઇ કાયદાનો ભંગ કરે તો? પ્રથમવારના ભંગ માટે રૂપિયા પાંચ લાખ સુધીનો દંડ, બીજીવારના ભંગ માટે પાંચ લાખ રૂપિયાથી દસ લાખ રૂપિયા સુધીનો દંડ અને ત્રીજીવારનો ભંગ કરે તો માન્યતા રદ. બધાને ઇંતેજાર હશે કે કેટલી ફી ? તો પ્રાથમિક વિભાગમાં વધુમાં વધુ પંદર હજાર રૂપિયાની ફી લઇ શકાશે, માધ્યમિક વિભાગમાં પચ્ચીસ હજાર રૂપિયા લઇ શકાશે અને ઉચ્ચતર માધ્યમિકમાં અગિયાર–બાર ધોરણમાં સત્તાવીસ હજારની ફી લઇ શકાશે. આ ફી મેકસીમમ છે. આનાથી નીચે પંદર હજારથી નીચે, પચ્ચીસ હજારથી નીચે, સત્તાવીસ હજારથી નીચે વિભાગવાર ફી લેતા હોય એમણે આવવાનું રહેશે જ નહિ. આ કમિટી સમક્ષ તેમણે આવવાનું રહેશે જ નહિ. માત્ર સોગંદનામું એમણે કરવાનું રહેશે કે અમે આટલી ફી લઇએ છીએ અને પછી જો ભંગ કરશે તો સજા કે દંડ થશે, પણ ત્યાંસુધીની ફી માટે એમણે અહીંયા આવવાની જરૂર નથી. આ બધાની કસરત કરતા હતા ત્યારે મારો અનુભવ કહે છે કે લગભગ ૮૦, ૮૨, ૮૫ ટકા તો આમાં આવી જાય છે. જે બાકી રહે છે એ બધા પંદર, સત્તર, અઢાર, વીસ ટકામાં જ રહે છે. ૧૫ હજાર રૂપિયા વાર્ષિક, ૨૫ હજાર રૂપિયા વાર્ષિક અને ૨૭ હજાર રૂપિયા વાર્ષિક અને આ માટે મારા વિભાગે ખૂબ મહેનત કરી છે. આ અવૈજ્ઞાનિક રકમ નથી છેલ્લા અઠવાડિયામાં મારા વિભાગના બધા અધિકારીઓએ અમદાવાદની આટલી બધી શાળાઓમાં જઇ અને રૂરલની પણ લીધી છે આણંદ, મહેસાણા, અમદાવાદ શહેર, જિલ્લો એ બધાયમાંથી લઇને કોમન શું નીકળે છે તે આધારે આ બિલ રજૂ કરું છું. હું આશા રાખુ છું કે આપ સૌ આ બિલને સમર્થન કરશો.

પ્રો વસુબહેન ન. ત્રિવેદી(જામનગર–દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૭નું સ્વનિર્ભર શાળા ફી નિયમન વિધેયક લઇને માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજી આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો વ્યકત કરું છું અને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બિલની રજૂઆત અને ગૃહ સમક્ષ મૂકવામાં એમની જે સંવેદના હતી અને તે સંવેદનાને ધ્યાને લેતાં સમગ્ર ગૃહ અને સમાજના સૌ લોકોને આ બિલ ખૂબ ગમશે, ફી નિયમન ગમશે એવો હું મારો અભિપ્રાય આપુ છું. રાજયના લાખો બાળકોના વાલીઓના આશીર્વાદ અને આ આશીર્વાદના અધિકારી મારી સરકારના માનનીય મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી બન્યાં છે ત્યારે હું તેમને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવું છું. શિક્ષણના સંદર્ભમાં માનનીય મંત્રીશ્રીએ ઘણી સારી વાત કરી છે. કોઇ પણ સમાજ હોય વિશ્વનો ઇતિહાસ સાક્ષી છે રાષ્ટ્રની પ્રગતિનો આધાર શિક્ષણ છે અને આ શિક્ષણમાં જ રાષ્ટ્રના નિર્માણમાં વિશ્વના દેશોની હરિફાઇમાં શિક્ષિત હોવું આવશ્યક બન્યું છે અને તેમાંય ગુજરાત મોખરે રહે પ્રગતિશીલ ગુજરાતનો ગતિશીલ વિકાસનો ટ્રેક શિક્ષણના આધારે ગતિ કરે તે માટે મારી સરકારની કટિબદ્ધતા આ બિલમાં દેખાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમાજના તમામ વર્ગો ધર્મ, જાતિ, સંપ્રદાય, આર્થિક અને સામાજીક વાડાઓથી પર રહીને બાળક ગુણવત્તાયુકત શિક્ષણ મેળવે તે આ સરકારની પ્રાથમિકતા રહી છે. સરકારે શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે અને પાયાનું શિક્ષણ મળી રહે તે માટે સરકારી શાળાઓમાં અથાગ પ્રયત્નો કર્યા છે. ગુણોત્સવ કર્યો, શાળા પ્રવેશોત્સવને ઉત્સવ બનાવ્યો, વિના મૂલ્યે પાઠય પુસ્તક, વિદ્યાલક્ષ્મી બોન્ડ જેવા નૂતન અભિગમ, પ્રજ્ઞા શાળાઓ, મોડેલ શાળાઓ, ગ્રીન શાળાઓ સમગ્ર દેશને નવો રાહ ચીંધી શકાય એવા કામ મારી સરકારે કર્યા છે. પરંતુ સરકાર એકલી કેટલું કરે ? અને તેના માટે લોકોની ભાગીદારી આમાં થાય અને લોક ભાગીદારીમાં પણ ગુજરાત મોખરે હોય ત્યારે શિક્ષણમાં પણ તેમની ભાગીદારી રહે તે માટે સરકારે એમને જોડવાનો પ્રયત્ન કર્યો હતો. એના પરિણામ સ્વરૂપ આજે રાજયની અંદર ૯ હજારથી વધુ સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓ, ૬૮૦૦ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્વનિર્ભર શાળાઓ ચાલી રહી છે. આશરે ૩૮ લાખથી વધારે વિદ્યાર્થીઓ આમાં અભ્યાસ કરી રહ્યાં છે. આપણે સૌ સમજીએ છીએ સ્વનિર્ભર શાળા શરૂ કરવા માટે એમને રોકાણ કરવુ પડતું હોય છે. માળખાકીય સુવિધાઓ, શિક્ષકોની ગુણવત્તાઓ આ બધુ જ ધ્યાનમાં લેવાતું હોય છે અને સમાજમાં ઉમદા શિક્ષણ પૂરું પાડી શકે એવા ઉમદા આશયથી આ સરકારે વિદ્યાર્થીઓ પાસેથી લેવાતી ફીનું પ્રમાણ જાતે નક્કી કરશે એવુ ૨૦–૮–૧૯૯૮ના ઠરાવથી ઠરાવ્યું હતું પરંતુ આ ઉમદા આશયનો કેટલાક લોકો દ્વારા ગેરલાભ ઉઠાવવામાં આવ્યો. જેમ માનનીય મંત્રીશ્રીએ કહ્યું તેમ ડોનેશન, અલગ અલગ પ્રકારની ફી, અવાસ્તવિકતા થાય એવી ઉંચી રકમ વાલીઓ પાસેથી વસૂલ કરવામાં આવતી. અવાર–નવાર વાલીઓના આંદોલનો માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સાથે મેં કામ કર્યુ છે. જયારે શાળાઓ શરૂ થાય વાલીઓના આંદોલનો થાય, ઘરમાં પૈસા હોય નહીં અને ફી ભરવા માટે અમારા જેવા લોકો પાસે આવતા હોય, આંખના ખૂણામાં એક આંસુ આવીને આંસુડુ પણ અટકી જાય એવી એમની વ્યથા સાંભળવી તકલીફ કરતી હતી. મનમાં વેદનાઓ ઉભી થતી હતી. અવાર–નવાર સમાચાર પત્રોના માધ્યમથી પણ કેટલીક વાતો અમારા ધ્યાનમાં આવતી હતી. શિક્ષણનો પવિત્ર વ્યવસાય કલંકિત થતો હોય એવું અમને લાગતું હતું. સરકારે લોકોની સંવેદના સમજીને વાચા આપવાનું કામ આ વિધેયકથી કર્યું હોય એવું લાગે છે. સંસ્કાર સાધનાના મંદિરો તૂટતા જોઇ શકાય નહિ. માનવી મૂલ્યોના ઘડતરની સામે

આર્થિક મૂલ્યોની ઉંચાઇ ભવિષ્યમાં દેશના નિર્માણમાં નડતરરૂપ બની શકે એમાં કોઇ નવાઇ નથી અને એટલા માટે આ બિલની ખૂબ આવશ્યકતા જણાતી હતી. આપણા સૌ પાસે બે દિવસ આપણા નથી. એક ગઇકાલ અને એક આવતીકાલ. ગઇકાલે નથી કર્યું અને આવતીકાલે શું થશે એ ખબર નથી પણ આજનો દિવસ અમારી પાસે છે, આપણી પાસે છે અને આજના દિવસને ઉજવીએ. આજે જ આ બિલ લાવીને ભવિષ્યની પેઢીના નિર્માણ માટે એક ઇશ્વરીય કાર્ય કરવા માટેનું કદમ અમારી સરકારે ઉઠાવ્યું છે. હું લાખ-લાખ અભિનંદન આપું છું. શાળામાં પ્રવેશની શરતોની સત્તા, આર.ટી.ઇ.નું કડક પાલન, શાળાના મકાનના બાંધકામની સુવિધા, તેની શરતો આ બધું જ સરકાર પાસે છે. પરંતુ ફી નિયમન નહોતું અને ફી નિયમન કરવું પડે. આના માટે જવાબદાર કોણ? હું માનું છું જે વ્યાપારિક સંસ્થાઓ ઊભી કરીને રહી ગયા છે એ સંચાલકો જ. સંસ્થામાં ફી નિર્ધારણ એ સરકારની પ્રાથમિકતા રહી છે અને રહેવી જોઇએ. માનનીય મંત્રીશ્રીએ કહ્યું એમ કેટલીક વખત કૉલેજોની વાતો ધ્યાનમાં આવતી હતી અને એના માટે નિયમન કર્યુ અને એના કારણે સંતોષકારક કામ અમારી સરકાર, મારા કર્મયોગીઓ કરી રહ્યા છે. ગમે તેટલું કરીએ ક્યાંક મુશ્કેલી તો ઊભી થતી હોય છે. પરંતુ જ્યારે જ્યારે સરકારના ધ્યાનમાં આવ્યું છે, આવી ફરિયાદ મળે છે ત્યારે સરકારે કડક હાથે કાર્યવાહી કરીને એને અટકાવવાના પ્રયત્નો પણ કર્યા છે. આ પ્રકારના અધિનિયમો દેશના અમુક રાજ્યોની અંદર પણ નાના-મોટા પ્રમાણમાં અસ્તિત્ત્વમાં છે અને આ રાજ્યના અધિનિયમોનો અભ્યાસ કર્યા પછી આ વિધેયક ગૃહ સમક્ષ લાવવામાં આવ્યું છે. આ સમિતિ બનાવવાનો સરકારનો આશય માત્રને માત્ર શિક્ષણના નામે વ્યાપાર કરનારા તત્વો ઉપર અસરકારક અંકુશ લાવવાનો છે. વાજબી ફી લઇને સારું શિક્ષણ આપતી સંસ્થાઓને કાયદાની કોઇ ચૂંગાલમાં ફસાવું નહિ પડે પરંતુ આ બિલમાં ધ્યાનમાં રાખવામાં આવેલ આ બધી જ બાબતો એ સ્વયંસ્પષ્ટ છે. એનું પાલન પણ કરવું જ પડે અને ન કરે એના માટે કડકમાં કડક સજાની વાત માનનીય મંત્રીશ્રીએ કરી છે. જ્યારે વિધેયક આવતું હતું ત્યારે હું એની કલમો વાંચતી હતી ત્યારે કેટલીક સંસ્થાઓ પણ ધ્યાનમાં આવતી હતી. જે સેવાભાવી સંસ્થાઓ છે. આપણા રાજ્યની અંદર આવી સેવાભાવી સંસ્થાઓનો તોટો નથી. બાળકો સ્કૂલે જાય, ઓછામાં ઓછી ફી, મફત વાહનનોની વ્યવસ્થા એના ભોજનની પણ વ્યવસ્થા ભવિષ્યની પણ ચિંતા આ સંસ્થાઓ કરે છે. આવી સંસ્થાઓએ ચિંતા કરવાની કોઇ આવશ્યકતા નથી. આપણે જ કહીએ છીએ કે, ''ન ચોર હાર્યમ, ન ચ રાજ હાર્યમ, ન ભાતૃ ભાજ્યમ, ન ચ ભારકારી, વ્યયે કૃતવ્યે વર્ધત્વે એમ નિત્મમ વિદ્યાધનમ સર્વ ધનમ પ્રધાનમ.'' આપણા સંસ્કારોમાં જેટલું મહત્વનું દાન કન્યાદાન છે એટલું જ મહત્વનું દાન વિદ્યાદાન છે. ક્યાંક સમાજ સંસ્કારોથી વિપરીત થઇ રહ્યો છે. શિક્ષણના સંસ્કાર આપવાની વાત આ સંસારમાંથી જતી ન રહે અને એને કંટ્રોલ કરવા માટે સરકારે આ વિધેયક લાવવું પડે. મને લાગે છે કે, આ એક ઐતિહાસિક પગલું તો છે જ પણ દુ:ખદ પણ કહેવાય કે ભારતવર્ષની શૈક્ષણિક સંસ્થાઓમાં આવું બને કેમ? માનસિક પરિવર્તનો દેશની સંસ્કૃતિને અનુરૂપ ન હોય ત્યારે દેશ દેશ ન રહે. અમારે તો દેશને વૈભવના શિખર ઉપર લઇ જવો છે અને એના માટે જે કરવું પડે એ કરવાની કટિબદ્ધતા સાથે અમે કામ કરી રહ્યા છીએ. પ્રતિભા સંપન્ન વિદ્યાર્થી પોતાની કારકિર્દી સારી બનાવી શકે. આર્થિક પરિસ્થિતિ એમાં ખલેલરૂપ ન બને. મને બરાબર યાદ છે. વર્ષો સુધી કૉલેજમાં પ્રધ્યાપિકા તરીકે મેં કામ કર્યુ છે. ત્યારે કોઇ છોકરીના વાલી આવે. દીકરીને ભણાવવાના પૈસા નથી. કૉલેજમાં ભણાવવી છે. કન્યા કેળવણી મફત હતી અને છતાંય પુસ્તકો, જનરલની જરૂર પડે તો અમે ફાળો ઉઘરાવીને આપતા હતા. એ દીકરી ભણીને ક્યાંક કામે લાગે એ સાચા અર્થમાં આત્માનો સંતોષ હતો. મને લાગે છે કે દરેક શૈક્ષણિક સંસ્થાએ પોતાના આત્માની સુંદરતા માટે પોતાના આત્માના વિકાસ માટે શિક્ષણની હાટડીઓ ન બનાવતા શિક્ષણ એક સંસ્કાર, વિદ્યાની દેવી સરસ્વતીનું મંદિર સમજીને એના પૂજારી કેમ ન બનવું. એના પુજારી બનવાની આવશ્યકતા છે અને આ આવશ્યકતા ઉભી થઇ છે ત્યારે આ બિલ સમયસર લાવ્યા છે. શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે, વાલીઓના આર્થિક શોષણમાંથી મુક્તિ માટે અને શિક્ષણને કલંકિત કરનારા તત્વોને દૂર કરવા માટે આ સરકારનું પગલું ક્રાંતિકારી સાબિત થશે એવું મારું મંતવ્ય છે અને કદાચ ગુજરાત આમાં પણ નંબર વન બને તો દેશનો પણ ઇતિહાસ ગુજરાત જ બનાવશે, એ હું ખૂબ હૃદયપૂર્વક માનનીય મુખ્ય મંત્રીશ્રી અને માનનીય શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહજી એમની ટીમને હૃદયપૂર્વકના અભિનંદન આપી અને એમના બિલને હું મારું સમર્થન કરું છું. ગૃહના સૌ સભ્યશ્રીઓનું સમર્થન હોય અને મને આશા અને વિશ્વાસ છે કે, સમાજના સાડા છ કરોડની જનતામાંથી મોટા ભાગના, હું તો છ કરોડ સુધીની વાત કરીશ એ આ બિલને સમર્થન કરશે એમાં કોઇ શંકા નથી અને હું આ બિલને સમર્થન કરું છું.

રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) વિધેયક-૨૦૧૭નું સમર્થન કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન એ થાય છે કે આજે સ્વનિર્ભર શાળાઓ જે પોતે કોઇ સરકારી કોઇ ગ્રાન્ટ લેતી નથી અને સરકાર કે લોકલ બોડી કે કોઇપણ સંસ્થા સહકારી સંસ્થાને ગ્રાન્ટ આપતી નથી અને પોતે માન્યતા મેળવ્યા પછી સ્કૂલો ચલાવતા હોય છે. આજે રાજયની અંદર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ - ૧૯૭૨ તેમજ ગુજરાત પ્રાથમિક શિક્ષણ નિયમો, ૧૯૪૯ અને ૨૦૦૯માં ભારત સરકારે ઘડેલો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકારનો અધિનિયમ અમલમાં છે. રાજ્ય સરકારે પણ ૨૦૧૧માં ફી બાબતે આચાર સંહિતા અને વ્યવસ્થાપન નીતિ નક્કી કરી છે પણ આપણે જોઇ રહ્યા છીએ કે, આ રાજયની અંદર સ્વનિર્ભર સ્કૂલો છે એની ઉપર ફી બાબતનું કોઇ પણ નિયંત્રણ આજે અમલમાં નથી અને એ નિયમન કરવા માટેનો કોઇ કાયદો પણ અમલમાં નથી એટલે પહેલાં તો હું રાજ્ય સરકારને અને ખાસ કરીને માનનીય શિક્ષણ મંત્રીશ્રીને અભિનંદન આપું છું કે, એમણે આ બિલ રજૂ કર્યું છે. આપણે આજે સ્વનિર્ભર સ્કૂલોની વાતો કરીએ

એમાં મને એ સમજાતુ નથી કે, આપણે ત્રણ થી છ વર્ષના જે બાળકો છે, માનનીય મંત્રીશ્રીને મારે વિનંતી કરવી છે કે, એમાં જે પ્લેગૃપ, જુનિયર કે.જી., સિનિયર કે.જી.ને આપણે મુક્તિ આપી છે પણ ગઇ કાલે એક આઇપીએસ ઓફિસર મને કહેતા હતા કે, પ્લેગૃપની અંદર એમની ગ્રાન્ડ ડોટર માટે એક લાખ રૂપિયાની ફી આજે પણ એ ચૂકવી રહ્યો છે. આ હકીકત છે એટલે રાજય સરકારને મારી વિનંતી છે કે, જે ત્રણ થી છના બાળકો માટે પ્લેગૃપ, જુનિયર કે.જી., નર્સરી અને સિનિયર કે.જી. છે એને પણ આપણે આવરી લઇએ તો મને લાગે છે કે આપણી અસરકારકતા વધશે કારણ કે શરૂઆતથી જ આ લોકો આગ્રહ રાખતા હોય છે કે ભાઇ, તમે અમુક સ્કૂલોમાં જ એડમીશન મળે, એક આખું શૈક્ષણિક સંસ્થાનું એડમીશન એક પ્રેસ્ટીઝનો વિષય બની ગયો છે અને મને લાગે છે કે એના માટે આજે કોંગ્રેસના મિત્રો આજે ગેરહાજર છે તેઓ જવાબદાર છે. આજે આડેધડ એ લોકોએ માન્યતાઓ આપી અને શિક્ષણનું આ લોકોએ વેપારીકરણ કર્યું અને વેપારીકરણ કર્યું એનો ભોગ આજે ગુજરાતની જનતા બની રહી છે ત્યારે ખૂબ જરૂરી છે કે આ જે મૂક્તિ આપવામાં આવી છે તો એમાં એને પણ સમાવેશ કરવા માટે વિચારણા કરીએ એવી મારી નમ્ર વિનંતી છે.

સાહેબ, આજે નવ હજારથી પણ વધારે સ્કૂલો અસ્તિત્વમાં છે અને જે રીતે પાનના ગલ્લા હોય, જે રીતે હાટડીઓ ખોલવામાં આવે એ રીતે શૈક્ષણિક સંસ્થાઓ ચારે બાજુ એક વેપારીકરણ થયું છે. માનનીય વસુબેન સાથે હું પૂરેપૂરો સહમત છું. એક બાજુ આપણે વાત કરીએ છીએ કે, શિક્ષણનો ઉદ્ધેશ માત્ર શિક્ષણ આપવાનો નથી પણ માણસને માણસ બનાવવાનો ઉદ્ધેશ છે, સંસ્કાર આપીને માણસ બનાવવાની વાત કરીએ છીએ ત્યારે જે વાલીઓ અને એના બાળકોની હાલત જોઇએ તો આપણને દયા આવી જાય. અમદાવાદમાં અમુક શાળાઓ એવી છે જેણે એવું કહ્યું કે અમે સામાન્ય નાગરિકને પ્રવેશ આપીશુ નહિ. અમારે ત્યાં ફકતને ફકત એન્જિનીયર, હાઇકોર્ટના વકીલો અને ઉચ્ચ ઘરાનાના લોકોને જ પ્રવેશ મળશે એવી નીતિ રાખતા હોય છે. આપને અનુભવ છે રાઇટ ટુ એજયુકેશનનો અમલ કર્યો છતાં અમુક શાળાઓમાં એડમીશન આપવા માટે બાળકો સાથે એવો વ્યવહાર કરતા હોય છે કે એ ગરીબ વર્ગનું બાળક શાળા છોડીને જતું રહે. મારી વિનંતી છે કે આ કાયદો છે એની અંદર સજાની જોગવાઇ કરવામાં આવી છે. પહેલો ગુનો હોય તો પાંચ લાખ રૂપિયા, બીજા ગુના માટે પાંચથી દસ લાખ રૂપિયા અને ત્રીજા ગુના માટે એની માન્યતા રદ થાય એટલે આ ખૂબ સારી બાબત છે.

આજે શિક્ષણ જગતમાં ચાલી રહ્યું છે એની હું વાત કરવા માગું છું. ગઇકાલે હું ડિબેટ સાંભળતો હતો એ લોકોએ હાઇકોર્ટમાં જવાની ચીમકી ઉચ્ચારી. આ વેસ્ટર્ડ ઇન્ટરેસ્ટ ગુજરાતમાં એટલો બધો બન્યો છે, હજી તો આપણે આ બિલની ચર્ચા કરીએ છીએ એની બીજી બાજુ ગઇકાલે ટીવી ઉપર એ લોકોએ જાહેરાત કરેલી કે આ બિલ પસાર થશે તો અમે હાઇકોર્ટમાં જઇશું. આવી જે શૈક્ષણિક સંસ્થાઓ છે જે સરકારની ગ્રાન્ટ નથી લેતી એ સ્વનિર્ભર જે સરકારની માન્યતાથી ચાલે છે એમની માફીયાગીરીનો અંત લાવવો ખૂબ જરૂરી છે એટલા માટે રાજય સરકારને લાખ લાખ અભિનંદન આપું છું. મધ્યમવર્ગ અને ગરીબ વર્ગના લાખો બાળકો અને વાલીઓ માટે આ બિલ છે અધિનિયમ બનશે એ ખૂબ આશિર્વાદરૂપ બનશે. કોર્ટોમાં જાય છે પછી એના નિકાલમાં સમય જાય છે. રાજય સરકારે શૈક્ષણિક સુધારો માટે જયારે જયારે પ્રયત્નો કર્યા છે ત્યારે આવા વેસ્ટર્ડ ઇન્ટરેસ્ટવાળા, સ્થાપિત હિતો જે લોકોએ શિક્ષણનુ વેપારીકરણ કરી દીધું છે એનું આર્થિક હિત સંકળાયેલું છે એ કોર્ટનો આશરો લેશે પરંતુ આ રાજય સરકાર કટિબદ્ધ હોવાને કારણે વિજય સત્યનો થવાનો છે. માનનીય મંત્રીશ્રી અને માનનીય વસુબહેને ખૂબ વિગતવાર આની ચર્ચા કરી છે. બિલમાં જે જોગવાઇ કરી છે એમાં ટ્રાન્જેકશન ફકત બેંક મારફતે જ થશે તેવી જોગવાઇ કરવામાં આવી છે. એટલે કોઇ વસ્તુ આપવાની થશે જ નહિ. અત્યારે કોઇને કોઇ બહાના નીચે વસ્તુ ભેટ આપીએ, સાહેબ ડેવલપમેન્ટની વાત કરી એનો અંત તો હોયને? દર વર્ષે ડેવલપમેન્ટ? બાળકનુ શિક્ષણ નબળુ થઇ જાય છે એના લીધે બાળકોના કુમળા માનસ ઉપર ખૂબ વિપરીત અસર પડતી હોય છે. આ દેશનો સામાન્ય માણસ ઇચ્છે છે, મારા વિસ્તારની વાત કરું, હું ગરીબ વિસ્તારમાંથી આવું છું. ઝૂંપડપટ્ટીમાં રહેતી બહેન કાગળ વિણતી હોય છે એ પણ ઇચ્છા રાખે કે મારો છોકરો આઇ.એ.એસ.થાય, કલેકટર થાય, સચિવ થાય, સ્પીકર થાય કે ધારાસભ્ય બને એવી અપેક્ષા રાખતા હોય છે. એ લોકો પણ સારી શાળામાં પોતાના બાળકો ભણે એ માટેનુ સ્વપ્ન સેવતા હોય છે. મન. લાગે છે કે એમનુ સ્વપ્નુ છે જેને આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીનુ એસ્પિરેશનલ ઇન્ડિયા એટલે સ્વપ્ન જોતા લોકોનું ભારત નયા ભારત બનાવવાની વાત કરી છે એ આ બિલથી સ્થાપીશું અને એની ઇંટ આ સરકાર મૂકી રહી છે. નયા ભારતનો ઇતિહાસ લખાશે ત્યારે આજનો દિવસ ખૂબ ઐતિહાસિક છે.

આજના દિવસે આપણું સદભાગ્ય છે કે આપણાં રાષ્ટ્રીય અધ્યક્ષશ્રીએ ગુજરાત મોડલ વિશેની વાત કરી. તો મને લાગે છે કે શિક્ષણ ક્ષેત્રે અને ખાસ કરીને સ્વનિર્ભર શાળાઓની ફી નિયંત્રણ કરતું જે આ બિલ છે એ એક ઐતિહાસિક ઘટના બની રહેશે. આનું હું સમર્થન કરું છું. આપણે સર્વાનુમતે પસાર કરીશું, સાથે સાથે મારી નમ્ર વિનંતી ફરી કરું છું કે જે મુક્તિ આપવામાં આવી છે, ૩થી ૬ વર્ષના બાળકો જેને આપણે પ્લે ગૃપ, નર્સરી, કે.જી. અને સિનિયર કે.જી. એને પણ આમાં આવરી લેવામાં આવે તેના માટે વિચારણા કરવામાં આવે તેવી મારી વિનંતી છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, બધા સભ્યશ્રીઓનો આભાર માનું છું કે એમણે ખૂબ ઉત્સાહથી ભાગ લીધો અને મારા જે સાથીઓ ભાગ લઇ શકયા નથી તેમણે બધાએ મને ચિઠ્ઠી લખીને અભિનંદન આપ્યા છે. હું પહેલાં આર.એમ. પટેલની વાતનો ઉત્તર આપું. મેં કહ્યું હતું માત્રને માત્ર. એટલે આ જ કામ કરતા હોય. પછી એ પહેલાં ધોરણ, બીજાં ધોરણમાં જોડાયેલા ન હોય એમને જ મુક્તિ આપી છે. પણ જે સંસ્થામાં પ્લે ગૃપ, જુનિયર કે.જી., સિનિયર કે.જી. અને પછી

૧, ૨, ૩, ૪, ૫ ધોરણ ચાલતા હશે તેને મુક્તિ આપવામાં આવી નથી. બીજી એક સ્પષ્ટતા. બહુ જરૂરી છે કે આ વાત ચાલતી હતી એટલે ઉતાવળ કરીને, દબાણ કરીને ફી ભરી જાવ. ફી ભરી જાવ. એટલે અમે રસ્તો કાઢ્યો કે ૨૦૧૭-૧૮માં નવો પ્રવેશ મેળવતા, અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના કિસ્સામાં જે શાળાઓએ ફી વસૂલ કરી લીધી હશે, સમિતિ દ્વારા રીવ્યુ કર્યા બાદ વધારાની ફી આગામી સત્રમાં સરભર કરી દેવામાં આવશે. લાવીએ તો પછી બરાબર જ લાવીએ ને? અથવા તો પરત આપવાની રહેશે. બેમાંથી એક. બીજું કે ૨૦૧૭-૧૮થી આ અમલ થાય છે. પણ એમણે તો ૨૦૧૧ થી ફી લીધેલી હોય. તો ફી નિર્ધારણ થયાના અગાઉના વર્ષોમાં નિયત ફી કરતા વધુ ફી લીધી હશે તો તેને ધ્યાને લેવામાં નહીં આવે. આનો અમલ હવે પછી થશે. હું આશા રાખું છું, હું આ

માધ્યમથી સમાજને અપીલ કરું છું કે અનકંટ્રોલ કોઇ પણ વ્યવસ્થા ચાલે જ નહીં. આવી વ્યવસ્થા તો સ્વૈચ્છિક ચાલવી જોઇએ તેના બદલે અમારે કંટ્રોલ મૂકવો પડે છે તે પણ સમાજની એક મજબૂરી કહેવાય. ખરેખર તો આપણો સમાજ એટલો સંસ્કારી અને શિક્ષિત હોય કે વ્યાજબીપણાથી વધારે ફી લે જ નહીં અને વ્યાજબીપણું હોય તેના કરતાં વધારે સારું ભણાવે આવી આશા સાથે હું સૌને ફરીવાર વિનંતી કરું છું કે મારું બિલ સર્વાનુમતે પસાર કરે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન-૨૦૧૭ના વિધેયક ક્રમાંક-૨૨-સન ૨૦૧૭ના ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

કલમ- ૨ ઉપરનો સુધારો

શ્રી પંકજભાઇ દેસાઇ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૨ ઉપર હું નીચે પ્રમાણે સુધારા ક્રમાંક-૧ રજૂ કરું છું.

In clause 2, -
(i) in sub-clause (g), for the word "Fee", substitute the words "Fee or Fee structure",
(ii) in sub-clause (q), delete the words "but shall not include creche and play group".

સુધારા ક્રમાંક-૧ રજૂ કરવામાં આવ્યો.

સુધારા ક્રમાંક-૧ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ-૨ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

સુધારેલી કલમ-૨ વિધેયકનો ભાગ બની.

કલમ-૩ ઉપરનો સુધારો

શ્રી પંકજભાઇ દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૩ ઉપર હું નીચે પ્રમાણે મારો સુધારા ક્રમાંક-૨ રજૂ કરું છું.

In clause 3, in sub-clause (1), for the words "fee for admission to any standard" substitute the words "fee for any standard".

સુધારા ક્રમાંક- ૨ રજૂ કરવામાં આવ્યો.

સુધારા ક્રમાંક-૨ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ ૩ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

સુધારેલી કલમ-૩ વિધેયકનો ભાગ બની.

કલમ-૪ ઉપરનો સુધારો

શ્રી પંકજભાઇ દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૪ ઉપર હું નીચે પ્રમાણે મારો સુધારા ક્રમાંક-૩ રજૂ કરું છું.

In clause 4, in sub-clause (2), for the words "Revision Committee shall be at Gandhinagar or" substitute the words "Regulatory Committee shall be".

સુધારા ક્રમાંક- ૩ રજૂ કરવામાં આવ્યો.

સુધારા ક્રમાંક-૩ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ-૪ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

સુધારેલી કલમ-૪ વિધેયકનો ભાગ બની.

કલમ-૫ ઉપરનો સુધારો

શ્રી પંકજભાઇ દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૫ ઉપર હું નીચે પ્રમાણે મારો સુધારા ક્રમાંક-૪ રજૂ કરું છું.

In clause 5, in sub-clause (1), delete the words "The State Government shall however, give temporary charge of the vacant post to any member for a period not exceeding six months".

સુધારા ક્રમાંક- ૪ રજૂ કરવામાં આવ્યો.

ગુજરાત સ્વનિર્ભર શાળા (ફ્રી નિયમન) વિધેયક, ૨૦૧૭

સુધારા ક્રમાંક–૪ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ–૫ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

સુધારેલી કલમ–૫ વિધેયકનો ભાગ બની.

કલમ–૬ અને કલમ ૭ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

કલમ–૬ અને કલમ–૭ વિધેયકનો ભાગ બની.

કલમ–૮ ઉપરનો સુધારો

શ્રી પંકજભાઇ દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, કલમ–૮ ઉપર હું નીચે પ્રમાણે મારો સુધારા ક્રમાંક–૫ રજૂ કરું છું.

In clause 8,-

(i) in sub-clause (1), for the words "fee structure for admission of", substitute the words "fee payable by".

(ii) in sub-clause (2), in para (g), add the words "for appropriate action" at the end.

સુધારા ક્રમાંક– ૫ રજૂ કરવામાં આવ્યો.

સુધારા ક્રમાંક–૫ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ ૮ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

સુધારેલી કલમ–૮ વિધેયકનો ભાગ બની.

કલમ ૯ ઉપરનો સુધારો

શ્રી પંકજભાઇ દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, કલમ–૯ ઉપર હું નીચે પ્રમાણે સુધારા ક્રમાંક –૬ રજૂ કરું છું.

9. in clause 9,

(1) in sub-clause (1),-

(i) add the words "Such self financed school shall file an affidavit to that effect" at the end.

(ii) in the second proviso, for the words "the pre-primary school, which are running play groups/creches/pre-primary school exclusively", substitute the words "exclusive pre-primary classes/play groups/creches, not attached to any school".

(2) for sub-clause (2), substitute the following,

"(2) The Fee Regulatory Committee may determine fee for all self financed schools, except the self financed school as referred to in sub-section (1), imparting pre-primary, primary, upper primary, secondary and higher secondary education".

સુધારા ક્રમાંક– ૬ રજૂ કરવામાં આવ્યો.

સુધારા ક્રમાંક– ૬ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ–૯ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

સુધારેલી કલમ– ૯ વિધેયકનો ભાગ બની.

કલમ ૧૦ ઉપરનો સુધારો

શ્રી પંકજભાઇ દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, કલમ–૧૦ ઉપર હું નીચે પ્રમાણે સુધારા ક્રમાંક–૭ રજૂ કરું છું.

10. In clause 10, in sub-section (1), in para (iii), delete the word "and".

સુધારા ક્રમાંક– ૭ રજૂ કરવામાં આવ્યો.

સુધારા ક્રમાંક– ૭ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ–૧૦ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

સુધારેલી કલમ–૧૦ વિધેયકનો ભાગ બની

કલમ ૧૧ થી ૧૩ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

કલમ ૧૧ થી ૧૩ વિધેયકનો ભાગ બની.

કલમ ૧૪ ઉપરનો સુધારો

શ્રી પંકજભાઇ દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, કલમ– ૧૪ ઉપર હું નીચે પ્રમાણે સુધારા ક્રમાંક–૮ રજૂ કરું છું.

For clause 14, substitute the following,

14. (1) For contravention of any of the provisions of this Act or the rules made thereunder, the school management shall, in addition to refund of twice the amount of fee to the parents or guardians or to the person who has made the payment, be liable -

(a) to pay fine which shall be upto five lakh rupees to the Fee Regulatory Committee, for the first contravention;

(b) to pay fine which shall not be less than five lakh rupees but which may extend to ten lakh rupees to the Fee Regulatory Committee, for the second contravention and

(c) for cancellation or withdrawal of registration/affiliation/No Objection Certificate of the school, on third and subsequent contravention by the concerned authority on the recommendation of the Fee Regulatory Committee.

(2) The amount of fine and the amount of refund shall be paid within fifteen days from the receipt of the order, failing which fine of one per cent of the total payable amount shall be levied each day till the refund of the total amount and fine is paid. However, if the school management fails to make the payment of fine and refund within three months, than the entire unpaid amount shall be recovered as an arrear of land revenue."

સુધારા ક્રમાંક : ૮ રજૂ કરવામાં આવ્યો.

સુધારા ક્રમાંક–૮ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ–૧૪ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

સુધારેલી કલમ–૧૪ વિધેયકનો ભાગ બની.

કલમ ૧૫ ઉપરનો સુધારો

શ્રી પંકજભાઇ દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ–૧૫ ઉપરનો નીચે મુજબનો સુધારો ક્રમાંક : ૯ રજૂ કરું છું.

For clause 15, substitute the following,

" 15. No civil court shall have the jurisdiction to deal with or decide any question which the Fee Regulatory Committee or, as the case may be, the Fee Revision Committee is empowered to deal with or decide with by or under this Act and no injunction shall be granted by any civil court in respect of any action taken or to be taken in pursuance of any of the provisions of this Act."

સુધારા ક્રમાંક : ૯ રજૂ કરવામાં આવ્યો.

સુધારા ક્રમાંક–૯ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ–૧૫ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

સુધારેલી કલમ–૧૫ વિધેયકનો ભાગ બની.

કલમ ૧૬ થી ૨૧, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૨૨–સન ૨૦૧૭નું ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૨૨–સન ૨૦૧૭નું ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

''સભાગૃહનું કામકાજ સાંજના ૬.૪૯ કલાકે પૂરું થતાં સભાગૃહ, અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા. ૩૧–૩–૨૦૧૭ના રોજ સવારના ૮–૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.''

| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
|---|---|---|
| અનિલ જોષીયારા | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં વોટરશેડ યોજનામાં કામગીરી | ૫૭૩ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં સિંચાઈ પંપ સેટ આપવા બાબત | ૫૦ |
| | વિદ્યા સહાયકોના પગાર ધોરણમાં વિસંગતતાઓ | ૫૦૩ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જળસંચયની કામગીરી | ૯૮ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ચેકડેમ અને સિંચાઈ યોજનાનું ડીસીલ્ટીંગનું કામ | ૧ |
| | અરવલ્લી જિલ્લામાં ભિલોડા અને મેઘરજ તાલુકામાં હાટ બજારો | ૫૪૪ |
| અમિત ચાવડા | આણંદ અને વડોદરા જિલ્લામાં વોટરશેડ કાર્યક્રમ | ૫૬૧ |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં ગ્રીનહાઉસની અરજીઓ | ૧૯ |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં જમીન રી–સર્વેની કામગીરી | ૫૨૬ |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં તળાવો ઉંડા કરવાની મંજૂરી | ૬૨ |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં મહીસાગર નદીની હદ નક્કી કરવા બાબત | ૪૮૦ |
| અમિત શાહ | ગુજરાતની વિકાસયાત્રાને આગળ વધારવા અંગે | ૪૫૮ |
| અરૂણસિંહ રણા | ભરૂચ અને નર્મદા જિલ્લામાં એલઈડી બલ્બનું વિતરણ | ૭૯ |
| | ભરૂચ અને નર્મદા જિલ્લામાં કુટિર જ્યોતિ યોજનામાં વીજજોડાણ | ૧૧૨ |
| | ભરૂચ જિલ્લામાં અધિક મદદનીશ ઇજનેરની જગ્યાઓ | ૪૮૦ |
| | ભરૂચ જિલ્લામાં ફાળવેલ સોલાર હોમ લાઇટ | ૩૦ |
| | ભરૂચ જિલ્લામાં માનવ ગરીમા યોજના હેઠળ લાભ આપવા બાબત | ૫૨૬ |
| અરવિંદકુમાર પટેલ | અમદાવાદ શહેરમાં વ્યાજબી ભાવની દુકાનોની તપાસ | ૪૭૫ |
| | ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજનામાં વીજ જોડાણ | ૯૫ |
| | મહિસાગર જિલ્લામાં કુટીર જ્યોતિ યોજનામાં વીજ જોડાણ | ૧૨૧ |
| | સાબરકાંઠા જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના | ૪૯ |
| અરવિંદભાઇ લાડાણી | કેશોદ અને માંગરોળ તાલુકામાં એપીએલ અને બીપીએલ કુટુંબો માટે વ્યક્તિગત શૌચાલય | ૫૭૭ |
| | જુનાગઢ અને દેવભુમિદ્વારકા જિલ્લામાં એલઈડી બલ્બનું વિતરણ | ૫૬ |
| | જૂનાગઢ જિલ્લા પંચાયતમાં મંજૂર થયેલ મહેકમ | ૫૫૨ |
| | જૂનાગઢ જિલ્લામાં ૧૪ માં નાણાપંચ અંતર્ગત ગ્રામ પંચાયતોને ફાળવેલ ગ્રાન્ટ | ૫૧૨ |
| | દેવભૂમિ દ્વારકા અને જૂનાગઢ જિલ્લામાં જર્જરીત વીજ વાયરો | ૯૯ |
| અરવિંદસિંહ રાઠોડ | ગોધરા અને દાહોદ જિલ્લામાં એલઈડી બલ્બનું વિતરણ | ૧૧૭ |
| | તાપી અને પંચમહાલ જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ | ૪૨ |
| | પંચમહાલ જિલ્લામાં ગ્રામ પંચાયતના જર્જરીત ઘર | ૪૮૩ |
| | પંચમહાલ અને મહેસાણા જિલ્લામાં ઝુંપડપટ્ટી વિજળીકરણ યોજના | ૮૯ |
| | પાવાગઢ ખાતે વૃક્ષોનું વાવેતર | ૫૨૯ |
| અશ્વિન કોટવાલ | ખેડબ્રહ્મા, પોશીના અને વિજયનગર તાલુકામાં આવેલ તળાવો | ૧૦૭ |
| | ગાંધીનગર તથા કલોલ તાલુકાની હાઉસીંગ સહકારી મંડળીઓના અહેવાલ | ૨૫ |
| | નિઝર તાલુકાની ગૃપ ગ્રામ પંચાયતોની વિભાજનની પડતર દરખાસ્તો | ૫૫૩ |

| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
|---|---|---|
| | સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના અભાપુર ગામના આદિવાસી ખેડૂતોની જમીનો | ૫૧૩ |
| | સાબરકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં રમત-ગમતનાં મેદાનો | ૫૭૭ |
| | સાબરકાંઠા જિલ્લામાં ટ્રેક્ટર અને રોટોવેટરના લાભાર્થીઓ | ૭૨ |
| અશોકકુમાર પટેલ | ગાંધીનગર જિલ્લામાં ૧૪ માં નાણાપંચ અંતર્ગત ગ્રામ પંચાયતોને ફાળવેલ ગ્રાન્ટ | ૫૧૧ |
| | ગાંધીનગર જિલ્લામાં એલઈડી બલ્બનું વિતરણ | ૧૦૦ |
| | ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક ખેતી વિષયક સહકારી મંડળીઓને ધિરાણ | ૧૫ |
| | ગાંધીનગર જિલ્લામાં માનવ કલ્યાણ યોજનામાં ટુલકીટ | ૫૫૦ |
| | ગાંધીનગર જિલ્લામાં વારસાઈ હક્ક માટેની અરજીઓ | ૫૭૬ |
| | બનાસકાંઠા અને ગાંધીનગર જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજનામાં વીજ જોડાણ | ૫૭ |
| આનંદભાઈ ચૌધરી | સુરત અને તાપી જિલ્લામાં ઘરથાળ પ્લોટ માટેની અરજીઓ | ૫૨૯ |
| | સુરત અને તાપી જિલ્લામાં બીપીએલ પરિવારોની સંખ્યા | ૪૮૨ |
| | સુરત અને તાપી જિલ્લામાં મહાત્મા ગાંધી ગ્રામીણ રોજગાર ગેરેંટી યોજના | ૫૬૪ |
| ઈશ્વરભાઇ પટેલ | વલસાડ જિલ્લામાં વ્યક્તિગત શૌચાલયો | ૫૮૦ |
| | વલસાડ જિલ્લામાં ગૌચરની જમીન પર દબાણની ફરીયાદો | ૫૫૮ |
| | ધરમપુર તાલુકામાં શંકરધોધનો વિકાસ | ૫૨૦ |
| | વલસાડ જિલ્લામાં ફળઝાડના વાવેતર માટેના લાભાર્થીઓ | ૪૬ |
| | વલસાડમાં પિયતનું પાણી આપવા બાબત | ૧૧૯ |
| | વલસાડ જિલ્લામાં ખેડૂતોને વૈજ્ઞાનિક ખેતીની જાણકારી | 92 |
| ઈશ્વરભાઈ પરમાર | વલસાડ જિલ્લામાં ડોર ટુ ડોર કલેકશન યોજના | ૫૨૮ |
| | સુરત જિલ્લામાં તલાટી તથા નિવૃત્ત કર્મચારી/ અધિકારીની મિટીંગો માટે ચુકવેલ [illegible] | ૪૭૬ |
| | વલસાડ અને નવસારી જિલ્લામાં કુટીર જ્યોતિ યોજનામાં વીજ જોડાણ | ૧૦૩ |
| | સુરત અને નવસારી જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ | ૬૪ |
| | સુરત જિલ્લામાં ઉદવહન સિંચાઈ યોજનાની કામગીરી | 20 |
| | સુરત જિલ્લામાં આદિમજુથની છ પાયાની સુવિધાઓ | ૫૬૩ |
| ઋષિકેશ પટેલ | મહેસાણા જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ અનાજના જથ્થાનું વિતરણ | ૫૧૫ |
| | મહેસાણા અને પાટણ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના | ૫૨ |
| | મહેસાણા જિલ્લામાં કરણનગર-ધાંધુસણ પાઈપ લાઈનની કામગીરી | ૮ |
| | મહેસાણા જિલ્લામાં વારસાઈ હક્ક માટેની અરજીઓ | ૫૫૫ |
| કેતનભાઈ ઇનામદાર | રાજકોટ અને વડોદરા જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ | ૫૪ |
| | ગુજરાતની વિકાસયાત્રાને આગળ વધારવા અંગે | ૪૫૭ |
| | વડોદરા જિલ્લામાં યોજાયેલ ગરીબ કલ્યાણ મેળાઓ | ૫૦૬ |
| | વડોદરા જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના | ૧૩ |
| કનુભાઈ દેસાઇ | વલસાડ જિલ્લામાં આદિમજૂથની છ પાયાની સુવિધાઓ | ૫૨૫ |

| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
|---|---|---|
| | વલસાડ જિલ્લામાં તાલુકા પંચાયતના નવીન મકાન માટેની મંજૂરી | ૪૭૪ |
| | તાપી અને વલસાડ જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ | ૫૩ |
| | વલસાડ અને બનાસકાંઠા જિલ્લામાં કુટિર જ્યોતિ યોજનામાં વીજ જોડાણ | ૯૮ |
| | વલસાડ જિલ્લાની અનુસુચિત જનજાતિની વ્યક્તિઓને વિવિધ લાભ અને તાલીમ આપવાની યોજના | ૫૬૧ |
| | વલસાડ જિલ્લામાં જર્જરીત વીજ વાયરો | ૧૨ |
| કરમશીભાઇ પટેલ | અમદાવાદ આબાદ ડેરીની જગ્યામાં રમત–ગમત સંકુલ બાંધવા બાબત | ૪૩૩ |
| | બગોદરા–લીમડી હાઇવે થી મીઠાપુર હરીજન વાસ તરફ જવાનો રસ્તો | ૨૬૮ |
| | બાવળા તાલુકાના ભામસરા થી કણોતર રોડ બિસ્માર | ૨૬૯ |
| | અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ઔધોગિક એકમોને વિજ શુલ્કમાં રાહત આપવા | ૪૮ |
| | અમદાવાદ જિલ્લાના બાવળા અને સાણંદ તાલુકાના રસ્તાઓનું ડામર કામ | ૨૬૪ |
| | અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના કેશરડી થી મેટાલ ગામ જવાનો રસ્તો | ૨૬૫ |
| | અમદાવાદ જિલ્લાના બોળ–કુવાર–હિરાપુર–શિયાવાડા–મખીયાવ–ગોકળપુરા ગામના એપ્રોચ રોડ | ૨૬૫ |
| | સાણંદ તાલુકાના લોદડીયા ગામે ખોટી રીતે ખેડૂત બનાવવાની ફરિયાદો | ૪૦૦ |
| | સાણંદ તાલુકાના હીરાપુર–ચરળ–મખીયાવ–બોળ અને શીયાવાડા ગામના એપ્રોચ રોડ | ૨૬૪ |
| કેશુભાઇ નાકરાણી | ભાવનગર જિલ્લામાં મગફળીની ટેકાના ભાવે ખરીદી | ૩૭ |
| | ભાવનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જર્જરીત વીજ વાયરો | ૮૬ |
| | ભાવનગર જિલ્લામાં અધિક મદદનીશ ઇજનેરની ખાલી જગ્યાઓ | ૪૮૩ |
| | ભાવનગર જિલ્લામાં બાકી હક્ક પત્રક નોંધોનો નિકાલ | ૫૬૫ |
| | ભાવનગર જિલ્લામાં વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન | ૫૩૦ |
| કેસરીસિંહ સોલંકી | ખેડા અને આણંદ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના | ૭૫ |
| | ખેડા જિલ્લામાં એલઇડી બલ્બનું વિતરણ | ૧૧૧ |
| | ખેડા જિલ્લામાં રાહતદરે તુવેરદાળના જથ્થાનું વિતરણ | ૪૯૨ |
| | ખેડા જિલ્લામાં વિધાલક્ષ્મી બોન્ડ યોજના | ૫૩૫ |
| | ખેડા જિલ્લામાં સુધારેલ સ્મશાન સગડી | ૫૬૯ |
| | છોટાઉદેપુર જિલ્લામાં પપૈયાના પાકના વાવેતરમાં સહાય | ૨૮ |
| કાંતિભાઇ ખરાડી | બનાસકાંઠા જિલ્લામાં ઘરથાળના પ્લોટ માટેની અરજીઓ | 493 |
| | બનાસકાંઠા જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત રોજગારી | ૫૩૭ |
| | બનાસકાંઠા જિલ્લામાં રાજીવ ગાંધી ભવન કેન્દ્રોની મંજૂરી | ૫૭૦ |
| કાંતિલાલ અમૃતિયા | જામનગર અને મોરબી જિલ્લામાં ઝૂંપડપટ્ટી વિજળીકરણ યોજના | ૬૦ |
| | મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં એલઇડી બલ્બનું વિતરણ | ૧૦૨ |
| | મોરબી જિલ્લામાં ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ ફાળવણી | ૫૬૭ |
| | જૂનાગઢ જિલ્લામાં ખેડૂતોએ રોટાવેટર મેળવવા માટેની અરજીઓ | ૧૮ |

| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
|---|---|---|
| | મોરબી જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનો | ૫૩૪ |
| | મોરબી જિલ્લા પંચાયતમાં તલાટી કમ મંત્રીનું મંજૂર મહેકમ | ૪૮૭ |
| કાંતિલાલભાઇ ગામીત | તાપી અને નર્મદા જિલ્લામાં કુટિર જ્યોતિ યોજનામાં વીજ જોડાણ | ૭૮ |
| | તાપી જિલ્લામાં શિક્ષકો માટે સીપીએફ યોજના | ૫૩૫ |
| | તાપી જિલ્લામાં ઉકાઇ ડાબા કાંઠા નહેર સુધારણાના મંજુર કામો | ૩૦ |
| | અરવલ્લી જિલ્લામાં કુટિર જ્યોતિ યોજનામાં વીજ જોડાણ | ૧૧૨ |
| | તાપી જિલ્લામાં માનવ ગરીમા યોજના હેઠળ લાભ આપવા બાબત | ૫૬૮ |
| | તાપી જિલ્લામાં યોજાયેલ ગરીબ કલ્યાણ મેળાઓ | ૪૯૦ |
| કામિનીબા રાઠોડ | ગાંધીનગર જિલ્લામાં નિલ ગાયો દ્વારા ઉભા પાકને નુકશાન | ૫૩૪ |
| | દહેગામ તાલુકાના લવાડ ગામે સરકારી ગૌચર જમીનની ફાળવણી | ૪૮૯ |
| કિરીટસિંહ રાણા | સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજનામાં વીજ જોડાણો | ૨૬ |
| કિશોરભાઇ શિ. કાનાણી | ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ વધુ સુધારવા બાબત વિધેયક | ૫૮૪ |
| | સુરત અને વલસાડ જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ | ૬૪ |
| | સુરત જિલ્લામાં ઉદવહન સિંચાઈ યોજનાની કામગીરી | ૨૦ |
| | સુરત જિલ્લામાં નવા રેશનકાર્ડની અરજીઓ | ૪૯૯ |
| | સુરત જિલ્લામાં માનવ ગરીમા યોજના હેઠળ લાભ આપવા બાબત | ૫૪૧ |
| કિશોરસિંહ ચૌહાણ | અમદાવાદ જિલ્લામાં ગ્રામ પંચાયતોના સરપંચશ્રીઓને ગ્રાન્ટ ફાળવવા બાબત | ૫૦૪ |
| | અરવલ્લી જિલ્લામાં એલઈડી બલ્બનું વિતરણ | ૧૧૩ |
| | ગાંધીનગર જિલ્લામાં વ્યક્તિગત શૌચાલય | ૫૪૫ |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ | ૭૯ |
| | સાબરકાંઠા જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ | ૩૧ |
| ગેંદાલભાઈ ડામોર | મહીસાગર અને પંચમહાલ જિલ્લાના ગૌચર વિનાના ગામો | ૫૩૮ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં રાજીવ ગાંધી ભવન કેન્દ્રોની મંજૂરી | ૪૯૬ |
| ગ્યાસુદ્દિન શેખ | બિન નિવાસી ગુજરાતી પ્રભાગ અને તાબાની કચેરીનું મહેકમ | ૨૭૪ |
| | ''અમદાવાદ શહેરમાં પોલીસ સંવર્ગની ખાલી જગ્યાઓ'' | ૩૪૭ |
| | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગ અને તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ | ૨૨૨ |
| | અમદાવાદ શહેર / જિલ્લામાં સુખ સુવિધા કરની બાકી રકમ | ૩૫૪ |
| | અમદાવાદ, વડોદરા અને સુરત શહેરમાં ગુનાહિત કૃત્યો | ૩૪૬ |
| | આયોજન પ્રભાગ અને તેના તાબાની કચેરીઓનું મહેકમ | ૩૦૫ |
| | ઉર્જા પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મહેકમ | ૧૫૪ |
| | કેન્દ્ર સરકાર તરફથી વિભાગને ફાળવવામાં આવેલ રકમ | ૩૬૪ |
| | કલ્પસર પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ | ૩૫૯ |

| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
|---|---|---|
| | કલ્પસર યોજના પાછળ થયેલ કુલ ખર્ચ | ૨૩૧ |
| | ગૌસંવર્ધન પ્રભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓનું મહેકમ બાબત | ૩૦૭ |
| | જીલ્લાવાર નોંધાયેલ સ્વાઈન ફ્લુના કેસો | ૨૫૫ |
| | નર્મદા પ્રભાગ અને તેના તાબાની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ | ૨૩૧ |
| | પેટ્રોલીયમ પ્રભાગ અને તેના તાબાની કચેરીઓમાં સંવર્ગવાર મહેકમ | ૩૭૩ |
| | બેઝીક સર્વિસીસ ફોર અર્બન પુઅર યોજના અંતર્ગત ફાળવેલ આવાસો | ૨૭૧ |
| | બંદરો પ્રભાગ અને તાબાની કચેરીઓનું મહેકમ | ૩૪૧ |
| | માર્ગ અને મકાન વિભાગ તથા તેના તાબાની કચેરીઓનું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ | ૪૦૦ |
| | રાજ્ય સરકાર દ્વારા ખાનગી વીજ કંપનીઓ પાસેથી વીજ ખરીદીના કરારો | ૨૪૩ |
| | રાજ્યકક્ષાની તકેદારી અને મોનીટરીંગ સમિતિની મળેલ બેઠકો | ૨૪૧ |
| | રાજ્યમાં અંધજન બેરોજગારોને નોકરી | ૩૫૪ |
| | રાજ્યમાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના | ૪૦૪ |
| | રાજ્યમાં કપાસના ટેકાના ભાવો વધારવા ભારત સરકાર સમક્ષ દરખાસ્ત | ૨૧૭ |
| | રાજ્યમાં કાર્યરત આંગણવાડીઓને પોતાના મકાન બાબત | ૨૪૪ |
| | રાજ્યમાં કોમ્પ્યુટરાઈઝડ નમૂનો ૭/૧૨ અને ૮–અ નકલો પેટે સરકારને આવક | ૨૩૬ |
| | રાજ્યમાં ગુજરાતી ચલચિત્રોને સબસીડી | ૩૧૮ |
| | રાજ્યમાં ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્યમાલ ઉપર દરોડા | ૧૨૬ |
| | રાજ્યમાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં પડતર કેસો | ૧૨૮ |
| | રાજ્યમાં ગેસ આધારિત વીજ મથકો | ૨૪૩ |
| | રાજ્યમાં જિલ્લાવાર ખેડૂતોના આપઘાત | ૨૧૮ |
| | રાજ્યમાં જિલ્લાવાર જંતુનાશક દવાના નમૂનાઓ | ૨૧૪ |
| | રાજ્યમાં જિલ્લાવાર રમતગમત અધિકારીઓની ખાલી જગ્યાઓ | ૩૦૩ |
| | રાજ્યમાં જિલ્લાવાર રાસાયણિક ખાતરના નમૂના | ૧૬૬ |
| | રાજ્યમાં જિલ્લાવાર રાસાયણિક ખાતરનો જથ્થો ફાળવવા બાબત | ૨૧૬ |
| | રાજ્યમાં જી.આઈ.ડી.સી. ની સ્થાપના | ૩૯૧ |
| | રાજ્યમાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના | ૩૩૦ |
| | રાજ્યમાં પકડાયેલ ગૌવંશ | ૧૭૩ |
| | રાજ્યમાં પકડાયેલ રકતચંદનનો જથ્થો | ૧૯૭ |
| | રાજ્યમાં બેરોજગારોને સરકારી નોકરી | ૨૨૪ |
| | રાજ્યમાં રેશનીંગની વસ્તુઓમાં ભાવ વધારો | ૧૬૮ |
| | રાજ્યમાં રાજીવ ગાંધી ભવન કેન્દ્રો | ૨૯૩ |
| | રાજ્યમાં રાસાયણિક ખાતરનો જથ્થો ફાળવવા બાબત | ૨૧૭ |
| | રાજ્યમાં સરકારી પોલીટેકનિક કોલેજોમાં પ્રિન્સીપાલનું મંજૂર મહેકમ | ૨૪૯ |

| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
|---|---|---|
| | વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ | ૩૩૯ |
| | વાહનવ્યવહાર પ્રભાગ અને તાબાની કચેરીઓમાં ખાલી જગ્યાઓ | ૪૧૪ |
| | શહેરી ગૃહનિર્માણ પ્રભાગ અને તેની તાબા કચેરીમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ | ૩૩૫ |
| | સમાજ સુરક્ષા ખાતા પાસે બાળકો દત્તક લેવાની પડતર અરજીઓ | ૩૬૪ |
| | રાજ્ય સરકારે બજારમાંથી મેળવેલ લોન | ૨૫૪ |
| | રાજ્યમાં વન મહોત્સવ | ૨૮૭ |
| | રાજ્યમાં સિંહ, સિંહ બાળ, દિપડા અને દીપડાના બચ્ચાનું અકુદરતી મોત | ૨૮૭ |
| | કુટીર ઉદ્યોગ પ્રભાગ અને તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજુર મહેકમ | ૪૩૫ |
| | ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્રભાગ અને તાબાની કચેરીઓમાં ખાલી જગ્યાઓ બાબત | ૨૩૭ |
| | માહિતી અને પ્રસારણ વિભાગ /તાબા ની કચેરીઓનું મહેકમ | ૪૩૬ |
| | રાજ્યના દરિયા કિનારે શીપ બિલ્ડીંગ પાર્ક /યાર્ડ વિકસાવવા મંજુરી | ૧૮૯ |
| | રાજયની મહિલા સુરક્ષાની બેઠકો બાબત | ૪૨૮ |
| | રાજ્યમાં રણોત્સવ, પતંગોત્સવ અને નવરાત્રિ મહોત્સવમાં થયેલ કુલ ખર્ચ | ૪૩૪ |
| | રાજ્યમાં વસૂલ કરેલ સ્થળ સમાધાન પેટે દંડની રકમ | ૪૨૯ |
| | રાજ્યમાં સસ્પેન્ડ કરેલ પોલીસ અધિકારીઓ/કર્મચારીઓ | ૪૨૭ |
| ગોવાભાઈ રબારી | બનાસકાંઠા જિલ્લામાં ખેતરમાં વાયર ફેન્સીંગની અરજીઓ | 490 |
| ગોવિંદભાઇ ઉ. પટેલ | ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ વધુ સુધારવા બાબત વિધેયક | 585 |
| | સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૯–સન ૨૦૧૭નું ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયક | 593 |
| | જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં જર્જરીત વીજ વાયરો | 106 |
| | પોરબંદર જિલ્લામાં જર્જરીત વીજ વાયરો | 25 |
| | રાજકોટ અને ભાવનગર જિલ્લામાં ઝૂંપડપટ્ટી વિજળીકરણ યોજના | ૭૧ |
| | રાજકોટ જિલ્લામં બી.પી.એલ. અને એ.પી.એલ. કુટુંબો માટે વ્યક્તિગત શૌચાલય | ૪૯૨ |
| | સોમનાથ જિલ્લા પંચાયતમાં મંજુર મહેકમ | ૫૩૬ |
| ગોવિંદભાઈ પરમાર | ગીર સોમનાથ અને જામનગર જિલ્લામાં જર્જરીત વીજ વાયરો | ૧૧૩ |
| | ગીર સોમનાથ જિલ્લામાં ૧૪માં નાણાપંચ અંતર્ગત ગ્રામ પંચાયતોને ફાળવેલ ગ્રાન્ટ | ૫૧૦ |
| | ગીર સોમનાથ જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ | ૮૨ |
| | ગીર સોમનાથ જિલ્લામાં મગફળીની ટેકાના ભાવે ખરીદી | ૩૩ |
| ગૌતમભાઈ ચૌહાણ | ખેડા જિલ્લામાં કાર્યરત સહકારી મંડળીઓ | ૭૨ |
| | મહેમદાવાદ તાલુકા શેઢી યોજનાનું તૂટી ગયેલ નાળું | ૨૬ |

| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
|---|---|---|
| છત્રસિંહજી મોરી | ભરૂચ અને જુનાગઢ જિલ્લામાં જર્જરીત વીજ વાયરો | ૧૧૭ |
| | ભરૂચ જિલ્લામાં એલઈડી બલ્બનું વિતરણ | ૮૯ |
| | ભરૂચ જિલ્લામાં નવા રેશનકાર્ડની અરજીઓ | ૫૬૬ |
| | ભરૂચ જિલ્લામાં વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન | ૫૩૩ |
| | વાગરા અને જંબુસર તાલુકામાં જર્જરીત વીજ વાયરો | ૪૦ |
| | ભરૂચ જિલ્લામાં પંચાયત ઘર વિહોણી ગ્રામ પંચાયતો | ૪૮૬ |
| જગદીશભાઈ પંચાલ | ગાંધીનગર જિલ્લા પંચાયતનું મંજુર મહેકમ | ૪૮૮ |
| | અરવલ્લી જિલ્લામાં કુવાઓનું વીજળીકરણ | ૪૫ |
| | ખેડા અને આણંદ જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજનામાં વીજ જોડાણો | ૯૧ |
| | સાબરકાંઠા જિલ્લામાં કુટીર જ્યોતિ યોજનામાં વીજ જોડાણ | ૧૧૭ |
| જગરૂપસિંહ રાજપૂત | ગાંધીનગર અને પાટણ જિલ્લામાં અનુસુચિત જાતિ પેટા યોજનામાં વીજ જોડાણ | ૫૫ |
| | અમદાવાદ જિલ્લામાં પેટ્રોલ/ડિઝલ પંપની તપાસણી | ૫૦૮ |
| | અરવલ્લી જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ | ૧૩ |
| જનકભાઈ કાછડીયા | તાપી જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ હેઠળ અનાજના જથ્થાનું વિતરણ | ૫૩૨ |
| | દાહોદ અને સુરત જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ | ૬૨ |
| | સુરત જિલ્લામાં કઠોળ અંગે દરોડાઓ | ૪૮૬ |
| | સુરત જિલ્લામાં નહેર સુધારણાના મંજૂર કામો | ૧૯ |
| જયંતિભાઇ રા.કવાડીયા | ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ વધુ સુધારવા બાબત વિધેયક | ૫૮૬ |
| જવાહરભાઇ ચાવડા | જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં એટ્રોસીટીના ગુન્હા | ૧૯૪ |
| | જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં નવી ઉર્દૂ શાળાની દરખાસ્તો | ૨૨૧ |
| | જૂનાગઢ જિલ્લામાં સૌની યોજના હેઠળ જળાશયો ભરવા બાબત | ૫૭ |
| | ધારી રેન્જના કરમદડી રાઉન્ડમાં ગેરકાયદે પ્રવેશ | ૩૧૩ |
| | સુરત જિલ્લાનાં માંગરોળ તાલુકાના કોસાડી ગામે ગાયોની કતલ | ૧૭૨ |
| | ગાંધીનગર જિલ્લાના કલોલ પાસેથી મળી આવેલ ‘‘નકલી ઘી`` નો જથ્થો | ૪૨૩ |
| | જુનાગઢ અને પોરબંદર જિલ્લાની અશક્તતા આયુક્તની કોર્ટમાં પડતર ફરિયાદો | ૧૮૭ |
| | જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં ૧૦૦ દિવસની રોજગારી પૂરી પાડવા બાબત | ૧૪૨ |
| | જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં કાચા માર્ગોની પાકા ડામરની સપાટીના બનાવવા | ૩૨૬ |
| | જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં નાની/મધ્યમ સિંચાઈ યોજનાના કેનાલનાં બાકી કામ | ૩૨૦ |
| | જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં પીવાના પાણીના કૂવા | ૨૨૯ |
| | જુનાગઢ અને પોરબંદર જિલ્લામાં લઘુત્તમ વેતન ભંગની ફરિયાદો | ૨૦૦ |
| | જૂનાગઢ જિલ્લામાં કાંટાળા તારની વાડ બનાવવાની સહાય | ૫૦૧ |

| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
|---|---|---|
| | જુનાગઢ જિલ્લામાં મગફળી અને કપાસ પાક વીમા પ્રિમીયમ પેટેની રકમ | ૧૫ |
| | જુનાગઢ જિલ્લામાં સ્થળોને પ્રવાસન સ્થળ વિકસાવવા બાબત | ૫૪૩ |
| | પોરબંદર/માંગરોળના માછીમારોને પાકિસ્તાનનાં કબજામાંથી છોડાવવા બાબત | ૨૪૭ |
| | વિશ્વામિત્રી નદીના કિનારે ક્રોકોડાઈલ પાર્ક બનાવવા બાબત | ૩૮૫ |
| જીતેન્દ્રભાઇ સુખડીયા | તાપી અને છોટાઉદેપુર જિલ્લામાં કુટિર જ્યોતિ યોજનામાં વીજ જોડાણ | ૨૮ |
| | છોટાઉદેપુર જિલ્લામાં વાજબી ભાવની દુકાનો | ૫૨૩ |
| | વડોદરા જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનો | ૪૭૮ |
| જીતુભાઇ ચૌધરી | વલસાડ જિલ્લામાં જમીન નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવા બાબત | ૫૮૦ |
| | ડાંગ જિલ્લામાં આદિજાતિ સંચાલિત શાળાઓમાં ખરીદેલ સાધનો | ૫૨૧ |
| | વલસાડ અને નવસારી જિલ્લામાં ચેકડેમો બનાવવા બાબત | ૨૪ |
| | વલસાડ જિલ્લામાં માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક અને નોન ગ્રાન્ટેડ શાળાઓનું મંજૂર મહેકમ | ૫૫૮ |
| | વલસાડ તથા નવસારી જિલ્લામાં તળાવ ઉંડા કરવા ફાળવેલ ગ્રાન્ટ | ૬૯ |
| જોઇતાભાઈ પટેલ | બનાસકાંઠા જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ખુરશી, ટેબલ તથા બેન્ચોની ઘટ | ૪૯૬ |
| | બનાસકાંઠા જિલ્લામાં જર્જરીત પ્રાથમિક શાળાઓ | ૫૩૯ |
| | બનાસકાંઠા જિલ્લામાં લઘુ સિંચાઈ યોજનાના મુખ્યબંધનું પૂર્ણકામ | ૧૭ |
| ઝંખનાબેન પટેલ | ઉકાઈ–કાકરાપાર યોજનામાં શહેર સુધારણાના મંજૂર કામો | ૩ |
| | સુરત અને ડાંગ જિલ્લામાં કુટિર જ્યોતિ યોજનામાં વીજ જોડાણ | ૯૮ |
| | સુરત અને નર્મદા જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ | ૫૧ |
| | સુરત જિલ્લામાં અનુસૂચિત જનજાતિના બાળકોને ગણવેશ સહાય | ૫૪૮ |
| | સુરત જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનોની તપાસ | ૫૦૮ |
| ટી. ડી. માણીયા | બોટાદ જિલ્લામાં ડોર ટુ ડોર કલેકશન યોજના | ૫૦૭ |
| | જામનગર અને જૂનાગઢ જિલ્લાના ડેમોમાં પાણી ભરવાનું આયોજન | ૨૭ |
| | બોટાદ જિલ્લા પંચાયતનું મંજુર મહેકમ | ૫૭૬ |
| | બોટાદ જિલ્લામાં એલઈડી બલ્બનું વિતરણ | ૧૦૯ |
| | બોટાદ અને મહીસાગર જિલ્લામાં ઝૂંપડપટ્ટી વિજળીકરણ યોજના | ૭૩ |
| | બોટાદ જિલ્લામાં અધિક મદદનીશ ઇજનેરની જગ્યાઓ | 547 |
| તેજશ્રીબેન પટેલ | ગુજરાત સાયન્સસીટી ફેઝ–૨ ના વિકાસ માટે ભારત સરકારને દરખાસ્ત | ૪૪૬ |
| | અટલ મિશન (અમૃત યોજના) હેઠળ ભારત સરકાર તરફથી મળેલ રકમ | ૪૦૯ |
| | જવાહરલાલ નેહરુ અર્બન રીન્યુયલ મિશન અન્વયે કેન્દ્ર સરકાર પાસે કરેલ ગ્રાન્ટની માગણી | ૪૧૧ |
| | જવાહરલાલ નેહરુ અર્બન રીન્યુયલ મિશન અન્વયે ભારત સરકાર પાસેથી મળેલ રકમ | ૪૧૦ |
| | ત્વરીત ગ્રામીણ પાણી પુરવઠા યોજના અન્વયે રાજ્ય સરકારને મળેલ રકમ | ૪૩૯ |

| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
|---|---|---|
| | રાજ્યના આંકડાતંત્રને વ્યુહાત્મક રીતે સંગીન બનાવવા માટે ભારત સરકારે ફાળવેલ રકમ | ૨૭૫ |
| | રાજ્યના નારી સંરક્ષણ ગૃહમાંથી નાસી છૂટેલ મહિલાઓ | ૨૭૩ |
| | રાજ્યમાં આવેલ નગરપાલિકાઓમાં ચીફ ઓફીસરની જગ્યાઓ | ૩૬૯ |
| | રાજ્યમાં દાળના ભાવ અંકુશમાં લેવા માટેનાં પગલાં | ૫૬૫ |
| | રાજ્યમાં પકડાયેલ દારૂ | ૪૩૦ |
| | રાજીવ ગાંધી ખેલ અભિયાન હેઠળ રાજ્યને મળેલ રકમ | ૪૧૨ |
| | રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન હેઠળ ભારત સરકાર તરફથી મળેલ રકમ | ૪૧૦ |
| | વિશ્વ બેંક સહાયિત જળ સ્ત્રાવ વ્યવસ્થાપન યોજના માટે રાજ્ય સરકારને મળેલ રકમ | ૪૪૨ |
| | સૌ માટે આવાસ યોજના (એમ.ઓ.પી.એચ.યુ.એ.) અંતર્ગત ભારત સરકાર તરફથી મળેલ રકમ | ૪૧૧ |
| | સૌરાષ્ટ્રના જળાશયો સૌની યોજનામાં પાણી ભરવા માટેની યોજના | ૪૭ |
| | ફેફસાના રોગો માટે અમદાવાદ ખાતે નવી મેડીકલ કોલેજ સ્થાપવા માટે કેન્દ્ર સરકારને કરેલ દરખાસ્ત | ૩૪૫ |
| | અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટેના છાત્રાલયો માટે કેન્દ્રિય સહાય | ૨૪૨ |
| | અમદાવાદ, અમરેલી, આણંદ અને અરવલ્લી જિલ્લામાં કાર્યરત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ | ૨૮૦ |
| | અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટમાં ગુનાહિત પ્રવૃત્તિઓ | ૧૯૫ |
| | અમદાવાદ,રાજકોટ, સુરત અને વડોદરા શહેરમાં ગુનાહિત કૃત્યો | ૩૪૮ |
| | અમદાવાદ–ગાંધીનગર મેટ્રો ટ્રેન પ્રોજેક્ટ અન્વયે કરવામાં આવેલ ખર્ચ | ૩૩૮ |
| | અશક્ત વ્યક્તિ અધિનિયમ અન્વયે રાજ્ય સંકલન સમિતિ બાબત | ૩૬૮ |
| | અસંગઠિત ક્ષેત્રના કામદારો માટે કેન્દ્રીય સહાય | ૧૪૧ |
| | આઇ.ટી.આઇ.માં કોમ્પ્યુટર ટ્રેડ કોર્સ પાસ થનાર તાલીમાર્થીઓને ટેબલેટ | ૩૨૦ |
| | આઇ.સી.ડી.એસ. માટે કેન્દ્રિય સહાય | ૨૦૭ |
| | આઈ.ટી.આઈ. સંલગ્ન વિવિધ કાર્યો માટે કેન્દ્રીય સહાય | ૩૨૦ |
| | આઈ.ટી.આઈ.માં કારીગર તાલીમ માટે કેન્દ્રીય સહાય | ૩૧૮ |
| | આંગણવાડી માટે કેન્દ્રિય સહાય | ૩૭૬ |
| | આંગણવાડી વર્કરો અને હેલ્પરોને વયનિવૃત્તિ વખતે સહાય | ૨૧૦ |
| | આંગણવાડી વર્કરો અને હેલ્પરોના મુસાફરી ભથ્થામાં વધારો | ૨૧૧ |
| | આંગણવાડી વર્કરો અને હેલ્પરોની કામગીરી | ૨૧૧ |
| | આંગણવાડી વર્કરો હેલ્પરોને માનદવેતનમાં વધારો | ૨૧૦ |
| | આંગણવાડીમાં બાળકોને અપાતો ગરમ અને પોષ્ટીક આહાર | ૨૧૨ |
| | આયોડાઇઝ મીઠાના વિતરણ પેટે ભારત સરકાર તરફથી સબસીડી | ૧૬૯ |
| | આયોડિનની ઉણપના કારણે થતાં રોગોના નિયંત્રણ અંતર્ગત રાષ્ટ્રીય કાર્યક્રમ હેઠળ ભારત સરકાર તરફથી મળેલ રકમ | ૨૨૪ |
| | ઈન્દિરા ગાંધી માતૃત્વ સહયોગ યોજના માટે કેન્દ્રિય સહાય | ૨૦૯ |
| | ઈન્ડસ્ટ્રીયલ અપગ્રેડેશન સ્કીમ હેઠળ ભારત સરકારની સહાય | ૧૪૦ |

| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
|---|---|---|
| | ઔષધીય વનસ્પતિ માટે રાષ્ટ્રીય અભિયાન અંતર્ગત ભારત સરકાર તરફથી મળેલ રકમ | ૨૫૯ |
| | કે. જી. બેઝીન માટે થયેલ ખર્ચ | ૩૦૫ |
| | કે.જી. બેઝીનમાંથી મળતા ગેસનું વ્યવસાયિક ઉત્પાદન | ૪૧૩ |
| | કચ્છ જિલ્લામાં જયપ્રકાશ એસોસીએટને ફાળવેલ જમીન | ૨૧૩ |
| | કેન્દ્ર સરકાર દ્વારા અંત્યોદય યોજના હેઠળ ફાળવવામાં આવતા અનાજનો જથ્થો | ૩૮૩ |
| | કેન્દ્ર સરકાર સમક્ષ સરદાર સરોવર યોજના માટે કરેલ માંગણીની રકમ | ૩૬૨ |
| | કેન્દ્રીય નાણા પંચ અને આયોજન પંચ દ્વારા રાજ્યને ફાળવેલ ગ્રાન્ટ | ૩૮૧ |
| | કેન્દ્રીય માર્ગ નિધિ ફંડ હેઠળ ભારત સરકાર તરફથી મળેલ રકમ | ૪૪૪ |
| | કેન્દ્રીય વેરાઓ અને ડ્યુટીઓમાં ફાળા પેટે રાજ્યને મળેલ રકમ | ૨૨૨ |
| | કુપોષણના સર્વે અંગેનો અહેવાલ | ૩૭૬ |
| | કલ્પસર યોજના પાછળ થયેલ કુલ ખર્ચ | ૨૩૩ |
| | કલાકાર કલ્યાણનિધિ ફંડમાંથી નિવૃત્ત કલાકારને ફાળવવાની સહાય | ૪૧૨ |
| | કિશોરી બાળાઓ માટે સશક્તિકરણની રાજીવ ગાંધી યોજના અંતર્ગત કેન્દ્રીય સહાય | ૨૦૮ |
| | કિશોરી શક્તિ યોજના માટે કેન્દ્રિય સહાય | ૨૦૮ |
| | ખારવા-મોવાસા રોગ નિયંત્રણ માટે ભારત સરકાર તરફથી મળેલ રકમ | ૪૧૮ |
| | ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડની પુનઃરચના | ૨૮૦ |
| | ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડમાં બિનસરકારી સભ્યોની નિમણૂંક | ૨૮૦ |
| | ગુજરાત વકફ બોર્ડને સરકાર તરફથી અપાતી ગ્રાન્ટ બાબતે | ૩૫૮ |
| | ગ્રીન ઈન્ડિયા મીશન હેઠળ રાજ્ય સરકારને મળેલ રકમ | ૩૮૬ |
| | ગીર સોમનાથ, જુનાગઢ અને જામનગર જિલ્લામાં ડેમોમાંથી લાઇમ સ્ટોન કાઢવાની મંજુરી | ૨૬૧ |
| | ગીર, આલેચ અને બરડાના જંગલ વિસ્તારમાં વસતા રબારી, ભરવાડ અને ચારણ જાતિઓને અનુ.જનજાતિના પ્રમાણપત્ર આપવા બાબત | ૩૪૩ |
| | ગોદી, લંગર સ્થાન અને જેટીના બાંધકામ માટે ભારત સરકારની સહાય | ૧૮૯ |
| | ઘરભાડા ભથ્થાં અંગેનું મીનીસ્ટ્રી ઓફ ફાઇનાન્સનું મેમોરેન્ડમ | ૩૮૧ |
| | ઘોઘા-દહેજ રો-રો ફેરી સુવિધાના કામ/ખર્ચ | ૧૫૫ |
| | છોટાઉદેપુર, ડાંગ, દેવભૂમિ દ્વારકા અને દાહોદ જિલ્લામાં સરકારી જમીનમાં શરતભંગના કેસ | ૧૮૬ |
| | જામનગર વિસ્તાર વિકાસ સત્તામંડળના દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજના-૨૦૩૧ ને આપવામાં આવેલ મંજૂરી | ૨૭૨ |
| | જામનગરમાં જંગલની જમીન રીલાયન્સ પેટ્રો લિ. ને ફાળવવા બાબત | ૪૨૨ |
| | ટેકનોલોજી મિશન ઓન કોટન હેઠળ રાજ્યને મળેલ રકમ | ૩૫૦ |
| | ટ્રાન્સજેન્ડર વ્યકિતઓને પેન્શન માટે કેન્દ્રિય સહાય | ૩૬૬ |
| | ટ્રાન્સજેન્ડર વિદ્યાર્થીઓને સ્કોલરશીપ માટે કેન્દ્રિય સહાય | ૩૬૮ |

| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
|---|---|---|
| | ટાટા મોટર્સ લી. દ્વારા ઠરાવ અન્વયે નેનો કારનું ઉત્પાદન | ૩૫૧ |
| | ડેરી વિકાસ માટે રાષ્ટ્રીય યોજના અંતર્ગત મળેલ રકમ | ૨૭૯ |
| | તેલીબિયાં, મકાઇ અને કોટન વિકાસ યોજના હેઠળ રાજ્યને મળેલ રકમ | ૨૪૮ |
| | ત્વરિત સિંચાઇ લાભ કાર્યક્રમ તથા અન્ય જળસંપત્તિ કાર્યક્રમ હેઠળ મળેલ ભારત સરકારની સહાય અને ખર્ચ | ૩૯૯ |
| | થાનગઢ ખાતે દલિતો પરનાં ફાયરીંગનાં તપાસ અહેવાલ બાબત | ૧૯૬ |
| | થાનગઢ ખાતે પોલીસ ફાયરીંગના તપાસ પંચના રીપોર્ટ બાબત | ૧૯૯ |
| | દલિતો પ્રત્યે અસ્પૃશ્યતા અંગેના સેપ્ટના અહેવાલ અન્વયે સરકારે લીધેલ પગલાં | ૧૮૮ |
| | દેવભૂમિ દ્વારકામાં જંગલની જમીન એસ્સાર ઓઈલ લિ. ને ફાળવવા બાબત | ૪૨૨ |
| | દેવભૂમિ દ્વારકામાં જંગલની જમીન ટાટા કેમિકલ્સને ફાળવવા બાબત | ૪૨૦ |
| | ન્યાયતંત્રના વહીવટી રહેણાંકના મકાનો માટે ભારત સરકારની સહાય | ૪૩૭ |
| | નેશનલ મિશન ઓન આયુષ યોજના અંતર્ગત ભારત સરકાર તરફથી મળેલ રકમ | ૩૮૭ |
| | નેશનલ હેરીટેજ માર્ગના વિકાસ માટે ભારત સરકાર તરફથી મળેલ રકમ | ૪૦૩ |
| | નાળિયેરી વિકાસ પરીયોજના હેઠળ રાજ્યને મળેલ રકમ | ૨૨૦ |
| | નાળિયેરી વિકાસ યોજના હેઠળ રાજ્યને મળેલ રકમ | ૨૪૮ |
| | નિરંતર કૃષિ માટે રાષ્ટ્રીય અભિયાન હેઠળ રાજયને મળેલ રકમ | ૨૭૮ |
| | પંચાયત યુવા ક્રિડા અને ખેલ અભિયાન હેઠળ રાજ્યને મળેલ રકમ | 373 |
| | પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ ભારત સરકાર તરફથી મળેલ રકમ | ૨૬૯ |
| | પ્રૌઢ શિક્ષણ અને શિક્ષકો માટે તાલીમ સહિત શૈક્ષણિક વિકાસ માટે રાજ્ય સરકારને મળેલ રકમ | ૩૦૯ |
| | પશુ મહામારી કાર્યક્રમ અંતર્ગત ભારત સરકાર તરફથી મળેલ રકમ | ૩૦૮ |
| | પાંચમી નાની સિંચાઇ ગણતરી અન્વયે ભારત સરકારની મળેલ રકમ | ૩૨૧ |
| | પાટણ, પોરબંદર, રાજકોટ અને સાબરકાંઠા જિલ્લામાં ગ્રામ પંચાયતના મકાનો | ૧૪૧ |
| | પોલીયો નાબૂદી અભિયાન અન્વયે ભારત સરકાર તરફથી મળેલ રકમ | ૪૨૬ |
| | પોલીસ તંત્રના આધુનિકીકરણ માટે કેન્દ્ર સરકાર સમક્ષ ગાન્ટની માગણી | ૩૮૮ |
| | ફાસ્ટટ્રેક કોર્ટની સ્થાપ્ના/મકાનોના બાંધકામ માટે ભારત સરકાની સહાય | ૪૩૭ |
| | ફીશરમેન ડેવલપમેન્ટ રીબેટ ઓન એચ.એસ.ડી.ઓઈલ અંતર્ગત બી. પી. એલ. નોર્મ્સ બાબત | ૧૨૪ |
| | ફીશરમેન ડેવલપમેન્ટ રીબેટ ઓફ એચ.એસ.ડી.ઓઈલ અને માછીમારોમાં વિકાસ માટે ભારત સરકારની સહાય | ૧૨૩ |
| | ફીશરમેન ડેવલપમેન્ટ રીબેટ ઓફ એચ.એસ.ડી.ઓઈલ માટે કેન્દ્ર સરકાર સમક્ષ રજૂઆત | ૧૨૩ |
| | બંધારણની કલમ ૨૭૫ (૧) હેઠળ રાજ્ય સરકારને મળેલ રકમ | ૩૪૨ |

| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
|---|---|---|
| | બળાત્કાર પિડીતા મહિલાને નાણાકીય સહાય | ૨૦૭ |
| | બામ્બુ મિશન હેઠળ રાજ્ય સરકારને મળેલ રકમ | ૩૮૬ |
| | બીજ ચકાસણી પ્રયોગશાળાને સંગીન બનાવવા રાજ્યને મળેલ રકમ | ૨૪૭ |
| | ભારત સરકારને વાડીનારથી દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકા યાત્રાધામને જોડતા રસ્તાને નેશનલ હાઈવેમાં સમાવેશ કરવા માટે કરેલ દરખાસ્ત | ૪૦૩ |
| | મેગાસીટી અમદાવાદ ખાતે પોલીસ આધુનિકરણ માટે ભારત સરકારે ફાળવેલ રકમ | ૩૧૬ |
| | મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન હેઠળ ભારત સરકાર તરફથી મળેલ રકમ | ૪૦૮ |
| | મહિલા સશક્તિકરણ માટે રાષ્ટ્રિય અભિયાન હેઠળ કેન્દ્રિય સહાય | ૪૪૫ |
| | મોટી અને મધ્યમ સિંચાઈના સંચાલન અને જાળવણી માટે ભારત સરકાર તરફથી રાજ્ય સરકારને મળેલ રકમ | ૨૦૧ |
| | મોડેલ કેરીયર સેન્ટર માટે કેન્દ્રીય સહાય | ૨૨૮ |
| | મોરબી, નર્મદા, નવસારી અને પંચમહાલ જિલ્લામાં સરકારી જમીનમાં શરતભંગના કેસ | ૧૪૮ |
| | રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ મજબુત બનાવવા રાજ્ય સરકારને મળેલ રકમ બાબત | ૩૨૨ |
| | રાજ્ય કામદાર વિમા હસ્તકની હોસ્પિટલો | ૨૮૯ |
| | રાજ્ય ત્રીજા નાણા પંચનો અહેવાલ | ૪૦૦ |
| | રાજ્ય પાસે યુરિયા, ડી.એ.પી ફર્ટિલાઈઝર ખાતરોના જથ્થાની માંગણી દરખાસ્ત | ૨૨૦ |
| | રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓને સ્વચ્છ રાખવા માટે ફાળવેલ રકમ | ૫૨૯ |
| | રાજ્યકક્ષાની તકેદારી અને મોનીટરીંગ સમિતિની મળેલ બેઠકો | ૪૦૭ |
| | રાજ્યને કરવેરા પેટે મળેલ રકમ | ૨૫૨ |
| | રાજ્યનું જાહેર દેવું | ૨૫૨ |
| | રાજ્યનું જાહેર દેવું | ૨૫૪ |
| | રાજ્યનાં જળાશયોમાં માછીમારીનાં ઈજારા બાબત | ૩૦૮ |
| | રાજ્યના બજેટમાં વિકાસલક્ષી અને વહીવટલક્ષી ખર્ચ | ૨૮૨ |
| | રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રીઓના ટેલિફોન પાછળ ખર્ચ | ૨૧૩ |
| | રાજ્યના સરકારી પ્રેસમાં કાગળો ખરીદવા બાબત | ૧૩૮ |
| | રાજ્યની ખાનગી બ્લડ બેંન્કોની તપાસ | ૩૪૫ |
| | રાજયની મહિલા સુરક્ષા સમિતિની મળેલ બેઠકો | ૪૩૧ |
| | રાજ્યની વહીવટી અને વિકાસ ખર્ચની રકમ | ૨૮૨ |
| | રાજ્યમાં અપહરણ થયેલ બાળકો | ૩૪૭ |
| | રાજ્યમાં આવેલ કામદાર વીમા યોજના હસ્તકની હોસ્પિટલોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ | ૩૮૭ |

| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
|---|---|---|
| | રાજ્યમાં ઇન્દિરા ગાંધી નેશનલ ટ્રાયબલ યુનિવર્સિટીનું પ્રાદેશિક કેન્દ્ર શરૂ કરવા બાબત | ૨૫૧ |
| | રાજ્યમાં એનિમલ વેલ્ફેર બોર્ડની બેઠકો | ૨૮૦ |
| | રાજ્યમાં કેન્દ્ર સરકાર તરફથી ફાળવેલ કેરોસીનનો જથ્થો | ૨૨૩ |
